# સમર્પણ

## [ રામાયણ પર આધારિત નવલકથા ]



## - શ્રી યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

*



E-book

| | |
|---|---|
| Title | : Samarpan |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 411 |
| Created | : September 18, 2008. |

*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. આપણે સૌરભ ફેલાવીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ આપણે સલિલ ફેલાવીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીએ આપણે જ્યોતિ ફેલાવીએ.
જીવન એક યાત્રા, વિરાટ યાત્રા,
એના યાત્રી બનીને આપણે યાત્રા કરીએ

યોગેશ્વરના આશિષ

## પ્રસ્તાવના

ભક્તજનો અથવા રસિકોમાં કહેવાય છે કે રામકથા કદી જૂની અથવા નીરસ નથી થતી. એ નિત્ય નવી અને રસભરી છે. રામને અને એમની કથાને થયે વરસો ને યુગોના વ્હાણા વાય ગયા તો પણ એ એવી જ આકર્ષક અથવા તાજી છે તથા જનતાના જીવન પર પોતાનો પવિત્ર પ્રભાવ પાડીને એમના મનઅંતરને અવનવી પ્રેરણા પાયા કરે છે. એ જ્યાં હોય ને જે સ્વરૂપમાં હોય ત્યાં ને તે સ્વરૂપમાં આનંદ આપનારી અને આશીર્વાદરૂપ થઈ પડે છે.

આદિ કવિ મહર્ષિ વાલ્મિકીએ, સંત શિરોમણિ તુલસીદાસે ને બીજા ભક્તકવિઓએ એને પોતપોતાની આગવી રીતે ગાઈ બતાવી છે. મારામાં એટલી બધી યોગ્યતાનો નિતાંત અભાવ હોવા છતાં એમને પગલે ચાલીને એ કથાને મારી રીતે કેટલાક જરૂરી ફેરફારો સાથે નવલકથાના લોકપ્રિય ને લોકભોગ્યરૂપમાં રજૂ કરી રહ્યો છું. આશા છે કે રામકથા તથા નવલકથા બંનેમાં રસ લેનારા વર્ગને એ ગમશે.

આ નવલકથા લખતી વખતે મુખ્ય આધાર મેં વાલ્મીકી રામાયણ પર રાખ્યો છે, છતાં પણ જ્યાં જ્યાં ઉચિત લાગ્યું ત્યાં ત્યાં સુધારા વધારા પણ કર્યા છે. તે સુધારા વધારા અસલ ઐતિહાસિક કથાને અન્યાય ન કરે એનું ધ્યાન રાખ્યું છે. **કથામાં નિષ્કામનું પાત્ર મેં પોતે જ ઊભું કર્યું છે.** તે ઉપરાંત તુલસીદાસે જેના પર જરા પણ પ્રકાશ નથી પાડ્યો એ ઊર્મિલાના મહત્વના પાત્રનું યથાશક્તિ આલેખન કરવાનું ખાસ ધ્યાન રાખ્યું છે. આગળ પર મંદોદરીના વ્યક્તિત્વને પણ મેં મારી રીતે જ રજૂ કર્યું છે. એ દૃષ્ટિએ જોતાં આ નવલકથા રામકથા પરથી લખાયેલી હોવા છતાં પરંપરાગત રામકથા કરતાં જરાક જુદી અને મૌલિક લાગશે. ઊર્મિલા અને મંદોદરીના પાત્રલેખનનું આકર્ષણ ના હોત તો આ નવલકથા લખવા હું ભાગ્યે જ પ્રેરાત.

રામકથા એ પતિતપાવની ગંગાના પ્રવાહની પેઠે સમાજના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરીને સમાજનું ભારે શ્રેય કર્યું છે. એ કલ્યાણકારક કથાનું આલેખન કરવું એ પણ એક અનેરો લ્હાવો છે. મને એના આલેખનથી લાભ થયો છે અને આનંદ પણ મળ્યો છે, એમ ઓછાવત્તા પ્રમાણમાં બીજાને પણ થશે ને મળશે એવી આશા છે.

**- યોગેશ્વરજી**

* * * * *

**<u>અનુક્રમ</u>**


૧. મિથિલા નગરીમાં
૨. સીતાનું સ્વપ્ન
૩. મેળાપ
૪. અનુભવ
૫. સીતા અને ઉર્મિલા
૬. સંગમ
૭. પુનર્મિલન
૮. ડંખ
૯. રાવણનો પરાજય
૧૦. ધનુષ્યભંગ
૧૧. પરાક્રમનો પરચો
૧૨. નિષ્કામની કામના
૧૩. પ્રસંગોની સ્મૃતિ
૧૪. લગ્ન
૧૫. મિથિલાની વિદાય
૧૬. અલૌકિક કથા
૧૭. રંગમાં ભંગ
૧૮. રામની તૈયારી
૧૯. સીતાની તૈયારી
૨૦. ઉર્મિલાની અનુમતિ
૨૧. આઘાત
૨૨. દશરથનો પ્રાણત્યાગ
૨૩. ભરતનો નિર્ણય
૨૪. ચિત્રકુટનું દર્શન
૨૫. ભરતનો પ્રેમ
૨૬. તપસ્વિની
૨૭. જયંતનો દેહ
૨૮. મંદાકિનીનો મહિમા
૨૯. જટાયુ અને સૂર્પણખા
૩૦. ખરદૂષણ
૩૧. મારીચ
૩૨. સીતાહરણ
૩૩. જટાયુ
૩૪. સીતાની શોધ
૩૫. પરિવર્તન
૩૬. રાવણ અને મંદોદરી
૩૭. સહભાગિની
૩૮. મુર્ખ કે જ્ઞાની
૩૯. વિભીષણની સલાહ
૪૦. સીતાની તંદ્રા
૪૧. રાવણનું મિથ્યાભિમાન
૪૨. શબરીનો શરીરત્યાગ
૪૩. સ્મૃતિ અને સહાનુભૂતિ
૪૪. હનુમાનનો મેળાપ
૪૫. સીતાના સ્મૃતિચિન્હો
૪૬. પ્રતીતિ
૪૭. વાલી ઢળી પડયો
૪૮. શરદનો પ્રભાવ
૪૯. જ્વરમાંથી મુક્તિ
૫૦. રક્ષા
૫૧. મંદોદરીનો વિચાર
૫૨. મહિનાની મુદત
૫૩. હનુમાનને સીતાનો મેળાપ
૫૪. હનુમાનની આપવીતી
૫૫. લંકાદહન
૫૬. પ્રેમ અને લાગણી
૫૭. વિભીષણની વિદાય
૫૮. નિષ્કામની ભાવના

૫૯. સેતુની રચના

૬૦. મમતાની મહાદેવી

૬૧. મેઘનાદ અને કુંભકર્ણનો નાશ

૬૨. રાવણનો રોષ

૬૩. રાવણનું મૃત્યુ

૬૪. અગ્નિ પરીક્ષા

૬૫. પુષ્પક વિમાનમાં

૬૬. પુનર્મિલન

૬૭. કૃતજ્ઞતા

૬૮. સીતાના ત્યાગનો  સંકલ્પ

૬૯. સીતાનો ત્યાગ

૭૦. નિષાદનો પ્રસંગ

૭૧. મહાકાવ્યની રચના

૭૨. અયોધ્યા તરફ

૭૩. સમર્પણ


* * * * *

## ૧. મિથિલા નગરીમાં

મિથિલા નગરીની શોભા જોઈને રામ અને લક્ષ્મણ બંનેને ઘણો આનંદ થયો. હજુ તો એમણે નગરમાં પ્રવેશ જ કર્યો હતો, નગરના એક ભાગને જ જોયો હતો, અને આખું નગર તો જોયું પણ ન હતું, છતાં પણ એનાથી પ્રભાવિત થયા વગર અથવા અંજાયા વગર એ ના રહી શક્યા. નગરનો વિશાળ, વૃક્ષોની પંક્તિઓથી વીંટળાયલો સ્વચ્છ રાજમાર્ગ, એની બંને બાજુએ ઊભેલાં સુંદર ભવ્ય મકાનો, જળાશયો અને ઉદ્યાનો એમની આંખ અને એમના અંતરને આનંદ આપી રહ્યાં. સાંજનો સમય હતો એટલે તો વાતાવરણ અત્યંત આહલાદક લાગતું હતું. અસ્તાચળ પર પહોંચતા સૂર્યને ભાવભીની વિદાય આપવા માટે નગરે જાણે નવો સાજ સજ્યો હોય એવો ભાસ થતો હતો. એ શોભા કોઈનાય હૈયાને હલાવી દે એવી હતી.

રામ અને લક્ષ્મણે મુનિ વિશ્વામિત્રને કહ્યું પણ ખરું :

'મિથિલા નગરી તો વિશ્વકર્માએ પોતે જ વસાવી હોય એવું લાગે છે. આ નગરી સંબંધી સાંભળ્યું તો ઘણું બધું હતું પરતું એને પ્રત્યક્ષ જોવાનું સૌભાગ્ય તો આજે જ મળ્યું.'

'એની સુંદરતા સંબંધી જે સાંભળ્યું છે તે સાચું છે, એવી એના પ્રત્યક્ષ અવલોકનથી પ્રતીતિ થઈ. તમે મિથિલાની પ્રશસ્તિ ગાતા ત્યારે અમને એ અતિશયોક્તિભરી લાગ્યા કરતી. પરંતુ હવે લાગે છે કે એમાં અતિશયોક્તિ જેવું કશું જ ન હતું, ઉલટું એ પ્રશસ્તિ અલ્પ હતી.'

'હું કદી અસત્યભાષણ નથી કરતો, રઘુનંદન ! જે સાચું હોય છે તે જ બોલી બતાવું છું.' વિશ્વામિત્ર બોલ્યા : મિથિલા નગરીનો મહિમા ઘણો મોટો છે. એ મહિમાને વધારનારી બે વ્યક્તિઓ અહીં વસી રહી છે.'

'કયી બે વ્યક્તિઓ ?'

'એક તો રાજા જનક. એ રાજા છે તો નાના પરંતુ એમનું મન અને અંતર ઘણું મોટું છે. એ તપસ્વી, સંયમી, લોકહિતૈષી તથા જ્ઞાની છે. રાજકાર્યમાં રત રહેવા છતાં આત્માભિમુખ વૃત્તિને લીધે એ એની અસરથી અલિપ્ત રહે છે. વ્યોમનાં વાદળ જેમ સૂર્યને બાધક નથી બની શકતાં તેમ વ્યાવહારિક કર્મો એમના આત્માને કુંઠિત નથી કરતાં. એ વિવેકી છે, વૈરાગ્યવાન છે, તથા સત્યવ્રતી છે, અને પ્રજાહિતની ભાવનાથી ભરપુર હોઈને પ્રજા પાસેથી જે કાંઈ કર લે છે તે વરસાદી વાદળની પેઠે પ્રકારાંતરે પાછો પ્રજાને અર્પણ કરે છે. એ બાબતમાં એમની તમારા પિતા રાજા દશરથની સાથે સમાનતા છે. એટલે તો મોટા મોટા વિદ્વાનો ને મુનિઓ પણ એમને આદરભાવથી જોયા કરે છે. '

'અને મિથિલાના મહિમાને વધારનારી બીજી વ્યક્તિ ? '

'બીજી વ્યક્તિ જનકપુત્રી સીતા છે. રૂપ અને ગુણમાં એનો જોટો જડવો મુશ્કેલ છે. કહે છે કે જમીનને ખેડતી વખતે જનકને એની પ્રાપ્તિ થઈ છે. ધરતી પોતે જ જાણે શરીર ધારણ કરીને પ્રકટ થઈ હોય એવી એ શીલ, સૌન્દર્ય તેમજ સહનશક્તિની મૂર્તિ છે. જ્યારથી એ જનકને આવી મળી છે ત્યારથી એમની શક્તિ, કીર્તિ ને સમૃધ્ધિમાં વધારો થયો છે. એને જોશો ત્યારે તમને સાક્ષાત્ લક્ષ્મી જેવી લાગ્યા વિના નહિ રહે. રાજા જનકના આમંત્રણને માન આપીને આપણે એના જ સ્વયંવરમાં ભાગ લેવા આવી પહોંચ્યા છીએ, એ તો તમને યાદ જ હશે.'

'હા, યાદ છે. એ તો કેવી રીતે ભુલાય ? આપણું અહીં આવવાનું પ્રયોજન તો યાદ રહેવું જોઈએ ને ?' રામ સુમધુર સ્મિત કરતા બોલી ઊઠ્યા : 'તમારો આશીર્વાદ હશે તો એ સ્વયંવરમાં વિજયી થઇશું અને પિતા દશરથના તથા રઘુકુળના યશને વધારીશું.'

'મારો આશીર્વાદ તો છે જ.'

લક્ષ્મણે કહ્યું :

'સ્વયંવરમાં તો મોટા મોટા વીરપુરુષો આવ્યા હશે, એ બધા પોતાના પરાક્રમનો પરિચય આપવાનો પ્રયાસ જરૂર કરી જોશે. પરંતુ અમને તો તમારા આશીર્વાદમાં વિશ્વાસ છે. એ અમારે માટે શ્રેયસ્કર થશે એમાં લેશ પણ શંકા નથી લાગતી.'

'એક વાત કહું, ગુરુદેવ !' રામ બોલી ઊઠ્યા: 'મિથિલાના દર્શનથી અત્યંત આનંદ થાય છે એમાં શંકા નહિ. આ નગરી લાગે છે પણ ખરેખર અદ્દભુત અને અનેરી. અત્યારે એ ઈન્દ્રપુરી જેવી શોભી રહી છે. એનું વાતાવરણ અત્યંત આહ્‌લાદક લાગે છે. છતાં પણ કોણ જાણે કેમ પણ આ નયનાભિરામ નગરીને જોઈને અયોધ્યાની સ્મૃતિ થાય છે.'

'મારી આંખ આગળ પણ અયોધ્યા તરી આવે છે. એ શાંત, સુંદર સરયુ, એના વિશાળ તટ પરની પેલી સારસપંક્તિ, એના સરસ, સુવર્ણમંડિત, ઉત્તુંગ રાજપ્રાસાદ અને એથીયે અનેરાં અમારાં માતાપિતા અને અમારા નાના ભાઈઓ - એમને જોયે કેટલો બધો વખત થયો ! '

'મને પણ એ જ યાદ આવે છે, લક્ષ્મણ ! આપણે જેમ આપણા માતાપિતા ને ભાઈઓને યાદ કરીએ છીએ તેમ એ પણ આપણને યાદ કરતા હશે. એમને મળવાનું હવે મન થાય છે. મહર્ષિના યજ્ઞની રક્ષા કરવા આવ્યા ત્યારથી એમને જોવાનો અવસર નથી આવ્યો. હવે યજ્ઞની રક્ષાનું કાર્ય પૂરું થયું છે એટલે મન એમની પાસે અવારનવાર દોડી જાય છે અને એમના સાનિધ્યનું સુખ મેળવવાનો મનોરથ કરે છે. '

'સ્વયંવર પૂરો થયે એમને મળી શકાશે.' વિશ્વામિત્રે કહ્યું: 'એમને મળવાનું મન થાય એ સ્વાભાવિક છે, પણ હવે એને વધારે વાર નહિ લાગે.'

'માતાપિતા ને સ્વજનોની સ્મૃતિ કોને નથી સતાવતી કે નથી સુખ આપતી ? સ્નેહથી ભરેલાં કે છલેલાં હૃદયોને તો એ વધારે સતાવે છે. પરંતુ સાચું કહું તો ગુરુદેવ, મને મિથિલામાં કાંઈક ખૂટતું લાગે છે. મિથિલા મને અયોધ્યા જેટલી આનંદદાયક નથી લાગતી. '

'મારું અંતર પણ એવું જ કહે છે.' લક્ષ્મણથી સંમતિસૂચક ઉદ્દગાર કાઢ્યા વિના રહી જ ન શકાયું : 'મિથિલા આટલી બધી સુંદર, સ્વચ્છ અને મધુમય હોવા છતાં અયોધ્યાની જેમ હૃદયને સ્પર્શ નથી કરતી, હૈયાને હલાવતી નથી ને શાંત પણ નથી કરતી. અયોધ્યામાં તો એવું લાગતું કે જાણે ધરતીનો છેડો આવી ગયો. અહીં એવું નથી લાગતું. તેનું કારણ ? '

'એનું કારણ સ્પષ્ટ છે. જનની અને જન્મભૂમિને સ્વર્ગ કરતાં પણ વધારે ઉત્તમ કે શ્રેષ્ઠ કહેવામાં આવી છે. અયોધ્યા તમારી જન્મભૂમિ છે તથા તમારી માતા કૌશલ્યા અને સુમિત્રા પણ ત્યાં જ છે એટલે એના તરફ તમને અધિકાધિક આકર્ષણ હોય એ સ્વાભાવિક છે.' વિશ્વામિત્રએ ઉત્તર આપ્યો.

'જનની અને જન્મભૂમિનું એવું અસાધારણ આકર્ષણ સૌના દિલમાં રહેતું હશે ?'

'કોઈક વિરક્ત, વિવિક્તસેવી, મહાપુરુષને બાદ કરતાં લગભગ બીજા બધાના દિલમાં એવું અસાધારણ આકર્ષણ રહેતું હોય છે એ આકર્ષણ કુદરતી છે અને દોષરૂપ નથી. અયોધ્યા નગરીની અને દશરથ, કૌશલ્યા, કૈકયી અને સુમિત્રાની તો વાત જ શું કરવી ? એમનો જોટો તો જગતમાં જડે તેમ જ નથી, પરંતુ જન્મભૂમિ સામાન્ય હોય અને માતાપિતાના ગુણ પણ સાધારણ હોય તો પણ એમના પ્રત્યે સૌને આકર્ષણ અથવા મમતાનો અનુભવ થયા કરે છે. મનુષ્ય જ નહિ પરંતુ જીવમાત્રને એ વસ્તુ સ્વાભાવિક હોય છે એમ કહીએ તો ચાલે. એના અદૃશ્ય અંકુરોને તોડવાનું કામ ઘણું અઘરું હોય છે.'

મિથિલા નગરીની શોભાને જોતા સૌ આગળ વધ્યા.

માર્ગમાં મળતા નરનારી રામ, લક્ષ્મણ ને મહર્ષિ વિશ્વામિત્રને જોઈને ભારે નવાઈ પામતા. એમનાથી આકર્ષાઈને એ એમને મંત્રમુગ્ધ બનીને જોતાં હોય એમ એકીટસે જોઈ રહેતાં, એમના વિશે ચિત્રવિચિત્ર અનુમાન કરતાં વાતે વળગતાં.

રામ અને લક્ષ્મણનું રૂપ સૌ કોઈના આકર્ષણ અને આનંદનો વિષય બન્યા વિના ના રહેતું.

એટલી કલ્પના તો સૌ સહેલાઈથી કરી શકતાં કે એ બંને સીતાના સ્વયંવરમાં ભાગ લેવા માટે જ આવ્યા હશે.

એ નિમિત્તે એમને જોવાનો લાભ મળ્યો એમ માનીને સૌ રાજી થતાં.

જનક રાજાના રાજપ્રાસાદથી થોડેક દૂર જુદા જુદા રાજાઓ અને રાજકુમારો ઉતર્યા હતા. એ સ્થળની બાજુમાં એક સ્વચ્છ, સુંદર સ્થાન જોઈને મુનિ વિશ્વામિત્રે રામલક્ષ્મણ સાથે ઉતારો કર્યો અને રાજા જનકને પોતાના શુભાગમનનો સંદેશો કહેવડાવ્યો.

વિશ્વામુત્ર મુનિ જેવા મહાપ્રતાપી મુનિવર પોતાના નગરમાં આવી પહોંચ્યા છે એવા સમાચાર સાંભળીને રાજા જનકને ખૂબ જ આનંદ થયો.

એમનું હૈયું ઉછળવા લાગ્યું.

જે મુનિનું દર્શન દેવોને પણ દુર્લભ ગણાય છે તે મહામુનિ સામેથી ચાલીને પોતાને દર્શન આપવા ને કૃતાર્થ કરવા પધાર્યા છે એ જાણીને રાજા જનકનું હૃદય થનગનવા લાગ્યું.

એમને થયું કે મારો સૌભાગ્યનો સૂર્યોદય સોળે કળાએ ખીલી ઊઠ્યો. સીતાના સ્વયંવર જેવા મંગલ પ્રસંગે મારા આમંત્રણને માન આપીને મુનિવર પધાર્યા એ મારે માટે શુભ શુકન બરાબર છે. સ્વયંવરનું કામ હવે સુખપૂર્વક, સાંગોપાંગ રીતે સફળ થશે એમાં શંકા નહિ.

મંત્રી તથા વિદ્વાન બ્રાહ્મણોને સાથે લઈને મુનિને મળવા અથવા સન્માનવા તેઓ એ જ વખતે ચાલી નીકળ્યા.

વિશ્વામિત્ર મુનિ પાસે પહોંચીને એમના ચરણોમાં પ્રણિપાત કર્યા.

મુનિએ એમને ભાવથી ભેટીને આશીર્વાદ આપ્યા.

બ્રાહ્મણોએ એમનું વિધિપૂર્વક પૂજન કર્યું અને સ્વસ્તિ વચનો ઉચ્ચાર્યા એટલે જનકે પોતાના અંતરના આદરભાવની અભિવ્યક્તિ કરતાં કહ્યું :

'આપના દર્શનથી મને અપાર આનંદ થઈ રહ્યો છે. સીતાની પ્રાપ્તિથી મને જેટલો આનંદ થયેલો એથીયે અધિક આનંદનો અનુભવ આજે કરી રહ્યો છું. આપના જેવા મહાન ને લોકોત્તર મુનિવરના દર્શનના સૌભાગ્ય કરતા વિશેષ સુખકારક સૌભાગ્ય બીજું કયું હોય ?'

જનક મહાપ્રતાપી તથા પરાક્રમી હતા છતાં એમની આંખમાં એટલું કહેતા તો આંસુ આવી ગયા.

લાગણીની અસર એવી અનોખી અને અદ્દભુત હોય છે. એ માણસને કુલિશ કરતાં કઠોર પણ કરે છે તથા કુસુમ કરતાં કોમળ પણ બનાવી દે છે.

એ ગદ્દગદ્ બનીને આગળ બોલ્યા :

'આપની પવિત્ર પગરજથી મિથિલાની ધરતી પાવન થઈ, કૃતાર્થ બની ગઈ. મારું તો સમસ્ત જીવન જ ધન્ય બની ગયું. મારા અંતરના ઉમળકાને હું કેમે કરી નથી કહી શકું તેમ.'

'એને કહી બતાવવાની આવશ્યકતા નથી, જનક ! એ તો તમારું મુખમંડળ અને તમારા લોચન જ કહી બતાવે છે. વાણીમાં એટલી બધી સરસ અને સચોટ રીતે કહેવાની શક્તિ નહી હોય. મને પણ તમારા જેવાં વિવેકી ને જ્ઞાની મહારાજાને મળીને આનંદ થયો. કહો, મિથિલાની પ્રજા સર્વ પ્રકારે સુખી તો છે ને ?'

'સર્વ પ્રકારે સુખી છે.' મુનિના મુખમંડળને એકીટસે જોઈ રહેલા સામે બેઠેલા રાજા જનકે કહ્યું: 'લોકો પોતપોતાના વ્યવસાયમાં રત છે. રાજ્યમાં ચોર-ડાકુઓનો ત્રાસ નથી, વ્યભિચારીઓનું જોર નથી, પ્રમાદી અને અધર્મી લોકોની સંખ્યા પણ મોટી નથી, અને એથી કુદરતની પણ કૃપા છે. સર્વે પોતપોતાના સ્વધર્મનું પાલન કરવાની સાથે સાથે બીજાને ઉપયોગી થવાનું ધ્યાન રાખે છે. પ્રજાને સુખશાંતિ પહોંચાડવા માટે મારાથી બનતું બધું જ કરી રહ્યો છું. ધરતી પણ કામધેનુની પેઠે રસકસવતી તેમજ ફૂલફળ અને અન્નવાળી બનીને પોષી રહી છે.'

'ન્યાય, તથા ધર્મને માર્ગે ચાલનારને કુદરત પણ અનુકૂળ થાય છે એ સાચું છે. તમારા શબ્દ પરથી એ સારી પેઠે સમજી શકાય છે. પરંતુ કોઈ વાર કોઈ અપરાધ કરે તો દંડ દેવા તૈયાર તો રહો છો ને ?'

'હા. તૈયાર રહું છે અને બને તો એને ફરી અપરાધ ના કરવા માટે પ્રેરિત કરું છું.'

'વિદ્વાનો ને જ્ઞાનીઓની યોગ્ય કદર તો કરો છો ને ? એમને આજીવિકાની ચિંતા તો નથી થતી ને ?'

'ના. વિદ્વાનો ને જ્ઞાનીઓ એ ચિંતાથી સર્વથા મુક્ત છે. એ કેવળ જ્ઞાનનું ઉપાર્જન ને વિતરણ જ કર્યા કરે છે.'

'લક્ષ્મીનો સદુપયોગ થવાને બદલે એનો એક ઠેકાણે નિરર્થક સંગ્રહ તો નથી થતો ને ?'

'ના. લક્ષ્મીનંદનો લક્ષ્મીનો લોકહિતાર્થે સદુપયોગ કરતા રહે છે. પ્રજા તરફથી મને મળેલી લક્ષ્મી પણ વધારે વિશાળ રૂપ ધારણ કરીને પ્રજા પાસે જ પહોંચી જાય છે.'

'અને રાજકારભાર ?'

'રાજકારભાર લોકોના ભિન્નભિન્ન વર્ગોનો અભિપ્રાય લક્ષમાં લઈને લોકનિયુક્ત સભા તેમજ સલાહકારોની મદદથી સારી રીતે ચલાવવામાં આવે છે. પ્રજા એથી સંતુષ્ટ છે, એટલું જ નહી પરંતુ પ્રસન્ન છે.'

એટલામાં તો બહાર ગયેલા રામ ને લક્ષ્મણ આવી પહોંચ્યા.

આવતાવેંત એ મુનિ વિશ્વામિત્રને પગે લાગ્યા. રાજા જનકને પ્રણામ કરી ઊભા રહ્યા.

એમના વિનય અને અસાધારણ લાવણ્યને જનક તથા એમની સાથેના બીજા બધા આભા બનીને જોઈ રહ્યા.

જનકની આંખ એમની સુંદરતા ને સુમધુરતાનું પાન કરતાં તૃપ્તિ ના પામી.

એમની જિજ્ઞાસાના જવાબમાં મુનિ વિશ્વામિત્રએ કહ્યું :

'આ અયોધ્યાના રાજા દશરથના પુત્રો રામ અને લક્ષ્મણ છે. યજ્ઞની રક્ષા કરવાના ઉદ્દેશથી હું એમને રાજા દશરથ પાસેથી લઈ આવેલો. એમણે પોતાના અદ્દભુત પરાક્રમથી યજ્ઞની રક્ષા કરી. સ્વયંવરના સમાચાર સાંભળીને હું એમને એનો અનુભવ કરાવવા લઈ આવ્યો છું.'

'એમને જોઈને મને કોણ જાણે કેમ પણ અસીમ આનંદ થઈ રહ્યો છે. એમને જોઉં છું તો આજે અને અત્યારે જ, પરંતુ એ મારા ચિરપરિચિત હોય અથવા એમનો સંબંધ ઘણો જુનો હોય એવું લાગ્યા કરે છે. કોણ જાણે કેમ, પણ મારું અંતર એવું જ કહ્યા કરે છે.'

મુનિ વિશ્વામિત્રે સ્મિત કરતાં કહેવા માંડ્યું,

'એમની સાથેના કોઈક અદૃષ્ટ સ્નેહસંસ્કારો તમને આકર્ષણ કરી રહ્યા છે, સંસારમાં જીવ એવા જ સંસ્કારોથી પ્રેરાઈને ઊંડા આકર્ષણનો અનુભવ કર્યા કરે છે. એ વાત તમારા જેવા જ્ઞાની પુરુષને કહી બતાવવાની ના હોય. પરંતુ હવે તો અમે અતિથિ થઈ લાંબા વખત લગી રહેવા જ આવ્યા છે એટલે એકમેકને જોવાનો અવસર અનેક વાર મળી રહેશે.'

જનક થોડીવાર સુધી શાંત રહીને પછી બોલ્યા :

'એ તો બરાબર છે. મારે માટે એ અત્યંત આનંદની વાત થઈ પડશે. પરંતુ આપને હું અહીં નહીં રહેવા દઉં. આપને રહેવા માટે મેં અલગ સ્થાનનો પ્રબંધ કર્યો છે. ત્યાં બધી જાતની વ્યવસ્થા છે. માટે રામ અને લક્ષ્મણ સાથે આપ ત્યાં જ પધારો.'

જનકના આગ્રહને માન આપીને મુનિ વિશ્વામિત્ર પોતાનું નિવાસસ્થાન બદલવા તૈયાર થયા.

જનક એમનો ઉચિત પ્રબંધ કરીને વિદાય થયા. તે પછી વિશ્વામિત્રે રામ અને લક્ષ્મણ સાથે ભોજન કરીને આરામ કરવા માંડ્યો.

જનક પોતાના રાજપ્રાસાદમાં તો આવ્યા, પરંતુ એમની આંખ આગળ રામ અને લક્ષ્મણની મધુમય મૂર્તિ તરવા માંડી. એમને કેવળ એમના જ વિચારો આવવા લાગ્યા.

* * * * *

## ૨. સીતાનું સ્વપ્ન

હા. રાજા જનકના અંતરમાં રામ અને લક્ષ્મણને જોઈને એક પ્રકારનો અનેરો આનંદ ફરી વળેલો. એ આનંદની અસર એ રાજપ્રાસાદમાં આવ્યા તો પણ તાજી જ રહી. એમની આંખને બીજું કશું જોવાનું જાણે ગમ્યું જ નહી. રામ અને લક્ષ્મણ-અને એમાંયે ખાસ કરીને રામની આકૃતિને જોવામાં જ એમને આનંદ લાગવા માંડ્યો. આવું કેમ થયું તે જનકને ના સમજાયું. સ્વરૂપવાન કિશોરો કે યુવકો તો એમણે આજ લગી અનેક જોયા હતા. વિનયી ને પ્રતાપી પણ જોયેલા, પરંતુ રામની અંદર કશુંક એવું હતું જેણે એમના પ્રાણને પકડી રાખ્યો. એણે એમના કાળજાને કામણ કર્યું, હૈયાને ના સમજી શકાય એવા હેતુથી ભરી દીધું અને એથી આગળ વધીને જાણે કે હરી લીધું. એણે એમના રોમેરોમને કોઈ અલૌકિક રસે રંગી દીધું. રામની મનહર મૂર્તિ એમની આગળ રમવા માંડી અને એની મધુરતાને માણતા જાણે કે એ આજુબાજુનું બધું જ ભાન ભૂલી ગયા.

એટલામાં સીતા આવી અને એમને શૂન્યમનસ્ક જેવા જોઈને બોલી :

'રોજ તો તમે મને જોતવેંત જ ઉમળકાભેર બોલાવતા અને આજે તમારું મારા તરફ ધ્યાન જ નથી. તેનું કારણ ? કોઈ ઊંડી ચિંતા, વિચારણા કે વ્યથામાં ડૂબી ગયા છો કે શું ? તમારું મુખમંડળ કોઈક જુદા જ ભાવથી ભરાઈ ગયું હોય એવું લાગે છે. '

જનકે એને પોતાની પાસે બેસાડીને તંદ્રામાંથી જાગતાં હોય એમ કહ્યું :

'મારું મન જરા જુદા જ વિચાર અથવા ભાવમાં ડૂબી ગયેલું. મને એવું થાય છે કે મેં સ્વપ્ન જોયું કે શું ?'

'કેમ ? એવું તે શું થયું ? શેનું સ્વપ્ન જોયું ?'

'સ્વપ્નું નહિ પરંતુ સ્વપ્ન જેવું જ.'

'શું ?'

'મુનિઓમાં સુપ્રસિધ્ધ મહર્ષિ વિશ્વામિત્ર આપણા અતિથિ બનીને પધાર્યા છે. એમના ચરણસ્પર્શથી આપણી નગરી પાવન થઈ. એમનો સંદેશ મળવાથી હું એમનું સ્વાગત કરવા ગયેલો. '

'એવા લોકોત્તર મહાનમુનિ આપણે ત્યાં પધાર્યા એ આપણું અને મિથિલા નગરીનું પરમ સૌભાગ્ય કહેવાય. એમના અસાધારણ અનુગ્રહને માટે આપણે એમના આભારી છીએ. પરંતુ મુનિના આગમન અને દર્શનને તમે સ્વપ્ન કહો છો ?'

'ના. એ સ્વપ્ન ન હતું, સાચું હતું. '

'તો પછી ?'

'મુનિની સાથે રામ અને લક્ષ્મણ નામના બે યુવકો પણ આવ્યા છે. '

'રામ અને લક્ષ્મણ ?' સીતાને જાણે એ નામ સુખદ લાગ્યું. ખાસ કરીને રામનું.

'હા. રામ અને લક્ષ્મણ એ બંને બંધુઓ શોભાના સાગર જેવાં છે. એમની સુંદરતા અજોડ જેવી છે. '

'એ કાંઈ એટલું બધું આકર્ષક તત્વ ના કહેવાય. સુંદરતા તો ઓછાવત્તા પ્રમાણમાં સૌમાં હોય છે. એ એક જ વસ્તુ કાંઈ કોઈને મુગ્ધ ના કરી શકે. તમારા જેવા જ્ઞાની ને સંયમી પુરુષને તો નહીં જ.'

'સાચું છે, છતાં પણ એ મને મુગ્ધ કરી ગઈ તો એનો અર્થ એ કે એ સુંદરતા કોઈ સામાન્ય કોટિની નહિ હોય, અને એકલી સુંદરતા પણ નહિ હોય. એ સુંદર હોવાની સાથે સાથે અત્યંત વિનયી, સંસ્કારી ને સ્નેહવાળા છે.'

સીતા શાંતિપૂર્વક સાંભળી રહી એટલે જનકે આગળ કહ્યું :

'અયોધ્યાના રાજા દશરથના એ પુત્રો છે અને મહર્ષિ વિશ્વામિત્ર સાથે સ્વયંવર જોવા માટે આવી પહોંચ્યા છે.'

'સ્વયંવર જોવા માટે ?'

'હા. મુનિ વિશ્વામિત્ર એમને રાજા દશરથ પાસેથી યજ્ઞની રક્ષા કરવા માટે માંગી લાવેલા. યજ્ઞનું કાર્ય પૂરું કરીને એ એમના પિતાજી પાસે પાછા જવાના હતા ત્યાં જ મુનિને સ્વયંવરના સમાચાર મળ્યા એટલે એ એમને લઈને અહિ આવ્યા છે. મોટા ભાઈ રામ એમના નામ પ્રમાણે અંતરને આરામ આપનારા અને પોતાના આત્મામાં રમનારા છે. એમનું વ્યક્તિત્વ એટલું બધું અનેરું અથવા આકર્ષક છે કે વાત નહિ. એમને જોતાવેંત જ મનને શાંતિ મળે છે, અંતરમાં અવનવા ભાવો ઉઠવા માંડે છે, અને આત્મા આનંદમાં અવગાહન કરતાં નાચી ઊઠે છે. એમને થોડા વખત પહેલાં જ જોયા છે પરંતુ એમનું સ્વરૂપ મારી આંખ આગળ ફર્યા કરે છે. આ તે સાચું કે ખોટું એવી દ્વિધામાં જાણે કે સ્વપ્નું જોયું હોય એવું લાગ્યા કરે છે. '

'તમારા જેવા બ્રહ્મજ્ઞાની પુરુષની અવસ્થા જો એવી થઈ જાય તો પછી સામાન્ય સંસારી પુરુષોનું તો કહેવું જ શું ? તમારા પર જેણે આટલી બધી અસર પહોંચાડી છે એ વ્યક્તિ કે વ્યક્તિત્વ કોઈ સાધારણ નહીં જ હોય એટલું અનુમાન તો સહેલાઈથી કરી શકાય છે.'

'મુનિઓ જેમનું મનન કરે છે ને જેમના સાક્ષાત્કારને માટે તપસ્વીઓ એકાંતમાં વાસ કરીને જુદી જુદી જાતના તપ કરે છે, યોગીઓ જેમની ઝાંખી કરવાના સંકલ્પથી પ્રેરાઈને ધારણા, ધ્યાન તથા સમાધિનો આધાર લે છે, ને ભક્તો જેમના અનુગ્રહની આકાંક્ષાથી આરાધનાના આનંદમાં રત રહે છે, તે પરબ્રહ્મ પરમાત્મા પોતે જ રામનું રૂપ ધારણ કરીને પ્રગટ થયા હોય એવું એમને જોતાંવેત જ લાગ્યા કરે છે. મારું મન ભાવથી જ એમના તરફ ખેંચાઈ રહ્યું છે. એ આકર્ષણની પાછળ મોહ નથી પણ વિવેક છે.'

સીતા એમના શબ્દોને આશ્ચર્ય અને આનંદપૂર્વક સાંભળી રહી એટલે એ બોલ્યા :

'આ તો મારા મનનો ભાવ કહી બતાવ્યો, પરંતુ મને એક બીજો વિચાર પણ આવવા માંડ્યો છે. '

'શું ? '

'એ વિચાર તને ના કહું તે જ સારું છે. '

'કેમ ? એ એવો ગુપ્ત છે ? '

'ગુપ્ત તો નથી, અને હોય તો પણ તારાથી ગુપ્ત રાખવા જેવું મારે કશું નથી. '

'તો પછી ? '

'કદાચ એ વિચાર તને વધારે પડતો લાગશે. '

'ભલે લાગે. તમને કાંઈ હરકત ના હોય તો એ ખુશીથી પ્રકટ કરો. તમારા વિચારો સાંભળવાનું મને ગમે છે એ તમે જાણો જ છો. '

જનકે થોડી વાર વિચાર કરી જોયો ને પછી કહ્યું :

‘રામને જોઈને મને લાગે છે કે એ તારે માટે સર્વથા યોગ્ય છે. રૂપ ને ગુણના સુભગ સમન્યવયવાળી એવી વ્યક્તિ બીજી કોઈ નહિ મળે. તું એમને જોઈશ તો તને પણ એવું જ લાગશે. મને પહેલેથી આવી ખબર હોત તો તારા સ્વયંવરની યોજના જ ના કરત. પરંતુ હવે તો.... ’

સીતા વિચારમાં પડી. રામ શું એટલે બધા ઉત્તમ હશે ?

ત્યાં તો જનક બોલ્યા :

‘પરંતુ હવે તો એ યોજના બની ગઈ છે તથા જાહેર થઈ ચૂકી છે. વિધાતાએ કોણ જાણે મને આ શું સુઝાડ્યું ? શંકરના ધનુષનો ભંગ કરે તે જ તને પરણી શકે એવો સંકલ્પ હવે તો થઈ ચૂક્યો છે. રામની ઉંમર તો હજુ નાની છે. એમનામાં એટલું બધું પરાક્રમ ક્યાંથી હોઈ શકે ? ’

સીતાએ કહ્યું :

‘વિધાતાએ જે સુઝાડ્યું હશે એ બધું સારું જ કરશે એવો મારો વિશ્વાસ છે. તમે તેની ચિંતા ના કરશો. મારે માટે જે યોગ્ય હશે તેની સાથે જ મારું પાણિગ્રહણ થઈ રહેશે. વિધાતાએ શું ધાર્યું છે તેની સમજ શી રીતે પડે ? પણ તે મારું અમંગલ તો નહિ જ કરે. તમે જે સંકલ્પ કર્યો છે અને એની સફળતા સારું સ્વયંવરની યોજના ઘડી છે તે બધી રીતે બરાબર છે. મારો સંકલ્પ પણ એવો જ છે. રામ તમને રૂપવાન અને ગુણવાન લાગે છે, પરંતુ મારા મનમાં પરાક્રમી પતિને વરવાની જે ઈચ્છા છે એ ઈચ્છા એકલા રૂપ અને ગુણવાળા પુરુષથી પૂરી નહિ થઈ શકે. તમે કહો છો કે રામ મહર્ષિ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરીને આવી રહ્યા છે, તો એ પરાક્રમી પણ હશે જ ને ? અસુરોથી યજ્ઞની રક્ષા કરવામાં પરાક્રમની જરૂર તો પડે જ. એટલે એ જો પરાક્રમી હશે તો પોતાનું પરાક્રમ જરૂર દેખાડશે.’

‘એમણે યજ્ઞની રક્ષા તો કરી છે. મુનિ વિશ્વામિત્રનાં એવાં વચન ખોટાં ન હોય. એ હકીકત ભારે આશાસ્પદ અને ઉત્સાહજનક છે. પરંતુ શંકરના મહામહિમાવાળા ધનુષ્યને ઉંચકવા જેટલું બળ એમનામાં હશે કે કેમ એ શંકા છે.’

‘એવી શંકા ને ચિંતા આપણે અત્યારથી શા માટે કરવી જોઈએ ?’

‘એ કાંઈ કરી નથી કરાતી. મને એમના પર પ્રેમ થયો છે એથી એવી ચિંતા સહજ થઈ રહી છે. મારા અંતરની ઈચ્છા છે કે એમની સાથે તારું લગ્ન થાય તો સારું. એવું નહિ થાય તો મારા મનમાં ભારે વસવસો રહી જશે. ’

‘એનો કોઈ ઉપાય નથી. એવા વિચાર કરીને તમે અત્યારથી નાહક દુઃખી ના થશો. બધું વિધાતા પર છોડી દો એ જ બરાબર છે. ’

વાતાવરણમાં લાંબા વખત લગી શાંતિ પથરાઈ રહી. એટલામાં તો સીતા બોલી :

‘મારે માટે જે બધી રીતે યોગ્ય હશે તે જ પતિ આ સ્વયંવરને પરિણામે મને પ્રાપ્ત થશે. એથી મારી ભાવના પણ સચવાશે તથા તમારો સંકલ્પ પણ પૂરો થશે. પરંતુ તમે તો કહો છો ને કે રાજા દશરથના એ બંને પુત્રોને મુનિ વિશ્વામિત્ર સ્વયંવર બતાવવા માટે લાવ્યા છે ?’

જનકે ગંભીર સ્વરે ઉત્તર આપ્યો :

'મુનિ વિશ્વામિત્ર તો એવું જ કહેતા હતા.'

'તો પછી એ સ્વયંવરમાં ભાગ કેવી રીતે લેશે ?'

'એ સ્વયંવર જોવા માટે આવ્યા છે એનો અર્થ એવો થોડો છે કે એ સ્વયંવરમાં ભાગ નહિ લે ? એ સ્વયંવરમાં ભાગ લે પણ ખરા. વિધાતા એમને ભાગ લેવા પ્રેરે અને સફળ કરે તો સારું. તો તો મને ઘણો જ આનંદ થાય. રામનાં મેં આટલા વખાણ કર્યા પરંતુ તું જ્યારે એમને જોઈશ ત્યારે તને પણ લાગશે કે મારાં કરેલાં વખાણ વધારે પડતાં નથી પરંતુ ઓછાં છે.'

સીતા શાંત રહી.

એને થયું તો ખરું જ કે જે રામ પર મારા પિતાને પ્રથમ દર્શને જ આટલો બધો પ્રેમભાવ થયો છે તે રામ કોઈ સાધારણ યુવક તો નહિ જ હોય, એમનું રૂપ અને એમના ગુણ ખરેખર અજોડ હશે. નહિ તો એમની અસર મારા પિતાજી પર આટલી બધી થાય જ નહિ, અને એ આવી મમતા ભરેલી ભાષા પણ બોલે નહિ.

રામને જોવા માટે એના અંતરમાં આતુરતા તો થઈ, છતાં પણ ઉચિત અવસર ના આવે ત્યાં સુધી એ અંતરને શાંત રાખ્યા સિવાય છૂટકો પણ ન હતો એટલે લાગણીના પ્રવાહને રોકી રાખીને બહારથી શાંત જ રહી.

રાતે, લગભગ મધરાત પછી, એને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં દેવર્ષિ નારદ એની આગળ આવીને ઊભા રહ્યા. ગૌર શરીર, તેજસ્વી મુખમંડળ, કરુણાથી ભરપૂર, પ્રશાંત પ્રકાશમય નેત્રો, હાથમાં વીણા, પીતાંબર અને સુંદર ઉપવસ્ત્રથી ઢંકાયલી કાયા, મસ્તક પર કાળાભમ્મર કેશ તથા પગમાં પાદુકા.

'નારાયણ, નારાયણ, નારાયણ ! શ્રીમન્નારાયણ નારાયણ, નારાયણ !'

એમણે સુધાથી ભરેલા સુમધુર સ્વરે ગુંજન કર્યું.

સીતા જાણે કે ઝબકીને જાગી.

'અહો, આ તો દેવર્ષિ નારદ ! બ્રહ્માના માનસપુત્ર તથા સિદ્ધ ને જીવનમુક્ત સંતોના શિરોમણિ !'

સીતાને ઓળખતાં વાર ના લાગી કે પોતાની આગળ ઊભેલા મહાપુરુષ બીજા કોઈ નથી પરંતુ દેવર્ષિ નારદ પોતે છે.

એણે આગળ વધીને સંતશિરોમણિ સુરગણસેવિત મહાપુરુષને પ્રણામ કર્યા.

નારદજીએ સુમધુર સ્મિત કરતાં એના મસ્તક પર હાથ મૂક્યો ને કહ્યું :

'શુભમ્ ભવતુ, મંગલમ્ ભવતુ, કલ્યાણમ્ ભવતુ.'

આનંદના અતિરેકમાં સીતા એ મહાપુરુષને આસન આપીને સમુચિત રીતે સન્માનવાનું પણ ભૂલી ગઈ. એણે ભાવવિભોર બનીને કહેવા માંડયું :

'પ્રભુ ! આપનો આશીર્વાદ છે તો મારું કલ્યાણ જ થશે. મને આપના વચનમાં વિશ્વાસ છે, પરંતુ મારા પિતાજી જરાક ચિંતાતુર બની ગયા છે.'

'કેમ ?'

'તમે અંતર્યામી છો એટલે બધું જાણો જ છો. એમણે મારે માટે સ્વયંવરની યોજના ઘડી છે અને એની તૈયારી કરી છે, પરંતુ એમનું મન દ્વિધામાં પડી ગયું છે.'

'દશરથપુત્ર રામને નિહાળીને એમના મનમાં ભાતભતના વિચારો આવવા માંડ્યા છે, ખરું ને ?'

'હા, એમનું મન રામ તરફ ખેંચાઈ રહ્યું છે. '

'એમાં કશું ખોટું નથી. રામનું સ્વરૂપ જ એવું છે કે જે એમને જુએ છે તે એમના પ્રત્યે ખેંચાય છે. તને પણ હવે થોડા વખતમાં જ એનો અનુભવ થઈ રહેશે.'

'મને પણ ?'

'હા, તને પણ. સમસ્ત સંસાર જ્યારે એમના પ્રત્યે આકર્ષાય છે ત્યારે તું એમાં અપવાદરૂપ કેવી રીતે રહી શકે ? તને સવારે જ એમનો મેળાપ થશે તથા મારી વાતનો અનુભવ પણ થઈ રહેશે.'

'પિતાજી તો એમની સાથે મારું લગ્ન કરાવવાની ઈચ્છા રાખે છે. '

'એમાં ખોટું શું છે ? એ તારે માટે બધી રીતે યોગ્ય છે. તું એમને જોઈશ એટલે તારું હૈયું તારા હાથમાં જ નહિ રહે. તું એમને વરવાની ઈચ્છા કરીશ.'

'પરંતુ શંકરના ધનુષ્યને એ નહિ ઉપાડે ત્યાં સુધી હું એમને નહિ વરી શકું.'

'એની ચિંતા તું શા માટે કરી રહી છે ? ધનુષ્ય એમના કરતાં વિશેષ શક્તિશાળી છે એવું ના માનતી.'

'તો પણ....'

'તો પણ પ્રશ્ન જ નથી. મેં જે કહ્યું છે તે બરાબર છે. રામ ધનુષ્યનો ભંગ કરશે તથા તું તેમને વરમાળા પહેરાવશે એ નક્કી છે. મારા કથનમાં કશો ફેર નહિ પડે.'

સીતા દેવર્ષિ નારદના તેજસ્વી મુખમંડળ તરફ જોઈ રહી.

એમનું કથન સાચું હશે કે ખોટું ? એ તો કેમ કહેવાય ? પરંતુ એણે ઉત્સાહપૂર્વક પૂછી નાખ્યું :

'મારું લગ્નજીવન સુખી ને સફળ તો જશે ને ?'

નારદજીએ મધઝરતી મીઠી વાણીમાં કહ્યું :

'સફળ થશે, પરંતુ સુખી જ જશે એવું તો ના જ કહેવાય. સુખ ને દુઃખ તો એક સિક્કાના બે પાસા જેવાં છે. પ્રત્યેક દેહધારીને ઓછા કે વત્તા પ્રમાણમાં એનો અનુભવ કરવો પડે છે. કોઈ એમનાથી સંપૂર્ણપણે મુક્તિ નથી મેળવી શકતું. પરંતુ હા, એટલું ખરું કે દુઃખ તારે માટે સુખરૂપ જ બની રહેશે. તે તને તારી શ્રદ્ધા અને નિષ્ઠામાંથી નહિ ચળાવી શકે. તારું જીવન બીજાને માટે આદર્શરૂપ અથવા અનુકરણીય બની રહેશે. કોઈ જાતની ચિંતા ના કરતી. મારા આશીર્વાદને અનુસરીને બધું સારું જ થશે. '

સીતા કશુંક વધારે બોલે તે પહેલાં તો દેવર્ષિ નારદે એના મસ્તક પર ફરી વાર હાથ મૂક્યો ને કહ્યું :

'ઠીક ત્યારે, હવે હું રજા લઉં. '

અને શ્રીમન્નારાયણ, નારાયણ, નારાયણના મધુમય ધ્વનિ સાથે એ વિદાય થયા.

'દેવર્ષિ નારદનો જય હો !' કોઈએ ઉતાવળે ઉચ્ચાર કર્યો અને એની સાથે જ સીતાની આંખ ઉઘડી ગઈ. એનું સ્વપ્ન પૂરું થયું.

* * * * *

## 3. મેળાપ

સીતાની આંખ ઉઘડી ત્યારે એ પોતાના શયનખંડના પર્યંક પર પડી હતી.

એ સ્વપ્નનું સ્મરણ કરતી સત્વર બેઠી થઈ ગઈ.

રાજપ્રાસાદની ભાતભાતનાં ચિત્રોથી ચિત્રિત દિવાલો એની આંખ આગળ ઊભી હતી પરંતુ એની દૃષ્ટિ તો દેવર્ષિ નારદને જોઈ રહી.

એમની વાણી એના કાનમાં ગૂંજી રહી.

સ્વપ્નને પરિણામે એને અનેરો આનંદ થઈ રહ્યો.

અને શા માટે ના થાય ?

એવા અનોખાં, આનંદદાયક, સંતપુરુષો અને દેવતાના દર્શનનાં અથવા એમની સાથેના સંભાષણનાં સ્વપ્ન કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે આવે છે ? એવાં સરસ સ્વપ્ન તો કોઈ ધન્ય ક્ષણે ને ધન્ય જનને જ આવતાં હોય છે.

સીતા એનું ફરી ફરી સ્મરણ કરવા લાગી.

એનું સ્મરણ એને સહજ રીતે જ આવવા લાગ્યું એમ કહેવું જ યથાર્થ કહેવાશે.

એને થયું કે સ્વપ્નને સાચું માનવું કે ખોટું ?

નારદજીના દેવદુર્લભ દર્શનનો પોતાનો લાભ મળ્યો એ વાતમાં તો શંકા નહિ. એ દર્શનથી અસાધારણ આનંદ પણ થઈ રહ્યો છે. પરંતુ એમણે પોતાના ભાવિના સંબંધમાં ઉચ્ચારેલાં વચનો કેટલે અંશે સાચા માનવાં ને કેટલા પ્રમાણમાં યથાર્થ ઠરશે ? સ્વપ્ન કાંઈ એક પ્રકારનાં નથી હોતાં, અનેક પ્રકારનાં હોય છે, અને બધાં સ્વપ્ન સાચાં નથી પણ હોતાં. બધા નહિ તો મોટા ભાગનાં સ્વપ્ન ખોટાં જ હોય છે. આ સ્વપ્નનું પણ એવું જ સમજવું કે શું ? જો કે આ સ્વપ્ન બીજાં સ્વપ્નની બરાબરનું ના કહી શકાય. આ સ્વપ્ન કોઈ સાધારણ પુરુષનું નહિ પરંતુ દેવર્ષિ નારદ જેવા સત્પુરુષનું છે. એ એની વિશેષતા બતાવે છે. દેવર્ષિ નારદનું સ્વપ્ન-દર્શન એમના અનુગ્રહ વિના ના થઈ શકે. એમનાં વચનો પણ ભાગ્યે જ ખોટાં હોઈ શકે.

છતાં પણ એ સંપૂર્ણ સાચાં છે અથવા સાચાં પડશે એવું પણ કેમ માની શકાય ? રામ સ્વયંવરમાં ધનુષ્ય તોડશે એવું તો મારા પૂજ્ય પિતાજી પણ નથી માની શકતા. માટે તો એમણે સ્વયંવરની યોજના બદલ અફસોસ વ્યક્ત કરેલો. મેં તો રામને નથી જોયા, પરંતુ એમણે તો જોયા છે. એ કેટલા બધા સુકુમાર છે તેની તેમને ખબર છે. એવા રામ શંકરના મહાપ્રતાપી ધનુષ્યને ઉપાડે અને તોડે તેવી કલ્પના પણ નથી કરી શકાતી. તો પછી એમની સાથે લગ્ન તો થાય જ ક્યાંથી ? દેવર્ષિ નારદની એ વાણી પણ કેવી રીતે માની શકાય ?

એને થયું કે સ્વપ્નની વાતને વધારે પડતું મહત્વ આપવું બરાબર નથી. તે તો સાચી પડે કે ના પણ પડે, પરંતુ હા, એક વાત વિચારવા જેવી છે. નારદજીએ કહ્યું છે કે સવારે રામનો મેળાપ થશે. હવે આજે સવારે જોઉં છું કે એમનો મેળાપ થાય છે કે નહિ. એમના કહ્યા પ્રમાણે જો રામનો મેળાપ થાય તો બીજી આગળની વાત સાચી મનાય. પરંતુ રામનો મેળાપ થાય એવી શક્યતા પણ ક્યાં છે ? સવારે તો હું

સ્નાનદિથી પરવારીને ભવાની માતાનું દર્શન કરવા જઉં છું. ત્યાં એ કેવી રીતે મળે ? અને ત્યાં ના મળે તો પછી બીજે તો મળે જ ક્યાં ? એટલે નારદજીની એ સ્વપ્નાવસ્થાની ભવિષ્યવાણી સાચી પડે એવું લગારે નથી લાગતું. છતાં પણ એની કસોટી માટે થોડોક વખત ધીરજ રાખું. સવારનો એ સમય પણ કાંઈ બહુ દૂર તો નથી જ.

એવા એવા વિચારો એના મનને વીંટી વળ્યા. તો પણ એ સ્વપ્નનું સ્મરણ એને માટે સુખકારક તો થયું જ. લાંબે વખતે વિચારોમાંથી મુક્તિ મેળવીને એ સ્નાનાદિથી પરવારીને જનકની પાસે આવીને એના રોજના ક્રમ મુજબ પગે લાગી એટલે જનકે એને આશીર્વાદ આપીને પૂછ્યું :

'તારા મુખ પર આજે રોજ કરતાં કોઈક જુદી જ જાતનો ઉલ્લાસ દેખાઈ રહ્યો છે તેનું કારણ ? રાતે કોઈ સરસ સ્વપ્ન આવ્યું છે કે શું ?'

'સ્વપ્ન આવે તો જ ઉલ્લાસ પ્રકટે એવું થોડું છે ? સીતાએ સામેથી પૂછ્યું.'

'ના. એવું તો નહિ. ઉલ્લાસનું કારણ સદાને માટે સ્વપ્ન જ હોય છે એવું નથી હોતું. પરંતુ આ તો મારું અનુમાન કહી બતાવ્યું. '

'તમારું અનુમાન સાચું છે. મને સ્વપ્ન જ આવેલું.'

'કેવુંક સ્વપ્ન ?'

'સ્વપ્ન હતું તો ટૂંકું પરંતુ ખૂબ જ વિચિત્ર અને રસમય હતું. સ્વપ્નમાં મને દેવર્ષિ નારદ દેખાયા. '

'દેવર્ષિ નારદ ?'

'હા. દેવર્ષિ નારદ. હાથમાં વીણા લઈને નારાયણના મધુર નામનો ઉચ્ચાર કરતાં એ મારી આગળ પ્રેમપૂર્વક ઊભા રહ્યા. '

'દેવર્ષિ નારદનું દર્શન તો દેવોને પણ દુર્લભ છે. મોટા મોટા સિદ્ધો, મુનિઓ તથા તપસ્વીઓ પણ એમના દર્શનની ઈચ્છા રાખતા હોય છે. તને એ મહાપુરુષે પોતાની મેળે દર્શન આપ્યું એ તારું સદ્દભાગ્ય કહેવાય.'

'હું પણ એવું માનું છું. અને એથી જ મને આનંદ થઈ રહ્યો છે.'

'એવા સમર્થ સંતપુરુષનું દર્શન નિરર્થક નથી થતું એવો મારો અનુભવ છે. એમનું સ્વપ્નદર્શન પણ ભારે લાભદાયક ને સુખકારક થઈ પડે છે. દર્શન આપીને એમણે કોઈ આશીર્વાદ કે ઉપદેશ આપ્યો કે નહિ ?'

સીતાએ સ્વપ્નદર્શનની સઘળી વાત સંક્ષેપમાં કહી બતાવી. ફક્ત સવારે રામનો મેળાપ થવાની દેવર્ષિ નારદની ભવિષ્યવાણી ના કહી અને આશ્ચર્ય પ્રદર્શિત કરતાં પૂછયું :

'સ્વપ્નની વાત તદ્દન વિચિત્ર નથી લાગતી ?'

'વિચિત્ર તો લાગે છે પરંતુ.....'

'એ વિચિત્ર જ નહિ પરંતુ ખોટી છે એમ ને ?'

'ખોટી છે એવું પણ કેવી રીતે કહી શકાય ?'

'તો પછી ? '

'એ સાચી પડે તો સારૂં. એમ બને તો મારા જેટલું સુખ કદાચ બીજા કોઈનેય નહિ થાય. રામનું લગ્ન તારી સાથે થાય એવી મારી ઊંડી આકાંક્ષા છે. એ વાત મેં તારાથી છાની નથી રાખી. એ આકાંક્ષાની પૂર્તિ થતાં મારી પ્રસન્નતાનો પાર નહિ રહે. એની પૂર્તિનું કામ સ્વપ્નની વાત જેટલું સહેલું નથી. છતાં પણ નારદજીના શબ્દોની સત્યતાની પ્રતીક્ષા પણ કરવી રહી. સ્વયંવરનો દિવસ હવે કાંઈ બહુ દૂર નથી રહ્યો.'

સીતા કાંઈ બોલી નહિ એટલે જનકે કહ્યું :

'દેવર્ષિ નારદ જેવા મહાપુરુષનું કથન ખોટું ના હોઈ શકે, પરંતુ આ તો સ્વપ્નનું કથન છે એટલે પૂરેપૂરું વિશ્વસનીય ના માની શકાય. રામને એકવાર પણ જોવાનો અવસર મળ્યો હોય તે એવું કદી પણ ના કહી શકે કે એ ધનુષ્યને તોડી શકશે. મુનિ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા વખતે એમણે રાક્ષસોનો સંહાર કર્યો હશે એ સાચું, પરંતુ આ કામ તો એથી પણ કપરું છે. હું ઈચ્છું કે દેવર્ષિ નારદ જેવા મહાન પુરુષના આગ્રહથી રામ એ કામ કરવામાં સફળ થાય, પણ એમને જોયા પછી અંતરમાં આશંકા તો રહે છે જ. '

નિશ્ચિત સમય થવા આવ્યો એટલે સીતા માતા ભવાનીના દર્શન તથા પૂજન માટે તૈયાર થઈ.

રાજભવનથી થોડેક જ દૂર એક સુંદર ઉદ્યાન હતું. એમાં રંગબેરંગી ફૂલોની ફોરમથી ભરેલી ફૂલવાડી હતી.

એની અંદરના સુંદર રત્નજડિત પગથિયાંવાળા સ્વચ્છ સરોવરમાં ભાતભાતનાં કમળો ખીલેલાં.

એ કમળો તથા બીજાં ફોરમવંતા ફૂલો પર રસભૂખ્યા ભ્રમરો ગુંજારવ કરતા, અને એમના રસાસ્વાદમાં મશગુલ રહેતા.

વેલીઓ વૃક્ષોને વીંટળાઈને વહાલભરી વાતો કહેતી અને એમનો આધાર લઈને આગળ વધતી.

વનમાં વિહરતાં મૃગ પોતાની પ્રેમિકાઓ સાથે પ્રેમાલાપ કરતાં કેટલીકવાર ત્યાં આવી ચઢતાં, સરોવરનું સુધામય પાણી પીતાં, કોમળ ચારો ચરતાં, ને વૃક્ષોની શીળી છાયામાં મધ્યાહ્ન સમયે ઘડી બે ઘડી વિશ્રામ કરતાં.

ત્યાં પુષ્પો પણ પ્રકટતાં, ફળો પણ પાકતાં, ને પંખીઓ કિલ્લોલ કરતાં વૃક્ષોની ડાળી પર ઉડતાં ને કૂદતાં રહેતાં.

એ ઉદ્યાનની એક બાજુ, સરોવરને સામે કિનારે, જગદંબાનું નાનકડું છતાં સુંદર, ચિત્તાકર્ષક, મંગલમય મંદિર હતું.

એમાં માતા ભવાનીની મૂર્તિ હતી.

એ મંદિર અને ઉદ્યાન પર રાજકુટુંબનો અધિકાર હતો.

રાજા જનકે એ બંધાવેલું અને એમના તરફથી જ એનો વહીવટ ચાલતો.

સીતા એ મંદિરમાં રોજ પૂજન કરવા આવતી ને પોતાની સખીઓ સાથે ઘડી બે ઘડી વિશ્રામ કરતી.

આજે પણ એણે જગદંબાની પૂજા કરવાના ઉદ્દેશથી એ સુંદર ઉદ્યાનમાં પ્રવેશ કર્યો.

સમીરની શીતળ લહરી એનું સ્વાગત કરતાં એને વીંટી વળી.

પંખીઓ પ્રેમને પ્રકટ કરતાં પ્રસન્નતાથી પોકારી ઉઠ્યા.

સવારનો શરૂઆતનો સમય હોવાથી સૂર્યનાં કોમળ કિરણો પણ એના શરીર પર તાજગી આપતાં ફરી વળ્યાં.

કોઈક ભ્રમર એના મુખમંડળની આગળ ઉડવા લાગ્યો.

એને એણે દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

થોડાક વખત સુધી એ એની આજુબાજુ ભમતો રહ્યો ને છેવટે જતો રહ્યો.

સીતા ભવાની માતાના મંદિરે જવા ફૂલવાડીમાં થઈને આગળ વધી.

એ જ વખતે ઉદ્યાનની બીજી બાજુથી રામ અને લક્ષ્મણે મિથિલાના બે ત્રણ પુરુષો સાથે ફૂલવાડીમાં પ્રવેશ કર્યો.

ફૂલવાડીને જોતાવેંત જ રામે લક્ષ્મણને સંબોધીને કહેવા માંડ્યું :

'લક્ષ્મણ, ફૂલવાડી કેટલી બધી સુંદર છે ! આવી ભાતભાતનાં ફૂલોથી ભરેલી ફોરમવંતી ફૂલવાડી તો આપણે આજ સુધી બીજે ક્યાંય નથી જોઈ. એને જોતાં જ મન ઠરી જાય છે ને શાંત થાય છે. રાજા જનકના નગરને જોવા નીકળ્યા તો આ અત્યંત સુંદર જગ્યા પણ જોવા મળી. તને આ જગ્યા કેવી લાગી ?'

'એમાં પૂછવા જેવું છે જ શું ? આ ફૂલવાડી તો આજ સુધી જોયેલી ફૂલવાડીઓમાં અજોડ અને મિથિલા નગરીની શોભા જેવી છે.'

સાથે આવેલા પુરુષોમાંના એકે કહ્યું :

'મેં કરેલી આ ઉદ્યાનની પ્રશંસા તમને વધારે પડતી લાગી હશે. પરંતુ હવે તમને ખાતરી થઈને કે મેં કરેલી પ્રશંસા તો તદ્દન અલ્પ હતી.'

'સાચું છે. હવે એ વાતની પ્રતીતિ થઈ. આવું સરસ ઉદ્યાન તો અમારી અયોધ્યાપુરીમાં પણ નથી.'

રામે કહ્યું :

'આ ઉદ્યાન અને એની અંદરની ચિત્રવિચિત્ર ફૂલવાડીને જોવાથી રાજા જનકની ઉત્તમ રસવૃત્તિનો પરિચય મળે છે. રાજા જનક આત્મજ્ઞાની છે પરંતુ રસથી રહિત નથી જ.'

બીજા પુરુષે જણાવ્યું :

'રાજા જનક પોતે કોઈ કોઈ વાર આ ફૂલવાડીમાં ફરવા માટે આવી પહોંચે છે અને એમની પુત્રી સીતા પણ ભવાની માતાના દર્શન માટે આવ્યા કરે છે. મુનિ વિશ્વામિત્રનું નામ સાંભળીને તથા તમારું સુંદર સ્વરૂપ જોઈને ને કુળવૃત્તાંત જાણીને માળીએ આપણને અંદર આવવા દીધા, નહિ તો મોટે ભાગે સામાન્ય માણસોને આ ઉદ્યાનમાં જ્યારે ત્યારે નથી આવવા દેતા. એમના પ્રવેશ માટેનો દિવસ અને સમય નિશ્ચિત હોય છે. તમારી સાથે અમારું પણ એટલું સદ્દભાગ્ય કે અમે અંદર આવી શક્યા.'

ફૂલવાડીને નિહાળતા અને એની પ્રશસ્તિ કરતા રામ અને લક્ષ્મણ સરોવર આગળ આવી પહોંચ્યા તથા એની અંદરના કમનીય કમળને જોવા માંડ્યા.

'કેટલાં સુંદર કમળ છે ?' રામે ઉદ્દગાર કાઢ્યા.

ત્યાં તો એમની નજર સામેથી આવતી સીતા પર પડી.

સૌથી આગળ જનકપુત્રી સીતા હતી, એની પાછળ જનકપુત્રી ઉર્મિલા, અને એની પાછળ હાથમાં પૂજાનાં સુવર્ણપાત્રો લઈને ચાલતી ચાર સેવિકાઓ.

સીતા, ઉર્મિલા તથા સેવિકાઓની નજર પણ એ જ વખતે રામ, લક્ષ્મણ ને બીજા પુરુષો પર પડી.

'અરે, આ કોણ છે ?' સીતાએ ઉદ્ગાર કાઢ્યા: 'આ તે મનુષ્ય છે કે કોઈ દેવ ? આપણી ફૂલવાડીમાં અત્યારે આમ સ્વતંત્ર રીતે કોણ વિહાર કરી રહ્યું છે ?'

ઊર્મિલાએ રામ અને લક્ષ્મણને જોઈને કલ્પના કરતાં કહ્યું :

'કોઈ સ્વયંવરમાં આવેલા રાજકુમારો લાગે છે !'

'સ્વયંવરમાં આવેલા રાજકુમારો ?'

'એમના સિવાય આવી અસાધારણ સુંદરતા બીજા કોનામાં હોઈ શકે ?'

સેવિકા બોલી :

'એ તો અયોધ્યાના રાજા દશરથના પુત્ર રામ ને લક્ષ્મણ છે.'

'રામ અને લક્ષ્મણ ?' સીતાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા રામ અને લક્ષ્મણ. આગળ જે શ્યામ જેવા છે તે રામ છે અને ગોરા છે તે લક્ષ્મણ છે. મુનિ વિશ્વામિત્રની સેવામાં ગયેલા સેવકે મને ગઈકાલે જ એમનો પરિચય કરાવેલો. એ બંને રાજકુમારો મુનિ વિશ્વામિત્રની સાથે આવ્યા છે.'

સીતા રામ તરફ અને ઊર્મિલા લક્ષ્મણ તરફ એકીટસે જોઈ રહી.

સીતાની ચાલ થોડીક વારને માટે થંભી ગઈ.

એના અંતરમાં રામને જોઈને કોણ જાણે કેમ પણ સ્નેહના અથવા કહો કે આકર્ષણના અંકુરો ઉગવા લાગ્યા.

એનું હૃદય રામ તરફ ખેંચાવા લાગ્યું ને બોલી ઉઠ્યું :

'આટલી બધી સુંદરતા ? સુંદરતા ને મધુરતા તો આજે જ જોઈ. આવી સુંદરતા શું સંસારમાં હોય શકે ? '

સીતાને સમજ ના પડી કે એનું અંતર આમ રામ તરફ કેમ ખેંચાઈ રહ્યું છે ! પરંતુ એ ખેંચાવા લાગ્યું એ તો સાચું જ.

રામના હૃદયમાં પણ સીતાને જોઈને એવા જ ભાવ જાગવા માંડ્યા.

એમણે પોતાની સાથે આવેલા પુરુષને પૂછ્યું :

'આ સુંદરતાની મૂર્તિ જેવી સુકુમારી કોણ છે ? એ કોઈ વનદેવી છે કે શું ? કોઈ અપ્સરા, ગંધર્વકન્યા કે રતિ પોતે જ પોતાની સખીઓ સાથે ઉદ્યાનમાં નીકળી પડી હોય એવું લાગે છે.'

મિથિલાવાસીએ ઉત્તર આપ્યો :

'એ કોઈ અપ્સરા, ગંધર્વકન્યા, રતિ કે વનદેવી નથી પરંતુ એથી પણ વધારે સુંદર, શીલવતી ને સ્નેહમયી જનકપુત્રી સીતા છે. '

'સીતા ? '

'હા. એ સીતા જ છે. એના નિત્યનિયમ પ્રમાણે એ ભવાની માતાનું પૂજન કરવા આવી લાગે છે.'

'સીતા આટલી બધી સુંદર છે ?'

'મિથિલા નગરીમાં અને મહારાજા જનકના રાજ્યમાં તો આટલું બધું સુંદર બીજું કોઈ જ નથી, અને મને ખાતરી છે કે બીજે પણ આટલું બધું સુંદર તો બીજું કોઈ જ નહિ હોય.'

'સાચું છે. આટલી બધી સુંદરતાનું દર્શન તો હું પહેલી વાર જ કરી રહ્યો છું. '

'અપ્સરા કે ગંધર્વકન્યા સુંદર જરૂર હશે એની ના નહિ, પરંતુ સીતાની અંદર તો સૌન્દર્યની સાથે શીલનો સમન્વય થયેલો છે. એ એની વિશેષતા છે.'

'કોણ જાણે કેમ પણ મારું અંતર આ સુકુમારીને જોઈને એક પ્રકારના ઉત્કટ આકર્ષણ અને મીઠી લાગણીનો અનુભવ કરી રહ્યું છે ! આવી આકર્ષણ અને મીઠી લાગણી તો મને આજ સુધી બીજી કોઈયે કન્યાને માટે નથી થઈ.' રામ મનોમન કહેવા લાગ્યા.

ત્યાં તો લક્ષ્મણે પૂછ્યું :

'સીતાની સાથે ચાલનારી એવી જ સુંદર અને સંયમી તથા સંસ્કારી દેખાતી પેલી બીજી સુકુમારી કોણ છે ? એ મારો પરિચય પૂછતી હોય તેમ ચાલતાં ચાલતાં મારા તરફ વચ્ચે વચ્ચે દૃષ્ટિપાત કરી રહી છે! '

'એ ઊર્મિલા છે. ' બીજી મિથિલાવાસીએ ઉત્તર આપ્યો.

'ઊર્મિલા ?'

'હા. સફેદ સાડીમાં શોભતી સીતાની સાથે ગુલાબી સાડીમાં સજ્જ થઈને ચાલનારી એ સુકુમારી બીજી કોઈ નહિ પણ ઊર્મિલા છે. એના નામ પ્રમાણે એ ભારે ઊર્મિશીલ કે લાગણીવશ બનીને ચાલી રહી છે. એ સીતાની નાની બેન છે. બંનેના કેશ છૂટ્ટા છે અને વર્ણ એક છે, પરંતુ ચાલ પરથી બંને જુદી પડી જાય છે.'

લક્ષ્મણ ભવાની માતાના મંદિરના પગથિયાં ચઢતી ઊર્મિલાને જોઈ રહ્યો ને રામ સીતા તરફ જોઈ રહ્યા.

સીતા પણ આગળ વધતી રામની મધુમય મૂર્તિ તરફ દૃષ્ટિપાત કરતી કોઈ અદ્દભુત રસ માણી રહી.

એના અંતરમાં, મનમાં, વિચારમાં ને રોમેરોમમાં સ્નેહની માધુરી ફરી વળી.

જીવોને એકમેકને જોતાવેંત સ્નેહના આવા સુમધુર ભાવો કેમ થતા હશે ? આ શરીરમાં એવું શું છે ? શરીર તો પંચમહાભૂતનું પુતળું છે. એને સારો કે નરસો ભાવ કેવી રીતે થાય ? પરંતુ એનો આધાર લઈને જે આત્મા પોતાના પહેલાંના સંસ્કારોને લીધે એમનાથી પ્રેરાઈને, બીજાને જોઈને સહજ રીતે જ સ્નેહનો અનુભવ કરે છે. એમ માનવું જ બરાબર લાગે છે.

રામને જોયા પછી સીતાને એટલું તો લાગ્યું જ કે પોતાના પિતા જનકનું રામ પ્રત્યેનું આકર્ષણ આધાર વિનાનું તો નથી જ. રામ છે જ એવા અદ્દભુત, અનેરા અથવા અસાધારણ કે એમને જોઈને સૌને આકર્ષણ થાય જ. આવા મનમોહન, હૃદયાભિરામ રામની સાથે પોતાનો વિવાહ કરવાનો વિચાર એમને આવે તેમજ પસંદ પડે એ પણ સ્વાભાવિક છે. પોતાને પણ એ ગમે. પરંતુ.....એમણે તો સ્વયંવર રચ્યો છે.

ભવાની માતાની મધુર મૂર્તિ સામે જ ઊભી રહેલી.

સીતાના વિચારોને વાંચીને એ જાણે સ્મિત કરી રહી.

સીતાએ એની પૂજા કરી, એને ફૂલમાળા ચઢાવી, અને એને પગે લાગીને એની સ્તુતિ કરી.

એ વખતે પણ એની આંખ આગળ રામની મૂર્તિ રમી રહી.

એને થયું કે દેવર્ષિ નારદના સ્વપ્નની એક વાત તો સાચી પડી. એટલા પૂરતું એ સ્વપ્ન સાચું કહેવાય. પરતું બીજી વાત....? બીજી વાતની સત્યતાની શક્યતા ઘણી ઓછી છે. છતાં પણ કાંઈ કહેવાય નહિ. રામ આજે મળશે એ ભવિષ્યકથનની સચ્ચાઈની શક્યતા પણ આજે ઉદ્યાનમાં આવી ત્યાં સુધી ક્યાં લાગતી’તી ? એવી રીતે આગળના ભવિષ્યકથનની શક્યતાને પણ સાવ નકારી કઢાય તો નહિ જ.

એ વિચારથી એનું અંતર ઉછળવા લાગ્યું.

સ્વપ્નની સફળતાનો ઉલ્લાસ તો અનેરો હોય છે પણ સ્વપ્નના સેવનનો આનંદ પણ કાંઈ ઓછો નથી હોતો. એ વાતને અનુભવીઓ સારી પેઠે સમજી શકે છે.

સીતાએ જગદંબાને દેવર્ષિ નારદનું આગળનું ભવિષ્યકથન સાચું થાય એવી પ્રાર્થના કરી, ને રામને જોવા માટે મંદિરની બહાર આવીને દૃષ્ટિ કરી. એ દૃષ્ટિપાતને પરિણામે એને હર્ષ ને શોક બંનેનો અનુભવ થયો. હર્ષ એટલે માટે થયો કે રામ એને જોતા ફૂલવાડીમાં ઊભા હતા, અને શોક એટલા માટે થયો કે રામ થોડી વારમાં જ ચાલ્યા જવાના હતા તથા પોતાને પણ હવે ઉદ્યાન છોડીને રાજપ્રાસાદ તરફ ચાલવાનું હતું. એકમેકને જોવાનું પણ કાયમને માટે શક્ય ન હતું.

બંને એકમેકને જોઈને જુદી જુદી દિશામાં ચાલવા લાગ્યાં, પરંતુ એમનાં અંતર જુદી દિશામાં જવાની ના પાડવા માંડ્યા.

લક્ષ્મણ અને ઊર્મિલાની અવસ્થા પણ કાંઈક અંશે એવી જ થઈ.

રામનો એ પહેલો મેળાપ સીતાને માટે એકદમ આકસ્મિક હતો તો પણ સુખદ નીવડ્યો.

* * * * *

## ૪. અનુભવ

મિથિલા નગરીમાં ભ્રમણ કરતી વખતે રામ અને લક્ષ્મણ સ્વાભાવિક રીતે જ અનેક લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા.

લોકો એમની આજુબાજુ કૂતુહલપૂર્વક ટોળે મળવા માંડ્યા.

સ્ત્રીઓને એમના પ્રત્યે વિશેષ આકર્ષણ થયું.

ધીરે ધીરે લોકોને એમનો પરિચય થયો એટલે સ્ત્રીઓ અંદર અંદર વાતો કરતાં કહેવા લાગી :

'આ થોડાક મોટા ને શ્યામ દેખાય છે તે રામ અને નાના ને ગોરા છે તે લક્ષ્મણ. એમના ગુરુ મહર્ષિ વિશ્વામિત્ર સાથે એ સીતાના સ્વયંવરમાં આવ્યા છે.'

'એ બંને અયોધ્યાના રાજા દશરથના પુત્રો છે. એ નગરને જોવા નીકળ્યા છે.'

'મહારાજા જનકે એમને નહિ જોયા હોય ?'

'ના કેમ જુએ ? એ પોતે તો મહર્ષિ વિશ્વામિત્રનું સ્વાગત કરવા ગયેલા.'

'તો પછી એ સ્વયંવરની યોજનાને હજુ પણ શા માટે વળગી રહ્યા છે ? સીતાને માટે રામ કરતાં વધારે સુંદર ને સુયોગ્ય બીજું કોણ મળવાનું હતું ? '

'અને ઊર્મિલાને માટે લક્ષ્મણ પણ એવા જ યોગ્ય લાગે છે. ઈશ્વરે રાજાની બંને કન્યાઓ માટે યોગ્ય ઉમેદવાર મોકલી આપ્યા છે. એટલે મને તો લાગે છે કે રાજા સીતાના સ્વયંવરની યોજનાને પડતી મૂકશે. સ્વયંવર દ્વારા પણ એમનો ઉદ્દેશ તો સીતા માટે સુયોગ્ય વરને શોધવાનો જ હતો. તો ઈશ્વરે એવો વર આપોઆપ મોકલી આપ્યો છે. આવો સર્વોત્તમ વર સંસારમાં બીજે ક્યાં મળવાનો હશે ?'

'રામને જોયા છતાં પણ રાજા હઠ કરીને પોતાની પ્રતિજ્ઞાને પકડી રાખશે તો ભારે અનર્થ થશે. મને નથી લાગતું કે રામ શંકરના ધનુષ્યને ઊંચકી શકે.'

'ના. એમાં તારી ભૂલ થાય છે. રામ અને લક્ષ્મણ ઉપરથી જોતાં આટલા બધા સુકોમળ દેખાય છે પરંતુ એ મહાપરાક્રમી છે.'

'મહાપરાક્રમી હશે ત્યારે જ એમણે વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરી હશે ને ? કહે છે કે યજ્ઞમાં ભંગ પાડવા આવેલા મહાબળવાન રાક્ષસો સુબાહુ તથા મારીચનો એમણે રમતાં રમતાં નાશ કરેલો. એટલે એ ધનુષ્યને ઊંચકીને સીતાને વરશે એમાં મને તો લગાર પણ સંદેહ નથી લાગતો. '

'તારી ધારણા સાચી પડે તો તો ઘણું સારું, પણ એથી ઉલટું થશે તો મારા દુઃખનો પાર નહિ રહે.'

કોઈક કુમારિકાએ રામને જોઈને કહેવા માંડ્યું :

'સીતાની જગ્યાએ હું હોઉં તો સ્વયંવરને થવા જ ના દઉં. જે આવ્યા હોય એમને પાછા વાળું ને ધનુષ્યને ઉંચકવાની શરતને બાજુ પર મૂકીને રામની પતિ તરીકે પસંદગી કરી લઉં. સીતાએ હજુ રામને નહિ જોયા હોય, પણ જ્યારે જોશે ત્યારે એનું હૈયું પણ હાથમાં નહિ રહી શકે.'

'ધનુષ્ય ઉપાડવાની પ્રતિક્ષા કરતાં પહેલાં જ સીતા રામને વરમાળા ના પહેરાવી દે તો સારું.'

બીજા મહોલ્લાની સ્ત્રીઓ કહેવા લાગી :

'કેટલા બધા સુકુમાર અને સુંદર યુવાનો છે ? બ્રહ્માએ એમને કોઈક ધન્ય ક્ષણે ઘડ્યા હોય એવું લાગ્યા કરે છે.'

'જેવી સીતા છે તેવા જ સુંદર રામ છે અને જેવી ઊર્મિલા છે તેવા જ સરસ લક્ષ્મણ છે. બ્રહ્માએ એમને માટે જ એમને પ્રકટ કર્યા છે.'

'તે પણ ઘણી સારી કલ્પના દોડાવી. રામ સીતાને માટે યોગ્ય છે અને લક્ષ્મણ ઊર્મિલાને માટે, એ હકીકત સાથે સંમત થાઉં છું, પરંતુ સ્વયંવર તો સીતાને માટે જ થઈ રહ્યો છે ઊર્મિલાને માટે નથી થતો એની તને ખબર નથી શું ? '

'મહારાજા જનકને પહેલેથી ખબર હોત તો સીતાની સાથે ઊર્મિલાનો સ્વયંવર પણ કરી નાખત.'

'અરે, મને તો લાગે છે કે સ્વયંવર તો રામ તથા લક્ષ્મણને મિથિલા નગરીમાં બોલાવવા માટે જ યોજવામાં આવ્યો છે. એ તો એક યુક્તિ છે. હવે રામ તથા લક્ષ્મણ આવી પહોંચ્યા છે એટલે રાજા જનક પોતાનું ધારેલું કરી નાખશે.'

'આવા સુંદર કુમારોને નિહાળીને કોનું અંતર ના હરખાય ને ના આકર્ષાય ?'

રામ તથા લક્ષ્મણના મનમાં પણ જુદી જુદી જાતના ભાવતરંગો પેદા થઈ રહ્યા.

સીતાને નિહાળીને રામનું તેમજ ઊર્મિલાને નિહાળીને લક્ષ્મણનું અંતર અનુરાગથી આપ્લાવિત બની ગયું.

એ અનુરાગ એમના ઉદ્દગારોમાં ટપકવા લાગ્યો.

રામે રસ્તામાં ચાલતાં ચાલતાં કહી બતાવ્યું :

'સીતા કેટલી બધી સૌંદર્યવતી છે ? એને જોઈ છે ત્યારથી કોણ જાણે કેમ મારી આંખ સામે એની મૂર્તિ જ રમ્યા કરે છે અને એના જ વિચારો મનમાં ઉઠ્યા કરે છે. આવું તો મને અત્યાર સુધી કોઈયે વાર નથી થયું. મનની આ પ્રવૃત્તિ શું નિરર્થક હશે કે પછી એની પાછળ કોઈ ગૂઢ રહસ્ય છુપાયેલું હશે ? '

'મને તો લાગે છે કે મનની એ પ્રવૃત્તિ નિરર્થક ના હોઈ શકે. આપણે રઘુકુળમાં જન્મેલા. આપણી વૃત્તિઓ એમનેમ પેદા ના થાય. એમની પાછળ કોઈને કોઈ રહસ્ય જરૂર રહેલું હશે અને એ રહસ્ય બીજું કયું હોય ? મને તો લાગે છે કે તમારું મન સીતા પ્રત્યે ખેંચાય છે તેમ સીતાનું મન પણ તમારી પ્રત્યે જરૂર ખેંચાતું હશે. એ ભાવિ ઘટનાક્રમનું સૂચક છે. એટલે કે સ્વયંવરમાં ધનુષ્યભંગ કરીને તમે સીતાને પસંદ કરશો ને સીતા તમને જરૂર વરશે, એવો મને વિશ્વાસ છે. સીતાને જોઈ ત્યારથી મારું અંતર એવું જ કહ્યા કરે છે.'

લક્ષ્મણના શબ્દો સાંભળીને રામ બોલ્યા :

'તારા અંતરનો એ ભાવ સાચો ઠરે એમ ઈચ્છું છું. મારા હૃદયને સીતાની સુંદરતા તો સ્પર્શી જ ગઈ છે, અને એના શીલ કે સંસ્કારયુક્ત વર્તને પણ અસર કરી છે, પરંતુ એ બધા કરતા પણ એની અંદર રહેલી કોઈક ન્યારી વસ્તુએ મારા મન પર પોતાની અમિત છાપ પાડી છે. એ વસ્તુને લીધે જ સીતા મને ચિરપરિચિત લાગી. એની દૃષ્ટિ સાથે દૃષ્ટિ મળી ત્યારે મને થયું કે હું એને આજે જ જોઉં છું છતાં પણ ઘણા

લાંબા વખતથી ઓળખું છું. જાણે એ મારા પૂર્વ પરિચયમાં આવી ચૂકી છે. કોણ જાણે મને એવી લાગણી કેમ થઈ પરંતુ થઈ એ ચોક્કસ.'

'અને મને પણ ઊર્મિલાને માટે લગભગ એવી જ લાગણી થઈ છે. આ હૃદય પણ કોણે, કયા પદાર્થમાંથી બનાવ્યું છે, ને કેવું છે ? સ્વયંવર તો સીતાનો થઈ રહ્યો છે, કાંઈ ઊર્મિલાનો થોડો જ થવાનો છે ? છતાં પણ મને એના પ્રત્યે એવો પ્રેમભાવ થયા કરે છે !'

'રાજા જનકે રચવા ધારેલો સીતાનો સ્વયંવર તો જાહેર છે, એટલે સર્વવિદિત છે, પરંતુ સ્નેહની દૈવી દુનિયામાં એવા અંગત ગુપ્ત સ્વયંવરો તો ક્ષણે ક્ષણે ન જાણે કેટલાયે થયા કરે છે. ક્યાંક દૃષ્ટિ મળતાં તો ક્યાંક વચન સુણતાં, ક્યાંક ચિત્રનું અવલોકન કરતાં તો ક્યાંક પરિચય સાધતાં, આત્માઓનું અદૃષ્ટ મિલન થાય છે, એ સ્વયંવર જ છે. એવા ગુપ્ત સ્વયંવરોમાંથી કોઈક સફળ થાય છે તો કોઈક નિષ્ફળ જાય છે, છતાં પણ એ સુખ તો આપે જ છે. તને પણ ઊર્મિલા પ્રત્યે આકર્ષણ થઈ રહ્યું છે તો તેમાં કાંઈ ખોટું નથી. તારું એ આકર્ષણ સાર્થક ઠરે એવું સાચા દિલથી ઈચ્છી રહ્યો છું. અંતરમાં આકર્ષણ અને અનુરાગનો આવિર્ભાવ કરનાર વિધાતા સઘળું સારું જ કરશે. તને જો ઊર્મિલા મળશે તો તે તારે માટે યોગ્ય જ ઠરશે. પરંતુ એક વાત પૂછી લઉં ? શંકરનું મહાન ધનુષ્ય મારાથી તૂટી શકશે ? તને શું લાગે છે ? '

'મને તો એમાં લેશમાત્ર શંકા નથી લાગતી. તમારા પ્રતાપ અથવા બળથી બીજા ભલે અજ્ઞાત હોય, પરંતુ હું તો એથી સુપરિચિત છું. મુનિના યજ્ઞપ્રસંગે મેં તમારા અસાધારણ સામર્થ્યનું દર્શન કર્યું છે. તમે એ ધનુષ્યને અવશ્ય ઉઠાવશો ને ચઢાવી શકશો. એક બીજી હકીકત કહું ? સીતાના હૃદયના દુર્ભેદ્ય ધનુષ્યને તો તમે તમારી મધુમયી દૃષ્ટિથી આજે તોડી જ નાખ્યું છે. એના ટુકડે ટુકડા થઈ ગયા છે. એ તમારું બન્યું છે. એની આગળ પેલા બહારના ધનુષ્યની શી વિસાત છે ? એ ધનુષ્ય પણ હવે તૂટવાનું જ છે. આજની ઘટના એ ભાવિ પરાક્રમની સૂચક છે.'

'ધનુષ્ય નહિ તૂટે તો મને ભારે દુઃખ થશે.'

'પરંતુ એવી શંકા જ અસ્થાને છે. તમે આવા વિચારો વ્યક્ત કરીને મારી કસોટી કરી રહ્યા છો કે શું ? શંકરનું ધનુષ્ય તમારા વિના બીજા કોઈથી નહિ તૂટે. એને ઉપાડવાની અને એના પર શરસંધાન કરવાની શક્તિ તમારામાં સંપૂર્ણપણે રહેલી છે એ હું જાણું છું. મહર્ષિ વિશ્વામિત્ર સર્વજ્ઞ છે. એમનાથી કોઈ વાત છૂપી નથી એ તો તમે પણ જાણો છો. ભાવિ ઘટનાચક્રને જાણીને જ, એને સફળ કરવા માટે, એ આપણને અહીં લઈ આવ્યા છે.'

'તારી ધારણા સાચી ઠરશે તો મારા જેવી પ્રસન્નતા બીજા કોઈનેય નહિ થાય.'

લક્ષ્મણે હસીને કહ્યું :

'તમારા જેવી પ્રસન્નતા બીજા કોઈનેય નહિ થાય એવું કેમ માની લીધું ? મારી ધારણા સાચી ઠરશે ત્યારે મને પણ એટલી જ પ્રસન્નતા થશે અને સીતાને પણ.'

રામ અને લક્ષ્મણ મહર્ષિ વિશ્વામિત્ર પાસે આવીને એમને પગે લાગ્યા એટલે મહર્ષિએ પૂછ્યું :

'મિથિલા નગરી જોઈ લીધી ? કેવી લાગી ?'

'આખી નગરી તો કેવી રીતે જોવાય ? ' રામે ઉત્તર આપ્યો: 'પરંતુ થોડીઘણી જોઈ. નગરી ઘણી જ સુંદર, સ્વચ્છ તેમજ સુવ્યવસ્થિત છે.'

' નગરી તો જોઈ પરંતુ સાથે સાથે એક બીજી અદ્દભુત વસ્તુ, નગરીની શોભા પણ જોઈ.' લક્ષ્મણથી બોલ્યા વિના ના રહેવાયું.

'નગરીની શોભા ? કયી શોભા ?'

'મિથિલા નગરીની સર્વોત્તમ શોભા બીજી કયી હોઈ શકે ? સીતાથી વિશેષ સુંદર અને સુશીલ કોણ છે ? એ જ મિથિલાની શોભા છે.'

'એટલે તમને જનકનંદિની સીતાને જોવાનો અવસર મળ્યો એમ ? સીતાને તમે ક્યાં જોઈ ?'

લક્ષ્મણ જે કહે છે તે બરાબર છે. નગરનું નિરીક્ષણ કરતા કરતા અમે એકાએક રાજપરિવારના ઉદ્યાનમાં પહોંચી ગયા. ત્યાંની સરસ ફૂલવાડીમાં અમે પ્રસન્નતાપૂર્વક વિહાર કરવા લાગ્યા. એ જ વખતે ત્યાંના જગદંબા મંદિરમાં પૂજા કરવા માટે પોતાના નિયમ પ્રમાણે સીતા આવી પહોંચી.

રામ અને લક્ષ્મણે એ આખીય ઘટના વિસ્તારથી કહી બતાવી એટલે મુનિ વિશ્વામિત્રે એમની પ્રતિક્રિયા જોઈને પ્રસન્ન સ્વરમાં કહેવા માંડ્યું :

'સીતા મિથિલા નગરીનું જ નહિ પરંતુ સમસ્ત જગતનું એક મહાન અમુલખ સૌન્દર્યરત્ન છે, એવી વાત મેં વારંવાર કહી છે. તેની હવે તમને પણ ખાતરી થઈ એ જાણીને મને અનેરો આનંદ થઈ રહ્યો છે. સીતા તરફનું તમારું આકર્ષણ કેવળ મોહથી પ્રેરાઈને નથી થઈ રહ્યું. એ આકર્ષણ ભાવિનો સંકેત કરે છે. સીતા પણ એવા જ આકર્ષણનો અનુભવ કરી રહી હશે. એ બતાવે છે કે તમારા બંનેના હૃદય રાગમય બનીને એક થવા માટે જ સર્જાયલાં છે. લક્ષ્મણ અને ઊર્મિલાને માટે પણ એ વાત એટલી જ સાચી સમજવાની છે. એમનું આકર્ષણ અથવા મિલન પણ નિરર્થક નહિ થાય. મારી આર્ષ દૃષ્ટિથી હું એ સ્પષ્ટ જોઈ રહ્યો છું.'

થોડીક વાર શાંત રહીને મુનિ ફરી બોલ્યા :

'તમે સીતાને જોઈ શક્યા તે ઘણું સારું થયું. વિધાતાએ જ તમારો પરસ્પર પરિચય કરાવવા એ અવસર ઊભો કર્યો. સીતાનું સ્વરૂપ તમને કેવું લાગ્યું ? એને નિહાળીને તમારાં અંતરમાં કેવો ભાવ પેદા થયો ?'

રામ બોલ્યા :

'મને તો એવું લાગ્યું કે કોઈક અપ્સરા, ગંધર્વકન્યા અથવા વનકન્યા પોતાના રિક્ત રાગરંગ્યા હૃદય સાથે પ્રિયતમની શોધમાં પુષ્પો, વૃક્ષો અને વિટપોને પૂછતી વિહાર કરી રહી છે. કોઈક હૃદયદેવતાના શ્રીચરણમાં એ પોતાના પ્રાણની પૂજાને અર્પણ કરવા માટે આતુર છે.'

'અને મારા પર એવી છાપ પડી' લક્ષ્મણે કહ્યું: 'કે એકલા એ એકાંત રસમય ઉદ્યાનના જ નહિ પરંતુ સમસ્ત સૃષ્ટિના મંગલમય મંદિરમાં વિરાજેલી જગદંબા પોતે જ પ્રકટ થઈ અને સ્થૂળ રૂપ ધારણ કરી ઉદ્યાનમાં વિહરી રહી છે ને પોતાની જ પૂજા કરવા પોતાના મંદિરમાં પ્રવેશવા તૈયાર થઈ છે. '

વિશ્વામિત્રે સ્મિત કરીને કહ્યું :

'તમારા બંને પર પડેલી પ્રતિક્રિયા તમારા વ્યક્તિગત ભાવોને અનુકૂળ જ છે એમાં સંદેહ નથી. એ પ્રતિક્રિયા જોઈને મને આનંદ થાય છે.'

લક્ષ્મણે સાહસ કરીને પૂછી નાખ્યું :

'મહારાજા જનકે તો એકલી સીતાનો જ સ્વયંવર નક્કી કર્યો છે ને ?'

'હા. સ્વયંવર તો એકલી સીતાનો જ થઈ રહ્યો છે. પરંતુ તમે ચાર ભાઈઓ છો એટલે વિધાતાએ ચારના વિવાહ કરવાનું નક્કી કર્યું છે. એમાં કશો જ ફેર નહિ પડે.'

રામે વિશ્વામિત્રને વિનવતાં કહ્યું :

'કાં તો એવું કરી દો કે મારા હૃદયમાંથી સીતાને માટેનો રાગ દૂર થાય કે પછી એવો આશીર્વાદ આપો કે સીતાના સ્વયંવરમાં મને સફળતા મળી જાય. તમારો આશીર્વાદ અમોઘ છે એવો મારો વિશ્વાસ છે.'

'સીતાનો તથા તમારો સ્નેહ તો સનાતન છે અને તમારે માટે જ નહિ પરંતુ બીજાને માટે પણ મંગલકારક છે, એટલે એ દૂર નહિ થાય, પરંતુ સ્વયંવરમાં તમારી સફળતા નિશ્ચિત છે. એ માટે મારો અંતરના અંતરતમમાંથી આશીર્વાદ છે.'

એ આખોય દિવસ રામ અને લક્ષ્મણ માટે ભારે વિચિત્ર ગયો.

બીજા વ્યાપારમાં પરોવાયા છતાં એમનું મન એ ઉદ્યાન અને એ ફોરમવંતી ફૂલવાડીમાં જ ફરતું રહ્યું.

રામની આંખ આગળ ક્ષણેક્ષણે સીતાનું સુધામય મનહર મુખ રમવા માંડયું ને લક્ષ્મણની આંખ આગળ ઊર્મિલાનું.

ઉભયના મનમધુપ એ કમનીય કમલિનીનો રસાસ્વાદ લેવા લાગ્યા--અલબત્ત, કલ્પના જગતમાં.

આંખ કવચિત કવચિત ઊભરાવા લાગી, અંતર એક પ્રકારની ગૂઢ અકથ્ય અકળામણ અનુભવવા લાગ્યાં, વાણી અસ્પષ્ટ વાતો કરવા માંડી, પ્રાણ મધુર જેવી પીડાના પાવકને કિનારે જઈ પડ્યો, દેશના ને કાળના બાહ્ય બંધનને તોડીને મળી જઈએ.

પરંતુ સંજોગોને જોઈને શાંત થયા કે રહ્યા સિવાય છૂટકો ન હતો.

આવું કેમ થયું એની સમજ એમને ના પડી. પરંતુ થયું એ ચોક્કસ.

સ્નેહ અને એની અસર વિશે એમણે સાંભળ્યું તો હતું જ. આજે એનો અનુભવ થયો.

* * * * *

# ૫. સીતા અને ઊર્મિલા

રામ અને લક્ષ્મણની અવસ્થા એવી હતી તો સીતા તથા ઊર્મિલાની એથી ઓછી રાગમય ન હતી.

પ્રેમ પારસ્પરિક હોય છે એટલે કે પરસ્પર થાય છે : એકના અંતરના વીણાતારને વગાડે છે અને એના પર ગીત જગાડે છે તો બીજાના અંતરતારને પણ ઝંકૃત કરે છે ને જગાડે છે. એ કાયમ કાજ સાચું હોય કે ન હોય તો પણ, આ પ્રસંગે સાચું ઠર્યું. રામ અને લક્ષ્મણને સીતા અને ઊર્મિલાને માટે સ્નેહ થયો, એ એમનું સ્મરણ કરવા લાગ્યા અને એમના સ્મરણમાં સુખાનુભવ કરવા માંડ્યા, તો સીતા ને ઊર્મિલા પણ એવા અનુભવથી વંચિત ના રહ્યા. એમના પર તો એની અસર થોડી વધારે થઈ. સીતાની આંખ આગળ રામનું અને ઊર્મિલાની આગળ લક્ષ્મણનું સ્વરૂપ રમવા માંડ્યું, મન વારવા છતાં ત્યાં જ જવા લાગ્યું. એમને એમના સ્મરણ મનનથી અનેરો આનંદ મળવા માંડ્યો.

રાજપ્રાસાદમાં આવ્યા પછી પણ એમની એ અવસ્થા કાયમ રહી.

સીતાએ ઊર્મિલાને કહ્યું પણ ખરું :

'મને એકાએક આ શું થયું તે નથી સમજાતું. રામને જોયા છે ત્યારથી હૃદયમાં જાણે એ જ રમી રહ્યા છે. રોમ રોમમાં ફરી રહ્યા છે. આંખ આગળ એમનું જ સુંદર, સુધાસભર, સ્વરૂપ ફરી રહ્યું છે. એમના સિવાય જાણે બીજું કશું જોવાની શક્તિ જ નથી રહી. આવું તો મને પહેલાં કોઈયે વાર નથી થયું.

'પરંતુ તેં રામને હજુ આજે જ જોયા ને ? પહેલાં તેં એમને ક્યાં જોયા જ હતા ? એટલે પહેલાં કોઈવાર એવું ક્યાંથી થાય ? એ છે જ એવા આકર્ષક અને રસમય કે એમને જોઈને આંખ પાછી ના વળે પરંતુ એમનામાં જ લાગી રહે. મન એમનામાં જ રમવા લાગે. મેં તો એવી અનેરી આકૃતિ આજ સુધી બીજી કોઈયે નથી જોઈ. મન એમના પ્રત્યે આકર્ષાય એમાં કાંઈ મનનો દોષ નથી. '

'ત્યારે કોનો દોષ છે ? દિલનો ?'

'દોષ કોઈનોય નથી. દિલનો પણ નહીં. એમનું સ્વરૂપ જ એવું છે કે સહુ કોઈને આકર્ષણ થાય જ.'

'ત્યારે તો એવા આકર્ષક રૂપરંગને ધારણ કરવા માટે રામને જ દોષ દેવો રહ્યો.'

'રામને દોષ દેવો પણ નિરર્થક છે. એ પણ શું કરે ? પોતાના રૂપરંગને ધારણ કરવાનું માણસના હાથમાં છે ? એનો નિર્ણય તો એક માત્ર વિધાતા કરે છે.'

'તો પછી એ વિધાતાને દોષ દેવો બરાબર છે. એ વિધાતાએ જ રામને આટલા બધા સુંદર બનાવ્યા, સ્વયંવરનું નિમિત્ત બનાવીને મુનિ વિશ્વામિત્રની સાથે અહીં આણ્યા, એણે જ એકમેકનો મેળાપ કરાવ્યો અને પ્રેમ જગાવ્યો.'

'પરંતુ મેળાપ કરાવ્યો અને પ્રેમ જગાવ્યો એમાં કાંઈ ખોટું થોડું છે કે વિધાતાને દોષ દેવો ? એમ તો મને પણ લક્ષ્મણને નિહાળ્યા પછી એવો જ ભાવ થયા કરે છે. મારી આંખ આગળ પણ એની ગૌર મૂર્તિ રમ્યા કરે છે. એટલે એમને અથવા વિધાતાને દોષ દઉં ? '

'લક્ષ્મણની આકૃતિ પણ આકર્ષક છે એટલે તને આકર્ષણ થાય એ સ્વાભાવિક છે.'

'કોને માટે કયી આકૃતિ આકર્ષક થશે એ વિશે ચોક્કસપણે કશું જ નથી કહી શકાતું. મને લાગે છે કે એની પાછળ જુદી જુદી વ્યક્તિઓના પૂર્વસંસ્કારો કામ કરતા હશે.'

'એ ગમે તેમ હોય પણ મને રામ પ્રત્યે અને તને લક્ષ્મણ પ્રત્યે સ્નેહ થયો છે તે બતાવે છે કે આપણા બંનેનું દર્દ સરખું જ છે. આપણે બંને બહેનો છે એનો વિચાર કરીને વિધાતાએ આપણા બંને પર અનુગ્રહ કર્યો છે.'

બંને બહેનો હસી પડી.

એમના હાસ્યમાં ઉલ્લાસ કરતાં વેદનાના પડઘા વધારે પડ્યા.

એ અંતઃસ્થ વેદનાને વાચા આપતાં ઊર્મિલા બોલી :

'વિધાતાએ દર્દ તો બંનેના દિલમાં પેદા કરી દીધું છે, પણ હવે દર્દને દર્દ રાખવાને બદલે એની દવા કરે તો એમને દોષ દેવાને બદલે યશ આપીએ.'

સીતા બોલી :

'જેણે દર્દ પેદા કર્યું છે એણે એની સુયોગ્ય દવા કરવી જ જોઈએ, નહીં તો એ કૃપાળુ નહી પણ કઠોર કહેવાય. તેં રામને તો જોઈ લીધા. એમને જોયા પછી તને લાગે છે કે એ પેલા મહાપ્રતાપી ધનુષ્યને ઉપાડી શકશે ? તારો આત્મા શું કહે છે ?'

'મને તો લાગે છે કે રામ તારે માટે જ નિર્માયા છે. વિધાતાએ ધાર્યું હશે તો એમને માટે ધનુષ્યને ઉપાડવાનું કામ કઠિન નહીં બને. '

છતાં પણ સીતાના મનમાં વિચારના વમળો ઉઠવા લાગ્યા.

એને થયું કે પોતાના પિતાના મનમાં આ સ્વયંવરની વાત ક્યાંથી સુઝી ? સ્વયંવરની યોજના ન હોત તો પોતે રામને આજે ને આજે જ પસંદ કરી લેત.

ઊર્મિલા ઉપરથી ઉલ્લાસમાં દેખાતી હતી પરંતુ એનું અંતર પણ અવનવી ઊર્મિઓથી ઊભરાઈ રહ્યું.

ઊર્મિઓને છાવરતાં એ કહેવા માંડી :

'તારે માટે તો સ્વયંવરની યોજના હોવાથી કઈંક આશા રહેલી છે. રામ તને મળે એવી શક્યતા છે પરંતુ મારે માટે તો એવી શક્યતા પણ ક્યાં છે ? મારે માટે તો સ્વયંવર જ ક્યાં રચાયો છે ? છતાં પણ મન નથી માનતું ને આઠે પ્રહર ત્યાં જઈને ઊભું રહે છે. એ કેટલી બધી કરુણાજનક દશા છે ! '

'તને લક્ષ્મણ નહીં મળે તો ? ' સીતાએ સહજ ભાવે પૂછી નાખ્યું.

'તો શું ? મારાથી કાંઈ બળજબરી થોડી થવાની છે ? લક્ષ્મણ મને નહી મળે તો પણ લક્ષ્મણની મૂર્તિ તો મારી પાસેથી કોઈયે નહી છીનવી શકે. એમની અમીમય આકૃતિના આસ્વાદથી મને કોઈયે વંચિત નહી રાખી શકે. એ દ્વારા મને સંપૂર્ણ નહી પણ થોડું ઘણું સુખ મળી રહેશે. લક્ષ્મણ સાથે મારા ચિરમિલનનો યોગ નહી હોય તો પણ એવા યોગ તથા ભોગનું મારું ભાગ્ય કોઈયે નહી લૂંટી શકે.'

સીતાની આંખ ભીની થઈ. એ ઊર્મિલાને ભાવપૂર્વક ભેટી પડી ને બોલી :

'તારો સ્નેહ સાચો છે એટલે ઈશ્વર તારા જીવનમાં એવો વખત નહી આવવા દે. એ આપણા બંનેના મનોરથ પૂરા કરીને આપણને શાંતિ આપશે. '

'આશા તો આપણે એવી જ રાખીએ.'

સીતા અને ઊર્મિલા જ્યારે જનક પાસે આવી પહોંચી ત્યારે જનક રાજસભામાં જવાની તૈયારી કરી રહ્યા હતા.

સીતા તથા ઊર્મિલાને જોઈને એ રત્નજડિત સુવર્ણસિંહાસન પર બેસી ગયા, ને બંને બહેનો પણ બાજુના આસન પર બેસી ગઈ.

સીતાએ શાંતિપૂર્વક કહ્યું :

'દેવર્ષિ નારદના સ્વપ્નની એક વાત સાચી પડી. મેં તમને નહોતું જણાવ્યું પણ એમણે મને જણાવેલું કે રામના મેળાપનો આજે મને લાભ મળશે. એમનું એ કથન સાચું પડ્યું.

જનકે કંઈક આશ્ચર્યવશ બનતાં પૂછયું :

'રામનો મેળાપ તને ક્યારે અને ક્યાં થયો ? આ હકીકત સાંભળીને મને અતિશય આનંદ થયો છે. આખરે તું હૃદયાભિરામ રામને જોઈ શકી ખરી !'

સીતાએ ફૂલવાડીનો આખોય પ્રસંગ કહી બતાવ્યો અને ઊર્મિલાએ પણ એમાં સાક્ષી પૂરી એટલે રાજા જનકે કહ્યું :

'દેવર્ષિ નારદ જેવા મહાસમર્થ મહાપુરુષની વાણી સ્વપ્નાવસ્થામાં કહેવાયેલી હોય તો પણ ખોટી ના પડે એવો મારો વિશ્વાસ છે. તને પણ તેની ખાતરી થઈ. એમણે કહેલી એક વાત જો સાચી પડી તો બીજી વાત પણ સાચી પડે એવી આપણે આશા રાખીએ ને પ્રાર્થના કરીએ. '

'તમને રામની ધનુષ્ય ઉપાડવાની શક્તિમાં શંકા નથી થતી ?'

'થાય છે. પરંતુ મહર્ષિ વિશ્વામિત્રે મને આજે સવારે સંભળાવેલી રામની પરાક્રમગાથાને પરિણામે મારી એ શંકા થોડીક હળવી બની છે અને મને થાય છે કે રામ ધનુષ્યને ઉપાડી શકે પણ ખરા. મુનિ વિશ્વામિત્રે મને આજે એમની એ યશગાથા કહી બતાવી.'

સીતા અને ઊર્મિલાએ કહ્યું :

'એ યશગાથા અમને ના કહો ? અમે પણ એને સાંભળવા માટે ઉત્સુક છીએ. અમને એ સાંભળીને આનંદ થશે. '

જનકે કહ્યું :

'તમે તેને સાંભળવા ઉત્સુક હો અને એને સાંભળીને આનંદ પામો એ સહેલાઈથી સમજી શકું છું. મહર્ષિ પાસેથી સાંભળેલી એ કથા હું સંક્ષેપમાં કહી બતાવું. મહર્ષિ વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણને રાજા દશરથ પાસેથી લઈને પોતાના આશ્રમ તરફ ચાલી નીકળ્યા ત્યારે ગંગા તથા સરયૂના સંગમ સ્થળથી થોડેક આગળ જતાં એક ભયંકર વન દેખાયું. એ વનમાં મલદ અને કરૂષ નામના બે પ્રદેશો હતા, ત્યાં ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારી તાટકા નામની એક યક્ષિણી રહેતી. એના શરીરમાં હજાર હાથીઓનું બળ હતું. એ સુંદ નામના રાક્ષસની પત્ની હતી અને એને મારીચ નામે પુત્ર હતો. એ દુરાચારિણી તાટકા પોતાના ભયંકર દેખાવવાળા પુત્ર મારીચ સાથે એ બંને પ્રદેશોની પ્રજાને ત્રાસ પહોંચાડતી ને દુઃખી કરતી. એ છ ગાઉનો રસ્તો રોકીને જંગલમાં પડી રહેતી.'

'આ કથા તો ઘણી રોચક છે. '

'જે રાક્ષસી છ ગાઉનો રસ્તો રોકતી હશે તેમજ હજાર હાથીના બળવાળી હશે તે કેટલી બધી ભયાનક હશે ? તેની તો આપણે કલ્પના જ કરવી રહી. '

'મહર્ષિ વિશ્વામિત્રે રામ-લક્ષ્મણને વનમાં થઈને આગળ વધવાની સૂચના આપી. પોતાના બાહુ બળનો આધાર લઈને એ દુષ્ટ રાક્ષસીને મારી નાખીને એ પ્રદેશની પ્રજાને મુસીબતોમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો.'

સીતા તથા ઊર્મિલાની છાતી ધડકવા લાગી.

'ક્યાં એ ભયંકર રાક્ષસી અને ક્યાં એ નાનકડા રાજકુમારો ? છતાં પણ મહર્ષિનો આશીર્વાદ મેળવીને રાજકુમારો આગળ વધ્યા. મહર્ષિએ એમને જણાવ્યું કે સ્ત્રીહત્યાનો વિચાર કરીને તમે એનો નાશ કરવાનો વિચાર પડતો ના મૂકતા. જેના પર રાજ્યનો ભાર છે તેનો સનાતન ધર્મ પ્રજાની સર્વપ્રકારે રક્ષા કરવાનો છે. પૂર્વકાળમાં વિરોચનની પુત્રી મંથરા સમસ્ત જગતનો નાશ કરવા માંગતી'તી, પરંતુ ઈન્દ્રે એનો જ નાશ કર્યો. એવી રીતે કેટલાય ક્ષત્રિય મહાત્માઓએ પાપાચારિણી સ્ત્રીઓનો નાશ કર્યો છે. માટે તમે પણ મારા આદેશ અનુસાર એ રાક્ષસીનો વધ કરો. '

'પછી ? પછી શું થયું ?'

'મુનિના શબ્દો સાંભળીને રામ બે હાથ જોડીને બોલ્યા કે મારા પિતા મહારાજા દશરથે મને ઉપદેશ આપ્યો છે કે મારા વચનોનું ગૌરવ જાળવવા માટે વિશ્વામિત્રની આજ્ઞાનું નિઃશંકપણે પાલન કરજે. એમની વાતની કદી અવગણના ના કરતો. એટલે હું તમારી આજ્ઞાનું પાલન કરીશ.'

' એવું કહીને રામે પોતાના ધનુષ્યને જોરથી પકડીને એની પ્રત્યંચા પર ટંકાર કર્યો. એના અવાજથી બધી દિશાઓ ગૂંજી ઊઠી. વનમાં વસનારા પ્રાણીઓ કંપી ઊઠ્યા તથા તાટકા પણ આભી બની ગઈ. થોડી વાર પછી એ ક્રોધે ભરાઈને જે દિશામાંથી અવાજ આવેલો એ દિશામાં દોડી ગઈ. '

'રામ અને લક્ષ્મણની પાસે પહોંચીને એણે ધૂળ ઉડાડવા માંડી. ધૂળનો વરસાદ વરસાવીને થોડાક વખતને માટે તો એણે રામ-લક્ષ્મણને મોહમાં નાંખી દીધા. એ પછી એના પર એ પથ્થરોની વર્ષા કરવા માંડી. એ વખતે રામે અસંખ્ય બાણો છોડીને પથ્થરોની વર્ષા રોકી દીધી તથા પોતાની તરફ દોડતી એ ભયંકર રાક્ષસીના બંને હાથ કાપી નાખ્યા.'

'એ પરાક્રમ તો ઘણું મોટું કહેવાય.' સીતા બોલી ઊઠી.

'પરંતુ પછી શું થયું તે તો કહો.' ઊર્મિલાએ અધિક સાંભળવાની અધીરાઈ બતાવી: 'રાક્ષસી કાંઈ બેસી નહી રહી હોય, કંટાળી કે થાકી નહીં હોય. એણે પણ પોતાના સ્વભાવ તથા સામર્થ્ય પ્રમાણે સામનો કર્યો હશે, અને રામની સાથે લક્ષ્મણે પણ પોતાનો પ્રતાપ બતાવ્યો હશે.'

રાજા જનકે મીઠું હસીને આગળ ચલાવ્યુ :

'એ હકીકત સાંભળવા જેવી છે. રામ અને લક્ષ્મણ પરમ પરાક્રમી હતા. ભુજાઓ કપાઈ જવાથી કુરૂપ બનેલી થાકેલી તાટકા એ બંને ભાઈઓને ડરાવવા માટે જોરથી ગર્જના કરવા લાગી. એ જોઈને લક્ષ્મણે ક્રોધે ભરાઈને એ દુષ્ટ રાક્ષસીના નાક-કાન કાપી લીધા.'

'વાહ ! ઘણું જ અદ્દભુત કહેવાય.' ઊર્મિલાથી બોલ્યા વિના ના રહેવાયું.

'ખરેખર અસાધારણ.' સીતા પણ બોલી ઊઠી.

'પરંતુ....' જનકે કહેવા માંડયું: ' એ રાક્ષસી ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારી હોવાથી જુદીજુદી જાતના રૂપ ધરીને રામ-લક્ષ્મણને મોહમાં નાંખીને, પોતાની માયાશક્તિના પ્રભાવથી અદ્રશ્ય થઈ ગઈ, અને અદ્રશ્ય રૂપમાં પથ્થરોની વર્ષા કરતી આમતેમ વિચરવા લાગી. એ જોઈને મહર્ષિ વિશ્વામિત્રે રામને કહ્યું કે રામ, આની પર દયા કરવી નકામી છે. આ રાક્ષસી અત્યંત પાપિણી છે, દુરાચારિણી છે. એ યજ્ઞોનો નાશ કરે છે. માયાથી ફરી વાર શક્તિશાળી બની જાય તે પહેલાં જ એનો નાશ કરો. સંધ્યાનો સમય થવા આવ્યો છે અને સંધ્યા સમયે રાક્ષસો પર વિજય મેળવવાનું કામ ઘણું કઠિન બને છે.'

'મુનિના શબ્દો સાંભળીને રામ સાવધ બન્યા. એમણે શબ્દવેધી બાણ છોડીને પથ્થરોનો વરસાદ વરસાવનારી તાટકાને બધી બાજુથી ઘેરી લીધી. એમના બાણોથી ઘેરાઈ ગયેલી તાટકા વધારે ક્રોધે ભરાઈને ભયંકર ગર્જનાઓ કરતી રામ તથા લક્ષ્મણ પર તૂટી પડી. એને તોફાની પ્રલયકારી, પવનની પેઠે આવતી જોઈને રામે એક બાણ માર્યું. તેથી એની છાતી ચીરાઈ અને એ ધરતી પર ભારે ચિત્કાર કરતી ઢળી પડી અને મરી ગઈ. એના મૃત્યુથી દેવતાઓએ તથા ઈન્દ્રે ભારે પ્રસન્ન થઈને પુષ્પવૃષ્ટિ કરી ને રામ-લક્ષ્મણ તેમજ મહર્ષિ વિશ્વામિત્રને પ્રશસ્તિની અંજલિ ધરી.'

'રામ અને લક્ષ્મણનું એ પરાક્રમ સાંભળીને મને અદ્દભુત આનંદ થયો તથા રોમાંચ થઈ ગયો. મારો પ્રાણ પ્રસન્ન, પુલકિત કે સ્તબ્ધ બની રહ્યો.' જનકે ઉપસંહાર કર્યો.

'બને જ ને ?' સીતા તથા ઊર્મિલા લગભગ એકીસાથે બોલી ઊઠી: 'આ પરાક્રમની ગાથા છે જ એવી અનોખી કે એને સાંભળીને આશ્ચર્ય, આનંદ અને રોમાંચ થાય જ. અમારી દશા પણ એવી જ છે. રામ ને લક્ષ્મણના પરાક્રમની આ કથા અત્યંત આનંદદાયક છે. રામ ને લક્ષ્મણના અસીમ સામર્થ્યની એથી ઝાંખી થાય છે.'

'એ સાંભળીને જ મને સ્વયંવરની સફળતા માટે થોડીક આશા જાગી છે. મારી પ્રતિજ્ઞા વ્યર્થ નહિ જાય એવું ઊંડે ઊંડે લાગ્યા કરે છે. પછી તો વિધાતાએ જે ધાર્યું હોય તે ખરું.'

સીતા તથા ઊર્મિલા થોડીક વાર શાંત થઈ રહ્યાં.

પછી ઊર્મિલાએ કહ્યું :

'રામ ને લક્ષ્મણ બંને છે તો પરાક્રમી. પરાક્રમી નહિ પરંતુ મહાપરાક્રમી. '

'એનું મન લક્ષ્મણમાં લાગી ગયું છે.' સીતા બોલી ઉઠી.

જનક શાંત સ્વરે સત્વર બોલી ઊઠ્યા :

'એમાં એનો દોષ નથી જોતો. એ બંને ભાઈઓ છે જ એવા કે મોટા મોટા મુનિઓ પણ એમની ઝાંખી માત્રથી જ મોહ પામે. સંસારના રસનો ત્યાગ કરી ચૂકેલા ને વિષયોને તિલાંજલિ આપીને વનમાં વસનારા ને પરમાત્માના ચિંતનમનનમાં મગ્ન રહેનારા યોગીઓના મનને પણ એ મોહિત કરે તેવા તથા સમાધિથીયે વિશેષ સુખ ધરનારા છે. મારું હૃદય જ એમને એક વાર જોયા પછી રાગમય બની ગયું છે ત્યાં તારું કે

ઊર્મિલાનું હૃદય રાગમય થાય એમાં શો દોષ ? એ તો જડચેતન સૌનું આકર્ષણ કરનારા ને સૌને પોતાના પ્રભાવથી ભરનારા છે.'

સીતાએ હસતાં હસતાં કહ્યું :

'આવી ખબર હોત તો આપણે ઊર્મિલાને માટે પણ સ્વયંવરની યોજના કરત.'

ઊર્મિલાએ કહ્યું :

'પિતાજીએ તારો સ્વયંવર યોજ્યો છે તે જ બરાબર છે. તેને તો હજુ પૂરો થવા દે.'

'ઊર્મિલાનો સ્વયંવર નથી યોજ્યો તેથી શું ? હરકત નહિ. ઈશ્વર બધું સારું કરશે. એણે સઘળું રચી જ રાખ્યું હશે, ફક્ત આપણને એની ખબર નથી એટલું જ. પરંતુ મહર્ષિએ સંભળાવેલી કથાથી મારી આશંકાને ને ચિંતા જરાક ઘટી ગઈ છે.'

જનકના શબ્દો સાંભળીને બંને શાંત રહ્યાં.

બંનેના અંતરમાં ઉલ્લાસ વ્યાપ્યો.

એ પછી જનક રાજ્યસભામાં જવા વિદાય થયા.

* * * * *

## ૬. સંગમ

રાતે ભોજનાદિથી નિવૃત્ત થઈને સીતા અને ઊર્મિલા બંનેએ રાજા જનક પાસે આવીને કહેવા માંડ્યું :

'રામ અને લક્ષ્મણના પરાક્રમની આજે સાંભળેલી હકીકત એટલી બધી રોચક છે કે અવારનવાર યાદ આવ્યા કરે છે. તાટકા જેવી ભયંકર રાક્ષસીનો સામનો કરતી વખતના એમના સ્વરૂપનું સ્મરણ કરીને રોમાંચ થાય છે.'

'બંને ભાઈઓનું પરાક્રમ ખરેખર અદ્દભુત કહેવાય. એવું પરાક્રમ સામાન્ય માનવથી ના થઈ શકે. રામ અને લક્ષ્મણ સામાન્ય નથી પરંતુ અસામાન્ય છે. એની એ કથા પરથી સાબિતી મળે છે. એમના પરાક્રમ, પ્રતાપ કે યશની એવી તો કેટલીય કથાઓ હશે, પરંતુ આપણને એ બધી કથાઓની ક્યાં ખબર છે?'

'એવી જ પરંતુ એનાથી જરાક જુદી તરી આવતી એક બીજી કથા છે.' જનકે શરૂ કર્યું: 'રામના જયગાનની સુમધુર સુરાવલિ સમી એ કથા પણ મને મહર્ષિ વિશ્વામિત્રના શ્રીમુખ દ્વારા જ સાંભળવા મળી છે.'

'એ કથા પણ કહી બતાવો. '

'એને સાંભળવા માટે અમારું અંતર ઉત્સુક છે. રામ અને લક્ષ્મણના જીવનની કથાઓ સાંભળીને અમને નથી લાગતું કે અમે તૃપ્ત થઈ શકીએ. એમનું શ્રવણ કરતી વખતે ચિત્તની વૃત્તિઓ આપોઆપ અને એવી તો તલ્લીન થઈ જાય છે કે બીજું બધું જ ભૂલી જવાય છે, રામ તથા લક્ષ્મણ જ દૃષ્ટિ આગળ રમ્યા કરે છે, ને અસાધારણ સુખનો અનુભવ થાય છે.'

સીતા તથા ઊર્મિલાનો રસ અથવા ઉત્સાહ જોઈ રાજા જનક બોલ્યા :

'મહર્ષિ વિશ્વામિત્રે કહેલી એ કથા તાજેતરમાં જ બનેલી છે. મહર્ષિ વિશ્વામિત્રે રામ અને લક્ષ્મણ સાથે મિથિલાપુરીમાં પ્રવેશ કરતી વખતે મિથિલાના ઉપવનમાં એક પ્રાચીન આશ્રમ જોયો. એ આશ્રમ અત્યંત રમણીય છતાં સૂનો હતો. ત્યાં કહે છે કે રામની પુણ્યમય શક્તિથી ઋષિપત્ની અહલ્યાનો ઉદ્ધાર થયો.'

'અહલ્યાનો ઉદ્ધાર ? એ તો ઘણી જ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી હકીકત છે. ઋષિપત્નીનો ઉદ્ધાર કેવી રીતે થયો ?'

'મને પણ હકીકત સાંભળીને આશ્ચર્ય તો થયેલું પરંતુ વિશ્વામિત્ર જેવા મહાપુરુષના મુખથી એને સાંભળ્યા પછી અકથનીય આનંદ થયો. મહામાનવોના કર્મો એવા જ અનેરા અને આશ્ચર્યકારક હોય છે. મિથિલાના ઉપવનનો એકાંત આશ્રમ જોઈને રામની જિજ્ઞાસાના જવાબમાં મહામુનિ વિશ્વામિત્રે જણાવ્યું કે પ્રાચીન કાળમાં આ આશ્રમમાં મહાત્મા ગૌતમનો વાસ હતો. મહર્ષિ ગૌતમે પોતાની પત્ની અહલ્યા સાથે રહીને અહીં ઘણા લાંબા વખત લગી તપ કરેલું. બંને એકમેકને અનુકૂળ હતાં તથા પરસ્પર પુષ્કળ પ્રેમ રાખતાં. છતાં પણ એક દિવસ એવી ઘટના બની કે જેને લીધે મહર્ષિ ગૌતમે અહલ્યાને શાપ આપ્યો.'

'મહર્ષિને પોતાની પત્નીને શાપ આપવા પ્રેરનારી એવી અમંગલ ઘટના વળી કઈ બની ?'

'જરૂર એ ઘટના ઘણી ગંભીર હશે. કે પછી મહર્ષિએ શાપ આપવામાં ઉતાવળ કરી અથવા ઋષિ પત્ની સંબંધી નિર્ણય કરવામાં એમની ગેરસમજ થઈ ?'

'કહે છે કે એક વાર મહર્ષિ ગૌતમ આશ્રમમાં ન હતાં. એ કોઈક કામને લીધે બહાર ગયેલા. એ વખતે અહલ્યાને એકલી જોઈને દેવરાજ ઈન્દ્ર મુનિનો વેશ ધારણ કરીને એની પાસે આવી પહોંચ્યો ને બોલ્યો કે હું તારા સૌન્દર્યને જોઈને મોહિત અને મુગ્ધ થયો છું. મને તારા શરીરસુખની ઈચ્છા છે. એ ઈચ્છા તું પૂરી કર.'

'ઈન્દ્રનું એ કર્મ તો અતિશય ધૃણાજનક તેમજ કુત્સિત કહેવાય. એને વળી એવું અધમ કર્મ કરવાનું ક્યાંથી સૂઝ્યું ?'

'કામ અને ક્રોધ તથા લોભના આવેગો મનુષ્યને જ નહિ પરંતુ દેવતાઓને પણ પરવશ કરે છે અને અંધ બનાવે છે. એની અસર નીચે આવેલો જીવ ન કરવાનું કામ કરી બેસે છે. એની વિવેકબુદ્ધિ મરી જાય છે. એ આવેગોમાંથી મુક્ત હોય એવો આત્મા તો આ અવનીમાં કોઈક જ મળે છે.'

'પછી ? અહલ્યાએ ઈન્દ્રને શું કહ્યું ? એણે એની માંગણી મંજૂર રાખી કે ફગાવી દીધી ?'

'અહલ્યાને ખબર તો પડી ગઈ કે આ ઈન્દ્ર છે તો પણ એ પોતાના વ્રતપાલનમાં દૃઢ ના રહી શકી. ઈન્દ્રની માગણી એણે પોતાની નબળાઈને લીધે મંજૂર રાખી.'

'પોતાનું કુકર્મ કરીને ઈન્દ્ર આશ્રમમાંથી ઝડપથી બહાર નીકળ્યો ને પોતાના સ્થાનમાં જવા તૈયાર થયો. એના મનમાં ભય હતો. અસત્ય, અન્યાય, અનાચાર કે અધર્મને પંથે પગલાં ભરનારને શાંતિ નથી હોતી. એનું જીવન ચિંતા, ભય અને આશંકાથી ભરેલું રહે છે. એથી ઊલટું સત્ય, ન્યાય, સદાચાર ને ધર્મને માર્ગે કૂચ કરનાર સદા શાંતિ ભોગવે છે ને ચિંતા, ભ્રમણા, ભય અને આશંકાથી મુક્ત રહે છે.'

ઊર્મિલાએ કહ્યું :

'મહર્ષિ ગૌતમને એ વાતની ખબર તો પડી જ હશે.'

'ઈન્દ્ર આશ્રમમાંથી નાસી જવાની તૈયારી કરતો હતો ત્યાં જ એ આશ્રમના પ્રાંગણમાં તપોમૂર્તિ જ્ઞાનવૃદ્ધ મહર્ષિ ગૌતમે પ્રવેશ કર્યો. એ અગ્નિ સમાન તેજસ્વી હતા. એમને દેખીને દેવોનો રાજા ઈન્દ્ર ભયથી ધ્રુજવા લાગ્યો. એના વદન પર વિષાદ છવાઈ ગયો. ગૌતમે એને જોઈને રોષે ભરાઈને કહેવા માંડ્યું :

'ઈન્દ્ર ! તેં દુર્બુદ્ધિને વશ થઈને જે કુકર્મ કરી લીધું છે તે કુકર્મના પરિણામમાંથી તું કદાપિ નહીં છૂટી શકે. તું અંડકોષોથી રહિત બની જા.'

મહર્ષિ ગૌતમે એટલું કહ્યું ત્યાં તો ઇન્દ્ર અંડકોષોથી રહિત બની ગયો. એના બંને અંડકોષ તે જ વખતે પૃથ્વી પર પડી ગયા.'

'ત્યારે તો મહર્ષિ ગૌતમ ઘણા પ્રતાપી કહેવાય.' સીતા બોલી.

'હા. એ પરમ પ્રતાપી ને સત્ય સંકલ્પ હતા. ઈન્દ્રને એ પ્રમાણે શાપ આપીને એમણે પોતાની પત્ની અહલ્યાને પણ શાપ આપ્યો કે દુરાચારિણી ! ઈન્દ્રના કુકર્મમાં તે ધર્મની મર્યાદાનો ત્યાગ કરીને સાથ આપ્યો છે માટે અનેક વરસો સુધી પવન પ્રાશન કરીને કે ઉપવાસ વેઠીને અનેક પ્રકારના કષ્ટો ભોગવતી તું અહીં રાખમાં પડી રહીશ. તું આ આશ્રમમાં રહીશ તો પણ તને કોઈયે નહિ જોઈ શકે. દૈવયોગે ફરતા ફરતા દશરથનંદન રામ અને લક્ષ્મણ આ વનમાં પ્રવેશ કરશે ત્યારે તું પાવન થઈશ. એમનો સત્કાર કરવાથી તારો દોષ દૂર થશે, તને તારા પૂર્વ શરીરની પ્રાપ્તિ થશે, તથા તું મારી પાસે આવી જશે.'

'મહર્ષિ ગૌતમનો એ શાપ ઘણો ભયંકર કહેવાય.' ઊર્મિલાથી બોલ્યા વિના ના રહેવાયું: 'અને એ પણ પોતાની પ્રિય પત્નીને માટે.'

'મહર્ષિ એવો શાપ આપી જ કેવી રીતે શક્યા ?' સીતાએ સૂર પુરાવ્યો.

રાજા જનકે શાંતિપૂર્વક કહેવા માંડ્યું:

'મહર્ષિના મુખમાંથી એવો શાપ આપોઆપ જ નીકળી ગયો. એ પછી આશ્રમનો ત્યાગ કરીને એ હિમાલયના પવિત્ર પ્રદેશમાં તપ કરવા ચાલ્યા ગયા. '

'મુનિ વિશ્વામિત્રની સૂચનાથી દશરથાનંદન રામ લક્ષ્મણ સાથે એ એકાંત આશ્રમમાં ગયા. એમણે પરમ તપસ્વિની સૌભાગ્યશાલિની અહલ્યાનું દર્શન કર્યું. રામના દર્શન પહેલાં એ બીજા કોઈને નહોતી જોઈ શકતી. રામના દર્શનથી ગૌતમનો શાપ સફળ થયો એટલે એ સૌ કોઈને દેખાવા લાગી. રામ લક્ષ્મણે પ્રસન્નતાપૂર્વક એના ચરણોનો સ્પર્શ કર્યો. ગૌતમના શબ્દોનું સ્મરણ કરીને અહલ્યાએ રામ, લક્ષ્મણ ને વિશ્વામિત્રનો ભાવભીનો સત્કાર કર્યો. એ વખતે દેવોએ દુંદુભિ વગાડીને ફૂલોની વર્ષા કરી. અહલ્યાને તપના પ્રભાવથી ફરીવાર પોતાના વિશુદ્ધ, પૂર્વસ્વરૂપની પ્રાપ્તિ થઈ. એ કલ્યાણકારક મહાકાર્ય કરીને, મુનિ વિશ્વામિત્ર સાથે રામલક્ષ્મણ આપણા અતિથિ રૂપે અહીં આવ્યા છે. માટે જ કહું છું કે રામની શક્તિ અલૌકિક છે. એ એક મહામાનવ છે.'

સીતા તથા ઊર્મિલા એ વાતને ભારે વિસ્મય તથા પ્રેમપૂર્વક સાંભળી રહ્યા. એને પરિણામે એમનો રામને માટેનો આદરભાવ અનેકગણો વધી પડ્યો.

સીતા બોલી :

'રામના સુકોમળ શરીર પરથી એવું અનુમાન નથી થતું કે એ અસીમ શક્તિવાળા કે પ્રતાપી હશે. રામ અને લક્ષ્મણ બંને દેખાવમાં છેક સાધારણ જેવા છે. '

'એમની અંદર આવું અનંત સામર્થ્ય પડેલું છે એની તો કલ્પના પણ નથી કરી શકાતી.' ઊર્મિલાએ કહ્યું: 'છતાં પણ આવી કથાઓને સાંભળીને એમની અસાધારણ શક્તિ, યોગ્યતા અથવા લોકોત્તરતાની પ્રતીતિ થાય છે. એ બંને ભાઈઓ રૂપમાં તો મન્મથને પણ મહાત કરે તેવા ને રસમાં માધુર્યની મૂર્તિ જેવા છે, પરંતુ બળમાં પણ એવા જ અજોડ લાગે છે. એવા રાજકુમારોના દર્શનનો લાભ મળવાથી લોચન ધન્ય બન્યા અને જીવન સફળ બન્યું.'

જનકે કહ્યું :

'મને પણ એવું જ લાગે છે. એમની ઝાંખી કરવાનું સૌભાગ્ય સાંપડ્યું છે ત્યારથી મને સ્વર્ગસુખનો અનુભવ થયો છે. જે વિધાતાએ એમને જન્મ આપ્યો એ જ વિધાતાએ એમનો મેળાપ કરાવ્યો એટલું જ નહીં પણ એમને માટે પ્રાણમાં પ્રેમ પેદા કરાવ્યો એ એની કૃપા જ છે. હવે એ પ્રેમ સફળ થાય તો સારું. '

સીતા અને ઊર્મિલાના અંતરમાં એ શબ્દો અંકિત થઈ ગયા. એમની અવસ્થા પણ એવી જ હતી.

એક રીતે જોતાં એ શબ્દો એમની પોતાની અવસ્થા અને આકાંક્ષાનો પડઘો પાડી રહ્યા. એમને પણ એવું જ થયું કે 'હવે એ પ્રેમ સફળ થાય તો સારું .'

એ દિવસે રાતે મોડે સુધી બંનેને રામ ને લક્ષ્મણના જ વિચારો આવ્યા કર્યા.

બંનેની બંધ આંખના પડદા પર એ સુંદર ઉદ્યાન, એ આકર્ષક ફૂલવાડી, એ સરસ સરોવર, એ મંગલમય મંદિર, તથા એ ઉદ્યાનમાં ઊભેલા રામ અને લક્ષ્મણની અમૃતમય આહ્લાદક આકૃતિઓ ઊભી રહી અને જુદા જુદા કેટલાય રંગો અથવા પ્રસંગોને પાથરતી ફરવા માંડી.

મનોમન એમણે એમની સાથે કેટલીય વાતો કરી, એના પરિણામે જુદી જુદી લાગણી અનુભવી, નવી નવી યોજનાઓ ઘડી તેમજ ભાતભાતની આશાઓ બાંધી.

બીજે દિવસે ભવાની માતાની પૂજા માટે સીતા અને ઊર્મિલાએ ફરીવાર મંદિર તરફ પ્રયાણ કર્યું.

માર્ગમાં સીતાએ ઊર્મિલાને પૂછયું :

'આજે પણ રામ અને લક્ષ્મણ ફૂલવાડીમાં આવ્યા હશે ?'

ઊર્મિલાએ ઉત્તર આપ્યો :

'કાલે તો એ ઉદ્યાનને જોવા માટે આવેલા. એ કામ તો પૂરું થયું, છતાં પણ ઉદ્યાન એમને ઘણું ગમી ગયું હોય તો આજે પણ આવે ખરા'

'ઉદ્યાન અને એની ફૂલવાડી તો ભલભલાને આકર્ષે એવી છે.'

'એ હકીકત સાચી છે પરંતુ રામ અને લક્ષ્મણ તો સ્વયં આકર્ષણના અવતાર જેવા છે એમને સામાન્ય મનુષ્ય જેવું આકર્ષણ તો ભાગ્યે જ હોઈ શકે.'

'છતાં પણ એ આજે આવે તો આપણને ઘણો જ આનંદ થાય.'

'હું પણ ઈચ્છું છું તો એવું જ કે એ આવે. મારી આંખ પણ એમને જોવા માટે આતુર છે.'

પરંતુ એ આતુરતા આતુરતા જ રહી ગઈ.

ઉદ્યાનમાં પ્રવેશીને સીતા ને ઊર્મિલાએ ભારે ઉત્સુકતા અને આશાથી ચારે બાજુ નજર નાંખી છતાં પણ પોતાની પ્રિય મૂર્તિના મધુર દર્શનનો લાભ એમને ના મળ્યો.

ઊર્મિલાએ ઉદાસ બનતા ઉદ્‌ગાર કાઢ્યા :

'આજે ઈશ્વરે આપણને નિરાશ કરવાનું નક્કી કર્યું લાગે છે નહીં તો એ આવું ન કરે.'

સીતાએ એવા જ કોમળ કરુણ સ્વરમાં કહેવા માંડ્યું:

'કેટકેટલી આશા અને કેટકેટલા ઉમંગ સાથે આપણે આ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો ! પરંતુ આપણા ઉમંગ અને આપણી આશા પર પાણી ફરી વળ્યું. પ્રારબ્ધે આપણી કલ્પના અને યોજના પર ક્રુર બનીને કુઠારાઘાત કર્યો. આપણે પરોક્ષ રીતે, કેવળ એકમેકને નીરખવા માત્રથી જે સામાન્ય સુખ માણી રહ્યા હતા એ પણ એને ના ગમ્યું.'

'એવું નિર્દય કે કઠોર પ્રારબ્ધ આપણને એમનો સદાનો સહવાસ આપવાનું કામ કેવી રીતે કરી શકશે ? આપણે કોઈ વધારે ચાહના તો નહોતા કરતા. એક વાર વધારે જો એમના દર્શનનું સૌભાગ્ય એણે આપણને આપ્યું હોત તો એમાં એનું શું બગડી જાત ?'

બંને ધડકતા હૃદયે, લાગણીવશ બનીને, અશ્રુભરેલી આંખે આગળ વધ્યાં અને સરોવર પાસે આવી પહોંચ્યા. એ જ વખતે ઉદ્યાનના બીજી બાજુના, સામેના પ્રવેશદ્વાર પાસેથી રામ તથા લક્ષ્મણે પ્રવેશ કર્યો.

એમને જોતાં સીતા તથા ઊર્મિલાનું હૈયું હરખઘેલું બની ગયું.

આશ્ચર્ય અને આનંદના માર્યા બંને કશું બોલી ના શક્યા.

બંને મુગ્ધાવસ્થામાં તો હતાં જ, પરંતુ રામ ને લક્ષ્મણને જોઈને વધારે મુગ્ધ બની ગયા.

સૂધબૂધ ભૂલીને, ચિત્રાંકિત આકૃતિઓની પેઠે બીજા બધાં જ વિચારોને છોડીને, થોડીકવાર માટે બંને સ્તબ્ધ બનીને ઊભા રહ્યાં.

સીતાનું મન રામના રૂપરસનું પાન કરવા લાગ્યું ને ઊર્મિલાનું મન લક્ષ્મણના રસાસ્વાદમાં ડૂબી ગયું. રામ અને લક્ષ્મણની અવસ્થા પણ એવી જ અનુરાગમય અને અનેરી બની ગઈ.

રામે કહ્યું પણ ખરું :

‘લક્ષ્મણ, સીતામાં કોણ જાણે એવું શું છે કે એને જોતાવેંત જ મારા અંતરમાં અસાધારણ અનુરાગનો આવિર્ભાવ થાય છે. કાલે એને જોઈ ત્યારે એવો જ અનુભવ થયેલો અને આજે પણ એવો જ અનુભવ થઈ રહ્યો છે. એ મારા આત્માનો અલગ પડેલો અંશ હોય એવું લાગ્યા કરે છે.’

‘ઊર્મિલાને જોઈને મને પણ કોણ જાણે કેમ એવો જ સ્નેહાનુભવ થયા કરે છે. એની અંદર રહેલી કોઈક અપાર્થિવ વસ્તુ મને એના તરફ ખેંચ્યા કરે છે. ક્યાંક એને જોઈ હોય, ક્યાંક એને મળ્યો હોઉં, ક્યાંક એની સાથે વાતો કરી હોય અને એની સંનિધિ માણી હોય એવું ઉંડે ઉંડે લાગ્યા કરે છે. જીવનમાં આવો અનુભવ આ પ્રથમવાર જ થઈ રહ્યો છે. મહર્ષિએ આપણને પૂજાને માટે ફૂલ લેવા મોકલ્યા તો આ દૈવી દર્શનનો લાભ સહેજે મળી ગયો.’

સીતા ને ઊર્મિલા ભાવસમાધિમાંથી જાગીને ધીમે ધીમે મંદિર તરફ ચાલવા માંડ્યા.

સીતાએ સંતોષ વ્યક્ત કરતાં કહ્યું :

‘ઈશ્વરે આખરે આપણા પર અનુગ્રહ કર્યો ખરો.’

‘જે પ્રારબ્ધે આપણને તપાવ્યા એણે જ આપણા પર શાંતિની થોડીક વર્ષા વરસાવી.’

‘હૃદય તો એમ કહે છે કે રામના રસમય રૂપને ધારીધારીને એકીટસે જોયા કરું, દૃષ્ટિને એક નિમિષને માટે પણ દૂર ના કરું. પરંતુ વિવેકબુદ્ધિ એટલી બધી હિંમત કરવાની ના પાડે છે.’

‘મારું પણ કઈંક અંશે એવું જ છે.’ ઊર્મિલાએ ઉપસંહાર કરતા કહેવા માંડ્યું.

‘લક્ષ્મણના લાવણ્યનો આસ્વાદ લેતાં આંખ થાકતી નથી અને આત્માને તૃપ્તિ નથી વળતી, પરંતુ શરીર યંત્રની પેઠે આગળ વધતું જાય છે.’

બંને બહેનો મંદિર આગળ આવી પહોંચી.

ભવાની માતાનું દર્શન કરતાં પહેલાં નજરને ફેરવીને પાછળ જોવાની ઈચ્છાને રોકી ના શકવાથી એમણે જોયું તો રામ અને લક્ષ્મણ ફૂલ લઈને ઉદ્યાનની બહાર જઈ રહ્યા હતા.

બહાર જતાં પહેલા એમણે પણ એકવાર પાછળ જોયું.

સીતા ને ઊર્મિલાની દૃષ્ટિ સાથે એમની દૃષ્ટિનો સુખદ સંગમ સધાયો.

* * * * *

## ૭. પુનર્મિલન

રામ અને લક્ષ્મણ ઉદ્યાનમાંથી બહાર નીકળ્યા, પરંતુ સીતા અને ઊર્મિલાના માનસપટ પરથી દૂર ના થઈ શક્યા. જગદંબાના મંદિરમાં આવીને એમણે જગદંબાની મનોહર મૂર્તિને પ્રણામ કર્યા છતાં પણ એમના અંતરની આંખ આગળ તો રામ અને લક્ષ્મણની જ મૂર્તિ ઊભી રહી.

બંનેના અંતરમાં એ મધુમયી મૂર્તિઓએ જુદા જુદા ભાવો જગાવવા માંડ્યા.

સીતાએ જગદંબાને પ્રણામ કરીને પ્રાર્થના કરતાં મનોમન કહેવા માંડ્યું :

'હે જગજનની ભવાની ! તમારો મહિમા તથા તમારી શક્તિ જગતમાં પ્રસિદ્ધ છે. તમે ભગવાન શંકરને પરમપ્રિય છો તથા પતિવ્રતા સ્ત્રીઓમાં સર્વોત્તમ છો. આ સૃષ્ટિની ઉત્પત્તિ તમે જ કરી છે, તમે જ તેનું પોષણ કરો છો, ને આખરે તમારામાં સમાવી લો છો. તમારી પૂજા કે સેવા કરનાર સઘળાનાં મનોરથ તમે પૂરા કરો છો, એને તમારું દેવદુર્લભ દર્શન આપો છો, અને એના પર જીવનમુક્તિના આનંદનો વરસાદ વરસાવો છો. મારા મનમાં મુક્તિ મેળવવાની લાલસા તો નથી પેદા થતી પરંતુ તમારા અનુગ્રહને પરિણામે સુયોગ્ય પતિ મેળવવાની ભાવના જરૂર છે. એ ભાવનાને તમે જાણો છો. તમારાથી કશું પણ છુપું નથી.'

જગદંબાની મૂર્તિ જાણે કે હસવા લાગી. એ જોઈને સીતાના ઉરમાં ઉત્સાહ પ્રકટ્યો.

જગદંબાએ જાણે કે જવાબ આપ્યો:

'હા. મારાથી કશું છુપું નથી. જગતના કોઈપણ જીવનો કોઈપણ ભાવ, વિચાર, વ્યવહાર તથા મનોરથ મારાથી છુપો નથી ને છુપો નથી રહી શકતો. હું સર્વાંતરયામી છું એટલે તારી ભાવનાને પણ જાણું છું.'

'એટલા માટે જ મારી એ ભાવના હું તમારી આગળ નથી પ્રકટ કરતી. ફૂલવાડીમાં બે દિવસથી રામને નિહાળીને મારી શી દશા થઈ છે તે તમને કહી બતાવવાનું ના હોય. તે તમે જાણો જ છો. રામ હજુ હમણાં જ સુંદર વાટિકામાંથી વિદાય થયા છે પરંતુ મારા પ્રાણ પર એમના દર્શનની જે પ્રતિક્રિયા થઈ છે તે અમર છે. પ્રતિક્રિયા નિરર્થક કે નકામી ના જાય કિન્તુ સાચી ને સફળ અથવા સાર્થક થાય એવી કૃપા કરો. મારું મન એકમાત્ર રામમાં લાગેલું છે એ તમે જાણો છો.'

'હા. જાણું છું અને તું મારા અનુગ્રહની આકાંક્ષા રાખતી એમને જીવનસાથી તરીકે ઝંખી રહી છે એ પણ જાણું છું.' જગદંબાએ જાણે કે એના હૃદયનું રહસ્યોદ્દઘાટન કર્યું.

'હા. હું એ રઘુનંદન રામને જ મારા જીવનસાથી તરીકે ઝંખી રહી છું. મારી ઝંખના પૂરી થાય એવી કૃપા કરો. તમારી કૃપા હશે તો મારે માટે કશું જ અશક્ય નહીં રહે. એવો મારો વિશ્વાસ છે.'

જગદંબાએ એના હૃદયમાં રહીને જાણે કે કહેવા માંડ્યું :

'રામ તારે માટે જ છે ને તું રામને માટે છે એ શું નથી જાણતી ? તારા રામ સાથેના સંબંધની તને વિસ્મૃતિ થઈ ?'

'એટલે જ તો હું તમારા અનુગ્રહની પ્રાર્થના કરી રહી છું. મને એવું જ્ઞાન હોત તો હું આવી રીતે આંખમાં આંસુ સાથે પ્રાર્થના શા માટે કરત ?'

'તું ચિંતા ના કરતી, વ્યથિત ના થતી, તથા શોકિત પણ ના બનતી. મારી યોજના અનુસાર જ બધું બની રહ્યું છે. મારા અનુગ્રહથી સઘળું સારું થશે. '

એવા આશીર્વાદાત્મક આશાભર્યા શબ્દો સંભળાવીને જગદંબા જાણે શાંત રહ્યા.

એ શબ્દો સ્વયં જગદંબાએ કહ્યા કે પોતાના મનોભાવોને પરિણામે પેદા થયા તેની સ્પષ્ટ સમજ સીતાને ના પડી, છતાં પણ એ શબ્દોને લીધે એને શાંતિ વળી. એને લાગ્યું કે જગદંબાએ પોતાની પ્રાર્થના સ્વીકારી ને પોતાની ભાવનાને માન્ય રાખી.

એનું અંતર ભાવવિભોર બનીને નાચવા લાગ્યું.

એ વખતે એને દેવર્ષિ નારદની ભવિષ્યવાણીનું સ્મરણ થયું અને એનો ઉલ્લાસ વધી ગયો.

એણે દેવર્ષિ નારદની પણ સ્તુતિ કરી અને જગદંબાને ફરી વાર પ્રણિપાત કર્યા.

ઊર્મિલાની અવસ્થા પણ એવી જ ભાવમય હતી.

જગદંબાની મંગલ મૂર્તિને પ્રણામ કરીને એણે પણ પોતાની મનોકામનાને કહી બતાવી :

'મારા મનની અવસ્થા કેવી છે તે તમે સારી પેઠે જોણો છો. તેમાં જે ભાવો ઊઠે છે, ઊર્મિઓ જાગે છે ને ઉમળકા ઉત્પન્ન થાય છે તેની તમને ખબર છે. મને નથી સમજાતું કે એ ઊર્મિઓ કેવી છે ? મારી અવસ્થા અને અપરિપક્વ બુદ્ધિને જોતાં હું એમના સારાસારને સંપૂર્ણપણે સમજી પણ ના શકું. એટલા માટે મારી તમને પ્રાર્થના છે કે મારી મનોકામનાને લક્ષમાં લઈ મારે માટે જે ઉચિત હોય તે કરજો. મારું મન કોની તરફ ખેંચાઈ રહ્યું છે તે તમને કહી બતાવવાનું ના હોય.'

ઊર્મિલાની આંખ આગળ લક્ષ્મણની મૂર્તિ રમી રહી હતી. એ મૂર્તિએ એના મનને મોહિત કરેલું.

જગદંબાએ એના મનોભાવોને ઓળખીને જાણે કે કહેવા માંડયું :

'ઊર્મિલા ! તારી આંખ આગળ, તારા મનમાં અને હૃદયમાં કોની મૂર્તિ રમી રહી છે ને તારું મન કોનાથી મોહાયું કે મુગ્ધ થયું છે તે હું જાણું છું. જગતમાં જે બને છે ને જીવોની જે વિષયોમાં પ્રવૃત્તિ થાય છે તે શું મારી ઈચ્છા વિના થઈ શકે છે ? મારી જ પ્રેરણા, ઈચ્છા ને યોજના એની પાછળ કામ કરતી હોય છે તારા સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. લક્ષ્મણને રામની સાથે અહીં લાવનાર તથા તેને માટે તારા દિલમાં પ્રેમભાવ પેદા કરનાર શક્તિ હું જ છું. મેં જે કર્યું છે, કરવા ધાર્યું છે તે તારા મંગલને માટે જ છે. તને એથી સુખ જ મળશે. માતા કદી પોતાના સંતાનને દુઃખી કરી શકે છે કે એનું અમંગલ તાકે છે ?'

ઊર્મિલાએ કહ્યું :

'ના. માતા એવું નથી કરી શકતી. એટલું જ નહી પણ એવું કરવાનો વિચારેય નથી કરી શકતી. એનું હૃદય તો પોતાના સંતાનોને માટેના પવિત્ર અને પ્રખર પ્રેમથી ભરેલું હોય છે. એ એમના અમંગલનો વિચાર પણ કેવી રીતે કરી શકે ?'

'બસ ત્યારે. તારી એ શ્રદ્ધાને ડગવા ના દઈશ તો તને કોઈ પ્રકારની ચિંતા નહીં થાય.'

'એનો અર્થ મારે એવો સમજવો કે મારા મનના મનોરથ મુજબ મને લક્ષ્મણનો સહવાસ સાંપડી શકશે ?'

'એનો સીધો ઉત્તર અત્યારે નહીં આપું તો પણ મારા અત્યાર સુધીના સ્પષ્ટીકરણમાં એનો આડકતરો ઉત્તર આવી જ જાય છે. તારા જીવનની સઘળી ચિંતા તું મને સોંપી દે ને વિશ્વાસ રાખ કે તારે માટે જે શ્રેયસ્કર હશે તે જ હું કરતી રહીશ.'

જગદંબાની અલૌકિક વાણી એ પછી જાણે કે થંભી ગઈ. વાતાવરણમાં સઘળે શાંતિ ફરી વળી. એવી જ શાંતિ ઊર્મિલાના મનમાં પણ પથરાઈ ગઈ.

જગદંબાની મધુમય મોહક મૂર્તિને એણે ફરીવાર પ્રણામ કર્યા, અને એ મૂર્તિને સજીવ સમજીને એ ટગર ટગર જોવા માંડી. જગદંબાએ એને જાણે કે હાથ ઊંચો કરીને આશીર્વાદ આપ્યાં.

સીતાની સાથે એ ઉપવનમાંથી પાછી વળી ત્યારે સીતાની જેમ એણે પણ ફૂલવાડી તરફ દૃષ્ટિ ફેંકી પરંતુ એને નિરાશ થવું પડ્યું. ફૂલવાડી એવી જ સુવાસિત, સુંદર અને સુખદ હતી. પરંતુ એને વધારે સુવાસિત, સુંદર અને સુખદ બનાવનારા રામ તથા લક્ષ્મણ એમાં ના દેખાયા.

સીતાને પણ એ ખોટ સાલી. થોડાક વખત સુધી તો બંને અવાક બનીને મંદિરની સમીપના સરોવર પાસે ઊભા રહ્યા અને પછી ફૂલવાડીમાં ગયા.

'ઊર્મિલા, રામ આ સ્થળે આ કદંબવૃક્ષની નીચે ઊભા હતા, ખરું ને ?' સીતાએ ઊર્મિલાને સ્નેહપૂર્વક સંબોધતા પૂછ્યું .

'હા, એ અહીં જ કદંબ નીચે ઊભા રહેલા.' ઊર્મિલાએ ઉત્તર આપ્યો.

'અને લક્ષ્મણ ? એ શું કરતાં'તા ? '

'એ ઘડીમાં રામ તરફ તો ઘડીમાં રામની જેમ આપણી તરફ જોતાં જોતાં ફૂલને એકઠાં કરતાં હતાં. જાણે કે કોઈકના મનની ફોરમવંતી ફૂલવાડીના ભાવરૂપી ફૂલોને ભેગા કરતા હોય તેમ. થોડોક વખત તો એ પણ કદંબવૃક્ષની પાસે રામની સાથે ઊભા રહેલા.'

'એમની આકૃતિ કેટલી બધી આકર્ષક હતી ? અને કેટલી બધી અમીમય ? ખાસ કરીને રામની ?'

'અત્યંત અમીમય અને આકર્ષક. અવનીનું સમસ્ત આકર્ષણ અને અમી ત્યાં એકઠું થયેલું અથવા અવતાર પામેલું એવું લાગ્યા કરતું. રામ એટલે જ રસ અને લક્ષ્મણ એટલે લાવણ્ય'

'સાચું છે. મારું હૃદય પણ એવું જ કહે છે. મને પણ એવું જ લાગે છે કે રામ એટલે આરામ, અંતરના અલૌકિક આરામ. અને લક્ષ્મણ એટલે લાલિત્ય. પરંતુ એ ગયા ક્યાં ? થોડીક વધારે વાર સુધી ઊભા રહ્યા હોત તો એમનું શું બગડી જાત ?' સીતા જરાક ઉદાસ બનતા બોલી ઊઠી.

'એ તો એ જાણે. પરંતુ આપણા મનની આંખ આગળ તો ઊભા જ રહ્યા છે. ત્યાંથી એ નથી હઠે તેમ. કેમ, તારી આંખ આગળ નથી ઊભા રહ્યા ?'

એટલામાં તો કોકિલે કૂંજમાંથી કૂંજન કર્યું. એટલે એ દિશામાં દૃષ્ટિપાત કરતાં સીતા બોલી:

'તારું કૂંજન સ્નેહી અને રસિકજનોને કામણ કરે છે અને આનંદ આપે છે, પણ એ કૂંજન અત્યારે તો કાળજામાં કેવોય ભાવ પેદા કરે છે. રામ ક્યાં ગયા તેની તને ખબર છે ? કૂંજન કરીને એમને થોડીકવાર રોકી રાખ્યાં હોત તો મને ઘણું જ ગમી જાત. એમની જીવનકૂંજમાં કોયલ બનીને કૂંજન કરવાની કલ્પના મને પણ થયા કરે છે, પરંતુ ....'

ઊર્મિલાએ ધીમા સ્વરે કહ્યું :

'તારી એ કલ્પના કે ભાવના ઈશ્વર પૂરી કરશે મને પણ લક્ષ્મણને જોઈને એવી જ કલ્પના ને ભાવના થયા કરે છે. રામ ને લક્ષ્મણની જોડી કેવી અદ્દભુત છે ! દુનિયામાં ભાઈઓ તો ઘણાં હશે પરંતુ આવી જોડી તો કોઈની ય નહીં હોય. આ તો જાણે અશ્વિનીકુમારો.'

'અશ્વિનીકુમારો પણ આટલા બધા અદ્દભુત અને આકર્ષક ના હોય. છતાં પણ તેં અશ્વિનીકુમારોનું નામ લીધું તો મને એક વાત યાદ આવી. અશ્વિનીકુમારો તો દેવોના વૈદ્ય છે ને ?'

'હા. કહેવાય છે તો એવું જ.'

'એ જેમ દેવોનાં દરદોનાં ઉપચાર કરે છે તેમ રામ-લક્ષ્મણ પણ આપણો ઉપચાર કરે તો સારું. એ અર્થમાં એમને અશ્વિનીકુમાર સાથે સરખાવી શકાય.'

'પરંતુ આપણને કોઈ દરદ થોડું છે કે આપણો ઉપચાર કરે ?' ઊર્મિલાએ પૂછવા ખાતર પૂછી નાખ્યું.

'દરદ તો બીજું કયું હોય ?' સીતાએ સામેથી પૂછ્યું: 'તને તેની સમજ નથી પડતી ? સ્નેહનું અને એને પરિણામે વેઠવા પડતા વિરહનું.'

'પરંતુ એનો ઉપચાર એ થોડા કરી શકે ?'

'ત્યારે બીજું કોણ કરી શકે ?'

'ઈશ્વર.'

'એટલા માટે તો મેં જગદંબાને અંતઃકરણપૂર્વકની પ્રાર્થના કરી.'

'અને મેં પણ કરી.'

ફૂલ પર ઉડતો ભ્રમર પોતાની પાસે આવીને પોતાની આજુબાજુ ઉડવા માંડ્યો તો તેને લક્ષ્ય કરીને સીતાએ કહેવા માંડ્યું :

'આ ભ્રમર મારી આજુબાજુ શા માટે ઉડતો હશે ? અરે, તારે ઉડવું જ હોય તો દશરથનંદન રામ પાસે પહોંચી જા તેમજ એમના મુખ પર ઉડ્યા કર. એમ કરવાથી કદાચ તને એના આસ્વાદનો આનંદ મળી જાય. રામનું મુખ તો કોટિ કમળો ને પુલકિત પુષ્પો કરતાંયે વધારે સુંદર છે. એમને ત્યાં જઈને મારા સ્નેહના સમાચાર આપજે.'

'અને મારો સ્નેહ સંદેશ લક્ષ્મણને પહોંચાડજે.'

થોડીવાર પછી ઊર્મિલાએ સીતાને કહ્યું:

'આ બીજો ભ્રમર પણ ઉડતો આપણી પાસે આવી પહોંચ્યો. એ રામ લક્ષ્મણનો કોઈ સંદેશ લઈને તો નહિ આવ્યો હોય ?'

'કેવો સંદેશ ?'

'એ એવો સંદેશ પૂરો પાડે છે કે આપણી પેઠે રામ અને લક્ષ્મણના દિલમાં પણ આપણી પ્રત્યે સ્નેહ છે. એ પણ આપણે માટે લાગણીની ઉત્કટતાનો અનુભવ કરી રહ્યા છે.'

'એ તો તારી પોતાની કલ્પના થઈ. મારા માનવામાં એવું નથી આવતું. એમને જો આપણા પ્રત્યે સાચોસાચ સ્નેહ અથવા ઉત્કટ લાગણી હોત તો એ ઉપવનમાંથી આટલા જલ્દી જાત જ નહિ.'

'જલદી ના જાય તો શું આપણી સામે જોયા કરતા ઊભા રહે ?'

ઊર્મિલાના શબ્દો સાંભળીને સીતા હસી પડી, ને બોલી:

'આપણી સામે જોયા કરતા ઊભા રહે તો પણ આપણને ના ગમે એવું થોડું જ છે ?'

સરોવરની પાસે જઈને સીતા કહેવા માંડી :

'આ સરોવર કેટલું બધું સુંદર છે ? એમાં ખીલેલાં કમળો કેટલાં બધાં નયન મનોહર અને કમનીય લાગે છે ? આપણા હૃદયરૂપી સરોવરમાં પણ એવી જ રીતે ભાવનાનાં ઉત્તમ ને સુંદર કમળો ખીલી ઉઠ્યા છે.'

સીતા ઊર્મિલા તથા સખીઓ સાથે ફૂલવાડીમાં ફરતી રહી. એ પછી એણે કદંબની નીચેની પૃથ્વીને પાવન માનીને એની રજને મસ્તકે લગાડીને મનોમન કહ્યું :

'રામની પદરજથી આ પૃથ્વી પાવન છે. અહલ્યાનો ઉદ્ધાર કરનાર રામ મારા જીવનને જ્યોતિર્મય કરે તથા ચેતના ધરે એવી મારી આકાંક્ષા છે. જગદંબાની કૃપા હશે તો એવું અવશ્ય થશે.'

ઊર્મિલાએ પણ લક્ષ્મણની આહલાદક આકૃતિને યાદ કરતાં સીતાની સાથે ફરવા ને મનોમન સંભાષણ કરવા માંડ્યું.

રાતે સીતા તથા ઊર્મિલાને લગભગ એક જ જાતનું સ્વપ્ન આવ્યું.

રામે લક્ષ્મણ સાથે સ્વયંવરના ધનુષ્ય પાસે પહોંચીને કહ્યું :

'શંકરનું આ ધનુષ્ય તો એકદમ અસાધારણ છે. '

'પરંતુ તમારે માટે એ અસાધારણ ના કહેવાય.' સીતાએ જણાવ્યું : 'તમે તેને ઉંચકી શકશો કે કેમ ?'

'હું એ જ વિચારું છું.'

'એમાં વિચારવા જેવું કશું જ નથી. ખાસ કરીને તમારે માટે. તમે એને જરૂર ઉંચકી શકશો. એના ઉંચકવા પર તો મારું ભવિષ્યનું સમસ્ત જીવન અવલંબે છે.'

'તો પછી હું એને ઉંચકી લઈશ.'

રામ એને ઉંચકવા માટે આગળ વધ્યા.

એટલામાં તો સીતાની આંખ ઉઘડી ગઈ.

ઊર્મિલાને પણ એવું જ સ્વપ્ન આવ્યું પરંતુ વધુમાં એને સંબોધીને લક્ષ્મણે કહેવા માંડ્યું :

'તારા સ્વયંવરની શરત રૂપે બીજું ધનુષ્ય રાખ્યું હોત તો હું એને અવશ્ય ઉપાડી લેત.'

'પરંતુ મારા પિતાજીને એ સૂઝયું જ નહિ એટલે હવે શું થાય ?' ઊર્મિલાએ ઉત્તર આપ્યો : 'હવે તો આપણે થોડોક વખત વાટ જોવી રહી.'

'તારાથી વાટ જોઈ શકાશે ?'

'બીજો કોઈ રસ્તો જ ક્યાં છે ?'

'રસ્તો હોય પણ ખરો, પરંતુ આપણને એની ખબર ના હોય. ઈશ્વર એ રસ્તો સૂઝાડશે.'

'તો તો ઘણું સારૂં.'

* * * * *

## ૮. ડંખ

સ્વપ્નની અસર સીતા અને ઊર્મિલા પર ઘણા લાંબા વખત લગી તથા ઘણી ભારે રહી.

બંનેએ એકમેકને પોતાના વ્યક્તિગત સ્વપ્નની વાત કહી સંભળાવી.

સ્વપ્નની સમાનતા જોઈને બંનેના અંતરમાં આનંદ છવાઈ રહ્યો.

સીતાએ કહ્યું :

‘આપણું સ્વપ્ન લગભગ એક સરખું છે. એ જોઈને મને નવાઈ લાગે છે.’

ઊર્મિલા બોલી :

‘નવાઈ લાગે એ સ્વાભાવિક છે, પરંતુ એમાં નવાઈ જેવું કશું જ નથી. આપણા ભાવો એક સરખા છે એટલે સ્વપ્ન પણ સરખાં હોઈ શકે. એમાં જણાયા પ્રમાણે રામ સ્વયંવરનું ધનુષ્ય ઉંચકી લે તો સારું. તને તો હર્ષ થાય જ પરંતુ મારા હર્ષનો યે પાર ના રહે.’

‘સ્વપ્નનું જગત સાચું નથી હોતું, એની ઘટનાઓ વાસ્તવિક નથી હોતી, છતાં પણ એ જગત કેટલું બધું અનેરું અથવા અનોખું હોય છે ! એમાંય એની ઘટનાઓ, પ્રેરણાઓ કે સૂચનાઓ જ્યારે આપણને અનુકૂળ હોય છે ત્યારે તો એક પ્રકારનો અસાધારણ આનંદ પેદા કરે છે. રામને ધનુષ્ય ઉપાડવાની તો હજુ વાર છે, સ્વયંવરને પણ થોડીક વાર છે, પરંતુ એ બધી પ્રક્રિયા જાણે પૂરી થઈ ગઈ હોય ને મેં રામના ગળામાં વરમાળા પહેરાવી હોય એવો ઉલ્લાસ મને લાગ્યા કરે છે.’

‘એ ઉલ્લાસનું અનુમાન હું સારી પેઠે કરી શકું છું. મને પણ તારા સ્વપ્નની વાત સાંભળીને લગભગ એવો જ ઉલ્લાસ થઈ રહ્યો છે. મને તો લાગે છે કે સ્વયંવર હવે તદ્દન નજદીકના ભવિષ્યમાં શરૂ થવાનો છે ત્યારે તને આવેલું સ્વપ્ન ખાસ મહત્વ ધરાવે છે. એ એક મહાન એંધાણી રૂપ છે. એ સ્વપ્નનો અર્થ એ છે કે રામ શંકરના ધનુષ્યને જરૂર ઉંચકશે. એ ધનુષ્ય ભારે છે છતાં એમની આગળ ફૂલ જેવું હલકું બની જશે.’

સીતા સ્મિત કરતાં કહેવા માંડી:

‘તારી ભવિષ્યવાણી ફળે એવું ઈચ્છું. પરંતુ તારા સ્વપ્નનો અર્થ કેવો થાય છે એ કહી બતાવીશ ?’

‘મારા સ્વપ્નનો અર્થ તો તું જે સમજતી હોય તે. બાકી એનો સાચો અર્થ તો ઈશ્વર જાણે.’

‘મને તો એનો અર્થ પણ એવો જ આશાસ્પદ લાગે છે. સ્વપ્ન જો સાચાં જ પડવાના હોય તો તો તારા દિલમાં લક્ષ્મણને માટે જે પ્રેમ પેદા થયો છે તે પણ સફળ જ થશે.’

‘તને તો દેવર્ષિ નારદની ભવિષ્યવાણીનું પીઠબળ છે, પરંતુ મને એવું પીઠબળ થોડું છે ? એટલે અત્યારે તો મારે એવી આશા જ રાખવી રહી.’

‘આશા નહિ પરંતુ શ્રદ્ધા. ’

‘શ્રદ્ધા રાખવાનું કામ તો જરાક કપરું છે. એ તો એટલી બધી સહેલાઈથી કેવી રીતે રાખી શકું ? પરંતુ આશાવાદી તો હું છું જ એટલે આશા જરૂર રાખી શકું.’

બંને બેનોએ જનકને પોતપોતાના સ્વપ્ન પ્રસંગ કહી સંભળાવ્યો ત્યારે જનકે પ્રસન્નતાપૂર્વક ઉત્તર આપ્યો:

'સ્વપ્ન કેટલીકવાર પોતાના મનના વિચારો કે ભાવોનો પડઘો પાડે છે તો કોઈક વાર આગામી ઘટનાઓના એંધાણ પણ બની રહે છે. રામ ધનુષ્ય ઉપાડશે તે ક્ષણે મને અપાર આનંદ થઈ રહેશે. મારા મગજ પરથી એક મોટી ચિંતા પણ ત્યારે દૂર થશે. એ ધન્ય ક્ષણને માટે જ હું પ્રાર્થના તથા પ્રતીક્ષા કરી રહ્યો છું. રામ અને લક્ષ્મણને લઈને મુનિ વિશ્વામિત્ર આપણી નગરીમાં આવી પહોંચ્યા એને હું ઈશ્વરની કૃપા જ માનું છું. ત્યારથી કુદરત આપણને અનુકૂળ હોય એવું લાગ્યા કરે છે. દિનપ્રતિદિન બનતી લગભગ બધી જ ઘટનાઓ આપણી આશા ને શ્રદ્ધામાં વધારો કરનારી સાબિત થાય છે. તમને આવેલા સ્વપ્નનો અર્થ પણ હું એવો જ ઘટાવું છું.'

સીતા તથા ઊર્મિલા શાંત રહી એટલે રાજા જનકે આગળ કહ્યું :

'મહર્ષિ વિશ્વામિત્રના દર્શનના બહાને હું રામ અને લક્ષ્મણને દિવસમાં બેવાર મળી લઉં છું. એથી મને અનેરી શાંતિ મળે છે. છતાં પણ બ્રહ્માએ એમના સ્વરૂપને એવું તો અમૃતમય અને અદ્દભુત બનાવ્યું છે કે એમને વારંવાર જોવા છતાં પણ મને તૃપ્તિ નથી વળતી. એમ થાય છે કે એ મારી આંખ આગળ અહર્નિશ ઊભા રહે ને હું એમના દર્શનનો આનંદ લેતો રહું. પરતું એવું સદ્દભાગ્ય અત્યારે ક્યાં છે ? એવું સૌભાગ્ય તો જ્યારે સાંપડે ત્યારે ખરું.'

રાજા જનક, સીતા અને ઊર્મિલાની અવસ્થા એવી પ્રેમમય અથવા લાગણીભર હતી તો રામ અને લક્ષ્મણની અવસ્થા પણ ઓછી લાગણીભર ન હતી.

ફૂલવાડીમાંથી બહાર આવ્યા પછી તરત રામે એ લાગણીઓનો પડઘો પાડતાં લક્ષ્મણને કહેવા માંડ્યું :

'કોણ જાણે સીતામાં એવું શું જાદુ છે કે મન એને જોઈને મુગ્ધ બની જાય છે. અંતર કોણ જાણે કેમ પરંતુ કુદરતી રીતે જ એના તરફ ખેંચાઈ જાય છે. દૃષ્ટિને જાણે કોઈ અલૌકિક ઐશ્વર્યભંડાર મળ્યો હોય તેમ એ એના રમણીય રૂપને છોડીને નિમિષ માટે પણ દૂર હઠવા નથી માગતી. આપણા જેવા રઘુવંશીઓને માટે આવું આકર્ષણ ખરેખર એક અજાયબી કહેવાય.'

લક્ષ્મણે કહ્યું :

'માટે જ મને લાગે છે કે એની પાછળ માનવમનની કોઈ સર્વસામાન્ય આકર્ષણવૃત્તિ નહિ પરંતુ કોઈક જુદી જ વસ્તુ કામ કરી રહી છે. તમારું મન આવી રીતે કોઈ અપરિચિત કુમારિકા પ્રત્યે આકર્ષણ અનુભવે એ વાત માન્યામાં પણ નથી આવી શકતી. એ તમારા સ્વભાવની વિરુદ્ધ છે. છતાં પણ તમારા અણીશુદ્ધ અંતરમાં સીતાને માટે આકર્ષણ અને અનુરાગનો આવિર્ભાવ થયો છે તેનું કારણ સીતા સાથેનો તમારો ભૂતકાળનો ને ભવિષ્યનો સંબંધ જ હોઈ શકે.'

'મને પણ એવું જ લાગે છે. લક્ષ્મણ ! મારું મન કદી કેવળ રૂપને જોઈને નથી મોહાતું. સીતાને માટેનું આકર્ષણ પણ એના લોકોત્તર સ્વરૂપના સૌન્દર્ય પર જ અવલંબે છે એવું હું નથી માનતો.'

લક્ષ્મણની આંખ આગળ ઊર્મિલાની મંદ મંદ સ્મિત રેલતી મુખાકૃતિ રમી રહી હતી.

એને થયું તો ખરું કે ઊર્મિલાને માટેના મારા અંતરના આકર્ષણનું કારણ પણ એવું જ લાગે છે અને એ આકર્ષણ સામાન્ય તો નથી જ, પરંતુ વખતને વરતીને એ શાંત રહ્યો.

એણે ફક્ત એટલું જ કહ્યું :

'તમારા સંબંધમાં જે સિદ્ધાંત કામ કરે છે તે જ મારા સંબંધમાં કામ કરતો લાગે છે, નહીં તો મને પણ એવું આકર્ષણ ન થાય.'

રામે પોતાના અનુરાગની અભિવ્યક્તિ કરતાં કહ્યું :

'કોઈએ મને સીતાના આટલા બધા સૌન્દર્ય, શીલ અને પ્રભાવની વાત કરી હોત તો મારા માન્યામાં પણ ન આવત. પરંતુ હવે તો મેં એનો સ્વયં અનુભવ કરી લીધો એટલે એને માનવા ન માનવાની સમસ્યા રહી જ નથી. સીતાની તુલના બીજું કોઈ જ કરી શકે એવું મને નથી લાગતું.'

'જેમ સીતા અનેક રીતે અજોડ છે તેમ તમે પણ અજોડ છો.'

'જેમ સીતાની સમાનતા બીજું કોઈ જ નથી કરી શકે તેમ તમારી સમાનતા પણ બીજાથી નથી થઈ શકવાની. એનો અર્થ તમે બંને એકમેકને માટે નિર્માયલા કે એકમેકના પૂરક છો. તમારી પાસે સીતા સુશોભિત લાગે છે અને સીતાની પાસે તમે સુશોભિત લાગો છો. જાણે પ્રકૃતિ અને પુરુષ જ જોઈ લો.'

આખોયે રસ્તો એવા ભાતભાતના પ્રેમાલાપમાં પૂરો થયો ને છેવટે બંને પોતાના ઉતારા પર આવી પહોંચ્યાં.

મહર્ષિ વિશ્વામિત્ર હજુ હમણાં જ નિત્ય કર્મમાંથી પરવારીને બેઠા હતાં.

બંને એમને પગે લાગ્યા. એટલે એમણે આશીર્વાદ આપ્યા ને પૂછયું :

'ફૂલવાડીમાં જઈ આવ્યા ?'

'હા. જઈ આવ્યા અને ફૂલ પણ લઈ આવ્યા.' રામ અને લક્ષ્મણે ઉત્તર આપ્યો.

'જનકનંદિની સીતાને જોવાનો અવસર આજે પણ મળ્યો કે ના મળ્યો ? જગદંબાના પૂજન માટે એના નિત્ય નિયમ પ્રમાણે આજે પણ આવી તો હશે જ ?'

રામે કહ્યું:

'આજે પણ એ ઉદ્યાનમાં આવેલી એટલે એનું દર્શન થોડેક દૂરથી થઈ શક્યું. એને જોઈને કોણ જાણે કેમ પણ મારા દિલમાં એક પ્રકારનો અપૂર્વ આનંદ ફરી વળે છે.'

લક્ષ્મણે કહ્યું :

'સીતાનું સ્વરૂપ જ એવું છે કે જે એના તરફ નિહાળે છે તે બધા જ આનંદ પામે છે અને મંત્રમુગ્ધ બને છે. એમ થાય છે કે એ સ્વરૂપને મન મૂકીને જોયા જ કરીએ. પરંતુ એક વાત જરૂર કહીશ કે એને જોઈને મારા મનમાં એક પ્રકારનો ઊંડો પૂજ્યભાવ થાય છે.'

'મારા મનમાં પણ એને જોઈને કોઈ વિકાર નથી થતા કે વાસના પણ નથી જાગતી, પરંતુ હૃદય એને જોતાં નથી થાકતું કે નથી ધરાતું.'

'એ જ એની વિશેષતા છે, રામ !' મહર્ષિ વિશ્વામિત્રે કહેવા માંડ્યું: 'સીતા સંસ્કારી ને શીલવતી છે એની એ સાબિતી છે. એના હૃદયની નિર્મળતાથી એની પ્રતિતી થાય છે, ને તમારા હૃદયની ઉત્તમતાનું પણ એમાં દર્શન થાય છે. તમારું અંતર એના પ્રત્યે આકર્ષાય છે તે કાંઈ એમનેમ નથી આકર્ષાતું. એ આકર્ષણની પાછળ વિધિની કોઈ અદૃષ્ટ ઈચ્છા કામ કરે છે. એની યોજનાનુસાર જ એ આકર્ષણ થઈ રહ્યું છે ને આપણે

અહીં આવ્યા છીએ તથા રાજા જનકે સીતાના સ્વયંવરની રચના કરી છે. તમારું મન જેમ સીતાના સ્વરૂપને નિહાળીને મુગ્ધ થાય છે તેમ રામનું સ્વરૂપ જોઈને સીતાનું મન પણ મંત્રમુગ્ધ બની ગયું હશે. રામનું રૂપ જ એવું રઢિયાળું છે કે એની મોહિનીમાંથી કોઈક જ બચી શકે તેમ છે. મોટા મોટા મુનિઓ તથા વીતરાગ યોગીઓ પણ એ રૂપને ભારે રસપૂર્વક એકીટશે જોયા કરે છે; સીતા એના રસાસ્વાદથી રંગાઈ જાય એમાં લેશ પણ આશ્ચર્ય નથી લાગતું.'

બીજે દિવસે રાજા જનકના સંદેશને માન આપીને મહર્ષિ વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણ સાથે સ્વયંવરના મંડપમાં જઈ પહોંચ્યા.

મંડપનું સ્થાન સારી પેઠે શણગારેલું ને અત્યંત વિશાળ હતું.

એમાં અનેક રાજાઓ તથા રાજકુમારો પોતપોતાના આસન પર બેઠા હતા.

રાજા જનકે મહર્ષિ વિશ્વામિત્રની સાથે આવેલા રામ અને લક્ષ્મણનો સત્કાર કર્યો અને એમને સુંદર, ઉત્તમ આસન પર બેસવાની સૂચના કરી.

સ્વયંવરના વિશાળ મંડપમાં ભેગા થયેલા રાજાઓ ને રાજકુમારો રામ અને લક્ષ્મણના અદૃષ્ટપૂર્વ, અલૌકિક, અસાધારણ સ્વરૂપ તરફ ધારી ધારીને જોઈ રહ્યા.

સૌ એમના રસમય સ્વરૂપને નિહાળીને મોહિત થયા, અથવા કહો કે મોહિત થયા વિના ના રહી શક્યા.

રામ અને લક્ષ્મણની મનોહર મૂર્તિ સુંદરતાના સદન જેવી લાગવા માંડી.

એમણે સુંદર રેશમી વસ્ત્રો પહેરેલાં, કપાળે તિલક કરેલું, તથા હાથમાં ધનુષ્યબાણ ધારણ કરેલાં.

બધાની નજર એમના તરફ મંડાઈ રહી.

એમણે સૌના ચિત્તને નિમિષમાત્રમાં ચોરી લીધાં.

થોડાક વખતમાં તો રાજા જનકના આદેશ પ્રમાણે સ્વયંવર મંડપમાં સીતાને લાવવામાં આવી એટલે બધાની દૃષ્ટિ એના તરફ વળી.

મંદ મંદ પગલે ચાલતી સીતાને જોઈને સૌ સ્તબ્ધ બની ગયા.

સૌ એના રસમય રૂપનું પાન કરવા લાગ્યા.

શીલ ને સૌન્દર્યના સુભગ સમન્વય સમી સીતા પૃથ્વી પર અનુગ્રહ કરવા માટે ઉતરી આવેલી દિવ્ય લોકની કોઈ દેવી હોય એવું લાગવા માંડ્યું.

વિષય તાપમાં તપતા કોઈને એ વિશાળ ઘટાદાર સનાતન સૌન્દર્ય વૃક્ષની કોઈ સુખદાયી શીળી છાયા જેવી લાગી.

રસતરસ્યા લોકોને માટે એ સ્નેહથી છલેલા, સુધાથી ભરેલા, સુમધુર સરોવર સમી થઈ પડી.

સૌન્દર્ય રસિકો એને સૌન્દર્યની દેવી જેવી દેખવા માંડ્યા, અને કામુકોને માટે એ સાક્ષાત રતિ જેવી થઈ પડી.

ભક્ત હૃદયને એવું લાગ્યું કે ભક્તિનું વરદાન દેનારી વિશ્વની ધાત્રી, વિધાત્રી પોતે જ કુમારિકાનું રસમય રૂપ લઈને સામે આવી.

જ્ઞાનીઓએ એને વેદની અવતીર્ણ થયેલી કોઈક અલૌકિક, અપાર્થિવ પુણ્યમય ઋચા ધારી, ને યોગીઓએ યોગીઓની આરાધ્ય દેવી માની.

કોઈએ પુત્રી જેવી, કોઈએ બેન જેવી, કોઈએ જનની જેવી, તો કોઈએ ભવિષ્યની પોતાની પ્રિયતમા જેવી જાણી.

પોતપોતાની ભાવના અથવા દૃષ્ટિ ને વૃત્તિ પ્રમાણે સીતાને સૌ જુદા જુદા રૂપે જોવા લાગ્યા.

રામ અને લક્ષ્મણને એ મધુરતાના મધપુડા જેવી અથવા તો રસના ભંડાર જેવી લાગી.

એ બંને એને ભારે સ્નેહ અને સન્માનપૂર્વક જોઈ રહ્યા.

સીતાએ પણ રામ તરફ દૃષ્ટિપાત કર્યો ને લજ્જાવશ થઈને દૃષ્ટિને નીચે ઢાળી દીધી.

રામની મધુમયી મૂર્તિ એના અંતરમાં જડાઈ ગઈ.

સીતાની પાછળ એની માતા, એની બેન ઊર્મિલા અને બીજી થોડીક સખીઓ હતી.

ઊર્મિલાને નિહાળીને લક્ષ્મણનું અંતર આનંદમગ્ન બની રહ્યું.

એણે ઊર્મિલાને ધારીધારીને જોવા માંડી.

ઊર્મિલાએ પણ વચ્ચે વચ્ચે એના તથા રામના તરફ જોવા માંડ્યું.

સીતાએ ગુલાબી રંગની સુંદર સાડી પહેરેલી તથા જુદી જુદી જાતનાં અનેક ઘરેણાં પહેરેલાં.

પોતાની માતા, બેન અને સખીઓ સાથે એ સ્વયંવર મંડપના નિર્ધારિત સ્થાનમાં આવીને ઉભી રહી એટલે રાજા જનકની આજ્ઞાને અનુસરીને બંદીજને રાજાની પ્રતિજ્ઞા કહી બતાવી, અને ઉપસંહાર કરતાં જણાવ્યું:

‘કેટલાય મોટા મોટા વીરપુરુષો આ ધનુષ્યને જોઈને જ હિંમત હારીને નિરુત્સાહ બનતા પાછા ફર્યા છે. શંકરનું આ ધનુષ્ય એવું ભારે છે. જેને પોતાની શક્તિ ને પોતાની વીરતામાં વિશ્વાસ હોય તે આ એકત્રિત રાજસમાજની વચ્ચે ઊઠીને ધનુષ્યને ઉપાડે તથા તેના પર બાણ ચઢાવીને તેને તોડી બતાવે, તો સીતા તેના કંઠમાં પોતાની વરમાળા અર્પણ કરશે. આટલા મોટા રાજસમાજમાંથી કોઈક તો હિંમત કરશે ને પોતાનું પાણી બતાવશે જ એવી અમને આશા છે.’

રાજાઓ ને રાજકુમારો વારાફરતી ધનુષ્ય પાસે આવીને એને જોઈને જ પાછા વળવા લાગ્યા.

ધનુષ્યને ઉપાડવાની એમની હિંમત જ ના ચાલી.

કેટલાક તો ભય અને લજ્જાને લીધે પોતાના આસન પરથી ઊભા જ ના થયા.

સીતા ચારે તરફ કુતૂહલપૂર્વક જોઈ રહી.

એને વરવાની ઈચ્છા તો અનેકની હતી પણ પોતાના બાહુબળનો ભરોસો ન હતો.

સીતાને થયું કે શંકરનું ધનુષ્ય કોઈ ઉંચકી જ નહિ શકે ને સ્વયંવર નિષ્ફળ જશે.

તો પછી દેવર્ષિ નારદના શબ્દો મિથ્યા ઠરશે ?

મિથ્યા પણ ઠરે. એ તો સ્વપ્નના શબ્દો. સ્વપ્નનાં ભરોસે રહેવાનું સલામત નથી હોતું. એ તો સાચું પણ પડે ને ખોટુંય ઠરે. ફૂલવાડીમાં દેવર્ષિ નારદના કથન પ્રમાણે રામ મળ્યા એટલે શું થયું ? એમનામાં આવું મહાપ્રતાપી ધનુષ્ય ઉપાડવાની શક્તિ થોડી જ છે ?

એનું મન કાંઈક ઉદાસ બની ગયું.

રાજા જનકને પણ રાજસમાજનો વ્યવહાર જોઈને દુઃખ થયું.

એમણે વેદનાયુક્ત વાણીને વહાવતાં કહેવા માંડ્યું:

'આ પૃથ્વી વીર વિનાની છે એમ જ માનવું કે શું ? સ્વયંવર મંડપમાં આટલા બધા રાજવીઓ ને રાજકુમારો બેઠા છે તો પણ એકે રાજા કે રાજકુમારથી ધનુષ્યને ઉપાડવાની હિંમત નથી કરી શકાતી એ આશ્ચર્ય નહિ તો બીજું શું ? પૃથ્વી શું નામર્દોથી ભરાઈ ગઈ છે ? એની અંદરથી અદ્દભુત પરાક્રમી મહારથીઓ મરી પરવાર્યા અને એમાં હવે નિર્બળ મનના કાયરો જ શ્વાસ લઈ રહ્યા છે ? આવું જ હતું તો પછી અહિ આવવાનું કારણ જ શું હતું ? મારી પ્રતિજ્ઞા જો પૂરી ના કરાય તેમ હોય તો સૌ પોતપોતાને ઘેર જાવ. સ્વયંવરનું ભલે વિસર્જન થાવ ને સીતા ભલે કુંવારી રહી જાય. જો કોઈનામાં સામર્થ્ય હોય તો તેનો પરચો તે હજુ પણ બતાવી શકે છે, નહિ તો પછી પૃથ્વી વીર રહિત હોવાની મારી માન્યતા સાચી ઠરશે.'

જનક રાજાના શબ્દો સાંભળીને કેટલાક એકમેકની તરફ જોવા લાગ્યા તો કેટલાક ભૂમિ તરફ દૃષ્ટિ ઢાળીને તાકવા માંડ્યા.

સીતાનું વદન એ શબ્દો સાંભળીને ખિન્ન બની ગયું.

એણે ઊર્મિલાને અત્યંત મંદ સ્વરે કહેવા માંડ્યું:

'પિતાજીની વ્યથા અને એ વ્યથાને વ્યક્ત કરતાં એમનાં વચનો અહેતુક નથી. આટલો મોટો રાજસમાજ આમ નિષ્ક્રિય બનીને બેસી રહે ત્યારે તમને કેવું લાગે ? એમને અફસોસ ના થાય તો બીજું શું થાય ? કોઈનામાં જાણે પાણી જ નથી દેખાતું.'

'મારી મીટ તો રામ તરફ મંડાઈ રહી છે.' ઊર્મિલા બોલી ઉઠી : 'મને એમના પર આશા છે. એ આશા નિષ્ફળ નહિ જાય એવું મને ઉંડે ઉંડેથી લાગ્યા કરે છે.'

'પરંતુ એ તો તદ્દન અચળ બનીને બેસી રહ્યા છે. એ હાલે છે જ ક્યાં ? એમના વર્તન પરથી તો એવું લાગે છે કે જાણે એમને સ્વયંવર સાથે કાંઈ લાગતું વળગતું જ ના હોય.'

રામની અવસ્થા ખરેખર એવી જ હતી. એ એકદમ અનાસક્ત કે અલિપ્ત બનીને બેસી રહેલા.

વચ્ચે વચ્ચે એ સીતા તરફ દૃષ્ટિપાત કર્યા કરતા એટલું જ.

જનકના શબ્દો સાંભળીને એ તો એવાં જ શાંત રહ્યા, પરંતુ લક્ષ્મણનાં નેત્રો લાલ બની ગયાં.

એના વદન પર રોષ ફરી વળ્યો.

એની વીરતાને જાણે કે પોકાર કરવામાં આવ્યો. એના પ્રતાપને પડકારવામાં આવ્યો હોય એવું એને લાગવા માંડ્યું. એની શૂરવીરતા સળવળી ઊઠી.

પાસે બેઠેલા રામને સંબોધીને એણે જુસ્સાભરી ભાષામાં કહેવા માંડ્યું :

'રાજાના શબ્દોનું શ્રવણ કરીને મારું હૈયું હાલી ઊઠ્યું છે. મને કાંઈનું કાંઈ થઈ જાય છે. એ શબ્દો સાચા શૂરવીરને માટે પડકારરૂપ છે. આપણા જેવા રઘુવંશીઓ જે સભામાં બેઠા હોય તે સભામાં આવા શબ્દોનો ઉચ્ચાર કરવાની હિંમત અથવા ધૃષ્ટતા ભાગ્યે જ કોઈ કરી શકે. મને તો એમાં ધૃષ્ટતા જ દેખાઈ આવે છે. આ અપમાનને મારાથી સહન નથી કરાતું.'

રામે કહ્યું :

‘રાજા જનકના વચનને અપમાનરૂપ માનવાની આવશ્યકતા જરાય નથી. એમણે જે વચનો ઉચ્ચાર્યા છે તે દુઃખ અથવા વ્યથાને લીધે જ ઉચ્ચાર્યા છે. આપણે એ વચનોથી વિચલીત થવાની જરૂર જરા પણ નથી.’

‘છતાં પણ મારાથી એ વચનો નથી સાંભળી શકાતાં, તમારી આજ્ઞા હોય તો શંકરના આ ધનુષ્યને હું રમતાં રમતાં ઉપાડી લઉં. એને ઉપાડવાનું કામ મને જરા પણ કઠિન નથી લાગતું. પરંતુ તમારી ઉપસ્થિતિમાં હું એવું સાહસ નથી કરવા માગતો. માટે જ તમને વિનંતિ કરું છું કે વિશેષ વિલંબ કર્યા વિના રાજા જનકના પડકારનો પ્રત્યુત્તર આપો અને ધનુષ્યને ઉપાડીને મને તથા સીતાને શાંતિ આપો.’

રામે સીતા તરફ દૃષ્ટિ કરી.

ધરતી તરફ દૃષ્ટિ ઢાળીને એ વિચારમગ્ન દશામાં ઊભી રહેલી.

એની આકૃતિ કેટલી બધી આકર્ષક અને અમીમય લાગતી હતી ?

એ અમીરસનો આસ્વાદ લેતાં એમણે મહર્ષિ વિશ્વામિત્ર તરફ જોવા માંડ્યું.

એ વખતે રાજા જનકે ફરી વાર કહ્યું :

‘મેં આ સ્વયંવરના સંબંધમાં મોટી મોટી આશા બાંધેલી, પરંતુ મારી સઘળી આશા અને યોજના ધૂળમાં મળતી લાગે છે. સીતાને વરવાની શક્તિ કોઈનામાં નથી એની મને ખાતરી થાય છે. હવે આ સ્વયંવરને નિષ્ફળ ગયેલો અથવા પૂરો થયેલો જાહેર કરું ?’

‘બિલકુલ નહિ.’ રાજ સમાજમાંથી અવાજ આવ્યો: ‘ધરતી તમે માનો છો તેમ કાંઈ વીર વિનાની નથી બની ગઈ. આ મંડપમાં બીજો કોઈ વીર પુરુષ નહિ હોય પણ હું તો છું જ. તમારા શબ્દોને સાંભળીને મને ઊભા થવાનું મન થયેલું પરંતુ મારો વિચાર મેં થોડા વખતને માટે એટલા માટે પડતો મૂક્યો કે હું જોવા માંગતો’તો કે બીજો કોઈ વીર પુરુષ આગળ આવે છે કે નહિ. પરંતુ હજુ સુધી બીજું કોઈ જ નથી ઊઠ્યું એટલે બધાની પરીક્ષા થઈ ચૂકી.’

એવું બોલીને લંકાપતિ રાવણ આગળ આવ્યો.

‘મારા પરાક્રમની બરાબરી બીજા કોઈથી ભાગ્યે જ થઈ શકે તેમ છે. મનુષ્યો તો શું પણ દેવતા, યજ્ઞ, ગંધર્વ કે કિન્નરમાંથી પણ કોઈ મારો મુકાબલો નથી કરી શકે તેમ. મારું બાહુબળ એવું અસાધારણ અને વિશ્વવિદિત છે. શંકરનું ધનુષ્ય ગમે તેટલું પ્રતાપી હોય તો પણ મારે માટે રમકડાં બરાબર છે. હું એને હમણાં જ ઉઠાવી લઉં છું.’

મૂછ પર હાથ ફેરવતો રાવણ ધનુષ્યની પાસે જઈ પહોંચ્યો.

લક્ષ્મણે રામ તરફ જોયું તો રામે નિર્ભયતાસૂચક સ્મિત કર્યું.

મહર્ષિ વિશ્વામિત્રે પણ લક્ષ્મણને શાંતિ રાખવાની સૂચના કરી.

પરંતુ ઊર્મિલા ને સીતાનું મન ખળભળી ઉઠ્યું.

સીતાએ કહ્યું :

'હજુ રામ ઉઠતા નથી એ જોઈને મને ભારે દુઃખ થઈ રહ્યું છે. રાવણને ધનુષ્ય પાસે જોઈને મને કાંઈના કાંઈ વિચારો આવી જાય છે.'

'અત્યારનો સમય આવી રીતે શાંત રહેવાનો નથી જ. પરંતુ રામ અને લક્ષ્મણ તથા મુનિવર વિશ્વામિત્રને એવું કોણ કહે ?' ઊર્મિલા બોલી.

'એમાં કહેવાનું છે જ શું ? એમને પોતાને જ એટલી ખબર ના પડે ?'

'તું વ્યગ્ર ના બન. તારે માટે દેવર્ષિ નારદના કથન પ્રમાણે રામનું જ નિર્માણ થયું હશે તો રાવણ તો શું બીજું કોઈયે આ ધનુષ્યને નહિ ઉપાડી શકે.'

'રાવણનો પ્રયાસ નિષ્ફળ જાય એ માટે હું જગદંબાને પ્રાર્થના કરીશ. મને રાવણ જરા પણ નથી ગમતો.'

'તારી પ્રાર્થના સફળ થશે.'

સીતાએ મનોમન જગદંબાને પ્રાર્થના કરવા માંડી.

એની છાતી ધકડવા લાગી, અને એની દશા અત્યંત દયનીય બની ગઈ.

એટલામાં તો રાવણ સીતા તરફ સ્મિત કરીને ધનુષ્યને ઉપાડવાના આશયથી નીચે નમ્યો.

રાજાઓ ને રાજકુમારો ભારે કુતૂહલપૂર્વક જોઈ રહ્યા.

રાવણ મહાપ્રતાપી હતો એની સૌને માહિતી હતી.

એણે ધનુષ્યને ઉઠાવવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ એ પ્રયત્નમાં ધનુષ્યની નીચે એની આંગળી દબાઈ ગઈ.

એ આંગળીને બહાર કાઢતાં એની આંખે અંધારા આવી ગયા.

એ જોઈને રાજાઓ ને રાજકુમારો જોરથી હસવા ને ઠઠ્ઠા-મશ્કરી કરવા લાગ્યા.

પોતાના પરાભવથી રાવણ ડઘાઈ તથા લજ્જીત થઈ ગયો.

એનાથી એ અપમાન ના સહી શકાયું.

એણે સીતા તરફ જોયું તો એ પણ ઉપહાસસૂચક હાસ્ય કરી રહી'તી.

એનું હાસ્ય તો એને માટે વજ્રપાતથીયે વધારે વ્યથાજનક બની ગયું.

એ બબડ્યો : 'રૂપનું આટલું બધું ગુમાન ? હું જોઈ લઈશ.'

અને ભારે મર્મભેદક ડંખ સાથે એ પોતાના આસન પર પાછો ફર્યો.

* * * * *

# ૯. રાવણનો પરાજય

રાવણને પોતાનું અપમાન તો સાલ્યું જ પરંતુ સીતાનું હાસ્ય વધારે સાલ્યું. એ હાસ્ય એના અંતરમાં અંકિત થઈ ગયું. એને થયું કે મારી નિષ્ફળતા જોઈને સીતા હસવા લાગી એ શું બતાવે છે ? એ જ કે મારી નિષ્ફળતાથી એને આનંદ થયો છે. હું ધનુષ્ય ઉપાડવામાં નિષ્ફળ ગયો અને રાજ સમાજમાં મારું અપમાન થયું એ એને ગમ્યું. એણે પહેલેથી જ એવી અપેક્ષા રાખી હશે.

જો કે સીતાનું હાસ્ય બીજા બધા દર્શકોની પેઠે સહસા નીકળી પડેલું. એની પાછળ રાવણનું અપમાન કરવાનો આશય જરા પણ ન હતો. છતાં પણ રાવણને પોતાનું અપમાન કરવા માટે જ એ વહેતું કરાયું હોય એવું લાગી ગયું. સ્વયંવર મંડપની ચારે તરફથી પડેલા મુક્ત-હાસ્યના પડઘા એને એટલા બધા પ્રખર અને પીડાકારક લાગ્યા. એ પડઘાને તો એ પી ગયો. પરંતુ સીતાના હાસ્યના શાંત પડઘાએ એના હૈયાને હલાવી નાખ્યું. એ પડઘા એના કાળજાને કોરી રહ્યા. એના મનોરથ ભરેલા મનને માટે એ ભારે મર્મવિદારક થઈ પડ્યા. એનું રોમરોમ એથી રંગાઈ ગયું ને રોષે ભરાઈ રહ્યું.

એનું કારણ સ્પષ્ટ હતું. સ્વયંવર મંડપમાં આવેલો રાવણ બીજા કેટલાક આંગતુકોની જેમ કુતૂહલથી પ્રેરાઈને માત્ર દર્શનાર્થી બનીને જ નો'તો આવ્યો. એ સીતાના લગ્નનો ઉમેદવાર થઈને આવેલો. એના મનમાં સીતાને પોતાની કરવાના કોડ હતા. સીતાની અસાધારણ સુંદરતા વિશે એણે અવારનવાર સાંભળેલું. એ સીતા પોતાની પ્રિયતમા થઈને પોતાના રાજપ્રાસાદની શોભા બને એવી આકાંક્ષા એના મનમાં ઉત્પન્ન થઈ હતી. એટલે તો એ સ્વયંવરનો અવસર આવતાં મિથિલા નગરીમાં આવી પહોંચેલો. અને સીતાને એણે જોઈ ત્યારે તો એને સારી પેઠે સમજાયું કે પોતે સાંભળેલી એના સૌન્દર્ય ને માધુર્યની પ્રશંસા તો અત્યંત અલ્પ હતી. કોઈ અપ્સરા કે દેવાંગના પણ એની બરાબરી ના કરી શકે એવી એ અનેરી અને અજોડ હતી.

સુંદરતાના એવા અલૌકિક સ્વરૂપને એણે એના આજ સુધીના જીવનમાં જોયું જ ન હતું.

માટે તો સીતાને મેળવવાનો એનો મનોરથ વધારે મજબૂત બન્યો.

એ મનોરથથી પ્રેરાઈને, પોતાના વિજયનું સ્વપ્ન સેવતો એ શંકરના ધનુષ્ય પાસે પહોંચ્યો ત્યારે સમસ્ત સભામાં સન્નાટો છવાઈ ગયો.

દર્શકો સ્તબ્ધ બની ગયા અને એના પરાક્રમના પ્રયોગોને ભારે કુતૂહલપૂર્વક જોવા લાગ્યા.

સૌન્દર્યમયી સીતા તરફ મીઠી દૃષ્ટિ ફેંકીને, એના સ્વરૂપને પોતાના હૃદયમાં સમાવી લઈને, એ ધનુષ્યને ઉપાડવા નીચે નમ્યો ત્યારે સીતા એના પરાક્રમને અત્યંત આતુરતાપૂર્વક જોવા લાગી એ હકીકત પણ એનાથી છૂપી ના રહી.

એથી તો એનો ઉત્સાહ તથા જોશ વધી ગયો.

પરંતુ.......સૌની આતુરતાનો અલ્પ વારમાં જ અંત આવ્યો.

એના મનમાં થયું કે હમણાં જોત જોતામાં ધનુષ્યને ઉંચકી ચઢાવીશ ને તોડી નાખીશ : એની સાથે મનોરથથી ભરેલા રાજાઓનો મદ પણ તૂટી જશે ને સીતા મારા કંઠમાં વરમાળા આરોપિત કરશે.

એણે એક વાર નહિ, બે વાર નહિ, ત્રણ ત્રણ વાર પ્રયાસ કરી જોયો, પણ આખરે એનો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો ને બધે અટ્ટહાસ્યનું મોજું ફરી વળ્યું. એ અટ્ટહાસ્યથી એ જરા પણ ના ગભરાયો. એને એ સહેલાઈથી અને સસ્મિત પચાવી શક્યો. એનાથી પણ વધારે મોટા પરાજયને અને અધિક અવહેલનાને એ જીરવી શકત, પરંતુ સીતાનું હાસ્ય એનાથી ના જીરવી શકાયું.

સાચું પણ છે. માણસ બીજું બધું જ સહી શકે છે - સંકટ, પીડા, સજા, પરિતાપ, દુઃખ, દર્દ, અછત બધું જ, પરંતુ પોતે જેને પ્રાપ્ત કરવા માગતો હોય ને જેને વરવા માટે પોતાની યોગ્યતાનું પ્રદર્શન કરતો હોય એના ઉપહાસને નથી સહી શકતો. એ ઉપહાસ પુરુષનો હોય કે સ્ત્રીનો પરંતુ ભારે વેદનામય નીવડે છે અને આઘાતજનક થઈ પડે છે.

કોઈક વીતરાગ મહાપુરુષ જ એવા આઘાતથી પર હોઈ શકે, બાકી સામાન્ય માનવ તો એની અસર નીચે આવ્યા વિના ન જ રહે.

સીતાનું હાસ્ય રાવણના હૃદયને અને રોમ રોમને અગ્નિની જ્વાળા જેમ જલાવવા લાગ્યું. એને થયું કે સીતાને એના વર્તન માટે થોડોક ઠપકો આપું, જેથી એને પણ ખબર પડે ને પદાર્થપાઠ મળે, પરંતુ એ વિચારને મનમાં રોકી રાખીને એ આગળ વધ્યો.

સીતાને બદલે રાજા જનકને ઉદ્દેશીને એણે કહ્યું:

'સીતાને એના રૂપનું ભારે અભિમાન લાગે છે. મારા પરાભવથી એ પ્રસન્ન થઈ હોય એમ એના મુખ પર હાસ્યનું મોજું ફરી વળ્યું. પરંતુ એના જેવી એક રાજપુત્રી માટે એવું વર્તન યોગ્ય ના કહેવાય. રૂપના એવા અભિમાનને અને અન્યના ઉપહાસને ક્ષમ્ય ના માની શકાય.'

એ સાંભળીને જનક બોલ્યા: 'સીતાને એના રૂપનું કે બીજી કોઈયે વસ્તુનું અભિમાન જરા પણ નથી એની હું તમને ખાતરી આપું છું. એ તો અતિશય નમ્ર ને સરળ છે. હા. આવા અવસર પર એનું હાસ્ય બરાબર ના કહેવાય. પરંતુ એ હાસ્ય સહજ રીતે જ પેદા થયેલું નિર્દોષ હાસ્ય હતું. એની પાછળ તમારા ઉપહાસ કે અનાદરનો ભાવ જરા પણ ન હતો. તે છતાં તમને માઠું લાગ્યું કે દુઃખ થયું હોય તો સીતાની વતી તમારી ક્ષમા માગી લઉં છું.'

જનકના એટલા સંક્ષિપ્ત સુંદર સ્પષ્ટીકરણ પછી પણ રાવણને સંતોષ ના થયો. એનો ઘા એવો જ વણરુઝાયલો રહ્યો.

સીતા તરફ એ વારંવાર કટુ અથવા કઠોર નજરે જોવા માંડ્યો. સમાજની વચ્ચે લાંબા વખત લગી બેસી રહેવું બરાબર નથી. છતાં પણ સ્વયંવરનું પરિણામ જાણવા ને બની શકે તો પોતાના સાથીઓની સાથે મળીને સીતાના હરણની યોજના બનાવવા એ મનને મક્કમ બનાવીને બેસી રહ્યો.

રાવણના પરાજયથી પ્રસન્ન બનેલી સીતાએ ઊર્મિલાના કાનમાં ધીમેથી કોઈ સાંભળે નહિ તેમ ગણગણાટ કરતાં કહ્યું : 'જગદંબાએ મારી પ્રાર્થના સાંભળી ખરી. રાવણ સફળ ના થાય એ માટે હું ઉત્કટતાપૂર્વક પ્રાર્થના કરતી'તી.'

'તારી પ્રાર્થના ના સંભળાય એવું બની શકે જ કેવી રીતે ?' ઊર્મિલા બોલી ઉઠી : 'જગદંબાની તારા પર પૂરેપૂરી કૃપા છે. એટલે એ સાંભળે અને એ પ્રમાણે કરે જ.'

‘હા. મને લાગ્યું કે એની કૃપા મારા પર છે. છતાં પણ મારી પ્રાર્થના સંપૂર્ણપણે સાંભળશે ને તે પ્રમાણે કરશે ત્યારે તેની કૃપા સાચી માનીશ. મારા હૃદયમાં શું છે તેની તેને ખબર છે.’

‘ એ હૃદયાભિરામ રામને માટે પ્રાર્થના કરતી રહેજે. તારી પ્રાર્થના અવશ્ય સંભળાશે.’

‘તને વિશ્વાસ છે ?’

‘જરૂર. મને તો પાકો વિશ્વાસ છે.’

‘રામ હિમખંડની પેઠે અચળ અને ઠંડા થઈને બેસી રહ્યા છે તો પણ ?’

‘એ હિમખંડ જેવા દેખાય છે પરંતુ એમને લાવારસ જેવા ગરમ કેમ કરવા ને ક્યારે કરવા તે જગદંબાના હાથમાં છે. તું તેને માટે પ્રાર્થના કરતી રહે. રાવણ નિષ્ફળ જાય એ માટે તો મેં પણ ઊંડા અંતરની પ્રાર્થના કરેલી.’

‘ ત્યારે તો રામ ધનુષ્ય ઉંચકવા ઉભા થાય ને સફળ થાય તેને માટે પણ પ્રાર્થના કરતી રહેજે. રામ હજુ તો પ્રેક્ષક બનીને બેસી રહ્યા છે. એ ઉભા થશે ત્યારે જ મારા અંતરને ટાઢક વળશે અને મને કાંઈક આશા બંધાશે.’

‘જગદંબાએ એમનું પાણિગ્રહણ કરવાનું તારી સાથે જ ધાર્યું હશે તો એમને ઊભા પણ કરી દેશે. તું નિરાશ ના થા.’

‘પરંતુ એ અમને ક્યારે ઊભા કરશે ? મારું હૈયું હારી જશે ત્યારે ?’

‘ત્યારે નહિ પણ તે પહેલાં. આ તો ઈશ્વરે આપણને બતાવી આપ્યું કે શંકરનું ધનુષ્ય કેટલું ભારે છે. એ ધનુષ્યને ઉપાડવામાં મોટા મોટા શક્તિશાળી પુરુષો અથવા મહારથીઓ પણ પાછા પડે છે. રાવણ દેવોથી પણ વધારે પરાક્રમી કહેવાય છે. તો પણ એનાથી પણ એ ધનુષ્ય ના ઉપાડી શકાયું. રામ એને ઉપાડશે તો એમના અસાધારણ સામર્થ્યનો પરિચય સૌ કોઈને મળી રહેશે.’

સીતાએ નિઃશ્વાસ નાખીને કહ્યું: ‘પરંતુ એ ધનુષ્ય ઉપાડશે ત્યારે ને ? એ ધનુષ્ય ઉપાડવા માટે ઊભા થશે કે કેમ એ વિશે જ મને તો શંકા છે. ધીરજ અથવા શાંતિ કેટલીક વાર ભૂષણને બદલે દૂષણ બની જાય છે. અને આવા અગત્યના પ્રસંગે ધીરજ રાખવાનું કારણ પણ શું છે ? રાવણ જો ધનુષ્ય ઉપાડવામાં સફળ થાત તો મારે માટે જીવવું યે મુશ્કેલ બની જાત. એવા પુરુષને વરવાનું પસંદ કરવા કરતાં તો હું કુંવારી રહેવાનું જ વધારે પસંદ કરું.’

‘પરંતુ એ ધનુષ્ય ઉપાડવામાં સફળ થાત તો ને ?’

‘એ તો મારું ભાગ્ય કે એને સફળતા ના મળી. બાકી રામ તો ધીરજ રાખીને બેસી જ રહેલા અને હજુ પણ બેસી રહ્યા છે. ધીરજના ફળ મીઠાં કહેવાય છે પરંતુ કોઈ વાર તે મીઠાં નહિ પણ માઠાં યે હોય છે.’

‘ તારી આશંકા કે ચિંતાને સારી પેઠે સમજી શકું છું. એની પાછળ રામને માટેનો પાર વિનાનો પ્રેમ છે તે પણ જાણું છું. તારી જગ્યાએ હું હોત તો મારી દશા પણ એવી જ હોત ને મારા મુખમાંથી પણ એવા જ ઉદ્દગારો નીકળ્યા હોત એ પણ કલ્પી શકું છું. રામ પ્રત્યેના પ્રેમને લીધે તું પીડિત ને વિહ્વળ બની ગઈ છે, પરંતુ યાદ રાખજે કે રામની ધીરજ એમને માટે મીઠી નીવડશે. એ સ્વયંવરમાં વિજયી થશે એવી મને તો આશા છે.’

સીતા શાંત રહી, પણ એનું અંતર શાંત ના રહ્યું.

રાજા જનકની અવસ્થા પણ એવી જ હતી. એમ કહો કે એથીયે વધારે કરુણ. એમના અંતરમાં તીવ્ર મંથન થઈ રહ્યું હતું.

અવારનવાર રાજસમાજ તથા સીતા ને રામ તરફ દૃષ્ટિપાત કરતા એ જાતજાતના વેદનાયુક્ત વિચારો કર્યા કરતા. એમની ધીરજ હવે તૂટવા માંડી.

એમનું અંતર અસ્વસ્થ થયું એટલે સ્વયંવરની વચ્ચે મંડપમાં આવીને એ બોલી ઉઠ્યા : 'આજે મને ખાતરી થઈ કે પરાક્રમી પુરુષોની મેં સાંભળેલી પ્રશંસા વધારે પડતી અને વ્યર્થ હતી. પૃથ્વીમાં કોઈ પરાક્રમી પુરુષ જો સાચેસાચ હોત તો આવો નિષ્ક્રિય બનીને બેસી ન રહેત ? પરંતુ હવે વખત બદલાયો ને વિપરીત થયો લાગે છે. પોતાને પરાક્રમી માનનારા મહાપુરુષો પણ હવે પરાક્રમ કરવામાં પાછા પડે છે. હવે હું વધારે વખત રાહ નહિ જોઉં. આ છેલ્લી વારની વિજ્ઞપ્તિ કરી જોઉં છું.'

જનકના શબ્દો સાંભળીને કેટલાક એકમેકની તરફ તાકવા લાગ્યા તો કેટલાક દૃષ્ટિને ઢાળીને સંકોચવશ જમીન તરફ જોવા માંડ્યા.

મંડપમાં બધે નીરવતા વ્યાપી રહી એટલે રાવણ બોલ્યો: 'હવે સ્વયંવરની સફળતાની આશા છોડી દો. જે મહાભારે ધનુષ્ય મારાથી ના ઉંચકી શકાયું તે ધનુષ્યને ઉંચકવાની શક્તિ બીજા કોનામાં હોઈ શકે ? સાક્ષાત્ શંકર આવીને એને ઉંચકી શકે તો જ એ ઉંચકી શકાય. મનુષ્યોમાં તો મારા કરતાં કોઈ વિશેષ પરાક્રમી હોય એવું મને નથી લાગતું.'

રાવણના સાથીદારો ને મિત્ર રાજાઓ પણ એ સાંભળીને બોલી ઊઠ્યા: 'સ્વયંવરની હઠ હવે પડતી મૂકો.'

'રાજા રાવણ જેવો સુયોગ્ય વીર બીજો કોઈયે નહીં મળે.'

'એ તો એમની આંગળી ધનુષ્ય નીચે ચગદાઈ ગઈ નહીં તો એ ધનુષ્યને જરૂર ઉપાડી લેત. માટે એમની બાબત જરા મોટા મનથી વિચારવી જોઈએ.'

'રાવણ બુદ્ધિમાન છે, બહાદુર છે, પંડિત અથવા બહુશ્રુત છે, ને બધી રીતે યોગ્ય છે. લંકાની સંપત્તિ અમરાપુરીથી પણ અધિક છે. માટે સીતા એને જ વરાવી દો.'

'સ્વયંવરને સમેટી લો.'

રાવણ મંદમંદ હસતો રહ્યો, પરંતુ સીતા એ સાંભળીને રોષે ભરાઈ ગઈ.

એના ચહેરા પરથી એ સાફ દેખાયું.

રાજા જનકને પણ એ વાણી ના ગમી. એ તરત જ બોલી ઊઠ્યા:

'સીતાને વરવાનું કામ એટલું સહેલું નથી. એ કાંઈ યાચના, આત્મપ્રશંસા કે ભલામણોથી નહીં મળી શકે. એને વરવા માટેની ચોક્કસ શરત મેં ક્યારનીય કહી બતાવી છે. એ શરતનું પાલન કરવાની શક્તિ જેનામાં ના હોય ને બીજી રીતે ગમે તેટલો ઐશ્વર્યશાળી ને મહાન હોય તો પણ એને વરવાની આશા ના રાખે. સીતા કાંઈ એટલી બધી સસ્તી નથી કે એને જ્યાં ત્યાં કે જેની તેની સાથે વરાવી દેવાય. રાજા કે રાજપુત્રો કાયર ને નિર્માલ્ય હશે તો સ્વંયવરને સમેટી લેવાની ભલામણ કરવાની જરૂર નહીં પડે. એ તો

સમય પર આપોઆપ જ સમેટાઈ જશે. બહાદુરો કદી ભીખ નથી માંગતા. એ તો પોતાનું બાહુબળ બતાવે છે. પરંતુ મને એ જોઈને અફસોસ થાય છે કે બહાદુરી કેવળ બોલવામાં જ રહી ગઈ છે. પૃથ્વીને છોડીને એ બીજે ક્યાંક પલાયન થઈ ગઈ છે. કોઈનામાં બાહુબળ જ નથી દેખાતું.'

લક્ષ્મણના લોચન એ સાંભળીને લાલ બની ગયાં. એનાથી એ વચનો ના સહેવાયા. એણે રામને કહ્યું : 'હવે તો હદ થાય છે. જે ક્ષણ વીતે છે તે મને યુગ જેવી લાગે છે. રાવણ તથા તેના સાથીના શબ્દોને તો મૂર્ખ મનુષ્યના પ્રલાપ સરખાં સમજીને હસી કાઢું છું, પરંતુ જનકના વચનો મારા અંતરને ભારે વ્યથા પહોંચાડે છે ને કોરી ખાય છે. હવે તો લાંબા વખતની ધીરજનો ત્યાગ કરીને તમારે તમારા કર્તવ્ય માટે તૈયાર થવું જોઈએ. મારે આ કહી બતાવવાનું ના હોય છતાં પણ કહેવું પડે છે તેને માટે લાચાર છું ને ક્ષમા માંગું છું.'

રામ લક્ષ્મણને જોઈને સુમધુર સ્મિત કરવા લાગ્યા.

એ પછી એમણે મહર્ષિ વિશ્વામિત્ર તરફ જોયું એટલે મહર્ષિએ આદેશાત્મક અવાજે કહ્યું: 'રામ, રાજા જનક હતાશ બનીને સ્વયંવર મંડપના પુરુષોના પૌરુષને પડકાર કરી રહ્યા છે. આ સમય મહારાજ રઘુ, દિલીપ અને અજ જેવા મહાપ્રતાપી મહામાનવોના રઘુવંશના યશને વધારવાનો, રાજા દશરથના પિતૃત્વને સફળ કરવાનો ને રાજસમાજનું કલંક દૂર કરીને રાજા જનક તથા સીતાને શાંતિ આપવાનો છે. હવે વધારે વખત પ્રતીક્ષા કરતાં બેસી રહેવાનો કોઈ અર્થ નથી. હવે હું તમને ઉઠવાનો ને કર્તવ્યપરાયણ થવાનો આદેશ આપું છું.'

મહર્ષિ વિશ્વામિત્રના આદેશને અનુસરીને રામ ઊભા થયા ને મહર્ષિને પ્રેમપૂર્વક પગે લાગ્યા.

મહર્ષિએ રામના મસ્તક પર હેતાળ હાથ મૂકીને એમને અંતરના આશીર્વાદ આપ્યા : 'વિધાતા તમને વિજયી કરે ને સર્વોત્તમ યશ ધરે!'

રામ સ્વયંવર મંડપમાં મૂકેલા શંકરના ધનુષ્ય તરફ ચાલી નીકળ્યા.

એમને ચાલતાં જોઈને મુનિ વિશ્વામિત્ર તથા લક્ષ્મણના પ્રાણ પુલકિત બની ગયા.

રાજાઓ ને રાજકુમારો સાશંક નજરે જોઈ રહ્યા, ને મનોમન કહેવા માંડ્યા :'રાવણ જેવો રાવણ જેને ઉંચકી ના શક્યો તે ધનુષ્યને આ સુકોમળ શરીરના રામ કેવી રીતે ઉંચકી શકશે ?'

'સીતાની લાલસાથી એ ભલેને આગળ જાય પણ હમણાં જ અપમાનિત થઈને પાછા ફરશે.'

'પરાક્રમ જેવું તો કશું નથી દેખાતું પણ સીતાને દેખીને પ્રાણ સળવળ્યો લાગે છે.'

'એ ભુવનમોહિની કોણ જાણે આવા કેટલાયને લલચાવશે, અપમાનિત કરશે, ને નિરાશા ધરશે.'

'અરે, રામથી તે કાંઈ એ કામ થવાનું છે ? મૃગશાવક જો કૂંજરને પરાશર કરે તો તો પછી બાકી શું રહે ? પછી કૂંજરને કોણ ગણે ?'

રાવણ અને એના સાથીઓએ પણ બડબડાટ કરવા માંડ્યા: 'જોઉં છું તો ખરો એ ધનુષ્યને કેવોક ઉપાડે છે ?'

'સીતા કાંઈ એમ સહેલાઈથી નથી મળી જવાની. ધનુષ્ય એટલું બધું ભારે છે કે એને ઉપાડવા જશે તો એના પ્રાણ રમી જશે.'

'અરે, એ શું ઉપાડવા જાય ? એ તો સીતાના મુખમંડળનો રસ ચાખીને ધનુષ્યને જોઈને જ પાછો ફરશે. ધનુષ્ય ઉપાડવાનું તો એક બહાનું છે.'

રામના મનમાં પણ એ વખતે મનોરથોના ભાતભાતના તરંગો ઊઠી રહ્યા.

એ તરંગોનો અનુભવ કરતાં એ આગળ ને આગળ વધી રહ્યા.

* * * * *

## ૧૦. ધનુષ્યભંગ

મંદ છતાં મક્કમ પગલે આગળ વધતાં દશરથનંદન હૃદયાભિરામ રામને નિહાળીને રાજા જનકની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એમનું અંતર જ નહિ પરંતુ અંગેઅંગ આનંદી ને નાચી ઊઠ્યું.

એમની સંકલ્પ સિદ્ધિનો સમય છેક સમીપ આવી પહોંચ્યો એવું એમને લાગવા માંડ્યું.

એમણે પરમાત્માને મનોમન પ્રાર્થના કરી: ‘હે પ્રભુ, રામને જરૂર વિજયી કરજો. એમના વિજયમાં મારો વિજય પણ સમાઈ જશે. રામ જો વિજયી નહિ થાય તો મારા પર ચિંતા ને વેદનાનો વરસાદ વરસશે. સીતાને માટે આ સમસ્ત સમાજમાં રામ જ સુયોગ્ય છે. સીતા એને વરે એ જ બરાબર છે. એ જોકે શરીરે સુકોમળ છે તો પણ એ ધનુષ્યને ઉંચકી શકે એવું કરી દેજો. ધનુષ્યને એમના કરતાં પણ વધારે સુકોમળ બનાવી દેજો.’

સીતા અને ઊર્મિલાના પ્રાણમાં પણ પ્રસન્નતાની મીઠી લાગણી ફરી વળી.

ઊર્મિલાએ સીતાને કહ્યું: ‘હવે થોડીક જ વાર બાકી છે. રામ પોતાના આસન પરથી ઊઠીને ગંભીર ગજેન્દ્રની પેઠે આગળ વધી રહ્યા છે. જોતજોતામાં એ ધનુષ્યનો ભંગ કરશે અને એની સાથે રાજા મહારાજાઓના ગર્વનું ખંડન થશે.’

‘અને નહિ કરે તો ?’

‘એવી શંકા જ નકામી છે. રામ ધનુષ્યનો ભંગ નહિ કરે તો પણ પિતાજી એમની સાથે તારું પાણિગ્રહણ કરી દેશે એવું મને તો લાગ્યા કરે છે. પિતાજીને એમના પ્રત્યે કેટલો બધો પ્રેમ છે તેની તો તને ખબર છે. એમને એ પહેલાં જ જોઈ લેત તો કદાચ આવી પ્રતિજ્ઞા જ ના કરત. પ્રતિજ્ઞા કરવાને બદલે એમની સાથે એ તારું પાણિગ્રહણ જ કરી નાખત. પરંતુ પ્રતિજ્ઞા કરી છે તો રામ ધનુષ્ય ભંગ કરશે જ. જો તો ખરી, એ કેવા કામણગારા ને પ્રતાપી લાગે છે !’

સીતાનાં નેહ નીતરતાં નેત્રો રામ પર જ મંડાયલા હતાં.

એ એમની આકૃતિને ધારી ધારીને જોતી અને એના રસનું પાન કરતી હતી. એનાં નેત્રો રામને નીરખીને તૃપ્ત નહોતાં થતાં. રામના રસમય રઢિયાળા રૂપને જોઈને એનો અનુરાગથી અંજાયલો આત્મા આનંદી ઉઠ્યો. એના હૃદયના ધબકારા વધી ગયા. એના શરીરે રોમાંચ થયા.

એને લાગ્યું કે દશરથનંદન રામના રૂપમાં પોતાના ભાગ્યોદયના દેવ જ આગળ વધી રહ્યા છે. એ દેવ પોતાના પર આજે અસાધારણ અનુગ્રહ કરવા તૈયાર થયા છે.

હમણાં જ, ઘડીના છઠ્ઠા ભાગમાં જ, એનું પરિણામ દેખાઈ આવશે.

એણે ભાવભીના હૃદયે દેવર્ષિ નારદનું સ્મરણ કર્યું ને જગદંબાને પ્રાર્થના કરી. એ પ્રાર્થનાને પરિણમે એની આંખ ભીની થઈ અને એમાંથી ત્રણ ચાર અશ્રુબિંદુ ટપકી પડ્યાં. એનો આત્મા રમણીયતાના રસભંડાર જેવા રામના આત્મા પાસે જઈને ઊભો રહ્યો.

એને થયું કે વિશેષ વિલંબ કર્યા વિના રામના કંઠમાં જ મારી મનોહર માળા આરોપિત કરી દઉં : આ જ મારે માટે યોગ્ય છે અને હવે વધારે વાર પ્રતિક્ષા કરવી ને વેદના વેઠવી ઉચિત નથી. એણે પોતાના હાથની વરમાળા પહેરાવી પણ દીધી, પરંતુ એ અભિનય તો અંગત, આત્મિક અથવા અંતરંગ હતો. બહારના જાહેર અભિનયને હજુ વાર હતી. એ બંને પ્રકારના અભિનયની વચ્ચે ભગવાન શંકરનું ધનુષ્ય આડખીલીરૂપ બનીને બેસી રહેલું.

ઊર્મિલાને એ પરિસ્થિતિની ખબર હતી એટલા માટે જ સીતા ને રામના હૃદયનો વિચાર કરતાં એને થયું કે વિધાતા કેટલો બધો કઠોર છે. જેમનો અંદરનો સ્વયંવર થઈ ચૂક્યો છે તેમને માટે પણ તે બાહ્ય સ્વંયવરના આડંબરની અપેક્ષા રાખે છે !

ધનુષ્યની દિશામાં આવી રહેલા રામને જોઈને રાજા જનકને પોતાના આપ્તજન આવતાં હોય એવું લાગવા માંડ્યું. એમના અંતરમાં એમને માટેના અનોખા ઉમળકા ઉઠવા લાગ્યાં.

કેટલાકે એમને કાળરૂપે જોયા, રાવણ જેવા બીજા કેટલાકે બાળક જેવા જાણીને ઉપહાસપાત્ર માન્યા, તો કેટલાકે અસામાન્ય શક્તિતત્વના આશ્રયરૂપ માનીને ઉપાસ્યરૂપે જાણ્યા.

પોતપોતાની વૃત્તિ ને વિચારણા પ્રમાણે સ્વયંવર મંડપમાં બેઠેલા બધાને એ જુદા જુદા રૂપે દેખાવા લાગ્યા. મક્કમ છતાં શાંત ગતિએ ચાલતાં રામ શંકરના ધનુષ્ય પાસે આવી પહોંચ્યા ત્યારે સ્વંયવર મંડપમાં એકઠો થયેલો વિશાળ માનવ મહેરામણ શું થાય છે તે જોવા માટે ઉત્સુક બન્યો. ચારે તરફ ઉંડી શાંતિ છવાઈ રહી.

મહર્ષિ વિશ્વામિત્રને પોતાનું સુખદ સ્વપ્ન ફળવાનો સમય સંન્નિકટ આવ્યો લાગ્યો.

લક્ષ્મણ રામની પુરુષાર્થપરતાને જોઈને તથા એમના અગાઉના પ્રખર પરાક્રમને યાદ કરીને આશાભીનો તેમજ હરખઘેલો બની ગયો.

સીતા અને ઊર્મિલાની ડાબી આંખ અને ડાબી ભુજા ફરકવા માંડી.

એની મંગલમયતાનો વિચાર કરી, એને શુભ શુકન સમજીને બંને ઉત્સાહમાં આવી ગયા.

રામ અત્યારે અત્યંત આકર્ષક દેખાવા માંડ્યા. એમને પીતાંબર ધારણ કરેલું ને બીજા સુંદર રેશમી વસ્ત્રો ધારણ કરેલા. એમના હાથ કોમળ અને લાંબા હતા. મસ્તક પર કાળા ભમ્મર કેશ અને મણિજડિત મુકુટ હતો. એને લીધે એ શોભાયમાન દેખાતા કે એમને લીધે એ બધી વસ્તુઓ આકર્ષક લાગતી ને શોભા ધારણ કરતી એ કહેવું મુશ્કેલ હતું. એ સ્વયં સુંદરતા ને મધુરતાની મૂર્તિ હોવાથી સૌને શોભા ધરતા એવું લાગી આવ્યું.

ધનુષ્યની પાસે આવીને એમણે ભગવાન શંકરનું સપ્રેમ સ્મરણ કરી, ધ્યાન ધરી, એ પ્રતાપી ધનુષ્યની ભારે આદરપૂર્વક પરિક્રમા કરીને એને પ્રણામ કર્યા. એ વખતે એવું લાગ્યું કે ભગવાન શંકર પોતે જ જાણે રામનું રૂપ ધારણ કરીને પોતાનું ધનુષ્ય ઉંચકવા તથા જનક અને સીતાને શાંતિ આપવા આવી પહોંચ્યાં છે.

એમણે નીચા નમીને ધનુષ્યને સ્પર્શ કર્યો ત્યાં સુધી અધિકાંક્ષ રાજા અને રાજકુમારોને એમની ધનુષ્ય ઉંચકવાની શક્તિમાં વિશ્વાસ ન હતો, પરંતુ એ પછી સ્વલ્પ સમયમાં જ એ અવિશ્વાસનો અંત આવ્યો.

ધનુષ્યને સ્પર્શ કરીને એમણે હસતાં હસતાં કોઈક કંદુકની જેમ એને અનાયાસે ઉપર ઉઠાવ્યું, અને ચઢાવવાનો પ્રયત્ન કરતાં થોડીક શક્તિ કામે લગાડીને ધ્યાન લગાડ્યું ત્યાં જ એ તૂટી ગયું. તૂટીને જમીન પર પડતી વખતે એણે આકાશ તૂટી પડે એવો મોટો અવાજ કર્યો. એ અવાજ સાંભળીને કેટલાક ગભરાય ગયા, ભયભીત થઈ ગયા, સ્તબ્ધ થયાં, અથવા આશ્ચર્યમાં પડી ગયા.

લંકાપતિ મહાપરાક્રમી મનાતો રાવણ ડઘાઈ જ ગયો.

મુનિ વિશ્વામિત્ર ને લક્ષ્મણની પ્રસન્નતાનો પાર ના રહ્યો. મુનિ વિશ્વામિત્ર રામના એ પરાક્રમથી પરમ પ્રસન્ન બનીને રામને આલિંગન આપવા ઉઠતાં બોલી ઉઠ્યા: ‘શાબાશ રામ! ધન્યવાદ. મારા અંતરના અનેકાનેક ધન્યવાદ. તમારું આ પરાક્રમ રઘુકુળની ઉજ્જવળ પરાક્રમ પરંપરા સાથે સુસંગત છે. રઘુવંશની પરાક્રમ માળામાં આ અદ્દભુત પરાક્રમ કરીને તમે મેરું ચઢાવ્યો. હું જે ધારતો હતો તે જ થયું. તમારા વિના બીજા કોઈની અંદર આવું અલૌકિક અદ્દષ્ટપૂર્વ કર્મ કરવાની શક્તિ ન હતી. મારું અંતર આજે પરમ પુલકિત બની ગયું ને જીવન ધન્ય થયું. મહારાજા જનકને મેં સંભળાવેલી તમારી પ્રશસ્તિ હવે સાચી લાગી હશે, ને આ પૃથ્વી વીરપુરુષોથી રહિત નથી તેની પણ ખાતરી થઈ હશે. એમને માટે પણ આ ઘડી અનેરા ઉત્સવરૂપ બની જશે.’ એટલું બોલીને મહર્ષિ વિશ્વામિત્ર વેગથી આગળ વધ્યાં ને રામને ભેટી પડ્યાં.

રામે એમના ચરણમાં પ્રણામ કર્યા એટલે એમણે આશીર્વાદના વચન કહ્યાં : ‘આવા આવા અનેક પરાક્રમ કરીને જીવનને કૃતાર્થ કરો એવી આશિષ આપું છું. વિધાતા સદાય તમારી સહાયતા તથા રક્ષા કરો.’

રામે નમ્રતાપૂર્વક જણાવ્યું:

‘આ લોકોત્તર પરાક્રમનો યશ મને નથી ઘટતો પરંતુ તમને ઘટે છે. તમારી કૃપા વિના મારાથી આ કાર્ય ના કરી શકાત. તમારી કૃપાથી જ મને વિજય તેમજ યશ મળ્યો છે. સાચું કહું તો મેં કોઈ મોટું પરાક્રમ કર્યું છે એવું જરાપણ નથી લાગતું. આ કાર્ય કઠિન હોવા છતાં એની સિદ્ધિ માટે વધારે પરાક્રમની જરૂર જ ન હતી. ધનુષ્યને મેં રમતાં રમતાં ઉપાડ્યું અને એને ચઢાવવા ગયો ત્યાં જ મારા આશ્ચર્ય વચ્ચે એ જોતજોતામાં તૂટી પડ્યું. એમાં પરાક્રમ છે જ ક્યાં ?

‘એ જ પરાક્રમ છે, રામ! રાજા જનક એ જ પરાક્રમની ચાહના કરતા હતાં. એ પરાક્રમ પર જ જનકનંદિની સીતાના સ્વયંવરનો આધાર હતો અને તમે જેમને સામાન્ય સમજો છો તે પરાક્રમ કરવા મોટા મોટા મહારથીઓ કે વીરો આવ્યા તો પણ એ પરાક્રમ ના કરી શક્યા. માટે તમે એ અદ્દભુત પરાક્રમ કરવા માટે અભિનંદનના અધિકારી છો.’

લક્ષ્મણે પણ રામને શાબાશીના શબ્દો કહી બતાવ્યા.

‘આજે આપણું કુળ પાવન થયું ને વધારે મહિમામય બન્યું. મને સાચેસાચ શાંતિ થઈ. આ અવસરનો અસીમ આનંદ મારાથી વાણી દ્વારા નથી વર્ણવી શકાતો. હું આ અનેરા અમુલખ અવસર પર અનેક અભિનંદન આપું છું, અને મારી આત્મિક આકાંક્ષાઓ અભિવ્યક્ત કરું છું.‘

રાજા જનકના લોચન ભીના થયા. એમના મુખમંડળ પર ઉલ્લાસ છવાઈ ગયો.

એમણે મુનિ વિશ્વામિત્રને કહ્યું: ‘રામને અહીં લાવીને તમે મારા પર ઘણો મોટો અનુગ્રહ કર્યો. એમને લીધે જ મારી પ્રતિજ્ઞા સચવાઈ શકી ને મારું વદન હસતું રહી શક્યું. અણીને વખતે એમણે જ મારી લાજ

રાખી. એ ના હોત તો આજે મારે માટે જીવવું અકારું થઈ પડત. મારી અવસ્થા અતિશય કરુણ બની જાત. એ કરુણ દશામાંથી મને મુક્ત કરવાને માટે તમારો તથા રામનો બંનેનો ઉપકાર માનું છું. આ ઉપકારનું ઋણ મારાથી કેમે કરીને નથી વાળી શકાતું. જે કાંઈ થયું છે તે સારું જ થયું છે. વિધાતાએ થોડોક વખત મારી કસોટી કરીને મને વિહ્વળ કર્યો, પરંતુ છેવટે બધું જ સારું કર્યું એ જોઈને મને અપાર આનંદ થઈ રહ્યો છે. મેં સભામાં જે શબ્દો કહેલાં તે વેદનાથી વ્યથિત થઈને કહ્યા હતાં. તે શબ્દો જો દુઃખદ લાગ્યા હોય તો લાચાર છું અને ક્ષમા માંગું છું.

જનકની સૂચનાથી ઊર્મિલા તથા સખીઓ સાથે સીતા ધીમે પગલે આગળ વધી.

એના અનુરાગમય અંતરમાં અને અંગેઅંગમાં આનંદનો અર્ણવ ઉછળી રહ્યો. ચહેરા પર અદ્દભુત કાંતિ છવાઈ ગઈ.

એની આંખ કૃતાર્થતાની કોમળ રેખાથી ભરાઈ ગઈ તેમજ કોઈ અપાર્થિવ પ્રકાશથી ચમકી રહી.

રામના કંઠમાં એણે સહેજ સંકોચ સાથે પુષ્પોની તાજી માળા, વરમાળા કે વિજયમાળા પહેરાવી દીધી. એ સુંદર સુવાસિત માળાની સાથે રામને એણે પોતાના સ્નેહસભર હૃદયની સઘળી સામગ્રી સમર્પિત કરી.

કેટલાક દ્વેષભાવને લીધે એ દૃશ્યને જોઈ ના શકવાથી ચાલતા થયાં. મહર્ષિ વિશ્વામિત્રે ને રાજા જનકે બંનેને આશીર્વાદ આપ્યાં.

આ શુભ સમાચાર મહારાજા દશરથને તથા મહર્ષિ વસિષ્ઠને પહોંચાડવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી.

રામ તથા સીતા એકમેકની પાસે ઊભા રહ્યા ત્યારે ઊર્મિલાને અનહદ આનંદ થયો.

બધું એની ભાવના પ્રમાણે બન્યું એ જોઈને એ પોતાને બડભાગી કે કૃતાર્થ માનવા લાગી.

પરંતુ.....રાવણના રોષનો પાર ના રહ્યો.

એણે પોતાના સાથીદારોને ઉદ્દેશીને કહ્યું : 'મને તો લાગે છે કે જનકે પહેલેથી જ કોઈક કરામત કરી રાખી હશે. એટલે જ રામથી આ ધનુષ્ય ઉંચકી શકાયું. નહિ તો આવું બને જ નહિ. સંસારમાં મારા કરતાં વિશેષ પરાક્રમી કોઈ છે જ નહિ. રામે ધનુષ્ય ઉપાડ્યું ને તોડ્યું છે અને સીતાએ હસતાં હસતાં એને વરમાળા પહેરાવી છે, છતાં પણ જોઉં છું તો ખરો કે એ સીતાને કેવી રીતે લઈ જાય છે ! જરૂર પડશે તો રામની સાથે લડીને તેમજ રામને હરાવીને પણ હું સીતાનું હરણ કરી જઈશ. મારામાં એવી શક્તિ છે. મારો હાથ ધનુષ્યની નીચે દબાઈ ગયો ત્યારે એ ઉપહાસ કરતાં કેવું હસી પડેલી ? એ હાસ્ય મારા હૃદયમાં બાણની પેઠે વાગી ગયેલું. અને અત્યારે એ કેટલો બધો હર્ષ બતાવી રહી છે ! આ ખુલ્લેખુલ્લો પક્ષપાત કે દગો નથી તો બીજું શું છે ? મને તો આમાં દગો જ દેખાઈ રહ્યો છે.'

'હા. દગો જ છે દગો.' એના સાથીદારો બોલી ઉઠ્યા: 'અમને પણ આમાં દગો જ દેખાય છે. તમારા બાહુબળને બતાવવાનો સમય હવે પાસે છે.'

જનકે કહ્યું: 'હવે તો સ્વયંવર મંડપમાં બેઠેલા બધાના બાહુબળની પરીક્ષા થઈ ચૂકી છે અને કોણ સૌથી વધારે પરાક્રમી છે તે પણ સાબિત થઈ ચૂક્યું છે એટલે બાહુબળને બતાવવાનો તો હવે પ્રશ્ન જ નથી રહેતો. બાહુબળને બતાવવાનો વખત પહેલાં પૂરતો હતો.

રાવણ અને તેના સાથીદારો વધારે ઉત્તેજિત બની ગયા. એ જેમતેમ બોલવા લાગ્યા. પરંતુ એટલામાં તો સ્વયંવર મંડપની બહાર નાસભાગ શરૂ થઈ. કોઈ મહાન અનિષ્ટ અથવા અમંગલ આવી પડ્યું હોય એવું લાગવા માંડ્યું. રાજાઓ અને રાજકુમારો કાળને જોઈને નાસતાં હોય તેમ જુદી જુદી દિશામાં નાસવા લાગ્યા. બાહુબળને બતાવવાની વાતો કરનાર રાવણ પણ નાહિંમત બની ગયો. એ કશું જ બોલી ના શક્યો. ને સ્વયંવર મંડપમાંથી ધીરેથી સરકી ગયો.

અજાણ્યા, ડઘાઈ ગયેલા રાજાઓ એ કોલાહલ સાંભળીને એકમેકને પૂછવા લાગ્યા : 'આ બધો ખળભળાટ શેનો છે ? આ નાસભાગ શેની થઈ રહી છે ? કોઈનો કાળ આવ્યો છે કે શું ?'

'હા, કાળ આવ્યો છે.' કોઈકે કહ્યું.

'કોઈનો નહિ પણ સૌનો કાળ. તમને હજુ ખબર નથી કે ઋષિશ્રેષ્ઠ વીર પરશુરામ આવી રહ્યા છે ?'

'પરશુરામ ?'

'હા. પરશુરામ.'

અને પ્રશ્ન પૂછનાર રાજાઓ ને રાજકુમાર પણ પોતાની રક્ષા માટે દોડવા માંડ્યાં.

* * * * *

## ૧૧. પરાક્રમનો પરચો

પરશુરામની ધાક એવી અજબ હતી. એ ઋષિશ્રેષ્ઠથી મોટા મોટા મહારથીઓ ને વીર રાજાઓ પણ ડરતા રહેતા. ક્ષત્રિયોનું નિકંદન કાઢવાની પ્રતિજ્ઞા લેનાર અને એ પ્રતિજ્ઞાને પાળવા માટે ભયંકર કર્મ કરનાર પરશુરામના નામ માત્રથી ભલભલા શૂરવીરોના છક્કા છૂટી જતા.

એ મહાપુરુષે જાણ્યું કે શંકરના ધનુષ્યને કોઈએ સીતાના સ્વયંવરમા તોડી નાખ્યું છે, એટલે એ વાયુ વેગથી, પોતાની ઈચ્છાનુસાર ગતિ કરવાની અલૌકિક શક્તિથી, એકાએક અને આંખને મીંચીને ઉઘાડીએ એટલી જ વારમાં, મિથિલા નગરીમાં દોડી આવ્યા. એમના રોષનો પાર ના રહ્યો.

લાલઘુમ લોચનવાળા એ પ્રતાપી મહાપુરુષ રાજા જનક આગળ આવીને ઊભા રહ્યા એટલે જનકે એમને પ્રણામ કર્યા અને એમનું સ્વાગત કર્યું.

મુનિ વિશ્વામિત્ર, રામ અને લક્ષ્મણ પણ એમને પ્રણામ કરીને ઊભા રહ્યા.

રાજા જનકે નમ્રતાને ટપકાવતાં કહ્યું: 'આ અમુલખ અવસર પર આપના જેવા સત્પુરુષના શુભાગમનથી અમને અત્યંત આનંદ થયો. હું આપનું અંતઃકરણપૂર્વક સ્વાગત કરું છું. આપના દર્શનથી મારા લોચન ધન્ય બન્યાં ને મારું જીવન સફળ થયું. આપના જેવા મહાપુરુષનું દર્શન કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે નથી થતું.'

પરંતુ જનકના એ શબ્દો પરશુરામને સહેજ પણ પ્રસન્ન ના કરી શક્યા.

એમના મુખમંડળની કઠોરતામાં સહેજ પણ ફેરફાર ના થયો.

હાથની પરશુને ખભા પર મૂકીને પરશુરામ કાંઈક કઠોર સ્વરમાં બોલ્યા: 'તમે મારું સ્વાગત કરો છો તે બરાબર છે. એ સ્વાગતનો હું સ્વીકાર કરું છું પરંતુ આ ધનુષ્ય કોણે તોડ્યું તે હું જાણવા માગું છું. મારે એનો મુકાબલો કરવો પડશે.'

મુનિ વિશ્વામિત્રે કહ્યું: 'ધનુષ્ય તો દશરથપુત્ર રામે તોડ્યું છે. સીતાના સ્વયંવર માટે રાખવામાં આવેલા એ ધનુષ્યને ઉપાડવાની, ચઢાવવાની કે તોડવાની રાજા જનકે શરત રાખેલી. એ શરત અતિશય આકરી હોવા છતાં રામે તો એનું પાલન જ કર્યું છે.'

'રામે એ શરતનું પાલન ભલે કર્યું, પરંતુ મારે એમની સાથે લડીને એમના બળને ચકાસી જોવું પડશે. એ સિવાય મને શાંતિ નહિ મળે.'

સીતા અને ઊર્મિલા તો આ એકાએક પેદા થયેલી પરિસ્થિતિ જોઈને આભી જ બની ગઈ.

એમને ચિંતા થવા માંડી કે હવે શું થશે ! અત્યાર સુધીના ઉત્સવમય વાતાવરણમાં અમંગલ ઘટના ક્યાંથી આવી પડી ? એ એમને ના સમજાયું.

રાવણ જેવા કેટલાક વિઘ્ન સંતોષી રાજાઓ દૂર ઊભા ઊભા એ સંવાદ સાંભળવા લાગ્યા અને હવે રામનું આવી બન્યું એ વિચારે રાજી રાજી થવા માંડ્યા. પરશુરામની અસાધારણ શક્તિની એ સૌને માહિતી હતી. એમનો રોષ જો ભભૂકી ઉઠે તો એ બ્રહ્માંડને પણ ભસ્મ કરી દે એમાં એમને શંકા ન હતી.

રામને માટે લાગણી ધરાવનારા કોઈ કોઈ રાજપુરુષો આ ઘટનાથી દુઃખી થઈ રહ્યા, ને પરસ્પર કહેવા માંડ્યા: 'આવા પવિત્ર ને પુણ્યમય પ્રસંગ પર આ પરશુરામ ક્યાંથી ટપકી પડ્યાં ? રામને એમના પરાક્રમ બદલ અભિનંદન અને આશીર્વાદ આપવાને બદલે એમની સાથે લડવાની વાત કરતાં એમને શરમ નથી આવતી ?'

'જે જીવનભર વેરભાવને વશ બનીને લડતા જ રહ્યા છે એમને શરમ ક્યાંથી આવે ?'

'એમને વળી શરમ સાથે વળગે જ શું ?'

'એમને શરમ જેવું કાંઈ હોત તો આવી રીતે ધનુષ્યભંગના સમાચાર સાંભળીને તોફાની પવનની પેઠે એકાએક દોડી આવત ખરા ?'

'એ ભલેને પ્રલાપ કરે ને રામની સાથે લડવાની યોજના ઘડે. એમની યોજના ધૂળમાં મળશે અને એમના પ્રલાપ પ્રલાપ જ રહી જશે. રામનું સામર્થ્ય કેટલું બધું અનંત છે તેની માહિતી એમને નથી મળી લાગતી. એટલે જ એ જેમ ફાવે તેમ બકવાદ કરી રહ્યા છે. પરંતુ રામનું બળ જોશે એટલે એ ઠેકાણે આવી જશે.'

'રામને સાધારણ ક્ષત્રિય જેવા જાણીને એ એમને ડરાવવા ને દંડ દેવા આવ્યા છે. પરંતુ એક રીતે જોતાં તો જે થયું છે તે સારું જ થયું છે. રામને દંડ દેવા જતાં એ પોતે જ એવા કઠોર દંડનો ભોગ બનશે કે ક્ષત્રિયોનું નામ લેવાનું કે એમની પાછળ પડવાનું જ ભૂલી જશે.'

'રામ એમને પોતાના અસીમ સામર્થ્યનો થોડો ઘણો પરચો બતાવે તો ઘણું સારું.'

પરશુરામના શબ્દો સાંભળીને લક્ષ્મણની ઉત્તેજના જરાક વધી ગઈ. પરંતુ રામ એવા જ શાંત રહ્યા ને બોલ્યા: 'મુનિશ્રેષ્ઠ, તમે નકામા રોષે ભરાયા છો. શંકરના ધનુષ્યને મેં તોડ્યું એમ કહેવા કરતાં એ ધનુષ્ય મારાથી તૂટી ગયું એમ કહેવું જ બરાબર છે, ધનુષ્યને તોડવાની મારી ઈચ્છા જરા પણ ન હતી. એને માટે મેં કોઈ વિશેષ પુરુષાર્થ પણ નથી કર્યો. હું તો ધનુષ્યને ઉઠાવવા માટે જ આગળ વધેલો. એને સ્પર્શ કરતાંવેંત એ એક રમકડાંની પેઠે ઉચકાઈ ગયું ને તૂટી ગયું. એમાં મારો દોષ જરા પણ નથી.'

પરશુરામ જરા કડકાઈથી બોલ્યા : 'હું એવો ખુલાસો સાંભળવા માટે નથી આવ્યો, પરંતુ શક્તિનું પ્રદર્શન કરવા તથા કરાવવા માટે આવ્યો છું. મને બીજા સ્પષ્ટીકરણમાં રસ નથી પડતો.'

લક્ષ્મણે કહ્યું: 'શક્તિનું પ્રદર્શન કરવા તથા કરાવવાના કામમાં તમને રસ કેવી રીતે ને ક્યારથી પડ્યો ? મને ખબર છે ત્યાં સુધી તો તમે બ્રહ્મર્ષિ છો; અને બ્રહ્મર્ષિના કર્મો શાસ્ત્રોએ જુદી જુદી જાતનાં કહી બતાવ્યા છે તે તો સર્વવિદિત છે. તમારે ખભે પરશુ શોભે છે એ દેખીને મને નવાઈ લાગે છે ને દુઃખ થાય છે. આવી નીતિરીતિમાં શાસ્ત્રની કયી મર્યાદાનું પાલન છે તે હું મંદબુદ્ધિ હોવાથી કે ગમે તે કારણે પણ નથી સમજી શકતો.'

'શાસ્ત્રોક્ત કર્મોના સંબંધમાં તારે મને ઉપદેશ આપવાની જરૂર નથી.' પરશુરામ તાડૂકી ઉઠ્યા : 'એ કર્મો સંબંધી હું બરાબર જાણું છું તથા મારો ધર્મ પણ સમજુ છું. તું મને તારા કહ્યા પ્રમાણે ખરેખર બ્રહ્મર્ષિ માનતો હોત તો આવાં જવાબદારી વગરનાં વચનો ના કહેત. હું તો રામના પરાક્રમની પરીક્ષા કરવા આવ્યો

છું. તે છતાં તું તને રામના કરતાં વધારે પરક્રમી માનતો હોય તથા તારા પરાક્રમની પરીક્ષા આપવા ચાહતો હોય તો હું તેને માટે તૈયાર છું. વિશ્વામિત્ર, આ વચ્ચે બોલનારો છોકરો કોણ છે ?'

વિશ્વામિત્રે એનો પરિચય કરાવતાં કહ્યું: 'એ અયોધ્યાપતિ મહારાજા દશરથના પુત્ર રામનો નાનો ભાઈ લક્ષ્મણ છે. એનો સ્વભાવ સહેજ ઉતાવળો છે. તેથી તમે એના શબ્દોને ગંભીરતાથી ના લેતા તથા એ શબ્દોથી માઠું પણ ના લગાડતા. રામે ધનુષ્યનો ભંગ કરીને કોઈ અપરાધ કર્યો હોય તો તમે બ્રહ્મર્ષિ હોવાથી ઉદાર દિલે ક્ષમા કરો.'

રાજા જનક બોલ્યા: 'ધનુષ્યના ભગંની આટલી નાની વાતમાં આવી રીતે રોષે ભરાઈ જવું બરાબર નથી લાગતું. રામ ભૂલેચૂકે પણ કોઈનો અપરાધ કરવાનો સ્વભાવ નથી ધરાવતા.'

'ધનુષ્યનો ભંગ કરીને મેં તમારો કે કોઈનો અપરાધ કર્યો હોય એવું મને નથી લાગતું. કોઈનો અપરાધ કરવાની વૃત્તિ મારી અંદર પહેલેથી પેદા જ નથી થતી. છતાં પણ મારો અપરાધ મને કહી બતાવવામાં આવશે તો હું ક્ષમા માગવા માટે સહેજ પણ સંકોચ વિના તૈયાર થઈશ.'

રામનાં વિનયયુક્ત વચનો સાંભળીને પરશુરામ બોલ્યા: 'તો પણ તમારે મને આજે તમારી શક્તિનો પરચો તો બતાવવો જ પડશે. શંકરના પ્રતાપી ધનુષ્યને તમે તોડી પાડ્યું એ હકીકત કાંઈ જેવી તેવી તો નથી જ. મોટા મોટા મહાવીરો પણ એને ઉપાડવામાં પાછા પડ્યા છે. એ ધનુષ્યનો મહિમા ઘણો મોટો છે.'

મહર્ષિ વિશ્વામિત્રે કહ્યું: 'મુનિશ્રેષ્ઠ ! રામ શક્તિશાળી છે પરંતુ પોતાની શક્તિનો પરચો જરૂર વગર કોઈને પણ નથી બતાવતા. એ શક્તિનો પરચો બતાવવાનો આગ્રહ શા માટે રાખો છો ? તમારી આગળ તો એ બાળક છે. તમારો જન્મ તો સ્વાધ્યાય વૃત્તિવાળા સર્વોત્તમ ભાર્ગવ કુળમાં થયો છે તથા તમે એક મહાન યોગી, તપસ્વી તથા બ્રહ્મજ્ઞાની છો. રામની સાથે યુદ્ધે ચઢવાનો તો તમને વિચાર પણ ના આવવો જોઈએ. યુદ્ધ તો સમાનનું હોય. તમારું ને રામનું યુદ્ધ શોભે જ નહિ.'

લક્ષ્મણ બોલી ઊઠ્યા: 'એમને રામના સામર્થ્યની કસોટી કરવાની કામના હોય તો રઘુવંશી રામ એવી કસોટીથી નથી ડરતા. એ એમને પોતાના પરાક્રમનો સ્વાદ ચખાડશે. યુદ્ધમાં પીઠ ના બતાવવી અથવા પરાક્રમનો પરચો બતાવવો એ ક્ષત્રિયોનો ધર્મ છે. એ ધર્મના પાલનમાં એ કાળથી પણ નથી ડરતા. પરંતુ મને ભાર્ગવ કુલોત્પન્ન પરશુરામનો વેશ અને વ્યાપાર જોઈને આશ્ચર્ય થાય છે. તપસ્વી, યોગી કે જ્ઞાની કહેવાતા ઋષિશ્રેષ્ઠના મનમાં પરમાત્માના સાક્ષાત્કારની ઈચ્છાનો ઉદય થવાને બદલે બીજાના બળનો મુકાબલો કરવાની લાલસા પેદા થઈ છે એ ખરેખર નવાઈ જેવું છે. કે પછી રામે રમત માત્રમાં ધનુષ્યનો ભંગ કર્યો ને રઘુકુળને અક્ષય યશ ધર્યો એ જોઈને એમની છાતીમાં દાહ પેદા થયો છે ?'

પરશુરામ લક્ષ્મણ તરફ ભારે કરડાકીથી જોઈ રહ્યા ને બોલ્યા: 'લક્ષ્મણની જીભ જરા ઝડપથી ચાલે છે પરંતુ બાળક જાણીને એને કશો ઉત્તર આપવાનું ઉચિત નથી માનતો. છતાં પણ જો એ આમ ને આમ બોલ્યા કરશે તો મારે એને દંડ દેવો પડશે.'

'તમે તો બધાને દંડ જ દેવા નીકળ્યા છો ને ? દંડ વગર તમને બીજું સૂઝે છે જ શું ? તમારે દંડ દેવો હોય તો હું આ ઊભો રહ્યો. તમારી સામે જ છું. પરંતુ દંડ દેતાં પહેલાં દંડના ભાગી ના બનાય તેનું ધ્યાન

રાખજો. બ્રાહ્મણે અને એ પણ એક બ્રહ્મજ્ઞાની મનાતા ઋષિએ બીજાને દંડ દેવાનો ધર્મ ક્યારથી અપનાવ્યો અને ક્યા શાસ્ત્રના આદેશથી અપનાવ્યો તેની સમજ મને નથી પડતી.'

મહર્ષિ વિશ્વામિત્રે, રાજા જનકે ને રામે લક્ષ્મણને શાંત રહેવાનો સંકેત કર્યો એટલે લક્ષ્મણ આગળ ના બોલ્યા.

ઊર્મિલા લક્ષ્મણના શબ્દોને વ્યગ્ર ચિત્તે સાંભળી રહી. લક્ષ્મણની નીડરતા જોઈને એ રાજી થઈ પરંતુ એને લાગ્યું કે પરશુરામ જેવા વીર પુરુષને વધારે ને વધારે કોપિત કરવાને બદલે મૌન સેવવું વધારે હિતાવહ છે. સીતાને પણ લાગ્યું કે પરશુરામ જો વધારે કુપિત થશે તો પરિસ્થિતિ બગડી જશે અને રંગમાં ભંગ પડશે. એના મુખ પર પણ ચિંતા ફળી વળી.

પરશુરામ લક્ષ્મણ તરફ તાકી રહેલા. એમને ઉદ્દેશીને રામ કહેવા માંડ્યા: 'લક્ષ્મણના વચનને ગંભીરતાથી ગ્રહણ ના કરતા. એનો સ્વભાવ થોડોક ચંચળ છે. એ સ્વભાવને અનુલક્ષીને જ એ મારા પરના પ્રખર પ્રેમને લીધે એવું બધું બોલ્યા કરે છે. મારી કસોટી કરવાની કે મારા પરાક્રમનો પરચો જોવાની આકાંક્ષા તમે પ્રકટ કરી છે તેથી મને સહેજ પણ પ્રસન્નતા નથી થતી. સાચું કહું તો એથી મને ખેદ જ થઈ રહ્યો છે. તમે મારા વડીલ છો, ગુરુજન છો, પૂજ્ય છો, ને તમારી આગળ હું તો માત્ર શિશુ છું. હું તમારા જેવા પ્રતાપી મહાપુરુષને મારા પરાક્રમનો પરચો કેવી રીતે બતાવું તથા તમારી કસોટીમાંથી પાર પણ કેવી રીતે ઉતરી શકું ? મારી કસોટી કરવાનું કારણ જ ક્યાં છે ?'

પરશુરામની સ્થિતિ વિચિત્ર બની ગઈ. લક્ષ્મણના શબ્દોથી ઉત્તેજીત થયેલું તથા રોષે ભરાયલું એમનું મન રામના સરળ, સુધામય શબ્દોથી શાંત બની ગયું. પોતાના રોષને થોડોક ઠંડો કરીને બોલ્યા:

'તમારા નમ્ર ને સરળ શબ્દોને સાંભળીને મારો પ્રાણ પ્રસન્ન થાય છે. છતાં પણ તમારા બળની કસોટી કરવાનો વિચાર હું નથી છોડી શકતો. સ્વયંવરમાં તમે તોડેલું ધનુષ્ય કોઈ સાધારણ ધનુષ્ય ન હતું, એટલે તમારી શક્તિ પણ કાંઈ સાધારણ તો નહિ જ હોય. એ ધનુષ્યનો ઈતિહાસ તમે તો જાણતા જ હશો.'

'ના હું એ ઈતિહાસથી એકદમ અનભિજ્ઞ છું.'

'મહર્ષિ વિશ્વામિત્ર તથા રાજા જનક એ ઈતિહાસને સારી પેઠે જાણે છે. છતાં પણ એ ઈતિહાસ એમણે તમને નહિ કહ્યો હોય. એ ધનુષ્યનો મહિમા ઘણો મોટો છે. વિશ્વકર્માએ બે શ્રેષ્ઠ ને દિવ્ય ધનુષ્ય બનાવેલાં. એ અત્યંત પ્રબળ હોવાથી સમસ્ત સંસાર એમને સન્માનની નજરે જોયા કરતો. એ ધનુષ્યમાંથી એકને ત્રિપુરાસુર સાથે યુદ્ધ કરવા માટે દેવતાઓએ ભગવાન શંકરને અર્પણ કરેલું. ભગવાન શંકરે ત્રિપુરાસુરનો નાશ કર્યા પછી એ ધનુષ્ય બાણ સાથે રાજર્ષિ દેવરાતને આપી દીધેલું. દેવરાત જનકના પૂર્વજ હોવાથી એ ધનુષ્ય કાળક્રમે જનકને પ્રાપ્ત થયું અને એમણે પોતાની સુપુત્રી સીતાના સ્વયંવર માટે નક્કી કર્યું.'

'અને વિશ્વકર્માએ બનાવેલું બીજું ધનુષ્ય ? એનું શું થયું ? એનો ઈતિહાસ જાણવાની પણ મારી ઈચ્છા છે.'

'એ ધનુષ્યનો ઈતિહાસ પણ રોચક છે અને જાણવા જેવો છે. એ બીજું ધનુષ્ય દેવતાઓએ ભગવાન વિષ્ણુને સુપ્રત કરેલું. એ પછી ભગવાન વિષ્ણુ દ્વારા એ ધનુષ્યને ભૃગુવંશી ઋચીક મુનિને ત્યાં રાખવામાં આવ્યું. એવી રીતે એ દૈવી ને પ્રતાપી ધનુષ્ય પરંપરાગત રીતે મારા પૂર્વજોના અધિકારમાં રહેતું આવ્યું છે.

એ ધનુષ્ય અત્યારે મારા હાથમાં શોભી રહ્યું છે તે જ છે. મારી ઈચ્છા છે કે તમે એને ઉપાડીને એના પર શરસંધાન કરો. એમ કરવાથી તમારા સામર્થ્યનો પરિચય મળી રહેશે. તમે જો એના પર શરસંધાન કરી શકશો તો મારે તમારી સાથે યુદ્ધમાં ઉતરવું પડશે.'

સીતા અને ઊર્મિલાને પરશુરામના એ શબ્દો ભારે કઠોર અને દુઃખદ લાગ્યા.

રાવણ જેવા રાજાઓ એ શબ્દોથી પ્રસન્ન થયા. પરંતુ પરશુરામે એ બધાને ચાલ્યા જવાની આજ્ઞા કરી એટલે ક્રમે ક્રમે સૌ ભયના માર્યા પલાયન થયા.

મહર્ષિ વિશ્વામિત્રે અને જનકે વારંવાર વિનવણી કરી છતાં પરશુરામ ના માન્યા અને પોતાના આગ્રહને વળગી રહ્યા ત્યારે લક્ષ્મણે કહ્યું :'વીર પુરુષો કદી અનુનય કે વિનય નથી કરતા પરંતુ પોતાના પરાક્રમનો પરચો જોવો જ હોય તો આપણને એ બતાવવાની હરકત પણ ક્યાં છે ?'

લક્ષ્મણના વચનો ઊર્મિલાને ગમ્યાં તો ખરાં, પરંતુ એને એમાં કશાક અમંગલની આશંકા લાગી એટલે એ બોલી :'પરાક્રમનો પરચો જોવાનો આગ્રહ મુનિપ્રવર પરશુરામ જો પડતો મૂકે તો સારું.'

રામે કહ્યું :'તમારી આટલી બધી ઉત્કટ ઈચ્છા છે તો હું તમને પરચો બતાવીશ. રઘુવંશીઓ એવો પરચો બતાવવામાં પાછા નથી પડતા. મહર્ષિ વિશ્વામિત્રની મારા પર કૃપાદૃષ્ટિ છે પછી મારે શેની ભીતિ છે ? એમના કૃપાપ્રસાદથી હું જરૂર સફળ થઈશ.'

એટલું કહીને રામે પરશુરામના હાથમાંથી ધનુષ્ય લઈ લીધું અને એના પર જોતજોતામાં બાણ ચઢાવી દીધું. બાણને ચઢાવીને એ બોલ્યા:

'મુનિશ્રેષ્ઠ! તમે બ્રહ્મર્ષિ હોવાથી મારા પૂજ્ય છો એટલે આ પ્રાણનાશક બાણને તમારા શરીર પર નથી છોડતો. તમે કહેતા હો તો તપશ્ચર્યાના પ્રભાવથી તમને જે ઈચ્છાનુસાર ગતિ કરવાની શક્તિ મળી છે તે શક્તિનો નાશ કરી દઉં અને એવી રીતે મારા પરાક્રમનો વધારે પરચો બતાવી આપું.'

પરશુરામ તો રામનું પરાક્રમ જોઈને ઠરી જ ગયા.

એ નમ્રતાપૂર્વક બોલ્યા : 'મારી ઈચ્છાનુસાર ગતિ કરવાની શક્તિનો નાશ ના કરશો. એ શક્તિ વગર હું અપંગ બની જઈશ. તમે આ ધનુષ્યને ચઢાવી દીધું તેથી મને ખાતરી થઈ કે તમે કોઈ સાધારણ પુરુષ નથી જ. તમારો મુકાબલો યુદ્ધમાં કોઈનાથી નથી કરી શકાય તેમ. તમારે હાથે હારવું પડ્યું તેનો મને લગારે અફસોસ નથી થતો. કારણ કે તમે અત્યંત મહાન છો, ત્રિલોકના નાથ છો, અથવા અંશાવતાર છો. મેં તમારી સાથે કરેલા કઠોર વર્તન માટે હું તમારી ક્ષમા માંગુ છું. હવે હું તમને બરાબર ઓળખી શક્યો.'

એ પછી રામે પરશુરામની ઈચ્છાથી બાણ છોડી એમણે તપ દ્વારા મેળવેલા દૈવી લોકોથી એમને વંચિત કર્યા. પરશુરામ એમની સ્તુતિ કરીને મહેન્દ્ર પર્વત પર તપ કરવા માટે વિદાય થયા.

રાવણ જેવા રાજાઓએ પરાક્રમની વાત જાણીને રામનો સંયુક્ત સામનો કરવાની ઈચ્છા પડતી મૂકીને પોતપોતાના ઘર પ્રત્યે પ્રસ્થાન કર્યું.

સીતા અને ઉર્મિલાને તો આનંદ જ થયો પરંતુ લક્ષ્મણ, જનક ને વિશ્વામિત્રનો ઉલ્લાસ વધી ગયો.

એમણે રામને અભિનંદન આપ્યાં.

* * * * *

## ૧૨. નિષ્કામની કામના

સ્વયંવર મંડપમાંથી બધાં વીખરાયાં એટલે ઊર્મિલાએ સીતાને પોતાના આનંદની અભિવ્યક્તિ કરતાં ઘણાં ધીમા છતાં મધુર સ્વરે કહેવા માંડ્યું :'તારું સૌભાગ્ય ઘણું જ શ્રેષ્ઠ છે, સીતા ! સર્વશ્રેષ્ઠ.'

'કેમ ? એવું કહેવાનું ક્યાંથી સૂઝયું ?

'રામ જેવા પતિ મળ્યાં એ કાંઈ ઓછા સૌભાગ્યનું પરિણામ કહેવાય કે ? એવા પતિ તો ભાગ્યે જ કોઈકને મળી શકે. તારા પર જગદંબાની કૃપા છે અને દેવર્ષિ નારદની પણ. એમની વાણી સાચી ઠરી. રામના દર્શન માત્રથી તારા હૃદયમાં જે સાત્વિક અને સાચો સ્નેહ થયેલો તે સફળ થયો. તારી એમને માટેની ભાવોર્મિ કૃતાર્થ થઈ. તે જે ઈચ્છયું કે માંગ્યુ તે જ વિધાતાએ પૂરું પાડ્યું. એનાથી અધિક સુખદ સૌભાગ્ય બીજું કયું હોઈ શકે ? એવું સૌભાગ્ય તો સૌ કોઈ ઈચ્છે. પરંતુ એક વાત કહું ? મને તો થતું'તું કે મુનિપ્રવર પરશુરામ અને લક્ષ્મણ વચ્ચે સંઘર્ષ શરૂ થઈ જશે તો બધીયે બાજી બગડી જશે. લક્ષ્મણના શબ્દો સાંભળીને પરશુરામ ખૂબ જ રોષે ભરાઈ ગયેલા. એ તો રામે સુંદર સરળ શબ્દોથી એમને શાંત પાડ્યા, નહિ તો ભારે અમંગલ થઈ જાત.'

'સાચું છે. લક્ષ્મણ વીર છે એ તો ખરું જ, પરંતુ એ ઉપરાંત રામ પ્રત્યેના પરમ પ્રેમથી ભરપૂર છે. એટલે એમનાથી પરશુરામનો વ્યવહાર સહન નહોતો થતો. પરંતુ સારું થયું કે બધું સલામત રીતે પતી ગયું.'

ઊર્મિલાએ વિનોદ કરતાં કહ્યું : 'હા. તારે તો પતી ગયું.'

સીતા સુમધુર સ્મિત કરતાં ઊર્મિલાનો હાથ પકડીને બોલી ઊઠી :'મારું પતી ગયું એ વાત બરાબર છે, પરંતુ તારું પણ કાંઈ પત્યા વિના રહેવાનું છે ?'

'તારો તો સ્વયંવર થયો પણ મારો સ્વયંવર ક્યાં કરવામાં આવ્યો છે ? નજદીકના ભવિષ્યમાં એની સંભાવના પણ નથી લાગતી.'

'છતાં પણ પિતાજી તારી લાગણીને જાણે છે ને સારી પેઠે જાણે છે. સમય પર એ લાગણીને સંતોષવા માટે એ ઘટતું કરશે જ. મને તો એવી ખાતરી છે.'

ઊર્મિલા થોડીક વાર અટકી વિચાર કરીને બોલી : 'મારું મન તો કોણ જાણે કેમ પણ લક્ષ્મણ પ્રત્યે જ ખેંચાઈ રહ્યું છે. એમને માટે મારું હૃદય વિશેષ સ્નેહનો અનુભવ કરી રહ્યું છે. પ્રાણ એમની આજુબાજુ ફરે છે અને એક પ્રકારના મીઠા રસનો અનુભવ કરે છે. જે મળવાનું નથી તેની તે કામના કરે છે. એ શું કરુણ અને વિચિત્ર નથી લાગતું ?'

'વિચિત્ર તો જરૂર લાગે, પરંતુ મારા મનની અવસ્થા પણ એવી જ હતી ને ? એ પણ અશક્ય જેવા ભાસતા દશરથનંદન રામના નિત્ય સહવાસનાં સ્વપ્નાં સેવતું. એ સ્વપ્નાં અત્યંત સુખદ હતાં, તો પણ હતાં તો સ્વપ્નાં. કોને ખબર હતી કે એ સ્વપ્નાં એક ધન્ય દિવસે સાચાં પડશે ને જીવનની વાસ્તવિકતા બનશે ? એવું જ તારા સંબંધમાં છે. તારાં સ્વપ્નાં પણ સાચા પડે અથવા તારી કામના પણ પૂરી થાય એમ ઈચ્છું છું. કેટલીક વાર મન જે મળવું મુશ્કેલ હોય તેની ઝંખના પણ કર્યા કરે છે. એને માટે પણ એને રાગ થાય છે.

કોઈ વાર એને પરિણામે સુખ મળે છે તો કોઈ વાર દુઃખ, ઝંખના સફળ થાય છે તો સુખ સાંપડે છે નહિ તો દુઃખ મળે છે. એ સફળ થશે કે નહિ તે કોણ જાણે છે? છતાં પણ મન પોતાનો કામના કરવાનો સ્વભાવ નથી છોડતું.

'લક્ષ્મણ સાથે જો મારું લગ્ન થાય તો એક બીજો લાભ પણ થઈ શકે. તેની કલ્પના તું કરી શકે છે?'

'ક્યો લાભ? મારાથી તો બીજું કોઈ અનુમાન નથી કરી શકાતું.'

'કેમ એટલું પણ નથી કલ્પી શક્તી? કે પછી તું પોતે મૂક રહીને મને જ બોલાવવા માગે છે? રામ સાથે તારું લગ્ન તો નક્કી જ છે અને લક્ષ્મણ સાથે મારું લગ્ન પણ થઈ જાય તો આપણે બંને બેનો જીવનભર સાથે ને પાસે રહી શકીએ. સાચું કહું તો તારો સ્નેહ મારાથી સ્વપ્ને પણ નહિ ભૂલી શકાય. તું મને છોડીને રામ સાથે અયોધ્યા જવા તૈયાર થશે એ મારાથી સહેજ પણ નહિ સહી શકાય. તને વિદાય આપવાનું કામ મારે માટે ખૂબ જ વ્યથાજનક, કઠોર અને ભારે થઈ પડશે. તારી વિદાયની એ પળ કેટલી બધી કપરી હશે? એની કલ્પના માત્રથી હું કંપી ઉઠું છું. મને એક પ્રકારની અચિંત્ય ગભરામણ થાય છે અને મારું મસ્તક ભમવા માંડે છે. '

ઊર્મિલાની આંખ છલકાઈ ગઈ. એમાંથી પ્રવાહિત થયેલાં અશ્રુબિંદુ એના ગાલ પર થઈને નીચે પડવા માંડ્યાં. એ જોઈને સીતા સ્તબ્ધ થઈ, કરુણ બની ગઈ, ને બોલીઃ 'તારું હૃદય આટલું બધું લાગણીવાળું અને કોમળ છે છતાં પણ એને થોડુંક મજબૂત રાખ. તને મારાથી છૂટા પડવાનું નહિ ગમે તો મને પણ તારાથી છૂટા પડવાનું ક્યાં ગમવાનું છે? પરંતુ હજુ છૂટાં પડવાનો વખત ક્યાં આવ્યો છે? હજુ તો મારા વિધિપૂર્વકના લગ્નની ને મારા રામ સાથેના અયોધ્યાગમનની ઘણી વાર છે. એની કલ્પના કરીને અત્યારથી દુઃખી ના થઈશ. મારા રામ સાથેના લગ્ન પછી મારે એકલીને અયોધ્યા જવાનું થશે તો પણ પિતાજીની અનુજ્ઞા લઈને હું તને મારી સાથે જ અયોધ્યા લઈ જઈશ. ત્યાં તને લાંબા વખત સુધી અથવા તારા લગ્ન સુધી મારી પાસે જ રાખીશ.'

ઊર્મિલા ગદગદ્ સ્વરે બોલીઃ 'બીજા કોઈની સાથે લગ્ન કરીને તારાથી દૂર રહેવા કરતાં તારી પાસે રહેવાનું અને અવિવાહિતા રહીને પણ તારી પાસે રહેવાનું જ હું વધારે પસંદ કરીશ.'

સીતાએ કહ્યુંઃ 'તને જગદંબા પર વિશ્વાસ છે ને? તે બધું સારું જ કરશે એટલી શ્રદ્ધા તો મને પણ છે. અત્યારે તું દૂરદૂરના વિચારો કરીને નકામી દુઃખી ના થતી. તારો મારા પરનો પ્રેમભાવ કેટલો બધો પ્રબળ છે તે જાણું છું. આ જગતમાં કદાચ બીજું બધું જ મળી શકશે પરંતુ તારા જેવી લાગણીવાળી પ્રેમાળ બેન નહિ મળે. તારી લાગણી અને તારા પ્રખર પ્રેમભાવને મારાથી કદી પણ નહિ ભૂલી શકાય. એ તો મારા અંતરમાં કાયમને માટે અમર જ રહેશે. એની સુકોમળ અને સુખદ સ્મૃતિઓ કદી પણ નહિ કરમાય.'

એટલું કહેતાં કહેતાં સીતા અતિશય લાગણીવશ બની ગઈ. આંખમાં આંસુની માળા સાથે એ કહેવા માંડીઃ 'તારી આંખમાં આંસુ જોઈને મને કૈનું કૈ થઈ જાય છે. મારું હૈયું હાલી ઊઠે છે. તું કદાચ નહિ માને, પણ સાચું કહું છું કે તારે માટે હું મારા પ્રિયમાં પ્રિય પદાર્થનો પણ ત્યાગ કરી શકું એમ છું. તારા સુખ, સંતોષ અને આનંદને માટે રઘુનંદન રામનો ત્યાગ કરવો પડે તો પણ શું? એવો ત્યાગ હસતાં હસતાં કરી શકું. પરંતુ તને દુઃખી તો ના જ કરું.'

બંને લાંબા વખત લગી શાંત રહ્યાં એટલે ઊર્મિલાએ કહ્યું: 'અત્યાર સુધી તો બધું ધ્યાન તારા સ્વયંવર તરફ જ મંડાયલું હતું. હવે એની સુખદ સમાપ્તિ થઈ એટલે મન તારી વિદાયના અને એને પરિણામે પડનારા પ્રત્યાઘાતોના વિચારો કરવા માંડયું. એનો વ્યાપાર કેટલો બધો અદ્દભુત છે ? ઈચ્છું છું કે એને વેદનાવશ ના થવું પડે. વિધાતા એટલી કૃપા જરૂર કરે!'

'વિધાતાની કૃપા તારા પર નહિ થાય તો બીજા કોના પર થશે ? તારું હૃદય પરગજુ તથા પવિત્ર છે એટલે તારું કહેવું તો એ જલદી સાંભળશે.'

'આપણી આજની વાતચીત હર્ષશોકના સંમિશ્રણવાળી રહી. એવી અવસ્થા આપણા સમસ્ત જીવનની ના થાય એટલું તો જરૂર ઈચ્છું.'

'જગદંબા દયાળુ છે. એ એવું નહિ થવા દે.'

'હું પણ એવું જ માનું છું.'

સીતાથી છૂટી પડીને ઊર્મિલા પોતાના ભવ્ય રાજપ્રાસાદના ઉદ્યાનમાં આવી ને આમતેમ ફરવા લાગી. એના મનમાં એ જ વિચારો રમી રહેલા અને એની આંખ આગળ ધનુષ્યભંગના દૃશ્યો અવારનવાર ફરતાં રહેતાં. એની પ્રતિક્રિયા રૂપે એના મનમાં સુખદુઃખની મિશ્રિત લાગણી પેદા થયા કરતી. રામ, લક્ષ્મણ ને પરશુરામનો સંવાદ પણ એને કાને અથડાવા માંડ્યો. છેલ્લે છેલ્લે થયેલી સીતા સાથેની વાતચીત પણ એ વાગોળવા લાગી.

એ વાતચીતે એના હૃદયને ફરી વાર કરુણ કરી દીધું. એની આંખ ફરી વાર ભરાઈ આવી અને એ લાગણીવશ બનીને એક સુંદર વૃક્ષની છાયામાં બેસી ગઈ.

એને નિહાળીને એણે મનોમન કહેવા માંડ્યું: 'અશોક, તું શોકરહિત દેખાય છે, તારા નામ પ્રમાણે તું મારા જીવનને પણ શોકરહિત કરી દે અને અખંડ આનંદથી ભરી દે. મારી કામના પૂરી કરજે એટલે તારી જેમ મારું જીવન પણ અશોક બની જશે. તારી છાયાં મને ઘણી જ પ્રિય લાગે છે.'

એટલામાં તો પાછળથી કોઈનો પગરવ સંભળાયો.

ઊર્મિલાએ પાછળ જોયું તો નિષ્કામ આવતો હતો.

પહેલાં તો એના માનવામાં ના આવ્યું. પરંતુ પાછળથી બરાબર જોતાં એને ખાતરી થઈ કે એ નિષ્કામ જ છે.

આજે એ ઘણા દિવસે દેખાયો.

નિષ્કામે પાસે આવીને ઊર્મિલાની સામે બેસતાં કહ્યું: 'મારું આગમન તને ગમ્યું કે નહિ ?'

ઊર્મિલાએ ટૂંકમાં જ ઉત્તર આપ્યો: ' શા માટે ના ગમે ?'

'એ તો કાંઈ મારાથી કહી શકાય છે ? કોઈના મનના ગૂઢ ભાવોને માપવાની શક્તિ મારામાં નથી. એવી શક્તિ હોત તો તો પછી જોઈતું'તું જ શું ?'

'તારા પિતા શતાનંદે એવી કોઈ વિદ્યા નથી શીખવી ?'

'ના. એવી વિદ્યા તો એ પણ નથી જાણતા.'

'પરંતુ તું દેખાયો ઘણા લાંબા વખતે.'

'હા, હમણાંથી જરા વધારે પડતા વિચારમાં રહેતો હતો એટલે મને કશું ગમતું નહિ.'

'શેના વિચારો ?'

'સાચું કહું તો તારા જ વિચારો મને વીંટી વળે છે. તારા જ ભાવો મારા મનની અંદર ઉભરાયા કરે છે. મનને ઘણું ઘણું સમજાવું છું પરંતુ એ નથી માનતું. તારે માટે મારા હૃદયમાં પેદા થયેલા અને વેગથી ઉછળી રહેલા પ્રેમની વાત મેં તને કરી હતી. તે વખતની તારી પ્રતિક્રિયા એટલી બધી સારી ન હતી. છતાં પણ મને થયું કે તારા પ્રેમની ભિક્ષા ફરીવાર માગી જોઉં.'

ઊર્મિલાએ અશોક વૃક્ષની શાખા તરફ જોઈને કહ્યું: 'મારા પ્રેમની ભિક્ષા શા માટે માગવી પડે ? મારો પ્રેમ તો સૌના પર છે જ.'

નિષ્કામ જરાક ઉત્તેજનાપૂર્વક બોલ્યો: 'તારો પ્રેમ સૌના પર છે તે જાણું છું છતાં પણ હું તેની ભિક્ષા માગી રહ્યો છું, કારણ કે હું તને મારી કરવા ચાહું છું. મારા અંતરની એ જ આકાંક્ષા છે. એ આકાંક્ષાને પૂરી કરવાના વિચારો મને રાતદિવસ આવ્યા કરે છે. કોણ જાણે કેમ પણ મારું અંતર તને પોતાની કરવાની આકાંક્ષા સેવી રહ્યું છે.'

'એવી આકાંક્ષા પૂરી થઈ શકે તેમ નથી. તારા પર મારો સ્નેહ તો જેવો છે તેવો જ રહેશે, પરંતુ હું એથી આગળ વધીને તારી નથી બની શકું તેમ.'

'કારણ ?'

'કારણની ચર્ચામાં નહિ પડું. એવી ચર્ચા કરવા માટે હું નથી બંધાયલી. પરંતુ મારું હૃદય તારા પ્રત્યે એવા પ્રેમભાવનો અથવા એવી લાગણીનો અનુભવ જ નથી કરતું તેમજ કરવાનુંયે નથી. હું તો તને ભાઈ માનું છું.'

'તું મને ભાઈ માનતી હોય તે બરાબર છે. છતાં પણ આપણે કાંઈ સગા ભાઈબેન તો નથી જ. એટલે આપણો લગ્ન સંબંધ થઈ શકે છે. એવો સંબંધ શાસ્ત્રીય જ ગણાય.'

'છતાં પણ મારું મન એને માટે નથી માનતું તેનું શું ? અને મારા પિતાજીનું મન પણ કોઈયે સંજોગોમાં નહિ માને.'

'તું તૈયાર થતી હોય તો તારા પિતા મહારાજા જનકને તો હું મારા પિતાની મારફત મનાવી લઈશ. મારા પિતા એમના પુરોહિત હોવાથી એમના વચનને એ નહિ ઉથાપી શકે.'

'નિષ્કામ, તું વધારે પડતી અને વ્યર્થ આશા રાખી રહ્યો છે.'

'આશા કદી વધારે પડતી નથી હોતી. એનું સેવન કરનારને એ આનંદ આપે છે અને કોઈકવાર પણ ફળે જ છે.'

'એવાં મિથ્યા દિવાસ્વપ્નોમાં રાચ્યાં ન કરતો. તારી આશા કદી પણ નથી ફળવાની. એનું સેવન આજે તને સુખદાયક લાગતું હોય તો ભલે, પરંતુ આખરે દુઃખદાયક જ થઈ પડશે.'

નિષ્કામ થોડીવાર શાંત રહીને બોલ્યો: 'તું ભલે એવું માનતી હોય પરંતુ હું નથી માનતો. સીતાને ક્યાં ખબર હતી કે શંકરના પ્રતાપી ધનુષ્યનો ભંગ કરીને દશરથપુત્ર રામ એના સ્વામી બનશે ? છતાં પણ એણે રામની આશા રાખી અને એ આશા સફળ પણ થઈ. માનવ કદાચ બીજું બધું જ કરી શકે પરંતુ

આશાનો પરિત્યાગ નથી કરી શકતો. અને આશાનો પરિત્યાગ કર્યા પછી એને માટે કદાચ જીવનનો કોઈ આનંદ શેષ જ નહિ રહે.'

'તો પણ આશાના સેવનમાં એણે વિવેક તો કરવો જ જોઈએ. એ જો આંધળુકિયાં કરીને આશા પર આશા રાખ્યા કરે તો એ વ્યવસાય એને માટે ભાગ્યે જ સુખદ બને. તારી મને મેળવવાની આશા પણ વિવેક વગરની અને કશાય આધાર સિવાયની છે. તું પાણીમાંથી દૂધ કાઢવાની ને રેતીમાંથી તેલ મેળવવાનો મનોરથ કરી રહ્યો છે. તારો એ મનોરથ માટીમાં મળવાનો છે. બ્રાહ્મણ અથવા પુરોહિતનો પુત્ર હોવા છતાં તને એ હકીકતની સમજ નથી પડતી.'

'બ્રાહ્મણ અથવા પુરોહિતનો પુત્ર તને પ્રાપ્ત કરવાની આશા તો રાખી શકે છે. એવી આશા રાખવાના અધિકારથી એને કોઈ જ વંચિત નથી કરી શકતું.'

'તો તું એવી નિરર્થક આશા રાખ્યા કર. તને કોઈ બીજું નહિ સમજાવી શકે તો છેવટે કાળ સમજાવશે.'

નિષ્કામ બોલ્યો: 'શંકરના કઠોર ધનુષ્યનો ભંગ રામ કરી શક્યા તેવી રીતે તારા લોચનની કઠોરતાનો ભંગ કરવામાં હું સફળ થઈશ એવો મને વિશ્વાસ છે. મારી માગણી તું મંજૂર રાખે એવી ઈચ્છાથી આજે હું ખાસ આવ્યો છું. તેની પાછળ એક વિશેષ કારણ પણ છે.'

'કયું કારણ ?' ઊર્મિલાએ અન્ય મનસ્ક ભાવે પ્રશ્ન કર્યો.

'તને ખબર નહિ હોય પરંતુ આજનો દિવસ મારા જીવનનો વિશેષ દિવસ છે.'

'કેવી રીતે ?'

'આજે મારો જન્મદિવસ છે. તને યાદ હોય તો મારા ગયા જન્મદિવસે મેં તારી આગળ મારા પ્રેમની અભિવ્યક્તિ કરેલી. ત્યારથી હું તને અવારનવાર મળતો રહ્યો છું. પરંતુ તારા મારા પ્રત્યેના વર્તનમાં ફેર નથી પડ્યો. એ ઉદાસીન નીરસ વર્તનનો ત્યાગ કરીને તું મારા પ્રેમની કદર કર તો મને શાંતિ થાય. મારા આજના પવિત્ર જન્મદિવસે મારે એ જ માગવાનું છે. તું મને નિરાશ ના કર.'

'નિષ્કામ, તું પુરોહિતપુત્ર છે ને કુળાચારની મર્યાદાને બરાબર જાણે છે. તારા જન્મદિવસે તને આત્મિક અભિનંદન આપું છું અને ઈચ્છું છું કે તું ભળતા વિચારો ને ભાવોનો ત્યાગ કરીને તારા જીવનને પવિત્ર ને ઉજ્જવળ બનાવ. મનને નિરંકુશ રાખવાથી કોઈનું કલ્યાણ નથી થતું. એને થોડુંઘણું પણ અંકુશમાં રાખવું પડે છે.'

નિષ્કામ જરા ક્રોધે ભરાઈને બોલ્યો: 'હું પુરોહિત છું એટલે કદાચ તું મને પસંદ નહિ કરતી હોય. તને કોઈ રાજા કે, રાજકુમાર સાથે લગ્ન કરવાની અને વૈભવી જીવન જીવવાની ઈચ્છા હશે.'

ઊર્મિલા એવી જ નિર્વિકાર રહીને બોલી: 'મને કોઈ રાજા કે રાજકુમાર સાથે લગ્ન કરવાની કે વૈભવી જીવન જીવવાની ઈચ્છા જરા પણ નથી. તેવી રીતે તારી ઈચ્છાની પૂર્તિ કરવાની ઈચ્છા પણ નથી થતી. નિષ્કામ તું ક્રોધ ના કરતો. પરંતુ આજના તારા જન્મદિવસે મારે તને એ જ કહેવાનું છે કે તું નામ પ્રમાણેના ગુણવાળો બની જા. તારા મનની ક્ષુદ્ર કામનાને તિલાંજલિ આપીને સાચા અર્થમાં નિષ્કામ બન. તારી દૃષ્ટિ

તથા વૃત્તિને વિશુદ્ધ કરીને મને બેન માનીને વ્યવહાર કર તો તને તરત શાંતિ મળશે. હું તારી પાસેથી એવા ઉત્તમ, પવિત્ર અથવા આદર્શ વ્યવહારની જ આશા રાખું છું.'

'તું તો મને ઉપદેશ આપવા માંડી !'

'ઉપદેશ નહિ પણ સલાહ આપું છું. તું શાંતિથી વિચારીશ તો સમજાશે કે મારી આ સલાહ તારે માનવા જેવી છે.'

'ઊર્મિલા, તું મારા કરતાં વધારે ડાહી તો નથી જ.'

'બરાબર છે. તું મારા કરતાં વધારે ડહાપણ ધરાવતો હોઈશ; છતાં પણ મોટી કરુણતા એ છે કે ડહાપણને તું ભૂલી ગયો છે અને અનુચિત પંથે પગલું ભરી રહ્યો છે. તું વિશેષ ડહાપણવાળો હોત તો આવી અમંગલ કામના તથા માગણી કરત જ નહિ. આ સંસ્કારો બ્રાહ્મણના અને ખાસ કરીને આદર્શ પુરોહિતપુત્રના તો નથી જ.'

'બ્રાહ્મણ અથવા આદર્શ પુરોહિતપુત્ર પણ આખરે તો માનવ જ છે. એને પણ હૃદય હોય છે, અને એ હૃદયમાં ઊર્મિ, લાગણી અથવા સ્નેહનો ઉદય થાય છે એ તું ભૂલી જાય છે. એને પણ બીજા કોઈની પેઠે લગ્નનો અને એને માટેના મનપસંદ પાત્રની પસંદગીનો અધિકાર છે. એ અધિકારથી એને વંચિત ના કરી શકાય. પોતાનું મન જેનામાં લાગ્યું હોય તેની પાસે લગ્નની માગણી તો તે કરી જ શકે છે. એને લીધે એના સંસ્કારોમાં કશી જ હરકત નથી આવતી.'

ઊર્મિલાએ મીઠા સ્વરે કહ્યું: 'તારું કર્તવ્ય યુક્તિસંગત અને યથાર્થ છે. પરંતુ એ માનવ જો સાચેસાચ સંસ્કારી હોય છે તો એનું વર્તન જુદું જ હોય છે. એને સામેથી ના કહેવામાં આવે અથવા એની માગણીનો કોઈ કારણે અસ્વીકાર કરવામાં આવે ત્યારે એ ક્રોધે નથી ભરાતો કે દુરાગ્રહ પણ નથી કરતો. એ પોતાની માગણીના પરિણામને સહર્ષ સ્વીકારી લે છે.'

'એટલે તું મને આદર્શ નથી માનતી એમ ?'

'આદર્શ જીવન તો તારા પિતા શતાનંદનું છે. એ એક આદર્શ રાજપુરોહિત અથવા બ્રાહ્મણ છે. એમની આંખમાં તો શું પરંતુ એમના અંતરમાં પણ વિકાર નથી દેખાતો. એ ધર્મ અને નીતિના માર્ગનો ભૂલેચૂકે પણ ત્યાગ નથી કરતા. તારો વ્યવહાર એમની સ્મૃતિને સુવાસિત કરે તેવો હોવો જોઈએ. તારું જીવન એ પવિત્ર સત્પુરુષના ગૌરવને વધારે તેવું નહિ તો ઘટાડે તેવું તો ના જ હોવું જોઈએ.'

'ઊર્મિલા, હવે હદ થાય છે. મારી સીધીસાદી માગણીને મંજૂર રાખવાને બદલે તું બીજી આડી વાતે ચઢી જાય છે. તું સંસ્કારની વાત કરે છે પરંતુ તારામાં પણ જો આદર્શ, ગુણ કે સંસ્કાર હોય તો તારે મને આવી રીતે અવગણવો ના જોઈએ. તારી સંસ્કારિતા મારી ભાવનાને સંતોષવામાં રહેલી છે.'

'તને મારામાં સંસ્કારિતાનું દર્શન ભલે ના થાય, પરંતુ હું તારી ભાવનાને કદાપિ નહિ સંતોષી શકું. એને ભાવના કહેવા કરતાં વાસનાનું નામ આપવું જ વધારે યોગ્ય માનું છું. તું એનો ત્યાગ કરી દે એ જ બરાબર છે.'

'શાસ્ત્રો તો સ્ત્રીનાં હૃદયને કોમળ કહે છે, અને તારું હૃદય તો કુસુમ કરતાંયે વધારે કોમળ, ભાવભીનું ને લાગણીવાળું છે એમ મેં સાંભળેલું. તારા નામ પ્રમાણે તું ઊર્મિઓનો ભંડાર છે એવું માનેલું. પરંતુ તું તો કઠોર છે, વજ્ર કરતાં યે કઠોર. તારામાં ભાવના, મૃદુતા કે ઊર્મિશીલતાનો છાંટોયે નથી લાગતો.'

'મારું હૃદય ભલે કઠોર હોય. મારી કઠોરતા તને નહિ ગમે છતાં પણ આ વાતમાં મારે કઠોર જ થવું પડશે. હું તારે માટે કુસુમકોમળ નહિ બની શકું. મારી એટલી સંસ્કારિતા તથા કોમળતાને લીધે તો હું તને આવી જાતની વાતચીત પણ કરવા દઉં છું. બાકી તારે માટે આવી રીતે મારી સાથે ચર્ચા કરવાનું તો શું પરંતુ મારી પાસે આવવાનું પણ અશક્ય હોત. મને તારા પર પ્રેમ છે, લાગણી છે, અને એટલા માટે તારું જીવન બુરા વિચારો કરીને બુરે માર્ગે ચઢીને બરબાદ ના બની જાય એવું ઈચ્છું છું.'

'તને મારા પર જો સાચેસાચો પ્રેમ અને સાચી લાગણી હોય તો તારે મને શાંતિ આપવા ને સુખી કરવા મારી માગણી પર પુનર્વિચાર કરવો જોઈએ.'

'એવી આશા તું સ્વપ્ને પણ ના રાખતો. તારા વિચારો કે ખ્યાલોને સુધારવા માટે પુનર્વિચાર મારે નથી કરવાનો પરંતુ તારે કરવાનો છે. એ હકીકત હું તને અવારનવાર સૂચવી ચૂકી છું, પણ તારી કામુકતા કે જડતાને લીધે તું એને નથી સમજી શક્યો અને એનો અમલ પણ નથી કરી શક્યો. તું મોહાંધ બની ગયો છે, અને એને લીધે તારો વિવેક તથા શિષ્ટાચાર પણ નષ્ટ થયો છે.'

એટલું બોલીને ઊર્મિલા ઉભી થઈ ગઈ ને કહેવા માંડી :

'તારી સાથે વાત કરવાનો વધારે વખત નહિ કાઢી શકું. મારે બીજું ઘણુંય કામ છે. આશા રાખું છું કે મારા શબ્દોને તું ધીમે ધીમે વખતના વીતવાની સાથે, સારી પેઠે સમજી શકશે. હવે ફરી વાર મારી પાસે આવીને આવી માગણી ના કરતો. અત્યાર સુધી તો મેં તારી બધીયે વાત મનમાં રાખી છે, પરંતુ ન છૂટકે જો આ વાત મારે તારા પિતા શતાનંદને કહેવી પડશે તો તારું આવી બનશે.'

નિષ્કામ ઉત્તેજીત બનતાં ઊભો થઈ ગયો. એનું અંગ કંપવા લાગ્યું. એના લોચન લાલ બની ગયાં. એના ચહેરાનો રંગ બદલાઈ ગયો. એ ઉશ્કેરાટમાં આવીને બોલી ઉઠ્યો: 'એટલે ? તું શુ કહેવા માગે છે ? મને ધમકી આપે છે કે બીક બતાવે છે ? એવી ધમકીથી હું ડરી નથી જવાનો. પિતાજી મને શું કરી નાખવાના હતા ? હું એમનાથી જરા પણ ગભરાતો નથી. તારી ઈચ્છા હોય તો બધી હકીકત એમને હમણાં જ કહી આવ. અરે, તારા પિતા રાજા જનકને જ કહી આવને ! એ તો મોટા મનના છે કે મારા પ્રેમની કદર કરીને તારી સાથે મારું લગ્ન કરી દેશે.'

ઊર્મિલા બોલી: 'લગ્ન તો ભૂલેચૂકે પણ નહિ કરે પરંતુ તારો અંગભંગ અવશ્ય કરી દેશે, તને ભારેમાં ભારે દંડ દેશે, એ ચોક્કસ છે.'

નિષ્કામને ખબર ના પડી કે શું બોલવું. થોડીકવાર સુધી તો એ ઊર્મિલા તરફ કટુતાભરી નજરે ટગરટગર જોતો રહ્યો. પરંતુ પછી બોલ્યો: 'તને ખબર છે કે મારી માગણીના અસ્વીકારનું પરિણામ કેવું ભયંકર આવશે ?'

'મને એની ભીતિ કે ચિંતા નથી.' ઊર્મિલાએ ઠંડે કલેજે ઉત્તર આપ્યો.

‘ઊર્મિલા, તું બીજાની સાથે લગ્ન કરીશ તો પણ સુખી નહિ થાય. તારું લગ્નજીવન દુઃખી થઈ જશે. તને તારા સ્વામીનું સુખ નહિ મળે. તારું લગ્ન કોઈક રાજામહારાજા કે રાજપુત્ર સાથે કરવામાં આવશે તો પણ તારું જીવન સંપૂર્ણ લગ્નસુખનો ઉપભોગ નહિ કરી શકે. તારે પતિનો વિયોગ અને બીજી જાતજાતની વિપત્તિ તથા ચિંતા કે વેદના વેઠવી પડશે. મારી અવજ્ઞા કરતાં પહેલા એક વાર ફરીથી વિચારી જો.’

‘મેં વિચાર કરી જ લીધો છે. હું તારી અવજ્ઞા નથી કરતી, પરંતુ તારી ઈચ્છાને તાબે પણ નથી થઈ શકતી. મારું વર્તન બરાબર છે.’

ઊર્મિલા ચાલી નીકળી.

છેલ્લે છેલ્લે એના કાને નિષ્કામના શબ્દો અથડાયા: ‘તો પછી આ વચનોને મારા શાપ બરાબર સમજી લેજે. એ વચનો મારા અંતરના ઊંડાણમાંથી નીકળ્યાં હોવાથી મારા શાપરૂપે જ કામ કરશે.’

‘શાપ આપવાની શક્તિ એટલી સહેલી નથી કે તારા જેવા સાધારણ મોહાંધ માણસને પ્રાપ્ત થઈ જાય. અને તારામાં એવી શક્તિ હોય તો પણ એથી ડરીને હું ખોટે માર્ગે પગલું ભરીને મારા આત્માનું ખૂન નથી જ થવા દેવાની. મને ભવિષ્યની ભીતિ નથી લાગતી. વિધાતા મંગલમય હોવાથી બધું મંગલ જ કરશે એવો મને વિશ્વાસ છે.’

ઊર્મિલાને દૃષ્ટિ આગળથી વિલીન થતી જોઈ એટલે નિષ્કામ પણ ઘર તરફ ચાલવા માંડ્યો.

* * * * *

## ૧૩. પ્રસંગોની સ્મૃતિ

રાજપ્રાસાદના પોતાના ખંડમાં ઊર્મિલા મધ્યાહ્ન વખતે વિશ્રામ કરવા માંડી ત્યારે એને સવારનો પેલો ઉદ્યાનનો નિષ્કામ સાથેનો પ્રસંગ યાદ આવ્યો. એના પરિણામે એનું અંતર કરુણ અથવા વ્યથિત બની ગયું. એને થયું કે આજનો દિવસ કરુણતાથી ભરેલો જ થઈ પડ્યો છે. એમાંયે નિષ્કામ સાથેના પ્રસંગે તો હદ કરી નાખી છે, એવું એને લાગ્યા વિના ના રહ્યું.

નિષ્કામ રાજા જનકના પુરોહિત શતાનંદનો પુત્ર હતો. એ શરીરે સુંદર અને સ્વસ્થ હોવા છતાં મનોબળમાં જરાક કાચો હતો.

ઊર્મિલા પર એને પહેલેથી પ્રેમ હતો જ પરંતુ વખતના વીતવા સાથે એ પ્રેમ એક પ્રકારના મીઠા આકર્ષણમાં પરિણમેલો.

એકવાર સાંજે ઊર્મિલા પોતાની સખીઓ સાથે ઉદ્યાનમાં ભવાની માતાના દર્શને ગયેલી. માતાનું દર્શન કરીને એ ફૂલવાડીનું નિરીક્ષણ કરી રહેલી ત્યારે એ આવી પહોંચ્યો ને ફૂલવાડીને લક્ષ્ય કરીને બોલ્યો: ‘ફૂલો પર આટલા બધા ભમરાઓ શા માટે ફરતા હશે ? ફૂલો એમને આમંત્રણ તો નથી આપતાં, છતાંપણ એ અનેકની સંખ્યામાં આવીને એમની આજુબાજુ ભમ્યા કરે છે.’

ઊર્મિલાએ કહ્યું: ‘એમનો એવો સ્વભાવ જ છે. એ સ્વભાવથી પ્રેરિત થઈને કે પરવશ બનીને એ ફૂલોની દિશામાં દોડી આવે છે અથવા એમ કહો કે દોડી આવ્યા વિના રહી જ નથી શકતા. એમને એવી રીતે જ સુખ અથવા શાંતિ મળે છે. પરંતુ તને આવો વિચાર ક્યાથી આવ્યો ?’

‘વિચાર તો ફૂલોને જોઈને આપોઆપ આવી ગયો. પરંતુ ભમરાઓને નિહાળીને મને લાગે છે કે સુંદર પદાર્થોને જોઈને સૌ કોઈ આકર્ષાય છે. એ સૌ કોઈના આનંદ, સુખ અને રસનું કારણ થઈ પડે છે.’

ઊર્મિલા કાંઈ ના બોલી એટલે નિષ્કામે કહ્યું: ‘આ સુંદર ફૂલવાડીની સાથે સાથે હું આથી પણ વધારે સુંદર એક બીજી ફૂલવાડીનું નિરીક્ષણ કરી રહ્યો છું.’

ઊર્મિલાએ આશ્ચર્યવશ થઈને પૂછ્યું: ‘બીજી ફૂલવાડીનું નિરીક્ષણ કરી રહ્યો છે ? એ બીજી ફૂલવાડી વળી કયી છે ? અહીં તો બીજી કોઈએ ફૂલવાડી નથી દેખાતી. તું કોઈ સ્વપ્ન તો નથી જોઈ રહ્યો ?’

‘સ્વપ્ન નથી જોતો પણ સાચું જ જોઈ રહ્યો છું ? એ બીજી ફૂલવાડી આ ફૂલોની જેમ જડ નથી, પરંતુ ચેતન છે અને નિર્જીવ નથી પરંતુ સજીવ છે. એની અંદર પણ આવા જ, બલકે આના કરતાં યે સુંદર, સરસ, ફોરમવંતા ફૂલો ખીલેલાં છે.’

‘નિષ્કામ, તું કોઈક કલ્પના પ્રદેશમાં વિહરી રહ્યો છે કે શું ? કોઈને આવું કહીશ તો એ તને ડાહ્યો નહિ પણ દિવાનો માનશે.’

‘કોઈ મને શું માને છે તેની મને જરાપણ ચિંતા નથી. હું કલ્પના પ્રદેશમાં નથી વિહરી રહ્યો પરંતુ વાસ્તવિક જગતમાં જ વિચરી રહ્યો છું.’

‘તો પછી ફૂલવાડી તે વળી ચેતન અથવા સજીવ હોઈ શકે ? એવી ફૂલવાડી તો મારા આટલા જીવનમાં મેં હજુ સુધી નથી જોઈ.’

'તું ક્યાંથી જુએ ? તું જોવાની થોડીક તકલીફ ઉઠાવે ત્યારે ને ? ઊર્મિલા, એ ફોરમવંતી સુંદર ફૂલવાડી બીજે ક્યાંય નથી પરંતુ તારી પાસે જ છે. કસ્તુરી મૃગની નાભિમાં જેમ કસ્તુરી હોય છે તેમ.'

'નિષ્કામ, તું તો તત્વજ્ઞ બનવા માંડ્યો અને વાતચીત પણ તત્વજ્ઞાનની ભાષામાં જ કરવા માંડ્યો.'

'ના એવું નથી. એવું જરા પણ ના માનતી.'

'તો પછી ? તારા પિતાશ્રી પુરોહિત તથા જ્ઞાની છે એટલે એમણે તને તત્વજ્ઞાનના પ્રદેશમાં ડૂબકી મારવાનું શીખવ્યું હશે.'

'ના, એવું નથી. હું જે કહું છું તે યથાર્થ જ કહી રહ્યો છું. સાચું કહું તો તું પોતે જ એક સજીવ, ચેતન, પ્રત્યક્ષ ફૂલવાડી છે. તારા શરીરની સરસ ફૂલવાડીમાં તારું પ્રત્યેક અંગ જાણે કે સુમધુર ફૂલ છે. મને એ એટલું બધું આકર્ષક અને સુંદર લાગે છે કે વાત નહિ.'

'નિષ્કામ, તારે આવું ના બોલવું જોઈએ. તું મારો સમવયસ્ક છે એટલે કાંઈ તારાથી મારી સાથે આટલી બધી છૂટ ના લેવાય.'

ઊર્મિલાના વારવા છતાં પણ નિષ્કામ મૂંગો ના રહ્યો પરંતુ આગળ બોલ્યો: 'હું તારી સાથે કોઈ અઘટિત શારિરીક છૂટ નથી લેતો, પણ હું તો મારા રસભીના રાગમય હૃદયમાં ચિરકાળથી સંઘરી રાખેલા વિચારો અને ભાવોની અભિવ્યક્તિ કરી રહ્યો છું. એટલું કરવાની છૂટ તો મને હોવી જ જોઈએ. મારી એવી સ્વતંત્રતાને તો તું પણ નહિ ખૂંચવી શકે. પરંતુ એ વાતને બાજુએ રાખીને આજે કહેવા બેઠો જ છું તો એક બીજી હકીકત પણ કહી દઉં. પણ એ સાંભળીને તું ગુસ્સે તો નહિ થાય ને ?'

'ગુસ્સે થવાનો કોઈ પ્રશ્ન જ નથી. પરંતુ હવે એ વાત નહિ કહે તો નહિ ચાલે ? આટલી વાત કહી તે પૂરતી છે.'

'ના. કહેવા બેઠો જ છું તો મારી વાતને હવે અધૂરી નહિ મૂકું. ફૂલો પર ભમરા ઉડે છે તેમ તારા શરીરની સુંદર ફૂલવાડીમાં તારા ફૂલ કરતાંયે વધારે ફોરમવાળા અમૃતમય અંગ પર મારા ભાવોરૂપી ભમરાઓ નિરંતર તથા અત્યંત ભક્તિભાવથી ભરાઈને ભમ્યા કરે છે. એ અંગોનું આકર્ષણ એવું અસાધારણ છે કે વાત નહિ. ભમરાઓની પેઠે મારા મનની વૃત્તિઓને કોઈ આમંત્રણ નથી આપતું અથવા સંદેશ પણ નથી પાઠવતું છતાં પણ વૃત્તિઓ એમની આજુબાજુ રમ્યા જ કરે છે. એના પરિણામે એમને અનેરા રસાસ્વાદની અનુભૂતિ થાય છે. મારી કલ્પનામાં પણ નથી આવતું ઊર્મિલા, કે સંસારમાં તારા જેવું કોઈ સુંદર હોઈ શકે. તારા જેટલી અથવા તારાથી વિશેષ રૂપવતી કુમારી બીજી કોઈયે નહિ હોય.'

નિષ્કામ બોલી રહ્યો એટલે ઊર્મિલાએ કહ્યું: 'તારા શબ્દો સાંભળીને મને સહેજ પણ પ્રસન્નતા થઈ છે એવું ના માનતો. કોઈ પણ સમજુ, સંયમી તથા સ્વમાની છોકરીને આવું સાંભળીને પ્રસન્નતા ના જ થાય. મને પ્રસન્નતા તો નથી જ થતી પરંતુ દુઃખ એ વાતનું થાય કે તું આટલી નાની ઉંમરમાં ખોટે માર્ગે ચાલીને ખોટા ભાવો, વિચારો ને વિકારોનું સેવન કરી રહ્યો છે. તારે માટે આ વસ્તુ જરાપણ સારી ના કહેવાય. તું અત્યારથી જ આવા અમંગલ વિચારો કર્યા કરીશ તો આગળ જતાં શું નહિ કરે ? જો સંભાળીશ નહિ તો તારું જીવન બરબાદ બની જશે ને કશાય કામનું નહિ રહે.'

'એનો અર્થ એવો થોડો છે કે મારે તને મારા તારે માટેના પ્રબળ પ્રેમનો ખ્યાલ ના આપવો ?'

'તું જેનો ખ્યાલ આપે છે તે ખ્યાલ પ્રેમનો નથી પણ મોહનો છે એની સમજ કદાચ તને નહિ હોય. તારા ઉદ્દગારો મોહ તેમજ કુવિચારથી ભરેલા છે. અત્યારે તારી અવસ્થા બ્રહ્મચર્યના પાલનની, ધર્માનુષ્ઠાનની તથા વિદ્યાપાર્જનની છે. એનો તું આવી રીતે દુરુપયોગ કરી રહ્યો છે એ ખરેખર દુઃખદ છે. તારા પિતા શતાનંદના નામને ઉજ્જવળ કરવા માટે તારે તારા વર્તમાન જીવનનો સદુપયોગ કરીને વધારે ને વધારે સંસ્કારી, શીલવાન ને જ્ઞાની બનવું જોઈએ.'

'તું મને આવો જ ઉપદેશ આપીશ એવી મને કલ્પના તો થતી જ હતી. તારા આ ઉપદેશ માટે આભાર. બાકી બ્રહ્મચર્ય પાલન, ધર્માનુષ્ઠાન કે વિદ્યોપાર્જનથી કોનું કલ્યાણ થયું જાણ્યું છે ? મને તો એવું નથી લાગતું. ભરયૌવનમાં બ્રહ્મચર્યપાલન, ધર્માનુષ્ઠાન કે વિદ્યાપાર્જન જેવી ગંભીર અને નીરસ પ્રવૃત્તિમાં પડી જઈએ તો પછી જીવનનો આનંદ ક્યારે મેળવી શકીએ ? ભરયુવાની તો એળે જાય. અને તું મારા પિતાના નામને ઉજ્જવળ કરવાની વાત કરે છે પરંતુ તારી કલ્પનાને એટલે સુધી પણ નથી દોડાવી શકતી કે તારા પ્રેમની પ્રાપ્તિ થઈ જાય પછી મારા પિતાશ્રીનું નામ તો આપોઆપ ઉજ્જવળ થઈ જાય. એમના યશનો વિસ્તાર થવામાં પછી બાકી રહે જ શું ?'

ઊર્મિલાએ ફૂલને હાથ ફેરવતાં કહ્યું: 'મને તો લાગે છે કે તું કોઈક કુસંગે ચઢી ગયો છે. એના સિવાય આવા શબ્દો ના બોલે.'

'એ હકીકત સાચી હોય તો પણ હવે મારે તારો સુ-સંગ તો જોઈશે જ ને ? એટલા માટે જ હું તારા સંગની ઈચ્છા રાખી રહ્યો છું.'

એ ઈચ્છા ખોટી છે. એ તને દુઃખી કરશે ને તારો વિનાશ નોતરશે.'

'ભલે એ મારો વિનાશ નોતરે ને મને દુઃખી કરે. મને એ ઈચ્છા ખોટી નથી લાગતી એટલે એનો ત્યાગ હું નથી કરવાનો. તું કદાચ બીજું બધું જ કરી શકશે પણ મારા પર બળજબરી તો નહિ જ કરી શકે.'

'હું બળજબરી શા માટે કરું ? હું તો તને શિખામણ આપું છું.'

'તારી શિખામણ અસ્થાને છે. એવી શિખામણ તો મારે તને જ આપવાની છે.' નિષ્કામ હજુ આગળ બોલત, પરંતુ એટલામાં તો ત્રણે સખીઓ આવી પહોંચી એટલે ઊર્મિલા એમની સાથે વિદાય થઈ, અને એ પણ બીજે રસ્તે બહાર નીકળ્યો.

એ આખાય પ્રસંગનું રેખાચિત્ર ઊર્મિલાના મનની આંખ આગળ આવીને ઊભું રહ્યું. એ પછી એક બીજું ચિત્ર એની સ્મૃતિમાં ઉપસી આવ્યું.

એ દિવસ એનો જન્મદિવસ હતો એટલે બધાં એને અભિનંદન આપવા આવેલા. નિષ્કામ પણ પાછળથી બધાં વિખરાતાં મોડી સવારે એની પાસે આવ્યો અને રંગબેરંગી ફૂલો આપતાં બોલ્યો: 'આજે તારા જન્મદિવસ પર મારી અનેક હાર્દિક શુભેચ્છાઓ વ્યક્ત કરું છું. ઈશ્વર તને દીર્ઘાયુ કરે ને ખૂબ સુખી રાખે.'

ઊર્મિલાએ ફૂલોનો સ્વીકાર કરતાં નિષ્કામને શાબાશી આપીને પૂછ્યું: 'તારો અભ્યાસ તો બરાબર ચાલે છે ને ?'

નિષ્કામે તરત જ ઉત્તર આપ્યો: 'અભ્યાસ ચાલે છે પરંતુ વેદ જેવા શાસ્ત્રોનો નહિ પરંતુ તારા ચિંતન-મનનનો.'

ઊર્મિલાને એ ઉત્તર જરા પણ ના ગમ્યો એટલે એ બોલી: 'મને તો એમ હતું કે તારામાં કાંઈક સુધારો થયો હશે, પણ હવે મને ખાતરી થઈ કે તું તો હજુ એવો ને એવો જ છે. જરા પણ નથી સુધર્યો. હું તારા શાસ્ત્રાભ્યાસ વિશે પૂછું ત્યારે તું મારા ચિંતન-મનનની વાત કરે છે. એવી વાત કરતાં તને સંકોચ નથી થતો કે શરમ પણ નથી આવતી ?'

'સાચું કહેવામાં શરમ શા માટે આવે કે સંકોચ પણ શા માટે થાય ? મારે ક્યાં કોઈ ભળતી વાત કરવી છે કે કશું છૂપાવવું પડે અને એ પણ તારી આગળ ? તું તો તારા પ્રત્યેના મારા મનના ભાવને જાણે જ છે. એ ભાવ હજુ એવો ને એવો જ છે. એમાં કશો જ ફેર નથી પડ્યો. હા, એની પ્રબળતામાં વધારો થયો છે ખરો.'

'ત્યારે તો મારી શિખામણે તારા પર કશી જ અસર નથી કરી ?'

'ના. અને એની અસર મારા પર થાય તેમ પણ નથી. એવી અસરની આશા પણ ના રાખતી.'

'પરંતુ જે અભ્યાસ તારે કરવાનો છે તેને બદલે મારા ચિંતન-મનનના અભ્યાસથી શું વળશે ?'

'વળે કે ના વળે પરંતુ એવો અભ્યાસ મને આનંદ આપે છે.'

'એ કલ્પનાનો આનંદ, તું એને આનંદના નામે ઓળખતો હોય તો પણ, નિરર્થક છે. તારા મનની ભ્રાંતિ અથવા મોહદશાને પરિણામે અનુભવાતો એ ક્ષુલ્લક આનંદ છે. જો તું એનો ત્યાગ નહિ કરે તો, તારે માટે ભારે નુકશાનકારક થઈ પડશે.'

નિષ્કામ પોતાના કપાળ પરની કેશલટોને સરખી કરતાં કહેવા માંડ્યો:

'મારે તો તને જ્યારે પણ મળું ત્યારે તારો સદ્દુપદેશ જ સાંભળવાનો હોય છે. હું તને કેટલા બધા ઊંડા ઉમંગ અને ઉમળકા સાથે મળવા આવું છું ને તારી પાસેથી સ્નેહમય સરસ વર્તાવની આશા રાખું છું, ત્યારે તું તદ્દન લાગણીહીન ને નિર્દય થઈને મારી નેહથી નીતરતી ભાવના પર ઠંડુ પાણી ફેરવી વાળે છે ! તને દરેક વખતે મને સદ્દુપદેશોની લહાણી ધરતાં મારા રાગમય હૃદયનો વિચાર જ નથી આવતો ?'

ઊર્મિલા સહેજ પણ સંકોચ વગર તરત જ બોલી ઊઠી: 'તારો વિચાર કરીને, તારા પરની લાગણીને લીધે, હું તને મને યોગ્ય લાગે છે તે ઉત્તર આપ્યા કરું છું. એને તું સદ્દુપદેશ કહેતો હોય તો પણ એ સદ્દુપદેશ મારે તારા હિત માટે જ આપવો પડે છે એનો ખ્યાલ રાખજે. હું જે કરું છું તે તારા અહિત માટે નથી કરતી.'

'એ તો કાંઈ તારા કહેવાથી માની લઉં ? મારા હિતાહિતનો વિચાર કરવાની શક્તિ મારામાં પૂરેપૂરી છે. એટલે મારું હિત શામાં રહેલું છે તે હું સારી પેઠે સમજી શકું છું. મારું હિત તો તારા પ્રેમની પ્રાપ્તિ કરવામાં જ છે.'

'બિલકુલ નહિ. એમાં તારું હિત જરાય નથી. અત્યારે તારે એવો વિચાર જરાય ના કરવો જોઈએ. એવો વિચાર અપરાધરૂપ છે. અત્યારે તો તારો બધોય પ્રયાસ તારી જાતના ઘડતર અથવા ચારિત્ર્યના ગઠન માટે જ હોવો જોઈએ. એને બદલે તું તો જુદી જ અને અમંગલ દિશામાં આગળ વધી રહ્યો છે.'

'ઊર્મિલા,' નિષ્કામ અધીરો બનીને વચ્ચે જ બોલી ઉઠ્યો: 'હું તારી બધી વાતો શાંતિપૂર્વક સાંભળી લઉં છું એટલે તું મને વધારે ને વધારે સંભળાવ્યા કરે છે. છતાં પણ મને એનું દુઃખ નથી. તું ભલે બોલ્યા કર. તારા વચન વિપરીત હોવા છતાં પણ મારે માટે અમૃતના વર્ષણરૂપ છે. એ મને એવો જ આનંદ આપ્યા

કરે છે. એમને સાંભળતાં અને એમના સ્વાદની મીઠાશ માણતાં હું નથી ધરાતો. તું બોલ્યા કર અને હું મારા કાનના પાત્ર દ્વારા તારા વચનની મધુમયતાને માણ્યા કરું. તું પ્રતિકૂળ બોલવાને બદલે અનુકૂળ વચનો બોલતી હોત તો મને કેટલો બધો વધારે આનંદ આવત ?'

ઊર્મિલા શાંતિપૂર્વક સાંભળતી રહી એટલે નિષ્કામ આગળ બોલ્યો: 'મને તો ખાતરી છે કે આજે જેવી રીતે મેં તને ઉમળકાભેર ફૂલ આપ્યાં છે તેવી રીતે એક ધન્ય દિવસે તારા હૃદયમાં પણ મારે માટે પ્રેમભાવ જાગી ઉઠશે. તારું હૃદય પણ મારે માટે આવી જ જાતના ઉમળકાનો અનુભવ કરશે, અને તું પણ મારો પ્રેમ જોઈને મને તારો કરવાનો સંકલ્પ કરશે. એ વખતે આજે જેમ હું તારી પાસે ફૂલો લઈને આવી પહોંચ્યો છું તેમ તું મારી પાસે ફક્ત આવાં છૂટાં ફૂલો નહિ પરંતુ ફોરમવંતા ફૂલોનો હાર લઈને મને વરમાળાની પેઠે અર્પણ કરવા માટે આવી પહોંચશે. ત્યારે મારું ચિરસેવિત સ્વપ્ન સિદ્ધ થશે ને મને આનંદ આનંદ થઈ રહેશે.'

'તારું એ સ્વપ્ન કોઈયે કાળે સિદ્ધ નથી થવાનું. નિષ્કામ, તું સંકલ્પવિકલ્પો કરીને તારા જીવનને બરબાદ ના કર. આજે મારી પાસે વધારે સમય નથી એટલે તારી સાથે વધારે વાત નથી કરી શકતી. એટલું જ કહું છું કે તારા વિચારોને વિશુદ્ધ કરવાની કોશિશ કરતો રહેજે.'

ભૂતકાળના એ પ્રસંગો જેવા જ બે-ત્રણ પ્રસંગોની સ્મૃતિ ઊર્મિલાને આજે એકાએક થઈ આવી.

એને આજનો પ્રસંગ ફરીવાર યાદ આવ્યો, નિષ્કામે રોષે ભરાઈને છેલ્લેછેલ્લે જે વચનો કહેલા તે પણ યાદ આવ્યાં, અને નિષ્કામની લાગણીવશતાને માટે એને દયા આવી.

એને થયું કે નિષ્કામે ઉશ્કેરાટમાં આવીને પોતાને ના કહેવાનાં વચનો કહી બતાવ્યાં છે પરંતુ આખરે તો જે વિધાતાએ ધાર્યું છે તે જ થશે, અને એ બધું સારું જ કરશે.

એ વિચારથી એને ટાઢક વળી.

* * * * *

## ૧૪.લગ્ન

ઊર્મિલાને નિષ્કામ સાથેના પ્રસંગની સ્મૃતિ કરીને છેલ્લે છેલ્લે જે વિચાર આવ્યો તેમાં ખોટું પણ શું છે ? આખરે તો વિધાતાએ જે ધાર્યું છે તે જ જીવનમાં થયા કરે છે એ હકીકત છે.

માણસ ગમે તેટલો ઊંચોનીચો થાય અને પોતાનું ધાર્યું કરવાની કોશિષ કરે તો પણ એની ધારણા તેમજ મહેનત ભાગ્યે જ ફળે છે. જેની ઈચ્છા કે ઝંખના કરી હોય એ વસ્તુ કે ઘટના જીવનમાં નથી મળતી કે નથી બનતી. અને એથી ઉલટું, જેની ઝંખના તો શું પરંતુ કલ્પનાયે ના કરી હોય એવી વસ્તુ આવી મળે છે. એની પાછળ કર્મનો કોઈક વ્યવસ્થિત કે ચોક્કસ નિયમ કામ કરતો હશે અને એને પરિણામે જ જીવનની ગતિવિધિ નક્કી થયા કરતી હશે, પરંતુ માણસને એ નિયમની ખબર નથી પડતી. એટલે એણે તો કોઈકવાર કેટલુંક અનુમાન કરીને ચાલવું પડે છે, કોઈ વાર કાર્યકારણભાવને સમજ્યા વિના જે આવી પડે તે પ્રસંગો કે પરિસ્થિતિને અનુકૂળ થવું પડે છે.

અનુભવથી એને લાગે છે કે કોઈ સૃષ્ટિનિયામક, મહાન શક્તિ એને પોતાની યોજના પ્રમાણે ચલાવી રહી છે, અને પોતે એના હાથમાં હથિયારરૂપ બનીને પ્રવૃત્તિ કરે છે, અથવા કહો કે કઠપુતળી છે.

એવા અનુભવથી એનો અહંકાર ઓગળી જાય છે ને ચિંતા તથા વિષાદ શમી જાય છે. એ સૃષ્ટિનિયામક મહાન શક્તિની મંગલમયતામાં જો વિશ્વાસ થઈ જાય તો એ નિર્ભય બની જાય છે ને સ્થિર થાય છે.

ઊર્મિલા એ વાતને સમજતી હતી એટલે નિષ્કામના પ્રસંગોની સ્મૃતિ એને માટે ચિંતાજનક ના થઇ.

રામે શંકરના પ્રતાપી ધનુષ્યનો ભંગ કર્યો તથા મુનિશ્રેષ્ઠ પરશુરામને પણ પોતાના પરાક્રમનો પરચો બતાવી આપ્યો એથી મહારાજા જનકને અતિશય આનંદ થયો. આટલી મોટી અવસ્થામાં અને આટલે લાંબે વખતે પોતાના સંકલ્પને સિદ્ધ થયેલો જોઈને એમને લાગ્યું કે જીવન સાર્થક થયું. આશાના બધા જ દરવાજા જ્યારે બંધ થઈ ગયા ત્યારે એક નવો જ દરવાજો જાણે કે ઉઘડી ગયો.

એવી જ આનંદમય અવસ્થા મહર્ષિ વિશ્વામિત્રની, લક્ષ્મણની તથા મિથિલાનગરનાં નરનારીઓની હતી. એમને પણ પોતાના મનોરથનો સૂર્ય સોળે કળાએ ખીલેલો લાગ્યો. કોઈક અનોખા ઈપ્સિત પદાર્થની પ્રાપ્તિ થઈ હોય એવો અસાધારણ સંતોષ એમના મુખમંડળ પર ફરી વળ્યો.

રાજા જનકે મુનિ વિશ્વામિત્રને કહ્યું પણ ખરું: ‘રામનું શુભાગમન મારા, મારી પત્નીના, સીતાના, મારા પરિવારના ને મારી સમસ્ત પ્રજાના કલ્યાણ માટે જ થયેલું એની મને ખાતરી થઈ. એમના અદૃષ્ટપૂર્વ પરાક્રમને નિહાળીને મને પાર વિનાની પ્રસન્નતા થઈ. મારા શરીરમાં જાણે કે નવજીવનનો સંચાર થયો. એ પરાક્રમનો પ્રસંગ મારી આંખ આગળ તરે છે, અને એની સ્મૃતિ પણ મને અલૌકિક રસ ધરે છે ને રોમાંચિત કરે છે. આનું બધું શ્રેય તમને જ ઘટે છે કારણ કે રામ અને લક્ષ્મણને અહિ લાવનાર તમે જ છો. હવે આજ્ઞા આપો તો રામ તથા સીતાના વિધિપૂર્વકના લગ્નની તૈયારી કરું.’

મહર્ષિ વિશ્વામિત્રે સ્મિતપૂર્વક સલાહ આપતાં કહ્યું: ‘સૌથી પહેલાં તો રાજા દશરથને ધનુષ્યભંગના સમાચાર મોકલી આપીએ અને એમને અહિ બોલાવીએ. લાંબા વખતથી એમણે રામ અને લક્ષ્મણના મુખને

નથી જોયું. અહિના સમાચાર સાંભળીને સ્વાભાવિક રીતે જ એ ઊંડા આનંદમાં ડૂબી જશે. એમની ઉપસ્થિતિમાં લગ્ન વિધિને પતાવવાનું કાર્ય સાચેસાચ આવકારદાયક રહેશે.'

રામ અને લક્ષ્મણ તથા પોતાના પુરોહિત શતાનંદે પણ એવી જ સલાહ આપી એટલે રાજા જનકે અયોધ્યામાં ખાસ દૂત મોકલીને રાજા દશરથને આમંત્રણ મોકલાવ્યું. દૂત દ્વારા વિગતવાર સમાચાર સાંભળીને મહારાજા દશરથની આંખમાં આનંદના અશ્રુબિંદુ ઉભરાઈ આવ્યાં.

પહેલાં તો એ આખીયે વાત એમના માનવામાં જ ના આવી, પરંતુ રાજા જનકની આમંત્રણપત્રિકા વાંચીને એને માન્યા સિવાય છૂટકો ના થયો. કૌશલ્યા, સુમિત્રા ને કૈકેયીએ પણ એ સમાચાર સાંભળીને પ્રસન્નતા વ્યક્ત કરી.

કૈકેયી બોલી ઊઠી: 'રામ જેવા શક્તિશાળી ને શીલવાન સંસારમાં બીજા કોઈ જ નથી. રામના પરાક્રમની ગાથા સાંભળીને મારો આત્મા આનંદી ઉઠે છે. મને તૃપ્તિ જ નથી થતી. એમ થાય છે કે વધારે ને વધારે સાંભળ્યા જ કરું. મિથિલેશકુમારી સીતાએ અત્યંત અસામાન્ય સ્વયંવરમાં એમને વરમાળા પહેરાવી એથી વિશેષ સુખદ સમાચાર બીજા કયા હોઈ શકે ?'

મહર્ષિ વસિષ્ઠને પણ એ સમાચાર ઘણા ગમી ગયાં.

મહારાજા દશરથે એમને આખી પરિસ્થિતિથી પરિચિત કર્યો ત્યારે એ પણ એકદમ ભાવવિભોર બની ગયા ને બોલ્યા: 'રઘુકુળના નિર્મળ નભોમંડળમાં રામરૂપી અત્યંત જ્વાજ્વલ્યમાન પવિત્ર નક્ષત્રનો ઉદય થયો છે. રામરૂપી એ સર્વોત્તમ, અમુલખ નક્ષત્ર માત્ર રઘુકુળને જ નહિ પરંતુ સમસ્ત સંસારને યશસ્વી બનાવશે. મારી જાતને હું અતિ ધન્ય માનું છું. એટલા પૂરતી ધન્ય માનું છું કે એમના જમાનામાં જીવીને એમના દર્શનનો દુર્લભ લાભ મેળવીને એ એવાં અનેક અસાધારણ કર્મોની સાક્ષી બની રહેશે. ખરેખર રામ કેવળ પુરુષ નથી પરંતુ પુરુષોત્તમ છે, માનવ નથી પણ માનવોત્તમ છે. મારી આર્ષ દૃષ્ટિના આધાર પર કહી શકું છું, કે રામનો જન્મ જગતના મંગલને માટે થયો છે. એમના કર્મો પણ જગતના મંગલને માટે જ થતાં રહેશે, જગતને પ્રેરણા પાશે, પ્રકાશ અથવા માર્ગદર્શન આપશે, ને એમને આ અવનીમાં અમર બનાવશે. રામ અને એમનું જીવન જગતના જીવોને માટે જ્યોતિર્મય બનશે.'

મહર્ષિ વસિષ્ઠના વચનો મહારાજા દશરથને માટે આનંદની અમૃતમય વર્ષા જેવા આશીર્વાદરૂપ અને આવકારદાયક થઈ પડ્યાં. દશરથને જાણે કે સંજીવનીની પ્રાપ્તિ થઈ.

મહર્ષિ વસિષ્ઠને આદરપૂર્વક આગળ કરીને રાજા દશરથ પોતાની વિશાળ સેના તથા મંડલી સાથે મિથિલાપુરી તરફ પ્રયાણ કરવા માટે તૈયાર થયા ત્યારે એવું લાગવા માંડ્યું કે જાણે પ્રેમ અને આનંદ તથા શક્તિ અને સંપત્તિનો અદ્દભુત અનંત અર્ણવ ઉછળી પડ્યો.

પ્રજાજનોએ એમને ભાવભીની વિદાય આપી.

એ વખતના અપાર ઐશ્વર્ય અને અસીમ સુખ આગળ અમરાપુરીનું ઐશ્વર્ય ને સુખ પણ સાધારણ લાગવા માંડ્યું.

દિવસોના એકધારા પ્રવાસ પછી રાજા દશરથની મંડળીએ મિથિલાપુરીમાં પ્રવેશ કર્યો ત્યારે જનકે એમનું અપૂર્વ સ્વાગત કર્યું.

રામ તથા લક્ષ્મણે પિતાના ચરણોમાં પ્રણામ કર્યા. દશરથે એમને ભેટીને એમના શરીર પર હાથ ફેરવ્યો ત્યારે એમને અવર્ણનીય શાંતિનો અનુભવ થયો. એ વખતનો આનંદ ધનુષ્યભંગના આનંદ કરતાં પણ અનોખો અને અધિક હતો.

અને કેમ ના હોય ?

જગતમાં અનેક જાતના આનંદ જાણીતા છે. પરંતુ એ સૌમાં માતા ને પિતાના પુનર્મિલનનો અથવા એમના સહવાસનો આનંદ સૌથી વિલક્ષણ છે. આત્માને એ જુદા જ પ્રકારની તાજગી પ્રદાન કરે છે, એક જાતની જુદી જ અકથનીયતા ધરે છે.

રામ-લક્ષ્મણે મહર્ષિ વસિષ્ઠને પણ પ્રણામ કર્યા.

એ જમાનાના બે લોકોત્તર, સર્વશ્રેષ્ઠ ઋષિવરો- વસિષ્ઠ તેમજ વિશ્વામિત્ર પણ પરસ્પર પ્રેમથી મળ્યા ને વાતે વળગ્યા. જાણે કે વ્યોમમાં વિહારે નીકળેલા સૂર્ય ને ચંદ્ર લાંબે વખતે પ્રસંગોપાત એકઠા થયા.

એમના નેહનીતરતા નમ્ર મધુમય મિલનને જોવા માટે અસ્તાચળ તરફ વેગથી ધપતો જતો સૂર્ય પણ થોડીકવાર ઉભો રહ્યો. એને પણ એવું અનેરું દૃશ્ય અવારનવાર ક્યાં જોવા મળવાનું હતું ?

રામ ને લક્ષ્મણને લાંબે વખતે મળીને ભરત અને શત્રુઘ્ન પણ રાજી થયા.

જનકે સૌના ઉતારાની ઉપલક વિધિને પતાવ્યા પછી સૌ પોતપોતાને સ્થાને ગોઠવાઈ ગયા.

સવારે નિત્યકર્મમાંથી નિવૃત્ત થઈને રાજા જનકે મહર્ષિ વિશ્વામિત્ર તથા શતાનંદ સાથે મહર્ષિ વસિષ્ઠ ને રાજા દશરથની પાસે આવીને થોડીક આડીઅવળી વાતચીત કર્યા પછી કહેવા માંડ્યું: ‘સીતાનું નામકરણ કરવામાં આવ્યું એની પાછળ પણ ઊંડું રહસ્ય રહેલું છે. તેની ખબર કદાચ તમને સૌને નહિ હોય.’

‘શું રહસ્ય રહેલું છે ?’ રાજા દશરથે પૂછ્યું.

‘તમારી સૌની જિજ્ઞાસા હોય તો કહી બતાવું.’

‘જરૂર કહી બતાવો. અમને સાંભળવામાં ઘણો જ રસ પડશે.’

‘એકવાર યજ્ઞ કરવાની શુભેચ્છાથી પ્રેરાઈને ભૂમિને અનુકૂળ બનાવવાની ભાવનાથી હું ખેતરમાં હળ ફેરવી રહ્યો હતો. એ કામ ઘણું પવિત્ર, કલ્યાણકારક અને ઉત્તમ હોવાથી મેં મારી મેળે જ કરવા માંડેલું. તે વખતે એક અદ્દભુત ચમત્કાર બન્યો. એને ચમત્કાર જ કહેવો જોઈએ કારણ કે એ બનાવ સાધારણ બુદ્ધિથી ના સમજાય તેવો, કલ્પાનાતીત અને અસાધારણ હતો.’

ચમત્કારનો નિર્દેશ સાંભળીને સૌ સાંભળવા માટે અત્યંત ઉત્સુક બની ગયા એટલે થોડીવાર વિચારમગ્ન બનીને જનકે આગળ કહ્યું: ‘એને ચમત્કાર કહો કે ધરતી માતાનો અનુગ્રહ કહો બધું એક જ છે. મને તો એમાં કશો ભેદ નથી દેખાતો. ધરતીએ મારી ભાવના અને સેવાને લક્ષમાં લઈને મારા પર કૃપા કરી. ભૂમિમાં ફરતા મારા હળના અગ્રભાગમાંથી એક સુંદર કન્યા પ્રકટ થઈ. ભૂમિમાંથી પ્રકટ થયેલી એ કન્યા જાણે કે પૃથ્વી માતાની જ નવી સાકાર આવૃત્તિરૂપ હતી. એ અલૌકિક સ્વરૂપવતી સુકુમારી કન્યાને જોઈને મને આશ્ચર્ય અને આનંદ બંને થયાં. મને થયું કે આ કોઈ દેવાંગના છે કે શું ? અથવા પરમાત્માની પરમ શક્તિ પોતે જ મને કૃતાર્થ કરવા આ માનવાકૃતિમાં પ્રકટ થઈ છે ? ગમે તેમ પણ એને પ્રાપ્ત કરીને મને મારા સદ્દભાગ્યનો ઉદય થયેલો લાગ્યો. મને સર્વ પ્રકારે લાભ થયો. એ કન્યાનું નામ એ પવિત્ર

પ્રસંગની સ્મૃતિમાં, હળના અગ્રભાગના નામ પરથી મેં સીતા પાડ્યું. એ જ એના નામકરણનું રહસ્ય છે. એ હકીકત પરથી તમને સૌને ખાતરી થશે કે સીતા અયોનિજા છે.'

જનકની વાતને સૌ ભારે વિસ્મયપૂર્વક સાંભળી રહ્યા.

મહર્ષિ વિશ્વામિત્રે કહ્યું: 'સીતા એટલે જ આટલી બધી વિલક્ષણ છે. એને જોતાવેંત જ એવું લાગે છે કે એ આ મૃત્યુલોકની નિવાસિની નથી, પરંતુ આ પૃથ્વીના પુનિત પ્રવાસે પધારેલી કોઈક દેવી છે. એનું બધું જ અસાધારણ, અનેરું અને અપાર્થિવ છે.'

પાસે બેઠેલા રામ અને લક્ષ્મણ પણ એ સાંભળીને આશ્ચર્યચકિત બની ગયા.

મહર્ષિ વસિષ્ઠે ઉદ્દગાર કાઢ્યા: 'સીતાના રૂપમાં ધરિત્રી પોતે જ પ્રકટ થઈ છે એવી મારી માન્યતાને તમારી કથાથી સમર્થન મળ્યું. એવી સીતાને પ્રાપ્ત કરવા બદલ તમને ખરેખર ધન્યવાદ ઘટે છે. તમે સર્વોત્તમ અભિનંદનના અધિકારી છો. '

'કાળક્રમે સીતા મોટી થવા માંડી તેમ તેમ જુદા જુદા કેટલાય રાજાઓ અને રાજકુમારોએ એની અસાધારણતાથી આકર્ષાઈને મારી પાસે આવીને એની માંગણી કરી, પરંતુ મેં કોઈનીએ માંગણી ના સ્વીકારી. મારો વિચાર એવો હતો કે સીતા અસાધારણ હોવાથી એના જેવી અસાધારણ યોગ્યતાવાળી વ્યક્તિ જ એને વરે તે બરાબર છે. તો જ એનું જીવન સફળ થાય. એ વિચારથી પ્રેરાઈને જ મેં ભગવાન શંકરના ધનુષ્યને ઉપાડીને પોતાની અસાધારણતાનો જે પરિચય કરાવી આપે એ જ સીતાને પરણી શકે એવો સંકલ્પ કર્યો. એ સંકલ્પને પણ સારો એવો વખત વીતી ગયો ત્યારે સ્વયંવરની યોજનાને પરિણામે મને રામની સર્વશ્રેષ્ઠતાની અથવા અસાધારણતાની ખાતરી થઈ. વિધાતાએ જે કર્યું તે સારું કર્યું. સીતાની પેઠે રામ પણ આ મૃત્યુલોકના સામાન્ય માનવી નથી. એ આખરે મારી સમજમાં આવી ગયું.'

જનકના પ્રેમ અને પ્રસન્નતાથી નીતરતા શબ્દોને સાંભળીને સૌનાં અંતર આનંદી ઊઠ્યાં.

થોડા સમય સુધી ખંડમાં શાંતિ પ્રસરી રહી.

એ શાંતિનો ભંગ કરતા મહર્ષિ વસિષ્ઠ બોલ્યા: 'જેવી અસાધારણ સીતા છે તેવા જ અદ્દભુત અથવા અસાધારણ રામ છે. બંનેના જન્મ ને કર્મ અસામાન્ય છે. બંને એકમેકને માટે સુયોગ્ય છે. એવું સમજીને ઈશ્વરે એમને અત્યંત અદ્દભુત રીતે ભેગાં કરી દીધાં છે. એ અમારે માટે પણ ઓછા આનંદની વાત તો નથી જ. તમારી પેઠે એમાં અમારું પણ એક પ્રકારનું સૌભાગ્ય જ રહેલું છે.'

'મારું સૌભાગ્ય તો ઘણું મોટું છે, એની ના નહિ.' જનકે સંકોચ સાથે કહ્યું: 'આવું સૌભાગ્ય તો સ્વર્ગના અધીશ્વર ઈન્દ્રને પણ નહિ મળતું હોય. આવા અનેરા સૌભાગ્યને માટે વિધાતાનો જેટલો પણ ઉપકાર માનું એટલે ઓછો છે. પરંતુ મારા મનની એક બીજી ઈચ્છા પણ છે. જો તમારી આજ્ઞા હોય તો તેને તમારી આગળ રજૂ કરું.'

'તમારી આંતરિક ઈચ્છાને તમે કોઈયે પ્રકારના સંકોચ વિના, ભારે પ્રસન્નતાપૂર્વક રજૂ કરી શકો છો.'

'આપણી વચ્ચે જે નવો સ્નેહસંબંધ બંધાયો છે, તેને લીધે હવે કોઈ જાતનો સંકોચ રાખવાની આવશ્યકતા નથી.'

રાજા દશરથે પણ એવી રીતે પોતાની અનુમતિ આપી એટલે જનકે આગળની વાતના અનુસંધાનમાં કહેવા માંડ્યું: 'સીતાનું લગ્ન રામ સાથે કરવાનું નિશ્ચિત છે પરંતુ સીતા ઉપરાંત મારી એક બીજી સુંદર, સંસ્કારી, સર્વગુણસંપન્ન પુત્રી છે. એનું નામ ઊર્મિલા છે. સીતાની જેમ એના લગ્નને માટે મેં કોઈ જાતની વિશેષ શરત નથી રાખી કે કોઈ સ્વયંવર યોજના પણ નથી કરી. એને માટે પણ ઉત્તમ પતિ મેળવવાની મારી ઈચ્છા છે. એ ઈચ્છાથી પ્રેરાઈને હું આજે ખાસ તમારી સંમતિ મેળવવા માટે જ આવી પહોંચ્યો છું. અને મને આશા છે કે તમે મારા પ્રસ્તાવ સાથે સહમત થઈ જશો. મારી એ પુત્રી ઊર્મિલાને માટે હું લક્ષ્મણની માગણી કરી રહ્યો છું. મેં જ્યારથી લક્ષ્મણની ઝાંખી કરી છે ત્યારથી મારી આંખ એમના પર પણ ઠરી છે. રામની પેઠે એ પણ મને પ્રિય, પવિત્ર ને પરાક્રમી લાગે છે. માટે મારા આ પ્રસ્તાવને સ્વીકારી લો.'

શતાનંદે કહ્યું: 'મહારાજા વાત બધી રીતે ઉચિત હોઈ સ્વીકારવા યોગ્ય છે. માટે એના સ્વીકારમાં વધારે વિલંબ ના કરશો. ઊર્મિલા સીતાના જેવી જ સુંદર ને સંસ્કારવતી છે. એની અસાધારણ યોગ્યતાથી આકર્ષાઈને એને વરવા માટે પણ અનેક રાજપુત્રો તલપાપડ થઈ રહ્યા છે, પરંતુ મહારાજા સૌને ના પાડે છે. વિધાતાએ સીતાને જેમ રામને માટે રાખી મૂકેલી તેમ એને પણ લક્ષ્મણને માટે જ આજ સુધી રાખી મૂકી લાગે છે.'

રાજા દશરથ, મહર્ષિ વિશ્વામિત્ર અને વસિષ્ઠ એ સાંભળીને પ્રસન્નતાના પારાવારમાં ડૂબી ગયા.

ત્રણે વારા ફરતી બોલી ઊઠ્યા: 'અહાહા, આજે હું આ શું સાંભળી રહ્યો છું ? આ તે સ્વપ્ન દશા છે કે જાગૃતિ ? રામના લગ્નપ્રસંગને પતાવવાની પવિત્ર આકાંક્ષાથી પ્રેરાઈને હું અહિ આવ્યો ત્યાં ભાગ્યના દૈવી દેવતાએ આ શું કરવા ધાર્યું છે ? એણે મારા પર કેવો અમુલખ અનુગ્રહ કરવા માંડ્યો છે ? તમારા પ્રસ્તાવથી હું ખરેખર પ્રસન્ન થયો છું અને એ પ્રસ્તાવને નહિ ટાળી શકું. એનો હું સહર્ષ સ્વીકાર કરું છું.'

'રામ તથા લક્ષ્મણ વચ્ચે પુષ્કળ પ્રેમ છે. એ સદા સાથે રહે છે. અને એકમેક પ્રત્યે ઊંડી લાગણી રાખે છે. બંને પરાક્રમી તથા પવિત્ર છે. યજ્ઞની રક્ષા કરીને બંને અહિ સાથે સાથે જ આવી પહોંચ્યા છે. એ દૃષ્ટિએ આ પ્રસ્તાવનું મૂલ્ય ઘણું મોટું છે. આ પ્રસ્તાવ સમયાનુરૂપ હોવાથી મને ઘણો જ ગમી ગયો છે. એને માટે હું રાજા જનકને ધન્યવાદ આપું છું.'

મહર્ષિ વસિષ્ઠના ઉદ્દગારો દ્વારા પણ પ્રસન્નતાનો એવો જ ભાવ ટપકી રહ્યો: 'અમારે માટે આ સમાચાર અત્યંત આનંદદાયક છે. ઊર્મિલાનું લક્ષ્મણ સાથેનું લગ્ન બધી રીતે ઉચિત છે. એ લગ્નને લીધે આપણા સ્નેહસંબંધ વધારે સુદૃઢ બનશે એમાં શંકા નથી. તમારા પ્રસ્તાવ સાથે હું સંપૂર્ણપણે સંમત છું.'

રામ અને લક્ષ્મણ પણ એ વાર્તાલાપ સાંભળીને આનંદ પામ્યા.

લક્ષ્મણનું દિલ તો અત્યંત હરખઘેલું બની ગયું.

રામે એના તરફ જોઈને પોતાનો સંતોષ વ્યક્ત કર્યો.

પરિસ્થિતિ આવી રીતે એકદમ અનુકૂળ બની રહેશે એવી એમને કલ્પના પણ નહતી.

લક્ષ્મણનું મન તો રાજા જનકનો પ્રસ્તાવ સાંભળીને છેક જ શીતળ બની ગયું.

પોતાની મન ભાવતી વસ્તુ પોતાને આવી સરળ રીતે પ્રદાન કરવાની ઈશ્વરની યોજના બદલ એનું હૃદય ગદ્દગદ્ બની ગયું.

એટલામાં તો મહર્ષિ વિશ્વામિત્રે કહ્યું: 'સીતા ને ઊર્મિલા બંનેના લગ્નની તૈયારી બતાવવા માટે તમને જેટલા પણ ધન્યવાદ આપું એટલા ઓછા છે. આ અવસર અનેરા આનંદનો છે. તમારા શબ્દો સાંભળીને મને લાગે છે કે મારું તથા રામ અને લક્ષ્મણનું શુભાગમન સફળ થયું. વિધિએ પડદા પાછળ જે કલ્યાણકારક યોજના ઘડી રાખેલી તે હવે જાહેર થઈ ગઈ. પરંતુ મારા અંતરમાં તમારો આ પ્રસ્તાવ સાંભળીને એક જુદો જ ભાવ તરી આવે છે, અને તમારી સંમતિ હોય તો હું એ ભાવને પણ જાહેર કરી બતાવું.'

રાજા જનકે વિશ્વામિત્રના અંતરના ભાવને જાણવાની ઈચ્છા બતાવી એટલે વિશ્વામિત્રે આગળ કહ્યું: 'હું જે કાંઈ કહીશ તે તટસ્થ રીતે તથા તમારા હિતની દૃષ્ટિને ધ્યાનમાં રાખીને જ કહીશ એ વાતમાં વિશ્વાસ રાખજો. તમે સીતા અને ઊર્મિલાના લગ્ન સંબંધની વાત કહી બતાવી પરંતુ તમારા ભાઈ કુશધ્વજ પણ સીતાના સ્વયંવર નિમિત્તે હાલ અહિ આવેલા છે. તે તમારા નાના ભાઈ કુશધ્વજની બે કન્યા છે. તે રૂપ તથા ગુણમાં અનુપમ ગણાય છે. સીતા અને ઊર્મિલાની આવૃત્તિ જેવી એ બંને કન્યાઓની માગણી મહારાજા દશરથના બીજા બે પુત્રો ભરત અને શત્રુઘ્નને માટે કરવાની કામનાને મારાથી નથી રોકી શકાતી. રાજા દશરથના એ પુત્રો પણ તરુણ, સ્વરૂપવાન તથા પરાક્રમી છે. રાજા કુશધ્વજની કન્યાઓનો સંબંધ એ બંને સાથે કરીને એ કન્યાઓના જીવનને તમે સફળ કરી શકશો અને કન્યારત્નોને યોગ્ય પાત્રને અર્પણ કરશો.'

વિશ્વામિત્રની એ માગણીથી જનકને ઘણો આનંદ થયો.

એકાદ ક્ષણ તો એ ભારે ભાવવશ બનીને બેસી રહ્યા.

એમના ચક્ષુ અસાધારણ ચમકથી ચમકી રહ્યાં.

પરંતુ પછી સમંતિસૂચક સ્વરે બોલી ઉઠ્યા: 'તમારી માગણી મને ગમી છે. તમારા જેવા મહર્ષિ શ્રેષ્ઠની મારા પર આટલી બધી કૃપા છે એને મારું સદ્દભાગ્ય માનું છું. તમારી માગણીને હું વધાવી લઉં છું. મારા ભાઈ કુશધ્વજે ઊર્મિલાના વિવાહનો મારો વિચાર સાંભળીને રાજા દશરથના બીજા બે પુત્રોને માટે પોતાની કન્યાઓના સંબંધની લાગણી મારી આગળ વ્યક્ત કરેલી. હું એમની માગણી થોડીક વારમાં કરવાનો જ હતો. ત્યાં જ તમે એમને માટે સામેથી માગણી કરી એમાં હું મારા પરના વિશેષ અનુગ્રહનું દર્શન કરું છું. કુશધ્વજને આ વાત સાંભળીને ઊંડો સંતોષ થશે. ઈક્ષ્વાકુ વંશને યોગ્ય માનીને એની સાથે સંબંધ બાંધવાની આવી રીતે વધારે તક આપવા બદલ તમારો આભાર માનું છું.'

'તમે મારી માગણી કોઈ પણ પ્રકારના સંકોચ કે વિલંબ વગર સ્વીકારી લીધી એ તમારી મહાનતા તથા ગુરૂજનો પ્રત્યેની તમારી પ્રખર પૂજ્યબુદ્ધિ બતાવે છે. તમારી સ્વીકૃતિથી રાજા દશરથ, મહામુનિ વસિષ્ઠ તથા રામ અને લક્ષ્મણ સૌને આનંદ થયો છે. એમની મુખાકૃતિ પરથી એ સાફ દેખાઈ આવે છે.'

મહર્ષિ વિશ્વામિત્રની વાત સાચી હતી. તેની પ્રતીતિ એ સૌની મુખાકૃતિ જોઈને અને સૌના ઉત્સાહજનક શબ્દો સાંભળીને રાજા જનકને સહેલાઈથી થઈ ગઈ.

રાજા દશરથે ઉપસંહારમાં કહ્યું: 'ભરત ને શત્રુઘ્ન મને રામ તથા લક્ષ્મણ જેટલા જ પ્રિય છે. ચારે ભાઈઓ સ્નેહના અખંડ સંબંધથી બંધાયલા છે. ચારે એક આત્માના ચાર અંશ જેવા છે. એ ચારેના વિવાહની વ્યવસ્થા થવાથી મને જે ઊંડી કૃતાર્થતાનો અનુભવ થઈ રહ્યો છે એની અભિવ્યક્તિ મારાથી શબ્દોમાં નથી કરી શકાય તેમ. ચારે ભાઈઓની માતાઓને માટે પણ આ સમાચાર ભારે ઉલ્લાસજનક થઈ પડશે.'

ઊર્મિલાનું અંતર પોતાના લગ્નના નવા સમાચાર સાંભળીને થનગની રહ્યું.

સીતાનું હૈયું પણ હરખઘેલું બની ગયું.

બંને બેનોનો સાથ અતૂટ રહેશે એ વિચારથી બંને આનંદી ઊઠી.

સીતાએ કહ્યું: 'મારું લગ્ન તો સ્વયંવરને પરિણામે થશે, પરંતુ તારે સ્વયંવરની જરૂર ના પડી તું એટલે વિશેષ ભાગ્યશાળી.'

'આપણે ચારે બેનો ભાગ્યશાળી જ છીએ ને ?' ઊર્મિલાએ ઉદ્દગાર કાઢ્યા: 'બાકી મારું લગ્ન સ્વયંવરને પરિણામે નથી થવાનું એવું કેમ કહી શકાય ? તારો સ્વયંવર બહારનો હતો અને મારો અંદરનો. અને સાચું કહીએ તો એવું પણ ના કહી શકાય કારણ કે તારો સ્વયંવર પણ કાંઈ એકલો બહારનો ન હતો. બહારની સાથે સાથે એ અંદર પણ ચાલી રહ્યો હતો. '

ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચારે ભાઈઓના લગ્નનું મંગલ કાર્ય પૂરું કરવામાં આવ્યું.

રામનું સીતા સાથે, લક્ષ્મણનું ઊર્મિલા સાથે, ભરતનું માંડવી સાથે ને શત્રુઘ્નનું શ્રુતકીર્તિ સાથે વિધિપૂર્વક થયેલું લગ્ન મિથિલા અને અયોધ્યાપુરીની પ્રજાને સાંધનારા સેતુરૂપ હતું.

મિથિલાની સઘળી પ્રજાએ એ અવસર પર અસાધારણ ઉત્સવ કર્યો.

રાજા દશરથ તથા જનકના જીવન ધન્ય બન્યાં.

પુરોહિત શતાનંદે સ્વસ્તિવચન ઉચ્ચાર્યા.

મહર્ષિ વિશ્વામિત્રે ને વસિષ્ઠે નવપરિણીત દંપતીઓને અંતરના આશીર્વાદ આપીને કૃતાર્થ કર્યા.

એ અવસર પર જે અનુપમ ઐશ્વર્યનું પ્રદર્શન કરવામાં આવ્યું અને જે દાન થયું તે અવર્ણનીય હતું.

દેવતાઓ ને સ્વયં કુબેર પણ એને વિલોકીને વિસ્મયમાં પડે તેમ હતું.

બંને પક્ષો એકમેકનો પ્રેમ જોઈને પરિતૃપ્ત થયાં.

એમનો પારસ્પરિક પ્રેમ વધી ગયો ને પ્રબળ બન્યો.

* * * * *

## ૧૫. મિથિલાની વિદાય

લગ્નના એ અલૌકિક અવસરે સૌને આનંદ આપ્યો. સૌને થયું કે જે સર્વોત્તમ હતું એ જ થઈ ગયું. આનાથી અધિક ઉત્તમ બીજું કાંઈયે ના થાત. આનાથી ઉલટું થયું હોત તો જ અમંગલ અને અસુખકારક થઈ પડત. લગ્નના એ આનંદદાયક અવસર નિમિત્તે મિથિલા નગરીમાં દિવસો સુધી ઉત્સવ છવાઈ રહ્યો. આખાય નગરમાં જાણે કે અમરાપુરીનું અવતરણ થયું. જનકનો આગ્રહ અને પ્રેમ પ્રગાઢ હતો. રાજા દશરથ પોતાના પ્રસ્થાનની વાત કરતા તો જનક એને લક્ષમાં ના લેતા ને એક યા બીજું બહાનું કાઢીને ટાળતાં રહેતાં. અને જનકના અતિશય આગ્રહ આગળ દશરથ નમી પડતા તથા પોતાનો વખત લંબાવતા જતા. એમ કરતાં કરતાં પખવાડિયું પૂરું થયું.

મિથિલા નગરીમાં સૌ કોઈના આનંદની અવધિ ન હતી. સૌને કોઈને કોઈ દુર્લભ પદાર્થની પ્રાપ્તિ થઈ હોય એવું લાગ્યા કરતું. લોકો પ્રસંગ પડતાં જુદે જુદે ઠેકાણે ટોળે વળીને ઉલ્લાસપૂર્વક એની એ જ વાતો કરતાં. પરંતુ એક યુવક એવો હતો જેના અંતરમાં બિલકુલ આનંદ ન હતો. એ ખૂબ જ ઉદાસ રહેતો. એના દિલમાં ડંખ હતો, વેદના હતી, અને અસંતોષની જ્વાળા સળગતી'તી. લગ્નનો વીતેલો પ્રસંગ એને જરા પણ પસંદ નહતો. એ હતો નિષ્કામ.

એક દિવસ સાંજે મનોબળને મજબૂત કરીને તથા હિંમત એકઠી કરીને એ ઊર્મિલાની પાસે આવી પહોંચ્યો ને બોલ્યો: 'તારા લગ્નને માટે તને અભિનંદન આપું છું.' ઊર્મિલાને એના આગમનથી આશ્ચર્ય તો થયું જ. એનું આગમન એને ખાસ ગમ્યું પણ નહિ. છતાં પણ પોતાના મનોભાવને દબાવીને ઉપર ઉપરની પ્રસન્નતા બતાવતાં એ બોલી:

'મને સાચેસાચ અભિનંદન આપે છે ? અંતરથી ?'

'અંતરથી તો નહિ પરંતુ ઉપર ઉપરથી. એક પ્રથાને પાળવા ખાતર, શિષ્ટાચારને અનુસરીને. બાકી અંતરથી તો અભિનંદન કેવી રીતે આપી શકું ?'

'ઉપર ઉપરથી મન ના માનતું હોય તો અભિનંદન આપવાનો શો અર્થ છે ?'

'અર્થ હોય કે ના હોય તો પણ મને થયું કે ચાલો, અભિનંદનને નામે મળી આવું.' ઊર્મિલા કાંઈ બોલી નહિ ને શાંત રહી એટલે નિષ્કામે વાતને આગળ વધારવા પૂછયું: 'હવે તો તને શાંતિ છે ને ?'

'પહેલાં પણ શાંતિ જ હતી. અશાંતિ હતી જ ક્યારે ?'

'છતાં પણ હવે તો વધારે શાંતિ ને વધારે આનંદનો અનુભવ થતો હશે. લક્ષ્મણ સાથે તારું લગ્ન થયું એટલે શાંતિ અથવા આનંદની કમી ક્યાંથી હોય ? લક્ષ્મણ સાથેના લગ્નને તો તેં વધાવી લીધું હશે. કારણ કે એ તો રાજા દશરથનો પુત્ર છે. હું કાંઈ રાજપુત્ર છું ? હું તો પુરોહિતપુત્ર કહેવાઉં ખરુંને ? '

'જો નિષ્કામ, તું પુરોહિતપુત્ર છે કે રાજપુત્ર તેનું મહત્વ મારે મન જરા પણ નથી. હું તો માણસની લાયકાતનો જ વિચાર કરું છું. ને લગ્નના સંબંધમાં તો મેં તને કહ્યું'તું જ કે જેને માટે મારું મન ના માનતું હોય તેનો મારાથી વિચાર પણ ના કરી શકાય. મારા વિચારો મેં તને સાફ શબ્દોમાં જણાવી દીધાં છે.'

'એ વિચારો જ તને એક દિવસ દુઃખી કરશે, તપાવશે, કે રડાવશે.'

'કેમ ? એવું અમંગલ કેમ બોલ્યો ? તું મને અભિનંદન આપવા આવ્યો છે તે ભૂલી ગયો ?'

'તને મારી વાણી અમંગલ લાગે છે, પરંતુ હું અમંગલ નથી બોલ્યો પણ સાચું બોલ્યો છું. તું રાજકુટુંબને જોઈને મોહાય છે. પરંતુ તને ખબર નથી કે રાજકુટુંબ તો ફક્ત બહારથી જોતાં જ આકર્ષક હોય છે. અંદરખાનેથી એમાં અવ્યવસ્થા, સ્પર્ધા અને અસૂયા તથા અશાંતિ વિના બીજું કાંઈ જ નથી હોતું.'

'તારો અનુભવ કદાચ એવો હશે, પણ મારો અનુભવ એથી ઉલટો છે.'

નિષ્કામ જરા ઉત્તેજીત થઈને બોલ્યો: 'તારો અનુભવ તો આ બાબતોમાં ઉલટો જ રહેવાનો. મારી સાથે તું સંમત નહિ થવાની તેની મને ખબર છે. છતાં પણ રાજ કુટુંબમાં રહીને તને મેં કહ્યું તેવો જ અનુભવ થવાનો. તું ધારતી હશે એટલો અને એવો આનંદ તને નહિ જ મળવાનો. તારો આજ સુધીનો અનુભવ ગમે તેવો હશે, પરંતુ હું પણ એક પવિત્ર પુરોહિત હોવાથી મારા વચનો મિથ્યા નહિ જ જવાનાં.'

'અધૂરો રહેલો શાપ તું પૂરો કરી રહ્યો છે કે શું ?'

'તું ભલે એમ સમજ. મારા શબ્દોને ગમે તે રીતે ઘટાવવાની તને છૂટ છે. મારા અંતરમાં તારા લગ્નના સમાચાર સાંભળ્યા છે ત્યારથી દુઃખ છે, અવ્યવસ્થા છે અને અશાંતિ છે. મને ક્યાંય ગમતું નથી, મારું મન કશામાં નથી લાગતું.'

ઊર્મિલા હસીને બોલી: 'તારી પોતાની પરિસ્થિતિ એવી છે. એટલે અયોધ્યાના રાજકુટુંબમાં પણ એવી જ અશાંતિ અને અવ્યવસ્થા હોવાની કલ્પના તેં કરી લીધી છે. પણ તારી એ કલ્પના નિરર્થક છે અને તારા પોતાના અંતરનો પડઘો પાડે છે.'

'તારા એ શબ્દો સાથે સંમત થવાનું અશક્ય છે.'

'છતાં પણ એ શબ્દો સાચા છે.'

'તને જેટલું સાચું લાગે છે એટલું બધું સાચું જ છે કે સાચું હોય એવું થોડું છે ? પરંતુ એ વાતને જવા દે. મને એક બીજી વાતનું સ્મરણ થાય છે.'

ઊર્મિલા જરાક અટકી પડી એટલે નિષ્કામે કહેવા માંડ્યું: 'મારા અંતરની આજની અવસ્થા શું તારા પ્રેમની પ્રબળતા વિના થઈ છે ? મને તારા પ્રત્યે અપાર પ્રેમ અને ઊંડી લાગણી છે એ હકીકતનો સ્વીકાર તો તારે પણ કરવો પડશે.'

'છતાં પણ એ લાગણી કે પ્રેમનો પ્રવાહ યોગ્ય દિશામાં નથી જઈ રહ્યો પરંતુ ભળતી દિશામાં જઈ રહ્યો છે. એ પ્રેમ નથી પણ મોહ છે. એને લક્ષમાં લઈને જ મારે તને એક ભલામણ કરાવાની છે કે તું હવે લગ્ન કરી લે. કોઈક સારી કન્યાને પસંદ કરી લે. તો તારું મન ઠીક થઈ જશે. '

'મારી એક વખતની પસંદગી તો કામ ના લાગી ! છતાં પણ... હવે તો મારું હૃદય તૂટી ગયું છે. નિરાશ બન્યું છે. '

'એ તો લાગણી જ્યારે વિવેક વગરની હોય ત્યારે એ સંતોષાય નહિ ત્યારે આરંભમાં એવું જ લાગે છે પરંતુ પછીથી તૂટેલું લાગતું હૃદય પણ સંધાઈ જાય છે, નિરાશા આશામાં પલટાઈ જાય છે, ને માણસનું અંતર નવી પલટાયલી પરિસ્થિતિને અનુકૂળ થાય છે. વૈરાગ્યનું સ્થાન રાગ લે છે અને જીવન ફરી પાછું મધુર સ્વરે વહેવા માંડે છે.'

નિષ્કામ જુદા જ વિચારોમાંથી જાગતો હોય તેમ બોલ્યો: 'મારે લગ્ન કરવું હશે તો પણ તે માટે કાંઈ અનુજ્ઞા લેવા નહિ આવું.'

'એ તો જાણું છું.' ઊર્મિલા બોલી: 'પણ લગ્નના સમાચાર તો મોકલીશને ? '

'સમાચાર પણ શા માટે મોકલું ? એ તો લગ્ન થશે ત્યારે આપોઆપ જણાશે. મારા લગ્નનું ઠેકાણું જ ક્યાં છે ? આ તો તારું લગ્ન તારી મનપસંદ રીતે થયું છે એટલે એના આનંદના અતિરેકમાં તું મારી ઠેકડી કરતી લાગે છે. પરંતુ તારો આનંદ લાંબો વખત નહી ટકે.'

'ભલે, તું મારે માટે ગમે તેવી અશુભ ભાવના પ્રકટ કરે તો પણ મારા મુખમાંથી તારે માટે ખરાબ શબ્દ નહિ નીકળે. હું તો ગમે ત્યાં હોઈશ તો પણ તારી લાગણીને લીધે તારું સારું જ ચાહીશ. ઈશ્વર તારું સર્વ પ્રકારે સારું કરે ને તને સંપૂર્ણ શાંતિ તથા આનંદ ધરે.'

'મને સંપૂર્ણ, શાંતિ, સુખ અને આનંદ આપવા તો તારે મારી થવાની આવશ્યકતા હતી, ઊર્મિલા !'

'એ દિવાસ્વપ્ન તો હવે તૂટી ગયું ને ? હવે શું ?'

'છતાં પણ એનો નશો નથી તૂટ્યો.'

'કાળ એને પણ ક્રમે ક્રમે તોડી નાખશે, ત્યારે તને સાચું સમજાશે ને તું સુખી થશે. તારા મારી સાથેના વર્તનને માટે તે વખતે કદાચ તને પશ્ચાતાપ પણ થયા કરશે.'

'એવી નિરર્થક, આધાર વિનાની આશા ના રાખતી, તારા મુખમાંથી જે શબ્દો નીકળ્યા છે તે શબ્દો ખરું કહેતાં તો તને જ લાગુ પડે છે ને લાગુ પડવા જોઈએ. ભવિષ્યમાં તને પોતાને જ જ્યારે સાચું સમજાશે ત્યારે મને અન્યાય કરવા માટે તને પશ્ચાતાપ થશે. એ વખતે, મને તો એ વાતનો પૂરેપૂરો સંભવ લાગે છે કે તું મારી માફી પણ માંગશે.'

'જોજે ત્યારે, કોના શબ્દો કોને માટે સાચા ઠરે છે !'

*

સીતા અને ઊર્મિલાની વિદાયનો વખત આવી પહોંચ્યો એટલે જનકનો પ્રાણ પીગળવા લાગ્યો. એમના અંતરની વ્યથા વધી ગઈ. એ જ્ઞાની હતા તથા ભારે ધીરજવાળા ગણાતા તો પણ એમનું હૈયું ભરાઈ ગયું. આંખમાં અશ્રુબિંદુ ભરાઈ ગયા. લગ્નના અમુલખ અવસરનો આનંદ સીતા તથા ઊર્મિલાની વિદાયના કરુણ વિચાર આગળ લાંબો વખત ના ટકી શક્યો ને ઊડી ગયો. સીતા અને ઊર્મિલાના અંતરમાં પણ કરુણાની ઘેરી છાયા ફરી વળી. મિથિલા નગરીમાં વીતાવેલા વર્ષો એમની આગળ એક પછી એક ઉપસ્થિત થવા લાગ્યા, ને પરિણામે એમના અંતરમાં એક પ્રકારની મીઠી વેદના થવા માંડી. એમની માતાની સ્થિતિ પણ ભારે વિષાદમગ્ન બની ગઈ.

સીતાએ ઊર્મિલાને કહ્યું પણ ખરું: 'લગ્નનો અવસર આમ તો આનંદમય લાગે છે પરંતુ એના આનંદની પાછળ વિષાદ પણ છુપાયેલો છે. એની ખબર તો પાછળથી જ પડે છે. મિથિલા નગરીની, માતાપિતાની ને સ્વજનોની વિદાય લેવાનો વખત પાસે આવ્યો છે ત્યારે દિલને કેટલું બધું માઠું લાગે છે ?'

'દૈવ પણ કેવું છે ? ઊર્મિલા બોલી: 'એની લીલા કેવી અજબ છે ? જેમને માટે દિલમાં સ્નેહ બંધાયો તેમની સાથે સંબંધ જોડીને એણે શાંતિ આપી, પરંતુ વહાલાંના વિયોગનો વખત પાસે લાવીને અંતરને

અશાંત પણ કરવા માંડ્યું. સુખની સાથે દુઃખ, હર્ષની સાથે શોક અને આનંદની સાથે આંસુ જીવનમાં એકમેકના સાથી થઈને રહેલાં જ છે એવી હવે પ્રતીતિ થાય છે.'

'મિથિલાએ મારા પર આટલી બધી મોહિની કરી છે તેની તો મને ખબર જ નહિ.'

'મને પણ એની ખબર આજે જ પડી શકી. અહીંનું પ્રત્યેક પરમાણુ પ્રાણને પકડીને ખેંચી રહ્યું હોય એવું લાગ્યા કરે છે.'

છેલ્લે છેલ્લે સખીઓ સાથે બંને ઉદ્યાનમાં ભવાની માતાના દર્શને આવ્યાં ત્યારે પણ એમનું હૈયું ભરાઈ આવ્યું.

'આ સુંદર ફૂલવાડીમાં જ સૌથી પહેલાં દશરથનંદન રામનું દર્શન થઈ શકેલું. એ ત્યાં ઊભા રહેલા-પેલા ઘટાદાર વૃક્ષની નીચે.'

'હા, આ ફૂલવાડી ભારે મંગલમય ને શુકનિયાળ સાબિત થઈ.' ઊર્મિલાએ ઉદ્દગાર કાઢ્યા: 'લક્ષ્મણ પણ સૌથી પહેલાં અહિ જ મળેલા.'

'એ વખતે કોને ખબર હતી કે એમની સાથે આપણું લગ્ન થશે ?'

'અને એ પણ એક જ દિવસે અને એક જ સાથે ?'

'લગ્નના પ્રસંગને પૂરો થયે તો થોડા દિવસો જ વિત્યા છે છતાં પણ રામ અને લક્ષ્મણને આપણે લાંબા વખતથી ઓળખતાં હોઈએ એવું લાગ્યા કરે છે.'

'સાચું છે.'

ભવાની માતાના દર્શનનો લાભ લઈને બંને ઉભા રહ્યાં ત્યારે બંનેની આંખ ભરાઈ આવી. બંનેના અંતર ભાવમય બનીને જાણે એકીસાથે જ બોલી ઉઠ્યા: 'મા, આ બધું તારા જ અનુગ્રહનું પરિણામ છે. તારા અનુગ્રહ વિના અમારું જીવન આટલું બધું આનંદમય ભાગ્યે જ બની શક્યું હોત.'

થોડીવાર સુધી બંને ઊંડી કૃતજ્ઞાપૂર્વક ઊભી રહી એટલે સીતાએ પૂછયું: 'માતાની પાસે હજુ પણ કાંઈ માગવું બાકી છે ?'

'બીજું તો શું માગવા જેવું બાકી રહ્યું છે ? હા, એક વાત જરૂર યાદ આવે છે. લગ્નની ભાવના તો માતાની કૃપાથી સરળતાપૂર્વક પૂરી થઈ, પણ એના અનુસંધાનમાં હવે એક બીજી વાત જરૂર માગીએ કે જેની સાથે લગ્ન થયું છે એનો આપણને વિયોગ ના થાય.'

'એ માગણી બરાબર છે. વિયોગ થોડા વખતનો હોય કે વધારે વખતનો તો પણ સદાયે દુઃખદ જ સાબિત થાય છે. એની કામના કોઈયે નથી કરતું.'

'કાળ જોકે જુદા જુદા જીવોનો વિયોગ કરાવે છે, પરંતુ આપણા સૌનો કાળ એકસાથે જ આવે એવું માગી લઈએ. એટલે વિયોગની વ્યથા જ ના રહે.'

'અને છતાંપણ, જો વિયોગની વ્યથા આવે તો તેને શાંતિ સાથે સ્મિતપૂર્વક સહન કરીએ એવું બળ દે.'

'પણ એ તો બહુ દૂરની વાત થઈ.' ઊર્મિલા બોલી: 'અત્યારે તો આ મધુમયી મિથિલા તથા આપણા સ્વજનોની વિદાય વખતની વ્યથાને સહન કરવાની શક્તિ મેળવીએ તો પણ ઘણું છે.'

પુત્રીઓને વિદાય આપતી વખતે જનકની અવસ્થા અત્યંત કરુણ બની ગઈ. એ ગદ્દગદ્ સ્વરે કહેવા માંડ્યા: 'ઈશ્વરની લીલા તો જુઓ ! માતાપિતા, ભાઈબેન તેમજ બીજા સ્વજનો સાથે સ્નેહ બાંધીને સુખ માનનાર કન્યા લગ્ન પછી એ બધામાંથી મનને પાછું વાળીને નવા ઘરમાં નવા સ્વજન સાથે રહેવા જાય છે. એનું કાળજું કેટલું કઠણ થાય છે ? એના ત્યાગની તુલના તપસ્વીઓ તથા યોગીઓના મોટામાં મોટા ત્યાગ સાથેય નથી કરી શકાતી. એનો ત્યાગ સૌથી કઠિન, કઠોર અને શ્રેષ્ઠ લાગે છે.'

દૂર સુધી એ સૌને વળાવવા ગયા. મિથિલા નગરીમાં પાછા ફરવાનું મન એમને ન હતું. પરંતુ નગરની બહાર નીકળી ગયા પછી આખરે એમને પાછા ફરવું પડયું. તે વખતે એમના હૃદયના બધા જ બંધ તૂટી ગયા અને એ મુક્ત મને, કોઈ પણ પ્રકારના સંકોચ વિના, રડી પડ્યા.

* * * * *

## ૧૯. અલૌકિક કથા

અયોધ્યા નગરીના દર્શનનું સૌભાગ્ય ઘણે લાંબે વખતે પ્રાપ્ત થયું એથી રામ અને લક્ષ્મણને અનહદ આનંદ થવા માંડ્યો. એમનો પ્રાણ પુલકિત બનીને નાચવા માંડ્યો. એમને રોમાંચ થયાં.

અને કેમ ના થાય ?

માણસ ગમે ત્યાં ફરે કે ગમે ત્યાં રહે, પરંતુ જન્મભૂમિના દર્શનથી અથવા માતૃભૂમિમાં આવવાથી એક પ્રકારની ઊંડી શાંતિ અથવા પ્રસન્નતાનો અનુભવ કરે છે. એ હકીકત રામ અને લક્ષ્મણને માટે પણ સાચી હતી. એ એમાં અપવાદરૂપ ન હતા.

રામે લક્ષ્મણને કહી બતાવ્યું: 'અયોધ્યામાં આવવાથી મને આટલો બધો આનંદ કેમ થઈ રહ્યો છે ? જાણે અત્યાર સુધી પૃથ્વીની બહારના કોઈ પ્રદેશમાં ફરતો હોઉં અને આજે પૃથ્વીમાં પ્રવેશતો હોઉં એવું લાગ્યા કરે છે.'

'મને પણ એવી જ અનોખી લાગણી થઈ આવે છે.' લક્ષ્મણ બોલ્યો: 'મારા અંતરના ઉમળકાને પ્રકટ નથી કરી શકતો. જાણે કોઈક દિવસો પહેલાં ખોવાઈ ગયેલી વસ્તુ પુનઃ પ્રાપ્ત થઈ હોય એવી લાગણી થયા કરે છે. એવી શાંતિ, એવી તૃપ્તિ, અને એવી સુખની ઊર્મિનો અનુભવ થયા કરે છે.'

'અયોધ્યા તો અમરાપુરીથી યે અધિક છે. આપણે બીજે બધે ફર્યા પરંતુ અયોધ્યાની ભૂમિ જેવી ભૂમિ ક્યાંય નથી જોઈ. આ ભૂમિ ચેતનમયી લાગે છે. આની રજ અત્યંત અદ્દભુત અને અલૌકિક છે. એના અણુએ અણુમાં અસાધારણતાનું દર્શન થાય છે. એમ લાગે છે કે માનવને જ નહિ, દેવોને પણ આ ભૂમિ એટલો જ આનંદ આપતી હશે. સાચું છે, દેવો પણ આ ભૂમિ પર મીટ માંડીને પ્રસન્ન થતા હશે ને આ ભૂમિમાં જન્મવાની ભાવના સેવતા હશે. આ પવિત્ર સરયૂ અને એના સુંદર શાંત તટપ્રદેશ પરનાં દેવમંદિરોની ઝાંખી કરીને એમને કાંઈનું કાંઈ થઈ જતું હશે. આ મહિમામયી સુખથી છલકાતી અયોધ્યાપુરીમાં વિહરવાની કામનાને એ નહિ રોકી શકતા હોય.'

પવિત્ર સરયૂને પ્રણામ કરી, એનું આચમન લઈને સૌ આગળ વધ્યા. સીતા, ઊર્મિલા, માંડવી અને શ્રુતકીર્તિ તથા મિથિલા નગરીના બીજા પ્રજાજનો સરયૂના સુંદર તટપ્રદેશના દર્શનથી આનંદ પામ્યા.

એમના આત્મા પ્રવાસના સઘળા શ્રમને ભૂલી ગયા. અયોધ્યાના સુંદર દૃશ્યની, એની આકર્ષકતા અને આહ્લાદકતાની સૌ પ્રશંસા કરવા લાગ્યા. સીતા અને ઊર્મિલાને એ દૃશ્ય ઘણું જ ગમી ગયું.

સીતાના મુખમાંથી ઉદ્દગાર નીકળ્યા: 'અયોધ્યાની ભૂમિ આટલી બધી આકર્ષક હશે એની તો મને કલ્પના પણ ન હતી. આ ભૂમિ વિશે સાંભળ્યું તો ઘણું હતું પરંતુ એ ગુણશ્રવણ અધુરૂં હતું એવી ખાતરી થાય છે. જે ભૂમિમાં રામ જન્મ્યા તે ભૂમિ કાંઈ જેવી તેવી ને જગતની ઈતર ભૂમિ જેવી સાધારણ તો ન જ હોય. એ ભૂમિ રામની ચરણરજથી પવિત્ર તથા વિશેષ મહિમાવાળી હોય એ સહેજે સમજી શકાય તેમ છે.'

ઊર્મિલાએ પોતાના અંતરની ઊર્મિને વ્યક્ત કરતાં કહ્યું: 'જે ભૂમિએ પરમ પ્રતાપી રામ અને લક્ષ્મણને પેદા કર્યા તે ભૂમિ તો તીર્થ કરતાં પણ વધારે મહિમાવાળી કહી શકાય. એના સ્પર્શથી જ મને ઊંડી શાંતિ મળે છે. મિથિલાની ભૂમિ કરતાં આ ભૂમિ કાંઈ ઓછી આહ્લાદક નથી લાગતી. આવી અલૌકિક

ભૂમિમાં આપણું આવવાનું બન્યું અને સાથે સાથે, આપણી ભાવના પ્રમાણે રહેવાનું નિર્માણ થયું એ ઈશ્વરની કૃપા જ છે.'

સરયૂના સુંદર તટ પર અયોધ્યાના નગરજનો સ્વાગત માટે ઊભા હતા. એ સૌએ આંગતુકોનું અત્યંત પ્રેમથી સ્વાગત કર્યું. કૌશલ્યા, કૈકેયી કે સુમિત્રાએ પોતાના પુત્રોના વિવાહની વાત સાંભળી ત્યારથી જ એમની પ્રસન્નતાનો પાર ન હતો. ચારે પુત્રોની ચાર દેવદુર્લભ સુંદર સ્ત્રીઓને નિહાળીને એમના હૈયાં હરખઘેલા બની ગયાં. એ પોતાને સાચા અર્થમાં કૃતાર્થ માનવા લાગી.

મહર્ષિ વિશ્વામિત્રનો એમણે અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

કૌશલ્યાએ કહ્યું: 'આ બધું મહર્ષિ વિશ્વામિત્રના અનુગ્રહનું જ પરિણામ છે. એમના વિના આ અવસરનો આનંદ આપણને ભાગ્યે જ મળી શક્યો હોત. એમણે સૌથી પહેલાં પધારીને રાજા પાસે રામ અને લક્ષ્મણની યજ્ઞની રક્ષા માટે માગણી કરી ત્યારે આપણા પર જાણે કે વીજળી પડી હોય એવું લાગવા માંડેલું, રામ અને લક્ષ્મણને વિદાય આપેલી તે પણ અતિશય દુઃખપૂર્વક. પરંતુ હવે ખાતરી થાય છે મહર્ષિ વિશ્વામિત્રે જે કર્યું તે સારા માટે જ કરેલું.'

કૈકેયી બોલી: 'એ મહામુનિની કૃપાથી જ રામ અને લક્ષ્મણ મહાબળવાન રાક્ષસોનો સફળતાપૂર્વક પ્રતિકાર કરીને એમના પવિત્ર યજ્ઞની રક્ષા કરી શક્યા, અને મને તો લાગે છે કે રાજા જનકના આદરેલા સ્વયંવરમાં ભગવાન શંકરના પ્રતાપી ધનુષ્યને તોડવાનું તથા સીતાને વરવાનું કામ પણ એમની કૃપાને લીધે જ શક્ય બની શક્યું. બાકી એ કામ કાંઈ ધાર્યા જેટલું સહેલું ન હતું. ગમે તેમ પણ બધાં જ બંધુઓને પોતપોતાની સુંદર પત્નીઓ સાથે જોઈને મારું અંતર ઉછળી પડે છે.'

સુમિત્રા બોલી: 'લગ્ન તો કેવળ રામનું જ થવાનું હતું. રાજા જનકનો સંદેશ તો એવો જ હતો પરંતુ ઈશ્વરે કંઈક જુદી જ લીલા કરવાનો વિચાર કર્યો ને તે પ્રમાણે યોજના બનાવી. એમને થયું કે ચારે ભાઈઓને પરસ્પર પુષ્કળ પ્રેમ છે તો ચારેનું ભાગ્ય એક દિવસે, એક સાથે જ ચમકવું જોઈએ. એ ઈશ્વરે જ એમના લગ્નનો આનંદદાયક અવસર ઊભો કર્યો. એમની સાથે આપણું ભાગ્ય પણ ચમકી ઉઠ્યું.'

'સાચું છે નહિ તો આવી એક જ રાજકુટુંબની ચાર એક સરખા સૌંદર્ય ને શીલવાળી કન્યાઓ આપણને ક્યાંથી મળવાની હતી ? આવી સુંદર કન્યાઓ તો યક્ષ, કિન્નર, ગંધર્વ કે દેવલોકમાં પણ ન મળે.'

'બધી કન્યાઓ તો છે અસાધારણ સૌન્દર્યવાળી પરંતુ સીતા એ સૌમાં આગળ તરી આવે છે. જેમ ચારે ભાઈઓમાં રામ ઉત્તમ છે તેમ ચારે કન્યાઓમાં સીતા જુદી જ તરી આવે છે.'

કૈકેયીએ કહ્યું: 'સીતાને રામ માટે જ તૈયાર કરવામાં આવી હોય એવું લાગ્યા વિના નથી રહેતું. રામની સાથે એ કેટલી બધી સરસ રીતે શોભી ઉઠે છે! જાણે કે આત્માની સાથે કાયા અથવા ઈશ્વરની સાથે એમની આશ્રયભૂતા અભિન્ન શક્તિ માયા.'

કૌશલ્યા ભારે સ્વરે કહેવા માંડી: 'કૈકેયીના ભાવભીના વચનો સાંભળીને મારું હૃદય વધારે ભાવમય બની જાય છે. એ વચનો મારા પોતાના જ વિચારો ને ભાવોનો પડઘો પાડે છે. રામ ને સીતાને જોઈને તમને આટલો બધો પ્રેમ થાય છે, પરંતુ લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્નને સજોડે જોઈને પણ મને એવો જ પ્રેમ થઈ રહ્યો છે. આપણો એ પ્રેમ શાશ્વત રહે ને દિનપ્રતિદિન વધ્યા કરે એવું ઈચ્છું છું.'

'એ તો શાશ્વત રહેશે ને વધતો જશે એમાં શંકાને સ્થાન જ નથી.' કૈકેયીના વિશ્વાસપૂર્વકના વચન સાંભળીને કૌશલ્યાની આંખ ભીની થઈ ગઈ. સુમિત્રાને પણ અપાર સંતોષ થયો. એણે કહ્યું: 'આપણો સ્નેહ સનાતન શા માટે ના રહે ? આપણી વચ્ચે કોઈપણ પ્રકારનો ભેદભાવ કે સ્વાર્થ નથી. આપણે મન ચારે બંધુઓ સરખા છે. બધાં આપણા હોય એવું આપણને લાગ્યા કરે છે, અને ચારેય ભાઈઓ પણ આપણને પોતાની માતા માની આપણા પર એકસરખો સ્નેહ રાખ્યા કરે છે. એમાંયે રામનો સ્નેહ તો અજબ છે. બીજી માતાઓ ને ભાઈઓ પ્રત્યે એ વધારે સ્નેહ રાખે છે. પછી આપણો સ્નેહ આવો ને આવો ને એકસરખો ન રહેવાનું કોઈ જ કારણ નથી દેખાતું. વધુમાં રાજા પણ સૌ પ્રત્યે સમાન ભાવ ધરાવે છે.'

'રાજપ્રાસાદમાં આવ્યા પછી સીતા અને ઊર્મિલાને અયોધ્યાના ઐશ્વર્યનો ખ્યાલ આવ્યો. કેટલું બધું અનુપમ ઐશ્વર્ય! એ રાજપ્રાસાદ કુબેરના ઐશ્વર્યની બરાબરી કરે તેવો ભવ્ય અને સુશોભિત હતો. લક્ષ્મી પોતે તેમાં વાસ કરતી હોય તેવું લાગતું હતું.'

ત્યાં સુવર્ણ, હીરા, માણેક તથા મોતીનો તો પાર ન હતો પરંતુ એની રચના પણ ભારે અસાધારણ અને આનંદદાયક હતી. જનકના રાજપુરોહિત શતાનંદ પણ એ વૈભવ વિલોકીને ભારે વિસ્મય પામ્યા. એમને લાગ્યું કે મિથિલાનો વૈભવ આ વૈભવની આગળ ઝાંખો પડે છે. મહારાજા દશરથની આગળ એમણે અયોધ્યાના અસાધારણ ઐશ્વર્યની પ્રશંસા કરી તો દશરથે નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો: 'અયોધ્યાનું એ ઐશ્વર્ય તો સ્થૂળ છે. એને અવલોકીને સૌ કોઈ અંજાઈ જાય છે, પરંતુ મારા આત્માને એ એટલું બધું નથી આકર્ષતું અથવા એટલે બધો આનંદ પણ નથી આપતું. મને તો એનું એક બીજું જ સૌંદર્ય કે ઐશ્વર્ય આકર્ષે છે અને આનંદ આપે છે.'

'એ ઐશ્વર્ય કે સૌન્દર્ય વળી કયું છે ?' શતાનંદે પ્રશ્ન કર્યો.

'તમે મારા કહેવાનો ભાવાર્થ ના સમજ્યા. અયોધ્યાનું સાચું સૌન્દર્ય કે ઐશ્વર્ય રામમાં રહેલું છે. રામને લીધે જ એમની શોભા તેમજ મહત્તા છે. એમને લીધે જ મને અયોધ્યા આનંદમય લાગે છે. એ અયોધ્યાની બહાર હતા ત્યારે આખી અયોધ્યા નીરસ તથા કુરૂપ લાગતી હતી. એનું શરીર દેખાતું પરંતુ એનો આત્મા ઊડી ગયેલો. રામ પાછા આવ્યા એટલે અયોધ્યાનો આત્મા પણ પાછો આવ્યો અને અયોધ્યા ફરી સૌન્દર્યવતી, સુશોભિત તથા આનંદમય બની ગઈ. હવે તો રામની સાથે સીતાનું પણ શુભાગમન થયું એટલે અયોધ્યાનું ઐશ્વર્ય વધી ગયું.'

દશરથનો રામપ્રેમ જોઈને શતાનંદનું અંતર આનંદી ઉઠ્યું. એ આનંદને વ્યક્ત કરતાં એ બોલી ઉઠ્યાં: 'રામને માટેની તમારી ભાવના સાચી છે. એ ભાવનાને હું યથાર્થ રીતે સમજી શકું છું. રામ એકમાત્ર અયોધ્યાના ઐશ્વર્યરૂપ છે એવું જ શા માટે ? એ તો સમસ્ત સંસારના ઐશ્વર્યરૂપ છે.'

'રામ જો કે સર્વોત્તમ છે પરંતુ લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન પણ એવા જ અસાધારણ છે. સીતાની પેઠે એમનો જન્મ પણ તદ્દન અનોખી રીતે થયો છે.'

'તદ્દન અનોખી રીતે ?'

'હા.'

'તો તો એ હકીકત સાંભળવી જોઈએ. એમના જન્મની કથા સાંભળીને મને સાચેસાચ ઘણો આનંદ થશે.'

'એ કથા આનંદદાયક જ છે, શતાનંદ. એના સ્મરણથી મારું મન મલકાય છે ને મંત્રમુગ્ધ બને છે. તમને કદાચ ખબર નહી હોય કે એ પુત્રોની પ્રાપ્તિ બહુ મોટી ઉંમરે અને એ પણ યજ્ઞ દ્વારા થઈ હતી.'

'યજ્ઞ દ્વારા ?'

'હા. યજ્ઞ દ્વારા. પરંતુ એ યજ્ઞ રાજા જનકના યજ્ઞ કરતાં જરા જુદો હતો.'

શતાનંદ શાંતિથી કુતૂહલપૂર્વક સાંભળી રહ્યા એટલે વીતેલી વાતની સ્મૃતિ કરતા આગળ કહ્યું: 'પુત્રેચ્છાથી પ્રેરાઈને એકવાર મેં અંગદેશના રાજકુમાર રોમપાદને ત્યાં રહેતા ઋષિ ઋષ્યશૃંગની મુલાકાત લીધી. એ રાજકુમાર રોમપાદની રજાથી હું ઋષ્યશૃંગ ઋષિને અહીં લાવ્યો અને એમની પ્રસન્નતા માટે સાચા દિલથી સેવા કરવા લાગ્યો. '

'મહર્ષિ ઋષ્યશૃંગ તો અત્યંત સમર્થ હતા. એમનો અનુગ્રહ તો અમોઘ ગણાતો. એ ત્રિકાળદર્શી તથા અનંત યોગસિદ્ધિવાળા હતા.'

'એટલા માટે તો એમના અનુગ્રહની આકાંક્ષા સાથે મેં સાચા દિલથી પ્રયાસ ચાલુ કર્યા. મારા પ્રયાસના પરિણામરૂપે આખરે એ પ્રસન્ન થયા ને બોલ્યા કે તમને પુત્રપ્રાપ્તિ કરાવવાના હેતુને લક્ષમાં રાખીને હું તમારા માટે અથર્વવેદના મંત્રની મદદથી પુત્રેષ્ટિ નામનો યજ્ઞ કરીશ. વેદોક્ત વિધિ પ્રમાણે કરવામાં આવનારો એ યજ્ઞ જરૂર સફળ થશે.'

'એ સમર્થ ઋષિવર પ્રસન્ન થઈને એવી રીતે યજ્ઞાનુષ્ઠાન કરવા તૈયાર થયા એ પણ એક મોટું સૌભાગ્ય જ કહેવાય. કારણ કે મેં સાંભળેલું કે એમનો અનુગ્રહ અમોઘ હોવા છતાં એ અનુગ્રહને મેળવવાનું કામ ઘણું જ કપરું હતું.'

'એ વાત સાચી છે. એમાં લેશ પણ અતિશયોક્તિ નથી પરંતુ મારા પર તો એમનો અનુગ્રહ ધાર્યા કરતાં ઘણો જલ્દી થઈ ગયો.'

'એની પાછળ વિધિની યોજના કે ઈશ્વરની કૃપા કામ કરી રહી હશે. મને તો એવું જ અનુમાન ઉચિત લાગે છે.'

'મહર્ષિ ઋષ્યશૃંગનો એ યજ્ઞ સફળતાપૂર્વક પૂરો થયો. એ યજ્ઞના અગ્નિકુંડમાંથી એક દિવ્યપુરુષ પ્રકટ થયાં, એમનું અંગ અત્યંત પ્રકાશિત હતું. એના પર લાલ વસ્ત્ર વીંટવામાં આવેલું. એમનું મુખ પણ લાલ હતું. એમના અંગની આભા અનેરી હતી. એમના હાથમાં દિવ્ય ખીરથી ભરેલું સુંદર સુવર્ણ પાત્ર હતું.'

શતાનંદે આશ્ચર્ય સાથે કહ્યું: 'આ હકીકત તો ઘણી અદ્દભુત કહેવાય. તમારા વિનાના કોઈ બીજા પુરુષે કહી હોત તો કદાચ માનવામાં પણ ના આવત. એ હકીકતને ભ્રાંતિ કે સ્વપ્નમાં ખપાવનારા માણસો પણ મળી આવત.'

'છતાં પણ એ હકીકત સંપૂર્ણ સાચી છે. એ દિવ્યપુરુષે એ ખીરનું પાત્ર મને અર્પણ કર્યું ને કહ્યું કે આ ખીર દેવોએ તૈયાર કરેલી છે. તેને ખાવાથી ધન અને આરોગ્ય વધે છે તથા સંતાન મળે છે. આ ખીર તમારી પત્નીઓને ખવડાવી દેજો. એને લીધે જેને માટે તમે યજ્ઞ કર્યો છે તે પુત્રપ્રાપ્તિની તમારી કામના સફળ

બનશે. મેં એ મહાપુરુષના વચન સાંભળીને એમણે આપેલું પાત્ર ગ્રહણ કરીને એમની પૂજ્યભાવે પ્રદક્ષિણા કરી. પછી એ મહાપુરુષ અદૃશ્ય થઈ ગયા.'

'મને તો લાગે છે કે એ અગ્નિદેવ અથવા યજ્ઞપુરુષ પોતે જ હશે. એમના વિના બીજું કોઈ આવી રીતે ના આવે.'

દશરથે કહ્યું: 'એ ખીરનો અડધો ભાગ મેં કૌશલ્યાને આપ્યો. બાકીના અડધા ભાગનો અડધો ભાગ સુમિત્રાને અર્પણ કર્યો અને બીજી શેષ ખીરના બે ભાગ કરીને એક ભાગ કૈકેયીને તથા બીજો ભાગ ફરી વાર સુમિત્રાને અર્પણ કર્યો. એ ખીરપ્રાશનના પરિણામે સમય પર ત્રણે સ્ત્રીઓ પુત્રવતી થઈ. યજ્ઞની પુર્ણાહુતિ પછી બારમે મહિને ચૈત્ર સુદ નવમીને દિવસે લગ્નમાં ચંદ્રની સાથે બૃહસ્પતિ હતો, કર્ક લગ્ન અને પુનર્વસુ નક્ષત્ર હતું ત્યારે કૌશલ્યાએ રામને જન્મ આપ્યો. તે પછી કૈકેયીએ ભરતને જન્મ આપ્યો. એ પુત્રનો જન્મ મીન લગ્ન ને પુષ્ય નક્ષત્રમાં થયો. અને એ બાદ સુમિત્રાના લક્ષ્મણ તથા શત્રુઘ્ન બે પુત્ર થયાં. એ બંને આશ્લેષા નક્ષત્રમાં કર્ક લગ્નમાં જનમ્યા. એ વખતે સૂર્ય ઉચ્ચ સ્થાનામાં શોભતો હતો. મહર્ષિ વ્યાસે એમનું નામકરણ કર્યું.'

શતાનંદની આંખમાં હરખનાં આંસુ આવી ગયા. એ બોલ્યા: 'ચારેના જન્મની કથા ખરેખર અલૌકિક છે. આ કથા સાંભળીને મને ખૂબ જ આનંદ થયો. એમના જન્મની કથાની જેમ એમના લગ્નની કથા પણ એટલી જ અલૌકિક અને આનંદદાયક છે ને ?'

'એમનું તો બધું જ અલૌકિક અને આનંદમય છે.' દશરથ બોલી ઉઠ્યા.

'જીવન આખુંયે અલૌકિક અને આનંદમય છે, અને એવું રહેશે.'

* * * * *

## ૧૭. રંગમાં ભંગ

અયોધ્યાના નવા, અવનવા વાતાવરણમાં રામ અને લક્ષ્મણ સાથે સીતા તથા ઊર્મિલાનાં આરંભનાં વરસો સુખદ સ્વપ્નની પેઠે ઝડપથી વીતી ગયાં. સીતા તથા ઊર્મિલાને મિથિલા કરતાં પણ અયોધ્યામાં વધારે સુખ લાગવા માંડ્યું. પરંતુ વિધિને એ સુખ માન્ય ના હોય એમ એક દિવસ એક જુદો જ બનાવ બની ગયો. ચારે પુત્રોના લગ્નપ્રસંગ પછી રાજા દશરથના ઉલ્લાસનો પાર ના રહ્યો. એ ઉલ્લાસના અનુભવમાં અને રાજ્યસુખના ઉપભોગમાં એમનું જીવન પણ પાણીના રેલાની પેઠે રસપૂર્વક તથા સરળતાથી ચાલવા માંડ્યું. એવામાં એક દિવસ પોતાની વધતી જતી પાકી ચૂકેલી અવસ્થાનો વિચાર કરીને રામનો રાજ્યાભિષેક કરવાની ભાવનાથી પ્રેરાઈને એમણે મહર્ષિ વસિષ્ઠની સલાહ લીધી.

મહર્ષિ વસિષ્ઠ એમની ભાવના જોઈને ખૂબ જ પ્રસન્ન થયા ને બોલ્યા: ‘તમારો વિચાર ઘણો ઉત્તમ છે. મને પોતાને એ વિચાર ખૂબ જ પસંદ પડ્યો. રામનું જીવન સર્વપ્રકારે મંગલમય અને આદર્શ હોવાથી એમનો રાજ્યાભિષેક થાય એ બધી રીતે ઉચિત છે. તમારી ભાવના સાથે હું સંપૂર્ણપણે સહમત છું.’

દશરથે કહ્યું: ‘ઉત્તરાવસ્થામાં હવે આત્મોન્નતિ તથા આત્માની શાંતિ માટે સાધના કરવાની ઈચ્છા મારા પ્રાણમાં પેદા થઈ છે. એ ઈચ્છા દિનપ્રતિદિન વધતી જ જાય છે. એટલે મારા સંકલ્પને બનતી વહેલી તકે સિદ્ધ કરવા માટે ઉત્સુક છું.’

‘જીવનની અંતિમ અવસ્થામાં સંસારના સ્થૂલ વિષયો અને ભોગોમાંથી મનને નિવૃત્ત કરીને માણસે પરમાત્માપરાયણ બનવું જોઈએ, શાસ્ત્રો તથા પ્રાતઃસ્મરણીય સત્પુરુષોનો એવો આદેશ છે. એ આદેશનો અમલ કરવાનો વખત તમારા જીવનમાં હવે આવી પહોંચ્યો છે. એ દૃષ્ટિએ વિચારતાં તમારો વિચાર અથવા સંકલ્પ મને ઘણો ગમી ગયો છે.’

‘હવે લૌકિક રીતે જોતાં મારાં બધાં જ કામો લગભગ પૂરાં થયાં છે. મારાં કર્તવ્યોના અનુષ્ઠાનમાં મેં કદી પણ પ્રમાદ નથી કર્યો. એ કર્તવ્યોને મેં સારી રીતે બજાવ્યાં છે. રામનાં રાજ્યાભિષેકનું જે કર્તવ્ય શેષ છે તેને પણ પૂરું કરી લઉં પછી મને નિરાંત વળે. મારા જીવનનું આત્મોન્નતિનું એક જ કર્તવ્ય પછી શેષ રહે. કાળ ઝડપથી પસાર થતો જાય છે અને જીવનનો કશો ભરોસો નથી, એટલે મારા ઈપ્સિત મનોરથની પૂર્તિ જેટલી બને તેટલી વહેલી કરવા માટે મારું અંતર ઉત્સુક બની રહ્યું છે. માટે મારી વિનંતી છે કે રામના રાજ્યાભિષેકની તૈયારી જેટલી બને તેટલી વહેલી કરીએ.’

મહર્ષિ વસિષ્ઠે રામના રાજ્યાભિષેકનો દિવસ નક્કી કર્યો.

રાજા દશરથને એથી સંતોષ થયો. એ પછીના દિવસો રાજ્યાભિષેકની તૈયારીમાં વીતી ગયા. મહર્ષિ વસિષ્ઠે જુદી જુદી નદીઓનું પવિત્ર પાણી મંગાવ્યું ને બીજી આવશ્યક સામગ્રી એકઠી કરવાનો આદેશ આપ્યો. રામના રાજ્યાભિષેકના સમાચાર સાંભળીને પ્રજામાં અવર્ણનીય ઉત્સાહની લહરી ફરી વળી. એ સમાચાર સૌને સુખદ લાગ્યા. સમસ્ત પ્રજા રાજ્યાભિષેકના એ આનંદમય અવસરની પ્રતીક્ષા ભારે પ્રેમપૂર્વક કરવા લાગી.

ભરત તથા શત્રુઘ્ન તો પોતાના મોસાળમાં ગયા હતા, પરંતુ લક્ષ્મણે રાજ્યાભિષેકના એ સમાચાર સાંભળીને રામને અભિનંદન આપતાં કહ્યું: 'આ સમાચાર સાંભળ્યા છે ત્યારથી મને અપાર આનંદ થઈ રહ્યો છે. તમારો રાજ્યાભિષેક જાણે મારો જ રાજ્યાભિષેક હોય એવો ઉમંગ મારા અંગેઅંગમાં છવાઈ ગયો છે. પિતાજીનો નિર્ણય સમયસરનો ને બધી રીતે ઉત્તમ છે. પ્રજાનું અંતર તો જાણે હિલોળે ચઢ્યું છે. એને તમારા પર એટલો બધો પ્રેમ છે કે વાત નહિ. તમારા રાજ્યાભિષેકના સમાચાર સાંભળીને એ ગાંડીઘેલી બની ગઈ છે.'

લક્ષ્મણની વાત સાંભળીને રામ એવા જ અચળ રહ્યા ને બોલ્યા: 'પ્રજાનો ઉલ્લાસ એનો મારા પ્રત્યેનો પ્રેમ બતાવે છે. એ જોઈને મને આનંદ થાય છે ને મારું હૃદય કૃતજ્ઞ બની જાય છે. પરંતુ મારા રાજ્યાભિષેકના સમાચારથી મને એટલો આનંદ નથી થતો.'

'કારણ ?'

'એમાં આનંદ પામવા જેવું છે જ શું ?'

'કેમ નથી ?'

'રાજ્યાભિષેક તો સર્વસામાન્ય, પરંપરાગત ને સાધારણ વસ્તુ છે. પિતા દ્વારા પુત્રનો રાજ્યાભિષેક તો વંશ પરંપરાથી ચાલ્યા જ કરે છે. એમાં એટલો બધો ઉલ્લાસ માનવાનું કારણ મને નથી દેખાતું. ઉલ્લાસ તો જીવનના સાફલ્યનો હોય, જીવનના કલ્યાણનો હોય. રાજ્યાભિષેકમાં મને જીવનનું સાફલ્ય કે શ્રેય નથી દેખાતું. જીવનનું સાફલ્ય તો સત્કર્મોના અનુષ્ઠાનમાં ને પરમાત્માના સાક્ષાત્કારમાં છે. રાજ્યાભિષેક તો એક લૌકિક અને ઔપચારિક ક્રિયા છે.'

'છતાં પણ એનું મહત્વ તો છે જ ને ? એના મહત્વનો ઈન્કાર થોડો જ કરી શકાય છે ?'

'એના મહત્વનો ઈન્કાર કરવાનો ઈરાદો હું નથી રાખતો. એનું મહત્વ તો છે જ, પરંતુ લૌકિક દૃષ્ટિએ. મારી દૃષ્ટિ એનું મહત્વ એટલું બધું નથી. લોકો એનું મહત્વ વધારે માને છે તે તેમની રુચિની વાત છે. બાકી મારા પર તો મારા રાજ્યાભિષેકના સમાચારની કોઈ વિશેષ અસર નથી થતી.'

લક્ષ્મણે ઉમળકાપૂર્વક કહેવા માંડ્યું: 'આવાં વચનો તમારા વિના બીજું કોઈ ભાગ્યે જ બોલી શકે. આ વચનોમાં તમારી વિતરાગ વૃત્તિનું અથવા સાંસારિક વિષયો તરફની નિર્મમતાનું દર્શન થાય છે. એમાં જ તમારી મહાનતા છે. અયોધ્યાના રાજ્યશાસનનાં સૂત્રો તમારા જેવી સુયોગ્ય, લોકોત્તર વ્યક્તિના હાથમાં હોય એ બધી રીતે ઈચ્છવા જેવું છે. પ્રજાને માટે એ હકીકત ખૂબ જ શ્રેયસ્કર થઈ પડે.'

'રઘુકુળમાં શાસનનાં સૂત્રો એવી જ સુયોગ્ય વ્યક્તિઓના હાથમાં રહ્યાં છે અને એવી વ્યક્તિઓએ પ્રજાનું ઘણું હિત કર્યું છે. એમાં મારે કે કોઈએ નવો ચીલો નથી પાડવાનો. આજે એક અગત્યનો અવસર ઉભો થાય છે ત્યારે મને એક બીજો વિચાર પણ આવી રહ્યો છે.'

'કયો વિચાર ?'

'મને એવો વિચાર આવે છે કે મહારાજા દશરથને ત્યાં આપણે ચારે ભાઈ યજ્ઞાનુષ્ઠાનના પરિણામ રૂપે જન્મ્યા છીએ.'

'એ વાત તો સર્વવિદિત છે. આપણે ચારે ભાઈ સાથે સાથે રમીને મોટા થયા છીએ.'

'એ પણ સાચું છે અને એ પણ એટલું જ સાચું છે કે આપણે ચારે ભાઈ પરસ્પર ખૂબ જ પ્રેમ ધરાવીએ છીએ.'

'એમાં કોઈ પણ પ્રકારના સંદેહને સ્થાન જ ક્યાં છે ?'

'તો પછી મને એ નથી સમજાતું કે બીજા ત્રણ ભાઈઓને મૂકીને એકમાત્ર મારા જ રાજ્યાભિષેકની તૈયારી શા માટે કરવામાં આવે છે ? એક મને જ શા માટે આટલું બધું મહત્વ આપવામાં આવે છે ?'

'એમાં મહત્વ આપવાનો પ્રશ્ન જ ક્યાં છે ? સૌથી મોટા પુત્રનો રાજ્યાભિષેક આપણા કુળમાં પરંપરાગત ચાલ્યો જ આવે છે. તમારા રાજ્યાભિષેકમાં એ પરંપરાનું પાલન જ થઈ રહ્યું છે.'

'છતાં પણ મને એવું તો થાય જ કે હું બીજા ભાઈ કરતાં થોડોક વહેલો જન્મ્યો એટલા માટે મારો જ અભિષેક કરવામાં આવે એવું ના હોવું જોઈએ.'

'પરંતુ બધા ભાઈઓનો એક સાથે અભિષેક તો ના જ થઈ શકે એ સહેજે સમજાય તેવું છે. તમે સૌથી મોટા છો એ તો ખરું જ પરંતુ સૌથી વિશેષ સુયોગ્ય છો એ દૃષ્ટિએ પણ તમારો અભિષેક યોગ્ય જ છે. પિતાજીનો નિર્ણય આવકારદાયક છે એટલા માટે તો મહર્ષિ વસિષ્ઠે પણ એનું સમર્થન કર્યું છે. '

રામે કહ્યું: 'પિતાજીની અને મહર્ષિ વસિષ્ઠની આજ્ઞાનો અનાદર હું નહિ કરી શકું. એમને સમજાવવાના પ્રયાસ કરી જોઈશ છતાં એ નહિ માને તો મારે એમની આજ્ઞાને અનુસરવું પડશે. છતાં પણ મારા મનમાં થોડોક વસવસો તો રહેશે જ.'

'તમારે કશો જ વસવસો રાખવાની જરૂર નથી. આપણામાં ભેદ નથી એટલે તમારો અભિષેક અમારો અભિષેક છે એવી લાગણી અમને થયા કરે છે. તમારા જેવા લોકોત્તર હૃદયની વ્યક્તિની છત્રછાયામાં અમે સલામત અને સુખી છીએ અને સુખી રહી શકીશું એમાં શંકા નથી. હવે એવા વ્યર્થ વિચારો કરીને જરા પણ દુઃખી ના થશો.'

લક્ષ્મણને રામનાં વચનો યાદ રહી ગયાં. એને એ વચનો વારંવાર યાદ આવવા લાગ્યા. એને એના ચિંતન અને મનનને પરિણામે રામની લોકોત્તરતાનો વધારે ને વધારે ખ્યાલ આવવા માંડ્યો. એવા લોકોત્તર સ્વભાવ તથા ભાવવાળા રામના નાના ભાઈ તરીકે જન્મવા બદલ એના અંતરમાં ઊંડા ગૌરવ અને સંતોષની લાગણી પેદા થઈ.

રામે દશરથ તથા વસિષ્ઠની આગળ પોતાના વિચારો પ્રદર્શિત કરીને રાજ્યાભિષેકને માટેની ઉદાસીનતા કહી બતાવી, પરંતુ એ વિચારોને બંનેમાંથી કોઈનુંય સમર્થન ના મળ્યું.

વસિષ્ઠે કહ્યું: 'રામ, તમારા વિના આવા વિચારો બીજું કોણ વ્યક્ત કરે ? તમે વ્યક્ત કરેલા વિચારો પરથી તમારા મહાન હૃદયનો ખ્યાલ આવે છે. એ વિચારો માટે તમને મારા અંતઃકરણપૂર્વકના ધન્યવાદ આપું છું. છતાં પણ રાજ્યાભિષેક તો તમારો જ થશે. એ કાર્યક્રમમાં કોઈ પણ જાતનો ફેર નહિ પડે.'

રામના રાજ્યાભિષેકની ઘડી જેમ જેમ પાસે આવતી ગઈ તેમ તેમ પ્રજા વધારેને વધારે આનંદનો અનુભવ કરતી ગઈ. અયોધ્યાની શેરીઓ તથા હવેલીઓને દિવસોથી શણગારવામાં આવી. આખા નગરમા એક જાતનો નવો જ ઉત્સાહ ફરી વળ્યો, પ્રજાના પ્રાણમાં અનેરો અને નવો રંગ છવાઈ ગયો.

રાજા દશરથનો આનંદ માતો નહોતો. આનંદના અર્ણવમાં અવગાહન કરતા, રામના રાજ્યાભિષેકને આગલે દિવસે રાતે, એ મહારાણી કૈકેયી પાસે આવી પહોંચ્યા. પરંતુ કૈકેયી દર વખતની જેમ એમનું સ્વાગત કરવા માટે આગળ ના આવી. દશરથે શયનખંડમાં જઈને જોયું તો કૈકેયી ધરતી પર પડી હતી. એણે મેલાં, ફાટેલાં, અસ્તવ્યસ્ત વસ્ત્રો પહેરેલાં. એનાં કેશ વીખરાયલા હતા. દશરથને એવા દૃશ્યની કલ્પના પણ નહોતી. કૈકેયીની એવી દશા દેખીને એમને ઘણું દુઃખ થયું. કૈકેયી પાસે બેસીને એમણે એને મનાવવા પ્રયાસો કરી જોયા.

'કૈકેયી, તું આમ ક્રોધે ભરાઈને કેમ પડી છે ? તને કોના પર ક્રોધ થયો છે ? મને કાંઈ કહે તો ખરી. મારી પ્રત્યે જરાક પ્રેમપૂર્વક દૃષ્ટિપાત તો કર.'

કૈકેયી કશું ના બોલી એ તો ખરું પરંતુ એણે દશરથ તરફ દૃષ્ટિ પણ ના ફેંકી. એ જોઈને દશરથનું દુઃખ વધી ગયું.

એ બોલ્યા: 'તારો અપરાધ બીજા ગમે તેણે કર્યો હશે પરંતુ મેં તો નથી કર્યોને ? તું મારી સાથે કેમ બોલતી નથી ? તારા વ્હાલથી ભરેલાં સુધામય વચનો સાંભળવા માટે મારું અંતર કેટલું બધું આતુર બની રહ્યું છે, તેનો વિચાર તો કર. કૈકેયી, તારા દિલને કોણે દુખાવ્યું ? તારો અપરાધ કોણ કરી બેઠું છે ? મને જરા કહી બતાવ તો ખરી.'

'તમને કહી બતાવવાથી શું વળશે ?'

દશરથને વશ થયેલા જોઈને પોતાનો દાવ અજમાવવાના આશયથી, પોતાની દાસી મંથરાએ અગાઉથી શીખવ્યા પ્રમાણે કૈકેયી બોલી ઉઠી.

'મને કહી બતાવવાથી શું વળશે એમ કેમ પૂછે છે ? તને શાંતિ આપવા માટે મારાથી બનતું બધું જ હું કરી છુટીશ.'

'બનતું બધું જ ?'

'હા. બનતું બધું જ.'

'જરૂર ?'

'હા. જરૂર. એમાં શંકા કરવાનું કારણ જ ક્યાં છે ? તુ જાણે છે કે તું મને પ્રાણથી પણ વધારે પ્રિય છે. કહે, તારો અપરાધ કોણે કર્યો છે ?'

'મને એક વાત યાદ આવે છે.'

'કયી વાત ?'

'આપણા ભૂતકાળના જીવનની વાત.' કૈકેયી બેઠી થઈને કહેવા માંડી: 'દંડકારણ્યમાં વૈજયન્ત નામે નગરમાં તિમિધ્વજ નામે મોટો રાક્ષસ રહેતો હતો. તે શંબરના નામથી ઓળખાતો.'

'એ તો જાણું છું. એ રાક્ષસ ભાતભાતની માયાનો આધાર લેતો અને દેવતાઓ તથા ઈન્દ્રની સામે યુદ્ધે ચઢેલો. ત્યારે બીજા રાજર્ષિઓની સાથે હું પણ ઈન્દ્રની મદદે ગયેલો. પરંતુ એ રાક્ષસનું શું છે ? એ રાક્ષસ અત્યારે તને કેમ યાદ આવ્યો ?'

'એનું કારણ હું તમને હમણાં જ કહી બતાવું છું, પરંતુ એ યુદ્ધનું તમને સ્મરણ છે એટલે સારું છે. એ યુદ્ધમાં અસુરો દ્વારા ખૂબ જ ઘાયલ થઈ જવાથી તમારી ચેતના લુપ્ત થઈ ગઈ.'

'હા. મને એનુંયે સ્મરણ છે. એ વખતે તેં મારી જે પ્રખર પ્રેમપૂર્વક સેવા કરેલી તે પણ હું નથી ભૂલ્યો. એ સેવાને માટે હું તારો સદાનો ઋણી છું. એ સેવાને લીધે જ મારો પ્રાણ બચી શકેલો.'

'એ સેવાને પરિણામે તમે મને કાંઈ આપેલું ખરું ?'

'બીજું તો શું આપું ? તું કશું લેવા તૈયાર જ નહતી ને ! તારી સેવાથી પ્રસન્ન થઈને મેં તને બે વરદાન અવશ્ય આપેલાં, અને એ વરદાન તેં કોઈવાર માગવાનું કહી બતાવેલું.'

'એ આખોય પ્રસંગ અત્યારે મને યાદ આવે છે.' કૈકેયી કઠોરતાપૂર્વક કહેવા માંડી: 'અને વરદાનની વાત પણ.'

દશરથે થોડીક રાહત અનુભવતા કહ્યું: 'ઓહો ! એને લીધે તું આટલી બધી રોષે ભરાઈને બેસી રહી છે ? તને કદાચ એમ હશે કે વરદાનની એ વાતનું મને વિસ્મરણ થયું છે, પરંતુ મને એ બરાબર યાદ છે. સવારે જ રામનો રાજ્યાભિષેક થવાનો છે. આખી પ્રજા એ અવસરે આનંદાનુભવ કરી રહી છે. તારા અંતરમાં પણ એનો અસાધારણ આનંદ હોય એ સ્વાભાવિક છે. એ આનંદમય અવસર પર જો તું ચાહતી હોય તો તને એ વરદાન આપી શકું તેમ છું.'

'એ બાકી રહેલા વરદાન લેવાની જ મને ઈચ્છા થઈ છે.'

'એટલા માટે જ તું આવો અમંગલ વેશ ધારણ કરીને મને દુઃખી કરવા માટે બેસી રહી છે. તારા વરદાન તું વહેલી તકે ને જરૂર માગી લે જેથી આ પીડાજનક પ્રકરણની પરિસમાપ્તિ થાય.'

'પરંતુ તમે મને મારી મરજી મુજબનું વરદાન આપવાની ના પાડો તો ?'

'કૈકેયી, આ તને થયું છે શું ? આવું બોલીને તું આજે મારા દિલને જાણે કે ડામ દઈ રહી છે. તારાં વચનોથી મને વ્યથા થાય છે. તારે જે માગવું હોય તે માગી લે. રઘુકુળ પોતાના સત્ય અને વચનપાલન માટે જાણીતું છે. તું કોઈ જાતની વ્યર્થ શંકા ના કર. તારી પ્રીતિ તથા પ્રસન્નતા માટે એવી કોઈયે વસ્તુ નથી જે તને ના આપી શકું.'

'સાચું કહો છો ?'

'તદ્દન સાચું. તું કહે તો તારી આગળ અયોધ્યાના સમસ્ત ઐશ્વર્યને પાથરી દઉં, કુબેરનો ભંડાર ઠાલવી દઉં. તને સુખી કરવા માટે હું ગમે તે કરવા તૈયાર છું.'

'પછી ફરી તો નહિ જાવ ને ?'

'જીવનમાં હું એક વાર વચન આપીને કોઈ વાર ફરી ગયો છું કૈકેયી, કે તું આવાં મર્મભેદક વચનો બોલી રહી છે ? મારા સ્વભાવની તને સારી પેઠે ખબર છે. માટે મારામાં વિશ્વાસ રાખીને તારે જે માગવું હોય તે માંગી લે. તું તરત જ જોઈ લઈશ કે તારી માગણી માન્ય રહી છે ને પૂરી થઈ છે. પછી શેષ રાત્રીનો સમય આપણે આનંદપૂર્વક પસાર કરીએ.'

કૈકેયીએ કઠોર હાસ્ય કરીને રાજા દશરથને થોડીક વાર ખુશ કર્યા ને પછી ભયંકર નાગણની પેઠે જીવલેણ ડંખ મારતી હોય તેમ બોલવાનું શરૂ કર્યું: 'હા. મારો વિચાર એવો જ છે કે આજની બાકીની રાત

આપણે આનંદપૂર્વક પસાર કરીએ. મારા વરદાન મને મળી જાય એટલે થયું. મને શાંતિ વળશે. મારે તમારી પાસે બે વરદાન માગવાના છે. એ બંને વરદાન હું અત્યારે જ માગી લઉં છું. મારા પહેલા વરદાનમાં એ માગું છું કે રામ ને બદલે ભરતનો રાજ્યાભિષેક કરવામાં આવે. અને બીજા વરદાનમાં માગું છું કે રામ ચૌદ વરસ સુધી સર્વ પ્રકારના ભોગોનો ત્યાગ કરીને મુનિઓની પેઠે વનમાં રહે. મારે બીજું કોઈ જ વરદાન નથી માગવાનું. તમે પહેલેથી પ્રતિજ્ઞાબદ્ધ થઈ ચૂક્યા છો, અને સત્યપ્રતિજ્ઞ તથા સત્યભાષી છો, તો આ બંને વરદાન આપવામાં, આશા રાખું છું કે લેશમાત્ર આનાકાની નહિ કરો.'

એટલું બોલીને કૈકેયી ચૂપ રહી.

પોતાની દાસી મંથરાની પૂર્વ સૂચના પ્રમાણે રાજા દશરથની આગળ એણે ભયંકર જાળ પાથરી દીધી. રાજા દશરથ મોહવશ એ જાળમાં આબાદ રીતે સપડાઈ ગયા. એ જોઈને એ ખૂબ જ ખુશ થઈને સંતોષ પામી. એને થયું કે મંથરાએ બતાવેલો ઉપાય ખરેખર અદ્દભુત અને અકસીર હતો. એ ઉપાય સફળ થયો જાણી દશરથ પરની પ્રતિક્રિયાને એ કઠોર મનથી જોવા લાગી. દશરથને સહેજ પણ કલ્પના ન હતી કે કૈકેયી આવાં અમંગલ વરદાનની માગણી કરશે.

સૌથી પહેલાં તો એ કૈકેયીના શબ્દો સાચા છે એવું માની જ ના શક્યા એટલે ભારે વેદનામય સ્વરે બોલી ઉઠ્યા: 'કૈકેયી, આ તું શું માગી રહી છે ? તું ખરેખર ગંભીરતાથી બોલી રહી છે કે પછી વિનોદ તો નથી કરતી ને ? તારા મુખમાંથી આ કેવા શબ્દો નીકળી રહ્યા છે ? તું જે બોલી છે તે ખરેખર વિચારીને બોલી છે ?'

કૈકેયી કુંફાડા મારતી બોલી ઉઠી: 'હું જે બોલી છું તે બરાબર વિચારીને જ બોલી છું. મારે તમારી સાથે વિનોદ શા માટે કરવો પડે ? ભરતના રાજ્યાભિષેક અને રામના ચૌદ વરસનાં વનવાસનાં જે બે વરદાનો મેં માંગ્યા છે તે બરાબર છે. મારે તે જ વરદાન જોઈએ છે એ હકીકત હું ફરીવાર કહી બતાવું. મારી માગણી સ્પષ્ટ છે. એ સંબંધી લેશ પણ સંદેહ ના રાખતા. '

દશરથના માથા પર જાણે વીજળી પડી.

કૈકેયીએ જાણે કે એમને વેદનાની ભયંકર જ્વાળામાં ધકેલી દીધા.

કેટકેટલા ઉત્સાહ ને ઉમળકાપૂર્વક એ એની પાસે આવ્યા હતા ?

પરંતુ એણે રંગમાં ભંગ પાડી દીધો.

* * * * *

## ૧૮. રામની તૈયારી

કૈકેયીના કઠોર વચન રાજા દશરથના હૃદયમાં તીખા તીરની પેઠે પેસી ગયાં.

એ સાંભળીને દશરથનું રોમરોમ રડી ઉઠ્યું. એમનું શરીર ધ્રુજવા માંડ્યું, મસ્તક કંપવા લાગ્યું, અને એમની આંખે અંધારા આવવા લાગ્યા. પોતાની જાતને જેમ તેમ કરીને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરતાં એ બોલ્યા: 'કૈકેયી, તને આવી બુદ્ધિ કોણે સુઝાડી ? આવાં અમંગલ વરદાન માંગવાની વાત કોણે શીખવાડી ? તું આટલી બધી કઠોર હોઈશ તેની મને ખબર નહિ. હું તો તને અતિશય કોમળ હૃદયની માનતો હતો.'

કૈકેયી છંછેડાઈને બોલી ઉઠી: 'હું ભલે કોમળ હૃદયની ના હોઉં ને કઠોર લાગું. મારે હવે કઠોર જ થવું છે. અત્યાર સુધી કોમળ રહી માટે જ તમે મારી સાથે આવો ભેદભાવ ભરેલો અન્યાયયુક્ત વ્યવહાર કરવા તૈયાર થયા. મને વરદાન માગવાની વાત બીજું કોણ શીખવે તેમ છે ? હું ક્યાં નાની અને સમજ વગરની છું કે કોઈ મને શીખવવા આવે ? મને બીજું કોણ બુદ્ધિ સુઝાડે તેવું છે ? મારી માગણી તમને અમંગલ લાગી એ જ બતાવે છે કે તમારી વૃત્તિ પક્ષપાતથી ભરેલી છે. તમે રામનો રાજ્યાભિષેક કરીને મને અને ભરતને લાચારીભરી સ્થિતિમાં મુકવાનો વિચાર કર્યો તેમાં કશું અમંગલ ના લાગ્યું, અને હવે ભરતના રાજ્યાભિષેકની તથા રામના વનવાસની મેં માગણી કરી તે સાંભળીને તમને માઠું લાગ્યું ? મેં કાંઈ નવું નથી કર્યું પરંતુ મારા બાકી રહેલા વરદાન જ માંગ્યા છે, તેમાં તમારે આટલું બધું દુઃખી થવાનું કોઈ જ કારણ નથી. તમારી અંદર આપેલા વચનને પાળવાની શક્તિ ના હોય તો સાફસાફ કહી દો. જેથી તમારી વચનપ્રિયતાની મને ખબર પડે ! તમારા મનમાં આવું કપટ હતું તો પછી તું જે કાંઈ માંગીશ તે બધું જ હું કોઈપણ પ્રકારના સંકોચ વિના આપીશ એવું વારંવાર કહેતાં પહેલાં વિચાર કરવો જોઈતો હતો. જેટલી તાકાત હોય એટલો જ ઠેકડો મારીએ. તાકાત બહારનો કૂદકો મારવા જઈએ તો નીચે પડીએ ને દુઃખી થઈએ એ ખબર છે ?'

દશરથ ગૂંગળામણ અનુભવતા કહેવા માંડયા: 'તારાં વચનો મને વિષથી ભરેલા અને ભારે મર્મવિદારક લાગે છે. મેં તને વરદાન આપવાનું કહેલું એ સાચું, પરંતુ તેં વિવેકબુદ્ધિનો ત્યાગ કરીને જે વરદાન માગ્યા છે તે તદ્દન અનુચિત અને અન્યાયકારક છે. તારી માગણી પ્રમાણે ભરતનો રાજ્યાભિષેક કરવાની તૈયારી તો મારાથી દાખવી શકાય છે, પરંતુ રામને વનવાસ આપવાનું તારું બીજું વરદાન ભારે વિઘાતક લાગે છે. રામે તારો શો અપરાધ કર્યો છે કે તું એમને આવો ઘોર દંડ દેવા બેઠી છે. એ તો તારા પર કૌશલ્યા જેવો જ-બલકે એથી પણ વધારે પ્રેમ રાખે છે. છતાં પણ તું એમને વનમાં મોકલવા તૈયાર થઈ છે એ વિચિત્ર છે.'

'હું પહેલેથી જાણતી જ હતી કે જ્યારે સાચેસાચ વરદાન માગવાનો વખત આવશે ત્યારે રામ પ્રત્યેના વધારે પડતા મોહને લીધે તમે આવી રીતે આનાકાની કરશો ને ફરી બેસશો. આખરે એવું જ થઈ રહ્યું છે. મારી સાથે દલીલો કરવાથી કાંઈ જ નહી વળે. મારો નિશ્ચય દૃઢ છે. મેં જે માગ્યું છે તેમાં કશો જ ફેર પડે તેમ નથી. તમે મને માગવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપેલી, અને મેં તો એ સ્વતંત્રતાનો માત્ર સદુપયોગ જ કર્યો છે.'

'આ સદુપયોગ કહેવાય કે દુરુપયોગ ?'

'સદુપયોગ. તમારી આંખમાં કમળો થયો હોવાથી ભલે દુરપયોગ દેખાતો હોય પરંતુ મેં તો મારી સ્વતંત્રતાનો સદુપયોગ જ કર્યો છે.'

'કેવી રીતે સદુપયોગ કર્યો છે ?'

'તમારા બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા હું નથી બંધાયલી. મારી સાથે ચર્ચામાં ઉતરીને તમે કશોયે કસ નહિ કાઢો. મારી માગણી એકદમ અફર છે, અને તમને તે મંજૂર ના હોય તો ના કહી દો.'

'પરંતુ તું આટલી બધી ક્રુર કેમ બની છે ? જરા વિચાર તો કરી જો કે રામે તારો અપરાધ કર્યો છે કે તું એમને અનુચિત દંડ દેવા તૈયાર થઈ છે ?'

'મેં પૂરેપૂરો વિચાર કરી લીધો છે. હવે વિચારવાનું કશું બાકી નથી રહેતું. મેં વિચાર કરીને જ વરદાન માગવાનો નિર્ણય કર્યો છે. રામે કોઈ અપરાધ કર્યો છે કે નથી કર્યો એ જુદી વાત છે. અપરાધ ના કર્યો હોય તો પણ હું એમને વનવાસ આપી શકું છું. રામને બદલે મારા સુપુત્ર ભરતનો રાજ્યાભિષેક થાય અને રામ વનમાં જાય એવી મારી માગણી છે. તમે એકવાર વચન આપી શક્યા હોવાથી હવે તમારાથી નહિ ફરી શકાય.'

'અહાહા, આ હું શું સાંભળી રહ્યો છું ?' દશરથ કરુણ આક્રંદ કરતાં બોલી ઉઠ્યા: 'વિધાતા, તેં આ શું કર્યું ? કૈકેયી તો મારા પર અકારણ કુપિત થઈ છે. પરંતુ તેં પણ મારા પર શા માટે કોપ કરવા માંડ્યો છે ? તેં આ શું કરવા ધાર્યું છે ? રામને વનવાસ ? મારાથી રામને વનવાસ કેવી રીતે આપી શકાય ? રામે મારું કે કોઈનું શું બગાડ્યું છે ? મારા મુખમાંથી એમને માટે વનવાસની આજ્ઞા કેવી રીતે નીકળે ? એના કરતાં તો હું મરવાનું જ વધારે પસંદ કરું. કૈકેયી, તું હજુ પણ સમજી જા. ભરતના રાજ્યાભિષેકની તારી માગણી સ્વીકારી લઉં છું. તું એટલાથી રાજી રહે ને રામના વનવાસની વાત પડતી મૂક, નહીં તો મારો પ્રાણ નહીં રહે. મારું જીવન પૂરું થશે. તું મને દુઃખના દરિયામાં નાખીને અકાળે જ મારી નાંખશે.'

દશરથના કરુણ આક્રંદ અથવા વેદનામય વચનથી ગમે તેવું પથ્થર દિલ પણ પીગળી જાય તેવું હતું, છતાં પણ કૈકેયી પર એની કશી જ અસર ના થઈ.

એ સહેજ પણ ના પીગળી ને બોલી: 'વરદાન આપવાનું કહેતી વખતે જરા પણ વિચાર ના કર્યો ને હવે ખરેખર આપવાનો અવસર આવ્યો ત્યારે અફસોસ કરવા માંડ્યા ને બહાના બતાવીને રડવા લાગ્યા. પરંતુ તમારા શોકથી હું જરા પણ ચલિત નથી થવાની. અત્યારે તમારી ધર્મપરાયણતાની કસોટી થઈ રહી છે. એ કસોટીમાંથી તમે પાર ઉતરો છો કે નહિ એ હું તો જોઈશ પણ મારી સાથે આખું અયોધ્યા જોશે. મારે તો મેં માગેલા બંને વરદાન સાથે જોઈએ છે. બંને વરદાન સાથે.'

'બંને વરદાન સાથે ?'

'હા.'

દશરથ વધારે ના બોલી શક્યા. એ મૂર્છિત થઈને ધરતી પર ઢળી પડ્યા. કૈકેયીનું હૈયું એ કરુણાતિકરુણ દૃશ્ય દેખીને લગારે ના હાલ્યું. પોતાની બાજી સફળ થવાને લીધે એ દુઃખી બનવાને બદલે પોતાના મનમાં હરખાઈ રહી, અને આવી સરસ યુક્તિ બતાવવા બદલ મંથરાનો મનોમન આભાર માનવા

લાગી. દશરથની શેષ રાત એવી રીતે એકાએક આવી પડેલા ભારે દુઃખમાં વીતી ગઈ. વચ્ચે વચ્ચે ભાન આવતાં એ 'હે રામ, હે રામ' કરતાં નિઃસાસા નાંખતા અને શોક કરતાં. કૈકેયીને પ્રાર્થતા, કાકલૂદી કરતાં, તથા સમજાવતાં પણ હતા પરંતુ કૈકેયી તો એના ઈપ્સિત મનોરથની માળા બનાવવામાં જ મશગુલ રહી. દશરથની પ્રાર્થના કે પીડાનો એના પર કશો જ પ્રભાવ ના પડી શક્યો.

સવાર થતાં સુમંત્ર મંત્રીને બોલાવીને એણે રામને મોકલવાની સૂચના કરી.

સુમંત્ર મંત્રી દશરથની દશા દેખીને ચિંતામાં પડી ગયા.

એમને સમજાયું નહીં કે રાજાને આ શું થયું ! અંદરના રહસ્યનો ઉકેલ એ ના કરી શક્યા. છતાં પણ કશાક એકાએક આવી પડેલા અમંગલની આશંકા તો એમને થઈ જ. એમનો સંદેશ સાંભળીને રામ દશરથ તથા કૈકેયી પાસે તરત જ આવી પહોંચ્યા. એમની સાથે લક્ષ્મણ પણ આવી પહોંચ્યા. દશરથની દશા દેખીને બંનેને ખૂબ જ દુઃખ થયું. રામે એનું કારણ પૂછયું, તો કૈકેયીએ કઠોર સ્વરમાં કહી બતાવ્યું: 'એમની દુઃખમય દશાનું કારણ બીજું કશું જ નથી પરંતુ ફક્ત એક જ છે: એમનો તમારા પ્રત્યેનો મોહ.'

'એમનો મારા પ્રત્યેનો મોહ ?' રામ કાંઈ સમજી ના શક્યા: 'એ પ્રેમ કે મોહ તો સ્વાભાવિક છે, અને વરસો જુનો છે. એથી એમની અવસ્થા એકાએક આટલી બધી કરુણ કેવી રીતે બની ગઈ ?'

'કેવી રીતે ?'

કૈકેયીએ રાતની બધી હકીકત સંભળાવીને પૂછ્યું: 'તમારે માટેનો મોહ જ એમને દુઃખી કરી રહ્યો છે કે બીજું કાંઈ ? એ મોહ સત્ય તથા ધર્મના પાલનની વચ્ચે આવી રહ્યો છે. મેં મારા બે વરદાન માગી લીધાં એટલામાં તો એમની દશા કફોડી બની ગઈ છે. હવે તો ધર્મનો વિચાર કરીને તમે જ એમને કાંઈક સમજાવો ને શાંતિ આપો. મારા માગેલા વરદાન પ્રમાણે હવે તમારો રાજ્યાભિષેક નથી થવાનો. રાજ્યાભિષેક ભરતનો થશે ને તમારે વનમાં જવાનું રહેશે.'

કૈકેયીના શબ્દો સાંભળીને લક્ષ્મણના દુઃખ તથા રોષનો પાર ના રહ્યો. કૈકૈયીના વચન એને વિષથી ભરેલાં, ભયજનક, જ્વાળા જેવાં અને અન્યાયકારક લાગ્યાં. છતાં પણ એણે જેમ તેમ કરીને શાંતિ રાખી.

રામ એને શાંત રહેવાનો સંકેત કરીને બોલ્યા: 'તમારાં માગેલા વરદાનને લીધે જ જો પિતાજી આટલા બધા ચિંતામાં ડૂબ્યા હોય ને દુઃખી થયા હોય તો તેમણે ચિંતા તથા દુઃખ અનુભવવાનું કારણ નથી. એકવાર વચન આપ્યા પછી તેનું પાલન કરવું એ જ હિતાવહ છે. રઘુકુળને માટે એવી પરંપરા પુરાતન તથા સ્વાભાવિક છે. મારા મનમાં મારા રાજ્યાભિષેકની વાસના બિલકુલ નથી. તમારી ઈચ્છાનુસાર ભરતનો રાજ્યાભિષેક ભલે થાય. તમારી આજ્ઞા પ્રમાણે હું વનમાં જઈશ તો વન પણ મારે માટે મંગલ જ થઈ પડશે. માટે મારા વનવાસમાં તમારા બીજા વરદાન બાબત પણ તમે નચિંત રહેજો. એ વરદાનમાં કરાયેલી માગણી હું માથે ચઢાવું છું.'

કૈકેયી રામના શબ્દો સાંભળીને સંતોષ પામી. એની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એ બોલી: 'તમે ચૌદ વરસ સુધી વનમાં જાવ એવી મારી માગણી છે, તે માગણી પણ તમારે મંજૂર રાખવાની જ છે. રાજા તમારા પ્રત્યેના વધારે પડતા મોહને લીધે દુઃખી થાય છે. તેમને તમે કહી દો કે તમે વનમાં જવા તૈયાર છો માટે શોક કરીને વાતને વધારે ગંભીર રૂપ આપવાનો કોઈ જ અર્થ નથી.'

રામે દશરથને સમજાવવા માંડ્યા, છતાં પણ દશરથ શાંતિનો અનુભવ ના કરી શક્યા.

એમનો વિલાપ, વિષાદ તથા અશ્રુપ્રવાહ ચાલુ જ રહ્યો.

વચ્ચે વચ્ચે એ કૈકેયીને ફિટકાર પણ દેતા રહ્યા, પણ કૈકેયી એવી જ અચળ રહી, ને બોલી: 'રામ તમારા આદેશની રાહ જુએ છે. તમે વિશેષ વિલંબ કર્યા વિના એમને વહેલી તકે વનમાં જવાનો આદેશ દો. આમ મૂળ વાતને બાજુ પર મૂકીને આક્રંદ કરવાનો ને મને ઠપકો આપવાનો કોઈ અર્થ નથી. એથી કશો જ હેતુ નહિ સરે.'

એ સાંભળીને રાજા દશરથની દશા વધારે કરુણ બની ગઈ. એ વધારે જોરથી વિલાપ કરવા માંડ્યા. એ વિલાપને લીધે વાતાવરણ અત્યંત વિષાદયુક્ત બની ગયું.

સૌનાં હૃદય રડવા લાગ્યાં. માત્ર કૈકેયીનું કાળજું એવું જ કઠોર રહ્યું. એ કટુસ્વરે કહેવા લાગી: 'તમને આવી રીતે વિલાપ કરવો છાજે છે ? તમારા ધર્મનો ધીરજ ને શાંતિપૂર્વક વિચાર તો કરો. તમારા ધર્મનો વિચાર કરશો તો સમજાશે કે તમારો વ્યવહાર અસ્થાને છે. તમે રામને માટેના વધારે પડતા મોહને લીધે એક નાની વાતને ઘણું મોટું રૂપ આપી દીધું છે. વિષાદનો ત્યાગ કરીને તમારે હવે કર્તવ્યપરાયણ બનવા માટે કટિબદ્ધ બનવું જોઈએ.'

કૈકેયીના વચન દશરથને જરા પણ ના ગમ્યાં. એ વચન સાંભળીને એ વધારે વ્યથિત બની ગયા ને બોલ્યા: 'અયોધ્યામાં તું એક અનર્થકારક અમંગલ અંગારા જેવી પાકી છે. તારું કાળજું આવું કઠોર તથા કલુષિત હશે અને આવા વેરભાવથી ભરેલું હશે તેની મને ખબર નહિ. તું એકદમ સંકુચિત, સ્વાર્થી ને ઈર્ષાળુ સ્વભાવની છે તારા એ અવગુણો અત્યાર સુધી છૂપા હતા તે હવે પ્રસંગ પારખીને બહાર નીકળ્યા. તને જેટલો ધિક્કાર આપું એટલો ઓછો છે. મને વધારે વ્યથા તો એ વાતની થાય છે. કે તારા પર કૌશલ્યા જેવો જ પ્રેમભાવ રાખનારા પવિત્ર ને નિર્દોષ રામને તું કોઈયે જાતના કારણ વિના ચૌદ વરસના વનવાસનો દંડ દેવા તૈયાર થઈ છે.'

રામે કહ્યું: 'પિતાજી, તમે વ્યર્થ શોક ના કરશો. માતા કૈકેયીને તમારી દ્વારા અપાયેલા વચનના પાલનને માટે હું જરૂર વનમાં જઈશ. વિધાતાએ એવું જ ધાર્યું હશે તો હું એનો શાંતિ સાથે સ્વીકાર કરીશ. તમે મારી ચિંતા ના કરતા.'

કૈકેયી બોલી: 'રામ, રાજાના વિષાદને વિશેષ મહત્વ આપી એને જોઈને બેસી રહેવાને બદલે તમે હવે વનમાં જવાની તૈયારી કરો, ને રઘુકુળની પરંપરાગત વચનપ્રિયતાને સાચી કરી બતાવો. એ માટે જ તમને અહિ બોલાવવામાં આવ્યા છે. રાજા પુષ્કળ પ્રેમને લીધે તમને વનમાં જવાનો સ્પષ્ટ આદેશ નહિ આપી શકે, પરંતુ એ આદેશને અપાયેલો જ જાણો અને એના પાલનની તૈયારી કરો.'

'હું વનગમનની તૈયારી કરવા જ જઈ રહ્યો છું.' એમ કહીને રામ લક્ષ્મણ સાથે ચાલી નીકળ્યા ત્યારે દશરથનું હૈયું હાથમાં ના રહ્યું.

એ ભારે દર્દ સાથે બોલી ઉઠ્યા: 'અરેરે, આ શું થયું ? રામ વનગમનની તૈયારી કરવા ચાલી નીકળ્યા ? રામ અતિશય સુકોમળ છે. એ વનના કષ્ટો અને હિંસક પશુઓની વચ્ચે કેવી રીતે રહી શકશે ? અરેરે, એ અભાગિની ક્રુર કૈકેયીએ આ શું કર્યું ?'

લાગણીના આવેગને સહી ના શકવાથી એ વળી પાછા બેશુદ્ધ બની ગયા.

જોત જોતામાં તો એ સમાચાર આખા નગરમાં ફરી વળ્યા.

કૌશલ્યા ને સુમિત્રા તો એ સમાચાર સાંભળીને ઘણાં દુઃખી થયા પરંતુ મહર્ષિ વસિષ્ઠના વિષાદનો પણ પાર ના રહ્યો.

રામનો રાજ્યાભિષેક અટકી પડ્યો એ હકીકતનો એટલો શોક સૌને ના થયો જેટલો શોક રામના વનગમનના સમાચારથી થયો.

પ્રજાજનો દુઃખમાં ડૂબીને કૈકેયીને આવાં અનિષ્ટકારક વરદાન માગવા બદલ ધિક્કારવા લાગ્યાં.

સમસ્ત નગરવાસીઓનો હર્ષ ભયંકર વિષાદમાં પલટાઈ ગયો. સૌનાં મુખમંડળ ઉદાસ બની ગયાં.

લક્ષ્મણે ખિન્ન સ્વરે રામને કહી બતાવ્યું:

‘આ બધી કૈકેયીની કુટિલતા છે. એને વશ થવાનું કામ મને તો યોગ્ય નથી લાગતું. કૈકેયીને તમને વનમાં મોકલવાનો શો અધિકાર છે ?’

‘એવી રીતે રોષે ભરાવું ઠીક નથી, લક્ષ્મણ ! કૈકેયીએ પોતાનાં બાકી રહેલાં વરદાન માગ્યા છે એટલું જ. એને વરદાન માગવાની સ્વતંત્રતા હતી. આપણે હવે એ યોગ્યાયોગ્યતાની ચર્ચા નથી કરવાની, પરંતુ પિતાજીની પ્રતિષ્ઠાને સાચવી રાખવા માટે એના અમલની તૈયારી કરવાની છે.

‘મને તો એમ થાય છે કે આવી કઠોર અને અન્યાયયુક્ત માગણી કરવા માટે કૈકેયીને ભારેમાં ભારે દંડ દેવો જોઈએ.’

‘બિલકુલ નહિ, એવો અમંગલ વિચાર પણ ના કરતો. એવો વિચાર આપણને ના શોભે. કૈકેયી આપણી માતા બરાબર હોવાથી એના પ્રત્યે એવો વિચાર કે ભાવ ના સેવાય. વિધાતાએ જે કર્યું છે, ને કરવા ધાર્યું છે તેમાં વરદાન માગીને એ તો માત્ર નિમિત્ત બની છે એટલું જ. એવી રીતે વિચારવાથી મિથ્યા રોષ કે ક્રોધ નહિ થાય અને મન બૂરા દ્વેષભાવ કે પ્રતિશોધના ખ્યાલથી ભરાઈ પણ નહિ જાય.’

‘કૈકેયીને વરદાન માગવાનો અધિકાર આપ્યો એટલે એની માગણી અન્યાયી અથવા અધર્મયુક્ત હોય તો પણ તમારે કે રાજાએ માન્ય રાખવી જોઈએ એવું થોડું છે.’

‘એની માગણી ગમે તેવી હોય તો પણ પિતાજી એને માન્ય રાખવા બંધાયલા છે એટલે મારાથી પણ એની અવગણના ના થઈ શકે. પરંતુ તું આટલો ઉત્તેજીત કેમ બની ગયો ? મારે માટે વન પણ નંદનવન જેવું બની રહેશે.’

‘પરંતુ અયોધ્યાની શોભા સૂકાઈ જશે. એનો આત્મા મરી જશે. અને એના કપાળમાં કાયમને માટે કલંક લાગશે.’

‘સત્યના પાલનમાં એવી આપત્તિઓ તો અવશ્ય આવવાની, પણ એવો વિચાર કરીને પ્રમાદી બનીને બેસી ના રહેવાય. છેવટે એનું પરિણામ સારું આવશે.’

‘મારું મન તો એવું માનવા તૈયાર નથી થતું.’

* * * * *

## ૧૯. સીતાની તૈયારી

પોતાના રાજ્યાભિષેકની તૈયારી મુલતવી રહી, અને એને માટેની બધી જ યોજના સ્થગિત થઈ, અને એ મંગલ શુભ સમાચારને બદલે વનવાસનો અમંગલ અશુભ સંદેશ સાંભળવો પડ્યો તો પણ રામને કોઈ પ્રકારનો શોક ના થયો.

એમના મુખમંડળ પર એવી જ પ્રસન્નતા ટપકી રહી.

એ પ્રસન્નતાનું મુખ્ય કારણ એમનો સત્યને માટેનો પ્રખર પ્રેમ અને પક્ષપાત હતો. એ પ્રેમ અને પક્ષપાત આગળ વ્યક્તિગત સુખોપભોગ, લાભ કે સ્વાર્થનો વિચાર ટકતો ન હતો. એ વિચાર ગૌણ બની જતો.

પોતાની અંગત કામનાતૃપ્તિ, આકાંક્ષા પૂર્તિ અથવા લાભવૃત્તિને એ સત્યના આગ્રહ ને પાલન કરતાં વધારે શ્રેષ્ઠ ના માનતાં, એટલે આવશ્યકતાનુસાર એનો ત્યાગ સ્વાભાવિક બની જતો, એને માટે જરૂરી ભોગ પણ હસતાં હસતાં ને સમજપૂર્વક આપી શકાતો, અને મનની શાંતિમાં કદી પણ ભંગ ના પડતો. મન એવું ને એવું જ સ્વસ્થ ને સ્થિર રહેતું. એમને માટે એવી વૃત્તિ સહજ હતી. એવો સ્વભાવ એમને વારસામાં મળ્યો હતો. એને લીધે એ સત્યપરાયણ, અલિપ્ત ને નિર્વિકાર રહી શકતા. અત્યારે પણ એ એવા જ શાંત ને સ્વસ્થ હતાં.

વહેલી સવારથી જે અસાધારણ કલ્પનાતીત ઘટનાચક્રનો આરંભ થયેલો એનો વિચાર કરતાં એ સીતા પાસે આવી પહોંચ્યા ત્યારે સીતા એમના સ્વાગત માટે આતુર થઈને ઊભી હતી. પ્રાસાદના પ્રવેશદ્વાર પાસે આવીને એણે રામનો સ્મિત સાથે સત્કાર કર્યો.

રામે સ્વસ્થતાપૂર્વક સઘળી હકીકત કહી સંભળાવી ને ઉપસંહારમાં કહ્યું: ‘આજે મારો રાજ્યાભિષેક નથી થવાનો. એને બદલે મારે વનમાં જવાનું છે. મને રાજ્ય નથી મળ્યું, પણ ચૌદ વરસનો વનવાસ મળ્યો છે.’ એ સમાચાર સાંભળીને સીતાનું સુધામય મુખ અત્યંત ઉદાસ બની ગયું. જાણે કે સરોવરમાં ખીલેલી કોઈ કમલિની મ્લાન બનીને નીચે નમી ગઈ. એની આંખો ભરાઈ આવી. એનું મસ્તક ભાતભાતનાં તર્ક-વિતર્ક કરવા માંડ્યું. એકાએક આ શું બની ગયું એની સમજ એને ના પડી.

રામ એની મનોદશાને માપી જઈને બોલ્યા: ‘તને મારા વનગમનના સમાચાર આપીને મેં બહુ દુઃખી કરી દીધી, ખરું ને ? પરંતુ એ સમાચાર તને પહોંચાડ્યા સિવાય છૂટકો ન હતો. આટલી મોટી ને મહત્વની વાત તને જણાવવી તો જોઈએ જ ને ?’

સીતા વ્યગ્ર થઈને કહેવા માંડી: ‘આજની વાત સાંભળીને મારું મન દુઃખી બની ગયું છે. મહારાજા દશરથને પણ દુઃખ થાય એ સ્વાભાવિક છે. એ વસ્તુ સહેલાઈથી સમજી શકાય તેવી છે. ઈશ્વરે આ શું કરવા ધાર્યું છે ? આવી આપત્તિ નાખીને એ કોણ જાણે આપણું અને સૌનું શું શ્રેય કરવા માંગે છે ? તમે વનમાં જવા તૈયાર થશો એ મારાથી કેમ જોયું જશે ? અયોધ્યાના લોકો પણ એ કરુણ દૃશ્યને કેવી રીતે જોઈ શકશે ? તમારા વિનાની અયોધ્યા મને કેવી રીતે ગમશે અથવા આનંદ આપશે ? એવી અયોધ્યા મને શી રીતે સુખી

કરશે ને શાંતિ ધરશે ? આવી પરિસ્થિતિ ઈશ્વરે ઊભી કરી જ શા માટે ? જગદંબાએ કૈકેયીની બુદ્ધિને આટલી બધી વિકૃત અથવા કલુષિત કેમ કરી ? આવી પરિસ્થિતિની તો મને કલ્પનાયે ન હતી.'

'છતાં પણ એવી પરિસ્થિતિ પેદા થઈ છે ને પેદા થવાની છે, સીતા ! હવે એનો શોક કરવો નકામો છે. દિલને દુઃખી કરવાથી હવે કશું જ નથી વળે તેમ. હવે તો તું મને રજા આપ એટલે હું હસતાં હસતાં વનમાં જઈ શકું. હું તારી અનુજ્ઞા લેવા તથા તને કેટલીક શિખામણ આપવા આવ્યો છું.'

'એવી અનુજ્ઞા મારાથી કેવી રીતે આપી શકાય ? હું કૈકેયી થોડી જ છું કે તમને વનમાં જવાની સ્વીકૃતિ આપી શકું ? તમને વનમાં જવાનું કહેવા માટે મારી જીભ ઉપડી શકે જ કેવી રીતે ? એવું કહેતાં પહેલાં હું મરવાનું જ વધારે પસંદ કરું.'

'તારી જીભ મને વનમાં જવાની અનુમતિ આપવા માટે ના ઉપડે એ હું સારી પેઠે સમજી શકું છું, છતાં પણ એવી અનુમતિની આશા રાખું છું. પિતાજીના વચનનું પાલન કરવા અને એમના યશને અક્ષય અને ઉજ્જવળ રાખવા મેં વનમાં જવાનો નિર્ણય કર્યો છે. મારા એ નિર્ણયમાં કોઈ પણ કારણે કશો જ ફેર નથી પડવાનો.'

સીતા થોડીક વાર શાંત રહીને બોલી: 'તમારો નિર્ણય જો વનમાં જવાનો જ હોય તો તમે શું માનો છો કે મારાથી તમારા વિનાની અયોધ્યામાં રહી શકાશે ? હું પણ તમારી સાથે વનમાં આવવા તૈયાર થઈશ.'

'વનમાં આવવા ?' રામે આશ્ચર્યોદ્દગાર કાઢ્યા: 'તારે વળી વનમાં શા માટે આવવું પડે ? તને ક્યાં કોઈએ વનવાસ આપ્યો છે ? વનવાસ તો મને આપવામાં આવ્યો છે.'

'એ બરાબર છે પરંતુ હું તમારી અર્ધાંગિની છું એટલે તમારા સુખદુઃખમાં ભાગ પડાવવાની અથવા સમાન હિસ્સો રાખવાની અધિકારીણી છું. તમારા વિના મારાથી જીવી શકાય જ કેવી રીતે ? તમારું અનુસરણ કરવામાં હું મારો ધર્મ સમજું છું. છાયા જેવી રીતે તાપથી અલગ ના રહી શકે, ફૂલ વિના ફોરમ ના ટકી શકે, વર્ષા જેમ વાદળ વિના ના રહે, ચાંદનીનું અસ્તિત્વ ચંદ્ર વિના ના હોય, અને આત્માના આશ્રય વિના જેમ કાયા ના ટકે, તેમ તમારા વિના મારું અસ્તિત્વ પણ એકદમ અશક્ય છે. તમારાથી તમે ધારશો તો પણ મારાથી અલગ થઈ શકાય તેમ નથી. આદર્શ પત્ની હંમેશા પોતાના પતિની પાસે જ રહે છે ને જીવતાં તથા મરતાં પણ એમનો સાથ કરે છે. માટે હું તમને વનમાં એકલા તો નહિ જ જવા દઉં. તમે જશો તો હું પણ તમારો સાથ કરીશ.'

'પરંતુ સીતા, તું વિચાર તો કર કે વનનો વાસ કેટલો બધો કષ્ટપ્રદ હોય છે ? વનમાં પાર વિનાની પ્રતિકૂળતાઓ વચ્ચે શ્વાસ લેવો પડે છે. હિંસક પશુઓ તથા ભયંકર રાક્ષસોથી એનો પ્રદેશ ભરેલો હોય છે. ત્યાં કોઈ જાતનો આરામ નથી હોતો. તું જન્મથી માંડીને આજ સુધી સદા સુખ તથા સહ્યાબીની વચ્ચે રહી છે એટલે વનવાસના કષ્ટોની તને કલ્પના પણ ના આવે.'

'છતાં પણ એ કષ્ટો, હિંસક પશુઓ, રાક્ષસો અને પાર વિનાની પ્રતિકૂળતાઓની વચ્ચે પણ તમે હશો એટલે હું હંમેશા નિર્મળતાનો અનુભવ કરીશ ને સુખથી રહીશ. તમારા સહવાસનું સ્વર્ગીય સુખ પામીને મારો આત્મા સદા આનંદના અર્ણવમાં અવગાહન કર્યા કરશે. તમારી સંનિધિમાં મને પરમ શાંતિ મળશે. એથી વધારે સૌભાગ્ય બીજું કયું જોઈએ છે ? જન્મથી માંડીને અત્યાર સુધીનું મારું જીવન સાહ્યબી ને સંપત્તિની

વચ્ચે પસાર થયું છે એ સાચું છે, પરંતુ એનો અર્થ એવો નથી કે દુઃખ કે કષ્ટને નહિ સહી શકાય. તમારી સાથે રહીને અગ્નિ પરથી ચાલવાનું હશે તો પણ મને ફૂલ પરથી ચાલવા બરાબર લાગશે. માટે તમે આનાકાની કરશો કે ના કહેશો તો પણ હું તો તમારી સાથે આવીશ જ. મારો એ નિરધાર તમારા નિરાધારની જેમ જ અફર છે.'

રામ જરા પણ ચલાયમાન થયા વગર બોલ્યા: 'પરંતુ જનકનંદિની, તું જરા વિચાર તો કર કે તારાથી અલગ થઈશ ને વનમાં જઈશ તો પણ મારા તારા પ્રત્યેના પ્રેમભાવમાં જરા પણ ફેર નથી પડવાનો.'

'એ તો હું જાણું છું. મને એ જાતની શંકા કદી પણ નથી થઈ અને નથી થવાની. આપણો અનુરાગ તો અક્ષય અને અમર છે. એને દેશ અને કાળની અસર નથી થવાની. એ જેમ સાચું છે તેમ એ પણ એટલું જ સાચું છે કે તમારો કોઈયે કારણે પેદા થયેલો ને વેઠવો પડનારો વિયોગ મારે માટે મરણતોલ થઈ પડવાનો. એ અવસ્થામાં મારા જીવનની આશા ભાગ્યે જ રહેવાની.'

એવું કહેતાં તો સીતા રડી પડી. મોતી જેવાં અશ્રુબિંદુ એના ગાલ પર ટપકીને નીચે પડવા માંડ્યાં. જાણે કે કમનીય કમળ દળ પર પડનારાં ઝાકળબિંદુ ! રામનું કાળજું એ જોઈને કરુણ બની ગયું.

એ બોલી ઉઠ્યા, 'મને તો ખબર હતી જ તું આખરે આવી રીતે રડવાનું શરૂ કરીશ.'

'રડવું કાંઈ એમનેમ આવે છે ?' સીતા બોલી: 'પ્રેમ વિના આંખમાંથી એક આંસુ પણ નથી પડતું. મારી જગ્યાએ જો તમે હોત તો તમે પણ આવી રીતે રડવા માંડત. પુરુષનું હૃદય કઠોર કહેવાય છે એટલે તમારી આંખમાંથી કદાચ આંસુ ના નીકળત, પરંતુ તમારું હૃદય તો રડત જ. મને નથી લાગતું કે મારા વિયોગને કે એ વિયોગના વિચારને પણ તમે શાંતિપૂર્વક સહી શકત.'

'સીતા, તું ભૂલી જાય છે કે તને છોડીને હું વનમાં એકલો જઈશ એટલે તારો વિયોગ પણ મને આપોઆપ થશે જ.'

'એ વિયોગ તમને પસંદ પડશે ?'

'પસંદ પડે કે ના પડે તો પણ કર્તવ્યપાલનનો વિચાર કરીને મારે તેને વધાવવો પડશે. તારો વિયોગ મને વ્યથિત કરશે તો પણ તેને સહ્યા સિવાય છૂટકો નથી.'

'મને એવું નથી લાગતું.'

'કેમ ?'

'જે કર્તવ્યપાલનને તમે આટલું બધું અગત્યનું માનો છો તે કર્તવ્યપાલનનો આગ્રહ તમારે મારા સંબંધમાં પણ રાખવો જોઈએ.'

'એટલે ? તારી વાત મારાથી સમજી ના શકાઈ.'

'તમે શાંતિથી વિચારશો તો જરૂર સમજી શકશો કે એક પુત્ર તરીકે તમારા પિતા પ્રત્યેના કર્તવ્યપાલનનો તમે ખ્યાલ રાખો છો તેમ પતિ તરીકે મારા પ્રત્યેના કર્તવ્યપાલનનો ખ્યાલ પણ તમારે રાખવો ઘટે છે.'

'તારા પ્રત્યેના કર્તવ્યપાલનનો ખ્યાલ ?'

'હા. તમે મારા પતિ છો એટલે મને પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રસન્ન રાખવા ને સુખ આપવા બંધાયલા છો. તમારું એ કર્તવ્ય છે. એ કર્તવ્યનો તમે ત્યાગ ના કરી શકો. પિતાજીના વચનપાલનના વિચારથી તમે વનમાં ભલે જાવ, પરંતુ મારી પ્રત્યેના કર્તવ્યપાલનનો ખ્યાલ કરીને તમારે મારી ઈચ્છા પ્રમાણે મને પણ વનમાં લઈ જવી પડશે. હું તમારાથી છૂટી પડવા અને તમારા સિવાયની સ્મશાન સમી અયોધ્યા નગરીમાં રહેવા નથી માગતી. મારી ઈચ્છાની વિરુદ્ધ જઈને તમે મારો ત્યાગ કરશો અને પછી વિધાતા કે ઈશ્વરની ઈચ્છાને દોષ દેશો એ નહિ ચાલે.'

રામ જરા વિચારમાં પડ્યા. સીતાના શબ્દો એમના મનમાં ગૂંજી રહ્યાં. એ શબ્દોએ એમના મનમાં વિવિધ ભાવતરંગોને પેદા કર્યા. એ શબ્દો નવા ન હતા પરંતુ હતા સીધા, સચોટ, સરળ અને અસરકારક.

આખરે એમણે એક બીજો વિચાર રજૂ કર્યો: 'તું અયોધ્યામાં રહે તો એક બીજો મોટો લાભ થઈ શકે તેમ છે.'

સીતા જાણે વિચારતંદ્રામાંથી ઝબકીને જાગી હોય તેમ પૂછી બેઠી: 'કયો લાભ ? તમે મને અયોધ્યામાં રાખવાનો નિર્ણય જ કર્યો હશે તો તમને એક અથવા બીજો લાભ દેખાયા જ કરશે. હું તો કોઈ વિશેષ લાભની કલ્પના નથી કરી શકતી.'

'માતા કૌશલ્યા અને પિતાજીને તારે લીધે સારું લાગશે. તારા પર એમને પુષ્કળ પ્રેમ છે એટલે મારી ગેરહાજરીમાં એ તને જોઈને થોડીક શાંતિ અનુભવશે. તું સમજુ છે એટલે સમય સમય પર એમને સમજાવીને શાંતિ પણ આપી શકીશ.'

'એ વિચાર મને વિશેષ મહત્વનો નથી લાગતો.'

'કેમ ?'

'હું પોતે જ અશાંત હોઉં ત્યાં એમને શી શાંતિ આપી શકવાની હતી ? એ પોતે સમજુ છે, એટલે વખતના વીતવાની સાથે એમની મેળે શાંતિ મેળવી લેશે. એમનો વિચાર કરીને તમારો વિયોગ વેઠીને મારું મન અયોધ્યામાં બેસી રહેવા માટે તૈયાર નથી થતું. એ તો તમારો અખંડ સહવાસ જ સેવે છે. માટે જુદા જુદા બહાના બતાવીને મને નિરાશ ના કરશો. તમે મારો ત્યાગ કરીને વનમાં જશો તો મારી સ્થિતિ એકદમ કફોડી બની જશે. તમારા વિના હું એક ક્ષણ પણ નહિ જીવી શકું.'

રામે કહ્યું: 'સીતા, તું વિચાર તો કર કે હું તને વનમાં મારી સાથે લઈ જઈશ તો લોકો શું કહેશે ? વનવાસ તો મને મળ્યો છે, એટલે તને સાથે લઈ જાઉં એ આમ પણ ઉચિત નહીં ગણાય. અને લોકો કહેશે કે સીતાનો રામને માટેનો મોહ કેટલો બધો પ્રબળ છે ? રામ વનમાં ગયા તો સીતા મોહથી પ્રેરાઈને બીજાની સેવાસુશ્રુષા કરવા અયોધ્યામાં ના રહી શકી.'

સીતાએ કહ્યું: 'મને નથી લાગતું કે લોકો એવી રીતે આપની આલોચના કે નિંદા કરશે. તમે મને તમારી સાથે લઈ જશો એમાં કોઈ તમારા મારે માટેના કે મારા તમારે માટેના મોહનું દર્શન નહી કરે. અયોધ્યાના પ્રજાજનોને તમારી પ્રત્યે છે તેવો જ પ્રબળ પ્રેમભાવ મારી પ્રત્યે છે. તમે મને વનમાં લઈ જવા તૈયાર થયા છો એ જાણીને એમને અતિશય આનંદ થશે. એથી ઉલટું, કોઈ કારણે તમે મને સાથે નહી લઈ જાવ તો એ તમને ભીરું તથા કઠોર કહેશે અને દુઃખી બની જશે.'

'માતા કૌશલ્યા ને પિતા દશરથની પ્રતિક્રિયાનો વિચાર તેં કરી લીધો ?'

'એમની પ્રતિક્રિયાનો વિચાર પણ કરી શકું છું. એ પ્રતિક્રિયા ખરાબ તો નહીં જ હોય પરંતુ સારી હશે એવો મને વિશ્વાસ છે, એ મને કંઈક કહેશે તો એમને સમજાવી લઈશ. એ મારી વાતને માની લેશે. બાકી તમારે બીજા બધાની પ્રતિક્રિયાનો વિચાર કરતાં પહેલાં મારી પ્રતિક્રિયાનો વિચાર કરી લેવાનો છે. એ વિચાર તમે નથી કરતાં અથવા એને અગ્રસ્થાન નથી આપતાં એ જોઈને મને ઊંડું આશ્ચર્ય થાય છે.'

રામને વિચારમાં ડૂબેલા જોઈને સીતા ફરી બોલી: 'હું તમને વનમાં એકલા નથી જ જવા દેવાની. તમારો સાથ હું જરૂર કરીશ. તમારા સહવાસમાં વન મારે માટે મંગલમય થઈ પડશે. વનમાં છાયાની જેમ તમારી સાથે રહીને તમારી સેવા કરીશ, તપવ્રત ને નિયમોનું પાલન કરીશ, ને જુદા જુદા ઋષિમુનિના દર્શનનો દેવદુર્લભ લાભ મેળવીને કૃતાર્થ બનીશ. બાકી તમે મને ત્યાગી કે તરછોડીને ચાલ્યા જશો તો અકારણ મરી જઈશ.'

એટલું બોલતાં તો સીતા ગદ્દગદ્ બની ગઈ. લાગણીવશ બનવાને લીધે એનું ગળું રુંધાઈ ગયું. એની છાતી જોરથી ધડકવા લાગી ને ખૂબ જ ભારે થઈ ગઈ. આંખમાં જાણે પવિત્ર પ્રેમનો પ્રવાહ પ્રકટી નીકળ્યો. કરુણાનો એવો અનુભવ એને માટે પહેલો જ હતો. એવું લાગ્યું કે જાણે હમણાં જ એ મૂર્છિત થઈને નીચે ઢળી પડશે.

રામ એની દુઃખદ દશા દેખીને પીગળી ગયા ને એને સાંત્વન આપતાં બોલ્યા: 'તારું અંતર અતિશય લાગણીપ્રધાન બની ગયું છે. લાગણીપ્રધાન બને એમાં એનો કશો દોષ પણ નથી પરંતુ હવે વધારે ચિંતા ના કરતી. હું તને વધારે દુઃખી નહીં કરું. તારી ઈચ્છાની વિરુદ્ધ જઈને તને અહીં રાખવાની ઈચ્છા હું નથી રાખતો. તારે મારી સાથે વનમાં આવવું હોય તો તું ખુશીથી આવી શકે છે.'

રામના શબ્દો સીતાને માટે શાંતિદાયક અને શક્તિસંચારક સાબિત થયા.

એના મુખમંડળ પર આનંદનું ઈન્દ્રધનુ ખીલી ઉઠ્યું. શોક હર્ષમાં પલટાઈ ગયો ને દુઃખ સુખમાં પલટાઈ ગયું.

માનવજીવન એવું જ પરિવર્તનશીલ છે ને ? પરિસ્થિતિ એના પર અલગ અલગ અસર પહોંચાડ્યા કરે છે. સંજોગોને વશ થઈને પ્રકૃતિ એના પર અનાદિકાળથી આટાપાટાની રમત રમ્યા કરે છે. સીતાને પોતાના પ્રાણની પરિતૃપ્તિ તથા પ્રસન્નતાને બોલી બતાવવાની જરૂર ન હતી. એની આનંદથી ચમકતી આંખ અને મુખાકૃતિ ઘણું ઘણું બોલી રહી હતી. રામ એ ગૂઢ અને અગમ્ય બોલીને સારી પેઠે સમજી શક્યા. સીતાના સ્નેહનો વિચાર કરતાં એ પણ દ્રવી ગયા, પુલકિત થયા, ને મૂંગા રહ્યા.

રામના વનવાસના સમાચારે અયોધ્યાવાસીઓને વ્યથિત કરી દીધા. મહર્ષિ વ્યાસનો બધોય ઉત્સાહ એ સાંભળીને ઓસરી ગયો. પહેલાં તો એ સમાચારને સાચા માનવાનું મન એમને ના થયું. પરંતુ મહામંત્રી સુમંત્રની પાસેથી સમગ્ર હકીકત સાંભળીને એ વિષાદમાં ડૂબી ગયા.

માતા કૌશલ્યા અને સુમિત્રાને એ સમાચાર ક્યારનાય પહોંચી ચૂક્યા હતા. એ સાંભળીને એમનો આનંદ પણ ઊડી ગયો. એમાંયે જ્યારે કૌશલ્યાને ખબર પડી કે રામની સાથે સીતા પણ વનમાં જવા તૈયાર થઈ છે ત્યારે એના વિષાદનો પાર ના રહ્યો. રામ અને સીતાને જોઈને એની વેદના વધી ગઈ.

સુમિત્રા પણ ઘોર, અસહ્ય વ્યથાનો અનુભવ કરવા લાગી. પરંતુ બીજો કોઈ ઉપાય ના દેખાયો. રાજાના વચનપાલનની વાતે એમને ભારે વિમાસણમાં મૂકી દીધાં. બંનેએ સીતાને સમજાવવાનો ભરચક પ્રયાસ કરી જોયો. પરંતુ સીતા ના માની ત્યારે દુરાગ્રહ કરવાનો પડતો મૂકીને એમણે એને આશીર્વાદ આપ્યા. સીતાએ એ આશીર્વાદને ભારે વિનમ્રતા, સરળતા ને શાંતિ સાથે માથે ચઢાવ્યા.

* * * * *

## ૨૦. ઉર્મિલાની અનુમતિ

રામ અને સીતાના વનગમનની વાત લક્ષ્મણને જરા પણ ન રૂચી. એનું હૃદય એથી વલોવાઈ રહ્યું. એને કૈકેયીની કઠોરતા વારંવાર યાદ આવવા લાગી.

રામને ભયંકર અન્યાય થયો છે એ હકીકત એનાથી ના ભૂલી શકાઈ. અયોધ્યાનો રાજવૈભવ એને નિરસ ને ફીક્કો લાગવા માંડ્યો. રામ વિનાની અયોધ્યાની કલ્પના પણ એ નહોતો કરી શકતો. છતાં પણ એ કલ્પના કરવાનો સમય પાસે આવ્યો અને એને લીધે એનું હૈયું ધ્રુજી ઉઠ્યું.

રામ તો વનમાં જવા માટે તૈયાર થઈ ગયા છે. એ જો કૈકેયીનાં વચનનો જરાપણ વિરોધ કરત તો પોતે એમને સર્વપ્રકારે સાથ આપત, પોતે એમને વનમાં ના જવા દેત, પરંતુ હવે તો બીજું શું થાય ? વાત ઘણી આગળ વધી ગઈ. હવે તો આ સંજોગોમાં શું કરવું ઉત્તમ છે એ જ વિચારવું અને એ વિચારીને એ પ્રમાણે વર્તવું રહ્યું.

લક્ષ્મણ વીર હોવા છતાં કરુણતાનો અનુભવ કરવા માંડ્યો. એની આંખ ભરાઈ આવી. એને થયું કે વિધાતાએ આટલા માટે જ - આવું અસહ્ય દુઃખ નાખવા માટે જ, રામને જનકનંદિની સીતાના સ્વયંવરમાં વિજય અપાવ્યો ? રામનું સીતા સાથે લગ્ન થવાનું છે એ સાંભળીને મહારાજા દશરથને કેટલો બધો ઉલ્લાસ થયેલો ? એ ઉલ્લાસ શું આ ભવિષ્યમાં આવી પડનારા અસહ્ય ઘોર દુઃખની પૂર્વભૂમિકારૂપે હતો ? એની આંખમાંથી બે ચાર અશ્રુબિંદુ ટપકી પડ્યા. વિષાદમગ્ન વદન લઈને એ ઊર્મિલા પાસે આવી પહોંચ્યો ત્યારે ઉર્મિલા પોતાના નિત્ય કર્મમાંથી પરવારીને બેઠી હતી.

લક્ષ્મણના અશ્રુમઢ્યા મ્લાન મુખને જોઈને એ ડઘાઈ ગઈ ને બોલી: ‘આ શું ? તમારું મુખ આટલું બધું વેદના ભરેલું અને ઉદાસ કેમ છે ? તમારી આંખમાં આંસુ જોઈને થાય છે કે તમારું હૃદય રડી રહ્યું છે.’

‘હા. મારું હૃદય રડી રહ્યું છે. એ રડે નહિ તો શું કરે ? એને માટે રડવાનું જ બાકી રહ્યું છે.’ લક્ષ્મણે ઉત્તર આપ્યો.

‘એવો વળી કેવોક પ્રસંગ બની ગયો કે તમે આવા ઊંડા વિષાદ દુઃખમાં ડૂબી ગયા છો ? તમારા વચનો પરથી કશુંક અમંગલ બની ગયું છે એ સ્પષ્ટ છે.’

‘અમંગલ તો શું અતિશય અમંગલ બની ગયું છે. તને તેની ખબર નથી પડી ?’

‘હું તો સવારથી જ આજે રામના રાજ્યાભિષેકનો દિવસ હોવાથી ભારે ઉમંગમાં ફરી રહી છું.’

‘મને પણ એનો ઉમંગ થતો’તો. પરંતુ એ ઉમંગ અણધાર્યા શોકમાં અને ઘેરા શોકમાં પરિણમ્યો છે.’

ઉર્મિલાને કાંઈ સમજ ના પડી. એ એકાએક પૂછી બેઠી: ‘તે શું હવે રામનો રાજ્યાભિષેક નથી થવાનો ? એ મંગલમય કાર્યમાં કોઈ આકસ્મિક વિઘ્ન આવી પડ્યું છે ? કે પછી કોઈ બીજો શોક પ્રસંગ બની ગયો છે ?’

‘બીજો શોક પ્રસંગ તો નથી બન્યો, પરંતુ રામનો રાજ્યાભિષેક બંધ રહ્યો હોત તો એને લીધે મને એટલો શોક ના થાત, પરંતુ રાજ્યાભિષેક બંધ રહેવાની સાથે સાથે રામને એક, બે, ત્રણ નહિ પણ ચૌદ વરસનો વનવાસ મળ્યો છે.’

'વનવાસ ? ચૌદ વરસનો ? અને એ પણ રામને ? આ તમે શું કહી રહ્યા છો ? રામને વનવાસ મળ્યો છે ? એ વનવાસ કેવી રીતે મળ્યો અને કોણે આપ્યો ?'

ઊર્મિલા એકદમ ઉત્તેજીત બની ગઈ. એનો બધોય ઉલ્લાસ ઉડી ગયો.

લક્ષ્મણે કરુણાથી પ્રેરાઈને એને સવારે બનેલી સમગ્ર હકીકત કહી સંભળાવી.

એ સાંભળીને એની અવસ્થા કરુણ અને કફોડી બની ગઈ. એનું દુઃખ વધી ગયું. લાગણીના અતિરેકને લીધે આંખમાંથી આવતા આંસુને અટકાવવાનું કામ એને માટે મુશ્કેલ બની ગયું. એના મુખમાંથી એકાએક ઉદ્દગાર નીકળી પડ્યા: 'કૈકેયીને આવી કુબુદ્ધિ કેમ સુઝી ? એમને તો રાજા પર પ્રેમ હતો, છતાં પણ એમણે આવા વરદાનો કેવી રીતે માંગ્યા ? રામના વનવાસના વરદાનને માગવા માટે એમની જીભ ઉપડી શકી જ કેવી રીતે ? આ તો ખૂબ જ અમંગલ થયું. માતા કૌશલ્યા, સુમિત્રા, સીતા અને અયોધ્યાની પ્રેમાળ પ્રજા આ સમાચારને કેવી રીતે સાંભળી શકશે ? આ સમાચાર સાંભળીને એમની દશા કેટલી બધી દુઃખદ બનશે ?'

'પ્રજામાં તો એ સમાચાર પવનવેગે પ્રસરવા માંડયા છે અને રામના સમજાવવા છતાં સીતા એમની સાથે વનમાં જવા તૈયાર થઈ છે.'

ઊર્મિલાનું મુખ વધારે વ્યથિત બની ગયું. એણે પૂછયું:

'સીતા શું રામની સાથે વનમાં જવા તૈયાર થઈ છે ? એ વળી કેવા વ્યથાજનક સમાચાર છે ? તો શું રામે પોતાની સાથે વનમાં આવવાની અનુજ્ઞા આપી દીધી ?'

'ના આપે તો શું કરે ? લક્ષ્મણે સામેથી પૂછયું: 'પહેલા તો રામે એને ના પાડી પણ પછીથી એણે એક પ્રકારની હઠ પકડી એટલે રામે નમતું મૂકવું પડ્યું. રામ અને સીતા બંને વનમાં જશે એટલે અયોધ્યાની દશા કેવી દયાજનક બનશે એ કલ્પી શકાય છે ? એની કલ્પના કરીને મારું તો મગજ ભમી જાય છે.'

'સાચું છે. મારાથી પણ એવી કલ્પના નથી થઈ શકતી. રામ અને સીતા વિનાની અયોધ્યા આત્મા વિનાના શરીર જેવી જડ અને નિર્જીવ બની રહેશે. એમાં નહી રહે કોઈ રસ, નહી રહે કસ, કે નહિ રહે કોઈ જાતનો વિશેષ સ્વાદ અથવા આનંદ. એવી અયોધ્યા જોવી પણ નહીં ગમે.'

ઊર્મિલા થોડીવાર મૂક રહી અને પછી બોલી: 'રામ અને સીતા વનમાં જશે એ તમને, મને કે કોઈનેય નહિ ગમે. પરંતુ એમનું વનગમન આપણે કેવળ વ્યથિત થઈને જોયા કરીશું ? એ વનમાં જવા નીકળશે, વનમાં અનેક પ્રકારના કષ્ટો વેઠશે, અને આપણે અયોધ્યામાં રહીને આનંદ કરીશું ?'

'મારા મનમાં પણ એ જ પ્રશ્ન ઘોળાયા કરે છે.' લક્ષ્મણે કહેવા માંડ્યું: 'પરંતુ શું કરવું તેની સમજ નથી પડતી. મારાથી કોઈ નિર્ણય પર નથી પહોંચાતું. રામ પ્રત્યેના પ્રેમને લીધે એમ થાય છે કે એમની સાથે વનમાં જવા તથા એમની તથા સીતાની સેવા કરવા ચાલી નીકળું તો મારા આત્માને સંતોષ થાય, પરંતુ બીજી જ પળે તારો પ્રેમ યાદ આવે છે, તારા પ્રત્યેના મારા કર્તવ્યનું સ્મરણ થાય છે. તારો ત્યાગ કરવાને લીધે તારે જે એકાકીપણું વેઠવું પડે તેનો ખ્યાલ આવે છે, ને હૃદય ખૂબ જ વેદનામય બની જાય છે તેમજ મૂંઝવણ અનુભવવા માંડે છે. હૃદય એકવાર એમ કહે છે કે રામની સાથે એમની અનુજ્ઞા મેળવીને નીકળી પડું ને બીજી વાર કહે છે કે તારો પરિત્યાગ ના કરૂં. એ બે માંથી એકનો હું નિશ્ચય નથી કરી શકતો.'

ઊર્મિલા વિચારમાંથી જાગતી હોય તેમ બોલી: 'તમારા હૃદયની દશાને સમજી શકું છું. તમારો રામનો માટેનો ને મારા માટેનો પ્રેમભાવ મારાથી અજાણ્યો નથી. એ પ્રેમભાવને લીધે આવા વિચાર કે ભાવ થાય એ સ્વાભાવિક છે. પરંતુ એવા વિચારો કરીને દુઃખી થવા કરતા ગમે તે નિર્ણય પર પહોંચી જવાનું વધારે સારું છે.'

'પરંતુ નિર્ણય પર નથી પહોંચાતું તેનું શું ?'

'પહોંચી જવાશે.'

'કેવી રીતે ?'

'હું તમને એ બાબતમાં ઉપયોગી થઈ શકું તો તેને માટે મારી તૈયારી છે.'

લક્ષ્મણ શાંત રહ્યો એટલે ઊર્મિલા ફરી બોલી: 'તમારા અંતરમાં જો રામ તથા સીતાની સેવા માટે વનમાં જવાનો ભાવ જાગતો હોય તો તમે ભલે વનમાં જાવ. એ બાબતમાં મારા પ્રેમભાવને વચ્ચે ના લાવતા. રામ ને સીતાની સેવા મને પણ પ્રિય છે, અને તમે એને માટે વનમાં જશો એ મને ગમશે. એથી મને દુઃખ નહી થાય.'

લક્ષ્મણ ઊર્મિલાના શબ્દો સાંભળીને સ્તબ્ધ બની ગયો. એને સમજ ના પડી કે આ શબ્દો ઊર્મિલાના છે કે બીજા કોઈના ! પરંતુ ના, એ ઊર્મિલાના જ હતા એની એને ખાતરી થઈ. ઊર્મિલા અનેક પ્રકારના સદ્દગુણોથી સંપન્ન હતી. એ નિર્મળ, વિશાળ તથા ઊર્મિશીલ હૃદયની હતી એ સાચું, એનો એને અનુભવ હતો, પરંતુ એ આવા અસાધારણ ઉદ્દગારો કાઢી શકી એ જોઈને એને થોડું આશ્ચર્ય થયું. એનો એને માટેનો પ્રેમભાવ વધી ગયો.

પોતાના અંતરના આશ્ચર્યની અભિવ્યક્તિ કરતાં એણે કહ્યું: 'ઊર્મિલા, તું આ શું બોલી રહી છે ?'

'કેમ ? મારું બોલવાનું તમને બરાબર ના લાગ્યું ? મારા શબ્દો સાંભળીને તમને કંઈ આશ્ચર્ય લાગ્યું ?'

'આશ્ચર્ય લાગે એ સ્વાભાવિક છે. તું મને વનમાં જવાની સાચેસાચ અનુમતિ આપે છે ?'

'હા'

ઊર્મિલાએ એટલી જ શાંતિથી ઉત્તર આપ્યો: 'મારી અનુમતિ સાચી છે. તમારા હૃદયને વફાદાર રહીને તમે ભલે વનમાં જાવ. આપણો પ્રેમ તો એવો જ અમર છે. એ નષ્ટ નથી થવાનો. મારી ચિંતા જરા પણ ના કરતા.'

'તારી ચિંતા ના કરું એ કેમ બને ? હું દૂર રહું તો પણ તારી ચિંતા તો સ્વાભાવિક રીતે થાય જ.'

'અહીં એકાકી રહેવાથી મને બીજું કશું દુઃખ નથી પડવાનું. તમારા વિયોગનું ઘોર દુઃખ મારે ભોગવવું પડશે એ બરાબર છે પરંતુ મારા મનમાં હંમેશા ખ્યાલ રહેશે કે એક મહાન આવશ્યક સેવા કાર્યને માટે તમે તમારા જીવનનો ભોગ આપ્યો છે, મેં પણ થોડો ભોગ આપ્યો છે, અથવા એમાં હું નિમિત્ત બની છું. એથી વધારે સંતોષ બીજો કયો હોય ? એ સંતોષને લીધે વિયોગના ઘોર દુઃખને સહન કરવાની શક્તિ મને મળી રહેશે.'

ઊર્મિલાએ થોડીવાર શાંતિ રાખી અને પછી આગળ કહેવા માંડ્યું:

'રામ અને સીતાની આવા કપરા સમયે સેવા કરવાનું મન મને પણ થઈ આવે છે. એમ પણ થાય છે કે એમને મદદરૂપ થવા માટે આપણે બંને એમની સાથે વનમાં નીકળી પડીએ. પરંતુ.....'

'પરંતુ શું ?' લક્ષ્મણે સામેથી પૂછ્યું: 'મારો સાથ કરવા માટે તારી તૈયારી હોય તો મને તારી જરા પણ ચિંતા ના રહે. મારા અંતરને ખૂબ જ ટાઢક વળે.'

'એ વાતને સમજી શકું છું. પરંતુ લોકો પર એના પ્રત્યાઘાત કેવા પડે તે ખબર છે ? એ પ્રત્યાઘાત એટલા બધા ઉત્તમ તો ના જ હોય. લોકો એમ માને કે રામ ને સીતા તો વનમાં ગયા, એમની પાછળ એમની સેવા કરવાના ઉદ્દેશથી લક્ષ્મણ પણ ગયાં, પરંતુ લક્ષ્મણ અને ઊર્મિલા એકમેકના સ્નેહ વિના ના રહી શક્યા એટલે ઊર્મિલા પણ એમની પાછળ ગઈ. લોકોના અપવાદથી હું ડરતી નથી, પરંતુ લોકોમાં એક ઉચ્ચ આદર્શ સ્થાપવાની દૃષ્ટિએ જોતાં એવું અનુકરણ બહુ સારું નથી લાગતું. મારા અહીં રહેવાથી લોકોને ભોગનો નહીં પણ ત્યાગનો આદર્શ પૂરો પાડી શકાશે અને એ એમને માટે શ્રેયસ્કર થશે.'

લક્ષ્મણ ઊંડા વિચારમા ડૂબી ગયો ને બોલ્યો: 'તારા વિચારો ઘણા ઉત્તમ છે. તારા વિના બીજા કોઈના હૃદયમાં આવા ઉંચા ભાવો ભાગ્યે જ પેદા થઈ શકે. એ ભાવો ને વિચારોને જોઈને મને આનંદ થાય છે. છતાં પણ તું ઘરમાં રહીને શું કરીશ ? ને ચૌદ વરસનો લાંબો ગાળો કેવી રીતે પસાર કરીશ ? એ વાત મને મૂંઝવે છે.'

'એમાં મૂંઝાવા જેવું છે જ શું ?'

'મને તો લાગે છે કે તું એકલી પડીને અમારી પાછળ આંસુ સારીશ.'

'તમારા સૌને માટે પ્રેમ છે એટલે તમારી સ્મૃતિથી કોઈ કોઈ વાર આંસુ તો આવશે જ એનો ઈન્કાર નથી કરતી, છતાં પણ તમારા ત્યાગમય જીવનમાંથી પ્રેરણા મેળવીને હું બને તેટલી શાંતિ મેળવીશ. હું પણ હૃદયથી સંપન્ન છું એટલે હૃદયના સંવેદનનો ત્યાગ નહીં કરી શકું. છતાં પણ એ સંવેદન મારા જીવનને હતાશ અથવા નિરસ નહીં જ કરી દે. એ મને ઉત્તમ જીવનની દીક્ષા દેનારું અને ઉર્ધ્વગામી બનાવનારું સાબિત થશે.'

ઊર્મિલા સહેજ અટકી પડી ને આગળ બોલી: 'મારો કાળ કેવી રીતે પસાર કરીશ તે વિશે તમે પૂછ્યું છે પરંતુ કાળ તો ઈચ્છા અથવા અનિચ્છાએ પસાર થતો જ જાય છે. યુગો ને વરસો ક્યાં પૂરા થાય છે તેની ખબર નથી પડતી. અહીં રહીને માતા સુમિત્રાની સેવા કરીશ. એમનો તમારા પ્રત્યેનો અનુરાગ અપાર છે. તમારા વનમાં જવાથી એમના જીવનમાં જે એકલતા અને વ્યથાની છાયા છવાશે તેને ઓછી કરવા માટે મારાથી બનતા બધા જ પ્રયત્નો કરી છૂટીશ. એ ઉપરાંત શીલ તથા સંયમ ને તિતિક્ષાના પાલનમાં મારા મનને પરોવેલું રાખીશ. એને લીધે મને અનેરી શાંતિ મળશે. વનમાં રહીને તમે રામસીતાના સહવાસમાં ઋષિમુનિઓનું દર્શન કરશો, ઈન્દ્રિયોનું અને દેહનું દમન કરશો, ને જીવનને ઉત્તમ કરતું તપ કરશો તો હું અહીં રાજભુવનમાં રહીને તપ કરીશ. તમારી જેમ હું પણ સાદાઈથી રહીશ ને સ્વાદિષ્ટ ભોજન તથા બીજી જાતના રસાસ્વાદોનો ત્યાગ કરીશ. મનથી એવું માનીશ કે હું વનમાં જ રહું છું. અને એ માન્યતા સાચી જ હશે. કારણ કે તમારા વિનાનો રાજભવન મારે માટે વન કે સ્મશાન જેવો સુનો થઈ પડશે.'

ઊર્મિલાના શબ્દો સાંભળીને લક્ષ્મણ લાગણીવશ બની ગયો ને બોલ્યો: 'તારા શબ્દો સોનેરી અક્ષરે અંકિત કરવા જેવા છે, ઊર્મિલા. એ શબ્દો સાંભળીને મને કાંઈનું કાંઈ થઈ રહ્યું છે. મારું અંતર ઉછળી પડે છે ને મને કર્તવ્યની સાચી પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. મારું મન જો કે તારો ત્યાગ કરીને વનમાં જવા માટે રાજી નથી થતું છતાં પણ તારી પાસેથી હિંમત મેળવીને વનમા જવા તૈયાર કરી દઈશ. રામ અને સીતાનો સાથ કરવાથી એમના જીવનની હવે પછી આવનારી નાજુક પળોમાં હું એમને બનતા પ્રમાણમાં મદદરૂપ થઈ શકીશ એવા વિશ્વાસથી જ આ નિર્ણય પર પહોંચવા પ્રેરાયો છું. લોકોને આપણી વચ્ચેના વાર્તાલાપની ખબર નહીં પડે એ તો રામની સાથે વનમાં જઈને એમની સેવા કરવાના સંકલ્પ બદલ મને એકલાને જ શાબાશી આપશે, પરંતુ વિધાતા બધું જ જાણે છે અને એમની નજરમાં સાચો યશ તને જ ઘટશે. તારી ગુણવત્તાને એ નહીં ભૂલી શકે.'

'મારે યશ નથી વધારવો. હું તો તમારી છાયા બનીને રહેવાનું જ પસંદ કરું છું. એટલે તમારા યશમાં મારો યશ સમાઈ જાય છે. આપણે બંને ક્યાં જુદા છીએ ? આપણા શરીરો જ જુદા છે બાકી આત્મા તો એક છે.'

* * * * *

## ૨૧. આઘાત

ઊર્મિલાને સાથે લઈને લક્ષ્મણ માતા સુમિત્રાની સંમતિ મેળવવા માટે આવી પહોંચ્યો ત્યારે સુમિત્રા શોકાતુર બનીને બેઠી હતી. એનો બધો આનંદ જાણે ઊડી ગયેલો.

લક્ષ્મણને જોતાં જ એને કહેવા માંડ્યું: 'લક્ષ્મણ ! આ શું થયું ? હું તારી જ પ્રતીક્ષા કરી રહેલી. કૈકેયીએ બધી બાજી બદલી નાખીને આ કેવો કેર વર્તાવ્યો ? રામના વનવાસના શોકનજક સમાચાર કોણ સાંભળી શકે તેમ છે ? મેં તો જ્યારથી એ અશુભ સમાચાર સાંભળ્યા છે ત્યારથી જ મારું મન એકદમ અસ્વસ્થ બની ગયું છે. કૈકેયીને વળી આ શું થયું ? એની ઈચ્છા હતી તો ભરતના રાજ્યાભિષેકની માગણી કરીને એણે બેસી રહેવું હતું. એથી આગળ વધીને રામના વનવાસની માગણી એણે શા માટે કરી ? એવી અન્યાયી ને હીન માગણી કરતા એનું દિલ ના તૂટી ગયું ?'

લક્ષ્મણે કહ્યું: 'કૈકેયી આટલી બધી કઠોરતા કે ક્રુરતાની હદે જશે એવી આશા તો કોઈએ પણ નહોતી રાખી. રામ અને સીતાને માથે જ નહિ પરંતુ આખી અયોધ્યાને માથે વિપત્તિ તૂટી પડી ! રામ તો વનમાં જશે, પરંતુ સીતા પણ એમની સાથે જવા તૈયાર થઈ છે. રામે એને સંમત્તિ પણ આપી દીધી છે.'

'શું કહે છે ?' સુમિત્રાના વિસ્મયનો પાર ના રહ્યો: 'સીતાને રામે સંમતિ પણ આપી દીધી ? મને લાગતું હતું જ કે સીતા રામ વગર અયોધ્યામાં એકલી નહિ રહે અને થયું પણ એમ જ. રામે પણ એટલી જલ્દી હા કહી ?'

'હા ના કહે તો શું કરે ? સીતાનો આગ્રહ ઘણો જ હતો. એની આગળ રામ નમી પડ્યા. રામ સીતાને સાથે લેવાની તૈયારી ના બતાવત તો સીતા કદાચ જીવતી ના રહેત.'

લક્ષ્મણે સીતા ને રામની વચ્ચેની વાતચીત સંક્ષેપમાં કહી સંભળાવી ને પછી કહ્યું: 'આ પરિસ્થિતિમાં મારે શું કરવું એ પણ પ્રશ્ન છે.'

'તારે બીજું શું કરવાનું હોય ? રામનું દુઃખ એ આપણા સૌનું દુઃખ છે. રામનો પ્રેમ સૌના પર છે, પરંતુ તારા પર તો સૌથી વિશેષ છે. એ દૃષ્ટિએ જોતાં તને આવી ચિંતા અથવા વિમાસણ થાય એ સ્વાભાવિક છે.'

'છતાં પણ કેવળ ચિંતા કરીને તદ્દન નિષ્ક્રિય બનીને બેસી રહેવાનું પણ બરાબર નથી લાગતું. મને ચિંતા તો થાય જ છે. પરંતુ સાથે સાથે એમ પણ થાય છે કે રામને માટે કાંઈક કરી છૂટવું જોઈએ. રામ અને સીતા વિનાની અયોધ્યામાં શ્વાસ લેવાનું પણ મને નહિ ગમે. એવી પરિસ્થિતિની કલ્પના કરતાં પણ મારું કાળજું કંપી ઉઠે છે. એટલે મેં તો વિચાર કર્યો છે કે....' લક્ષ્મણ એટલું બોલીને અટકી પડ્યો એટલે સુમિત્રા એના તરફ સાશંક દૃષ્ટિએ જોઈ રહી.

એને સમજ ના પડી કે લક્ષ્મણે કેવો વિચાર કરી લીધો છે !

જમીન તરફ જોઈ રહેલા લક્ષ્મણને ઉદ્દેશીને એણે પૂછયું: 'તેં શો વિચાર કર્યો છે, લક્ષ્મણ ?'

'રામ તથા સીતાની સેવા કરવા માટે એમની સાથે વનમાં જવાનો.'

'વનમાં જવાનો ?'

'હા. વનમાં જવાનો. મારો વિચાર કદાચ તમને નહિ રુચે પરંતુ મેં એવો નિર્ણય કર્યો છે. તમારી અનુજ્ઞા માટે હું અહીં આવી પહોંચ્યો છું, અને આશા છે કે તમારી અનુજ્ઞા મને મળી રહેશે.'

સુમિત્રા જરા વિચારમાં પડી. એને માટે લક્ષ્મણના શબ્દોમાં વ્યક્ત થયેલો ભાવ નવો ન હતો.

તો પણ એણે ઊર્મિલા સામે જોઈને પૂછયું: 'મારી અનુજ્ઞાની વાત તો બાજુ પર રહી, પરંતુ જેની સાથે તારું જીવન જોડાયેલું છે અને જે તારા સુખદુઃખની સહભાગિની છે તે ઊર્મિલાની આગળ તેં તારો વિચાર પ્રકટ કર્યો ? એની અનુજ્ઞા તને મળી ગઈ ? હું તો તારા વિચારને કદાચ સહાનુભૂતિથી સમજી શકીશ ને તારા વિયોગના દુઃખને સહન કરવાની શક્તિ મેળવી શકીશ, પરંતુ ઊર્મિલા એવા ઘોર દુઃખને શી રીતે સહી શકશે, તેનો વિચાર કર્યો છે ?'

લક્ષ્મણે ઊર્મિલા તરફ દૃષ્ટિ કરી એટલે ઊર્મિલા બોલી: 'લક્ષ્મણે મારી આગળ પોતાના વિચારો વ્યક્ત કરી બતાવ્યા છે, અને એ વિચાર સાથે મેં સંમતિનો સૂર પણ પુરાવ્યો છે. એમના વનગમનનું દુઃખ મારે માટે અતિશય અસહ્ય હશે એ સાચું છે, છતાં પણ એમના આત્માને શાંતિ આપવાના આશયથી એ દુઃખને શાંતિપૂર્વક સહી લઈશ. એવો મારો અભિપ્રાય મેં એમને કહી બતાવ્યો છે.'

એમ કહીને ઊર્મિલાએ લક્ષ્મણ સાથેની વાતચીત વિસ્તારથી કહી બતાવી.

એ સાંભળીને સુમિત્રાના આશ્ચર્યનો પાર ના રહ્યો. એણે જણાવ્યું: 'ઊમિલા, લક્ષ્મણને વનમાં જવાની અનુમતિ આપવાનું આવું અદ્દભુત કામ તારા વિના બીજું કોઈ ભાગ્યે જ કરી શકે. તને સૌથી પ્રથમ જોઈ ત્યારે જ મને થયેલું કે રાજા જનકને ત્યાં જન્મેલું તું એક જવાજ્વલ્યમાન મહામૂલું રતન છે. સીતા કરતાં તારી યોગ્યતા સહેજ પણ ઓછી નથી. દિવસો વીતતા ગયા તેમ તેમ મારી એ ભાવનાને પુષ્ટિ મળતી ગઈ. આજે એ ભાવનાના મંગલમય મંદિર પર જાણે કે સુવર્ણ કળશ ચઢ્યો. તારા શબ્દો સાંભળીને મને પ્રસન્નતા થઈ. પરંતુ લક્ષ્મણના વનગમનને લીધે તારે જે અનંત વેદના વેઠવી પડશે તેની કલ્પના તું કરી શકે છે ?'

'કરી શકું છું. છતાં પણ મને એમની સાથે સંમત થવાનું યોગ્ય લાગ્યું છે. હું એમના હૃદયને જાણું છું. એ હૃદયમાં રામને માટે જે પવિત્ર પ્રેમનો પારાવાર પડેલો છે તેનો પણ મને પૂરેપૂરો પરિચય છે. એમને હું વનમાં જવાના વિચારનો પરિત્યાગ કરીને મારી સાથે અયોધ્યામાં રહેવાનો આગ્રહ કરું તો સંભવ છે કે મારા દુરાગ્રહને વશ થઈને એ અહીં રહી જાય પરંતુ એ પરિસ્થિતિમાં પણ એમનું મન તો રામની પાસે જ ફર્યા કરે, અને રામને યાદ કરીને એ નિરંતર દુઃખી થાય. એમનું એ દુઃખ દેખીને હું પણ દુઃખી થાઉં. એના કરતાં રામની સાથે રહીને એ ભલે શાંતિ મેળવે તથા નિશ્ચિંત થાય એવા વિચારથી પ્રેરાઈને જ મેં એમને અનુમતિ આપી છે.'

'પરંતુ ઊર્મિલા, વનવાસનો વખત સાધારણ કે થોડો નથી પરંતુ પૂરા ચૌદ વરસનો છે એનો વિચાર પણ કરી લીધો છે ?'

'હા વનવાસનો કાળ ચૌદ વરસનો છે તેની મને માહિતી છે. એ અવધિ લાંબી જરૂર છે, પરંતુ અનંતકાળની આગળ એ અવધિ પણ થોડી જ છે. એ વખત પણ જોતજોતામાં વીતી જશે, અને મારો એમને માટેનો પ્રેમભાવ સાચો હશે, તેમજ મારી નિષ્ઠા તથા શ્રદ્ધાભક્તિમાં કોઈ દોષ નહિ હોય તો મને એમનો

મેળાપ જરૂર થશે, અને પાછા અમે આનંદ કરીશું. કર્તવ્યપાલનના સંતોષને પરિણામે પ્રાપ્ત થયેલો એ આનંદ કોઈ અનેરો જ હશે.'

સુમિત્રાને શું બોલવું તેની સમજ ના પડી. એણે ઊર્મિલાને સાચા દિલથી વારંવાર ધન્યવાદ આપ્યાં ને કહ્યું: 'તને સાચેસાચ અભિનંદન ઘટે છે. લક્ષ્મણનો માર્ગ તારે લીધે સરળ બની ગયો ને નિરાપદ બન્યો. સ્ત્રી પુરુષની અર્ધાંગિની છે. એ જો ધારે તો પુરુષના જીવનને સરળ પણ બનાવી શકે ને ધારે તો કઠિન પણ. એનો આધાર એના સંસ્કાર તથા એની સમજ પર રહે છે. તારા જેવી આદર્શ પ્રેમમૂર્તિ પત્ની મળવા બદલ લક્ષ્મણને પણ ધન્યવાદ ઘટે છે. એ પણ ખરેખર ભાગ્યશાળી છે.'

સુમિત્રાના શબ્દો સાંભળીને ઊર્મિલા ગદ્દગદ્ બની ગઈ. એના લોચન ભરાઈ આવ્યાં. લક્ષ્મણ પણ લાગણીવશ બની ગયો. એ કશું બોલી ના શક્યો. ફક્ત ઊર્મિલા તરફ આભારસૂચક નેત્રે નિહાળી રહ્યો.

સુમિત્રા બોલી: 'તમે બંને જ્યારે સહમત છો ત્યારે હું તમારી વચ્ચે નહીં આવું. મારું દુઃખ કાળજાને બનતું કઠણ કરીને સહી લઈશ. ઊર્મિલાનો ત્યાગ અને વૈરાગ્ય જોઈને મારા હૃદયને સમજાવીશ અને શાંતિ આપીશ. એનું જીવન મને પ્રેરણા પાશે, પ્રકાશ દેશે, અને મારે માટે આશ્રય અથવા આધારરૂપ બનશે. એને નિહાળીને મારા નેહનીતરતાં નેત્રોને શીતળ કરીશ, અને એના સહવાસમાં મનને મક્કમ રાખીને એને પણ શાંતિ ધરીશ.'

પછી લક્ષ્મણ તરફ જોઈને નેહનીતરતાં ભીના નેત્રે કહેવા માંડી: 'લક્ષ્મણ, તારો નિશ્ચય જ છે તો તું રામ અને સીતા સાથે ભલે વિદાય થા. એ કાર્ય મંગલ છે ને મંગલ થઈ પડે એવી મારી અભિલાષા અને આશિષ છે. પુત્ર ગમે તેવો હોય તો પણ એનો વિયોગ માતા નથી સહી શકતી. અને એ વિયોગને હાથે કરીને તો નથી જ વહોરી લેતી. છતાં પણ હું તને રજા આપું છું. રામની સેવા માટે ભલે સુખેથી જા. એ સેવા તારે માટે સુખકારક હો. રામ અને સીતાની સેવા મન મૂકીને કરતો રહેજે અને એમને જરા પણ દુઃખ ના પડે એનું ધ્યાન રાખજે. તારા સહવાસમાં એમનું દુઃખ પણ હળવું થશે. જગતમાં બધું મળે છે પણ ભાવભરેલો ભ્રાતા નથી મળતો. એને માટે જેટલો પણ ત્યાગ કરાય અથવા જેટલો પણ ભોગ અપાય એટલો ઓછો છે.'

લક્ષ્મણે સુમિત્રાના ચરણોમાં મસ્તક નમાવીને એમને આંસુથી ભીંજવતા કહ્યું: 'તમારી અનુજ્ઞા માટે તમારો ઋણી છું. તમારા જેવી જનની મેળવવા બદલ સાચેસાચ સૌભાગ્યશાળી છું. રામની સેવા મન મૂકીને કરીશ એમાં કોઈ જાતની શંકા નથી, પરંતુ તમારા બંનેની સ્મૃતિ તો મને રહેશે જ. વનમાં જઈશ તો પણ મારું મન તો તમારી પાસે જ રહેશે ને તમારી ચિંતા કર્યા કરશે.'

લક્ષ્મણ અતિશય લાગણીવશ થવાથી વધારે ના બોલી શક્યો.

રામ અને સીતાની પાસે આવીને લક્ષ્મણ અને ઊર્મિલા ઊભા રહ્યા ત્યારે એમના મનની દશા વિચિત્ર હતી.

લક્ષ્મણે ઊર્મિલા તથા સુમિત્રા સાથેની વાતચીત સંક્ષેપમાં કહી બતાવી ત્યારે રામ તથા સીતા બંને સ્તબ્ધ થઈ ગયા. બંનેના અંતર ગદ્દગદ્ અથવા ભાવવિભોર થઈ ગયાં. બંનેને રોમાંચ થયા અને બંનેની આંખમાંથી અશ્રુબિંદુ ટપકવા માંડ્યાં.

સીતાએ ઊર્મિલાને કહ્યું: 'લક્ષ્મણનો નિર્ણય તો કઠોર છે પરંતુ તારી અનુમતિ તો એથીયે વધારે કઠોર લાગે છે. અયોધ્યાના ઈતિહાસમાં તારા ત્યાગનો જોટો નહીં જડે.'

રામ બોલ્યા: 'આવો ત્યાગ કોઈ સાધારણ આત્માથી તો થઈ જ ના શકે પરંતુ અસાધારણ કહેવાતા આત્માઓમાંથી પણ કોઈ વિરલ, મહાસત્વશાળી આત્મા જ કરી શકે. તને એને માટે ધન્યવાદ ઘટે છે, ઊર્મિલા !'

'એમાં ધન્યવાદની જરૂર જ ક્યાં છે ?' ઊર્મિલા બોલી ઊઠી: 'તમારા આવા વચનો સાંભળીને મને ખૂબ જ સંકોચ થાય છે. મેં કોઈ એવો અસાધારણ ત્યાગ નથી કર્યો. મેં તો મારું કર્તવ્ય જ બજાવ્યું છે. એટલે મને કોઈ જાતનો ધન્યવાદ નથી ઘટતો. અયોધ્યાના ઈતિહાસમાં મારા ત્યાગનો નહિ પરંતુ તમારા ત્યાગ તથા કર્તવ્યપાલનનો જોટો મળવો મુશ્કેલ છે. તમે જે ભગીરથ કાર્ય કરવા તત્પર થયાં છો તે બીજા કોઈનાથી નથી થવાનું. તમારી સાથે સીતા પણ વનમાં જવા તૈયાર થઈ છે, એ જોઈને મારું હૃદય રડી ઊઠે છે. સીતા વનના વાસ માટે જરા પણ યોગ્ય નથી છતાં પણ શું થાય ? એના હૃદયને હું બરાબર જાણું છું. એ તમારા વિના એક ક્ષણ પણ નથી રહી શકે તેમ એટલે એના નિશ્ચયમાંથી એને ચળાવવાનો પ્રયાસ કરવો એ પણ અપરાધ છે.'

સીતાએ કહ્યું: 'મારાથી બીજા બધાં વિના રહી શકાશે પણ રામ વિના તો નહી જ રહી શકાય. રામ તો મારા પ્રાણ છે, જીવન છે. અને એમના વિનાના જીવન કરતાં હું મરણને જ વધારે પસંદ કરું.'

'વિધિની વિચિત્રતા તો જો સીતા ! લગ્ન કરીને સદાને માટે સાથે રહેવાના આપણે સ્વપ્ન સેવતા હતા તે સ્વપ્નાં તો એણે સફળ કર્યા પરંતુ એ જ હવે આપણને છૂટા પાડવાની યોજના કરી રહ્યું છે ! છતાં પણ હરકત નહિ. એ આપણા અંતરને અથવા આપણા અનુરાગને અલગ નહીં કરી શકે.'

એ જ વખતે રામના વનવાસના સમાચાર સાંભળીને મહર્ષિ વસિષ્ઠ આવી પહોંચ્યા. એમણે રામને વનમાં ના જવા માટે ઘણું સમજાવ્યા પરંતુ રામ ના માન્યા.

એ બધાં કૈકેયી પાસે આવ્યા ત્યારે રાજા દશરથની દશા એવી જ દુઃખમય હતી.

રામે એમની પાસે બેસીને મૃદુ છતાં કોમળ સ્વરે કહ્યું: 'તમારા વચનના પાલન માટે હું વનમાં જવા તૈયાર છું. તમે નાહક શોક કરવાને બદલે મારા મસ્તક પર હાથ મૂકીને મને આશીર્વાદ આપો, જેથી વનવાસનો વખત પૂરો કરીને હું અયોધ્યામાં સુખપૂર્વક પાછો ફરું. સીતા તથા લક્ષ્મણે પણ મારી સાથે આવવાની તૈયારી કરી છે.'

'સીતા તથા લક્ષ્મણે પણ ?' દશરથ વધારે ના બોલી શક્યા. એમના મુખમાંથી એટલા જ ઉદ્દગારો નીકળી શક્યા.

મહર્ષિ વસિષ્ઠથી એ દૃશ્ય ના જોવાયું એટલે એ બોલ્યા: 'કૈકેયી, આ ભારે અનર્થ થઈ રહ્યો છે! રઘુકુળના ઈતિહાસમાં આ ઘટના ભારે કમનસીબ અથવા અમંગલ છે.'

કૈકેયી તરત જ બોલી ઊઠી: 'એમાં હું શું કરું ? મેં તો મારા બાકી રહેલા વરદાન જ માંગ્યા છે. એ વરદાન આપવા કે નહિ એ રાજાને જોવાનું છે.'

'પરંતુ આવા વરદાન ના મંગાય.'

'રાજાએ અગાઉથી એવી કોઈ શરત નહોતી રાખી.'

રામે કહ્યું: 'હવે તો હું એ વરદાન પ્રમાણે કરવા તૈયાર છું એટલે એ ચર્ચા નિરર્થક છે.'

દશરથે કહ્યું: 'સુકુમારી સીતા વનના દુઃખને કેવી રીતે સહી શકશે ?'

સીતા બોલી: 'રામનો સુખદ સહવાસ મને સર્વકાંઈ સહન કરવાની શક્તિ આપશે.'

કૈકેયીએ ફરમાવ્યું: 'સીતા વનમાં જવા તૈયાર છે તો એને વનના વસ્ત્રો પહેરાવો.

'શા માટે ?' વસિષ્ઠ વચ્ચે જ બોલી ઊઠ્યા: 'વરદાન દ્વારા વનનો આદેશ એકલા રામને અપાયો છે. સીતાનું વ્યક્તિત્વ એ આદેશની અંતર્ગત નથી આવતું એટલે સીતા તો રાજભવનના સુંદર વસ્ત્રો અને અલંકારો ધારણ કરશે.'

દશરથે કહ્યું: 'રામને ચૌદ વરસ ચાલે એટલું અન્ન, ધન, સુવર્ણ અને એટલા વસ્ત્રો અને રત્ન આપો.'

'બિલકુલ નહિ.' કૈકેયી ગરજી ઊઠી: 'તો પછી વનમાં જવાનો અર્થ જ શો રહ્યો ? રામ પોતાની સાથે કશી જ સામગ્રી નહિ લઈ જઈ શકે.'

'મારે કશું જોઈતું પણ નથી. હું ખાલી હાથે જ વિદાય થઈશ.'

દશરથ એ આઘાત ના સહી શક્યા.

એ જોરથી આક્રંદ કરી ઉઠ્યા, અને અચેત જેવા બની ગયા.

* * * * *

## ૨૨.દશરથનો પ્રાણત્યાગ

મહારાજ દશરથ જ્યારે જાગ્યા ત્યારે ‘હા રામ, હા સીતા, હા લક્ષ્મણ !’ એટલું જ બોલી શક્યા. એમનું આક્રંદ સાંભળીને સૌના કાળજા કરુણ બની ગયા અને આક્રંદ કરી ઊઠ્યા. મહર્ષિ વસિષ્ઠની સુચનાથી મહામંત્રી સુમંત્રે રથ તૈયાર કરાવ્યો.

દશરથની આજ્ઞા લઈને રામ, સીતા અને લક્ષ્મણ સાથે એના પર બેસી ગયા ત્યારે એ દૃશ્ય અત્યંત કરુણ બની ગયું.

કૌશલ્યા, સુમિત્રા, ઊર્મિલા અને બીજા બધાં રડવા લાગ્યાં. એ પ્રસંગ પથ્થરને પણ પીગળાવી દે એવો પીડાભર્યો થઈ પડ્યો.

કૈકેયી અને મંથરાને એ પ્રસંગની અસરથી કોઈ પણ પ્રકારની પીડા ના થઈ. પોતાની યોજના પાર પડી એ જાણીને એમને પીડા થવાને બદલે ઉલટો આનંદ થયો.

એમના પ્રાણને દશરથનો મર્મભેદી વિલાપ પણ ના પીગળાવી શક્યો,

એ એમના પ્રાણને સ્પર્શ્યો જ નહિ એમ કહીએ તો ચાલે. એ બંને સિવાયના અયોધ્યાના બીજા બધા જ પ્રજાજનો વિષાદ અને દુઃખના ઉંડા દરિયામાં ડૂબી ગયા. લાંબે સુધી એ રથની પાછળ ગયા. સૌના લોચન લાગણીને લીધે આવિર્ભાવ પામતાં અશ્રુથી છલકાયેલા હતા અને વદન વિષાદથી વીંટલાયેલા. રાત પડી તો પણ કેટલાય લોકો રામનો ત્યાગ કરવા તૈયાર ના થયા. એમણે રામની સાથે જ વનમાં વસવાનો, વિહરવાનો, અને ચૌદ વરસ પછી રામની સાથે જ અયોધ્યા પાછા ફરવાનો સંકલ્પ કર્યો. પરંતુ એ સંકલ્પ સફળ ના થઈ શક્યો. રામને એમના પવિત્ર પ્રેમની કદર હતી છતાં પણ એ કોઈનો સાથ નહોતા ચાહતા.

રસ્તાના પોતાના વિશ્રામસ્થાનમાં વહેલી સવારે બ્રહ્મમુહૂર્તમાં ઊઠીને રામે સુમંત્રને બોલાવીને કહ્યું: ‘લોકો મને પ્રેમને લીધે નહિ છોડી શકે. થોડી વાર પછી બધા જાગી ઊઠશે તો આપણે આગળ વધવાનું મુશ્કેલ બનશે. બધા મારી પાછળ આવશે. માટે હજુ બધા નિંદ્રાધીન છે ત્યાં સુધી રથને જેટલો પણ દૂર લઈ શકાય તેટલો લઈ લો. લોકો જાગ્યા પછી આપણને જોશે નહિ એટલે નિરાશ થઈને કોઈ માર્ગ ના દેખાતા આપોઆપ પાછા ફરશે.’

લક્ષ્મણને રામની વાત રુચિ ગઈ. સીતા પણ એમની સાથે સંમત થઈ એટલે સુમંત્રને એ વાતનો વિરોધ કરવાનું કોઈ કારણ ના રહ્યું. રામની આજ્ઞા પ્રમાણે રથને આડાઅવળા રસ્તે થઈને આગળ દોડાવામાં આવ્યો.

પ્રજાજનો ખૂબ જ દૂર રહી ગયા.

એવી રીતે લાંબુ અંતર કાપી લીધા પછી થોડોક વિશ્રામ કરીને રામે સુમંત્રને જણાવ્યું: ‘હવે તમારું કર્તવ્ય પૂરું થાય છે. અહીંથી આગળનો પંથ અમે પગપાળા કાપતાં જઈશું. રથને પાછો વાળીને હવે અયોધ્યા તરફ વિદાય થાવ. અયોધ્યામાં પહોંચીને પૂજ્ય પિતાજીને, માતા કૌશલ્યાને તથા સુમિત્રાને અમારા કુશળ સમાચાર પહોંચાડજો.’

‘અને ઊર્મિલાને પણ.’ સીતા બોલી ઊઠી: ‘એનો પ્રેમ પણ મારાથી નહિ ભુલાય.’

'હા. ઊર્મિલાને પણ અમારા પ્રવાસની સઘળી હકીકત બને તેટલા વિસ્તારથી કહી બતાવજો જેથી એને કોઈ જાતની ચિંતા ના થાય.'

'અને એનું ખાસ ધ્યાન રાખજો.' લક્ષ્મણને વાચા ફૂટી. સુમંત્રનું હૈયું ભરાઈ આવ્યું. એણે રુંધાતા છતાં નેહ નીતરતા કંઠે કહ્યું: 'અયોધ્યા તમારા વિના સુની થઈ ગઈ. એનો દેહ રહ્યો પણ આત્મા ઊડી ગયો. આત્મા વિનાની એ અયોધ્યાપુરીમાં તમારા વિના પ્રવેશ કરતી વખતે મારો પ્રાણ એક પ્રકારની અસહ્ય વ્યથાનો અનુભવ કરશે. એમાં પ્રવેશ કરવાનો મને ગમશે પણ નહિ. માટે જ મારો અવિનય માફ કરો તો તમારા ચરણોમાં મારી એક પ્રાર્થના છે.'

'શી પ્રાર્થના છે ?' રામે શાંતિપૂર્વક પ્રશ્ન કર્યો.

'મારી પ્રાર્થના છે કે તમને કશી હરકત ના હોય તો મને તમારી સાથે લઈ લો. મને સાથે આવવાની અનુમતિ મળશે તો મારા પર અનેરો અનુગ્રહ થયો માનીશ. હું તમને કોઈ રીતે ઉપાધિરૂપ નહિ થાવ. પરંતુ તમારા વનવાસના સમયને સુખમય બનાવવા માટે મારાથી બનતું બધું જ કરી છૂટીશ. તમારી સેવા કરીને લક્ષ્મણની પેઠે હું પણ શાંતિ પામીશ.'

સુમંત્રનો સ્નેહ રામ, સીતા તથા લક્ષ્મણના હૃદયને સ્પર્શી ગયો.

રામ એનો અનુભવ કરીને ખાસ હાલી ઊઠ્યા, છતાં પણ મનને મક્કમ રાખીને બોલ્યા: 'સુમંત્ર, તમારા સ્નેહને સમજી શકું છું. એની કદર કરું છું અને એને માટે તથા એથી પ્રેરાઈને થયેલી તમારી પ્રાર્થનાને માટે તમને ધન્યવાદ આપું છું. પરંતુ તમારી એ પ્રાર્થનાને માન્ય રાખવાનું મારે માટે મુશ્કેલ છે. તમારા કર્તવ્ય તથા તમારી સેવાની અનુષ્ઠાનભૂમિ અયોધ્યા છે. ત્યાં રહીને તમારે સૌની સેવા કરવાની ને પિતાજીને શાંતિ આપવાની છે તે તો સાચું જ, પરંતુ સાથે સાથે ભરતને તમારા દીર્ઘકાળના અનુભવના પરિપાકરૂપે પ્રાપ્ત થયેલા વિશિષ્ટ જ્ઞાનનો લાભ આપી પ્રજાહિતમાં પ્રેરિત કરવાનો છે. એ સેવાકાર્યને વનવાસના મારા સહવાસ કરતાં લેશ પણ ઓછું મહત્વનું ના માનતા. એ કાર્ય પણ એટલું જ અસાધારણ અને અમુલખ છે. માટે હૃદયમાં મારા પ્રેમને કાયમ રાખીને હવે પાછો ફરો એવી મારી ઈચ્છા છે.'

લક્ષ્મણ અને સીતા પણ રામની સાથે સહમત થયા એટલે સુમંત્રને માટે બીજો કોઈ રસ્તો જ ના રહ્યો.

આંખના આંસુને અટકાવવાનો પરિશ્રમ પડતો મૂકીને એણે રામ, લક્ષ્મણ તથા સીતાને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા અને રથને મન ના માનવા છતાં પણ અયોધ્યાની દિશા તરફ દોડાવવાની આજ્ઞા કરી.

રથ આગળ દોડવા લાગ્યો તેમતેમ સુમંત્રે વાંરવાર પાછળ વળીને જોવા માંડ્યું. રામ, સીતા ને લક્ષ્મણના સુધામય સ્વરૂપના રસાસ્વાદનો લોભ એ નહોતો ટાળી શકતો. શરીર આગળ ચાલતું'તું પરંતુ મનનો લોભ એ ત્રણેનો ત્યાગ કરીને ક્યાંય જવા નહોતું માંગતું. એમ કરતાં કરતાં થોડુંક અંતર કપાઈ ગયું ને રથને વળવાનું આવ્યું એટલે રામ, લક્ષ્મણ ને સીતા દેખાતાં બંધ થયા. સુમંત્રના હૃદયના બંધ એ વખતે તૂટી ગયા અને એ શિશુની પેઠે રડવા માંડ્યો.

રામ, લક્ષ્મણ અને સીતાના સ્નેહે એના પર કેવું કામણ કર્યું છે તે એને ત્યારે જ સમજાયું.

ખરેખર, કવિએ અને અનુભવીએ સાચું કહ્યું છે કે પ્રેમની પ્રબળતા ને પવિત્રતાનો અનુભવ જેટલો સંયોગમાં નથી થતો એટલો વિયોગમાં થાય છે. એને એની પ્રતીતિ થઈ.

સુમંત્રના મુખથી રામ, લક્ષ્મણ ને સીતાના કુશળ સમાચાર સાંભળીને દશરથ, કૌશલ્યા, સુમિત્રા ને ઊર્મિલાને સંતોષ તો થયો પરંતુ એમની ચિંતા તથા કરુણા તો ઓછી ના જ થઈ.

એમાંયે દશરથની દશા તો અત્યંત દયનીય હતી.

રામના વિદાય થયા પછી એમનો અંતરાત્મા એકદમ સંતપ્ત અને અશાંત બની ગયો.

રામ વનમાં ગયા એટલે એમનું સમસ્ત જીવન જતું રહ્યું, એમનું સુખ, ચેતન, એમનો આનંદ જતો રહ્યો, એવો અનુભવ એમને થવા લાગ્યો.

એમની અવસ્થા જોઈને કૌશલ્યા, સુમિત્રા ને ઊર્મિલા પણ વધારે શોકિત બની ગઈ.

સુમંત્રની પીડાનો પણ પાર ના રહ્યો.

પલંગ પર પડીને જીવનની અંતિમ ઘડીઓ ગણતા દશરથે કૌશલ્યા અને સુમિત્રાને કહ્યું: 'હવે હું નહિ બચી શકું. રામનો વિયોગ મારે માટે મરણતોલ નીવડશે. કૈકેયીએ રામને તો વનવાસ આપ્યો પરંતુ સાથે સાથે મને પણ મૃત્યુની પાસે પહોંચાડી દીધો. મારા જીવનની એક ઘટના મને અત્યારે યાદ આવે છે ને થાય છે કે હવે મારો કાળ પાસે આવ્યો.'

'કયી ઘટના ?' કૌશલ્યાએ કુતૂહલપૂર્વક પૂછયું.

'એ ઘટના ઘણી પુરાણી ને કરુણ છે. એના સ્મરણથી મારું હૃદય ભેદાઈ જાય છે. એ કર્મ અથવા વધારે ઉચિત શબ્દોમાં કહું તો હીન કર્મ કે કુકર્મનું ફળ મારા ચાલુ જીવનમાં મળી રહ્યું હોય એવું મને લાગ્યા કરે છે.'

'તમે વળી એવું કયું કુકર્મ કર્યું છે ? અમને તો તમારા કોઈ કુકર્મનું સ્મરણ નથી.' સુમિત્રા બોલી ઊઠી.

'તમારામાંથી કોઈને આજ સુધી મેં એ કુકર્મની વાત નથી કહી એટલે તેની ખબર તમને ના હોય એ સ્વાભાવિક છે. પરંતુ મને તો તે બરોબર યાદ છે. એ કુકર્મ મેં જાણી જોઈને નથી કર્યું. મારાથી એ અજાણતાં જ થઈ ગયું છે, તો પણ એનું સ્મરણ મારા માટે ખરેખર વ્યથાજનક બની રહ્યું છે.'

એ કુકર્મની કથા સાંભળવા સૌ ઉત્સુક બની ગયા એટલે દશરથે દર્દભર્યા સ્વરે કહેવા માંડયું:

'એ કુકર્મ મારી કુમારાવસ્થામાં કરાયેલું છે. એ વખતે ધનુર્વિદ્યામાં મને પ્રવીણતા પ્રાપ્ત થયેલી, લોકો વાતો કરતાં કે રાજકુમાર દશરથ શબ્દવેધિ બાણ મારવાની કળામાં નિષ્ણાત છે અને કેવળ શબ્દને સાંભળીને લક્ષ્યને વીંધી દે છે. લોકોની પ્રશસ્તિ સાંભળીને હું કુલાતો.'

'કૌશલ્યા, એ વખતે તારી સાથે મારું લગ્ન નહોતું થયું. હું યુવરાજ હતો. વરસાદના સુંદર દિવસોમાં પ્રકૃતિના સૌંદર્યનું નિરીક્ષણ કરતાં રથ પર બેસીને મેં મૃગયા રમવા માટે સરયુ નદીના તટ પ્રતિ પ્રયાણ કર્યું. મારા મનમાં એવું હતું કે સરયુમાં પાણી પીવા માટે રાતે કોઈ જંગલી પ્રાણી આવશે તો તેનો નાશ કરીશ. એ વખતે ચારેબાજુ છવાયેલા ઘોર અંધકારમાં મને પાણીમાં ઘડો ભરવાનો અવાજ સંભળાયો. મને એ અવાજ હાથીના અવાજ જેવો લાગવાથી મેં એ દિશામાં બાણ છોડયું.'

'બાણ વાગતાં જ કોઈનો ચિત્કાર સંભળાયો, અને કોઈએ વેદનાસભર સ્વરમાં કહેવા માંડયું કે મારા જેવા તપસ્વીને આ બાણ કોણે માર્યું ? હું વનમાં રહેનારો, જંગલી કંદમૂળથી જીવન ચલાવનારો, જટાધારી તપસ્વી છું. મને મારવાથી કોઈને કશો જ લાભ નથી થવાનો. મેં કોઈનો અપરાધ નથી કર્યો. મને પોતાને મારા મૃત્યુનો એટલો શોક નથી થતો. પરંતુ મારા વૃદ્ધ માતાપિતાના કષ્ટના વિચારથી મને દુઃખ થાય છે. એ વૃદ્ધ માતાપિતાનું ધ્યાન રાખનારું મારા સિવાય બીજું કોઈ જ નથી. એમનું જીવન હવે કેવી રીતે ચાલશે ? આ નિર્દય શિકારીએ એક જ બાણથી મને તથા મારા માતાપિતાને મારી નાખ્યા.'

'એ વેદનાયુક્ત વચનો સાંભળતા વેંત જ મને ધ્રાસકો પડ્યો ને મારા હાથમાંથી ધનુષ્યબાણ પડી ગયાં. મને થયું કે મારાથી આ કેવું ભયંકર પાપકર્મ થઈ ગયું ! એ શબ્દોની દિશામાં આગળ વધીને મેં નદીના તટ પર જઈને જોયું તો મારા દુઃખનો પાર ના રહ્યો. લોહીથી લથપથ થયેલા શરીરવાળો એક તપસ્વી ત્યાં પડેલો.'

'એણે મને જોઈને કહ્યું: 'હું તો નિર્દોષ વનવાસી છું. મારા માતાપિતાને માટે પાણી લેવાની ઈચ્છાથી પ્રેરાઈને હું અહીં આવેલો. મારા માતાપિતા અંધ અને અશક્ત છે. એ તરસ્યા છે અને આ ઘટનાથી એકદમ અજાણ છે. એ મારા પાછા ફરવાની રાહ જોતા હશે. તમે આ પગદંડી પરથી આગળ વધીને એમની પાસે પહોંચો અને એમને આ ઘટનાની માહિતી આપો. હવે હું નહિ બચી શકું. મને થતી ભયંકર વેદનામાંથી મુક્ત કરવા આ બાણને મારા શરીરમાંથી ખેંચી કાઢો.'

'મારી ઘણીયે અનિચ્છા છતાં મેં એ ઋષિકુમારના શરીરમાંથી બાણ ખેંચી કાઢ્યું. મરતાં પહેલાં એણે જણાવ્યું કે પોતે વૈશ્ય પુત્ર છે.'

'પછી એ ઋષિકુમારના ઘડામાં પાણી ભરીને હું પેલા આશ્રમ પર ગયો. મુનિએ મારો પદરવ સાંભળીને મારી પાસે પાણી માગ્યું ત્યારે મારું હૃદય રડી ઊઠ્યું. મેં તેમને બનેલો એ આખોયે પ્રસંગ કહી બતાવ્યો ને જણાવ્યું કે હું ઋષિકુમાર નથી પરંતુ રાજકુમાર દશરથ છું. ત્યારે તો એ ભયંકર કલ્પાંત કરવા લાગ્યાં.'

'મુનિએ કહ્યું: 'દશરથ, આ પાપકર્મની માહિતી તમે પોતે આવીને ના આપી હોત તો સમસ્ત રઘુવંશીઓનો નાશ થઈ જાત. આ જીવનમાં હવે કોઈ જ રસ ના રહ્યો.'

એમના કહેવાથી હું એમને એમના મૃતપુત્રની પાસે લઈ ગયો. મૃતપુત્રને સ્પર્શ કરીને એ અંધ માતાપિતા છાતી ફાટી જાય તેવો શોક કરવા લાગ્યા.

પછીથી એ વૃદ્ધ મુનિએ મને શાપ આપ્યો કે અમારા પુત્રના વિયોગથી અમને જેવો શોક થાય છે તેવો જ શોક તમારા પુત્રના વિયોગથી તમને થશે. અને તે વિયોગ તથા શોક તમારા મરણનું કારણ બનશે. તમારા હાથે થયેલી નિર્દોષ હત્યા તમારી ઉત્તરાવસ્થાને સુખી નહિ થવા દે.'

'એ પ્રમાણે શાપ આપીને પોતાના શરીરનો ત્યાગ કરીને મુનિકુમારના એ માતાપિતા દિવ્યલોકની યાત્રાએ ચાલી નીકળ્યા.'

'એ પ્રસંગ મારી આંખ આગળ તાજો થાય છે. અને મને થાય છે કે મારા શરીરનો અંત હવે સમીપ છે. જો રામ આવીને મને સ્પર્શ કરે તો હું જરૂર બચી શકે. પરંતુ એ આશા હવે વધારે પડતી અને નકામી છે.

મેં રામની સાથે જે અયોગ્ય વર્તન કર્યું છે તેનો વિચાર કરતાં એવી આશા મારાથી ના રાખી શકાય. રામના મધુર મુખને આ જન્મમાં તો નહિ જ જોઈ શકું. એમના સુધામય સ્વરને નહિ જ સાંભળી શકું, અને એમનો સુખપ્રદાયક શીતળ સ્પર્શ પણ નહિ પામી શકું. ચૌદ વરસ તો મારાથી જીવી શકાશે જ નહિ. વનમાંથી પાછા ફરનારા રામ, લક્ષ્મણ તથા સીતાને જે ભાગ્યશાળી હશે તે જ જોઈ શકશે. હું એટલો ભાગ્યશાળી નથી તેનું મને દુઃખ છે.'

એવી રીતે ભાતભાતના ને જાતજાતના ઉદ્દગારો કાઢતા ને મર્મભેદક વિલાપ કરતા રાજા દશરથે રામના અસહ્ય વિયોગ દુઃખમાં ડૂબીને લગભગ મધરાતના સમયે પોતાનો પ્રાણત્યાગ કર્યો.

* * * * *

## ૨૩. ભરતનો નિર્ણય

રાજા દશરથના પ્રાણત્યાગથી આખું વાતાવરણ વિષાદમય બની ગયું. એ પ્રાણત્યાગ સૌને માટે ઘાતક થઈ પડ્યો.

કૌશલ્યા. સુમિત્રા, ઊર્મિલા ને કૈકેયી વિલાપ કરવા માંડી. એમના આર્તનાદથી રાજમહેલ ગૂંજી ઉઠ્યો.

અયોધ્યાના પ્રજાજનો ઉત્સાહહીન બનીને રાજપ્રાસાદ આગળ એકઠા થવા લાગ્યા.

રાજા દશરથનું શરીર નિસ્તેજ ને નિર્જીવ બની ગયું. આખી અયોધ્યાનગરી રાજા દશરથ વિના શ્રીહીન થઈ રહી અને શોકના સાગરમાં પલટાઈ.

નગરનાં અસંખ્ય સ્ત્રીપુરુષો એ અમંગલ ઘટનાને માટે કૈકેયીને નિમિત્ત માનીને ગાળો દેવા લાગ્યાં.

આખા નગરમાં અશાંતિ છવાઈ ગઈ.

કૌશલ્યા, સુમિત્રા ને કૈકેયીના આક્રંદે માઝા મૂકી દીધી.

રામ સીતા અને લક્ષ્મણના વનગમન પછી તરત જ બનેલી કમનસીબ ઘટનાએ એમના અંતરને વલોવી નાખ્યું.

મહર્ષિ વસિષ્ઠે ધર્મ, નીતિ અને વૈરાગ્યના વચનો સંભળાવીને સાંત્વના આપવાનો ઘણોય પ્રયાસ કરી જોયો પરંતુ એમને સહેજ પણ સાંત્વન ના મળ્યું.

કૈકેયીનરેશને ત્યાં ખાસ દૂત મોકલીને ભરત તથા શત્રુઘ્નને બોલાવામાં આવ્યાં. ભરત તથા શત્રુઘ્નની સાથે શ્રુતકીર્તિ તથા માંડવી પણ આવી પહોંચી.

અયોધ્યાના વિષાદમય વાતાવરણને જોઈને એમને કશાક અમંગલની આશંકા તો આવી જ.

રાજમહેલ પણ એવો જ શોકમય ને સ્તબ્ધ હતો.

એની અંદર પિતાના દર્શન ના થવાથી એ ભારે ચિંતામાં પડી ગયા.

ભરતે કૈકેયી પાસે પહોંચીને પૂછયું: ‘પિતાજી ક્યાં છે ? એ કેમ નથી દેખાતા ? એ શું બહાર પ્રવાસે ગયા છે ? અને રામ તથા લક્ષ્મણ પણ કેમ નથી દેખાતાં ? એ અયોધ્યામાં નથી શું ? એ પણ એમની સાથે જ ગયાં છે ?’

કૈકેયી કાળજાને કઠોર કરીને બોલી: ‘રાજા દશરથનું શરીર તો શાંત થઈ ગયું અને રામ, સીતા તથા લક્ષ્મણ સાથે ચૌદ વરસ માટે વનમાં ગયા.’

‘વનમાં ગયા ? અને પિતાજીનું શરીર શાંત થઈ ગયું.’ ભરતના મસ્તક પર જાણે કે વીજળી પડી એની વૃત્તિ જાણે કે વેરવિખેર બની ગઈ.

‘હા. રામ વનમાં ગયા અને એના આઘાતને ના સહી શકવાથી રાજાએ પીડિત થઈને પ્રાણત્યાગ કર્યો. રામને એમણે પોતે જ વનમાં મોકલ્યા. અને પછી એના દુઃખમાં વધારે વખત લગી જીવવાનું એમને માટે અશક્ય થઈ પડયું. રામનો વિયોગ એમને માટે મરણતોલ થઈ પડ્યો.’

ભરત અશ્રુભરી આંખે વિલાપ કરતા બોલ્યોઃ 'પરંતુ રામને વનમાં મોકલવાનું કારણ ? પિતાજી તો એમને સૌથી વધારે પ્રિય માનતા હતા અને પોતાના પ્રાણ બરાબર સમજતાં. એ એમને વનમાં મોકલવાનો વિચાર પણ ના કરી શકે. તો પછી વનમાં મોકલે કેવી રીતે ? '

કૈકેયીએ ભરતને ભૂતકાળની સમગ્ર કથા કહી બતાવી. એથી તો ભરતની અસ્વસ્થતા વધી ગઈ. એણે કહ્યું: 'એનો અર્થ તો એ થયો કે રામના વનવાસમાં સૌથી મહાન કારણરૂપ હું જ થઈ પડ્યો. હું ના હોત તો રામને વનવાસ મળત જ નહીં. તને એમના વનવાસનું અને મારા રાજ્યાભિષેકનું વરદાન માગવાનું સુઝત જ નહિ.'

'પરંતુ તારે આમ દુઃખી થવાનું કોઈ કારણ નથી. રામનો વનવાસ માગીને મેં તારું હિત જ કર્યું છે. તારા રાજ્યાભિષેકનો માર્ગ એથી છેક જ સરળ થાય છે.'

ભરત રોષે ભરાઈને બોલ્યો: 'તેં મારું હિત નથી કર્યું પરંતુ ભારે અહિત કર્યું છે. તેં આખા રઘુકુળને માથે કલંક લગાડ્યું. અયોધ્યાના બધા જ પ્રજાજનોને દુઃખી કરી દીધા. મારા જીવનને પણ દુઃખથી ભરી દીધું. તું મારા હિતની વાત કરે છે, પરંતુ તને એટલો પણ ખ્યાલ ન રહ્યો કે મારું હિત રામની સાથે રહેવામાં, એમની સેવા કરવામાં અને એમના અનુગ્રહના આસ્વાદમાં છે. રામથી અલગ થઈને મારાથી કોઈ રીતે સુખી નથી થઈ શકાય તેમ. રામ વિના જીવવાનો વિચાર પણ મને નથી આવતો. તું શું એમ માને છે કે તારી દુર્બુદ્ધિને લીધે તેં જે રાજ્યાભિષેકનું વરદાન માંગ્યું છે એથી પ્રેરાઈને હું મારો રાજ્યાભિષેક થવા દઈશ ? બિલકુલ નહિ. રાજ્યાભિષેક મારો કે કોઈ બીજાનો નહિ પરંતુ રામનો જ થવો જોઈએ. એ જ એના સાચા અધિકારી છે. એમનો અધિકાર મારાથી સ્વપ્ને પણ ના લેવાય. રામને વનવાસ અપાવીને તેં મોટું પાપ કર્યું છે. તું રામ, લક્ષ્મણ તથા સીતાના વનવાસનું કારણ તો બની જ છે, પરંતુ સાથે સાથે પિતાજીના અકાળ મૃત્યુનું કારણ પણ થઈ પડી છે.'

'તારા મંગલના વિચારથી મેં જે કર્યું છે તેને તું નથી સમજી શકતો, ભરત !'

'હું તો તેને સારી પેઠે સમજી શકું છું પણ તારી જ બુદ્ધિ બહેર મારી ગઈ છે એટલે મંગલને અમંગલ ને અમંગલને મંગલ સમજે છે. તારી વિવેકશક્તિનો નાશ થયો છે. એટલા માટે જ તું આવું ઘોર પાપકર્મ કરી બેઠી છે અને એની અમંગલતા સમજીને એને માટે હજુ પણ પશ્ચાતાપ નથી કરતી. રામને તારા માટે અપાર પ્રેમ છે. અને તને પણ રામને માટે પ્રેમ હતો છતાં પણ તું આટલી બધી નિર્દય કેમ બની શકી એ જ મને નથી સમજાતું. રામને દુઃખી કરીને તું મને સુખી કરવાનું સ્વપ્ન સેવવા બેઠી પણ તને ખબર નથી કે રામને સુખી કરવા મારા ગમે તેવા સામાન્ય કે અસામાન્ય સુખને તિલાંજલિ આપવી પડે તો પણ હું તૈયાર છું. તું મારી માતા બનીને પણ મને સમજવામાં નિષ્ફળ ગઈ છે એ જોઈને મને ભયંકર અફસોસ ને દુઃખ થાય છે.'

ભરતે થોડીક શાંતિ રાખી ને પછી કહેવા માંડ્યું: 'હું એટલો અભાગી કે પિતાજીએ છેલ્લો શ્વાસ લીધો તે પહેલા તેમને મળી પણ ના શક્યો. એમના અંતકાળ સમયના બે શબ્દો સાંભળવાનું સૌભાગ્ય પણ મને ના મળી શક્યું. એમનો હેતાળ હાથ મારા શરીર પર ના ફરી શક્યો. એ વખતે હું હાજર હોત તો તારી માગણીને જરા પણ મંજૂર ના રાખત તથા એમની પાસે પણ એમને માન્ય ના રખાવત. પરંતુ એ વખત તો હવે વીતી ગયો. છતાં પણ તારી દ્વારા કરાયેલી અન્યાયી, અર્ધમૂલક, અનર્થકારક માગણીને માન્ય રાખીને તે પ્રમાણે

વર્તવા માટે હું નથી બંધાયો. મને તે માટે પિતાજીએ કોઈ આદેશ પણ નથી આપ્યો. એટલે મારા રાજ્યાભિષેકની માગણીને મારાથી મંજૂર નહિ રાખી શકાય.'

ભરતના શબ્દો સાથે શત્રુઘ્ન પણ સંમત થયો. એને લીધે ભરતને બળ મળ્યું. બંને ભાઈઓ દુઃખી બનીને કૌશલ્યા તથા સુમિત્રા પાસે ગયા અને એમને અનેક પ્રકારે સાંત્વન આપવાં માંડ્યા.

ભરતે કૌશલ્યાને કહ્યું: 'મારે લીધે જ રામને વનમાં જવું પડ્યું પણ તેમાં મારો દોષ જરા પણ નથી.'

કૌશલ્યાએ કરુણ સ્વરે કહ્યું: 'દોષ બીજા કોઈનો નથી પરંતુ મારા ભાગ્યનો છે. મારે આવું દુઃખ ભોગવવાનું હશે એટલે આવી દુઃખદ ઘટના બની ગઈ.'

ભરતે સુમિત્રા તરફ જોઈને કહ્યું: 'લક્ષ્મણ તો ખૂબ જ ભાગ્યશાળી કહેવાય કે એને રામ અને સીતાની સેવા કરવા માટે વનમાં જવા મળ્યું. મારું ભાગ્ય એટલું મંદ કહેવાય. સાચું કહું તો ભાગ્યે મને ઠગવાનું પસંદ કર્યું, મને અયોધ્યામાંથી બહાર લઈ જઈને એણે અહીંયા પોતાનું કામ પૂરું કર્યું. હું અયોધ્યામાં હોત તો આવું ના થવા દેત.'

ભરતનો સાચો પ્રખર પ્રેમ જોઈને કૌશલ્યા ને સુમિત્રા ખૂબ જ પ્રભાવિત બની ને દ્રવી ગઈ.

ભરતને એ અનેક રીતે આશ્વાસન આપવા લાગી. એટલામાં મહર્ષિ વસિષ્ઠ આવી પહોંચ્યા.

ભરત અને શત્રુઘ્ને વસિષ્ઠના ચરણોમાં પ્રણામ કર્યા એટલે વસિષ્ઠે એમને આશિષ આપીને કહ્યું:

'જે થઈ ગયું છે એને માટે હવે શોક કરવો અસ્થાને છે. રાજા દશરથના શરીરને હજુ સાચવી રાખ્યું છે, એને અગ્નિદાહ દેવાનું કામ બાકી છે. એ કામ હવે પતાવી દઈએ. પછી આગળના બીજા કાર્યનો વિચાર કરીએ.'

પિતાજીનું મૃત શરીર હજુ સુરક્ષિત છે એ જાણીને ભરત અને શત્રુઘ્નને થોડોક સંતોષ થયો.

મહર્ષિ વસિષ્ઠ સાથે પોતાના પિતાના મૃત શરીર પાસે જઈને એ ભારે વિલાપ કરવા લાગ્યા.

પરંતુ જડની આગળ ચેતનનો વિલાપ વ્યર્થ ગયો.

રાજા દશરથ ભરત કે શત્રુઘ્નનો સ્નેહમય આર્તનાદ સાંભળીને પણ ઉઠી કે હાલી ના શક્યા.

મહર્ષિ વસિષ્ઠના આદેશાનુસાર રાજાના મૃત શરીરને વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

એવી રીતે ઉત્તમ છતાં કરુણ જીવનના એક અસાધારણ અધ્યાયનો અંત આવ્યો.

એક અલૌકિક અને અમર અભિનય પર કાળનો પડદો પડી ગયો.

શોકમાં ડૂબેલા ને સંતપ્ત બનેલા ભરતને વસિષ્ઠે કહ્યું: 'રાજા દશરથનું શરીર તો હવે શાંત થઈ ગયું. સમસ્ત અયોધ્યાવાસીઓને એ બાબતનો શોક છે. મારું પોતાનું અંતર પણ ગમગીન બની ગયું છે. છતાંપણ હવે શોકમગ્ન બનીને બેસી રહેવાને બદલે આગળનો માર્ગ વિચારવો જોઈએ.'

'કયો માર્ગ ?' ભરતે પ્રશ્ન પૂછ્યો.

'રાજા દશરથના શરીરત્યાગ પહેલાં એ માર્ગ સ્પષ્ટ થયેલો છે. એમણે કૈકેયીને આપેલા વરદાન પ્રમાણે વહેલી તકે તમારો રાજ્યાભિષેક થવો જોઈએ. કૈકેયીએ બે વરદાન માગ્યાં છે. તે પ્રમાણે રામના વનવાસના એક વરદાનનો અમલ તો શરૂ થયો છે પરંતુ તમારા રાજ્યાભિષેકના બીજા વરદાનનો અમલ હજુ બાકી છે.'

'એનો અમલ મારાથી નહિ થઈ શકે.'

'કારણ ?'

'કારણની ચર્ચામાં ઉતરવાનું અનુચિત લાગે છે. છતાં પણ કારણ સ્પષ્ટ છે. મારાથી રાજ્યાભિષેક માટે કોઈયે સંજોગોમાં સંમત નહિ થઈ શકાય. રઘુકુળની પરંપરા એવી છે કે સૌથી મોટા ભાઈનો જ રાજ્યાભિષેક થઈ શકે છે.'

'એ બરાબર છે અને એ પ્રમાણે રામનો રાજ્યાભિષેક નિશ્ચિત હતો. તેને માટે આયોજન પણ કરવામાં આવેલું. પરંતુ કૈકેયીની માગણીથી રામને વનમાં જવું પડ્યું એટલે એ આયોજન અધુરું રહ્યું.'

'એ સાચું છે પરંતુ એ માગણી તદ્દન અનુચિત અથવા અન્યાયી હોવાથી એનો સ્વીકાર કોઈયે સંજોગોમાં નહિ કરી શકાય. મારી માતાએ કરેલી ભૂલનો ભોગ મારે બનવું જ જોઈએ એવો આગ્રહ ના રાખી શકાય. એ ભૂલને સુધારવાનો બનતો પ્રયત્ન હું કરી છૂટીશ અને તમારા આશીર્વાદ હશે તો સફળતા પણ મેળવી લઈશ.'

'કેવી રીતે ?'

'મારો પહેલો સંકલ્પ તો એ છે કે હું અયોધ્યાની રાજગાદીનો સ્વીકાર નહિ કરું. મારો રાજ્યાભિષેક કોઈયે સંજોગોમાં નહિ થવા દઉં. એનું કારણ સ્પષ્ટ છે અને તે એ કે જેના પર મારો ન્યાયોચિત અધિકાર નથી તેને મેળવવાની ઈચ્છા મારી અંદર નથી પેદા થતી. એની સાથે સાથે મારી માતા કૈકેયીના પાપનું પ્રાયશ્ચિત કરીને રામને સમજાવી, પ્રાર્થી કે વિનવીને અયોધ્યામાં પાછા લાવવાનો બીજો સંકલ્પ પણ મેં કરી લીધો છે.'

વસિષ્ઠે પૂછ્યું: 'તમારો એ સંકલ્પ ફળશે અને રામ વનવાસને બાજુએ મૂકીને અયોધ્યામાં પાછા ફરશે એવો તમને વિશ્વાસ છે ?'

ભરતે કહ્યું: 'એવા વિશ્વાસથી પ્રેરાઈને જ હું એવો અસાધારણ સંકલ્પને સેવી રહ્યો છું. મારી સાથે જો સમસ્ત અયોધ્યાવાસીઓનો સંકલ્પ, સ્નેહ અને સદ્દભાવ ભળશે તો રામ જરૂર પાછા ફરશે. એમનું હૃદય સુકોમળ છે એટલે એ અયોધ્યાના પ્રજાજનોના સંયુક્ત આગ્રહને પાછો નહિ ઠેલી શકે.'

'છતાં પણ પિતાપ્રેમી કર્તવ્યપરાયણ રામ એવા આગ્રહ આગળ નમતું જોખશે કે કેમ એ શંકા છે.'

'એવી શંકા થતી હોય તો પણ શક્ય તેટલો બધો જ પ્રયાસ કરવો એ આપણો ધર્મ છે. એવા પ્રયાસને પરિણામે જ મને શાંતિ વળી શકશે. રામ વનમાં રહે, કષ્ટો ભોગવે, અને હું અહીં રહીને રાજ્યસુખનો ઉપભોગ કરું એ મને જરા પણ નથી ગમતું. એ રાજ્યસુખનો ઉપભોગ મને ઝેર જેવો મારક લાગે છે. રામ, સીતા ને લક્ષ્મણ વિનાની અયોધ્યાનગરી મને નીરસ તથા સૂકી લાગે છે. એમાં મને કશું જ સુખ નથી દેખાતું. જે ક્ષણ વીતે છે તે મારે માટે ભયંકર યંત્રણાનું કારણ બનતી વીતી રહી છે. મને જરા પણ ચેન નથી પડતું. દિવસે કળ નથી વળતી ને રાતે ઊંઘ નથી આવતી. આખો વખત એમ થયા કરે છે કે ક્યારે રામની પાછળ વનમાં જઉં, રામની રસીલી આહ્લાદક અમૃતમય આકૃતિનું દર્શન કરું, ને મારા રોમરોમમાં શીતળતા અને શાંતિ ભરું ! રામ વિના જીવવાનું મને છેક જ આકરું અને અશાંતિભર્યું લાગે છે. રામને જોયા વિના તથા પાછા લાવ્યા વિના મને સહેજે શાંતિ નહિ વળે.'

ભરતના શબ્દોમાં જે પવિત્ર પ્રેમ ટપકતો'તો તેણે મહર્ષિ વસિષ્ઠના હૈયાને હલાવી દીધું.

ભરતનો ભાવ નિષ્કપટ અને પ્રખર હતો. એના પારદર્શક પ્રેમથી વસિષ્ઠ પ્રભાવિત બની ગયા.

ભરતના વિચારો એમને પસંદ પડ્યા. શત્રુઘ્ન પણ એ વિચારો સાથે સંમત થયો.

ઊર્મિલા, સુમિત્રા, કૌશલ્યા તથા કૈકેયી ને સુમંત્રે પણ એમનું સમર્થન કર્યું.

બીજે દિવસે મહર્ષિ વસિષ્ઠની સૂચનાથી રાજ્યસભા બોલાવવામાં આવી. તેમાં ભરતે પોતાના વિચારો કહી બતાવ્યા.

સભાજનો ભરતનો દૈવી પ્રેમ પેખીને ચકિત બની ગયા ને ભરતની પ્રશંસા કરવા લાગ્યા.

પ્રજાજનોના બધા જ વિભાગો કે વર્ગો તરફથી એના વિચારોને અનુમોદન મળ્યું.

લોકો કહેવા લાગ્યા: 'ભરત બીજું કહે પણ શું ? એમને માટે એ જ ઉચિત છે.'

'રાજ્યસુખને તૃણવત્ સમજીને ત્યાગવાનું કઠિન કાર્ય તો રામ કે ભરત જેવા કોઈ વિરલા જ કરી શકે.'

'ધર્મને નીતિના માર્ગને અનુસરીને ભરતે પોતાના જન્મને ધન્ય કરી દીધો.'

'ભરતના રામ પ્રત્યેના પ્રેમનું વર્ણન મોટા મોટા પંડિતો કે કવિજનો પણ ના કરી શકે. એ પ્રેમ ખરેખર અજબ છે.'

સભાજનોની સંમતિથી ભરતે સૌની સાથે રામને પાછા લાવવા માટે વનમાં જવાનો નિર્ણય કર્યો.

* * * * *

## ૨૪. ચિત્રકૂટનું દર્શન

ભરતનો નિર્ણય ભરતના શીલ તથા સ્વભાવને અનુકૂળ જ હતો. એ નિર્ણય એના સતંપ્ત અંતરને માટે થોડોક શાંતિદાયક થઇ પડ્યો. અયોધ્યાના પ્રજાજનોએ એને સાથ આપ્યો એથી તો એનું અંતર આશાનાં ઉત્તુંગ તરંગોમાં ઉછળી રહ્યું. એને થયું કે ભાગ્યદેવતાની પોતાના પર કૃપા છે, નહિ તો આવી રીતે સૌનો સંયુક્ત સાથ અને મહર્ષિ વસિષ્ઠના અંતરના અમુલખ આશીર્વાદ ના મળે. એણે રાજપુરુષો, રાજસેવકો તથા વિશાળ સેના સાથે વનમાં જવાની તૈયારી કરવા માંડી.

ઊર્મિલાને એ સમાચાર સાંભળીને અત્યંત આનંદ થયો એટલે ભરતને અભિનંદન આપતાં એ બોલી ઉઠી: 'તમારો નિર્ણય ખૂબ જ સમયસરનો અને પ્રશસ્ય છે. તમારી સાથે આવનારી અયોધ્યાની પ્રજા એ રીતે રામને માટેનો પોતાના પ્રખર પ્રેમ બતાવવાનો અવસર મેળવી શકશે અને રામને પોતાના અંતરના અંતરતમમાંથી વિનવી શકશે.'

'મારો ઉદ્દેશ એ જ છે.' ભરતે કહ્યું. 'અને એ ઉદ્દેશ પૂરો થતા સંભવ છે કે રામ પોતાના નિર્ણય પર પુનઃવિચારણા કરે. પ્રજાનો પ્રેમ આખરે એમને ઓછાવત્તા પ્રમાણમાં સ્પર્શે તો ખરો જ. પરંતુ એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. રામ ભારે નિશ્ચયબળવાળા તેમજ સત્યપ્રતિજ્ઞ છે. એમને વનમાં જવાના નિશ્ચયમાંથી રાજા દશરથની વેદના અથવા સીતા કે માતા કૌશલ્યાની મમતા પણ નથી ચળાવી શકી. પોતાના કર્તવ્યપાલન આગળ એમણે પ્રજાની પીડાનો વિચાર પણ નથી કર્યો. એટલે આપણા અનુનયને માન આપીને એ પાછા ફરશે એવું કહેવું વધારે પડતું છે. છતાં પણ આપણને, અને ખાસ કરીને તમને, કર્તવ્ય બજાવ્યાનો સંતોષ મળશે.'

ભરતે કહ્યું: 'મારા અનુનયને માન આપીને રામ જો અયોધ્યામાં પાછા ના ફરે તો એ સંજોગોમાં શું કરવું તેનો નિર્ણય પણ મેં કરી રાખ્યો છે.'

ઊર્મિલાને પોતાના તરફ આતુરતાભરી આંખે અવલોકી રહેલી જોઈને ભરતે પોતાની વાતના અનુસંધાનમાં કહેવા માંડ્યું: 'એ સંજોગોમાં મારાથી બીજું કરી શકાય પણ શું ? મારી પાસે રસ્તો જ કયો રહે છે ? રામ અયોધ્યા આવવા માટેના મારા આગ્રહને માન્ય નહિ રાખે તો વનવાસની અવધિ પૂરી થતાં સુધી મારે લક્ષ્મણની જેમ એમની સેવામાં રહેવું પડશે. લક્ષ્મણની પેઠે મને પણ એમના પ્રત્યે પુષ્કળ પ્રેમ છે : એમનો મારા પ્રત્યેનો પ્રેમભાવ પણ અજબ છે, એટલે એ મારો અસ્વીકાર તો નહિ જ કરે એની મને ખાતરી છે. એ જો વારંવારના પ્રયત્નો છતાં પણ પાછા નહિ ફરે તો મારે માટે પણ અયોધ્યામાં આવવાનો કશો અર્થ નહિ રહે. મારા આત્માને અયોધ્યાના એકલવાયા વાતાવરણમાં નહિ પરંતુ એમના સમાગમમાં જ શાંતિ મળશે. એ સમાગમ વનનો હોય કે નગરનો, મારે માટે સુખકારક સાબિત થશે.'

ભરતની રામને માટેની પ્રીતિ જોઈને ઊર્મિલા આભી બની ગઈ. એણે કહ્યું પણ ખરું: 'આવો અસાધારણ ભાતૃપ્રેમ તો કોઈ વિરલ આત્માની અંદર પેદા થતો હશે. મહારાજા દશરથનો દિવંગત આત્મા આ પ્રેમભાવને જોઈને પરમ પુલકિત કે પ્રસન્ન થતો હશે એમાં લેશ પણ સંદેહ નથી લાગતો.'

'એ ભ્રાતૃપ્રેમની સફળતા તો રામ વનમાંથી પાછા આવે ત્યારે જ થાય ને ?' એટલું બોલતાં બોલતાં તો ભરત ભાવવિભોર અને ગદ્દગદ્ બની ગયા.

ઊર્મિલા બોલી: 'રામ વનમાંથી પાછા આવે કે ના આવે તો પણ એની સફળતા તો થઈ જ ચૂકી છે. એ પ્રેમ તો જ્યારથી અંતરમાં પ્રકટયો છે ત્યારથી જ સફળ છે.'

વિશેષ વિલંબમાં પડ્યા વિના એક ધન્ય દિવસે ભરતે વન પ્રતિ પ્રયાણ કર્યું.

એ વખતે એના અંતરમાં અનેરો ઉમંગ ઉછળવા માંડ્યો.

મહર્ષિ વસિષ્ઠે, સુમંત્રે, કૌશલ્યાદિ માતાઓએ, ઊર્મિલાએ, અને બીજા પ્રમુખ રાજપુરુષોએ ઘણોય આગ્રહ કર્યો પરંતુ ભરતે રથમાં બેસવાનું પસંદ ના કર્યું.

એણે સૌના આગ્રહ માટે આભાર માનતાં અશ્રુભરી આંખે કહેવા માંડ્યું: 'રામ થોડે સુધી જ રથમાં બેસીને નીકળેલા અને પછી તો પગપાળા જ આગળ વધેલા, એટલે મારે પણ પગપાળા જ આગળ વધવું જોઈએ. હું અયોધ્યાની બહાર આનંદ કરવા નથી નીકળ્યો પરંતુ એક પ્રકારનું તપનું અનુષ્ઠાન કરવા નીકળ્યો છું. એટલે રથમાં નહિ બેસી શકું.'

સેના તથા રાજપુરુષોના વિશાળ કાફલા સાથે ભરત ગંગાના તટ પર વસેલા સુંદર સ્થાન શ્રૃંગવેરપુરમાં પહોંચ્યા.

એ પ્રદેશ પર નિષાદરાજ ગુહનું શાસન હતું.

ભરતની વિશાળ સેના જોઈને એને કોઈક અમંગલની શંકા થઈ.

એણે પોતાના સેવકોને કહ્યું: 'પિતા દશરથના આદેશને અનુસરીને રામ રાજ્યનો ત્યાગ કરીને સીતા તથા લક્ષ્મણ સાથે વનમાં ગયા છે છતાં પણ ભરતને એથી સંતોષ થયો નથી લાગતો. રામને રંજાડવા માટે એણે પોતાની વિશાળ સેના સાથે પ્રસ્થાન કર્યું છે. પરંતુ ભરતને હેતુ જો પવિત્ર ને નિષ્કપટ હશે તો જ એ આગળ વધી શકશે. નહિ તો આપણે એનો ને એની સેનાનો મુકાબલો કરીશું.'

સુમંત્રે ભરતને નિષાદરાજના રામને માટેના પવિત્ર પ્રેમનો પરિચય આપ્યો એટલે ભરતે નિષાદરાજને પોતાને મળવાનું આમંત્રણ આપ્યું.

ભરતનો ભેદ લેવાનો ઉચિત અવસર આવેલો જાણીને નિષાદરાજે ભરતના આતિથ્ય માટે ફળફૂલ તથા ઉત્તમ ખાદ્ય પદાર્થો સાથે અસંખ્ય સેવકોને મોકલ્યા ને પાછળથી પોતે પણ પણ ભરતની સેવામાં આવી પહોંચ્યો.

ભરતનો વિધિપૂર્વક સ્નેહસત્કાર કર્યા પછી નિષાદરાજે પોતાની શંકાને વ્યક્ત કરતાં કહ્યું: 'તમારી સાથે આટલી બધી સેના જોઈને મને સંદેહ થાય છે કે રામને માટે તમારા દિલમાં કોઈ દુર્ભાવના તો નથી પેદા થઈ ?'

ભરતે નિષાદરાજનાં સરળ ને સ્પષ્ટ વચનો સાંભળીને ઉત્તર આપ્યો: 'નિષાદરાજ, તમારો પ્રશ્ન સમયસરનો ને સમજી શકાય તેવો છે. રામને વનવાસ મળ્યો ત્યારે હું અયોધ્યામાં ન હતો. મને એની ખબર પાછળથી અયોધ્યામાં આવ્યા પછી પડી. ત્યારે મારું અંતર ભયંકર ક્રંદન કરી ઉઠ્યું. મને થયું કે અયોધ્યામાં બીજું બધું છે પરંતુ રામ વિના એની કિંમત કશી જ નથી. રામ વિનાની અયોધ્યાપુરી મને નીરસ લાગી.

એમનો અધિકાર જેના પર હતો ને છે તે રાજ્યાભિષેક મને ભારે અપરાધરૂપ જણાયો. માટે જ હું રામને વિનવવા ને બને તો પાછા લઈ જવા માટે બહાર નીકળ્યો છું. રામ મારા પ્રેમભાવ તરફ તો જોશે ને ?'

એટલું કહેતાં કહેતાં તો ભરતની આંખમાં આંસુ આવી ગયાં. નિષાદરાજ ભરતનો પ્રખર પ્રેમભાવ જોઈને ચકિત બની ગયો. એને પોતે પૂછેલા પ્રશ્ન બદલ અફસોસ થયો.

ઊર્મિલાએ નિષાદરાજને સંબોધીને કહ્યું: 'નિષાદરાજ, તમે કોઈ પણ પ્રકારની ખોટી શંકાને મનમાં ના લાવતાં. ભરતના હૃદયમાં રામને માટે કે બીજા કોઈને માટે કોઈયે પ્રકારની દુર્ભાવના નથી. એવી દુર્ભાવના એમના દિલમાં જાગી શકે તેમ જ નથી. એ તો રામને માટે ઊંડી સદ્દભાવના લઈને જઈ રહ્યા છે. માટે તમે તદ્દન નિશ્ચિત રહેજો. મને ભરતનો પૂરતો અનુભવ છે. એમનું હૃદય એકદમ નિર્મળ છે. એમની યોગ્યતા રામની યોગ્યતા જેવી જ અસાધારણ છે.'

નિષાદરાજે કહ્યું: 'છતાં પણ રામને માટે પ્રખર પ્રેમથી પ્રેરાઈને આટલી ચોકસાઈ કરવાની મને યોગ્ય લાગી છે. ભરતને ખરેખર ધન્યવાદ ઘટે છે કે હાથમાં આવેલી સંપત્તિનો ત્યાગ કરીને આવી રીતે વનમાં જવા માટે તૈયાર થયા છે. તમારા જેવા ધર્માત્માનું દર્શન દુર્લભ છે. ભરતજી, તમારા આ મહાન ત્યાગથી તમારો યશ સંસારમાં સર્વત્ર ફેલાઈ જશે.'

ભરતે કહ્યું: 'મને મારા યશની નથી પડી પરંતુ રામ, સીતા ને લક્ષ્મણના સુખની પડી છે. વનમાં એમને અનેક પ્રકારના કષ્ટો પડતાં હશે, એની કલ્પના કરીને મારું કાળજું કંપી ઉઠે છે. એ કષ્ટોને દૂર કરવા માટે મારે પ્રયત્નશીલ થવાનું છે. રામનો યશ જ સંસારમાં ફેલાવા યોગ્ય છે. એમના સુખમાં જ મને સુખ લાગે છે.'

નિષાદરાજે ગળગળા થઈને કહ્યું: 'તમારા જેવા દૈવી સ્વભાવવાળા ભાઈ મળવાથી રામ પણ ધન્ય છે. તમને જન્માવીને તમારી માતા તથા સમસ્ત રઘુકુળ પણ ધન્ય છે. અને મારા અંતરની એક બીજી વાતને કહી બતાવું ? રામની સાથે સીતા તથા લક્ષ્મણના દેવદુર્લભ દર્શનનો લાભ મેળવીને મને લાગેલું કે મારાં લોચન ધન્ય થયાં ને મારું જીવન સફળ થયું. આજે તમને તથા ઊર્મિલાને જોઈને પણ એમ જ લાગે છે. ઊર્મિલાને જોઈને મને સીતાની સ્મૃતિ થાય છે. સુંદરતા, સરળતા, સુમધુરતા તથા શીલના સંબંધમાં બંને વચ્ચે એકતા છે, એ બંને રઘુકુળના મહામોંઘા ભૂષણરૂપ છે. સીતા જેમ રામને માટે યોગ્ય છે તેમ ઊર્મિલા પણ લક્ષ્મણને માટે સુયોગ્ય છે. એ બંનેની જોડી જાણે એકમેકને માટે જ ઘડાઈ હોય એવું લાગે છે. સીતાનો ત્યાગ ખૂબ જ પ્રશસ્ય છે તો ઊર્મિલાનો ત્યાગ પણ એવો જ, બલ્કે એથીયે વધારે અસાધારણ છે.

થોડી વાર સુધી સર્વત્ર શાંતિ પથરાઈ રહી.

એ પછી ભરતે ભાવમય સ્વરે કહ્યું: 'નિષાદરાજ, રામના વનવાસનાં સંકટોનું સ્મરણ કરીને મારું હૈયું હાલી ઉઠે છે. એ કષ્ટોની કલ્પના પણ મને કંપાવી દે છે. અને એટલા માટે જ હું એમને વિનવવા માટે જઈ રહ્યો છું. રામે અહીં રાત પસાર કરેલી એવું મારા સાંભળવામાં આવ્યું છે. તો રામે જે સ્થળે વિશ્રામ કરેલો એ સ્થળ જોવાની મને ઉત્સુકતા થઈ છે.'

ભરતની ઈચ્છાને માન આપીને નિષાદરાજ એને રામ, સીતા અને લક્ષ્મણના વિશ્રાંતિસ્થાન પાસે લઈ ગયા. બે વૃક્ષોની વચ્ચેનું એ સ્થાન જોઈને ભરતની આંખમાં આંસુ આવી ગયા. રામ, લક્ષ્મણ ને સીતાની જમીન પરની સૂકા ઘાસની પથારી હજુ એવી ને એવી જ પડેલી.

રાજપ્રાસાદના સુંદર પર્યંક પર સુવાની ટેવવાળા રામ, સીતા અને લક્ષ્મણ કઠોર ભૂમિ પર કેવી રીતે સુતા હશે તે વાત ભરતની સમજમાં ના આવી શકી.

ઊર્મિલાનું અંતર પણ એ સ્થળને નિહાળીને ભારે કરુણ બની ગયું.

આંખમાંથી બહાર આવવા માગતા આંસુને એણે જેમ તેમ કરીને રોકી રાખ્યાં.

બીજે દિવસે નિષાદરાજની નૌકાઓની મદદથી ગંગા પાર કરીને ભરત સેના તથા બીજા સહપ્રવાસીઓની સાથે ભરદ્વાજ મુનિના આશ્રમમાં આવી પહોંચ્યો.

નિષાદરાજે પણ ભરતની સાથે જ પ્રવાસ કર્યો.

રામનું દર્શન ફરીવાર કરવાની ને રામ તથા ભરતનું મિલન જોવાની ઈચ્છાને એ ખાળી ના શક્યા.

ભરદ્વાજ મુનિ પ્રતાપી જ નહિ પરંતુ મહાપ્રતાપી, સિદ્ધિપ્રાપ્ત મુનિઓમાં અગ્રગણ્ય હતાં.

તપશ્ચર્યા દ્વારા સાંપડેલી દૈવી સિદ્ધિઓની મદદથી એમણે ભરતની વિશાળ મંડળીનું સ્વાગત કર્યું.

એ સ્વાગતથી ચકિત થઈને ભરતે પૂછ્યું: 'આવા વિજન વનમાં અપરિગ્રહ વ્રતનું પાલન કરતાં તમે અમારું આટલું બધું સુંદર સ્વાગત કેવી રીતે કરી શક્યા ?'

ભરદ્વાજે સસ્મિત ઉત્તર આપ્યો: 'ભરત, એ બધો પ્રભાવ મારો નથી પરંતુ પરમાત્માના પાવન અનુગ્રહનો છે. એનો યશ મને નહિ પણ પરમાત્માને ઘટે છે. તપસ્યા દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર થતા, પરમાત્માના અલૌકિક અનુગ્રહને પરિણામે અનેક પ્રકારની અસાધારણ શક્તિઓ પ્રકટે છે. પરંતુ ઈન્દ્રિયોના વિષયોમાં ને દુન્યવી ભોગોમાં લપેટાયલો જીવ એ માયાપતિનું શરણ નથી લેતો ને માયામાં જ રચ્યો પચ્યો રહે છે એ હકીકત છે. દુન્યવી વિષયોમાં ને ભોગોમાં પ્રીતિ કરવાને બદલે તમે રામના ચરણોમાં પ્રીતિ કરી છે તેને માટે તમને ધન્યવાદ ઘટે છે.'

મુનિના આશીર્વાદ લઈને ભરતે આગળ પ્રસ્થાન કર્યું.

એનું મન રામને મળવા આતુર હતું અને રામના સુંદર સુમધુર સ્વરૂપની આજુબાજુ ફરી રહેલું.

ચિત્રકૂટની દિશામાં વેગથી આગળ વધતા ભરતને પોતાના પ્રવાસની પૂર્ણાહુતિરૂપે દૂરથી જ્યારે ચિત્રકૂટની આજુબાજુની લીલીછમ, ઉત્તુંગ પર્વતમાળાનું દર્શન થયું ત્યારે એને અલૌકિક આનંદ થયો.

એનું અંતર અનુરાગથી ઉછળવા લાગ્યું.

પંથ જેમ જેમ કપાતો જતો'તો તેમ તેમ રામને મળવાનો અવસર નજીક આવતો જતો'તો.

ભરતની વિશાળ સેનાના પ્રયાણથી ઉડવા માંડેલા ધૂળના ગોટા જોઈને લક્ષ્મણે પર્વત પરના વૃક્ષ પર ચઢીને દૂર દૃષ્ટિ કરી.

નીચે ઉતરીને એણે રામને કહ્યું: 'કૈકેયીની કહેવાથી તમે વનમાં આવ્યા તો પણ ભરતને હજુ સંતોષ થયો નથી લાગતો. પોતાની વિરાટ સેના લઈને એ અહીં આવી રહ્યો છે. એમ લાગે છે કે એ આપણે વનમાં

રહીએ એવું પણ નથી ઈચ્છતો. રાજ્યસત્તા પ્રાપ્ત કરીને હવે એ આપણું કાસળ કાઢવા માગે છે પરંતુ એવી રીતે આપણું કાસળ કાઢવાનું કામ સહેલું નથી એની ખાતરી હું એને કરાવી દઈશ.'

રામે શાંતિપૂર્વક કહ્યું:

'ભરતને માટે આવી આશંકા કરવી નકામી છે. એનો સ્વભાવ હું જાણું છું. એ આપણું કાસળ કાઢવાનો વિચાર કદાપિ ના કરે.'

'તો પછી આટલી મોટી સેના સાથે એ શા માટે આવી રહ્યો છે ?'

'એના આગમનના પ્રયોજન સંબંધી અનુમાન કરવું અશક્ય છે. એ સાચેસાચ શા માટે આવે છે તે કેમ કહી શકાય ? એ બાબત કોઈ ભળતા વિચારો કરવા યોગ્ય નથી. એકવાર એને અહીં આવવા દઈએ પછી એના પ્રયોજન વિશે માહિતી મેળવીને જે કરવા જેવું લાગશે તે કરીશું.'

સીતાને પણ રામના વિચારો પસંદ પડ્યા.

એણે પણ ભરતના હેતુ વિશે કોઈ ઉતાવળિયો અભિપ્રાય ના બાંધી લેવાની સલાહ આપી એટલે લક્ષ્મણ શાંત રહ્યો.

* * * * *

## ૨૫. ભરતનો પ્રેમ

ચિત્રકૂટની દૈવી ભૂમિનું દર્શન ભરતને માટે અતિશય આનંદદાયક થઈ પડ્યું. એ ભૂમિને એણે ભારે ભાવભક્તિપૂર્વક પ્રણામ કર્યા અને એની પવિત્ર રજને મસ્તક પર ચઢાવી. એ ભૂમિ એને એટલા માટે અસાધારણ, મહિમામયી, મંગલમય અને પ્રિય લાગી કે એને રામનો સ્પર્શ થયેલો એટલું જ નહિ પરંતુ રામે એને પોતાના નિવાસસ્થાન તરીકે પસંદ કરેલી. એ ભૂમિની મહત્તા એને મન બીજી ભૂમિ કરતાં વધી ગયેલી. પવિત્ર મંદાકિની નદીના નિર્મળ પ્રવાહ પાસે જઈને એણે આચમન કર્યું, એની અંજલિ લીધી, અને પછી કામતગિરીની નયનમનોહર, ચિત્તાકર્ષક, સુંદર પર્વતમાળા પ્રત્યે દૃષ્ટિ ફેંકી. પવિત્ર મંદાકિનીમાં તપસ્વીઓ અને ઋષિમુનિઓ સ્નાન કરતાં હતા અને એના નાનાસરખા છતાં પ્રશાંત તટપ્રદેશ પર બેસીને કોઈ ધ્યાનમાં, કોઈ સ્વાધ્યાયમાં તો કોઈ જપના આનંદમાં મગ્ન બનેલા. એકાંતપ્રેમી, તપશ્ચર્યાપરાયણ, વીતરાગ મહાત્મા પુરુષોને લીધે ત્યાંનું વાતાવરણ અત્યંત આનંદદાયક અને અદ્દભુત લાગતું. ભરતનો પ્રાણ એ અવનવા વાતાવરણનો રસ ચાખીને થનગનાટ કરવા લાગ્યો.

એના આત્માને એ ભૂમિમાં આવવાથી ઘણો સંતોષ થયો. સેનાને એણે એનાથી થોડેક દૂર રોકી રાખી અને થોડીક ખાસ વ્યક્તિઓની મંડળી સાથે રામ, લક્ષ્મણ તથા સીતાને મળવા માટે મંદાકિનીના કિનારે કિનારે આગળ પ્રયાણ કર્યું.

કામતગિરીની પવિત્ર ગોદમાં રામ, લક્ષ્મણ અને સીતાની પર્ણકુટિ હતી. એ બાજુ આગળ વધતાં ભરતનો વનમાં વિહરતા મૃગોએ નાચીકૂદીને મૂક સત્કાર કર્યો. સૂર્યના તાજા સોનેરી કિરણો ચારેતરફ ફરી વળેલા. તે જાણે કે ભરતની આગળ આગળ ચાલીને એનું પથપ્રદર્શન કરવા લાગ્યાં.

રામ. લક્ષ્મણ તથા સીતાને દૂર પર્ણકુટિરની બહાર બઠેલા જોઈને ભરતનું અંતર આનંદમય બની ગયું. એનું રોમરોમ રસથી રંગાઈને ઉછળવા લાગ્યું. કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી અને ઊર્મિલાને પણ અસાધારણ આનંદ થયો.

લાંબા વખતથી ખોવાયેલી કોઈ નિધિ પોતાને પ્રાપ્ત થઈ હોય અથવા એ પ્રાપ્ત થવાની ઘડી આવી ગઈ હોય એવા ભાવપૂર્વક ઉલ્લાસથી આગળ વધીને ભરતે રામને પ્રણામ કર્યા. રામ એને ભાવપૂર્વક ભેટી પડ્યા ત્યારે સ્નેહના બે અલગ પડી ગયેલા અંગોનો ફરી મેળાપ થયો હોય એવું અનેરું દૃશ્ય ઉપસ્થિત થયું.

ભરતે લક્ષ્મણ તથા સીતાને પણ વિધિપૂર્વક મળી લીધું. એ પછી રામ માતા કૌશલ્યાને, સુમિત્રાને અને કૈકેયીને મળ્યા. કૈકેયીને રામને મળતા ઘણો સંકોચ થયો. લક્ષ્મણ અને ઊર્મિલાના અંતર એકમેકને લાંબે વખતે મળીને ઊંડી શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યા.

નિષાદરાજને પણ રામ અને સીતાના સહવાસમાં સ્વર્ગસુખ લાગવા માંડ્યું.

રામ, સીતા અને લક્ષ્મણે મહર્ષિ વસિષ્ઠના ચરણોમાં પ્રેમથી પ્રણામ કર્યા. વસિષ્ઠની પાસેથી દશરથના મૃત્યુ સમાચાર સાંભળીને એ ત્રણેયના શોકનો પાર ના રહ્યો.

સુમંત્રે એમને દશરથના મૃત્યુ પછીના પ્રસંગોની માહિતી આપી.

પિતાજીને તર્પણ આપ્યાં પછી રામ ને લક્ષ્મણ શાંતિથી બેઠા એટલે કૈકેયીએ મંદ સ્વરે કહેવા માંડ્યું: 'મારે લીધે જ તમારે વનમાં આવવું પડ્યું. હું ના હોત તો તમારે માટે વનમાં આવવાનું કોઈ કારણ ના હોત. અત્યારે મને મારા એ વખતના વર્તનને માટે અફસોસ થાય છે. પરંતુ એ વખતે મારું મગજ કોણ જાણે કેવું થઈ ગયું કે મારી બુદ્ધિ બહેર મારી ગઈ. તમને વનમાં વિદાય કરવામાં જ મારું ને ભરતનું શ્રેય છે એવું મને લાગવા માંડ્યું. ભરતે અયોધ્યામાં આવીને જ્યારે મને ઠપકો આપ્યો અને રાજગાદીનો ત્યાગ કર્યો ત્યારે મારી બુદ્ધિ કંઈક ઠેકાણે આવી. પરંતુ પછીથી શું થાય ? પાળ બાંધું એ પહેલા પાણી વહી ગયેલું ! મારા અવિવેકી વર્તનથી મેં તમને ઘણા દુઃખી કર્યા, એ ડંખ મારા દિલમાંથી કદી પણ ને કોઈયે ઉપાયે દૂર નહિ થાય.'

કૈકેયીના પશ્ચાતાપસૂચક શબ્દો સાંભળીને રામ બોલ્યા: 'સંસારમાં કોઈ કોઈને સુખદુઃખ નથી આપી શકતું. તમે મને દુઃખી કર્યો કે વનમાં મોકલ્યો એવું હું નથી માનતો. બધા જીવો પોતાના કર્મો પ્રમાણે જ સુખી કે દુઃખી થાય છે. એવું અનુભવપૂર્ણ જ્ઞાન પ્રકટયા પછી જીવ કોઈને પોતાના સુખદુઃખનો દાતા નથી માનતો. તમને એ વખતે એવી બુદ્ધિ સુઝી એમાં મારું કશુંક હિત જ હશે એવું મેં માનેલું અને મારી માન્યતા આજે પણ કાયમ છે. તમારા મારા માટેના પ્રેમને હું જાણું છું. એ પ્રેમ આજે પણ એવો જ અકબંધ અને અબાધિત છે એ જોઈને મને આનંદ થાય છે. એ પ્રેમ હવે પશ્ચાતાપના પાવન પાવકથી વધારે પવિત્ર બનીને પ્રકાશી ઉઠ્યો છે.'

'તમને મારા તમારી પ્રત્યેના વર્તનને લીધે મારા તરફ કોઈ પણ જાતનો અણગમો કે દ્વેષભાવ નથી થતો ?'

'બિલકુલ નહિ. એવો અણગમો કે દ્વેષભાવ થવાનું કોઈ કારણ જ ક્યાં છે ? મારા તમારે માટેના પ્રેમભાવમાં કશો જ ફેર નથી પડ્યો. જેવો પ્રેમ મને માતા કૌશલ્યા માટે થાય છે એવો જ પ્રેમ તમારા માટે પણ થઈ રહ્યો છે. મારા એ શબ્દોમાં કોઈ પણ પ્રકારની શંકા ના કરતાં.'

કૈકેયીની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી એણે કહ્યું: 'રામ, તમારું હૃદય ખરેખર અનેરું છે, મહાન છે. એનો પાર સાધારણ માનવથી નથી પામી શકાય તેમ. તમારા સ્નેહયુક્ત શબ્દો સાંભળીને મને શાંતિ થઈ. મારો પ્રાણ ખરેખર પુલકિત અને પ્રસન્ન થયો. આજે મને કે જાણે જીવન મળ્યું. મારો જુના વખતનો વિષાદ શમી ગયો. તે છતાં પણ હું તમારા વનવાસના કષ્ટમાં નિમિત્ત બની છું એ વેદના મારા કાળજાને હંમેશા કોરી ખાશે. એ વેદના, ચિંતા તથા પીડામાંથી હું કદી પણ મુક્તિ નહિ મેળવી શકું. મંથરાએ મને ભરમાવી છતાં પણ મારી સદ્દબુદ્ધિને જો ઠેકાણે રાખી શકી હોત, તો એક મહાભારે અનર્થ અથવા અપરાધમાંથી ઉગરી જાત. હવે તો મારી એક જ પ્રાર્થના અને કામના છે કે મારા એ ઘોર અપરાધને માટે મને ક્ષમા કરો.'

રામે કૈકેયીને અનેક પ્રકારે સાંત્વન આપ્યું તો પણ એ પશ્ચાતાપથી પ્રેરાઈને શોક કરતી જ રહી. પશ્ચાતાપ કરીને એનો આત્મા એકદમ નિર્મળ બની ગયો.

ભરતે ભાવભીના સ્વરે કહેવા માંડ્યું: 'મારી માતાના અપરાધને માટે હું પણ ક્ષમા માંગું છું.'

'પરંતુ હું એને અપરાધ નથી માનતો તેનું શું ?' રામે સામેથી કહ્યું: 'કૈકેયીએ કોઈ જાતનો અપરાધ કર્યો છે એવો ભાવ મારા મનમાં પેદા જ નથી થયો અને આજે પણ પેદા નથી થતો.'

'એમાં તમારી લોકોત્તરતા કે મહાનતા રહેલી છે. તમારા સર્વોત્તમ સુંદર સ્વભાવનું એમાં દર્શન થાય છે તો પણ હું તો એને અપરાધ માનું જ છું, અને એ અપરાધને લીધે મારું દિલ પણ દુઃખી થાય છે. એ દુઃખ કોઈયે ઉપાયે નથી મટતું. એને મટાડવાનો ઉપાય ફક્ત એક જ છે કે તમે અયોધ્યા પાછા ફરો ને રાજ્યની લગામ હાથમાં લો. તમે અયોધ્યામાં પાછા આવશો ત્યારે જ મને શાંતિ મળશે. અયોધ્યાના પ્રજાજનો પણ તમને ઝંખી રહ્યા છે. તમારા વિના એમનું જીવન નીરસ બની ગયું છે. આ સમસ્ત સેના, સ્નેહીજનો અને પ્રજાજનો પોતાનો પ્રેમ વ્યક્ત કરવા અને તમને અયોધ્યામાં પાછા ફરવાની પ્રાર્થના કરવા માટે આવી પહોંચ્યા છે.'

'ભરતનો પ્રેમ ઘણો જ પવિત્ર ને પ્રબળ છે.' વસિષ્ઠે કહ્યું: 'એ પ્રેમથી પ્રેરાઈને જ એણે રાજ્યાભિષેકનો સ્વીકાર ના કર્યો અને તમને વિનવવા માટે વનમાં આવવાનું પસંદ કર્યું. એ ઉપરાંત, પ્રજાજનો પણ તમને અયોધ્યામાં લાવવા આતુર છે.'

'તો પણ મારાથી અયોધ્યામાં નથી આવી શકાય તેમ.' રામે સ્પષ્ટ કર્યું: 'માતા કૈકેયીના કહેવાથી પિતાજીએ મને વનમાં વાસ કરવાનો આદેશ આપ્યો છે અને એ આદેશ મારે પાળવો જ જોઈએ.'

'વનમાં તો તમે વાસ કરી લીધો અને હજુ પણ કરી રહ્યા છો એટલે પિતાજીના આદેશનું પાલન થઈ ચૂક્યું. હવે અયોધ્યામાં આવો અને એ પણ અમારા સૌના આગ્રહને માન આપીને આવો તો પિતાજીના આદેશની વિરુદ્ધ વર્ત્યા એવું નહિ કહી શકાય.' ભરતે દલીલ કરી.

'છતાં પણ ભરત, મારે તો પિતાજીના આદેશનું પૂરેપૂરું પાલન કરવું જોઈએ. એમની પાસેથી માતા કૈકેયીએ મારા વનવાસનું જ વરદાન નથી માગ્યું પરંતુ મારા ચૌદ વરસનું વરદાન માગ્યું છે.'

'એમ હોય તો એ વરદાનને હું પાછું ખેંચી લઉં.' કૈકેયી બોલી: 'એવી રીતે તમારે માટે અયોધ્યામાં પાછા આવવાનો રસ્તો સાફ થઈ જાય છે.'

'એ વરદાન તથા પૂજ્ય પિતાજીનું વચન કદાપિ પાછું ના ખેંચી શકાય. એને ઉથાપી પણ ના શકાય. કલકલ રવે વહેતાં પ્રવાહનું પાણી જેવી રીતે પાછું નથી આવી શકતું, સમીરની સુસવાટા કરતી લહેરી જેવી રીતે પોતાના મૂળ સ્થાનમાં પાછી નથી આવતી અને આકાશનો ત્યાગ કરીને પૃથ્વી પર પડેલી વીજળી જેવી રીતે આકાશમાં પાછી નથી આવતી, તેવી રીતે રઘુકુળના પ્રાતઃસ્મરણીય પુરુષો જે બોલે છે તે બોલને ને જે વ્રત લે છે તે વ્રતને પાછા નથી ખેંચી શકતા. રઘુકુળની રીત જ એવી છે. એ રીત અથવા પરંપરાને તોડવાની આશા મારી પાસે ના રાખી શકાય.'

'ભરત એવી અનુચિત આશા નથી રાખતા.' ઊર્મિલા બોલી: 'એ તો આખીય પ્રજાના અંતરનો અવાજ રજૂ કરે છે. પ્રજાના પોકારનું પણ મહત્વ હોય છે અને એ મહત્વ તમારે માનવા યોગ્ય લાગે તો માનવું જોઈએ. આટલા દિવસોમાં તો અયોધ્યા આનંદહીન અને શ્રીહીન બની ગઈ છે. એ મૃતપ્રાય અયોધ્યાપુરી તમારા પાછા ફરવાથી સજીવન બનશે.'

'છતાં પણ મારાથી અત્યારે અયોધ્યા પાછું નહિ જ ફરી શકાય. ચૌદ વરસ પુરા થશે એટલે હું કોઈનાય અનુનય વિનય વગર મારી મેળે જ પાછો ફરીશ.'

'એ સંજોગોમાં રાજ્યની ધુરા કોણ સંભાળશે ? ભરતે તો રાજગાદી પર ના બેસવાનો સંકલ્પ કર્યો છે. એમનો એ સંકલ્પ અન્યાયી છે એવું તો ના જ કહી શકાય.

ભરતે કહ્યું: 'રામ પોતાના વ્રતપાલનમાં ને નિર્ણયમાં મક્કમ છે તો હું પણ મારા વ્રતપાલનમાં એટલો જ મક્કમ છું. જેના પર મારો ન્યાયયુક્ત અધિકાર નથી તે વસ્તુ મારાથી કદી પણ ગ્રહણ નહી કરી શકાય. અમારા તથા અયોધ્યાની પ્રજાના દુર્ભાગ્યે તમે પાછા નહી જ ફરો તો અયોધ્યાની ગાદી ખાલી રહેશે અને તમારા પુનરાગમન સુધી મંત્રીઓ મહર્ષિ વસિષ્ઠની સલાહથી રાજ્ય ચલાવશે. હું સીતા તથા લક્ષ્મણની જેમ તમારી સાથે વનમાં રહીશ.'

'તારા પર અપાર પ્રેમ હોવા છતાં મારાથી તને મારી સાથે વનમાં રહેવાની અનુમતિ નહી આપી શકાય.'

'તો પછી હું અયોધ્યામાં તો નહી જ રહું. તમે વનમાં વસો તથા વિહરો અને હું અયોધ્યાના રાજ્યસુખનો ઉપભોગ કરું એ કદાપિ નહી બને. મારું મન એને કદી પણ પસંદ નહી કરે. તમે લક્ષ્મણ તથા સીતા સાથે વનમાં રહેશો ત્યાં સુધી હું અયોધ્યાની બહાર નંદીગ્રામમાં રહીને તપસ્વી તરીકેનું જીવન પસાર કરીશ. એ સિવાય મારા આત્માને શાંતિ નહી મળે. ચૌદ વરસના વનવાસની અવધિ પુરી થયા પછી મને દર્શન આપવામાં જો એક પણ દિવસનો વિલંબ કરશો તો મારે માટે જીવનને ટકાવી રાખવું અશક્ય થઈ પડશે. એ સંજોગોમાં હું શરીરને છોડી દઈશ.'

ભરતના ભાવભરેલા શબ્દો સાંભળીને સૌની આંખ ભરાઈ આવી. ભરત પણ ભાવવિભોર બનીને વધારે ના બોલી શક્યો.

ઊર્મિલાએ લક્ષ્મણને એકાંતમાં કહ્યું: 'રામ તથા સીતાના સહવાસનું સુખ મેળવવા બદલ તમે ખરેખર બડભાગી છો. તમારા સહવાસ સુખથી વંચિત હોવા છતાં મને એટલો સંતોષ છે કે ઉત્તમ પ્રકારના સેવાકાર્યમાં પ્રેરાઈને તમે તમારા જીવનને સફળ કરી રહ્યા છો.'

'પરંતુ થોડા દિવસોમાં તો તારું શરીર ઘણું સુકાય ગયું છે.'

'શરીર એનું કામ કર્યા કરે છે અને હું મારૂં. તમારા વનગમન પછી મેં મારા જીવનને અત્યંત સાદુ તેમજ પરમાત્મા પરાયણ બનાવી દીધું છે. ધરતી પર સુવું છું. એકવાર અને એ પણ તમારી પેઠે ફળાદિનું ભોજન કરું છું, સાદા વસ્ત્રો ધારણ કરું છું, તથા વડીલોની સેવામાં ને સ્વાધ્યાયમાં મન પરોવું છું. ઈન્દ્રિયોના ભોગો તથા વિષયોમાંથી મનને નિવૃત્ત કરીને આત્માની આરાધનામાં લગાડી દઉં છું.'

'ત્યારે તો મેં તારા જીવનને ઘણું દુઃખી કરી દીધું ?'

'બિલકુલ નહી. મારું જીવન દુઃખી નહી પરંતુ સુખી છે. એમાં એક જ દુઃખ તમારા વિયોગનું છે પરંતુ એને પણ સહી શકું છું. સંસારની અસારતા અને બાહ્ય સુખોપભોગની ચંચળતાનો વિચાર કરીને મારા મનને બનતું ઉપરામ રાખું છું એટલે મને શાંતિ લાગે છે. તમારો માર્ગ સરળ બનો ને શ્રેયસ્કર થાવ એ જ ઈચ્છા છે. વનપ્રદેશમાં તમારી સાથે વિહરવાનું મન તો મને પણ થઈ આવે છે, પરંતુ મને સોંપાયેલા કર્તવ્યમાં

સંતોષ માનીને મારા વખતને હિંમત તથા ધીરજપૂર્વક વિતાવી રહી છું. મારો પ્રેમ સાચો હશે તો તમને ફરીવાર અને કાયમને માટે જરૂર મેળવીશ.'

ભરતે ઘણી વિનંતી કરી જોઈ પરંતુ રામે ના માન્યું. પાંચ-છ દિવસ એમ જ વીતી ગયા. મહર્ષિ વસિષ્ઠ, સુમંત્ર, ઊર્મિલા, સુમિત્રા કે કૌશલ્યાદિ માતા, કે નિષાદ કે કોઈની વિનંતી કામ ના લાગી. આખરે રામની આજ્ઞાને માન આપીને ભરત પાછો વળ્યો.

પાછા વળતા પહેલા એણે રામની પાદુકા લઈ લીધી, ને કહ્યું: 'સિંહાસન પર તમારો જ અધિકાર હોઈ, તમારા વતી આ પાદુકાની જ પ્રતિષ્ઠા કરીશ. રાજસિંહાસન પર હું નહી બેસી શકું. હું તો નંદીગ્રામમાં જ નિવાસ કરીશ.'

ભરતનો અજબ ત્યાગ, ભાવ ને પ્રેમ ત્યાં એકત્ર થયેલા સૌના અંતરમાં અંકિત થઈ ગયો.

* * * * *

## ૨૬. તપસ્વિની

ઊર્મિલાએ લક્ષ્મણને એક વાર ફરી મળી લીધું, રામને પણ વિનવી લીધું, ને સીતાના અંતરને પણ સ્નેહવચનો કહીને શીતળ ને સ્નેહમય કરી દીધું.

ચિત્રકૂટના ચિત્તાકર્ષક સ્થાનને છોડીને આગળ વધવાનું મન તો થતું ન હતું પરંતુ બીજો કોઈ ઉપાય ના હોવાથી સૌ આગળ વધ્યાં.

રામ, લક્ષ્મણ ને સીતાએ મહર્ષિ વસિષ્ઠને અને માતાઓને પ્રણામ કર્યા.

રામ અને લક્ષ્મણે ભરતને ભેટીને પોતાનો પ્રેમ પ્રકટ કર્યો.

નિષાદરાજે રામ, લક્ષ્મણ ને સીતાના શુભાશિષની યાચના કરી.

અને પછી સૌ અનુરાગ ભરેલી, અશ્રુ છલકતી, આંખે આગળ વધ્યાં.

મંદાકિની નદીના તટપ્રદેશ સુધી ઊર્મિલા, ભરત ને શત્રુઘ્નને રામ, લક્ષ્મણ ને સીતા વળાવવા આવ્યાં. કામતગિરિનાં ઉત્તુંગ સુભગ શિખરોની શોભાનું પાન કરતા સૌ ચાલવા માંડ્યા ત્યારે ભરતનું હૈયું ભરાઈ આવ્યું.

એણે ઊર્મિલાને કહ્યું: ‘મનમાં મોટામોટા મનોરથ લઈને મંદાકિનીના તટ પર આવેલો પરંતુ એ મનોરથ સફળ ના થયા. એટલો સંતોષ છે કે રામને મળી શક્યો ને મારી સ્થિતિ સ્પષ્ટ કરી શક્યો. રામ જો મારી પ્રાર્થના સ્વીકારીને આપણી સાથે પાછા ફર્યા હોત તો કેટલો બધો આનંદ થાત ? પરંતુ મારે હજુ તપવાનું બાકી છે. વિધિના એ અનુગ્રહને હજુ વાર છે. ત્યાં સુધી તમારી જેમ હું પણ તપતો રહીશ.’

ઊર્મિલાએ કહ્યું: ‘આપણા ભાગ્યમાં તપવાનું જ શેષ રહ્યું છે તો આપણે ધીરજ, હિંમત ને શાંતિપૂર્વક તપી લઈએ. બીજું શું થાય ? જગતમાં જે થાય છે તે બધું માનવની વ્યક્તિગત ઈચ્છા પ્રમાણે નથી થતું.’

‘સાચું છે. નહિ તો રામને લીધા વિના હું પાછો ના ફરત. વનમાં રામની સાથે રહેવાની મારી ઈચ્છા પણ અધુરી રહી. માતા કૈકેયીને અત્યાર જેવી સુબુદ્ધિ પહેલેથી જ સુઝી હોત તો કોઈ જાતની ચિંતા જ ના રહેત. પરતુ એ વખતે તો એની બુદ્ધિની આગળ અનર્થકારક આવરણ ફરી વળ્યું. એને લીધે એની આંખ અંધ બની ગઈ.’

‘વિધાતાની યોજનામાં વ્યક્તિ તો માત્ર નિમિત્ત બને છે, એટલે એને દોષ દેવો નકામો છે. જે થયું છે તે સારું નથી થયું એ સમજવા છતાં પણ મનને બને તેટલું શાંત રાખીને સહન કર્યા સિવાય હવે છૂટકો નથી.’

શ્રૃંગવેરપુર પાસે છૂટા પડતી વખતે નિષાદરાજનો પ્રાણ વ્યાકુળ બની ગયો.

એની વેદના વધી ગઈ.

એણે ભરત તથા ઊર્મિલાને કહેવા માંડ્યું: ‘તમારા બંનેના ત્યાગ અને સ્નેહથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. રામ, સીતા ને લક્ષ્મણથી છૂટા પડતી વખતે જેવી વ્યથા થઈ હતી તેવી જ વ્યથા મને અત્યારે થઈ રહી છે. તમારું જીવન મારે માટે જ નહિ પરંતુ સમસ્ત સંસારને માટે આદર્શરૂપ સાબિત થયું છે. એ જીવન મને જીવનપર્યંત પ્રેરણા પાશે. એને હું નહિ ભૂલી શકું.’

એટલું કહેતાં તો એનો કંઠ રૂંધાઈ ગયો. એની વાણી થંભી ગઈ.

ભરત, શત્રુઘ્ન અને ઊર્મિલા પણ એનાથી છૂટા પડતી વખતે સ્નેહના અતિરેકથી ગળગળાં થઈ ગયાં.

અયોધ્યામાં આવીને મહર્ષિ વસિષ્ઠે મંત્રીઓની મદદથી રાજ્ય વહીવટ ચાલુ રહે એવી સુવ્યવસ્થા કરી.

ભરતે સિંહાસન પર રામની પાદુકાની પ્રતિષ્ઠા કરીને નંદીગ્રામમાં રહેવા માંડ્યું, ને પ્રજાજનો રામના અસહ્ય વિયોગ દુઃખનો અનુભવ કરતા પોતપોતાના વ્યવસાયમાં લાગી ગયાં.

ભરતે નંદીગ્રામમાં રહીને કઠોર તપ કરવા માંડ્યું અને ઊર્મિલાએ રાજપ્રસાદમાં રહીને.

ઊર્મિલા તપ કરવા યોગ્ય ન હતી. એના જીવનમાં એ કાળ કઠોર તપનો ન હતો, છતાં પણ અણધાર્યા સંજોગો ઉભા કરીને વિધિએ પોતાની અદૃષ્ટ યોજનાનુસાર એને તપસ્વિની બનાવી દીધી.

રાજપ્રાસાદમાં રહીને ભરયૌવનમાં કરાતું તપ વનમાં વસીને કરાતા તપ કરતાં ઓછું અગત્યનું ન હતું. અનંત ઐશ્વર્ય અને પ્રચૂર ભોગ સામગ્રી વચ્ચે રહીને કરાતા એ તપનો મહિમા વનના એકાંતિક તપ કરતાં વધારે હતો. એ વધારે મૂલ્યવાન હતું. અયોધ્યાના રાજપ્રાસાદમાં રહીને સાદું, સંયમી, તપશ્ચર્યામય જીવન જીવનારી ઊર્મિલા ચિત્રકૂટથી પાછા ફર્યા પછી અધિક ઊર્મિમય બની ગઈ હતી. એના અંતરમાં મોટે ભાગે આંસુ રહેતા છતાં પણ એની મુખાકૃતિ શાંત અને ગંભીર ભાવ ધારણ કરતી. એની નિંદ્રા એકદમ ઓછી થઈ ગયેલી અને આહારની માત્રા પણ ઘટી ગયેલી. સવાર સાંજ નિયમિત રીતે ધ્યાનમાં બેસીને એ આત્માના અંદરના પ્રદેશમાં ડૂબકી મારવાનો પ્રયાસ કરતી અને એવી રીતે અનેરી શાંતિ મેળવતી.

વિદેહી જનકના આત્મજ્ઞાનના ઉત્તમોત્તમ સંસ્કારો એને વારસામાં મળીને એની અંદર પ્રબળપણે જાગી ઉઠ્યા હોય એવું લાગ્યા વિના ના રહેતું.

અયોધ્યાના અનંત ઐશ્વર્યથી ભરેલા સુખોપભોગવાળા રાજપ્રાસાદના વાતાવરણમાં રહીને પણ એનો આત્મા કાદવમાંના કમળની જેમ સદાયે અલિપ્ત અથવા ઉદાસીન રહેતો. એ આત્માને જાણે કે કશી અસર જ ના થતી. એ આત્મા ત્યાંના સંસ્કારોથી તદ્દન અસ્પૃશ્ય હોય એવું લાગ્યા કરતું.

ચિત્રકૂટની સ્મૃતિ હમણાં હમણાં એના મનમાં વિશેષ પ્રમાણમાં પેદા થયા કરતી. એ રહેતી અને હરતી ફરતી અયોધ્યાના રમણીય રસમય ઈન્દ્રભુવનશા રાજપ્રાસાદમાં, પરંતુ એની આંખ આગળ ચિત્રકૂટનો પાવન પ્રદેશ ફર્યા કરતો. કામતગિરિનાં સુંદર શ્રૃંગો એના મનને મુગ્ધ તથા મોહિત કર્યા કરતા. એ શ્રૃંગો પર એ મનોમન, દિવસમાં કેટલીય વાર વિહાર કરતી. એના પર પલાંઠી મારતી ને ધ્યાનસ્થ બનતી.

કામતગિરિ પર નાના-નાના એકાંત આશ્રમ બાંધીને વાસ કરનારા પરમાત્મપરાયણ ઋષિમુનિઓની મુલાકાત લઈને એમના દેવદુર્લભ દર્શનથી કૃતાર્થ બનતી. એમના જાતજાતના ને ભાતભાતના સદુપદેશને શ્રવણ કરતી અને એમના આશીર્વાદ મેળવીને નવા, વધારે સારા, શાંત તથા તપઃપૂત જીવનને જીવવાના સંકલ્પ કરતી તેમજ કાર્યક્રમ બનાવતી.

અને પેલી પુણ્યસલિલા, પવિત્ર, મધુમયી, મંદાકિની ? એને તો ભૂલી શકાય જ કેવી રીતે ?

એનો પ્રશાંત પ્રવાહ હંમેશા એની આંખ આગળ તર્યા કરતો અને એના આત્માને અનેરો આનંદ ધરતો. એના નયનાભિરામ નાનકડા ઘાટની અદૃષ્ટપૂર્વ શોભાને એ મીટ માંડીને જોયા કરતી છતાં પણ ના ધરાતી. એવી સ્વર્ગીય શોભા એણે બીજે ક્યાંય નહોતી જોઈ. એ તો ખરું જ, પરંતુ એને એની કલ્પનાયે ન હતી.

મહાસતી અનસૂયાએ પોતાના તપોબળના પ્રભાવથી પ્રકટાવેલી મંદાકિની એ મહાસતીના મંગલમય મહિમાનું જયગાન ગાતી શાંત પર્વતમાળાની વચ્ચેથી પસાર થતી આગળ વહી જતી.

ઊર્મિલા એના પવિત્ર પાણીમાં અવારનવાર સ્નાન કરતી.

એ માનસિક સ્નાન પણ એને ઓછો આનંદ ના આપતું.

મંદાકિનીના તટપ્રદેશ પરની રામ, સીતા અને લક્ષ્મણની કુટિરો તો એને પોતાના ઉત્તુંગ રમણીય રાજપ્રસાદ કરતાં વિશેષ રમણીય, આકર્ષક અને આનંદદાયક લાગતી.

એ કુટિરોની મુલાકાત એ પળે પળે લીધા કરતી એવું કહેવામાં કોઈ જાતની અતિશયોક્તિ નથી થતી.

એ પ્રશાંત અને સુંદર પ્રદેશનો એક પ્રસંગ એના સ્મૃતિપટ પર ઉપસી આવ્યો.

આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર પ્રકટી ચૂકેલો. એની ચારુ ચાંદની એ પર્વતપ્રદેશમાં ચારે તરફ ફરી વળેલી. મંદાકિનીના નિર્મળ પ્રવાહમાં દેવતાઓએ જાણે દૂધનો અભિષેક કરેલો. એ અસાધારણ પ્રકૃતિસૌન્દર્યનો સ્વાદ લેતાં લક્ષ્મણ અને ઊર્મિલા મંદાકિનીના ઘાટ પર બેઠાં બેઠાં વાતો કરી રહેલા.

એ વાતોનો સૂર જરા કરુણ હતો.

લક્ષ્મણે એ વાતોના અનુસંધાનમાં એકાએક કહેવા માંડ્યું:

'ઊર્મિલા, મારે લીધે તારે ઘણું જ દુઃખ ભોગવવું પડ્યું, ખરું ?'

'એવું કોણે કહ્યું ? મેં તો તમને એવી વાત નથી કહી.'

'તેં મને એવી વાત નથી કહી એ સાચું છે, છતાં પણ મને કોઈ કોઈવાર એવું લાગી આવે છે.'

'એવું લગાડવાનું કોઈ જ કારણ નથી.'

'છતાં પણ હું વનમાં આવ્યો એટલે તારી સ્થિતિ કરુણ તો બની જ ને ?'

'એથી શું ? તમે રામ અને સીતાની સેવા કરો છો એ વિચારથી મને આનંદ થાય છે. એ વિચારથી તમારા વિયોગનું મારું દુઃખ હળવું બને છે. એટલું જ નહિ પરંતુ મને શાંતિ ધરે છે. તમારાથી દૂર રહેવાનું મને એટલું ગમતું તો નથી, છતાં પણ બીજું શું થાય ?'

ઊર્મિલાની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં.

ચાંદનીના પ્રકાશમાં લક્ષ્મણ એ સારી રીતે જોઈ શક્યો.

એનું દિલ એથી અધિક દ્રવી ગયું ને દુઃખી થયું.

એ બોલ્યો: 'તારું દુઃખ મારાથી નથી જોવાતું. તું જો સુખી થતી હોય તો રામની રજા લઈને હું અયોધ્યામાં પાછો ફરું કે તને અહીં મારી સાથે રાખવાને પ્રયાસ કરું.'

'એવો પ્રયાસ નથી કરવો. તમારે અયોધ્યામાં પાછા ફરવાનો વિચાર પણ નથી કરવા જેવો. લાગણીના અતિરેકમાં કરાયેલો એ વિચાર તંદુરસ્ત અથવા આવકારદાયક નહિ લેખાય. આપણે અયોધ્યામાં જે નિર્ણય કરેલો તે ઉચિત જ હતો. એ પ્રમાણે હું અયોધ્યામાં રહીશ અને તમે વનમાં રહેશો એ બરાબર જ થશે. ભાતૃભાવ તથા સેવાની ભાવનાથી પ્રેરાઈને તમે જે વિચારપૂર્વકનો નિર્ણય લીધો છે એ નિર્ણયને ફેરવવાનો સંકલ્પ કરવો જરા પણ યોગ્ય નથી.'

લક્ષ્મણે થોડીકવાર શાંત રહીને મંદાકિનીના નિર્મળ નીર તરફ નજર માંડીને કહ્યું: 'આ જીવનની મહાસફરમાં ઈશ્વરની કૃપાથી પૂર્વના કોઈ પુણ્યોદયના પરિણામે તારી પ્રાપ્તિ થઈ ગઈ. એથી મારું જીવન ધન્ય અને સુખી થયું. પરંતુ મારું એ સુખ ઈશ્વરને માન્ય ના રહ્યું એથી લાંબા કાળને માટે તારો વિયોગ કરાવ્યો. ચૌદ વરસનો એ વિયોગ કોણ જાણે ક્યારે પૂરો થશે ને તારા પૂર્ણ ચંદ્ર કરતાંયે મધુમય મુખના દર્શનનો ક્યારે લહાવો મળશે !'

'હવે એવા કરુણ વિચારો ના કરો.' ઊર્મિલા બોલી: 'તમે વીર છો ને વીર જ બની રહો. એકમેકથી અળગાં રહેવામાં આપણા બંનેનું તપ થશે. એમાં આપણી કસોટી હશે. એમાંથી આપણે અવશ્ય પાર ઉતરીશું.'

'તું તપસ્વિની છે ઉર્મિલા, મહાન તપસ્વિની.' લક્ષ્મણ બોલ્યા વિના ના રહી શક્યો.

એની આંખમાં એને માટે એક પ્રકારનો અસાધારણ આદરભાવ પ્રકટ્યો.

ઊર્મિલા કાંઈયે ના બોલી એટલે લક્ષ્મણે આગળ કહ્યું: 'વનની તપસ્વિનીઓ મહાન હશે એ સાચું પરંતુ તું ઘરની તપસ્વિની છે, અને એમનાથી જરાયે ઓછી મહાન નથી લાગતી. આકાશનો આ ચંદ્ર બરાબર જાણે છે કે તારું હૃદય કેટલું બધું મહાન અને મંગલમય છે ! એણે તારા સુંદર શબ્દો સારી પેઠે સાંભળ્યા છે ને તારા ઉદાત્ત હૃદય અને જીવનની ઝાંખી કરી છે. મંદાકિનીને બરાબર ખબર છે કે તારા જીવનને તેં કેટલું બધું નિઃસ્વાર્થ તથા સમર્પણ ભાવથી ભરપૂર બનાવ્યું છે ! એની નિર્મળતાથી તારા અંતરની નિર્મળતા જરા પણ ઓછી નથી. આ કામતગિરિ પોતાનાં લીલાંછમ સસ્યશ્યામલ શિખરોરૂપી શિરને ઉંચા કરીને તારા મહિમાથી મુગ્ધ બનીને તને જોયા કરે છે. આ સુવાસિત શીતળ વાયુ તારું જયગાન ગાતાં તને પોતાના અનુરાગની અંજલિ આપે છે. ચિત્રકૂટની સમસ્ત ભૂમિ તને પોતાના હૃદય પર ધારણ કરીને જાણે કે કૃતાર્થ છે.'

'તમે તો મારાં વધારે પડતાં ગુણગાન ગાવા માંડ્યા ! આટલા દિવસો દૂર રહ્યા એથી તમારી દૃષ્ટિએ મારી કીંમત વધારે થઈ ગઈ કે શું ?'

'એવું કશું જ નથી. હું તો તારી કીંમત પહેલેથી જ વધારે સમજું છું ને તારે માટે પ્રેમ તથા પ્રશંસાનો ભાવ ધરાવું છું. તને મિથિલાપુરીમાં પહેલી વાર પેલી ફૂલવાડીમાં જોઈ છે ત્યારથી જ. તું તે બરાબર જાણે છે. એ સુષુપ્ત પ્રેમભાવ અત્યારે વિશેષ પ્રબળ બનીને પ્રકટ થઈ રહ્યો છે એટલું જ. ઊર્મિલા, એકમેકને માટે આટલો બધો અખૂટ અને પ્રબળ પ્રેમભાવ પેદા કરીને વિધિએ આપણને અલગ રાખવાનું પસંદ કર્યું છે એ પણ એની અનેક પ્રકારની વિચિત્રતાઓમાંની એક નથી ?'

'છે, છતાં પણ એ આપણા અંતરાત્માને તો અલગ નહિ જ કરી શકે. એ કાર્યમાં એને સફળતા નહિ જ મળી શકે.'

'સાચું છે.' લક્ષ્મણ ઊર્મિલા સાથે સંમત થયો.

એટલામાં તો ઊર્મિલાની વિચારતંદ્રા તૂટી ગઈ.

એને લાગ્યું તે કોઈએ એના ખંડમાં પ્રવેશ કર્યો છે.

એણે પાછું ફરીને જોયું તો તો અવાજ આવ્યો:

'ઊર્મિલા, શું વિચારમાં ડૂબી ગઈ છે ? હું અંદર આવી શકું ?'

ઊર્મિલાએ અવાજને ઓળખી લીધો.

એ અવાજ બીજા કોઈનો નહિ પરંતુ નિષ્કામનો હતો.

ઊર્મિલાને ભારે નવાઈ લાગી કે નિષ્કામ વળી અત્યારે અહીં ક્યાથી ! એ ઉદાસીનતાથી એની તરફ જોવા માંડી.

પરંતુ ત્યાં તો નિષ્કામ આગળ આવ્યો ને બોલ્યો: 'મને આમ એકાએક આવેલો જોઈને તને નવાઈ લાગશે. પરંતુ એમાં નવાઈ પામવા જેવું કશું જ નથી. તને મળ્યે ઘણો વખત થયો એટલે હૈયું હાથમાં ના રહેવાથી કામનું બહાનું કાઢીને અહીં આવી પહોંચ્યો. બાકી સાચું કહું તો અયોધ્યા નગરીમાં તારા વિના મારું બીજું છે કોણ અને મારે કામ પણ બીજા કોનું પડે એવું છે ? ઊર્મિલા, તને મળવા માટે મારું અંતર તલપાપડ થઈ રહેલું. તને જોવાનું સૌભાગ્ય સાંપડ્યું એટલે મને જરાક ટાઢક વળી.'

ઊર્મિલા સહેજ ગંભીર સ્વરે બોલી ઉઠી: 'નિષ્કામ, તું પુરોહિતપુત્ર હોવા છતાં તારું મન હજું એવું જ રહ્યું છે. એ મનને કશો ફેર નથી પડ્યો.'

'કેવી રીતે પડે ? તારે માટે મારા મનમાં જે મોહ છે તે કદીયે નથી મટે તેમ. એ મોહ અને એના મૂળમાં રહેલો સ્નેહ તો સનાતન છે ને સનાતન રહેવા જ સર્જાયલો છે.'

'પરંતુ તારી વૃત્તિ બરાબર નથી.'

'તને મારી વૃત્તિ બરાબર નહિ લાગતી હોય એટલે તું જ્યારે મળે છે ત્યારે મને ઉપદેશ આપવાનું જ કામ કર્યા કરે છે, પરંતુ મને તો એ બરાબર લાગે છે.'

'તારું મન હજુ પણ નથી બદલાયું ?'

'ના.'

એકાદ ક્ષણ સુધી શાંત રહીને નિષ્કામ બોલ્યો: 'મારું મન કદી પણ બદલાશે એવી આશા રાખતી હોય તો એ આશા નકામી છે. મારું મન કદી પણ નથી બદલાવાનું. ચાતક પક્ષીના જેવી ચાહના ને લગન લઈને હું કેટલાય વખતથી તારા પ્રેમબિંદુની આશા રાખીને બેસી રહ્યો છું અને હજુ પણ બેસી રહીશ. તે મારી વાત ના માની તો મારા ભાખ્યા પ્રમાણે તારું લગ્નજીવન દુઃખી થઈ ગયું. લક્ષ્મણને રામ સાથે વનમાં જવું પડ્યું. તું તારી ખોટી ઊર્મિશીલતાનો ત્યાગ કરીને પહેલેથી મારી જ પત્ની બની હોત તો અત્યારે કેટલી બધી સુખી હોત ?'

'અત્યારે પણ હું સુખી જ છું.'

'એ સુખ ફક્ત બોલવા પૂરતું જ છે. બાકી તારું આખુંય જીવન દુઃખી બની ગયું છે. હજુ પણ તને તારી ભૂલ સમજાતી હોય ને તું મારી થવા તૈયાર હોય તો.....તો હું તને અપનાવવા તૈયાર જ છું. હું એટલો સંદેશો આપવા માટે જ આવી પહોંચ્યો છું.'

ઊર્મિલા બોલી: 'નિષ્કામ, તારી પ્રવૃત્તિ ખોટે માર્ગે થઈ રહી છે તે જોઈને મને દુઃખ થાય છે. તું તારા જીવનને બરબાદ કરી રહ્યો છે. જેને ફળવાની સ્વપ્ને પણ આશા નથી એવી ભાવનાની ભૂતાવળને પકડી રાખીને તારા જીવનને પાપમય કરી રહ્યો છે.'

'પરંતુ હવે તો તું એકલી છે !'

'એથી શું થયું ? બહારથી જોતાં હું એકલી લાગું છું છતાં પણ લક્ષ્મણ હંમેશા મારી પાસે ને સાથે છે. એમનું વનગમન મારે માટે આશીર્વાદરૂપ બન્યું છે. હું તપસ્વિનીની જેમ જીવન પસાર કરું છું.'

નિષ્કામ વ્યંગમાં બોલ્યો: 'તપસ્વિનીની જેમ જીવન પસાર કરે છે ? આ સોનેરી સમય એવું કષ્ટમય જીવન ગુજારવા માટેનો છે કે ભોગ કરવા માટેનો ?'

'એ બાબતમાં હું તારો ઉપદેશ નથી માગતી, નિષ્કામ ! હું તારા પ્રત્યે પૂજ્યભાવ જેવો ભાવ રાખું છું. એનો અર્થ એવો નથી કે તું મારી પાસે આવીને ફાવે તેવું બોલ્યા કરે. તું જો હજુ પણ મને તારી કરવાની આશા રાખતો હોય તો ભીંત ભૂલે છે. એ તારી મૂર્ખતા છે.'

'છતાં પણ એ આશાને હું નથી છોડી શકતો ને નહિ છોડી શકું.'

'તું જેને નથી છોડી શકતો કે નહિ છોડી શકે તેને કાળ છોડાવશે.'

'મને તો એમ લાગે છે કે કાળ તારી જ હઠ છોડાવશે ને તને મારી કરશે.'

'તારી એ લાગણી ખોટી છે.'

'એ લાગણી ખોટી છે કે સાચી તે તને બતાવી આપીશ. હું તને ફરી વાર મળીશ.'

'એ જ વાત માટે મળવું હોય તો ના મળતો.'

'તું મારા પર એટલું બધું નિયંત્રણ નહિ મૂકી શકે.'

'એ નિયંત્રણ નથી, વિનંતી છે, સલાહ છે.'

'મારે એ નથી સ્વીકારવી. મારે એની જરૂરેય નથી.'

એમ કહી નિષ્કામ બબડ્યો: 'હવે તો તું તપસ્વિની થઈ એટલે મને સલાહ જ આપવાની.'

ઊર્મિલા કાંઈ ના બોલી.

* * * * *

## ૨૭. જયંતને દંડ

એ પછી બીજી વાર પણ નિષ્કામ ઊર્મિલા પાસે આવી પહોંચ્યો. ઊર્મિલા એ વખતે પ્રાર્થના તથા ઉપાસના કરીને ઉઠી હતી. એની મુખાકૃતિ એકદમ શાંત હતી. આંખ જ્યોતિર્મય, નિર્વિકાર અને સ્વસ્થ હતી. સફેદ વસ્ત્રોને લીધે એ વધારે લાવણ્યમયી દેખાતી.

નિષ્કામને જોઈને એ એવી જ અચળ રહી ને બોલી: 'મને લાગતું'તું કે હવે તું નહિ આવે, પરંતુ આખરે આવી પહોંચ્યો ખરો !'

નિષ્કામે ઊર્મિલાની સામેની બેઠક પર બેસતાં પૂછ્યું: 'મારું આગમન તને ના ગમ્યું ?'

'તારું આગમન મને ના ગમ્યું એવું નથી કહેતી, પરંતુ તારા મનમાં જે ભાવ લઈને તું આવે છે તે ભાવ મને નથી ગમતો. એના પ્રત્યે મારો વિરોધ હોવાથી હું ઈચ્છું છું કે એટલા માટે જ તારે આવવાનું હોય તો તું ના આવે.'

'છતાં પણ મારા હૃદયમાં તારે માટે એટલો બધો સ્નેહ ભર્યો છે કે તારી પાસે આવ્યા વિના મારાથી રહી શકાતું જ નથી. તારી સંનિધિમાં મને સ્વર્ગસુખ સાંપડે છે. મારું અંતર અસીમ અને ઊંડી શાંતિ અનુભવે છે. મનને ગમે તેટલું સમજાવવાનો પ્રયાસ કરું છું તો પણ એ નથી સમજતું.'

'બુરા માર્ગે ચઢેલા માણસોનાં મન એવાં જ હોય છે. એમની અંદર વિવેકનો છાંટો પણ નથી હોતો, એટલે એ મોહાંધ અને મૂઢ બનીને દુઃખી થાય છે તથા જેમને ફળવાની જરા પણ આશા ના હોય તેવાં દિવાસ્વપ્નાં સેવ્યા કરે છે.'

નિષ્કામ જરાક ઉત્તેજીત બનતાં બોલ્યો: 'તું મારા પ્રેમને સમજીને એની કદર નથી કરી શકતી તે જોઈને મને દુઃખ થાય છે.'

'તારા પ્રેમની તારી ઈચ્છા પ્રમાણેની કદર મારાથી કદી પણ નહિ કરી શકાય. એ સંબંધમાં તારા દિલમાં સહેજ પણ શમણા હોય તો તેને કાઢી નાખજે.'

'તારી જગ્યાએ કોઈક બીજી છોકરી હોત તો મારા પવિત્ર પ્રેમની કદર કરીને એને અપનાવત અને એના બદલામાં પોતાનું સર્વસમર્પણ કરત. પરંતુ તું તો પથ્થર જેવી છે. અરે, પથ્થર પણ કોઈક વાર પીગળી જાય પણ તારું હૃદય નથી પીગળે એવું. એટલે તું તો પથ્થરથી પણ વધારે કઠોર છે. હું ઈચ્છું છું કે તારા વલણ પર તું પુનર્વિચાર કરે.'

'મારું વલણ છેવટનું જ છે. તેમાં પુનર્વિચારને માટે અવકાશ જ નથી. પુનર્વિચાર તો તારે કરવાનો છે અને તે તારા વલણ પર.'

નિષ્કામ થોડીવાર શાંત રહીને બોલ્યો: 'કાલે મારે મિથિલા જવું છે એટલે આ મારી છેલ્લી મુલાકાત છે. મારો મેળાપ તને ના ગમતો હોય તો તેનો કામચલાઉ વખતને માટે અંત આવી જશે. તને સુખી કરવાના મંગલ મનોરથથી પ્રેરાઈને હું આવેલો પરંતુ મારો એ મનોરથ, મનોરથ જ રહી ગયો. એના પરથી મને લાગે છે કે તારા જીવનમાં સુખી થવાનું નથી લખાયેલું. સામેથી ચાલીને આવતા સુખને તેં લાત મારવાનું પસંદ કર્યું છે. એટલે ચૌદ ચૌદ વરસ સુધી તું નાહક દુઃખી થઈશ. મેં તને મિથિલા નગરીમાં કહેલા શબ્દો સાચા

પડ્યા તે જોઈને મને આનંદ થાય છે. ધર્મ તથા કર્મનિષ્ઠ બ્રાહ્મણકુમારના શાપ કે વરદાન વચનો કદી પણ નિષ્ફળ નથી જતાં એ હવે તું સારી પેઠે સમજી શકીશ.'

'તારા શબ્દો સાચા પડ્યા તે જોઈને આનંદ થાય છે. છતાં પણ તને કદાચ ખબર નથી કે હું દુઃખી નથી પણ સુખી છું. મારા અંતરમાં અશાંતિ નથી પણ શાંતિ છે. પ્રાપ્ત પરિસ્થિતિમાં બને તેટલા સુખનો અનુભવ કરવો એ મારો સ્વભાવ છે. તું મારે માટે ગમે તે માનતો હોય તો પણ હું તો તારા સુખની જ કામના કરી રહી છું. તને સદ્દબુદ્ધિની, મનની સ્થિરતાની ને સુખશાંતિની પ્રાપ્તિ થાય એવી મારી ઈચ્છા છે.'

'હું પણ દુઃખી નથી પરંતુ સુખી છું. ઊર્મિલા !' નિષ્કામ બોલ્યો: 'અને સંપૂર્ણ સુખી તો તારા પ્રેમની પ્રપ્તિથી જ થઈ શકીશ. તારા વિના મને સંપૂર્ણ સુખી કરે, શાંતિ ધરે ને સ્થિરતા પ્રદાન કરે એવું સંસારમાં બીજું કશું જ નથી.'

'એ બધી જ તારા મનની ભ્રાંતિ છે.' ઊર્મિલાએ કહ્યું: 'એ ભ્રાંતિ દૂર થશે ત્યારે જ તું સદ્દબુધ્ધિની પ્રાપ્તિ કરશે.'

'સારું ત્યારે હું જઉં છું.' કહીને નિષ્કામ ઊભો થયો: 'અમરાપુરીમાંથી સાક્ષાત ઈન્દ્ર કે બ્રહ્મલોકમાંથી બ્રહ્મા ઉતરે તો પણ તને નથી સમજાવી શકે તેમ. લક્ષ્મણે કોણ જાણે તને શું કામણ કર્યું છે કે એ વનમાં છે તો પણ તું એમના વિચારને નથી છોડી શકતી. કોઈ વાર અયોધ્યામાં આવવાનું થશે તો મળીશ.'

ઊર્મિલા એને જતો જોઈ રહી.

લક્ષ્મણની એને માટેની લાગણી એને યાદ આવી.

એ લાગણી કેટલી બધી અનેરી અને અનુપમ હતી ?

ચિત્રકૂટની ચિત્તાકર્ષક શાંત ભૂમિનું સ્મરણ પણ એને આપોઆપ થવા માંડ્યું.

'ક્યાં અયોધ્યા અને ક્યાં ચિત્રકૂટ ?' એ ગણગણી: 'બંનેની ભૂમિમાં કેટલો બધો ફેર છે ? બંનેનું વાતાવરણ જ જુદી જાતનું છે. ચિત્ત તો મારું ચિત્રકૂટ તરફ ખેંચાઈ રહ્યું છે છતાં પણ અયોધ્યાને ચિત્રકૂટ માનીને શાંત રહ્યા સિવાય છૂટકો નથી. રામ, સીતા અને લક્ષ્મણ જેવા પુણ્યાત્માઓની સંનિધિ કાંઈ જેને તેને અને જ્યારે ત્યારે મળે છે ?'

એ વખતે રામ, સીતા અને લક્ષ્મણ પણ ઊર્મિલાને યાદ કરીને એની અસાધારણતાને અંજલિ આપી રહ્યા હતા.

રામે કહ્યું: 'ભરત અને ઊર્મિલા બંનેનો ત્યાગ અનુપમ છે. એમના ત્યાગ અથવા સમર્પણ ભાવની બરાબરી બીજા કોઈનાથી નથી થાય તેમ. સંજોગોએ એમને આપણાથી છૂટા પાડ્યાં તો પણ એમનો આપણે માટેનો પ્રેમ આપણાથી નથી ભૂલી શકાતો.'

સીતા બોલી: 'ઊર્મિલાના સંસ્મરણો મારી આંખ આગળ આવીને આપોઆપ ઉભાં રહે છે. એનો વિયોગ મને વારંવાર સાલે છે. પરંતુ શું થાય ? કાળની આગળ કશો ઉપાય નથી ચાલી શકતો.'

'જે કાળ અનુગ્રહની અમૃતવર્ષા કરતાં સ્નેહીજનોનો સંયોગ કરાવે છે તે જ કાળ કઠોર કે ક્રુર થઈને એમનો વિયોગ કરાવે છે. એની લીલા ઘણી ગહન છે.' લક્ષ્મણ એટલું કહેતાં કહેતાં ગળગળો થઈ ગયો.

બીજો દિવસે બપોરે રામ મંદાકિનીના મધુમય તટપ્રદેશ પર સીતાની સમીપે ઘાસની લીલીછમ શય્યા પર સુતા હતા. સીતા રામની બાજુમાં બેસીને ઊર્મિલાનું સ્મરણ કરી રહી હતી. લક્ષ્મણ નજીકના નિર્જન વનપ્રદેશમાં ફળમૂળ લેવા ને ભ્રમણ કરવા નિકળેલો.

સીતા મંદાકિનીના પવિત્ર પ્રવાહ તરફ જોતી, રામનું મુખ નિહાળતી, અને વચ્ચે વચ્ચે પ્રશાંત પર્વતપંક્તિ તરફ નજર નાખતી.

એ વખતે ઈન્દ્રનો પુત્ર જયંત એ વનમાં વિહાર કરતો આવી પહોંચ્યો. સીતાના સુંદર સ્વરૂપને દેખીને એ મોહિત થયો અને ભાન ભૂલ્યો.

સીતાને ખબર ના પડે એવી રીતે એણે પહેલાં તો એના ત્રિભુવનસુંદર વિશ્વવિમોહન રૂપનું રસપાન કર્યા કર્યું અને પછી એની આગળ પ્રકટ થઈને પૂછ્યું: ‘સુંદરી, તું કોણ છે ? તું શું આ વનની દેવી, સંસારની સ્વામિની કે કોઈ અપ્સરા છે ?’

સીતાએ શાંતિપૂર્વક ઉત્તર આપ્યો: ‘ના. હું કોઈ અપ્સરા નથી, દેવી નથી કે સંસારની સ્વામિનીયે નથી. હું અયોધ્યાના પિતા મહારાજા દશરથની પુત્રવધુ છું. આ મારા સ્વામી રામ છે. પિતાના આદેશાનુસાર એ વનમાં આવ્યા છે અને હું પણ એમની સેવા કરવા માટે એમની સાથે થઈ છું.’

‘તારી હકીકત સાંભળીને મને ઘણું દુઃખ થાય છે.’ જયંત બોલ્યો: ‘આવા પતિનો ત્યાગ કરવાનો હોય કે એમની સાથે વનમાં જવાનું કે રહેવાનું હોય ? તારા જેવી સુંદરીને માટે વનનો વાસ બરાબર નથી. તારે માટે તો સ્વર્ગલોક જ બરાબર છે. હું સ્વર્ગના અધિપતિ ઈન્દ્રનો સુપુત્ર જયંત છું. તારા સૌન્દર્યને જોઈને મોહિત થઈને તારી પાસે આવી પહોંચ્યો છું. તું ધારે તો તને આકાશમાર્ગે સ્વર્ગલોકમાં લઈ જઈ શકું તથા તને મારી પટરાણી બનાવું. સ્વર્ગલોકમાં એકેકથી સુંદર અને ચઢિયાતી અપ્સરાઓ છે, દેવાંગનાઓ પણ છે, પરંતુ તારાથી સુંદર કોઈ જ નથી. તારી સુંદરતા તો અલૌકિક છે. મારી સાથે જો સ્વર્ગમાં આવે તો તું સ્વર્ગના શણગારરૂપ બની શકે.’

‘સ્વર્ગ જેવા સુંદર લોકમાં વસીને અને ઈન્દ્રનો પુત્ર થઈને પણ તારું મન મલિન જ રહ્યું, જયંત ! તું તારી જાતને ઈન્દ્રના સુપુત્ર તરીકે ઓળખાવે છે પરંતુ તારી મનોવૃત્તિ જોતાં તું ઈન્દ્રનો સુપુત્ર નથી પણ કુપુત્ર છે એ વાતનો સંશય નથી રહેતો. તારી ઈચ્છા કદી પણ પૂરી નહિ થઈ શકે તેમ, એ વાતમાં વિશ્વાસ રાખજે. રામના પ્રતાપની તને ખબર નથી. નહિ તો તું એમની હાજરીમાં મારી પાસે આવીને આવો વ્યર્થ બકવાદ ના કરત. એ અત્યારે ઊંઘમાં છે ત્યાં સુધીમાં વિદાય થઈ જા. એ જો જાગી જશે તો તને દંડ દીધા વિના નહિ રહે, અને સંભવ છે કે તું જીવતો પાછો નહિ જઈ શકે.’

‘જેમની અંદર એટલું બધું પાણી છે અને જેમના પ્રતાપની તું આવી પેટ ભરીને પ્રશંસા કરે છે એ રામ ખરેખર એટલા બધા બહાદુર હતા તો પછી આમ નિર્માલ્યની પેઠે વનમાં શા માટે આવ્યા ? એમણે પોતાના બાહુબળનું પ્રદર્શન કરીને રાજ્યને હાથ કેમ ના કરી લીધું ? મને એમની જરાયે બીક નથી લાગતી. આવા નિર્બળ ને કંગાળ પુરુષની પાસે રહીને તું તારા યૌવનના કોડીલા કામણગારા કાળને વ્યર્થ વિતાવી રહી છે. એના કરતાં મારી પાસે આવી જા તો તારું બધું દુઃખ દૂર થઈ જશે.’

સીતાએ છંછેડાઈને કહ્યું: 'મને કોઈ જ દુઃખ નથી સતાવતું, પછી એને દૂર કરવાનો પ્રશ્ન જ ક્યાં છે ? રામ પિતાના વચનને પાળવા માટે વનમાં આવ્યા છે. રાજ્યના ભોગો એમને મોહિત નથી કરી શક્યા. એ નિર્માલ્ય હોત તો આવો મોટો ત્યાગ ના કરી શકત.'

જયંતે મંદ સ્વરે પૂછ્યું: 'તું જરાક વિચાર તો કર કે રામ તને શું સુખ આપી રહ્યો છે ?'

'રામના સહવાસમાં હું વનમાં સ્વર્ગ કરતાં પણ વિશેષ સુખનો સ્વાદ માણી રહી છું. રામના નયનમનોહર મુખમંડળને નિહાળીને મારો આત્મા આનંદી ઉઠે છે. એમનો સુધામય સ્વર સાંભળીને મારું જીવન ધન્યતાનો અનુભવ કરે છે. એમની દૃષ્ટિ મળે છે ત્યારે મને મારું શરીરધારણ સફળ કે સાર્થક લાગે છે. રામનું નામ તો મધુર છે જ પરંતુ બીજું બધું જ મધુર છે. એવા અસાધારણ પુરુષની અર્ધાંગિની થવામાં મને મહાન ગૌરવનો અનુભવ થાય છે.'

જયંતની ધીરજ ખૂટી ગઈ એટલે એ બોલ્યો: 'ત્યારે તું નહિ માને ? મેં તને સુખી કરવા માટે સરસ પ્રસ્તાવ મૂક્યો ત્યારે તું રામનું સ્તવન સંભળાવવા માંડી. મારે એ સ્તવન નથી સાંભળવું. રામ તારાથી દૂર હશે ત્યારે હું તારું હરણ કરી જઈશ. પછી જોઈશ કે રામનો પ્રતાપ કેવો છે ! અત્યારે તો મારા એ વિચારને પડતો મૂકીને તને મારી શક્તિનો અસાધારણ પરચો બતાવું છું ને જોઉં છું કે રામ મને શું કરે છે ?'

એવું કહીને જયંતે કાગડાનું સ્વરૂપ ધારણ કર્યું.

સીતાએ એને જોઈને કહ્યું: 'તારી વૃત્તિ કાગડા જેવી જ છે એટલે તને બીજા કોનું રૂપ પસંદ પડે ? કાગડાનું રૂપ જ તારે માટે વધારે અનુકૂળ છે, એટલે તું એને જ ધારણ કરવાનો. તું કાગડો બનીને જન્મ્યો હોત તો જરા પણ ખોટું ન હતું. વિધાતાની કોઈ ભૂલ થઈ લાગે છે કે તને કાગડો ના કર્યો અને સ્વર્ગમાં દેહ ધર્યો.'

જયંતે કાગડાનું રૂપ લઈને સીતાના સુકોમળ ચરણ પર ચાંચ મારવા માંડી.

કઠોર ચાંચના વાંરવારના પ્રહારોથી સીતાના સુમન કરતાંયે વધારે સુવાસિત અને સુકોમળ ચરણમાંથી લોહીની ધારા નીકળવા લાગી.

સીતાએ એના વર્તનથી રોષે ભરાઈને કહ્યું: 'અરે દુષ્ટ, તું આથી વધારે ખરાબ બીજું શું કરવાનો હતો ? તું અત્યંત અધમ નીકળ્યો ! હમણાં રામને જગાડું, પછી જોઈ લેજે તારી શી દશા થાય છે !'

એટલામાં તો રામ જાગી ઉઠ્યા.

સીતાના ઉચ્ચ સ્વરે બોલાયલા રોષભર્યા શબ્દોએ તો એમને જગાડ્યા જ, પરંતુ સાથે સાથે ચરણમાંથી નીકળતી લોહીની ધારાએ પણ એમને જગાડવામાં ઓછો ભાગ ના ભજવ્યો.

સીતાએ એમને સઘળી પરિસ્થિતિથી પરિચિત કર્યા એટલે એમને એનો પાર પામતાં વાર ના લાગી.

એમણે નિર્લજ્જ બનીને ઉડતા ચંચુપ્રહાર કરતા જયંત તરફ તીર તાક્યું.

જયંતે ઉડીને દૂર નાસી જવાનો ઘણોયે પ્રયાસ કરી જોયો પરંતુ એ ફાવી ના શક્યો.

રામના ધનુષ્યમાંથી છૂટેલા તીરે એને પોતાના પાશમાં બાંધી, પરવશ કરીને પૃથ્વી પર આણ્યો.

એ જ વખતે ગભરાયેલા જયંતે કાગડાનું રૂપ છોડીને પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું.

રામની આગળ ઊભા રહીને હાથ જોડીને એણે પોતાના કુકર્મને માટે માફી માગી એટલે સીતાએ એને કહ્યું: 'રામનું પરાક્રમને જોઈ લીધું ને ? હું તને પહેલેથી જ કહેતી હતી કે રામ જાગશે એટલે તારું આવી બનશે છતાં પણ તેં મારી વાતને ના માની અને અપરાધ પર અપરાધ કરવાનું ચાલુ રાખ્યું, તો છેવટે તારું બધુંય અભિમાન માટીમાં મળ્યું ને તારે સપડાવું પડ્યું. '

રામે કહ્યું: 'કુકર્મ કરનાર થોડા વખતને માટે પોતાના કર્મફળમાંથી છટકી જાય તો પણ કાયમને માટે એની શિક્ષામાંથી નથી છૂટી શકતો. સીતાની આગળ જેવાતેવા શબ્દો બોલીને તેં એનું જ નહિ પણ સાથે સાથે મારું પણ અપમાન કર્યું છે. બોલ, હવે તારા અપરાધને માટે તને શિક્ષા કરું કે ના કરું ?'

જયંત બોલ્યો: 'મને તમારા બાહુબળની ખબર ના હોવાથી અહંભાવથી અંધ બનીને હું ના કરવા જેવું કર્મ કરી બેઠો એને માટે હવે મને પશ્ચાતાપ થાય છે. મારું દિલ મારા દુષ્કર્મને લીધે ડંખી રહ્યું છે. તમે મને ગમે તેવી શિક્ષા કરી શકો છો. છતાં પણ હું તમારી ક્ષમા માગું છું ને પ્રાર્થું છું કે તમે મને સહીસલામત રીતે સ્વર્ગમાં જવા દો.'

'સ્વર્ગમાં તને સહીસલામત જવા દઉં તો તેથી તને તારા કુકર્મનો દંડ નહિ મળે. કુકર્મના પરિણામે પ્રાપ્ત થયેલો દંડ તને હંમેશા યાદ રહેશે તથા એવી જાતના બીજા કુકર્મમાંથી તને મુક્ત રાખશે. તારા સિવાયના બીજાને માટે પણ તે એક કાયમી ને મોટા બોધપાઠરૂપ થઈ રહેશે. તને કરાયેલો દંડ બીજાને માટે પણ પ્રેરણાદાયક થઈ રહેશે.'

રામની વાત સાથે સીતા સંમત થઈને બોલી: 'જયંતે કેવળ બકવાદ કરીને સંતોષ નથી માન્યો પણ એથી આગળ વધીને મારા ચરણ પર પ્રહાર પણ કરી લીધો છે. એનું એ કૃત્ય સાધારણ ના કહેવાય અને એની અવગણના પણ ના કરાય. જયંતનો પશ્ચાતાપ સાચો નથી પણ ઉપર ઉપરનો અને પોતાને થનારી સજામાંથી છટકવાની યુક્તિ જેવો છે. એ પશ્ચાતાપનો વિશ્વાસ ના રાખી શકાય માટે એને દંડ કરીએ એ જ બરાબર છે.'

એ પછી રામે જયંતની એક આંખ ફોડી નાંખી અને એ અવસ્થામાં એને જવા દીધો.

* * * * *

## ૨૮. મંદાકિનીનો મહિમા

ચિત્રકૂટના પાવન પ્રદેશમાંથી આગળ વધીને જયંત સ્વર્ગલોકમાં આવ્યો ને પોતાના પિતાને મળ્યો.

ઈન્દ્રે એની આશ્ચર્યકારક અવદશાને દેખીને એને પૂછ્યું તો એના ઉત્તરમાં એણે કહ્યું:

'ચિત્રકૂટમાં રહેતા રામે મારી આવી અવદશા કરી નાખી છે. એ દશરથપુત્ર રામને પોતાના બાહુબળનું ખૂબ જ અભિમાન છે. અને એથીયે વધારે અભિમાન એમની રૂપસુંદરી પત્ની સીતાને છે. એ વખતે હું એકદમ અસહ્ય અને એકલો હતો એટલે શું કરું ? નહિ તો રામને મારા પરાક્રમનો પરચો બરાબર બતાવી આપત. રામની રતિ સમાન સુંદરી પત્નીને વનમાં વિલોકીને દયાથી પ્રેરાઈને મેં એની મદદને માટે તત્પરતા બતાવી. એટલામાં તો રામે મને કામુક અને મોહાંધ માનીને બાણ માર્યું. મારી મૈત્રીભાવનાની એમણે કદર ના કરી. સ્વર્ગની એકેકથી ચઢિયાતી અદ્‌ભુત અપ્સરાની આગળ સીતાની શી વિસાત છે કે હું એની પાછળ પાગલ બનું ? એમણે મને સમજવામાં ઉતાવળ અને ભૂલ કરી. એ અપમાન અને અનર્થનો બદલો લેવાની વૃત્તિ મારા મનમાં રમ્યાં કરે છે. સમય પર એનો બદલો જરૂર લઈશ ત્યારે મને શાંતિ વળશે.'

ઈન્દ્રે કહ્યું: 'રામ પોતાના નીતિધર્મને માટે વખણાય છે. એ સીતા તથા લક્ષ્મણ સાથે વનમાં વસે છે. એ વાત મેં સાંભળી છે. એમણે તારી આવી દુર્દશા કરી એ ઉચિત ના થયું. એ આવા કઠોર છે એવી મને કલ્પના નહિ. છતાં પણ એ પરાક્રમી ને સત્યપ્રતિજ્ઞ પુરુષની સામે વેરભાવ જગાવવાનો કોઈ અર્થ નથી. એવો વેરભાવ એમને નહિ પરંતુ તને જ હાનિ પહોંચાડશે. રામે તને નેત્રરહિત કરી દીધો તો તેં એમનો કોઈ ભયંકર અપરાધ જરૂર કર્યો હશે. અપરાધ સિવાય એ કોઈને સાધારણ સજા પણ નથી કરે એવા.'

'મારો અપરાધ જો કહેવો હોય તો એટલો જ હતો કે વનમાં કપિલા ગાયની પેઠે અસહાય અવસ્થામાં રહેતી સીતાને જોઈને મારું હૃદય રડી પડ્યું, દુઃખી થયું, દ્રવી ગયું, અને મેં એની ખબર પૂછી. મારે તો ધર્મ કરવા જતાં ધાડ પડી છે. રામ અને સીતાએ મને અશુભ કામનાવાળો અસુર સમજીને પકડી પાડ્યો ને અપંગ અથવા અંગરહિત ને અંધ કર્યો. મારા અંતરમાં એમને માટે વિદ્વેષની ભાવના ના થાય તો બીજું શુ થાય ?'

જયંતના ચારિત્ર્યની ઈન્દ્રને ખબર હતી એટલે તો જયંતનું સ્પષ્ટીકરણ એમને સંતોષી ના શક્યું. એમણે શાંતિપૂર્વક કહ્યું: 'સ્વર્ગમાં પણ તારું વર્તન કેટલું બધું વિપરીત છે તેની મને માહિતી છે. તેં સીતાની કેવળ ખબર જ પૂછી હોય તો એને અપરાધ માનીને રામ આવો કઠોર દંડ ના કરે. તેં એમનું અથવા સીતાનું કોઈ ભારે અહિત કર્યું હશે એટલે જ તને મૃત્યુદંડ દેવાને બદલે એક આંખે અંધ કરીને રામે છોડી મૂક્યો. મને એવો વિચાર પણ આવી જાય છે.'

જયંત ઉશ્કેરાઈને બોલી ઉઠ્યો: 'તમને સાચું કહી બતાવું છું તો પણ મારી વાતમાં વિશ્વાસ ના હોય તો હું શું કરું ? તમે રામને સત્યપ્રતિજ્ઞ અને નીતિપરાયણ કહો છો પરંતુ નીતિપરાયણ પુરુષો પણ સ્ત્રીની મોહિનીને લીધે કદી કદી ભાન ભૂલીને ભળતા માર્ગે પગલાં ભરી બેસે છે એ હકીકત ભૂલી જાવ છો. પુત્ર

તરીકે તમારી પાસેથી સહાનુભૂતિ ભરેલાં શબ્દો સાંભળવાની ઈચ્છાથી આવ્યો હતો, પરંતુ તમે તો ઉલટું મને દોષિત ઠેરાવવા માંડ્યાં. મારું ભાગ્ય જ એવું છે ત્યાં શું કરું ?'

એટલું બોલીને જયંત ત્યાંથી ચાલી નીકળ્યો.

ઈન્દ્રે એને જતાં જતાં કહ્યું: 'તેં રામ અને સીતાનો ખરેખર કોઈ અપરાધ કર્યો હશે તો તને ઘરમાં નહિ રાખું.'

જયંત બોલ્યો: 'અને રામ અને સીતાએ મારો અપરાધ કર્યો હશે તો ? તમે એને દંડ દેવા તૈયાર થશો કે નામર્દ બનીને બેસી રહેશો ?'

'રામ અને સીતા કોઈનો અપરાધ કરે એવા છે જ નહિ !'

'એ તો તમે કહો છો ને ? મારો અનુભવ તો એથી ઉલટો જ છે. એ અપરાધ કરે એવા નથી તો શું હું અપરાધ કરું એવો છું ? અપરાધ કરવાની વાત તો દૂર રહી, અપરાધ કરવાનો વિચાર પણ મારાથી નથી કરી શકાય તેમ.'

*

ચિત્રકૂટના ચિત્તાકર્ષક ચારુ પ્રદેશમાં રામ, લક્ષ્મણ અને સીતાના દિવસો શાંતિપૂર્વક પસાર થઈ રહ્યા હતાં. એમને લીધે એ સ્થાન તીર્થના જેવું મહિમામય તથા આનંદમય બની ગયું હતું. સિદ્ધાવસ્થાએ પહોંચેલા, આપ્તકામ, પરમાત્માપરાયણ સંતોના સમાગમનું તથા વનના એકાંતવાસનું જે સુખ એમને મળેલું તે સુખ અત્યંત અસાધારણ અને અનેરું હતું. બીજા સંતોની પેઠે ભારે આદરભાવથી પ્રેરાઈને એ અવારનવાર મહર્ષિ અત્રિ અને અનસુયાની મુલાકાત લેતાં.

મંદાકિનીના મધુમય મંગલ તટપ્રદેશ પર આવેલો મહર્ષિ અત્રિનો આહ્લાદક આશ્રમ એમને ગમતો ને આનંદ આપતો. મહર્ષિ એમને અનેક પ્રકારની સુંદર કથાવાર્તા સંભળાવતા ને સ્વાનુભવપૂર્ણ સદુપદેશ આપતાં.

એકવાર રામે સૂર્યાસ્ત પહેલા મહર્ષિની વિદાય લેતાં સહજભાવે જણાવ્યું: 'ચિત્રકૂટના સુંદર સ્થળમાં રહેતાં રહેતાં ઘણો વખત વીતી ગયો હવે મારા મનમાં આવા જ કોઈ બીજા સુંદર સ્થળમાં જવાની ઈચ્છા થઈ છે તો એ બાબતમાં તમારી સલાહ માંગું છું. મારે માટે કયા સ્થળમાં રહેવાનું યોગ્ય છે એ તમે કહી બતાવો.'

અત્રિએ સસ્મિત કહેવા માંડ્યું: 'રામ તમે તો આત્મારામ છો. યોગીઓ, ભક્તો ને જ્ઞાનીઓ તમારી અંદર રમે છે અથવા આનંદ કરે છે. તમે જ કહો કે તમે બીજે ક્યાં રહી શકશો ?'

'તમારી વાતને હું ના સમજ્યો.'

'એમાં ના સમજાય એવું છે જ શું ? તમે આત્મારામ છો, આત્મા. અને આત્મા બીજે ક્યાં રહે છે ? પંચમહાભૂતના શરીરમાં, પંચમહાભૂત તથા પંચઈન્દ્રિયોની કાયા પંચવટી છે તમે એ પંચવટીમાં જ વાસ કરો.'

'તમારી વાતો ઘણી માર્મિક છે.'

'માર્મિક હોવા છતાં એ એટલી જ સાચી છે. દક્ષિણમાં ગોદાવરી નામની સુંદર નદી છે એના તટ પર પંચવટી નામે રમણીય સ્થાન આવેલું છે. એ સ્થાન સર્વપ્રકારે પવિત્ર અને સુખકર છે. તમારા નિવાસ માટે એ અત્યંત અનુકૂળ છે. તમે હવે ત્યાં જ નિવાસ કરો અને ત્યાં રહીને તપશ્ચર્યા કરતાં ઋષિમુનિઓને કૃતાર્થ કરો એ ઈચ્છવા યોગ્ય છે.'

રામને મહર્ષિ અત્રિની વાત ઘણી પ્રિય લાગી ને પસંદ પડી એટલે મહર્ષિએ આગળ કહ્યું: 'તમારો ત્યાંનો નિવાસ સર્વપ્રકારે સુખદ અને આશીર્વાદરૂપ થઈ પડશે. તમારા જીવનકાર્યમાં એથી સહાયતા મળશે એ હું મારી દૈવી દૃષ્ટિથી જોઈ શકું છું.'

એ પછી મહર્ષિએ રામને પંચવટીનો વિશેષ પરિચય આપ્યો ને કહ્યું: 'તમારું ને સીતાનું જીવન ધર્મ ને નીતિની મર્યાદાની સ્થાપના તેમજ રક્ષા માટે છે. તમારા એ કાર્યમાં સ્વાભાવિક રીતે જ સંકટો, મુસીબતો અને વેદનાનો અનુભવ કરવો પડશે. તમારો માર્ગ સદાને માટે સરળ નહિ હોય. પરંતુ તમારું જીવન જગતને માટે કલ્યાણકારક થઈ પડશે.'

રામે હસતાં હસતાં કહ્યું: 'મુસીબત, સંકટ કે વેદનાથી ડરી કે ડગી જાઉં એવું નબળું મનોબળ મને નથી મળ્યું. મારું હૃદય લોખંડી છે. વિપત્તિરૂપી વિષનું પાન કરીને હું સસ્મિત ફરી શકું છું. વેદના મને વ્યથિત અને વિચલિત નથી કરી શકતી. સત્ય, ધર્મ, ન્યાય ને નીતિની પાલનને માટે ગમે તેટલી મુસીબતો આવે, ગમે તેટલા ભોગ આપવા પડે ને ગમે તેટલું સહન કરવું પડે તો પણ હું તૈયાર છું. મને તેનું દુઃખ નથી થતું. મારા પ્રિયમાં પ્રિય પદાર્થનો ત્યાગ કરવો પડે તો પણ શું ? મને તે નથી સાલતું ને નહિ સાલે.'

'સીતાનો ત્યાગ મને નથી ગમતો. સીતાનો મારા પર અને મારો સીતા પર એટલો બધો સ્નેહ છે કે એના વિના હું જીવી જ ના શકું. છતાં પણ એનો ત્યાગ કરવો પડે તો પણ કર્તવ્યપાલનનો ત્યાગ તો ના જ કરું.'

મહર્ષિ અત્રિએ સ્મિત કરીને કહ્યું: 'એટલા માટે જ તમારું જીવન આદર્શરૂપ બનવાનું છે. બીજાને માટે એ પ્રેરણાસ્પદ થઈ પડશે. હું ઈચ્છું છું કે તમે ત્રણે સદા સુખી થાવ ને વિજયી બનો. મારો આશીર્વાદ છે.'

રામ, લક્ષ્મણ અને સીતાએ એ આશીર્વાદને માથે ચઢાવ્યો.

બીજી એક ધન્ય ઘડીએ રામ સીતા તથા લક્ષ્મણ સાથે મહર્ષિ અત્રિના એકાંત આશ્રમમાં આવી પહોંચ્યા અને થોડીક ઉપલક વાતચીત કર્યા પછી પૂછવા માંડ્યા: 'જીવાત્મા આમ તો સચ્ચિદાનંદ સ્વરૂપ કહેવાય છે છતાં પણ દુઃખી કેમ છે ?'

અત્રિ મુનિ બોલ્યા: 'જીવાત્મા મૂળભૂત રીતે જોતાં તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એ દસ ઈન્દ્રિયોવાળા શરીરરૂપી રથમાં બેઠેલા દશરથ છે. એ જીવનરૂપી અયોધ્યાપુરીનો રાજા છે. એને કૈકેયી, કૌશલ્યા તથા સુમિત્રા જેવી ત્રણ સ્ત્રીઓ છે. ત્રણેના પ્રેમપાશમાં એટલે કે ત્રિગુણાત્મિકા પ્રકૃતિમાં એ બંધાયેલો છે. એને લીધે, પોતાના મૂળ સ્વરૂપમાંથી વિચલિત થવાથી, એ દુઃખી છે. રામ એટલે આરામ અને સીતા એટલે શાંતિ. એ બંનેનો એને વિયોગ થયો છે. દુઃખમાંથી કાયમને માટે મુક્તિ મેળવવા અથવા સનાતન સુખમાં પ્રતિષ્ઠિત થવા એણે ત્રિગુણાત્મિકા પ્રકૃતિના પાશમાંથી છૂટીને પોતાના અસલ સ્વરૂપમાં સ્થિતિ કરવી જોઈએ.'

અત્રિ મુનિના શબ્દો સાંભળીને રામ, લક્ષ્મણ તથા સીતાને ઘણો આનંદ થયો. મુનિની ગૂઢ વિષયને સરળતાથી સમજાવવાની કળા જોઈને એમને માટે એમના અંતરમાં ઊંડો આદરભાવ ઉત્પન્ન થયો. સીતાએ અનસૂયા પાસેથી સ્ત્રી ધર્મનો સુંદર શક્તિસંચારક સંદેશ સાંભળ્યો.

એ પછી એણે અનસૂયાને ઉદ્દેશીને કોમળ સ્વરે કહેવા માંડ્યું:

'લીલીછમ પર્વતોની વચ્ચેથી વહી જતી આ મંદાકિની કેટલી બધી મધુમય લાગે છે ? પર્વત આમ તો જડ લાગે છે, પરંતુ એમના અંતરમાંથી આવિર્ભાવ પામતી આ નદી કેટલી બધી ચેતનમયી છે ? એનો આવિર્ભાવ કેવી રીતે થયો હશે એ જાણવાનું મને કુતૂહલ થાય છે.'

'એના આવિર્ભાવની કથા અત્યંત આનંદકારક છે.' અત્રિએ કહ્યું: 'અનસૂયા એ સંક્ષેપમાં કહી બતાવશે.'

અનસૂયાએ જણાવ્યું: 'આ સ્થાનમાં અમને સૌથી પહેલાં રહીને તપશ્ચર્યા કરવાનું મન થયું ત્યારે અહીં કોઈ નદી, જળપ્રવાહ કે જળાશય જેવું કાંઈ જ નહોતું, અહીંના પ્રકૃતિસૌંદર્યથી મારું ને મુનિનું મન મોહિત થયું. અહીંનું નિતાંત એકાંત પણ અમને ઘણું જ ગમી ગયું. પરંતુ પાણીની સમસ્યાનું શું કરવું ? એ સમસ્યા ઘણી વિકટ હતી. છેવટે એનો માર્ગ પણ મળી આવ્યો. મુનિના આશીર્વાદથી અને પરમાત્માની કૃપાથી આ એકાંત વન પ્રદેશમાં મારી પ્રાર્થનાના પરિણામ રૂપે મંદાકિનીનું અવતરણ અથવા પ્રાકટ્ય થયું.'

'સાચું કહું તો આ નદી અનસૂયાના અસાધારણ તપોબળનું પ્રતિક છે. અનસૂયાનાં નિર્મળ હૃદયની પેઠે એ પણ નિર્મળ છે, એનું મંદાકિની નામ પણ અનસૂયાએ જ રાખેલું છે. એની પાવન સ્મૃતિરૂપે આ નદી આવી જ રીતે યુગો સુધી વહ્યા કરશે અને લોકોને પ્રેરણા તથા શાંતિ આપશે. યુગો વીતશે છતાં પણ એનો પ્રભાવ અને મહિમા જરાપણ નહિ સૂકાય.'

રામ, સીતા અને લક્ષ્મણને માટે એ કથા તદ્દન નવી હતી. એ સાંભળીને એમને આનંદ થયો. એ કથાએ અનસૂયાને નવા જ રૂપરંગે અંકિત કરી બતાવી. એમનો અનસૂયાને માટેનો પૂજ્યભાવ વધી ગયો.

રામે કહ્યું: 'તમારા દર્શનથી તો અમને આનંદ થતો જ હતો પરંતુ પડદા પાછળ રહીને તમારી સેવા કરનારી ઋષિપત્નીના મહિમા શ્રવણથી પણ અમને એટલો જ આનંદ થયો. આ કથાશ્રવણ વિના અમારું અહીંનું આગમન અને આ ઋષિમુનિસેવિત સુંદર સ્થાનનું દર્શન અધૂરું જ રહી જાત. મંદાકિનીમાં સ્નાન કરવાની એક નવી જ દૃષ્ટિ આજે પ્રાપ્ત થઈ. આજે એના મહિમાની એક અનોખી કડી મળી ગઈ. એ મહિમા એકલી મંદાકિનીનો નથી પરંતુ માતા અનસૂયાનો પણ છે. સાંભળનારને માટે એ ભારે પ્રેરણાદાયક સાબિત થશે.'

ત્રણેએ મંદાકિનીને મનોમન નમસ્કાર કર્યા, અને એના પવિત્ર પ્રવાહ પ્રતિ પ્રેમપૂર્વક જોવા માંડ્યું.

એ પ્રવાહનું પ્રાકટ્ય મહર્ષિ અત્રિના આશ્રમની આગળની પવિત્ર ભૂમિમાંથી થયેલું. બંને બાજુની લીલીછમ પર્વતમાળાની વચ્ચેના સમતલ ભૂભાગમાંથી નાની નાની જળધારાઓ બહાર નીકળતી અને આગળ જઈને નદીના રૂપમાં પરિવર્તન પામતી. એવી આનંદપ્રદ ચેતનવંતી રસધારાઓ પૃથ્વીના એક ભાગ, સ્થાન કે પ્રદેશમાંથી નહી પરંતુ આજુબાજુના કેટલાય ભાગોમાંથી બહાર આવતી. એ જળધારાઓ કુદરતની મોટી અજાયબી જેવી હતી.

મહાસતી અનસૂયાની આત્મશક્તિની પ્રશસ્તિ કરતી એ વેદની અક્ષય ઋચાઓની પેઠે આપોઆપ આવિર્ભાવ પામતી અને ધરતીના મંગલને માટે તત્પરત બનતા શાંત સ્વરે બધે ફરી વળતી.

રામ, સીતા અને લક્ષ્મણે એ નાનકડી અસંખ્ય ધારાઓનું અવલોકન કરીને એના પવિત્ર પાણીની અંજલિ લીધી, અને એની ધારાને માથે ચડાવી.

એટલામાં તો બાજુના જંગલમાંથી એક વાઘ આવી પહોંચ્યો. મહર્ષિ અત્રિ પાસે આવીને એ ચિરપરિચિત હોય તેમ એમની આગળ ઊભો રહ્યો.

મહર્ષિએ એમનું સસ્મિત સ્વાગત કરતાં મીઠાં સ્વરે કહ્યું: 'કેમ, આવી પહોંચ્યો ?'

વાઘ સંતોષાનુભવ કરતો હોય તેમ એમની પાસે બેસી ગયો. મહર્ષિએ એના શરીર પર હાથ મૂક્યો ત્યારે પણ એ આજ્ઞાંકિત સેવકની પેઠે એમના મુખમંડળ તરફ જોઈ રહ્યો.

સીતાને એ અદૃષ્ટપૂર્વ દૃશ્ય જોઈને ભારે નવાઈ લાગી.

મહર્ષિએ એના મનોભાવોને માપી જઈને કહ્યું: 'એમાં નવાઈ પામવા જેવું કશું જ નથી. પ્રત્યેક પ્રાણીમાં આત્માનો પરમ પ્રકાશ પથરાઈ રહ્યો છે. એ પ્રકાશનો પરિચય કરતા આવડે તો પ્રત્યેક પ્રાણી સાથે આત્માની અંતરંગ એકતાનો અનુભવ કરી શકાય છે. એવો અનુભવ સ્વાભાવિક બની જાય છે. આ વાઘ આત્મિક રીતે અત્યંત અસાધારણ લાગે છે. બીજા વાઘ કરતાં તે તદ્દન જુદો પડી જાય છે. છેલ્લા કેટલાય દિવસોથી તે અહીં દિવસમાં એક વાર રોજ આવે છે. અને અહીંના વાતાવરણમાં થોડીક વાર બેસે છે ત્યારે જ એને શાંતિ મળે છે. એણે જાણે કે અહિંસક વ્રત ધારણ કર્યું હોય તેમ એ શાંતિથી બેસી રહે છે. '

મસ્તકને નીચે નમાવીને વાઘ જાણે કે મહર્ષિને પગે લાગ્યો, એટલે મહર્ષિએ આગળ કહ્યું: 'જંગલના આવા વાઘનો મનુષ્યને ભય લાગે છે પરંતુ વિશ્વમાં સૌના તરફ મૈત્રીભાવે જોનારા અમને કોઈનો ભય નથી લાગતો. આવા વાઘ કરતાં વધારે વિકરાળ વાસનારૂપી વાઘ મનુષ્યના મનમાં ફરી રહ્યા છે. તેને તેનો ભય નથી લાગતો અને તેને વશ કરવાનો પુરુષાર્થ તે નથી કરતો એ આશ્ચર્ય છે. એવી વાસનાના વ્યક્તરૂપ જેવા મહાભયંકર રાક્ષસો સાથે ભવિષ્યમાં તમારે લોકહિત માટે લડવું પડશે પરંતુ રામ, એમાં તમને વિજય મળશે. પંચવટીના પવિત્ર પ્રદેશમાં વસીને તમે એ પ્રદેશને વિશેષ પવિત્ર કરશો ને મહિમા ધરશો. એ તો સાચું જ, પરંતુ ઋષિમુનિના પરિવારને પ્રસન્ન કરશો. પંચવટીનું પવિત્ર સ્થાન તમારાં, સીતાના અને લક્ષ્મણના જીવનમાં અવનવી ક્રાંતિ કરનારું સાબિત થશે. મુશ્કેલી, કસોટી આવશે પરંતુ તમારી સત્યની નિષ્ઠા તમને એમાંથી સહીસલામત પાર ઉતારશે. એવો મારો આશીર્વાદ છે. '

* * * * *

## ૨૯. જટાયુ અને શૂર્પણખા

ચિત્રકૂટનો ત્યાગ કરતી વખતે રામનું હૃદય ભરાઈ આવ્યું. લક્ષ્મણ તથા સીતાને સંબોધીને રામે કહ્યું: ' થોડા વખતમાં આ સ્થળે આપણાં પર અસાધારણ જાદુ કરી દીધું છે એની ખબર તો આજે જ પડી. ચેતન પદાર્થો પોતાના પ્રેમ અને પ્રભાવથી અંતરને અનેરી અસર કરી જાય છે એ તો આપણે સાંભળ્યું અને અનુભવ્યું છે, પરંતુ જડતત્વોમાં પણ હૈયાને સ્પર્શવાની ને હલાવવાની આવી અદ્દભુત શક્તિ છે તે તો આજે જ જાણ્યું. '

સીતાએ પણ રામની લાગણીમાં સૂર પુરાવતાં કહ્યું: 'આ સરસ સ્થળને છોડતી વખતે કોઈક સ્વજનને છોડીને જતી હોઉં એવું મને લાગ્યા કરે છે. આ સુંદર સ્થળને આપણાથી એટલી સહેલાઈથી કદી પણ નહિ ભૂલી શકાય. એના સંસ્મરણો આપણા જીવનમાં એવાં તો સંમિશ્રિત થઈ ગયા છે કે વાત નહિ. અયોધ્યાની પેઠે આ સ્થળે પણ આપણને અત્યંત પ્રેમપૂર્વક આશ્રય આપ્યો અને અનેક અવનવા અનુભવો કરાવ્યા.'

અયોધ્યાનું નામ આવતાં લક્ષ્મણને ભરત અને ઊર્મિલા તથા માતાઓનું સ્મરણ થયું. એને સહજભાવે જ કહ્યું: 'ભરત, ઊર્મિલા અને માતાઓ અયોધ્યામાં કુશળ તો હશે ને ? અયોધ્યાના નામના શ્રવણ સાથે એમનું સ્મરણ આપોઆપ થઈ રહે છે. ભરત તથા ઊર્મિલાને આ સ્થળ ઘણું જ ગમતું હતું.'

રામે હસીને કહ્યું: 'એમને આ સુંદર સ્થળ ગમતું હતું એ તો સાચું. પરંતુ એથી પણ આપણું સાનિધ્ય વધારે ગમતું હતું. એનું કારણ એમનો આપણા પ્રત્યેનો પ્રખર પ્રેમ હતો. એવો પ્રેમ પૃથ્વી પર બીજે ક્યાંય ના મળે. પરંતુ અયોધ્યાની વાત આવે છે ત્યારે મને એ સૌની સાથે આપણાં પૂજ્ય પિતા દશરથનું સ્મરણ થાય છે. એમનો આપણે માટે અનુરાગ કેટલો અજબ હતો ! મહર્ષિ વિશ્વામિત્રની સાથે આપણને એમના અરણ્યના એકાંત આશ્રમમાં મોકલતા એ કેટલા બધા લાગણીવશ બની ગયેલા. આપણા લગ્ન વખતે પણ કેટલા ભાવવિભોર બનીને મિથિલા નગરીમાં દોડી આવેલાં ? એ વખતનો એમનો આનંદ કેટલો બધો અલૌકિક હતો ? અને આપણે વનમાં આવવાનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે એમની વેદના કેટલી બધી વધી પડેલી ? એ વેદનાએ એમના કોમળ કાળજાને કોરી ખાધું. અત્યંત અફસોસની વાત છે કે હવે આપણને એમનાં દર્શનનો લાભ નહી મળી શકે. એમની મમતાથી ભરેલી મીઠી મુખાકૃતિને હવે આપણે નહિ જોઈ શકીએ, અને એમની પ્રેમથી પરિપ્લાવિત થયેલી વાણીનું શ્રવણ પણ નહિ કરી શકીએ.'

એટલું કહેતાં કહેતાં તો રામની આંખ ભરાઈ આવી. એમનો કંઠ રુંધાઈ ગયો. એમની વાણી આગળ ના વધી શકી.

સીતાની સ્થિતિ પણ ભારે ભાવમય બની ગઈ.

પોતાની જાતને જેમતેમ કરીને સંભાળતા એ બોલી: 'તમે મિથિલાનગરીનો ઉલ્લેખ કર્યો એટલે મને મારા માતાપિતાનું સ્મરણ થયું. એમનો મારા પરનો પ્રેમ કેટલો બધો અજબ હતો ! મિથિલાના સંસ્મરણો મારા સમગ્ર જીવન સાથે જોડાય ગયાં છે. મિથિલાને જોયે અને એ માયાળુ માતાપિતાને મળ્યે કેટલો બધો વખત થયો ? મારા ને તમારા વનગમનના સમાચાર સાંભળીને એમને કોણ જાણે શુંનું શું થઈ ગયું હશે !

પરમજ્ઞાની હોવાથી મારા પિતાજી પોતાના મનને વશમાં રાખી શક્યા તો હશે તો પણ એમને માટે એ સમાચાર વજ્રપાત જેવા તો થઈ જ પડ્યા હશે. જ્ઞાની અને અજ્ઞાની બંને દુઃખ અથવા વ્યથાનો અનુભવ તો કરતા હોય છે. પરંતુ જ્ઞાની એને બનતી સ્વસ્થતા તથા શાંતિપૂર્વક સહન કરે છે અને અજ્ઞાની એથી અસ્થિર અથવા અશાંત બને છે. જે મોટો ભેદ છે તે એટલો જ છે. '

'મિથિલાપુરી તથા મહારાજા જનકને તો હું પણ નથી ભૂલી શક્યો.' રામ બોલ્યા: 'એમની સ્મૃતિ મને અવારનવાર થઈ આવે છે, અને અંતરને ઊંડા ભાવમાં ગરકાવ કરે છે.'

વિવિધ વાર્તાલાપનો લાભ લેતાં માર્ગના સુંદર પર્વતો, સપાટ પ્રદેશો, જળપ્રવાહો, વૃક્ષો અને મનુષ્યોનું દર્શન કરતા, સાધકો તથા સિદ્ધોના સમાગમનો આનંદ અનુભવતા અને વચગાળાના સુંદર સાનુકૂળ સ્થાનોમાં વિશ્રામ કરતાં, રામ, લક્ષ્મણ ને સીતા આગળ વધવા માંડ્યા.

વનની અપરિચિત અટપટી કેડી પર થઈને સૌ આગળ વધી રહ્યા હતા. સૌથી આગળ રામ ચાલતાં એની પાછળ ધીમી ગતિએ સીતા ચાલતી અને સૌથી પાછળ લક્ષ્મણ ચાલતાં.

રામ તથા લક્ષ્મણના હાથમાં ધનુષ્ય હતાં.

લક્ષ્મણે એકાએક કહેવા માંડ્યું: 'એક વાતની સ્ફુરણા થાય છે તે કહી બતાવું ?'

'જરૂર.' રામે ઉત્તર આપ્યો.

'પરમાત્માનું દર્શન જીવને કેમ નહીં થતું હોય ?'

'એનો સંતોષકારક અથવા સંપૂર્ણ ઉત્તર કાંઈ મારાથી થોડો આપી શકાય તેમ છે ? એવો ઉત્તર આપવા માટેનો મારો અધિકાર પણ કેટલો ? છતાં પણ મહાપુરુષના શ્રીમુખથી સાંભળ્યું છે તે કહી બતાવું છું કે જીવ માયાનો શિકાર બનેલો હોવાથી પરમાત્માનું દર્શન નથી કરી શકતો. એ માયા બે જાતની છે. વિદ્યારૂપી માયા અને અવિદ્યારૂપી માયા. એ માયા જો કૃપા કરીને હઠી જાય અને જીવ એના પાશમાંથી મુક્તિ મેળવે તો એ શિવસ્વરૂપ પરમાત્માને જોઈ શકે. શાસ્ત્રોએ કહ્યું છે કે પરમ સત્યરૂપી પરમાત્માનું સ્વરૂપ માયાના સોનેરી ઢાંકણથી ઢંકાયેલું છે. માયાના એ સોનેરી ઢાંકણને હઠાવવાનું કામ કરવામાં આવે તો પરમાત્માનું દર્શન થઈ શકે.'

'આપણે આ પગદંડી પરથી પસાર થઈએ છીએ ત્યારે એ શાસ્ત્રવચનનું સ્મરણ થાય છે.'

'કેવી રીતે ?' સીતાએ જિજ્ઞાસા બતાવી.

'મને વિચાર આવે છે કે એ શાસ્ત્રવચન અત્યારે સાર્થક થઈ રહ્યું છે. રામ જાણે કે પરમાત્મા છે, અને મારું સ્થાન જીવાત્માનું છે. અમારા બંનેની વચ્ચે પરમાત્માની પરમશક્તિ અથવા માયા જેવા તમે છો. તમારી કૃપા થાય ને તમે એકબાજુ ખસી જાવ તો રામરૂપી પરમાત્માનો પૂરો આનંદ મળી શકે. બાકી જો તમે અમારી વચ્ચે જ રહો તો એમનું દર્શન દુર્લભ બને.'

સીતા હસી પડી. રામ પણ હસવા માંડ્યા ને બોલ્યા: 'શાસ્ત્રવચનને તેં ઘણી સારી રીતે ઘટાવ્યું. તે માટે તારી બુદ્ધિને ધન્યાવદ ઘટે છે.'

'મારે કોઈ જાતનો ધન્યવાદ નથી જોઈતો.' લક્ષ્મણ બોલ્યો: 'મારે તો સીતાને એટલી અરજ કરવાની કે મારા તમારા માટેના પ્રેમને ને મારી પરિસ્થિતિને પારખીને મને તમારું દર્શન થઈ શકે એટલા

માટે એ વચ્ચે વચ્ચે જરા એકબાજુ હટી જાય. તમારા સુંદર સુખરૂપ સ્વરૂપને પૂરેપૂરું નથી દેખતો તો મને કંઈનું કઈ થઈ જાય છે. મારું મન બેચેન બની જાય છે.'

સીતાએ સ્મિત કરતાં કહ્યું: 'હું અત્યારે જ બાજુ હટી જાઉં ?' અને બાજુ પર ઊભી રહીને એ કહેવા માંડી: 'હું કોઈવાર વચ્ચે આવું ને મને એનો ખ્યાલ ના રહે તો તમારે મને સૂચના આપવી નહિ તો પછી બાજુ પર ખસી જઈને મારા ખસવાની રાહ જોયા વગર રામનું દર્શન કરી લેવું. રામના રસમય રૂપને નીરખવામાં હું એટલી બધી તલ્લીન બની જઉં છું કે કેટલીક વાર બીજું બધું જ ભૂલી દઉં છું.'

રામ બોલ્યા: 'એનું નામ પ્રેમ. પ્રેમને લીધે તારા મનમાં મને જોવાની ને નિરંતર જોવાની ઈચ્છા રહ્યા કરે છે. શિવસ્વરૂપ પરમાત્માને માટે જીવને જો એવો જ પ્રેમ થઈ જાય તો એમને જોવાની ઝંખના કરે. અને એમના દર્શન વિના શાંતિ ના પામે, સુખ ના અનુભવે, તથા ચેન ના મેળવે. એ પણ પરમાત્માના દર્શનને માટે આતુર બને. માયા પછી એના માર્ગમાંથી અવશ્ય હઠી જાય, અથવા એ પોતે માયાને એકબાજુ મૂકીને આગળ વધી જાય ને પરમાત્માના દર્શનસુખથી કૃતાર્થ થાય. એના મૂળમાં પ્રખર પ્રેમ જ છે. એ પ્રેમને જ પ્રકટ કરવાનો છે.'

માર્ગમાં આગળ ચાલતાં જટાયુની મુલાકાત થઈ. વનમાં બેઠેલા જટાયુને રાક્ષસ સમજીને રામે એનો પરિચય પૂછ્યો તો એણે પ્રસન્નતાપૂર્વક કહી બતાવ્યું: 'હું તમારા પિતા મહારાજા દશરથનો મિત્ર છું.'

જટાયુની દૈવીશક્તિથી પ્રભાવિત અને પ્રસન્ન થયેલા રામે એનો વિશેષ પરિચય પૂછ્યો તો એણે જણાવ્યું: 'રઘુનંદન મહર્ષિ કશ્યપને પોતાની વિનતા નામની પત્નીથી ગરૂડ તથા અરુણ નામના બે પુત્રો થયેલા. એ અરૂણ મારા પિતા છે. મારા મોટા ભાઈનું નામ સંપાતિ છે. તમે ચાહો તો તમારો અહીંનો નિવાસ સુખરૂપ થાય તે માટે તમારી સહાયતા કરી શકું છું. મને તમારી સેવા કરવાથી ઊંડો સંતોષ થશે. મને આ બાજુના વનપ્રદેશનો પૂરતો પરિચય હોવાથી તમને કામ લાગી શકીશ એવી આશા રાખું છું.'

રામને એ શબ્દો સાંભળીને અને એ શબ્દોમાંથી ટપકતાં જટાયુના પવિત્ર પ્રેમભાવને જોઈને ઘણો હર્ષ થયો.

એમણે જટાયુની માંગણી મંજુર રાખી. જટાયુએ એમને પંચવટીનો માર્ગ બતાવ્યો. પંચવટીની શાંતિ તથા સુંદરતા અનુપમ હતી. એની આજુબાજુ નાની તથા સરસ પર્વતપંક્તિ શોભી રહી હતી.

એ પર્વતપંક્તિ વૃક્ષોથી સુશોભિત હોવાથી વિશેષ રમણીય લાગતી. બાજુમાં પુણ્યસલીલા ગોદાવરી નદી વહી રહેલી. એનું પાણી ઈશ્વરદર્શી સંતપુરુષોના અંતર જેવું અત્યંત નિર્મળ લાગતું. એના તટવર્તી વિશાળ પ્રદેશમાં વૃક્ષોની સુંદર પંક્તિ શોભી રહેલી.

રામ, લક્ષ્મણ અને સીતાને એ સ્થળ ખૂબ જ પસંદ પડ્યું. રામનું અંતર ઉલ્લાસથી ઉભરાઈ ઉઠ્યું.

એમણે લક્ષ્મણને સંબોધીને કહેવા માંડ્યું: 'લક્ષ્મણ, મહર્ષિ અત્રિ અને અગત્સ્યે કહેલું સ્થળ આ જ છે. આ સ્થળને જોતાંવેંત જ અંતર એક પ્રકારના અવર્ણનીય આનંદથી ભરાઈ જાય છે. અહીંના પવિત્ર પરમાણુઓ મનને એક પ્રકારની અસીમ શાંતિથી ભરી દે છે. આ સુંદર પ્રદેશમાં પર્ણકુટિ બાંધીને નિવાસ કરવાનો આનંદ કોઈ અનેરો જ હશે.'

રામના આદેશાનુસાર લક્ષ્મણે એ પવિત્ર ભૂમિમાં એક નાના સરખાં આહ્લાદક આશ્રમની રચના કરી. સૌથી પહેલાં તો એણે માટી એકઠી કરીને દિવાલો બનાવી દીધી. પછી એમાં સુંદર થાંભલા ગોઠવી દીધા. એમના પર મોટા મોટા વાંસ રાખ્યા. એમની ઉપર શમીવૃક્ષની ડાળીઓ રાખી. ને એમને મજબૂત દોરીઓથી બાંધી દીધી.

એના પર ઘાસ તથા પાંદડા જેવા બીજા પદાર્થો બિછાવીને સુંદર છાપરું બનાવી દીધું, અને નીચેની ભૂમિને સરખી કરી, લીંપીગૂંપીને સુંદર બનાવી.

રામ તથા સીતાને લક્ષ્મણે બનાવેલો એ આશ્રમ ખૂબ જ પસંદ પડ્યો. જટાયુને પણ એ ઘણો ગમી ગયો.

એવાં સુંદર અનુકૂળ આશ્રમ બનાવવાને બદલે એમણે લક્ષ્મણની મુક્ત કંઠે પ્રશંસા કરી. રામ અને સીતાને પોતાનો તૈયાર કરેલો આશ્રમ પસંદ પડ્યો એ જોઈને લક્ષ્મણને પણ સંતોષ થયો.

એ એકાંત આશ્રમમાં રામ અને સીતાને પ્રસન્નતાપૂર્વક રહેતાં જોઈને લક્ષ્મણ તેમજ જટાયુનું હૈયુ હાથમાં ના રહ્યું.

જટાયુએ પોતાના મનોભવની અભિવ્યક્તિ કરતાં કહ્યું: ‘અયોધ્યાનું ઐશ્વર્ય મેં જોયેલું છે. ત્યાંના વૈભવ સુખની આગળ અમરાપુરીનું વૈભવસુખ પણ તુચ્છ લાગે તેમ છે. એ ઐશ્વર્યનો ત્યાગ કરીને રામ સીતા સાથે સ્વેચ્છાથી પ્રેરાઈને આવા એકાંત વનપ્રદેશમાં વાસ કરે છે એ જોઈને મારું દિલ દ્રવી જાય છે. પરંતુ શું થાય ? કર્મની ગતિ ઘણી ગહન છે. અયોધ્યાના વૈભવસુખનો ત્યાગ તો રામ જેવા કોઈ મહાપુરુષ જ કરી શકે. અને એ પણ આવી પ્રસન્નતાપૂર્વક. એમની આવી યોગ્યતા તથા લોકોત્તરતા જોઈને મારું મસ્તક એમના ચરણોમાં નમી પડે છે.’

લક્ષ્મણે કહ્યું: ‘આવો લોકોત્તર ત્યાગ રામ વિના બીજા કોઈથી ભાગ્યે જ થઈ શકે એ સાચું છે પણ પોતે કંઈ ત્યાગ કર્યો છે એવું રામને લાગતું જ નથી એ એમની વિશેષતા છે. વનના વિઘ્નો અને વનના વિપરિત વાતાવરણની વચ્ચે પણ એ રાજ્યસુખની વચ્ચે રહેતાં હોય એવી પ્રસન્નતાપૂર્વક હસતા હસતાં વાસ કરે છે. ખરેખર એમનું મન કોઈક જુદી જ પ્રકારના પરમાણુમાંથી બનેલું છે. અને સીતાનું પણ એવું જ સમજવાનું છે. સીતાના સંબંધમાં પણ એ જ શબ્દો લાગુ પડે છે.’

લક્ષ્મણે થોડીવાર અટક્યા પછી પોતાની આગલી વાતના અનુસંધાનમાં આગળ ચલાવ્યું: ‘જે રામ અને સીતા ચાંદી અને સુવર્ણના પાત્રોમાં ભાતભાતના ભોજન કરતા તે કોઈ વાર ભુખ્યા રહે છે તો કોઈ વાર વૃક્ષોના પત્રોમાં પીરસેલું કંદમૂળ ને ફળફૂલનું ભોજન કરે છે, મણિમંડિત સુંદર પલંગો પર શયન કરતા તે વનના ઘાસની પ્રાકૃતિક પથારી પર શયન કરે છે. વિવિધ પ્રકારના અલંકાર અને વસ્ત્રો પહેરતાં તે સાદા વસ્ત્રો ધારણ કરે છે. અને અસંખ્ય આરાધકો તથા પાર વિનાના પરિચારકોથી વીંટળાઈને ફરતા તે આજે પરિચારકો વિના જ પ્રસન્નતાપૂર્વક વનમાં વિહાર કરે છે. એ જેવું તેવું આશ્ચર્ય છે ?’

જટાયુએ આંખમાંથી ટપકવાની તૈયારી કરી રહેલાં આંસુને લૂંછતાં લૂછતાં કહ્યું: ‘મનની એવી સ્થિરતા ને પ્રસન્નતા રામ જેવા મહાપુરુષ વિના બીજું કોઈ ના રાખી શકે. એ પોતાના મન અને પોતાની ઈન્દ્રિયોને જીતી ચૂકેલા છે એટલા માટે જ વનમાં નગરમાં કરતાં હોય એવી રીતે આનંદપૂર્વક વિહાર કરી

શકે છે. આવા દેવદુર્લભ મહાપુરુષના દર્શનથી મારું જીવન ખરેખર ધન્ય બની ગયું. છતાં પણ વધારે ધન્યતા તો તમને છે લક્ષ્મણ ! કારણ કે રામ પ્રત્યેના પ્રેમને વશ થઈને રાજ્યસુખને ગૌણ ગણીને, રામ ને સીતાની સેવા માટે તમે કોઈ પણ જાતના વિશેષ કારણ વિના વનમાં એમની સાથે વસી રહ્યા છો.'

'રામ ને સીતા વનમાં વસવા માટે તૈયાર થયા એથી વિશેષ કારણ એમની સાથે રહેવા માટેનું બીજું કયું હોઈ શકે ? તમે મને ધન્યતાનો અધિકારી ગણ્યો એ માટે તમારો આભારી છું. ને તમને ધન્યવાદ આપું છું, પરંતુ તમને કદાચ ખબર નહીં હોય કે એ ધન્યતાની અધિકારિણી એક બીજી પણ છે. એની ઈચ્છા, અનુજ્ઞા અથવા સહાનુભૂતિ ના હોત તો રામ તથા સીતાની સેવાનો આ દેવદુર્લભ અમુલખ અવસર મને ના મળી શકત. એટલા માટે તમે મને ધન્યવાદ આપો છો ત્યારે એ અસાધારણ સંસ્કારસંપન્ન સ્ત્રીની મૂર્તિ મારી આંખ આગળ આવીને ઊભી રહે છે.'

'કોની ?'

'ઊર્મિલાની, મારી પ્રિય પત્નીની.'

'એને તમે નથી ભૂલી શકતા ?'

'ના. એને ભૂલી શકું એવો સંભવ પણ નથી. એને હું અહર્નિશ યાદ કરું છું.'

લક્ષ્મણના શ્રીમુખથી ઊર્મિલાના સ્નેહ અને સમર્પણભાવની વાત સાંભળીને જટાયુને અતિશય આનંદ થયો.

ઊર્મિલાને એણે મનોમન અંજલિ આપીને કહ્યું: 'ઊર્મિલાનો ઈતિહાસ સાંભળીને મારો પ્રાણ અત્યંત પુલકિત બની ગયો. આવો અસાધારણ સ્નેહ અને સમર્પણભાવ સંસારમાં જવલ્લે જ જોવા મળે તેમ છે. ધન્ય છે ઊર્મિલા ! તને અનેકાનેક ધન્યવાદ છે. તું પણ ઓછા યશની અધિકારિણી નથી જ. રામ, સીતા અને લક્ષ્મણ જીવનના વિશાળ રંગમંચ પર આગળ આવ્યા અને તેં પડદા પાછળ રહેવાનું પસંદ કર્યું. વિધિએ તને પડદા પાછળ રાખી પરંતુ ત્યાં રહીને પણ તું તારું કાર્ય કરતી રહી ને કરી રહી છે. લક્ષ્મણને તેં પ્રેરણા પાઈ, તું પ્રેરણા પાઈ રહી છે ને પ્રેરણા પાયા કરશે. અયોધ્યાના ઈતિહાસમાં તું અમર બની ગઈ. તને પણ જોઈ શક્યો હોત તો મને કેટલો બધો આનંદ થાત. પરંતુ આજે તો એવું ભાગ્ય નથી. એ ભાગ્ય તો જ્યારે મળે ત્યારે ખરું. આજે તો લક્ષ્મણના મુખથી તારી ગુણગાથા સાંભળીને સંતોષ મેળવ્યો ને ધન્ય બન્યો. લક્ષ્મણ તને અહર્નિશ અથવા ક્ષણેક્ષણે યાદ કરે એ ઉચિત જ છે. તને યાદ નહીં કરે તો બીજા કોને કરશે ?'

જટાયુની આંખ ભરાઈ આવી. લક્ષ્મણનું દિલ પણ દ્રવી ગયું.

જટાયુએ કહ્યું: 'લક્ષ્મણ, સ્ત્રી પડદા પાછળ રહીને પણ પુરુષના જીવનનું પ્રેરણાબળ બને છે. એના વિના પુરુષ કેટલીક વાર નિસ્તેજ ને પ્રેરણાહીન બની જાય છે. સ્ત્રી સદ્દબુદ્ધિથી સંપન્ન હોય તો પુરુષને સન્માર્ગે પ્રેરે અને દુર્બુદ્ધિથી યુક્ત હોય તો કુમાર્ગગામી પણ કરી દે. અનસૂયા સદ્દબુદ્ધિથી સંપન્ન છે તો મહર્ષિ અત્રિના તપમાં સહાયક થાય છે. પરંતુ કૈકેયી દુર્બુદ્ધિથી યુક્ત બની તો મહારાજા દશરથને અમંગલ માર્ગે લઈ જઈને આખી અયોધ્યાપુરીને માટે આતંકનું કારણ બની બેઠી. ઊર્મિલા જેવી સંસ્કારી સ્ત્રી મેળવવા બદલ તને મારા અંતરના અભિનંદન આપું છું.'

લક્ષ્મણે એ અભિનંદનનો મૌન રાખીને સ્વીકાર કર્યો.

પંચવટીના નિવાસના દિવસો એવા વિવિધ વાર્તાલાપોમાં આનંદપૂર્વક વીતી રહ્યા હતા.

રામ જ્યારથી સીતા અને લક્ષ્મણ સાથે એ સુંદર સ્થળમાં રહેવા આવ્યા ત્યારથી એની સુંદરતા તથા શોભા વધી ગઈ. એ દૈવી પ્રદેશમાં રહેતા ઋષિમુનિઓ અને બીજાં પ્રાણીઓને રામનો સહવાસ મહાન મંગલમય ઉત્સવરૂપ થઈ પડ્યો.

આશ્રમની આજુબાજુની ભૂમિને નવાં નવાં વૃક્ષો રોપીને અને ફૂલવાડી બનાવીને લક્ષ્મણે અત્યંત આકર્ષક અને રળિયામણી બનાવી દીધી.

એ તીર્થરૂપ બનેલા પાવન પ્રદેશમાં કેટલોક કાળ વીતી ગયા પછી એક અદ્દભુત બનાવ બન્યો.

શરદ ઋતુ સમાપ્ત થઈને હેમંત ઋતુનું આગમન થઈ ગયું.

હેમંત ઋતુના એ દિવસોમાં પોતાના નિત્ય નિયમ પ્રમાણે રામ સીતા તથા લક્ષ્મણ સાથે ગોદાવરી સ્નાનથી નિવૃત્ત થઈને આશ્રમમાં આવ્યા.

એ વખતે અરણ્યવાસી જુદા જુદા ઋષિઓએ એમની મુલાકાત લીધી અને એમની સાથે ધર્મની ચર્ચા કરી.

એ સૌના વિદાય થયા પછી રામ લક્ષ્મણ સાથે વાર્તાલાપ કરવા માંડ્યા. એટલામાં તો ત્યાં રાવણની બેન શૂર્પણખા આવી પહોંચી.

શૂર્પણખાનું સ્વરૂપ ભારે ભયંકર હતું.

રામના સુંદરતાના સદન સમાન સ્વરૂપને જોઈને એ મોહિત થઈ ગઈ, ભાન ભૂલી ગઈ, ને કહેવા માંડી: 'તમારો વેશ તો તપસ્વીનો છે. છતાં પણ તમારી અસાધારણ સુંદરતા છૂપી નથી રહી શકતી. એ સુંદરતા દેખીને મારું મન મોહિત થયું છે. તમે આ રાક્ષસોના પ્રદેશમાં કેવી રીતે પહોંચ્યા તે મને નથી સમજાતું. તમારો પરિચય મેળવવા માટે મારું મન ઉત્સુક છે.'

રામે પોતાના સરળ સ્વભાવને વશ થઈને એને પોતાનો સંપૂર્ણ પરિચય આપ્યો, ને પૂછ્યું: 'તમારો પરિચય આપી શકશો ?'

'કેમ નહિ ?' શૂર્પણખા બોલી: 'હું તમને મારો પરિચય કરાવવા માટે જ આવી પહોંચી છું. મારું નામ શૂર્પણખા છે. રાવણ, કુંભકર્ણ, વિભીષણ તથા ખરદૂષણ મારા ભાઈ છે. એમનાં કરતાં મારું બળ વધારે મનાય છે. હું ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારી રાક્ષસી છું. તમારી જીવનકથા સાંભળીને મને ભારે દુઃખ થાય છે. તમને વનમાં મોકલનાર માતાપિતા કેટલાં બધાં કઠોર હશે ? તમને વનમાં મોકલતાં પહેલાં એમનું કાળજું ફાટી ના ગયું ? પરંતુ હા, હવે મને ખબર પડી. વિધાતાએ તમને મારે માટે જ વનમાં મોકલી આપ્યા છે. જો તમે વનમાં ના આવત તો મને તમારો મેળાપ ક્યાંથી થાત ? તમારા કામદેવ જેવા સ્વરૂપને જોઈને મારું મન મોહિત થઈ ગયું છે.'

રામ શાંત રહ્યા એટલે શૂર્પણખા ઉત્સાહિત બનીને બોલી: 'અત્યાર સુધી મેં અનેક પુરુષોને જોયા પરંતુ કોઈ પણ પુરુષ મને મારા પતિ તરીકે પસંદ કરવા લાયક નથી લાગ્યો. તમે મારા પતિ થવા માટે યોગ્ય છો માટે હું તમને પસંદ કરું છું. તમે પુરુષોમાં શ્રેષ્ઠ છો અને હું સ્ત્રીઓમાં શ્રેષ્ઠ છું. આપણે બંને એકમેકને માટે યોગ્ય છીએ.'

રામે હસતાં હસતાં કહ્યું: 'પરંતુ મેં તો સીતા સાથે લગ્ન કરેલું છે. એનાથી મને સંતોષ છે. એટલે મારાથી તમારો સ્વીકાર નહિ કરી શકાય. હું હંમેશા એકપત્નીવ્રત પાલનનો આગ્રહ રાખું છું.'

'સીતા તો કદરૂપી છે. એની સુંદરતા મારી સુંદરતા આગળ કશી જ વિસાતમાં નથી. મારી સુંદરતાની બરાબરી સંસારમાં કોઈનાથી નથી થઈ શકે તેમ. સીતા તો એની બરાબરી કરી શકે જ કેવી રીતે ?'

'છતાં પણ મેં એની સાથે લગ્ન કરી લીધું છે એટલે લાચાર છું. રઘુવંશીઓ પોતાની પત્ની સિવાયની બીજી સ્ત્રીઓ પર કુદૃષ્ટિ નથી કરતા.'

'તમારી એ દલીલ અસ્થાને છે. કારણ કે હું તમારી સાથે લગ્ન કરવા પણ તૈયાર છું.'

'પરંતુ મારી તે માટેની તૈયારી નથી તેનું શું ?'

'તમે જરા શાંતિથી વિચાર કરી જુઓ. તમે સીતાની ચિંતા ના કરતા. તમારા ભાઈ લક્ષ્મણને તથા સીતાને તો હું ખાઈ જઈશ. પછી તમે મારી સાથે દંડકારણ્યના સુંદર પર્વતશિખરો તથા અરણ્યોનું અવલોકન કરતાં ફર્યા કરજો.'

રામે વિનોદ કરતાં કહ્યું: 'મારી સાથે તો મારી સુંદરી પત્ની સીતા છે. એને હું કોઈયે સંજોગોમાં નથી છોડી શકું તેમ. પરંતુ આ મારો ભાઈ લક્ષ્મણ અહીં એકલો છે. તે તમારા પ્રસ્તાવને માને તો કોશિશ કરી જુઓ.'

કામવાસનાથી વિહ્વળ બનેલી શૂર્પણખા રામના શબ્દો સાંભળીને લક્ષ્મણ પાસે ગઈ ને કહેવા માંડી: 'તમે મારે માટે સર્વપ્રકારે યોગ્ય છો અને એકલા છો તો મારો સ્વીકાર કરો. હું તમને સર્વ રીતે સુખી કરીશ.'

લક્ષ્મણે કહ્યું: 'હું પણ એકલો નથી. મારું લગ્ન થઈ ગયું છે. અને ના થયું હોય તો પણ, તમને જોઈને મારું મન કોઈ પણ જાતના આકર્ષણનો અનુભવ નથી કરતું. એટલે તમારા બધા પ્રયાસો મિથ્યા છે.'

શૂર્પણખા એ અપમાનથી ઉત્તેજીત બની ઉઠી, વ્યગ્ર બની ગઈ ને બોલી: 'મારી ઈચ્છાને તમે નહિ સંતોષો તો મારે તમારો નાશ કરવો પડશે. સૌથી પહેલા તો હું સીતાને ખાઈ જઈશ એટલે રામ અસહાય બનીને મારો સ્વીકાર કરશે.'

એટલું કહીને શૂર્પણખા સીતાને પકડવા માટે પોતાના ભયંકર રૂપ સાથે સીતા પર કૂદી પડી.

સીતા એ જોઈને ભયભીત બની ગઈ ને ચિત્કાર કરી ઉઠી.

* * * * *

## ૩૦. ખરદૂષણનો નાશ

શૂર્પણખાએ કરેલા એ આક્રમણને જોઈને તથા સીતાનો ચિત્કાર સાંભળીને રામને રોમાંચ થઈ ગયાં.

એમની કાયા કંપવા લાગી.

લક્ષ્મણની આંખ પણ જ્વાળાથી ભરાઈ ગઈ.

રામે ભારે સમયસૂચકતા વાપરીને એ અમંગલ આક્રમણને રોકી દીધું. શૂર્પણખાને પાછી વાળી અને લક્ષ્મણને કહ્યું:

‘લક્ષ્મણ, રાક્ષસો પોતાનો સ્વભાવને નથી છોડતા. આપણને એનો અનુભવ છે. આ રાક્ષસીની સાથે આપણે શાંતિપૂર્વક સારી રીતે વાત કરી તો એણે નીતિની બધીયે મર્યાદાનો પરિત્યાગ કરીને સીતા પર આક્રમણ કર્યું. સારું થયું કે સીતા બચી ગઈ. નહિ તો આજે એને ભારે હાનિ પહોંચત.’

પરંતુ શૂર્પણખા એમ શાંત બનીને બેસી રહે એમ ન હતી. એ બોલી: ‘મારા પરાક્રમનો પરિચય તમને બંનેને હમણાં જ આપી દઉં છું. તમે હજુ મારો પરચો નથી જોયો ત્યાં સુધી જ સલામત છો !’

અને એણે પોતાના ભયાનક સ્વરૂપથી સીતાને ભય પમાડવાનો પ્રયાસ કરતાં રામ લક્ષ્મણ પર તૂટી પડવાની તૈયારી કરવા માંડી.

એના દુઃસાહસને દેખીને રામે જરાક કડકાઈથી કહ્યું:

‘લક્ષ્મણ, જોઈ શું રહ્યો છે ? આ રાક્ષસી હજુ પણ કોઈ મોટું સાહસ કરવાની તૈયારી કરી રહી છે. એને દંડ કરવામાં નહી આવે ત્યાં સુધી એનો ઘમંડ નહી ટળે, અને એનું ગુમાન પણ નહિ મટે. આ ભયંકર વાસનાનો શિકાર બનેલી રાક્ષસીને એના રૂપનું અભિમાન છે. તું એના રૂપને વિકૃત કરી દે. એને અંગહીન બનાવી દે. પછી જો એ શું કરે છે ? એને મૃત્યુદંડ દેવો બરાબર નથી પરંતુ બીજો યાદગાર દંડ તો દેવો જ પડશે.’

રોષે ભરાયેલા લક્ષ્મણે રામના આદેશને માથે ચઢાવ્યો ને હાથમાં તલવાર લઈને શૂર્પણખાના નાકકાન કાપી લીધાં.

શૂર્પણખાએ લક્ષ્મણના સકંજામાંથી છૂટવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ પરંતુ એનો પ્રયત્ન નિષ્ફળ ગયો.

નાક તથા કાન વગરની શૂપર્ણખા ખૂબ જ ભયંકર દેખાવા લાગી.

એ જોરથી પોકારો પાડવા ને રોવા માંડી.

એનું શરીર આકાશમાં ફેલાયલી સંધ્યાની સમતા કરતું રક્તથી રંગાઈ ગયું.

એવી દયનીય દશામાં એ ધરતી તથા ગગનને ગજાવતી વનમાં નાસવા લાગી.

વનમાં રાક્ષસોની સેના સાથે રહેતા પોતાના ભાઈ ખરની આગળ આવીને એ ઊંચા સ્વરે આક્રંદ કરતી ધરતી પર ઢળી પડી.

ખરનું કાળજું એની આવી દુર્દશા દેખીને કંપી ગયું.

ઘડીભર તો એને સમજાયું નહિ કે આ શું થયું, પરંતુ પછી એણે પૂછ્યું: 'અરેરે, તારી આવી દુર્દશા કોણે કરી ? મારા જીવતાં તને આ શું થયું ? તારાં કાન ને નાક કોણે અને શા માટે કાપ્યાં ? એવો અપરાધ કરીને મૃત્યુના મુખમાં પડવાનું કોણે પસંદ કર્યું ? આવા ઘોર અપરાધ કરનારનું મને નામ દે તો હું એ પૃથ્વીના ગમે તે પ્રદેશમાં હશે તો પણ એને જીવતો નહિ છોડું.'

શૂર્પણખાએ કલ્પાંત કરતાં કહ્યું: 'હું તને એ અપરાધીના સંબંધમાં શું કહું ? નાક તથા કાન કાપવા કરતાં તો એમણે મારી હત્યા કરી હોત તો ઘણું સારું થાત. પ્રત્યેક સૌંદર્યવતી સ્ત્રીના સંબંધમાં બને છે તેવું જ મારા સંબંધમાં બની ગયું. પંચવટીમાં અયોધ્યાના રાજા દશરથના પુત્ર રામ ને લક્ષ્મણ વાસ કરે છે. તેમની સાથે સીતા નામની સુંદર સ્ત્રી પણ છે. એ બંને ભાઈઓને એમના પિતાએ કોઈક ભારે અપરાધની શિક્ષારૂપે બહાર કાઢી મૂક્યા છે, એટલે એ વનમાં ફર્યા કરે છે. ગોદાવરી નદીના તટ પર એમણે આશ્રમ બાંધ્યો છે. ત્યાં હું આજે એકાએક ફરતી ફરતી ચાલી ગઈ. પરંતુ મેં કહ્યું તેમ મારું રૂપ જ મારી વચ્ચે આવે છે. તું તો જાણે છે કે મારું રૂપ કેટલું બધું અસાધારણ છે !'

'અત્યંત અસાધારણ. આવું અદ્દભુત રૂપ તો ભાગ્યે જ કોઈનું હોઈ શકે. મેં તો ક્યાંય નથી જોયું. યક્ષ, ગંધર્વ, દેવ કે દાનવ કોઈનું રૂપ આટલું બધું ઉત્તમ નહિ હોય. તો પછી મનુષ્યોનું તો કહેવું જ શું ?'

'હા. પરંતુ એ રૂપ જ મારે માટે મારક થઈ પડ્યું.'

'કેવી રીતે ?'

'તું ના સમજ્યો ? મને જોઈને એ બંને રાજકુમારો મોહિત થઈ ગયા ને મારી સાથે લગ્ન કરવાની માગણી કરવા લાગ્યા. મેં એમને ઘણાયે સમજાવી જોયા પરંતુ એ ના માન્યા.'

'પછી ?'

'પછી શું ? એ કામવશ રાજકુમારો મને બળપૂર્વક પકડીને મારા પર આક્રમણ કરવા તૈયાર થયા. મારો જાન જોખમમાં આવી પડ્યો. છતાં પણ મેં એમનો સામનો કર્યો. હું એમને તાબે ના થઈ. એથી ક્રોધે ભરાઈને એમણે મારાં નાકકાન કાપી લીધાં ને મને બેડોળ બનાવીને તથા બેહાલ કરીને છોડી દીધી. તારાં જીવતાં મારી આવી ભયંકર દુર્દશા થઈ તે જોઈને મને અસહ્ય આઘાત લાગ્યો છે ને પારાવાર દુઃખ થયું છે. એમના અક્ષમ્ય અપરાધ બદલ તું એમનો નાશ કરીશ અને એમના રક્તનું પાન કરીશ ત્યારે જ મારો આત્મા શાંત થશે ને મને સુખ મળશે. તે વિના મારી અશાંતિ કદી પણ નહિ મટે. તું એમના નાશની અને એમની સાથેની સુંદરી સીતાના હરણની પ્રતિજ્ઞા કર. તે તારે યોગ્ય જ છે.'

શૂર્પણખાના શબ્દો સાંભળીને ખર ઉત્તેજીત બની ગયો ને બોલ્યો: 'તારી આવી ભયંકર દુર્દશા કરનારા એ નરાધમોને હું હવે જીવતા નહિ છોડું. મારી એવી પ્રતિજ્ઞા છે. તારા પર કુદૃષ્ટિ કરવા માટે તથા તારા અંગભંગ કરવા માટે એમનો સંહાર કરીશ ત્યારે જ મને શાંતિ વળશે. એમનો નાશ કરીને સીતાને મારી રાણી બનાવીશ, અથવા તું કહેશે તો તારી દાસી કરી દઈશ.'

શૂર્પણખાને નિરાંત થઈ.

એને માટે આટલી બાંયધરી પૂરતી હતી.

ખરની પ્રતિજ્ઞાથી એની રામ, લક્ષ્મણ તથા સીતા પ્રત્યેની વેરભાવના સંતોષાઈ.

એના અશાંત અંતરને થોડીક શાંતિ વળી.

એ પછી ખરે પોતાના મુખ્ય મુખ્ય ચૌદ રાક્ષસોને બોલાવ્યા અને એમને એમના યુદ્ધકર્તવ્યની સમજ પૂરી પાડી.

બીજે દિવસે શૂર્પણખા એ ચૌદ રાક્ષસો સાથે પંચવટી જઈ પહોંચી.

રાક્ષસોને એણે રામ ને લક્ષ્મણની ઓળખાણ કરાવી.

રામ એ ક્રુર રાક્ષસીએ પેદા કરેલી બધી પરિસ્થિતિને સમજી ગયા.

એમણે લક્ષ્મણને સીતાની રક્ષા કરવાનું કામ સોપ્યું અને રાક્ષસો પાસે જઈને કહેવા માંડ્યું:

'તમે શૂર્પણખાની સાથે શા માટે આવ્યા છો ?'

'તમારો નાશ કરવા.' રાક્ષસો બોલી ઉઠ્યા.

'અમારો નાશ કરવા ?'

'હા. અમારો જન્મ જ તમારા જેવા નરાધમોના સંહાર માટે છે.'

'નરાધમ અમે છીએ કે તમે છો ?'

'તમે છો તમે. એટલે તો તમે શૂર્પણખાનાં નાકકાન કાપી નાખ્યાં.'

'એ નાક કાન કાપી નાખવાને યોગ્ય જ હતી.'

'તો તમે પણ નાશને યોગ્ય જ છો. અમે તમારો તથા લક્ષ્મણનો નાશ કરવા માટે આવી પહોંચ્યા છીએ. તમારો તથા લક્ષ્મણનો નાશ કરીને અમે રૂપસુંદરી સીતાને અમારી સાથે લઈ જઈશું ને અમારા રાજા ખરને અર્પણ કરીશું. એમની એવી આજ્ઞા છે. ઘડીના છઠ્ઠા ભાગમાં જ અમે તમને રણમાં રોળી નાખીશું.'

એમ કહીને એ રાક્ષસો જુદાં જુદાં અનેક પ્રકારનાં અસ્ત્રોશસ્ત્રો સાથે રામ પર તૂટી પડ્યા.

શૂર્પણખા એ જોઈને ખૂબ જ હરખાઈ ગઈ.

પરંતુ એનો એ હરખ ક્ષણિક નીવડ્યો.

રામે રાક્ષસોનાં શૂલને કાપી નાખ્યાં અને એ ચૌદ રાક્ષસોને ચૌદ બાણ મારીને ધારાશાયી કરી દીધા.

રાક્ષસોની છાતીમાં વાગેલા એ બાણોએ એમની છાતીને છેદી નાખી અને લોહીથી લથપથ કરી દીધી.

એમને પૃથ્વી પર નિર્જીવ પડેલા જોઈને શૂર્પણખા શોકમાં ડૂબી ગઈ ને ખર પાસે જઈને ફરી આક્રંદ કરવા લાગી.

એ બોલી: 'તારા મોકલેલા ચૌદ રાક્ષસો યુદ્ધકળામાં કુશળ હોવા છતાં કોઈક ગફલતને વશ થઈને રામ દ્વારા માર્યા ગયા છે. એને લીધે મારું દિલ ઘણું જ દુઃખી બની ગયું છે. રામ રાક્ષસોના શત્રુ છે. તારામાં બાહુબળ હોય તો એમનો નાશ કરવા માટે તત્પર થા. એમનો નાશ નહિ થાય ત્યાં સુધી મને ચેન નહી પડે ને ઉંઘ નહીં આવે. રામ અને લક્ષ્મણ કોઈ અદ્દભુત શક્તિસંપન્ન યક્ષ, ગંધર્વ કે દેવતા નથી. એ તો સામાન્ય માણસ છે. એમનો નાશ કરવાનું કામ તદ્દન સહેલું છે. એમનો સામનો કરીને એમનો વધ કરીશ ત્યારે જ તારાથી આ પ્રદેશમાં સુખપૂર્વક રહી શકાશે.'

શૂર્પણખાનું આક્રંદ સાંભળીને ખરનું હૈયું હાલી ઊઠ્યું.

એ ક્રોધે ભરાઈને કહેવા માંડ્યો: 'મારા પરાક્રમ આગળ રામ અને લક્ષ્મણનું પરાક્રમ તણખલા બરાબર પણ નથી લાગતું. તારે રડવાનું કે શોક કરવાનું કારણ કશું જ નથી. એ નરાધમોને હું હમણાં જ રણમાં રોળી નાખું છું ને તારો સઘળો શોક દૂર કરું છું.'

ખરે પોતાના સેનાપતિ દૂષણને બોલાવી ચૌદ હજાર યુદ્ધનિપુણ રાક્ષસોની સેના તૈયાર કરાવી અને સુંદર રથને લાવવાની આજ્ઞા કરી.

એ રથ પર બેસીને ખર અને દૂષણે રાક્ષસોની વિશાળ સેનાને યુદ્ધને માટે કૂચ કરવાનો આદેશ આપ્યો. સેનાએ કૂચ કરી એ જ વખતે અનેક પ્રકારના અપશુકનો થવા માંડ્યા. આકાશમાં વર્ષાઋતુ ના હોવા છતાં પણ કાળા વાદળ ઘેરાઈ આવ્યા અને લાલ લોહી જેવું પાણી વરસાવવા લાગ્યા.

ખરના રથના ઘોડા સપાટ જમીન પર દોડતા દોડતા એકાએક નીચે પડી ગયા.

એના રથની ધજા પર એક મોટું ગીધ આવીને બેસી ગયું. એના પોતાના મસ્તકમાં પીડા થવા લાગી.

છતાં પણ એ અપશુકનની અસર એના પર કશી જ ના થઈ. એ અહંકારમાં ઉન્મત્ત બનીને બોલી ઊઠ્યો: 'આવા ભયંકર ઉત્પાતો જોઈને મને જરા પણ ચિંતા નથી થતી, કે લેશ પણ ભય નથી લાગતો. યુદ્ધમાં મારો મુકાબલો કોઈ જ નથી કરી શકે તેમ. રામ તથા લક્ષ્મણનો વધ કરીને શૂર્પણખાને શાંતિ આપ્યા પછી જ હું પાછો વળીશ. મારી સામે કાળ આવે તો પણ હું એને હંફાવી ને હરાવી શકું એમ છું, તો રામ અને લક્ષ્મણનો શો હિસાબ છે ?'

રાક્ષસોની ભયંકર સેનાને દેખીને રામ પરિસ્થિતિ સમજીને યુદ્ધને માટે તૈયાર થયા ને લક્ષ્મણને ઉદ્દેશીને બોલ્યા: 'રાક્ષસોની આ વિશાળ સેનાનો સંહાર તું એકલે હાથે કરી શકે તેમ છે, તો પણ તેના નાશની જવાબદારી હું પોતે જ ઉપાડી લઉં છું. તું સીતાની સલામતીનો વિચાર કરીને એને પર્વતની ગુફામાં લઈ જા. જ્યાં સુધી યુદ્ધ પુરુ ના થાય અથવા મારા હાથે રાક્ષસોનો નાશ ના થાય ત્યાં સુધી તું સીતાની રક્ષા કરતો રહેજે. એ કાર્ય પણ યુદ્ધ કાર્યના જેટલું જ મહત્વનું છે.'

લક્ષ્મણે રામની સૂચનાનું શીઘ્ર પાલન કર્યું. એ પછી નિશાચરોની વિશાળ સેના સાથે સેનાપતિ દૂષણે રામ પર આક્રમણ કર્યું.

એ જોઈને રામે પણ પોતાના વાયુવેગી તીખા તમતમતા બાણોને રાક્ષસોની સેના પર છોડવા માંડ્યા. એ ભયંકર યુદ્ધમાં અસંખ્ય રાક્ષસોનો નાશ થયો અને છેવટે દૂષણ પણ ઘોર રીતે ઘાયલ થઈને મરણ પામ્યો ત્યારે ખરનો ક્રોધ પરાકાષ્ઠા પર પહોંચ્યો.

એણે રાક્ષસોને પોતાની ઉત્સાહપ્રેરિત વીરવાણીથી ઉત્તેજીત કર્યા.

રાક્ષસો રામ પર વીરતાપૂર્વક તૂટી પડ્યા છતાં પણ રામે પોતાના અભૂતપૂર્વ પરાક્રમનો પરિચય કરવતાં એમને ધરાશાયી કરી દીધા.

ખરના બીજા સેનાપતિ ત્રિશિરાનો પણ જોત જોતાંમાં નાશ થઈ ગયો ત્યારે ખર એકલો પડ્યો.

એણે પોતાના રથને આગળ લાવીને રામને કહ્યું: 'મારી બેન શૂર્પણખાના અપમાનનો બદલો લેવા માટે આજે હું આવી પહોંચ્યો છું. જે રાક્ષસોનો તેં સંહાર કર્યો છે તે રાક્ષસો તો છેક જ સાધારણ કક્ષાના હતા.

એમનો નાશ કરવા માટે કોઈ વિશેષ વીરતાની આવશ્યકતા ન હતી. ખરી લડાઈ તો મારી સાથે કરવાની છે. હું તારો કાળ બનીને આવી પહોંચ્યો છું. તારી બધી જ યુદ્ધકળા હવે નકામી થઈ પડશે અને તું મારા હાથે ઘાયલ થઈને યમસદનમાં પહોંચી જશે.'

રામે એને યુદ્ધ માટે લલકારતાં કહ્યું: 'તારા ઘમંડનો હું હમણાં જ નાશ કરું છું. તે દંડકારણ્યમાં વસનારા અસંખ્ય ઋષિઓનો નાશ કરીને ભયંકર પાપ કર્યું છે. આજે હવે તારો પોતાનો કાળ આવી પહોંચ્યો છે. તું એમાંથી નથી છટકી શકે તેમ. હું તને તારા કુકર્મોની શિક્ષા હમણાં જ પ્રદાન કરું છું.'

એમ કહીને રામે ખરના સારથિનો, ઘોડાઓનો અને રથનો નાશ કરી નાખ્યો તથા ખરને પણ સખત રીતે ઘાયલ કરવા માંડ્યો. એમણે એની ગદાના ટુકડા કરી નાખ્યાં.

એથી ઉશ્કેરાઈને એ ભયંકર રાક્ષસે એક વૃક્ષને ઉપાડીને રામ પર પ્રહાર કર્યો ને ગર્જના કરતાં કહેવા માંડ્યું: 'હવે તો તારું મરણ જ થઈ ગયું. હવે તો તું કોઈયે હિસાબે નથી જ બચી શકવાનો.'

રામે પોતાના બાણોની વર્ષાથી એ વૃક્ષના ટુકડા કરી નાખ્યાં ને ખરને કહ્યું: 'મૃત્યુ તો મારું નથી આવ્યું પરંતુ તારું આવી પહોંચ્યું છે માટે એને ભેટવા માટે તૈયાર થઈ જા.'

એ પછી રામે દેવોના અધિપતિ ઈન્દ્રે આપેલું એક તેજસ્વી બાણ પોતાના ધનુષ્ય પર ધારણ કર્યું ને ખરની દિશામાં છોડી દીધું.

ખરની છાતીમાં વાગેલું એ બાણ ખરને માટે પ્રાણઘાતક થઈ પડ્યું. એના જીવન પર પડદો પડી ગયો.

* * * * *

# ૩૧. મારીચનું અનુસરણ

ખર અને દૂષણ જેવા બીજા અસંખ્ય રાક્ષસોનો સંહાર થયેલો જાણીને દંડકારણ્યના ઋષિઓ ખૂબ જ પ્રસન્ન થયા. એ બધા રામને અભિનંદન આપવા માટે આવી પહોંચ્યા.

લક્ષ્મણ પણ સીતાને પર્વતની ગુપ્ત ગુફામાંથી લઈને બહાર આવ્યો. એણે રામની પ્રશસ્તિ અને પૂજા કરી.

રામને રાક્ષસો સાથેના યુદ્ધમાં કોઈયે પ્રકારની ઈજા નથી પહોંચી એ જોઈને સીતાને શાંતિ થઈ. આખીયે પ્રકૃતિ-દંડકારણ્યની સમસ્ત ભૂમિ જાણે કે આનંદથી ઊભરાઈ ઊઠી.

પરંતુ શૂર્પણખાના શોકનો પાર ન રહ્યો. એની વેરભાવના વિશેષ પ્રજ્વલિત બની ગઈ અને દૂષણના નાશનો બદલો લેવાને માટે એનું અંતર આતુર બની ગયું.

એકાએક એને પોતાના ભાઈ રાવણની સ્મૃતિ થઈ આવી.

એને થયું કે આવી આપત્તિના વખતમાં એકમાત્ર રાવણ જ એને સહાય કરી શકે તેમ છે. બીજા કોઈનામાં રાવણ જેવી શક્તિ નથી દેખાતી.

એટલે એ થોડી જ વારમાં લંકામાં આવી પહોંચી.

લંકામાં આવીને એ સીધી જ રાવણ પાસે પહોંચી ગઈ.

રાવણ પોતાના સુંદર મહેલમાં સોનાના સિંહાસન પર બેઠો હતો. એની આજુબાજુ એના મંત્રીઓ ઊભા હતા.

એણે એકાંત અરણ્યમાં અસંખ્ય વર્ષો સુધી તપ કરીને બ્રહ્માને પોતાના મસ્તકનું બલિદાન આપીને પ્રસન્ન કરેલા અને એમની દ્વારા વરદાન માગેલા.

એ વરદાનને પરિણામે એને દેવતા, દાનવ, યક્ષ, ગંધર્વ, પિશાચ, પક્ષી તથા સર્પોથી અભયની પ્રાપ્તિ થઈ ચૂકેલી.

મનુષ્ય સિવાય બીજા કોઈથી મૃત્યુની સંભાવના ન હતી. અને મનુષ્યને તો એ રમકડાં બરાબર માનતો હોવાથી એનો ભય રાખવાનું એને માટે કોઈ કારણ ન હતું. એટલે એ પૂરેપૂરો નિર્ભય બનીને બેઠો હતો.

શૂર્પણખાનું નાકકાન વગરનું અત્યંત વિકૃત રૂપ જોઈને એણે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું: 'અરે, તારું સ્વરૂપ આવું વિકૃત કેવી રીતે થયું ને કોણે કર્યું ? તારા શરીરની સમગ્ર સુંદરતા આ વિકૃતિને લીધે મારી ગઈ છે.'

શૂર્પણખાએ રોષ સાથે કહ્યું: 'રાવણ, તું અનંત ઐશ્વર્યને પ્રાપ્ત કરીને રાતદિવસ વિષયભોગોમાં ડૂબેલો રહે છે. તને કોઈનો ભય નથી એટલે તું સ્વેચ્છાચારી ને નિરંકુશ બની ગયો છે. તારા મસ્તક પર ઘણો મોટો ભય પેદા થયો છે. છતાં પણ તું હજુ નિશ્ચિંત બનીને બેસી રહ્યો છે.'

'મારા મસ્તક પર ભય પેદા થયો છે ? શેનો ભય પેદા થયો છે ? હું તો સંપૂર્ણપણે અને બધી રીતે નિર્ભય છું.'

'બિલકુલ નહિ. તું પહેલાં નિર્ભય હતો પરંતુ હવે નિર્ભય નથી. ઘોર નિદ્રા કે પ્રમાદનો ત્યાગ કરીને જો હજુ પણ નહી જાગે તો મને તો લાગે છે કે એ ભય વધતો જશે ને છેવટે તારો નાશ કરી જશે.'

'મારો નાશ ? મારો નાશ કોઈ જ નથી કરી શકે તેમ. તને ખબર નથી કે મને મળેલા વરદાનોને લીધે હું લગભગ અમર છું. મારો નાશ કરવાની શક્તિ છે જ કોનામાં ? શૂર્પણખા, તું જાગૃતિ દશામાં બોલે છે કે પછી ઊંઘમાં જ બડબડાટ કરે છે.'

'હું તો જાગૃતિ દશામાં જ બોલી રહી છું. પરંતુ તું પ્રમાદરૂપી ઊંઘમાં પડ્યો છે એમાં જરા પણ શંકા નથી. ખર પણ આવી જ અહંકારી વાણી બોલતો હતો પણ એનોયે નાશ થઈ ગયો. ખર, દૂષણ અને એમની સેનાના ચૌદ હજાર રાક્ષસોનું આજે નામનિશાન નથી રહ્યું. એમને પણ કોઈનો ભય નહોતો લાગતો, પરંતુ શત્રુએ એમને ભંયકર રીતે ઘાયલ કરીને રણમાં રોળી નાખ્યાં. તું જો સમય પર નહી ચેતે તો તારી દશા પણ એવી જ થશે.'

રાવણ, ખર અને દૂષણના સંહારના સમાચાર સાંભળીને શોકમગ્ન બની ગયો, ને વિચારમાં પડી ગયો ને બોલ્યોઃ 'યુદ્ધમાં ખરદૂષણ અને બીજા મહાબળવાન રાક્ષસોનું મૃત્યુ થયું ? એમની સાથે યુદ્ધ કરવાની હિંમત કોણે કરી ? આ પૃથ્વી પર એવો પરાક્રમી વળી બીજો કોણ પાક્યો ?'

'એવો પરાક્રમી પુરુષ પાક્યો છે અને મારા નાકકાન પણ એના જ કહેવાથી કાપવામાં આવ્યા છે. તારા રાજ્યમાં પુરતા પ્રમાણમાં ગુપ્તચરો નથી લાગતા. નહિ તો એ હકીકતની ખબર તને ક્યારની પડી હોત. જે રાજા ગુપ્તચરોની વ્યવસ્થાનું ધ્યાન નથી રાખતો તથા પ્રજાની સાથેનો સંપર્ક ખોઈ બેસે છે એ રાજા પોતાને નિર્ભય માનતો હોય તો પણ ભયમાં આવી પડે છે. તેની અને તેના સામ્રાજ્યની સલામતી જોખમમાં મુકાઈ જાય છે.'

એમ કહીને શૂર્પણખાએ બધીયે કથા અથથી ઈતિ સુધી કહી સંભળાવી.

રામનો પરિચય કરાવતાં એણે કહ્યું: 'રામ રાજા દશરથના પુત્ર છે એમનું સ્વરૂપ કામદેવના સ્વરૂપ સમાન સુંદર છે. એ ધનુર્વિદ્યામાં અત્યંત કુશળ છે. એ વિદ્યાના પ્રભાવથી એમણે ખર, દૂષણ અને બીજા રાક્ષસોને જોતજોતામાં હણી નાખ્યા. એ પરાક્રમી અને વીરપુરુષને યુદ્ધમાં હરાવવાનું કામ ધાર્યા કરતાં ઘણું કઠિન છે. એમનો ભાઈ લક્ષ્મણ પણ એમના જેવો જ પ્રતાપી તથા તેજસ્વી છે. મારા નાકકાન એણે જ કાપી નાખ્યાં છે. એ રામની આજ્ઞા પ્રમાણે વર્તન કરે છે. એ તો ઠીક પણ તારે માટે ખાસ મહત્વની એક બીજી વાત પણ મારે કહેવાની છે. એ બંને ભાઈઓની સાથે એક સુકુમારી સ્ત્રી પણ છે.'

'સ્ત્રી ? અને એ પણ સુકુમારી ?' રાવણે આશ્ચર્યોદ્‌ગાર કાઢ્યા. એની વાસનાવૃત્તિ સ્ત્રીનું નામ સાંભળીને હાલી ઊઠી.

'એ સ્ત્રી વળી કોણ છે ?' એણે જિજ્ઞાસા બતાવી.

'એનું નામ સીતા છે.' શૂર્પણખા એની જિજ્ઞાસાવૃત્તિને સંતોષતા બોલીઃ 'એવી રૂપસુંદરી ત્રિભુવનમાં બીજી કોઈયે નહિ હોય. તારે ત્યાં દેવ, દાનવ, યક્ષ ને ગંધર્વની કેટલીય કન્યાઓ છે એ વાત સાચી છે, પરંતુ સીતાનું તો સ્વરૂપ જ જુદું છે. એ તારી પટરાણી થવા માટે બધી રીતે યોગ્ય છે. મારો વિચાર એ સુકુમારીને તારી પત્ની બનાવવા માટે લઈ આવવાનો હતો. મેં એને સમજાવવાનો પ્રયાસ કરવા માંડ્યો ત્યાં જ લક્ષ્મણે

મારા પર મોહિત થઈને મેં એની સાથે લગ્ન કરવાની ના પાડી એટલે મારી આવી દુર્દશા કરી દીધી. તું એ સુંદર સ્ત્રીને મેળવવાની ઈચ્છા રાખતો હોય તો રામ તથા લક્ષ્મણ સાથે યુદ્ધે ચઢ. રામ, લક્ષ્મણ સામાન્ય મનુષ્યો છે. એ તને કશું જ નથી કરી શકવાના. યુદ્ધમાં તારી સામે નથી ટકી શકવાના.'

સીતાનું વર્ણન સાંભળીને રાવણની લાલસા વધી ગઈ.

એને મિથિલાપુરીમાં જનકે રચેલો સીતાનો સ્વયંવર યાદ આવ્યો. એ સ્વયંવરને એ લગભગ ભૂલી ગયેલો, પણ હવે એની આંખ આગળ એ તાજો થયો.

એમાં ધનુષ્ય ઉપાડવા જતાં થયેલું પોતાનું અપમાન અને સીતાએ એ વખતે કરેલું હાસ્ય એને યાદ આવ્યું.

'સીતા સાચેસાચ સૌંદર્યવતી છે.' એ મનોમન બબડ્યો: 'અતિશય સૌંદર્યવતી. એના જેવું સૌંદર્ય તો મેં મારા અત્યાર સુધીના જીવનમાં નથી જોયું. એ સીતા મારી પ્રિયતમા બને તો કેવું સારું ? મારો મહેલ એથી શોભી ઉઠે. પરંતુ એને બળથી નહિ પણ કળથી લાવવી જોઈએ. રામ પ્રતાપી છે. એમનું બાહુબળ મેં સ્વયંવર વખતે જોયેલું છે. એટલે એમની સાથે બળથી કામ લેવા કરતાં બીજી રીતે કામ લેવું જોઈએ.'

એણે શૂર્પણખાને કહ્યું: 'સીતાના સમાચાર પહોંચાડવા માટે તું આટલે દૂર આવી પહોંચી એને માટે તારો આભાર માનું છું. તું થોડા વખતમાં જ જોઈશ કે તારો ફેરો ફોગટ નથી ગયો. સીતાનું થોડા જ વખતમાં હરણ કરીને હું એને મારી પટરાણી બનાવીશ એ નક્કી સમજજે. પછી તો તને શાંતિ થશે ને ?'

શૂર્પણખા ઉત્તેજીત બનીને બોલી ઊઠી: 'હા, જરૂર થશે. જરૂર થશે. સીતાનું હરણ કરી લાવશે ત્યારે મારા આત્માને અજબ પ્રકારનો આનંદ મળશે. એ દિવસે હું સુખપૂર્વક સુઈ શકીશ. ખરના મૃત્યુથી થતી મારા દિલની વેદના એ દિવસે કાંઈક ઓછી થશે તથા મારો અંતરાત્મા તને ઊંડા આશીર્વાદ પ્રદાન કરશે.'

રાવણે પોતાના મંત્રીઓ સાથે પરામર્શ કરીને ચતુરાઈપૂર્વકની યોજના ઘડી કાઢી ને પછી ઉત્તમ રથમાં બેસીને લંકાનગરીની વિદાય લીધી.

વિશાળ સમુદ્રને પાર કરીને એણે એક પરમ પવિત્ર, રમણીય વનમાં પ્રવેશ કર્યો.

એ વનમાં મારીચ રહેતો હતો.

રાવણને જોઈને મારીચે પ્રસન્ન બનીને એનો વિધિપૂર્વક સત્કાર કર્યો,

મારીચે કુશળ સમાચાર પૂછીને એના આગમનનું કારણ પૂછયું. એટલે એ બોલ્યો:

'મારીચ, હું અત્યંત દુઃખી છું. મારા મન પર મહાન ચિંતા ફરી વળી છે. તમે બનતી બધી રીતે મદદરૂપ થઈને મારી ચિંતા દૂર કરો એ આશા સાથે હું આટલે દૂર આવી પહોંચ્યો છું.'

'તમને વળી એવી કયી ચિંતા સતાવી રહી છે ?' મારીચે પૂછ્યું.

'એ જ જોવાનું છે ને ? અયોધ્યાના રાજા દશરથના પુત્ર રામે પોતાના અદ્દભુત પરાક્રમથી ખર, દૂષણ અને બીજા ચૌદ હજાર રાક્ષસોનો નાશ કર્યો છે. એટલું જાણે ઓછું હોય તેમ મારી બેન શૂર્પણખાના નાક, કાન પણ એણે કાપી નાખ્યાં છે. એ ભયંકર અપરાધનો બદલો લેવાનો મેં વિચાર કર્યો છે.'

'કેવી રીતે ?'

'રામની પત્ની સીતા વનમાં એની સાથે જ છે. એ અતિશય રૂપસુંદરી છે. એનું ગમે તેમ કરીને હરણ કરી લાવવાનો મેં નિર્ણય કર્યો છે. એનું હરણ કરી લાવવામાં આવે તો રામના શોકનો પાર ના રહે. એનું બળ ઘટી જાય. અને એવી રીતે હું નિર્ભય બની જાઉં. સીતાને મારી પટરાણી બનાવીને હું સુખી બની શકું. એ ઉત્તમ કાર્યમાં તમારી સંપૂર્ણ સહાયતા મળી રહેશે એવી મને આશા છે.'

મારીચ શાંત રહ્યો એટલે રાવણે ઉત્સાહિત થઈને આગળ કહ્યુ:

'તમારા બળમાં ને તમારી બુદ્ધિમાં મને વિશ્વાસ છે. તમારી પાસે ગમે તેવા કઠિન કામને પણ સરળતાથી કરવાની કળા છે. એ કળાનો ઉપયોગ કરીને સીતાના હરણમાં સહાયક થવાના મંગલમય કાર્યમાં તમે સફળ થશો એવી મને શ્રદ્ધા છે. એ કાર્ય માટે મારે તમારી સંમતિ જોઈએ છે.'

રાવણની વાત સાંભળીને મારીચનો ઉલ્લાસ ઉડી ગયો.

એ પોતે ઊંડી ચિંતામાં ડૂબી ગયો.

એ નિર્ભયતાથી બોલી ઉઠ્યો: 'સીતાનું હરણનું કાર્ય મંગલ નહિ પરંતુ અમંગલ છે અને ઉત્તમ નહિ પરંતુ અધમ છે. એ કાર્યનો વિચાર કરવામાં પણ ભારે કમનસીબી રહેલી છે.'

'કારણ ?'

'એનું કારણ તમે પંડિત છો એટલે સહેલાઈથી સમજી શકો તેમ છો. પારકી સ્ત્રીનું હરણ કરવાની અને એને પોતાની બનાવવાની ઇચ્છા રાખવી એના જેવો અધર્મ બીજો કોઈ જ નથી. એવી પાપમય પ્રવૃત્તિથી દૂર રહેવું જ બરાબર છે. તમારા જેવા બુદ્ધિશાળી રાજાએ એવો પાપવિચાર ના સેવવો જોઈએ. એવો વિચાર અને એને અનુસરીને કરાયલી પ્રવૃત્તિ તમારા તથા લંકાના સર્વનાશનું સાધન બની જાય તો નવાઈ નહિ. માટે એવી વૃત્તિ અને પ્રવૃત્તિથી તમારે દૂર રહેવું જોઈએ. મારા વચનો તમને કડવા લાગશે પરંતુ શાંતિપૂર્વક વિચારશો તો સમજાશે કે તેમાં તમારું હિત સમાયેલું છે. કડવા વચન કહેનાર પણ જો આપણો મિત્ર હોય તો એના વચનો સ્નેહપૂર્વક સાંભળવા જોઈએ.'

રાવણ જરા ઉશ્કેરાઈને બોલ્યો: 'એવી સલાહ તો હું પણ આપી શકું તેમ છું. હું અત્યારે સલાહ લેવા નથી આવ્યો, કામ કરાવવા આવ્યો છું.'

'પરંતુ એ કામ કોની સામે કરવાનું છે એ ખબર છે ? રામની સામે. અને રામની અસાધારણ શક્તિનો મને પરિચય છે. એ જ્યારે મુનિ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરતા હતા ત્યારે એ યજ્ઞમાં ભંગ પાડવાનો મેં વિચાર કરેલો. એ વખતે એમણે બતાવેલા અદ્દભુત પરાક્રમને યાદ કરું છું ત્યારે મને આજે પણ રોમાંચ થઈ આવે છે. રામના સામર્થ્યની સરખામણી કોઈની સાથે પણ નથી કરી શકાય તેમ. બળ અને બુદ્ધિમાં એ સૌથી શ્રેષ્ઠ છે. એવા મહાપુરુષનો વિરોધ કરવાનું અને એમની સ્ત્રીનું હરણ કરવાનું કામ પોતાને હાથે પોતાની ઘોર ખોદવા બરાબર છે. એવા કુકર્મની સંમતિ મારાથી કેવી રીતે આપી શકાય ?'

રાવણે કહ્યું: 'રામ બળવાન હશે તો પણ મારા બળની સાથે એમની તુલના તો થઈ શકે જ કેવી રીતે ? બળ, બુદ્ધિ કે પરાક્રમમાં મારી બરાબરી કરી શકે એવું કોઈ જ નથી અને કોઈ થવાનું પણ નથી. તમે મારા આશ્રિત છો પછી તમારે શાનો ભય છે ?'

'મારો ભય સહેતુક છે. મેં રામના બાણનો સ્વાદ ચાખેલો છે. એટલે જ એ ભય પેદા થયો છે. હજુ થોડા દિવસ પહેલાં જ હું મારા બે મિત્રરાક્ષસો સાથે દંડકારણ્યમાં ગયેલો. ત્યાં રામ, લક્ષ્મણ અને સીતા ત્રણે હતા. મેં મૃગનું રૂપ ધારીને રામ પર આક્રમણ કરવાનો પ્રયાસ કર્યો. તે વખતે રામે ત્રણ બાણ મારવાથી મારા બે મૃગ શરીરધારી રાક્ષસમિત્રો મરણ પામ્યા ને હું જેમતેમ કરીને જીવ બચાવીને ભાગી નીકળ્યો. એ ઘટના પછી મેં મારું જીવન બદલી નાખ્યું છે. હું મોટે ભાગે તપશ્ચર્યામાં જ સમય પસાર કરું છું. મારા પહેલાનાં કુકર્મોનું સ્મરણ કરું છું ને એને માટે પશ્ચાતાપ કરતાં ફરીથી કોઈ કુકર્મ ના થાય તેનું ધ્યાન રાખી મારું જીવન શાંતિપૂર્વક વ્યતીત કરું છું. તમારા આવા અધમ કામમાં મારાથી સહકાર નહિ આપી શકાય. એને માટે હું લાચાર છું.'

રાવણ ક્રોધે ભરાઈને બોલ્યો: 'પરંતુ એ અસહકાર અથવા લાચારીનું પરિણામ શું હશે એ જાણો છો ? એની કલ્પના કરી શકો છો ? મારી સાથે સીતાના હરણમાં સહયોગ કરવાનો ઈન્કાર કરશો તો એના દંડરૂપે તમને મારી નાખીશ. મારી કોમળતા તથા કઠોરતા ને મારી કૃપા અને અવકૃપાનો તમને પૂરતો પરિચય છે.'

મારીચને ખબર હતી કે રાવણ ક્રુરમાં ક્રુર કર્મ પણ કરી શકે એમ છે એટલે રાવણના શબ્દો સાંભળીને એને ધ્રુજારી છૂટી. એના હોશકોશ ઊડી ગયા.

તો પણ એણે રાવણને સમજાવવાનો છેલ્લો પ્રયત્ન કરી જોયો.

'વિનાશકાળે બુદ્ધિ વિપરીત થાય છે એવું કહેવામાં આવ્યું છે એની ખબર છે ને ?'

'ખબર છે.' રાવણે ઉત્તર આપ્યો: 'અને એ પણ ખબર છે કે મારી બુદ્ધિ વિપરીત નથી.'

'આથી વધારે વિપરીત બુદ્ધિ બીજી કઈ હોઈ શકે ? તમારી આ બુદ્ધિમાં અને એમાંથી ઉત્પન્ન થયેલી યોજનામાં મને લંકાના વિનાશનાં બીજ દેખાય છે, માટે મારી પ્રાર્થના છે કે તમે જે બુરે માર્ગે આગળ વધવાનું વિચારી રહ્યા છો તે માર્ગેથી પાછા વળો. એ માર્ગ તમારા તથા તમારી પ્રજાના મંગલનો નથી જ. તમે મને અત્યારે તમારી સાથે સહકાર ન કરવા માટે મરણદંડની ધમકી આપો છો કે બીક બતાવો છો છતાં પણ મને તમારા શ્રેયની જ વાત કરવાનું ઉચિત લાગે છે. કારણ કે તમારા શ્રેયમાં મારું શ્રેય પણ સમાયલું છે.'

'મારું શ્રેય તો સૌંદર્યવતી સીતાને મેળવવામાં અને એને મારી કરવામાં છે.'

'એ ખોટું છે. એ વિચારને મનમાંથી કાઢી નાખો.'

'નહિ કાઢી શકું. મને સીતા મળશે ત્યારે જ શાંતિ વળશે. હું સીતાની આકાંક્ષા રાખું છું. તમારો ઉપદેશ નથી ચાહતો.'

'ઉપદેશ નથી આપતો પરંતુ સલાહ આપું છું.'

રાવણ રોષથી રાતોપીળો થઈ ગયો. એણે તલવાર તાણીને કહેવા માંડ્યું:

'તમે મને સલાહ આપનાર વળી કોણ ? હું તારી સલાહ પણ નથી માગતો. ફકત મદદ માગું છું. એ મદદ ના આપી શકતા હો તો અત્યારે જ કહી દો જેથી એક પળનાય વિલંબ વિના આ તલવારથી તમારા મસ્તકને ધડથી અલગ કરી દઉં. મારી આજ્ઞાનું પાલન નહિ કરીને તમે જીવતા નહિ રહી શકો. મારાથી તમારો આ ઉપદેશ અથવા નિરર્થક પ્રલાપ નથી સહેવાતો.'

મારીચના સમસ્ત શરીરમાં કંપારી છૂટી. એને થયું કે અહીં રહીને રાવણના હાથથી મરવું એના કરતાં રાવણના આદેશાનુસાર વર્તીને રામના હાથે મરવું વધારે સારું છે. રાવણનો વિરોધ કરવાથી અથવા એને સમજાવવાનો વિશેષ પ્રયાસ કરવાથી એ પોતાને યમસદનમાં પહોંચાડી દેશે એ નક્કી છે, એટલા માટે એનો વિરોધ કરવો વ્યર્થ છે.

એણે ક્રોધે ભરાયેલા રાવણને શાંત કરવાનો પ્રયાસ કરતાં કહ્યું:

'રામનો વિરોધ કરીને પણ હું જીવતો તો નહિ જ રહી શકું ને તમે પણ મને જીવતો નહિ રહેવા દો. મૃત્યુ મારા મસ્તક પર ભમે છે. પ્રત્યેક પ્રાણીને માટે એ અવશ્યંભાવિ છે. માટે તમારું કામ કરતાં કરતાં રામને હાથે મરવું પડે તો મરવા માટે તૈયાર છું. મારે શું કરવાનું છે તે મને કહી બતાવો.'

રાવણ જરાક શાંત અને પ્રસન્ન થઈને બોલ્યો: 'હવે તમારી બુદ્ધિએ તમને સાચી વાત કહી બતાવી. મારી આજ્ઞા પ્રમાણે ચાલવામાં તમારું કલ્યાણ છે. રામના હાથે તમારું મૃત્યુ શા માટે થશે ? મેં તમારું મૃત્યુ થવાને બદલે મારે હાથે તમારું મહાન સન્માન થાય એવો સુંદર રસ્તો શોધી કાઢ્યો છે. મેં મારી બુદ્ધિનો ઉપયોગ કરીને એક સરસ યોજના ઘડી કાઢી છે. એ યોજના એટલી બધી અકસીર છે કે વાત નહિ. એ યોજનાનો અમલ કરતાં કરતાં તમારું મરણ થશે તો પણ મારી આજ્ઞાના પાલનને પરિણામે થનારું એ મરણ તમારે માટે કલ્યાણકારક થઈ પડશે. તમારે બીજું કશું જ નથી કરવાનું પરંતુ મારા આદેશનો અમલ કરવાનો છે.'

રાવણના શબ્દોને ભયભીત બનીને સાંભળી રહેલા મારીચને સંબોધીને રાવણ ફરી બોલ્યો:

'હવે એક ઘડીનાય વિલંબ વિના મારા આકાશગામી વાયુવેગી રથમાં બેસી જાવ. આપણે અત્યારે ને અત્યારે જ રામના પંચવટીના નિવાસસ્થાનમાં જઈશું. તમારે સીતાના મારી દ્વારા થનારા હરણમાં કેવો ભાગ ભજવવાનો છે તે સંબંધી સઘળી વાત તમને રસ્તે જતા કહી બતાવું. તે સાંભળીને તમને મારી અસાધારણ બુદ્ધિને માટે માન ઉત્પન્ન થશે. ચાલો રથમાં બેસી જાવ.'

રાવણ ઊભો થયો, આગળ વધ્યો, અને મારીચે એનું અનુસરણ કર્યું.

* * * * *

## ૩૨. સીતાનું હરણ

મારીચ સારી પેઠે સમજતો'તો કે પોતે એક ભયંકર કુકર્મમાં મદદરૂપ થવા માટે તૈયાર થયો છે. એ સમજને પરિણામે એનો આત્મા ડંખતો'તો પણ ખરો. છતાં પણ રાવણના ભયથી પોતે કુકર્મમાં મદદરૂપ થવા માટે તત્પર થયો. એ એના મનોબળની એટલી નિર્બળતા માનીએ તો ચાલે.

વાયુવેગી, ગગનગામી રથમાં બેસીને આગળ વધતાં વધતાં રાવણે એને પોતાની સીતાહરણની યોજના સંક્ષિપ્તમાં બતાવી ત્યારે એને થયું કે પોતાનું મૃત્યુ હવે હાથવેંતમાં અને નિશ્ચિત છે. કોઈ પણ ઉપાય કરવામાં આવશે તો પણ એમાંથી હવે નહિ છૂટી શકાય.

નીચે દેખાતાં વિશાળ નયનાભિરામ નગરો, સુંદર વનપ્રદેશો, પર્વતો, જંગલો ને સરિતાપ્રવાહો પરથી પસાર થતાં રાવણે મારીચની સામે જોઈને કહ્યું: 'મારી યોજના સારી પેઠે સમજાઈ ગઈ ને ?'

મારીચે ઉદાસીનતાપૂર્વક ઉત્તર આપ્યો: 'હા સમજાઈ ગઈ.'

'એ યોજના પસંદ પડીને ?'

'પસંદ પડી.'

'કેટલી સરસ યોજના છે ?' રાવણ અહંકારભરી ભાષામાં બોલ્યો: 'આવી યોજના મારા વિના સ્ફુરે પણ કોના મનમાં ? મારી જેવી અને જેટલી બુદ્ધિ કોનામાં છે ? બીજા કોઈને તો આવી કલ્પના પણ ના આવી શકે. હવે સીતાનું હરણ કરવાનું સહેલું થઈ પડશે. અને એકવાર એનું હરણ થઈ જશે એટલે એને મારી પટરાણી બનાવતાં પણ વાર નહિ લાગે.'

મારીચ રાવણના પ્રતાપી મુખ તરફ જોઈ રહ્યો એટલે રાવણ બોલ્યો: 'આજે રામ, લક્ષ્મણ ને સીતા મારા બુદ્ધિબળનો ચમત્કાર પણ ભલે જુએ. એમને મારી આજની પ્રવૃત્તિથી પ્રતીતિ થશે કે રાવણ ઓછો બુદ્ધિશાળી નથી. સીતાનું હરણ કરવાનું મહત્વનું કામ મારું છે. તમારે તો મેં કહ્યું તેમ એક જ આરંભનું કામ કરવાનું છે. સુવર્ણમૃગ બનીને સીતાના ધ્યાનને ખેંચીને સીતાને મોહિત કરવાનું, અને તમને પકડવા કે મારવા માટે આવતા રામને વનમાં દૂર દૂર ખેંચી જવાનું તથા છેવટે લક્ષ્મણને પણ આશ્રમમાંથી યુક્તિ પ્રયુક્તિ દ્વારા દૂર કરવાનું. એવી રીતે એકલી પડેલી સીતાની શક્તિ નથી કે મારો સામનો કરી શકે. એને બળજબરીથી પકડી, રથમાં બેસાડીને હું લંકા પ્રતિ પ્રયાણ કરીશ.'

'પરંતુ લક્ષ્મણ આશ્રમભૂમિનો ત્યાગ નહિ કરે તો ?' મારીચને શંકા થઈ.

'નહિ કેમ કરે ? તમારો પોકાર સાંભળીને સીતાનો ત્યાગ કરશે જ. અને નહિ કરે તો પણ, પાછળથી હું એને ગમે તેમ કરીને મારી નાખીશ ને સીતાને હાથ કરીશ. તમે પહેલાં તમારું કામ પૂરું કરો, પછી મારે શું કરવું અને કેવી રીતે કરવું તે હું બરાબર જાણું છું. ગોદાવરી નદીનો સુંદર પ્રદેશ તો આ આવી પહોંચ્યો પણ ખરો.'

ગોદાવરી નદીનો પ્રસન્ન પ્રદેશ શરૂ થયો. થોડેક છેટે કેળના વનથી વીંટળાયેલો રામનો આશ્રમ દૃષ્ટિગોચર થયો એટલે રાવણે રથને ધીમેથી નીચે ઉતાર્યો.

રથમાંથી સંભાળપૂર્વક બહાર નીકળીને રાવણ પોતાની વિશેષ શક્તિથી વેશ પરિવર્તન કરીને બાજુના નિર્જન વિશાળ વનમાં છુપાઈ રહ્યો અને મારીચને એણે પુનઃ સઘળી સુચના આપી, હિંમત તેમ જ આશીર્વાદ પ્રદાન કરતાં વિદાય કર્યો.

મારીચ સુવર્ણ મૃગનું સુંદર સ્વરૂપ ધારણ કરીને આગળ વધ્યો.

રાવણે એને ઉત્સાહ આપતાં કહ્યું: 'તમારે માથે અચાનક કોઈ સંકટ આવી પડે તો તમે એકલા છો એવું ના સમજતાં. હું તમારી સાથે જ છું અને તમારી પાછળ પાછળ જરૂર પડતાં તરત જ આવી પહોંચીશ. સીતાને મોહિત કરીને રામ તથા લક્ષ્મણને આશ્રમથી દૂર લઈ જવાનું કામ કરી દેશો એટલે સીતાના હરણનું આગળનું કામ તો હું ચપટી વગાડતામાં પૂરું કરી દઈશ. તમારી સહાયતાના બદલામાં તમને મારા અડધા સામ્રાજ્યના સ્વામી બનાવીશ, ને લંકાપુરીમાં પાછા ફરીને તમારું બહુમાન કરીશ.'

મારીચની પાસે બીજો કોઈ માર્ગ ના રહ્યો એટલે એણે સુવર્ણ મૃગનું સુંદર સ્વરૂપ લઈને રામના આશ્રમ આગળ ફરવા માંડ્યું. એનું રૂપ અત્યંત અદ્દભુત હતું.

રામની આશ્રમભૂમિ પર ફરતાં ફરતાં એણે લીલુંછમ ઘાસ ખાવા માંડ્યું. સીતા ફૂલવાડીમાં ફૂલ તોડી રહી હતી.

એની સામે આવીને એ રત્નમય મણિજડિત મૃગ ફરવા ને ચરવા લાગ્યું એટલે સીતાની દૃષ્ટિ સ્વાભાવિક રીતે જ એના તરફ આકર્ષાઈ.

સુવર્ણમૃગના દર્શનથી એને ભારે આશ્ચર્ય થયું.

એણે રામ તથા લક્ષ્મણને પોકારીને કહ્યું: 'આ મૃગ તો જુઓ ! એનું સ્વરૂપ કેટલું બધું અસાધારણ સૌન્દર્યવાળું અને અલૌકિક છે ? એને જોતાંવેંત જ એના પ્રત્યે મારું મન આકર્ષાય છે. '

રામ પણ એ મૃગનું અવલોકન કરીને ઊંડા આકર્ષણનો અનુભવ કરવા લાગ્યાં.

એમણે કહ્યું: 'આવા અલૌકિક મૃગનું દર્શન તો આજે જ થયું. એની શોભા એટલી બધી અનેરી છે કે એના સુંદર શરીર પરથી દૃષ્ટિ હઠાવવાનું મન જ નથી થતું.'

સીતા બોલી: 'આ સુંદર મૃગ જો આપણાં આશ્રમમાં હોય તો એની શોભા સાચેસાચ વધી જાય. તમે ગમે તેમ કરીને એને જીવતું કે મરેલું પકડી લાવો. એને જીવતું ના પકડી શકાય ને મરેલું લવાય તો પણ એની ચિત્રવિચિત્ર ચામડી આપણને બેસવાના આસન તરીકે કામ લાગે. માટે તમે યુક્તિપ્રયુક્તિપૂર્વક એને હાથ કરવાનો પ્રયત્ન કરો.'

લક્ષ્મણનું મગજ જુદી જ દિશામાં ફરી રહ્યું હતું. એના મનમાં બીજા જ વિચારો ઘોળાઈ રહેલા.

એમને વાચા આપતાં કહ્યું: 'આ મૃગ અતિશય સુંદર છે તેની ના નહિ પરંતુ તેને જોઈને મારા મનમાં જુદી જ જાતના વિચારો પેદા થાય છે. મને તો પેલા મારીચ નામના રાક્ષસનું સ્મરણ થઈ આવે છે.'

'એને અને આ સુવર્ણમૃગને શું સંબંધ ?' સીતાએ પૂછયું.

'સંબંધ કેમ ના હોય ? આ પહેલાં એ કપટી રાક્ષસોએ અનેક વાર મૃગનું રૂપ ધારણ કરીને વનમાં શિકાર માટે આવેલા રાજાઓનો નાશ કરેલો છે. એ રાક્ષસની બુદ્ધિ અતિશય દુષ્ટ છે એટલે એ કયે વખતે શું

કરે એ કશું જ સ્પષ્ટ કહી ના શકાય. આ મૃગનું રૂપ ધારણ કરીને આપણને ભૂલાવામાં નાંખવા માટે એ પોતે જ ફરતો હોય એવું પણ બની શકે.'

'લક્ષ્મણનો સ્વભાવ ઘણો શંકાશીલ લાગે છે.'

'એની શંકાની પાછળ કશું તથ્ય પણ હોઈ શકે.' રામે કહ્યું: 'કોઈક રાક્ષસે પણ આવું સુંદર સ્વરૂપ ધારણ કર્યું હોય. પરંતુ આ સુવર્ણમૃગના રૂપમાં કોઈક રાક્ષસ હોય તો પણ શું ? રાક્ષસોનો સંહાર કરવો એ તો આપણું કર્તવ્ય છે. ઋષિમુનિને પીડા પહોંચાડતા અને બીજા નિર્દોષ જીવોની હત્યા કરતાં રાક્ષસોની હત્યા કરવાનું આપણું વ્રત છે. એ વ્રતનું પાલન કરતાં તો આપણે અહીં રહીએ છીએ. એટલે આ મૃગનું રૂપ મારીચે અથવા બીજા કોઈ રાક્ષસે ધારણ કર્યું હશે તો પણ એનો નાશ કરવાની પ્રવૃતિ યોગ્ય જ છે. અને એ સાચેસાચ મૃગ હશે તો પણ શું ? તો એને પકડવાથી કે મારવાથી સીતાને સંતોષ થશે.'

સીતાએ રામના વિચારોનું સમર્થન કર્યું એટલે સીતાની રક્ષા કરવાનું કામ લક્ષ્મણને સોંપીને રામ એ સુવર્ણમય મણિજડિત મૃગને પકડવા માટે તૈયાર થયા.

સુવર્ણમૃગ રામના મનોભાવને જાણી લઈને, પોતાનો પુરુષાર્થ ફળવાની પ્રતીતિ સાથે દોડવા લાગ્યું. એના રૂપમાં રહેલો મારીચ ઘડીકમાં વનની ગીચ ઝાડીમાં અદ્રશ્ય થતો તો ઘડીમાં બહાર નીકળીને રામ અને સીતાના મનને મોહિત કરતો અથવા આકર્ષતો દોડવા માંડયો.

રામને પોતાને પકડવા માટે આવવાનું આમંત્રણ આપતો હોય તેમ એ મૃગના રૂપમાં રહેલો મારીચ પોતાના મસ્તકને ઊંચુ કરીને વારંવાર રામની તરફ જોવા લાગ્યો.

રામ એ આમંત્રણનો સ્વીકાર કરતાં હોય તેમ ધનુષ્યબાણને ધારણ કરીને ચાલી નીકળ્યા.

મારીચને એટલું જ જોઈતું હતું.

વનના વિકટ માર્ગો પરથી આગળ વધતો એ રામને ખૂબ જ અંદર ને દૂર લઈ ગયો.

મૃગને મારવાનો સંકલ્પ કરી ચૂકેલા રામ એની પાછળ દોડતા દોડતાં થાકી ગયા ત્યારે છેવટે નિરૂપાય બનીને એમણે એના પર પ્રાણઘાતક બાણ છોડયું.

એ બાણ વાગતાંવેંત જ મૃગ ભયંકર ચિત્કાર કરતું ઢળી પડ્યું. પરંતુ ઢળતી વખતે એણે 'હા લક્ષ્મણ, હા લક્ષ્મણ નો કરુણ પોકાર પાડ્યો.

એ મર્મભેદક પોકાર સાંભળીને સીતાને કાંઈનું કાંઈ થઈ ગયું. એનું હૈયું હાલી ઊઠ્યું.

એણે લક્ષ્મણને કહ્યું: 'સુવર્ણમૃગને મારવા માટે ગયેલા રામને માથે જરૂર કોઈ મોટી આફત આવી પડી છે. એ સિવાય એ આવો પોકાર પાડે નહી. ભયંકર આફતમાં સપડાવાને લીધે એ તમને બોલાવી રહ્યા છે. એ મુસીબતમાં ના હોય તો આવો પોકાર પાડે જ નહીં. '

એ જ વખતે મરતાં પહેલાં મારીચે અંતરનો અફસોસ વ્યક્ત કરતાં કહેવા માંડ્યું: 'રામ, તમે મારા માયાવી રૂપને જોઈને ભાન ભૂલી ગયા એ વિધિની વિચિત્રતા છે. તમને મારા સુવર્ણમૃગના સ્વરૂપથી મોહિત કરીને મારી પાછળ ખેંચી લાવવાના ઉદ્દેશમાં મને સફળતા મળી એ જોઈને મને આનંદ થાય છે અને થોડો શોક પણ થાય છે. મને અફસોસ છે કે તમારા જેવા મેધાવી પુરુષને મેં મારી મોહજાળમાં બાંધી દીધા.'

મારીચના શબ્દો સાંભળીને રામને ચિંતા થવા માંડી. એ ઝડપથી આશ્રમ તરફ પાછા વળ્યાં.

એ વખતે સીતાના શબ્દો સાંભળીને લક્ષ્મણ તરત બોલી ઉઠ્યો: 'રામ કોઈ આફતમાં સપડાયા હોય એવું હું નથી માની શકતો. એ એટલા બધા પરાક્રમી છે કે એમને કોઈ સંકટમાં સપડાવી શકે તેમ છે જ નહીં. મને તો લાગે છે કે મૃગના રૂપવાળા કોઈક દુષ્ટ રાક્ષસે જ રામના જીવલેણ બાણથી મરતી વખતે મને મોહમાં નાંખીને તમારી પાસેથી છૂટો પાડવા માટે જ આવો પોકાર પાડ્યો હશે. આ દુષ્ટપ્રકૃતિ, હીનબુદ્ધિ રાક્ષસોની અધમતાને તમે નથી જાણતા. પોતાની માયાનો આધાર લઈને એ અનેક જાતના કુકર્મ કરતાં હોય છે.'

'એ વાત સાચી છે.' સીતા બોલી: 'પરંતુ અત્યારે તો મને એમ જ લાગે છે કે રામને માથે ભય છે. મારો આત્મા એમ જ કહી રહ્યો છે. કોઈ રાક્ષસે એમને ભારે કરુણ રીતે ઘેરી લીધા હોય, એની સાથે લડવામાં એમને મુશ્કેલી પડતી હોય અને તમારી મદદની જરૂર હોય એવું લાગે છે. માટે વ્યર્થ વિચારોમાં વખત બરબાદ કરવાને બદલે તમે વહેલી તકે એમની મદદે દોડી જાવ એ જ બરાબર છે. મારું હૃદય તો એમ જ કહે છે.'

'પરંતુ મારું હૃદય એવું નથી કહેતું તેનું શું ? તમારા રક્ષણની જવાબદારી રામે મને સોંપી છે એટલે એ જવાબદારીનો મારાથી ત્યાગ નહિ કરી શકાય. આવા ઘોર અરણ્યમાં તમને એકલા મૂકીને જવા માટે મારું મન નથી માનતું.'

સીતાએ છંછેડાઈને કહ્યું: 'મારા રક્ષણની ચિંતા તમારે જરા પણ નથી કરવા જેવી. હું તો નિર્ભય છું. માટે મારી ચિંતા કરીને અહીં બેસી રહેવાને બદલે રામની ચિંતા કરીને એમની પાછળ વનમાં જાવ.'

'પરંતુ રામની અકારણ ચિંતા શા માટે કરવી જોઈએ ?'

'એ ચિંતા અકારણ નથી પણ સકારણ છે. રામે તમારી મદદ માટે પોકાર પાડ્યો છે એથી વિશેષ વજનદાર કારણ બીજું કયું હોઈ શકે ? '

'એ પોકાર રામનો હોય એવું હું નથી માનતો.'

'તમે તો કશુંયે નહિ માનો. તમારી બુદ્ધિ બહેર મારી ગઈ લાગે છે. રામ પર આફત આવે અથવા રામ સંકટોના શિકાર બને એમાં તમને આનંદ આવતો લાગે છે. તમારા મનમાં આવા અમંગલ ભાવો ને વિચારો ઘર કરી બેઠા હશે એની મને ખબર નહી.'

એમ કહીને સીતાએ લક્ષ્મણને કેટલાંક અનુચિત વચનો કહી બતાવ્યા.

એથી લક્ષ્મણને ભારે દુઃખ થયું.

પરિણામે સીતાને વનમાં એકાંત આશ્રમમાં એકલી છોડીને જવાની ઈચ્છા ના હોવા છતાં પણ, લક્ષ્મણ રામની શોધમાં જે દિશામાંથી પોકાર સંભળાયેલો તે જ દિશામાં વિદાય થયો.

પોતાના પાસા સીધા પડેલા જાણીને વનમાં છૂપાવેશે સંતાઈ રહેલા રાવણને ઘણો આનંદ થયો.

મારીચનો મનોમન આભાર માનીને, લક્ષ્મણને દૃષ્ટિપટથી દૂર થયેલો જોઈ એ ચારે તરફ નજર નાંખતો ધીમે પગલે બહાર નીકળ્યો.

સીતાહરણની પોતાની યોજનાને વહેલી તકે પૂરી કરવા માટે એ તૈયાર થયો.

*

મધ્યાહ્નના એ સમયે આરામ કરતી ઊર્મિલાની આંખ જરાક મીંચાઈ ગઈ. અને થોડીવારમાં તો એની અંતરઆંખ આગળ એક દૃશ્ય ઉપસ્થિત થયું.

એ દૃશ્ય ગોદાવરી તટ પરની પંચવટીનું હતું.

એ સુંદર સ્થળના એકાંત આશ્રમમાં સીતા એકલી બેઠી હતી.

ઊર્મિલાએ સીતાને પૂછ્યું : 'આજે અહીં એકલી કેમ છે ? રામ અને લક્ષ્મણ ક્યાં ગયા ?'

સીતાએ ચમકીને આનંદમગ્ન બનતા ઊર્મિલાનું સ્વાગત કર્યું.

એ એને ભેટી પડી ને બોલી: 'ઓહો, તું છે ? હું તને યાદ જ કરતી હતી. રામ તથા લક્ષ્મણ વનમાં સુવર્ણમૃગની પાછળ ગયા છે.'

'સુવર્ણમૃગની પાછળ ?'

'હા. સુવર્ણમૃગની પાછળ. એ મૃગ અતિશય સુંદર છે. એને જીવતું કે મરેલું મેળવવાની મારી ઈચ્છાને સંતોષવા રામ વિદાય થયા છે અને લક્ષ્મણ પણ એમની પાછળ ગયા છે.'

'પરંતુ વનમાં રાક્ષસો રહે છે તેનું શું ?'

'રાક્ષસો ? હવે મને રાક્ષસોનો ભય નથી લાગતો. વનના જીવનથી હું સારી પેઠે ટેવાઈ ગઈ છું.'

'રામ તથા લક્ષ્મણ કુશળ તો છે ને ?'

'કુશળ છે. રાક્ષસોનો નાશ કરીને એ વનને નિરાપદ બનાવી રહ્યા છે.'

'તને અહીં ગમે છે ?'

'ગમે છે. વનમાં જેવો આનંદ છે એવો અલૌકિક આનંદ રાજભવનમાં નથી મળી શકતો. મન એક સ્થાનમાંથી ઉપરામ બને છે ત્યારે બીજા સ્થાનમાં જવાની ઈચ્છા કરે છે. હવે કાંઈક એવું જ થઈ રહ્યું છે. તને લક્ષ્મણ વિના ગમે છે ખરું ?'

'રામના વિયોગની કલ્પના કરીને એ પ્રશ્ન પૂછ તો એનો ઉત્તર તને આપોઆપ મળી રહેશે. સંસારમાં બીજું બધું જ હોય પરંતુ પતિ ના હોય તો એ બધું નહિ જેવું લાગે છે. તારે રામના વિયાગની વ્યથાને હજુ ક્યાં વેઠવી પડી છે ? એટલે તને તેનો ખ્યાલ નહિ આવી શકે. તારે એવી વ્યથા ના વેઠવી પડે એવું ઈચ્છું છું. પરંતુ એ કાંઈ કોઈના હાથની વાત છે ? મારે પણ એવી વ્યથા ક્યાં વેઠવી'તી ?'

એટલામાં તો આશ્રમના આંગણમાં એક ભિક્ષુક આવી પહોંચ્યો.

એના મસ્તક પર શિખા, હાથમાં લાકડી ને કમંડલ તથા શરીર પર ભગવા જેવું વસ્ત્ર હતું.

સીતા તથા ઊર્મિલાએ એના સાધુ સ્વરૂપને જોઈને પૂજ્યભાવે પ્રણામ કર્યા.

સીતાના અસાધારણ સૌંદર્યને નિહાળતાં વેંત જ એ કામવિકારથી પીડિત થઈને કહેવા માંડ્યો: 'દેવી, તું કોણ છે અને અહીં શા માટે રહે છે ? તારી સાથેની આ સુકુમારી કોણ છે ? તું કામદેવની પત્ની રતિ તો નથી ? તારા અદ્દભુત સ્વરૂપને જોઈને તારો પરિચય કરવાનું મને મન થયું છે.'

સીતાએ એનો વિધિપૂર્વક સત્કાર કર્યો, એ પછી પોતાનો સવિસ્તર પરિચય આપ્યો, અને કોઈક સેવા સ્વીકારવાની પ્રાર્થના કરીને પૂછ્યું: 'તમારો પરિચય મને કરાવી શકશો ? તમારા જીવનનું ધ્યેય શું છે ? અથવા વનમાં તમે કયા ઉદ્દેશની પૂર્તિ માટે ફરી રહ્યા છો તે જણાવી શકશો ?'

સાધુએ કહ્યું: 'મારો ઉદ્દેશ સીધો ને સ્પષ્ટ છે - તારા હરણનો.'

'મારા હરણનો ?' સીતાને નવાઈ લાગી.

'હા. તારા હરણનો. તારા રતિથીયે રૂપાળ રૂપને જોઈને હું સાચેસાચ મોહિત થયો છું ને તારું હરણ કરવા કૃતસંકલ્પ બન્યો છું.'

'પરંતુ તમે તો સાધુ કે ત્યાગી છો.' ઊર્મિલા વચ્ચે બોલી: 'ત્યાગી થઈને આવા બુરા વિચારો સેવો છો તે શું તમને શોભે છે ?'

'મારી પાસે વાદવિવાદ કરવાનો વખત નથી. રામ અને લક્ષ્મણ આવી પહોંચે તે પહેલાં હું મારું કામ પતાવી દેવા માંગું છું, તને તો હું સ્પર્શ પણ નથી કરવાનો, પરંતુ સીતાને ઉઠાવી જઈશ.'

સીતા સહેજ ગભરાટ સાથે બોલી:

'પરંતુ તમે છો કોણ ?'

'હું કોણ છું તે તારે જાણવું છે ? જેના નામથી મોટા મોટા દેવતાઓ, દાનવો ને ગંધર્વો પણ ડરે છે તે રાવણ-લંકાપતિ રાવણ હું પોતે છું. તને મારી પટરાણી બનાવવા માગું છું.'

'તું રાવણ છે ? દુષ્ટ, તું મારું હરણ કરવા આવ્યો છે ? રામ ને લક્ષ્મણ હમણાં જ આવી જશે ને તારી ખબર લઈ નાખશે.'

પરંતુ રાવણ પોતાનો સંકલ્પ પૂરો કરવા માટે તત્પર હતો. એણે કહ્યું:

'દેવી, તું મારા પર નકામો ક્રોધ કરી રહી છે. હું તારું કલ્યાણ કરવાની ઈચ્છા રાખું છું. તું મારી પત્ની થવા માટે બધી રીતે યોગ્ય છે અને હું તારો પતિ થવા માટે યોગ્ય છું.'

એવું કહીને રાવણે પોતાનું મૂળ રૂપ પ્રકટ કર્યું.

એ ભયંકર રૂપ જોઈને સીતા અને ઊર્મિલા બંને ધ્રુજવા માંડી.

ઊર્મિલાએ કહ્યું: 'આવા શબ્દો તારે ના બોલવા જોઈએ, રાવણ ! આવા મલિન વિચારો ના સેવવા જોઈએ.'

પરંતુ રાવણ આગળ વધ્યો ને બોલ્યો:

'હું તારું હરણ કરવા ક્યાં આવ્યો છું કે તું મને ઉપદેશ આપી રહી છે ? હું તો સીતાના સ્વરૂપને જોઈને મોહિત થયો છું.'

રાવણે સીતાને પકડવા માટે હાથ લંબાવ્યા એ જોઈને સીતા વાયુવેગથી ધ્રુજતી વલ્લરીની પેઠે ધ્રુજવા લાગી, ને બોલી:

'આ આવ્યા રામ. આ આવ્યા લક્ષ્મણ. હવે તું મારું હરણ નહિ કરી શકે. રામ અને લક્ષ્મણ તને જીવતો નહિ જવા દે.'

રાવણે ભયભીત બનીને ચારે તરફ નજર કરી.

એ જ વખતે ઊર્મિલાની આંખ ઉઘડી ગઈ.

એ અયોધ્યાના રાજપ્રાસાદમાં સુતી હતી.

બેઠી થઈને એ સ્વપ્ન વિશે વિચાર કરવા લાગી. કેવું વિચિત્ર સ્વપ્ન છે ! જાગૃતિથી પર થઈને મન કેવી કેવી લીલા કર્યા કરે છે ? જાણે કે સઘળું સાચું જ બનતું હોય એવું લાગ્યા કરે છે !

*

અરણ્યમાં રામના આશ્રમ પાસે છૂપાયેલો રાવણ સાધુનો સ્વાંગ ધરીને સીતાની પાસે આવીને બળજબરીથી સીતાને ઉપાડીને ચાલવા લાગ્યો ત્યારે સીતાએ ભારે રોકકળ કરી મૂકી.

ગોદાવરીનાં નીર પણ થંભી ગયા, વાયુએ વહેવાનું બંધ કર્યું, ને શોકિત સૂર્ય વાદળ પાછળ છૂપાઈ ગયો. આખીયે પ્રકૃતિ વિષાદમગ્ન બની ગઈ.

સીતાનાં શોકની પરવા કર્યા વિના રાવણે એને રથમાં નાખી અને આકાશ માર્ગે ઝડપથી લંકા પ્રતિ પ્રયાણ કર્યું.

* * * * *

## 33. જટાયુનો પ્રતિકાર

પોતાના ધારેલા કાર્યમાં સ્વલ્પ સફળતા મળવાથી રાવણનો ઉલ્લાસ વધી ગયો. આકાશ માર્ગે આગળ વધતો રાવણ ઉલ્લાસના મૂર્તિમંત સ્વરૂપ જેવો દેખાવા માંડ્યો. સીતાને મેળવીને અને એનો સુધામય શીતળ સ્પર્શ પામીને એનો પ્રાણ પુલકિત બની ગયો. પરંતુ કેટલોક પંથ કાપ્યા પછી એના ઉલ્લાસમાં ભંગ પડ્યો.

સીતાનો અતિ આર્ત શોક-સ્વર સાંભળીને વનમાં વિહારે નીકળેલો જટાયુ ઝડપથી આવી પહોંચ્યો. એણે આકાશ માર્ગે જતી સીતાને ઓળખી કાઢી અને બધી પરિસ્થિતિનો પાર પામી લીધો.

રાવણને ઓળખવાનું કામ એને માટે સહેલું ના હોવા છતાં પણ એને એના ભયંકર કુકર્મની ગંધ તો આવી જ.

એણે આકાશગમનની પોતાની વિશેષ શક્તિ દ્વારા રાવણના રથને અસાધારણ સાહસ કરીને અંતરાય નાખીને નીચે પાડ્યો અને રાવણને યુદ્ધ કરવા માટે પ્રેર્યો.

સીતાને બચાવવા માટે એનું અંતર આતુર બન્યું.

એ આતુરતાએ એને અસાધારણ શક્તિ બક્ષી.

એ શક્તિથી પ્રેરાઈને એણે રાવણ પર જોરથી હુમલો કર્યો. ને કહ્યું: ‘નરાધમ, તું સીતાને લઈને આમ ચોરની પેઠે ક્યાં જઈ રહ્યો છે ? તારા આ અધમ કૃત્યની ખબર રામ અથવા લક્ષ્મણ બંનેમાંથી કોઈને નહિ હોય. નહિ તો તું આવી રીતે જીવતો ભાગ્યે જ જઈ શકત. એમની ગેરહાજરીનો ગેરલાભ લઈને તેં સીતાનું હરણ કર્યું છે. પરંતુ એનો બદલો તને હમણાં જ આપી દઉં છું. હું જીવતો છું ત્યાં સુધી તારાથી આગળ નહિ જઈ શકાય. તારી ચોરીને માટે તને હમણાં જ ભયંકર દંડ કરું છું.’

જટાયુનો સામનો કરતાં રાવણ રોષે ભરાઈને બોલ્યો: ‘તારો પ્રાણ જો તને પ્રિય હોય અથવા જો તું જીવતો પાછો જવા ચાહતો હોય તો મારા માર્ગમાં અંતરાય નાખવાનું મૂકે દે. મારા બળની આગળ તારું તો શું પરંતુ દેવતાઓનું અને દેવોના અધિપતિ ઈન્દ્રનું બળ પણ કશી વિસાતમાં નથી. દાનવ, માનવ કે દેવતામાંથી કોઈ જ મારો મુકાબલો નથી કરી શકે તેમ. મારું નામ સાંભળીને મોટા મોટા મહારથીઓ અને દિગ્પાલો પણ ડરે છે.’

‘તારા બળનાં વખાણ તારા વિના બીજું કોણ કરે ? તારું બળ આટલું બધું વધારે છે તો પછી શ્વાનની પેઠે છૂપી રીતે રામના આશ્રમમાં પેસીને સીતાનું હરણ શા માટે કરી રહ્યો છે ? રામનો જરાક સામનો તો કરી જો, તો તને ખબર પડે કે એમની આગળ તારી શક્તિ તો એક મગતરા બરાબર પણ નથી. એ તને ચપટી વગાડતામાં ચૂંથી નાંખે તેમ છે.’

‘મને ચપટી વગાડતામાં કોઈ જ ચૂંથી શકે તેમ નથી. રામનું કે બીજા કોઈનું બળ મારા બળના એક હજારમાં ભાગનાં બળ બરાબર પણ નથી તે તું જાણે છે ? મારું નામ રાવણ છે.’

‘રાવણ ?’

'હા. રાવણ. મારું નામ તેં હજુ આજે જ સંભાળ્યું એટલે મારા અપ્રિતમ પરાક્રમનું અનુમાન તારાથી કેવી રીતે કરી શકાય ? તારું હિત ચાહતો હોય તો મારા કાર્યમાં વિલંબ કરવાનું તેમજ વિક્ષેપ પાડવાનું છોડી દે અને મને આગળ જવા દે.'

જટાયુ જરાક વ્યંગમાં બોલ્યો: 'તું આટલો બધો બહાદુર થઈને ભિખારી પેઠે મારી દયાની ભીખ માગે છે, એ જોઈને મને અતિશય આશ્ચર્ય થઈ રહ્યું છે. તારું બળ અને પૌરુષ આવી રીતે બહાદુરીના ખોટાં બણગાં ફૂંકવામાં અને નિર્લજ્જની જેમ ચોરીછૂપીથી કુકર્મ કરવામાં જ રહ્યું લાગે છે. તારા પરાક્રમની પોકળ વાતો કરીને તથા તારું ત્રણ અક્ષરનું અમંગલ નામ સંભળાવીને જ તેં અત્યાર સુધી બીજાને ડરાવીને તારું કામ કઢાવ્યું લાગે છે. પરંતુ આ વખતે તને તારી એ પદ્ધતિમાં સફળતા નહિ મળે. તારું હિત ચાહતો હોય તો સીતાને છોડીને ચાલતો થા, નહિ તો પછી મરવા માટે તૈયાર થઈ જા.'

રાવણ અટ્ટહાસ્ય કરીને કહેવા માંડ્યો: 'તારામાં મને મારવાની તો શું પરંતુ મારો સામનો કરવાની શક્તિ યે ક્યાં છે ? તારો પ્રલાપ નકામો છે. પરંતુ હા, તારી ચાલાકી અથવા બદદાનત મારાથી છૂપી નથી રહી શકતી. હું સીતાને છોડી દઉં એટલે તું એને લઈને ચાલતો થવા માગે છે તેની મને ખબર છે. તારી નજર સીતા પર મંડાયેલી છે એટલે જ તું એને છોડાવવા માટે આટલા બધા પ્રયાસો કરી રહ્યો છે. પરંતુ હું એને એમ નથી છોડી દઉં તેમ. એના જેવી સૌન્દર્યવતીની પ્રાપ્તિ તો કોઈ ભાગ્યશાળીને જ થઈ શકે. એને છોડી તો નહિ દઉં પણ મારી પટરાણી જરૂર બનાવીશ. કુદરતે એટલા માટે જ એને પેદા કરી છે. એ ભૂલથી રામના હાથમાં જઈ પડેલી. એને મેળવવાની ઈચ્છાથી પ્રેરાઈને તો હું એના સ્વયંવરમાં પણ ગયેલો. પરંતુ ત્યાં થોડીક ભૂલ થવાથી એને ના મેળવી શક્યો. હવે અવસર મળ્યો એટલે એ ભૂલ મેં સુધારી લીધી. એને છોડી દઈને હવે બીજી વાર ભૂલ નહિ કરું.'

'તો પછી આવી જા લડવા અને મરવા. તારે માથે કાળ ભમી રહ્યો છે. નીચ, પાપી, તું કામાંધ હોવાથી સીતાને માટે જેમતેમ બકી રહ્યો છે. પરંતુ સીતા તો મારે મન માતા છે. એને છોડાવવા માટે મારાથી બનશે તે બધું જ કરી છૂટીશ. તને પણ ખબર પડશે કે આ કુકૃત્યની કીંમત તારે કેટલી બધી મોટી ચૂકવવી પડે છે ! મારા શરીરમાં શ્વાસ છે ત્યાં સુધી તારાથી સીતાને આગળ નહિ લઈ જઈ શકાય.'

એમ કહીને જટાયુ રાવણ પર તૂટી પડ્યો.

એણે અદ્દભુત પરાક્રમ દાખવીને રાવણને લાંબા વખત લગી રોકી રાખ્યો અને ભયંકર રીતે ઘાયલ કર્યો.

રાવણ પણ અતિશય ક્રોધે ભરાઈને જટાયુ પર પ્રહાર કરવા માંડ્યો.

એમના દ્વંદ્વયુદ્ધને સીતા એક બાજુ ઊભી રહીને, ભયભરી સાશંક દૃષ્ટિથી જોવા માંડી.

જટાયુના પરાક્રમથી રાવણ ખૂબ જ પ્રભાવિત બની ગયો.

સીતાને લઈને જેટલો બને તેટલો આગળનો માર્ગ કાપવાની એને ઉતાવળ હતી. એ ઉતાવળમાં જટાયુ ભારે વિક્ષેપરૂપ બની રહ્યો એટલે એના ક્રોધનો પાર ના રહ્યો. એણે કઠોર સ્વરે કહેવા માંડ્યું:

'તારે મને આગળ જવા દેવો છે કે નથી જવા દેવો ?'

'મારા શરીરમાં શ્વાસ છે ત્યાં સુધી તો તને એક ડગલું પણ આગળ નહિ જવા દઉં. જટાયુએ નીડરતાથી જણાવ્યું: 'તારા પરાક્રમની આટલી બધી પ્રશંસા કરતો'તો તો હવે પરાક્રમ ક્યાં ગયું ? તારે જેટલું પરાક્રમ બતાવવું હોય એટલું બતાવી દે, પરંતુ આજે તને જીવતો નહિ છોડું. તું તો કાયર, ડરપોક અને નામર્દ છે. એટલે તો સીતાને એની અસહાયતાનો લાભ લઈને ઉઠાવી જવા માગે છે. રામના દેખતા આવા ઘોર કુકર્મને કરવાની તેં ધૃષ્ટતા કરી હોત તો એ જ વખતે તારા મદોન્મત પાપયુક્ત જીવનનો અંત આવી ગયો હોત...'

રાવણને વિશેષ ચર્ચામાં રસ ન હતો. નિરર્થક ચર્ચા અથવા વાદવિવાદમાં વખત વીતાવવાનું એને પસંદ ન હતું. એટલે આંખને લાલ કરતાં એણે કહ્યું: 'મારા જીવનનો અંત તો જ્યારે આવશે ત્યારે આવશે. એનો અંત આણનાર તો હજુ સુધી કોઈ જ નથી જન્મ્યો. પરંતુ તારા જીવનનો અંત હમણાં જ લાવી દઉં છું. તેના વિના તારો પ્રલાપ બંધ નહિ થઈ શકે.'

રાવણે કાળરૂપ બની પોતાની તલવારથી જટાયુની પાંખ કાપી નાખી.

પાંખ કપાતાં જ જટાયુ અપંગ અને અસહાય બન્યો તથા ચિત્કાર કરતો ધરતી પર ઢળી પડ્યો.

એના મુખમાંથી 'રામ, રામ'ના કરુણ સ્વરો નીકળવા લાગ્યાં.

રામની સેવા કરતા પોતાને આવું સહેવું પડ્યું એનો મીઠો સંતોષ એના મનમાં રહી ગયો.

એની સાથે સાથે સીતાને રાવણના સકંજામાંથી છોડાવી ના શકાઈ તેને માટે એના મનમાં વસવસો પણ પેદા થયો.

ધ્રૂજતી, ગભરાતી, શોક કરતી, સીતાને સાંત્વનના બે શબ્દો કહેવા સિવાય એનાથી બીજુ કશું જ ના થઈ શક્યું.

જટાયુની દુર્દશા દેખીને સીતાની હિંમત તૂટી ગઈ અને એ આક્રંદ કરવા લાગી.

પરંતુ...એ આક્રંદ પથ્થર હૃદયના રાવણને જરા પણ ના પીગળાવી શક્યું.

એણે કિંકર્તવ્યવિમૂઢ તથા દીન જેવી દેખાતી સીતાને ઉતાવળ કરીને ફરીવાર રથમાં બેસાડી અને આકાશમાર્ગે પ્રયાણ કર્યું.

સીતાના શોકનો પાર ના રહ્યો.

રસ્તામાં રાવણે મદભરી ભાષામાં કહેવા માંડ્યું:

'મારા પરાક્રમનો પરચો જોઈ લીધો ને ? મારો સામનો કરનારની કેવી દુર્દશા થઈ ? એણે હાથે કરીને મરણને નોતરી લીધું. આશ્રમમાં રામ હતા જ નહિ. અને હોત તો પણ શું ? એ મારી સામે આવ્યા હોત તો એમની પણ આવી દશા થાત. એક નિર્દોષ સ્ત્રી - શૂર્પણખાના નાક અને કાન કાપ્યા એટલે શું એ બહાદુર બની ગયા ? એવી બહાદુરી મારી આગળ ના ચાલે.'

સીતા વ્યંગાત્મક સ્વરમાં બોલી: 'એટલે તું એ રામથી ભયભીત બનીને ભિક્ષુકના વેશમાં આશ્રમમાં આવી પહોંચ્યો અને એમનો સામનો કર્યા વિના ચોરીછૂપીથી ચાલતો થયો. તારી એ બહાદુરી ઘણી અસાધારણ તથા તને છાજે તેવી જ છે.'

'જે કામ સરળતાથી થઈ શકતું હોય તેને લડીને શા માટે કરૂં ? હું આટલો મૂર્ખ નથી કે વાત વાતમાં લડી પડું. વિધાતા મને અનુકૂળ છે એટલે જ તારું હરણ હું આટલી સહેલાઈથી કરી શક્યો.'

'વિધાતા તને જરા પણ અનુકૂળ નથી, પરંતુ પ્રતિકૂળ છે એટલે જ તેં મારું હરણ કર્યું છે. મારું હરણ કરીને તેં મૃત્યુના મુખમાં હાથ નાખ્યો છે. તારે માથે મરણ ના ભમતું હોત તો તું આવું કુકર્મ કરવા પ્રેરાત જ નહિ.'

'આ કુકર્મ નથી સુકર્મ છે. હું તને ચાહું છું. મેં તને રાજા જનકે યોજેલા સ્વયંવરમાં જોયેલી ત્યારથી જ તારે માટે મારા હૃદયમાં સ્થાન થઈ ચૂકેલું. એ પ્રસંગનું મને વિસ્મરણ થયેલું પરંતુ શૂર્પણખાની વાતચીતથી એ વાત તાજી થઈ. હવે હું તને નહિ જવા દઉં. તને મેળવીને મારા અંતરમાં આનંદ છવાઈ રહ્યો છે.'

'એ આનંદ અસ્થાને છે. તારા કુકર્મને પરિણામે એ આનંદ શોકમાં પલટાઈ જશે. તને તારા કુકર્મનો દંડ જરૂર મળશે. તારી બુદ્ધિ એટલી બધી ભ્રષ્ટ થઈ છે કે તું કુકર્મને સુકર્મ સમજે છે. પરંતુ પારકી સ્ત્રીને હરવા જેવું કુકર્મ બીજું કોઈ જ નથી એ તું ભૂલી જાય છે. તું મને ધરતીના ગમે તે ભાગમાં લઈ જઈશ તો પણ રામ અને લક્ષ્મણ તને શોધી કાઢશે, મને પાછી મેળવશે, અને તારો સંહાર કરશે. હવે ગણ્યાગાંઠયા દિવસોમાં જ તારો કાળ આવી પહોંચ્યો સમજ. તું મને તારી પટરાણી બનાવવા માગે છે, પણ તારી બધી જ યોજના ધૂળમાં મળશે. તારી ભીતિ, દમદાટી. યંત્રણા, લાલચ, યુક્તિપ્રયુક્તિ ને બળજબરી નકામી જશે. જે સીતા રામની છે તે કદાપિ તારી નહિ થઈ શકે. તું મને તારી કરવાની આશા રાખતો હોય તો એ આશા સદાને માટે છોડી દે, ને તારા જીવનની સલામતી માટે મને રામને સુપ્રત કર.'

રાવણે અટ્ટહાસ્ય કરીને કહ્યું: 'એવી આશા સ્વપ્ને પણ ના રાખતી. તારી આશા સફળ નહિ થઈ શકે. તું મને વરસો પછી માંડમાંડ મળી છે અને હવે તને છોડી દઉં ? એ વાત તો કદી પણ નથી બનવાની. તારી ઈચ્છા મારી થવાની નથી પરંતુ હજુ મારું સામ્રાજ્ય તો જો ! મારો વૈભવ તથા વિલાસ જોઈને તારું મન પલટાઈ જશે ને મારું થશે તેની મને ખાતરી છે. તને મારી બનીને રહેવામાં જીવનનું પરમ સુખ અને સાર્થક્ય લાગશે.'

સીતાએ કહ્યું: 'એવું કદાપિ નથી થવાનું. તારો વૈભવ અને વિલાસ ગમે તેટલો અસાધારણ હશે તો પણ તે મને જરા પણ પ્રભાવિત નહિ કરી શકે. તારાથી પતિવ્રતા સ્ત્રીઓની પવિત્રતાની કલ્પના પણ નહિ કરી શકાય. એ પવિત્રતા વૈભવ, વિલાસ, પ્રલોભન કે ધાકધમકીથી નષ્ટ નથી થઈ શકતી. જો નષ્ટ થઈ શકતી હોય તો તેને પવિત્રતાનું સુંદર નામ ના આપી શકાય. મને પલટાવવાના તારા બધા જ પ્રયાસો માટીમાં મળશે એની ખાતરી રાખજે.'

પરંતુ રાવણ એમ નિરાશ થાય એવો ક્યાં હતો ? એ તરત બોલ્યો:

'છતાં પણ તને પ્રસન્ન કરવા માટે બનતા પ્રયત્નો કર્યા કરીશ, એ પણ એટલું જ નક્કી છે. અને એક વાતની ખાતરી રાખજે. તું પોતે મારી થવા તૈયાર નહિ થાય ત્યાં સુધી હું તારા પર આક્રમણ નહિ કરું. હું તને વિચારવાનો ને તારા વિચારોને બદલવાનો પૂરતો વખત આપીશ. તું જેટલો ધારતી હોઈશ એટલો ખરાબ તો હું નથી જ.'

'તું એથીયે વધારે ખરાબ લાગે છે, નહિ તો મારાં આંસુ અને આક્રંદથી તારું અંતર પીગળી ગયું હોત. આ તો તારું રૂંવાડુંયે નથી હાલતું. મને એકલી અથવા અસહાય સમજીને લઈ જવામાં તને ગૌરવનો અનુભવ થઈ રહ્યો છે. તારું પરાક્રમ એવું પોકળ છે છતાં એની બડાઈ હાકતાં તને જરા પણ શરમ નથી આવતી એ આશ્ચર્ય છે.'

સીતાનું આક્રંદ ચાલુ જ હતું. પરંતુ રાવણના હૃદયને એ લગાર પણ સ્પર્શી કે હલાવી ના શક્યું.

રાવણની પ્રસન્નતાનો પાર ન હતો.

જુદા જુદા વનપ્રદેશો, જળ પ્રવાહો અને બીજા વિસ્તારોને જોતી સીતા આગળ વધતી હતી, પરંતુ એનું મન અત્યંત ઉદાસ હતું. રામની મધુમય મૂર્તિ એની આંખ આગળથી એક ક્ષણને માટે પણ નહોતી હઠતી.

એક ઠેકાણે પર્વતના શિખર પર કોઈ અપરિચિત છતાં આકર્ષક મંડળીને બેઠેલી જોઈને એણે પોતાના કંઠમાંથી, કાનમાંથી ને પગમાંથી કેયૂર, મંડળ અને નૂપુરને એની દિશામાં નાખી દીધાં. એ ઉપરાંત પોતાનું વસ્ત્ર પણ, રામને પોતાની માહિતી મેળવવામાં મદદ મળે એ આશયથી નાખી દીધું.

સમુદ્ર પાર કરીને પોતાના વાયુવેગી રથમાં રાવણ સીતા સાથે લંકામાં આવી પહોંચ્યો ત્યારે જ એને શાંતિ વળી. એનું ભયભીત મન થોડુંક નિર્ભય બન્યું.

ઊર્મિલાએ પોતાનાં સ્વપ્નની વાત શત્રુઘ્નને કહી બતાવી અને એનું રહસ્ય પૂછ્યું તો શત્રુઘ્ને કહ્યું:

'સ્વપ્નનો વિષય જ એવો અટપટો છે કે એનો પાર કોઈનાથી પામી જ ના શકાય. બધાં સ્વપ્નાં સાચાં થોડાં જ હોય છે ?'

'સાચાં નથી હોતાં એ સાચું, પરંતુ મને તો આ સ્વપ્ન સાચા જેવું જ લાગ્યું.' ઊર્મિલા બોલી.

'એ તો સ્વપ્નની ખૂબી જ એવી હોય છે કે એ આપણે સાચું જ લાગે. બાકી મને તો નથી લાગતું કે એ સ્વપ્નું સાચું હોય. સીતાનું હરણ કરવાની કોઈની તાકાત નથી. સીતાનું હરણ કોઈ કરી જ ના શકે. અને કોઈ કરશે તો પણ રામ એને જીવતો નહિ છોડે.'

'રામની શક્તિ એવી અસાધારણ છે કે એ હકીકતમાં તો મને વિશ્વાસ છે. છતાં પણ સીતાનું હરણ થાય એ વિચાર જ કેટલો બધો કરુણ અને દુઃખદ છે ?'

'પરંતુ એનું હરણ થવાનું જ નથી પછી શું ?'

'તો તો ઘણું સારું. પરંતુ આ તો મને સ્વપ્ન પરથી વિચાર આવ્યો એટલે કહી બતાવું છું.'

'એ વિચાર બરાબર નથી. સીતાના જીવનમાં એવી અમંગલ ઘટના થાય જ નહિ.'

ઊર્મિલાએ મૌન રાખ્યું. શત્રુઘ્ન પણ શાંત રહ્યો.

એ બંનેને શી ખબર કે સઘળાં સ્વપ્નાં સાચાં ના હોવા છતાં એ સ્વપ્ન સાચું હતું, સીતાનું હરણ થયું હતું, ને સીતા અત્યારે રામની સાથે વનમાં ન હતી પણ રાવણની લંકામાં હતી ! એનું મુખમંડળ મ્લાન બનેલું અને અંતર અતિશય આર્ત થયેલું.

* * * * *

## ૩૪. સીતાની શોધ

સીતાનો શોક લંકામાં પ્રવેશતાં વેંત પરાકાષ્ઠાએ પહોંચી ગયો. રામની આગળ સુવર્ણમૃગની માગણી કરવા માટે એને ભારે પશ્ચાતાપ થવા માંડ્યો. પોતે કરેલી અથવા પોતાનાથી થઈ ગયેલી ભૂલ એને સમજાઈ ગઈ. સુવર્ણમૃગની લાલસા પોતાનાં દિલમાં જાગી જ ના હોત તો આ બધું થાત ખરું ?

રામ અને લક્ષ્મણના સાન્નિધ્યમાં, પંચવટીના પાવન પ્રદેશમાં પોતે સુખપૂર્વક ફરતી હોત.

પરંતુ હવે શું થાય ?

જે થઈ ગયું તે થઈ ગયું. એનો અફસોસ કરવાથી વેદના વધશે ને દુઃખ પણ દ્વિગુણિત બનશે, પરંતુ એને દૂર કરવાનો માર્ગ તો નહિ જ મળે.

સુવર્ણમૃગ લક્ષ્મણના કહ્યા પ્રમાણે ખરેખર કોઈ મૃગ નહિ હોય પરંતુ મારીચ જેવો કોઈક રાક્ષસ જ હશે. રામ તથા લક્ષ્મણ એનો નાશ કરીને પંચવટીમાં પાછા પધાર્યા હશે. ત્યાં મને ના જોવાથી એમને કેટલું બધું દુઃખ થયું હશે ! આશ્રમને તદ્દન સુનો જોઈને એમનું હૃદય રડવા લાગ્યું હશે.

સીતાની આંખમાંથી અશ્રુ ટપકવા માંડ્યા.

એનું હૃદય રડવા લાગ્યું.

એ જ વખતે રાવણ એની પાસે આવી પહોંચ્યો ને બોલ્યો:

'હવે શોક કરવાથી કે આંસુ સારવાથી કોઈ જ હેતુ નહિ સરે. તારા અને મારા બંનેના જીવનને સુખી કરવા માટે જ હું તને અહીં લઈ આવ્યો છું. એટલે નિશ્ચિંત બનીને અહીં સુખપૂર્વક નિવાસ કર અને મારી ઈચ્છાને અનુસર.'

સીતાએ મક્કમતાથી કહ્યું: 'મારાથી એ કોઈયે સંજોગોમાં નહિ બની શકે. તારી ઈચ્છાનું અનુસરણ મારાથી કદી પણ નહિ કરી શકાય. હું જીવતી હોઈશ ત્યાં સુધી રામ વિના બીજા કોઈની થઈ તો નહિ જ શકું પરંતુ થવાનો વિચારેય નહિ કરી શકું. તું જે દુષ્ટ હેતુથી પ્રેરાઈને મને બળપૂર્વક હરી લાવ્યો છે તે હેતુની સિદ્ધિની આશા સ્વપ્ને પણ ના રાખતો.'

રાવણે અનેક પ્રકારનાં પ્રલોભનો બતાવ્યાં, ભય પણ બતાવી જોયો, પરંતુ સીતાનું મન ના માન્યું. એ પોતાની નિષ્ઠામાં એવી જ અડગ રહી.

આખરે રાવણે એને અશોકવાટિકામાં રાક્ષસીઓના કડક પહેરા નીચે મૂકી.

એ રાક્ષસીઓને ગમે તેમ કરીને પણ એના હૃદયને વશ કરવાનું કામ સોંપવામાં આવ્યું.

રાક્ષસીઓ રાવણને વફાદાર હોવાથી અનેક રીતે એના મનને બદલવાનો પ્રયત્ન કરવા લાગી.

એમને પણ ખાતરી તો થઈ જ કે એ પ્રયત્ન કાંઈ ધાર્યા જેટલો સહેલો ન હતો.

સીતાને માટે અશોકવન માત્ર નામનું જ અશોકવન બની રહ્યું. ખરી રીતે તો એ એના અંતરને સંતપ્ત કરનાર શોકવન હતું.

*

સુવર્ણમૃગના રળિયામણાં રૂપમાં રહેલા મારીચનો નાશ કરીને રામ પંચવટી તરફ પાછા ફર્યા ત્યારે માર્ગમાં જ લક્ષ્મણને જોઈને એમના આશ્ચર્યનો પાર ના રહ્યો.

માનવભક્ષી રાક્ષસોથી ઘેરાયલા વિકરાળ વનની વચ્ચે આવેલા એકાંત આશ્રમમાં સીતાને કોઈ પણ પ્રકારની સુરક્ષા વગરની, એકલી મૂકીને આવવા બદલ એમણે લક્ષ્મણને ઠપકો આપ્યો અને ભારે ચિંતા તથા વેદના વ્યક્ત કરી.

પોતાની સુવર્ણમૃગના સંબંધમાં પેદા થયેલી શંકા સાચી પડવાથી લક્ષ્મણને થોડું દુઃખ થયું.

સીતાનો ત્યાગ પોતાની પૂર્ણ અનિચ્છા છતાં પણ કેવા સંજોગોમાં કરવો પડ્યો તેનું વર્ણન રામની આગળ કરી બતાવ્યું.

રામે ઘેરા શોક સ્વરે કહ્યું: ‘લક્ષ્મણ ! એ બધી વાત સાચી, પરંતુ મારું અંતર અત્યારે ઊંડા દુઃખનો અનુભવ કરી રહ્યું છે. ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા થઈ તો પણ તારે આશ્રમનો ત્યાગ નહોતો કરવો જોઈતો. મને શંકા થાય છે કે સીતાની એકલતા અથવા અસહાયતાનો લાભ લઈને કોઈક રાક્ષસે તેનું હરણ તો નહિ કર્યું હોય ! મારું મન કોણ જાણે કેમ પણ એવા કોઈ ભયંકર અમંગલની આશંકા કરી રહ્યું છે. ’

‘અમંગલની આશંકા તો મને પણ હતી.’ લક્ષ્મણે કહ્યું: ‘અને એટલા માટે તો આશ્રમ છોડવાની મને જરા પણ ઈચ્છા ન હતી. પરંતુ હવે શું થાય ? સુવર્ણમૃગ કોઈ મૃગ નહિ પણ રાક્ષસ હોવાની મારી વાત તમે તથા સીતાએ ના માની અને એને પકડવાની ઈચ્છા કરી ત્યારથી જ અમંગલની આવૃત્તિ શરૂ થઈ છે. છતાં પણ સીતાની સલામતીને કોઈ જાતની હરકત ના આવી હોય એવી આશા રાખું છું. મારી એ આશા ફળશે તો મારા જેટલો આનંદ બીજા કોઈને નહિ થાય.’

રામે પંચવટી તરફ ઝડપથી પ્રયાણ કર્યું.

લક્ષ્મણ પણ એમની પાછળ વેગથી ચાલવા લાગ્યો.

શરીરની ગતિ કરતાં મનની ગતિ વધારે ઝડપી હતી એટલે એમના મન તો ક્યારનાય પંચવટીમાં પહોંચી ગયાં.

પંચવટીના પ્રશાંત આશ્રમને એમણે સીતાથી રહિત પણ જોયો ને સીતાથી સુશોભિત પણ ભાળ્યો.

ભાવના કે કલ્પનાના બદલવા સાથે આશ્રમ પણ જુદી જુદી રીતે દેખાવા લાગ્યો.

પરિણામે હર્ષ ને શોકના મિશ્રિત ભાવો મનમાં પેદા થયા.

એ અવસ્થામાં એ બંનેએ પંચવટીના આશ્રમમાં પ્રવેશ કર્યો તો એમનાં હૃદય રડી ઉઠ્યાં.

‘સીતા, સીતા !’ રામે પોકાર કર્યો, પરંતુ એનો કોઈ જ ઉત્તર ના મળ્યો.

‘સીતા !’ લક્ષ્મણનું સંબોધન પણ એવું જ ઉત્તર વિનાનું રહ્યું.

રામની પીડાનો પાર ના રહ્યો.

‘લક્ષ્મણ, સીતા નથી. હોય તો એ તરત ઉત્તર આપે. અરે, બહાર આવીને એનું સુધામય સુખદ સ્મિત કરતી ઊભી રહે. મારી આશંકા સાચી ઠરી છે. જરૂર કંઈક અમંગલ બન્યું છે.’

રામના સંયમના બધા જ બંધ તૂટી ગયા.

એમની લાગણીને છૂટો દોર મળી ગયો.

એ ઉચ્ચ સ્વરે રડી પડ્યા અને જોરથી આક્રંદ કરવા લાગ્યાં.

'સીતા તું ક્યાં ગઈ ? તું દેખાતી કેમ નથી ? તને કોઈ લઈ ગયું કે શું ? તારા વિના મારાથી કેવી રીતે રહી શકાશે ? તારા વિના મારું જીવન અતિશય દુઃખમય, જડ તેમજ બોજારૂપ બની જશે. વિધાતા, મેં એવો કયો અપરાધ કર્યો'તો કે તમે એને મારી પાસેથી લઈ લીધી ? માતા, પિતા, સ્વજન સ્નેહી, અયોધ્યાના ઐશ્વર્ય અને રાજ્યસુખનો ત્યાગ કરતી વખતે મને જરા પણ દુઃખ નથી થયું, પરંતુ આજે આટલી બધી વેદના, ચિંતા અને આટલું બધું દુઃખ કેમ થાય છે ? આજે મને આટલું બધું સૂનું કેમ લાગે છે ? સીતાનું સ્થાન મારા જીવનમાં કેટલું બધું અગત્યનું, અમુલખ અને અજોડ હતું એ આજે મને સમજાય છે. પરંતુ એ સીતા ગઈ ક્યાં ? એને કોણ અને ક્યાં લઈ ગયું ?'

રામના પોકાર અને અશ્રુપાતને જોઈને લક્ષ્મણનું હૈયું પણ હાથમાં ના રહ્યું.

એ પણ વેદનાથી વ્યથિત બની ગયો.

એની આંખ લાગણીથી ભરાઈ ગઈ.

છતાં પણ પોતાની જાતને જેમ તેમ કરીને સાચવી લઈને એણે કહ્યું:

'સીતા આશ્રમમાં નથી એ સાચું. એ વાતનું આપણને અપાર દુઃખ છે. પરંતુ એ વનમાં ક્યાંક વિહારે નીકળી હોય એ પણ બનવાજોગ છે. એના વિશે કોઈ ઉતાવળિયો અભિપ્રાય બાંધવાને બદલે બનતી શાંતિ રાખીને તથા સ્વસ્થતા જાળવીને એની પૂરતી તપાસ કરીએ એ બરાબર છે. સીતા વિનાનો આખોયે આશ્રમ મને પોતાને પણ ખાવા ધાય છે અથવા આકરો લાગે છે.'

બંને ભાઈ આજુબાજુના અરણ્યમાં સીતાની શોધ કરવા નીકળ્યા.

પરંતુ સીતા ના મળી.

રસ્તામાં થોડેક દૂર રથની પતાકા દેખાઈ.

ઉપરાંત રથનો કેટલોક તૂટેલો ભાગ પણ દેખાયો.

એ જોઈને રામે કહ્યું: 'આ ચિન્હો રથનાં છે. આ સ્થળે રથ ઉતાર્યાના નિશાન પડેલાં છે. એ રથ જરૂર કોઈક રાક્ષસનો હશે. એણે સીતાનું હરણ કરીને એ રથમાં પ્રયાણ કર્યું હોય એવું અનુમાન સહેજે થઈ શકે છે. જો એવું જ થયું હશે તો તો સીતાની અવસ્થા અત્યારે એકદમ કફોડી હશે. મારું જીવન પણ તદ્દન નીરસ બની જશે. મારાથી સીતા વિના શ્વાસ લેવાનું પણ કઠિન બનશે.'

લક્ષ્મણે એમને આશ્વાસન આપ્યું, પરંતુ એ આશ્વાસન વ્યર્થ ગયું.

આગળ જતાં જટાયુનો મેળાપ થયો.

એની વેદનામય કરુણ અવસ્થા જોઈને રામ અને લક્ષ્મણ બંનેના દુઃખનો પાર ના રહ્યો.

એણે સીતાહરણની તથા રાવણ સાથે થયેલા પોતાના દ્વંદ્વયુદ્ધની વાત સંક્ષેપમાં કહી બતાવી અને કહ્યું: 'મેં એ નરાધમનો મારી સમગ્ર શક્તિથી સામનો કરીને સીતાને છોડાવવા માટે પુરુષાર્થ કરી જોયો પરંતુ એણે મને મારી નાખવાની ઈચ્છાથી ભયંકર રીતે ઘાયલ કર્યો. તમારા દર્શનનો દેવદુર્લભ લાભ મેળવવા માટે હું જીવતો રહ્યો તેનો મને સંતોષ છે, પરંતુ મારો પ્રાણ હવે વધારે વાર નહિ ટકી શકે. રાવણે મને ભંયકર રીતે ઘાયલ કરીને પીડા પહોંચાડી છે છતાં પણ મને એનું જરા પણ દુઃખ નથી થતું. કારણ કે

તમારી તથા સીતાની સેવા કરતાં કરતાં મને આ પીડા પ્રાપ્ત થઈ છે. અસંતોષ માત્ર એટલો જ છે કે એ સેવા અધુરી રહી. એને હું સંપૂર્ણ ના કરી શક્યો અને મારા શરીરમાં શ્વાસ રહેવા છતાં સીતાને એ દુરાચારી રાવણના હાથમાંથી છોડાવી ના શક્યો. એ અસંતોષની પીડા કાંઈ ઓછી નથી. મારા શરીરની પીડા કરતાં પણ પ્રાણની એ પીડા વધારે ઉત્કટ તથા મર્મભેદી છે.'

રામે કહ્યું: 'જટાયુ, તમે તમારા કર્તવ્યનું પાલન સારી રીતે કરી બતાવ્યું છે. તેને લીધે તમારું જીવન તો મંગલમય બની ગયું. આવું મૃત્યુ કોઈક બડભાગીને જ પ્રાપ્ત થઈ શકે છે. પરાર્થે જીવાયેલું જીવન જ સાચું જીવન છે ને પરાર્થે પ્રાપ્ત થયેલું મૃત્યુ જ મધુમય તથા મૂલ્યવાન છે. તમારા મારે માટેના પ્રેમને માટે તમને ધન્યવાદ આપું છું. તમારી પાસેથી સીતાના સમાચાર સાંભળીને મને થોડીક નિરાંત થઈ ને રાહત મળી. સીતાને લઈને રાવણ પૃથ્વીના ગમે તે પ્રદેશમાં જશે તો પણ લક્ષ્મણની મદદથી હું એને શોધી કાઢીશ. પરંતુ સીતા એ રાક્ષસના હાથમાં પડીને કેવી રીતે જીવતી રહી શકશે ?'

'સીતાનો વિલાપ ખૂબ જ મર્મભેદી હતો. એના મુખમાંથી તમારું જ નામ નીકળ્યા કરતું'તું.'

રામનું હૈયું ભરાઈ આવ્યું.

એમની આંખ ટપકવા લાગી.

જટાયુના શરીર પર એમણે હાથ ફેરવ્યો.

એ સુધામય સ્પર્શ પામીને જટાયુનો પ્રાણ પુલકિત બની ગયો.

એની આંખ ઉભરાઈ આવી.

રામના ચરણોમાં મસ્તક મૂકીને એણે ગદ્દગદ ભાવવિભોર સ્વરે કહેવા માંડ્યું: 'જીવનની છેલ્લી ક્ષણોમાં તમારું દેવદુર્લભ દર્શન થવા બદલ તથા તમારો સુધામય સ્વર સાંભળવાનું તેમજ તમારા શીતળ સ્પર્શનું સૌભાગ્ય મળવા બદલ મારા આત્માને અનેરો આનંદ થઈ રહ્યો છે. એ આનંદના અલૌકિક અનુભવમાં મારી આંખ મીંચી રહ્યો છું ત્યારે અંતકાળે મારી આકાંક્ષા એટલી જ છે કે સંસારની આ સ્વર્ગીય સફરમાં મને જ્યાં પણ જન્મ મળે ત્યાં તમારા સ્મરણ અને સહવાસ તેમજ તમારી સુશ્રુષાનું સૌભાગ્ય મળે અને આત્મા તમારા અસાધારણ અહેતુકી અનુગ્રહનો અનુભવ કર્યા કરે. સંસારની સફરમાં જો તમારો સાથ અને તમારો સ્નેહ મળી રહેશે તો જીવન ધન્ય બની જશે.'

અને...બીજા શબ્દો બહાર નીકળે તે પહેલાં તો એનો આત્મા શરીરનો ત્યાગ કરીને વિદાય થયો.

લોહી લુહાણ થયેલું જટાયુનું શરીર નિશ્ચેત બની ગયું.

લક્ષ્મણ તથા રામે એને અનુરાગનાં અનંત અશ્રુની અંજલિ આપી અને પછી એની દાહ ક્રિયા કરી.

રામે ભાવવિભોર સ્વરે કહ્યું: 'લક્ષ્મણ, જટાયુએ આપણી મોટી સેવા કરી.'

'સાચું છે.' લક્ષ્મણે સંમતિનો સૂર પુરાવતાં કહ્યું: 'એ ના હોત તો આપણને સીતાના કશા જ સમાચાર ના મળત અને આપણું મન વધારે વ્યગ્ર બની જાત.'

'સીતાનું હરણ થયું છે એ જાણીને તો મારું મન વધારે ખિન્ન બની ગયું છે. રાવણ એને કોણ જાણે ક્યાં લઈ ગયો હશે. એની ભાળ નહિ મળે ત્યાં સુધી મારા મનને શાંતિ નહિ મળે.'

'આપણે આકાશ પાતાળ એક કરીને પણ એની ભાળ મેળવી લઈશું એવો મને વિશ્વાસ છે. ભલે થોડોક વધારે વિલંબ થાય કે થોડીક મુસીબત પડે પણ એ નરાધમના હાથમાંથી સીતાને છોડાવીશું તો ખરી જ.'

પંચવટી તરફથી પ્રવાસ કરતાં કરતાં અયોધ્યામાં આવી પહોંચેલા એક તપસ્વી ધર્મપ્રાણ મુનિએ ઊર્મિલાને તથા બીજા બધાંને સીતાના હરણના સમાચાર કહ્યા ત્યારે સૌના શોકનો પાર ન રહ્યો.

કૌશલ્યા, કૈકેયી ને સુમિત્રાની વેદના વધી ગઈ.

શત્રુઘ્ન ને ભરતને પણ ભારે દુઃખ થયું.

ઊર્મિલા તો બેચેન બની ગઈ. એણે શત્રુઘ્ન તથા ભરતને કહ્યું: 'મારું સ્વપ્ન સાચું ઠર્યું. વિધાતાએ એને સાચું શા માટે કર્યું હશે ? આહાહા મને કેટલી બધી વેદના થઈ રહી છે ?'

શત્રુઘ્ને કહ્યું: 'સીતાએ વનમાં જવું જ નહોતું જોઈતું. રામ એની વનમાં જવાની હઠ આગળ નકામા નમી પડ્યા. સીતાને સાથે લઈને એ પોતે મુસીબતમાં મૂકાઈ ગયા.'

ભરતે કહ્યું: 'હવે જે થઈ ગયું તે થઈ ગયું. એનો અફસોસ કરવો ઠીક નથી. વિધિએ જે કર્યું છે તે સારા માટે જ કર્યું હશે. એમાં કોઈક શુભ હેતુ સમાયો હશે. એનું પરિણામ મંગલ જ આવશે. રામની શક્તિ અનંત છે અને લક્ષ્મણની પણ. એ સીતાને જરૂર પાછી મેળવશે. વ્યથા મને એક જ વાતની થાય છે કે રામે મને સાથે ના રાખ્યો, નહિ તો એમને તથા સીતાને માથે મુસીબત ના આવત.'

* * * * *

## ૩૫. પરિવર્તન

એ જ દિવસોમાં નિષ્કામ અયોધ્યામાં રાજકાર્ય પ્રસંગે શતાનંદ તથા રાજા જનકના મોકલવાથી આવી પહોંચ્યો.

એણે ઊર્મિલાની મુલાકાત લઈને આશ્ચર્યોદ્દગાર કાઢતાં પૂછ્યું: ‘તું આટલી બધી ઉદાસ કેમ લાગે છે ? તારા મુખમંડળની મધુતા એકદમ મ્લાન બની ગઈ છે. જાણે કે પ્રકાશથી વંચિત બનીને ઢળી પડેલી કોઈક કમલિની ! તારા જીવનમાં ચિંતા અથવા વિષાદનાં વાદળ ઉમટ્યાં છે કે કોઈક આપત્તિ આવી છે કે શું ? આટલી બધી ઉદાસ તો તને ક્યારેય નથી જોઈ.’

નિષ્કામનું એકાએક થયેલું આગમન ઊર્મિલાને એટલું બધું ગમ્યું નહિ. એની જિજ્ઞાસા પણ એને ના ગમી. છતાં પણ એણે નીરસતાપૂર્વક કહેવા માંડ્યું:

‘મારી ઉદાસીનતાની ચિંતા તેં આવતા વેંત જ કરવા માંડી તે તારા સ્વભાવને અનુરૂપ છે. પરંતુ મારી ઉદાસીનતાનું કારણ જુદું છે.’

‘જુદું એટલે ? લક્ષ્મણની સ્મૃતિ તને સતાવી રહી છે એ જ ને ? એ તો સહેજે સમજી શકાય તેમ છે અને એ સ્મૃતિના પરિણામે પેદા થયેલી પીડાનો ખ્યાલ પણ આવી શકે તેમ છે. પરંતુ એમાં આટલું બધું ઉદાસ અને વેદનાગ્રસ્ત થવાનું કારણ શું છે ? લક્ષ્મણ વનમાં ગયા છે તે ચૌદ વરસ પૂરાં થતાં પહેલાં કાંઈ અયોધ્યામાં થોડા જ પાછા ફરવાના છે ? ન કરે નારાયણ અને એમનું શરીર શાંત થઈ જાય તો એ પાછા ના પણ ફરી શકે.’

‘એટલે તું શું કહેવા માગે છે ? નિષ્કામ, તું મને નાહક પીડા પહોંચાડી રહ્યો છે.’

‘પીડા નથી પહોંચાડતો પરંતુ જે સંભવિત છે એનો નિર્દેશ કરી રહ્યો છું. લક્ષ્મણને ઈશ્વર દીર્ઘાયુ કરે અને યાવચ્ચંદ્રદિવાકરૌ જીવતા રાખે. એ અયોધ્યા આવશે પરંતુ ચૌદ વરસની અવધિ પછી જ આવી શકશે. પરંતુ તું તો અત્યારથી જ સુકાઈ જવા માંડી છે ને જાણે કે મરવા પડી છે ! આવી રીતે દુઃખી થવાથી શો હેતુ સરી શકશે ?’

ઊર્મિલાએ થોડો વખત વિચાર કરીને શાંતિથી કહ્યું:

‘મારા દુઃખનું કારણ લક્ષ્મણનો વિયોગ નથી પણ બીજું છે.’

નિષ્કામે તરત પૂછ્યું: ‘બીજું શું ? તને તારા મારી સાથેના વર્તન બદલ પશ્ચાતાપ થાય છે ? તેં મારી સાથે લગ્ન કરવાની ના પાડી તે માટે હવે રહી રહીને તારું દિલ ડંખે છે કે દાઝે છે ?’

‘ના. એવું પણ નથી. મને તો એનો જરાય પશ્ચાતાપ કે અફસોસ નથી. તારા સંબંધમાં મેં જે કર્યું તે યોગ્ય જ કર્યું છે એટલે તે બાબત કોઈપણ પ્રકારના પશ્ચાતાપની આશા ના રાખતો. એમાં પશ્ચાતાપને માટે અવકાશ જ નથી.’

‘તો પછી બીજું કયું કારણ છે ? તારી વાત તો સમજવામાં જ નથી આવતી.’

‘મારી પીડા, ચિંતા તથા મારા વિષાદને તું નહિ સમજી શકે. તેની કલ્પના પણ નહિ કરી શકે. મારી પીડાનું કારણ સીતાનું હરણ છે.’

'સીતાનું હરણ ?' નિષ્કામ કાંઈ સમજી ના શક્યો.

'હા. સીતાનું હરણ. તને ખબર નથી પરંતુ રામ લક્ષ્મણ સાથે વનમાં રહેનારી સીતાનું કોઈએ હરણ કર્યું છે. પંચવટીના પુણ્યપ્રદેશમાંથી પ્રવાસે આવેલા કોઈક એકાંતવાસી તપસ્વીએ મને થોડા દિવસ પહેલાં એ વાત કહી બતાવેલી. એ વાત સાંભળી છે ત્યારથી જ મારું અને બીજા બધાનું મન ખિન્ન બની ગયું છે.'

નિષ્કામ બોલ્યોઃ 'એવા સમાચાર સાંભળીને મન ખિન્ન, દુઃખી અને ચિંતાગ્રસ્ત બની જાય એ સ્વાભાવિક છે. એ સમાચાર ઘણા જ કરુણ અને કોઈને પણ માટે વ્યગ્રતા પેદા કરે તેવા છે. પરંતુ એ સમાચાર સાચા જ છે એવું તમે સૌએ કેમ માની લીધું ?'

'કેમ ? ઊર્મિલાએ સામેથી પૂછ્યુંઃ 'એમાં ના માનવાનું કોઈ કારણ જ ક્યાં છે ? એ વાત એક તપસ્વીના મુખથી સાંભળવામાં આવી છે - કોઈ સામાન્ય માણસે નથી કહી.'

'તું ખોટું ના લગાડતી, ઊર્મિલા ! આજે વખત એવો વિપરીત છે કે તપસ્વીઓનો પણ વિશ્વાસ નથી કરી શકાય તેમ. તપસ્વીઓ પણ તપ કરવાનું ભૂલીને સામાન્ય મનુષ્યની જેમ ફરતાં ફરે છે. વળી તપસ્વીઓનાં રૂપમાં પોતાના સ્વાર્થી હેતુઓની સિદ્ધિ માટે રાક્ષસો પણ ફરવા માંડ્યા છે. એવા જ કોઈક રાક્ષસે તપસ્વીનો વેશ લઈને તમને સૌને દુઃખી કરવા માટે એવા સમાચાર આપ્યા લાગે છે.'

'પરંતુ અમને દુઃખી કરવામાં એમનો શો લાભ ?'

'રાક્ષસોનો સ્વભાવ જ એવો હોય છે કે બીજાને અકારણ દુઃખી કરવામાં એમને આનંદ આવતો હોય છે.'

'આ વાત તો તેં તદ્દન નવી કહી. પરંતુ મને સીતાહરણનું સ્વપ્ન પણ આવેલું.'

એમ કહીને ઊર્મિલાએ સંક્ષેપમાં પોતાનું સ્વપ્ન કહી બતાવ્યું.

નિષ્કામે એ સાંભળીને હસતાં હસતાં કહ્યુંઃ 'બધાં સ્વપ્ના સાચાં પડતાં હોત તો પછી જોઈતું'તું જ શું ? એવાં તો ભાતભાતનાં કેટલાંય સ્વપ્ન આવ્યા કરે છે, પરંતુ તે સઘળાં સાચાં પડે છે ?'

'મારા જીવનમાં તોં કેટલાય સ્વપ્ન સાચા ઠર્યા છે.'

'એટલે કાંઈ બધાં જ સાચા પડે છે એવું થોડું છે ? તું ખોટું ના લગાડતી, પણ મને કેટલીય વાર એવાં સ્વપ્ન આવ્યાં છે કે મારું તારી સાથે લગ્ન થઈ ગયું છે, એટલે એ સ્વપ્નને મારે સાચાં માની લેવા ?'

ઊર્મિલા બોલીઃ 'એ તો સ્વપ્નાંએ તારા ભાવો તથા વિચારોનો પડઘો પાડ્યો. તારા મનમાં જે દિવસરાત રમ્યા અને ભમ્યા કરતું હોય તે જ સ્વપ્નમાં આવે ને ? બીજું કશું ક્યાંથી આવે ?'

'એ જ વાત તારા સંબંધમાં પણ લાગુ પડી શકે છે.'

'હું સીતાના હરણના વિચારો કરતી જ ન હતી પછી મને એ વાત ક્યાંથી લાગુ પડે ?'

'સીતાના હરણના વિચારો ભલે ના કરતી હોય પણ સીતા, રામ, લક્ષ્મણ અને એમના વનવાસના વિચારો તો કરતી જ હશે. એને લીધે એવું સ્વપ્ન આવે એ સ્વાભાવિક છે. સ્વપ્ન વારંવાર આપણા સંકલ્પો, ભાવો ને વિચારોમાંથી જ પોતાની આકૃતિ તૈયાર કરતાં હોય છે પરંતુ એમની કાયા બહારથી જુદી હોય છે.'

'રામ અને લક્ષ્મણનો પ્રભાવ અને પ્રતાપ એવો અનેરો છે કે એમની હાજરીમાં સીતાનું હરણ કરવાની કોઈની હિંમત જ ના ચાલે. અને ધારો કે કોઈ સંજોગોમાં એનું હરણ થાય તો પણ, રામ અને લક્ષ્મણ એને તરત જ પાછી લઈ આવે. એમના પરાક્રમમાં તને એટલો વિશ્વાસ તો છે ને ?'

'છે.'

'તો પછી ચિંતા અથવા પીડાનું કારણ જ ક્યાં છે ? તારી ચિંતાથી વળશે પણ શું ? ઉલટું તારું શરીર બગડશે.'

ઊર્મિલા આગળ બોલવાને બદલે શાંત રહી.

એ નિષ્કામ તરફ જોઈ રહી.

આ યુવાન હજુ પણ એને નથી ભૂલતો કે નથી છોડતો અને કોઈ ને કોઈ બહાને એને મળ્યા કરે છે ?

પોતે એને ના પાડી છતાં પણ એ આવ્યા વિના નથી રહેતો.

કેટલો વિચિત્ર છે આ યુવાન !

એણે એને કહ્યું: 'મારું શરીર તો બગડશે કે સુધરશે પણ તારું શરીર તો આ વખતે સુધર્યું છે. પેલે વખતે તને જોયો ત્યારે તું નબળો હતો. સુખમાં શરીર સારું થાય છે ને દુઃખમાં દૂબળું બને છે એવી લોકોક્તિ જો સાચી હોય તો તું સુખમાં પડ્યો હોવો જોઈએ.'

નિષ્કામ હસ્યો ને બોલ્યો:

'મારું જીવન બદલાયું એટલે શરીર પણ બદલાય કે ભરાય ને ? મન અથવા જીવનની અસર શરીર પર પડે જ.'

'જીવન બદલાયું !' ઊર્મિલાએ આશ્ચર્યોદ્દગાર કાઢ્યો: 'મને કાંઈ સમજ ના પડી.'

'કેમ ? મારું જીવન ના બદલાય ? મારું લગ્ન થયું છે.'

'લગ્ન થઈ ગયું ?'

'હા.'

'ક્યારે ?'

'તાજેતરમાં જ. તું ના પાડે એટલે હું કાંઈ અનંત કાળ લગી બેસી રહું ? મારો વિચાર તો કરવો જોઈએ ને ? મારા પિતાજીનો આગ્રહ ખૂબ હતો. એને પણ ક્યાં સુધી પાછો ઠેલ્યા કરું ?'

ઊર્મિલાએ કહ્યું: 'તારા લગ્નના સમાચાર સાંભળીને ખૂબ જ આનંદ થયો. તારે મને લગ્નની ખબર તો મોકલવી'તી !'

'ખબર શું મોકલું ? મારું લગ્ન કાંઈ તારા લગ્નની જેમ ધામધુમથી થોડું જ થવાનું હતું ? તું તો રાજપુત્રી એટલે તારું લગ્ન તો મહારાજા જનકે કેટલા બધા ઠાઠમાઠથી કરેલું ? મારું લગ્ન કાંઈ એટલું બધું આનંદજનક થોડું જ હતું ? એ તો કરવા ખાતર કરવાનું હતું. છતાં પણ મારું મન તારામાં હોવાથી આજે તને એ સમાચાર આપવા માટે જ આવેલો. રાજકાર્ય તો એ માટેના નિમિત્તરૂપ જ હતું.'

'તારું લગ્ન કોની સાથે થયું ?'

'સેનાધ્યક્ષના કુલપુરોહિતની કન્યા માતંગી સાથે.'

'માતંગી સાથે ?'

'હા.'

'તો તો તું ઘણો જ ભાગ્યશાળી કહેવાય.'

'કેમ ?'

'કેમકે માતંગી તો ઘણી સુંદર ને ગુણિયલ છે. એને મેં ઘણા વખત પહેલાં જોયેલી છતાં આજે પણ નથી ભૂલી શકી. એ તને સુખી કરશે.'

નિષ્કામે જરાક ગંભીરતા તથા નીરસતાપૂર્વક કહ્યું: 'તારો આશીર્વાદ માથે ચઢાવું છું. તારી ભાવના અથવા શુભેચ્છા ફળે એમ ઈચ્છું છું. પરંતુ માતંગી સાથેનું મારું લગ્ન તારા કહેવા પ્રમાણે મારા સૌભાગ્યની નિશાનીરૂપ છે એવું હું નથી માનતો.'

'કારણ ?'

'કારણ તું સહેલાઈથી સમજી શકે છે.'

'આવી સુંદર અને સુયોગ્ય છોકરી મળવા છતાં પણ તારા મનમાં અસંતોષ પેદા થાય છે !'

'માતંગી સુંદર અને સુયોગ્ય છે તે બરાબર, પરંતુ તારા જેટલી સુંદર અને સુયોગ્ય તો નથી જ. એટલે એને મેળવીને મારે મારી જાતને ધન્ય માનવા જેવું કશું જ નથી. તને મેળવવાની મારી ઈચ્છા પૂરી થઈ હોત તો મારી જાતને જરૂર ધન્ય માનત અને એને મારા જીવનનું સૌથી મોટું ને મૂલ્યવાન સૌભાગ્ય ગણત.'

નિષ્કામે નિશ્વાસ નાખ્યો ને કહ્યું: 'પરંતુ એ વખત તો હવે વીતી ગયો.'

ઊર્મિલાએ કહ્યું: 'તું આવા વિચારો અને ભાવો ક્યાં સુધી સેવ્યા કરીશ ?'

'એ કાંઈ સેવ્યા નથી સેવાતા. એ તો સ્વાભાવિક રીતે જ તેમજ પ્રેમના પરિણામ રૂપે પેદા થતા હોય છે. મારા અંતરાત્માનો વિચાર કર તો તું મને સહેલાઈથી, સારી રીતે અને સહાનુભૂતિપૂર્વક સમજી શકીશ. પહેલાં એ વિચારો ને ભાવો મને ખૂબ ખૂબ સતાવતા ને દુઃખ દેતા, પરંતુ હવે મેં એમને થોડાક હળવા કર્યા છે.'

'કેવી રીતે ?'

'તે તને પછીથી કહી બતાવીશ. પરંતુ તું એટલી ખાતરી રાખજે કે તને હું કદી પણ નથી ભૂલી શકવાનો. મારા દિલમાં તારે માટે જે પ્રેમ છે તે કદી પણ નથી ખૂટવાનો કે નથી મટવાનો. એ પ્રેમ અનંતકાળ લગી અમર રહેશે. ફક્ત તેના સ્વરૂપને મેં બદલવાનો નિર્ણય કર્યો છે—તે માટે થોડોક પ્રયાસ પણ કર્યો છે.'

'એટલે ? હું કાંઈ સમજી નહિ.'

'એમાં ના સમજાય એવું કશું જ નથી. મારા તારા પ્રત્યેના ભાવમાં મારા લગ્ન પછી હવે થોડો ફેર પડ્યો છે.'

'કેવી જાતનો ફેર પડ્યો છે ?'

'મારા હૃદયમાં તારે માટે જે વિકારી ભાવ હતો તેને લીધે હું તને કામુક દૃષ્ટિથી જોયા કરતો. એ સિવાયની બીજી કોઈ દૃષ્ટિ જાણે કે મારી પાસે હતી જ નહિ. હું ભૂલી ગયેલો કે તારું લક્ષ્મણ સાથે વિધિપૂર્વકનું લગ્ન થયું છે એટલે મારે તારી પ્રત્યે કોઈ જાતની વિકારી દૃષ્ટિ ના રાખવી જોઈએ. હવે મને એ વાત સમજાઈ ચૂકી છે એટલે મારી ભાવના પણ બદલાઈ છે. મને મારા પહેલાંના વર્તનને માટે ઊંડો પશ્ચાતાપ થાય છે. હવે હું તારી પ્રત્યે જીવનના છેલ્લા શ્વાસ સુધી ભગિનીભાવ ધારણ કરીશ ને તને ભગિની માનીશ.'

'નિષ્કામ, આ તું શું બોલી રહ્યો છે ?' ઊર્મિલાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હું જે કહું છું તે સાચું જ કહી રહ્યો છું.' નિષ્કામ બોલ્યો: 'મારા શબ્દો ઉપર ઉપરના નહિ પરંતુ અંતરના છે.'

'તો તો અતિશય પ્રસન્ન થવા જેવું છે. તું એવા વિશુદ્ધ ભાવને ધારણ કરે એવી મારી લાંબા વખતની ઈચ્છા હતી. એ ઈચ્છા પૂરી થઈ એ જોઈને મને આનંદ થાય છે. હવે તું સાચા અર્થમાં પુરોહિતપુત્ર બની શક્યો. તારા દૃષ્ટિ પરિવર્તનને માટે ધન્યવાદ આપું છું.'

'ધન્યવાદ મને નથી ઘટતો પરંતુ તને ઘટે છે. ઊર્મિલા ! તેં જો પહેલેથી જ મારી પ્રત્યે મક્કમ વલણ રાખવાને બદલે મારી હીન વૃત્તિઓને થાબડવાનું કે સંતોષવાનું ચાલુ રાખ્યું હોત તો મારો ઉદ્ધાર કદી પણ ના થઈ શકત. એટલે મારા આ સુખદ જીવન પરિવર્તનનું સઘળું શ્રેય તને જ ઘટે છે. તું સાચા અર્થમાં તપસ્વિની છે. રાજમહેલમાં રહીને, વિષમ વાતાવરણની વચ્ચે વસીને પણ તું તપ કરી રહી છે અને જીવનને ઉત્તરોત્તર પવિત્ર કરનારા તારા તપમાં સફળ થઈ છે. લક્ષ્મણના ચરણે તેં કોઈ પણ પ્રકારની કીર્તિની કામના વિના શાંતભાવે સર્વસમર્પણ કર્યું છે. લક્ષ્મણ પોતે એથી બડભાગી છે. તારા જેવી બેન મળવા બદલ હું પણ મને બડભાગી માનીશ. જીવનમાં મને પત્ની તો મળી છે પરંતુ બેન નહતી મળી તે હવે મળી ગઈ. મને આશા છે કે તું મારા જેવા અવગુણ સાગરને તારા ભાઈ તરીકે સ્વીકારી લઈશ અને મારી બેન થઈશ.'

નિષ્કામ વધારે ના બોલી શક્યો.

એનું હૈયુ ભરાઈ આવ્યું.

ઊર્મિલા પણ ગદ્ગદ બની ગઈ.

એની આંખ ભીની થઈ.

થોડીવાર પછી તે બોલી: 'જે થઈ ગયું તે થઈ ગયું. એને યાદ કરીને નાહક દુઃખી ના બનતો. તારું હૃદય નિર્મલ બનવાથી તું સાચા અર્થમાં નિષ્કામ બની ગયો. એ નિષ્કામ વૃત્તિ કાયમ માટે જાળવી રાખજે. બાકી હું તો તારી બેન જ છું. મેં તને શરૂઆતથી જ ભાઈ તરીકે માન્યો છે. એ હકીકત કહી બતાવવાની ના હોય. તું મારો ભાઈ થઈને રહીશ તો તને લાભ જ થશે. બાકી મેં એવું કોઈ મોટું તપ નથી કરી નાખ્યું કે હું તપસ્વિની કહેવડાવવાને લાયક હોઉં. મેં તો મારું કર્તવ્ય જ બજાવ્યું છે. એથી વિશેષ બીજું કશું જ નથી કર્યું.'

નિષ્કામે કહ્યું: 'મારી એક ઈચ્છા છે કે તું મારી બેન તરીકે મારે માથે હાથ મૂકીને મને આશિષ આપ. તારા એ અનુગ્રહને માટે હું લાયક તો નથી છતાં પણ મારી એવી ભાવના છે. એની સંતૃપ્તિથી મને શાંતિ વળશે.'

નિષ્કામે બે હાથ જોડીને પોતાનું મસ્તક આગળ ધર્યું એટલે ઊર્મિલાએ કહ્યું:

'અંતરની આશિષ તો છે જ પછી હાથ મૂકવાથી કાંઈ વધારે છે ?'

'મારે માટે એની કીંમત ઘણી વધારે છે. તારા આશીર્વાદાત્મક પવિત્ર કરસ્પર્શથી હું થોડોક વધારે પવિત્ર બનીશ. મારા અંતરમાં એવી ઊર્મિ ઉઠી છે. ઊર્મિલા ! તું મને નિરાશ ના કર. હું કોઈ બીજા અમંગલ પદાર્થની કામના નથી કરતો, અથવા કોઈ અશુભ ઈચ્છા નથી રાખતો. તારા શુભાશીર્વાદની જ પ્રાર્થના કરું છું. મારા ભૂતકાળના વર્તન માટે મને સાચા દિલથી માફ કરીને મારી બેન તરીકે તારા પવિત્ર હસ્તને મારા મસ્તક પર મૂકી દે.'

નિષ્કામની આંખ ટપકવા માંડી.

ઊર્મિલાનું અંતર એથી દ્રવી ગયું, અને એણે નિષ્કામના મસ્તક પર હાથ મૂક્યો.

નિષ્કામને શાંતિ મળી. એ બોલ્યો: 'આજે મને જાણે કે સ્વર્ગસુખ મળી ગયું. આ કરસ્પર્શ અને આશીર્વાદને હું હંમેશા યાદ રાખીશ. એ મારા જીવનનું પ્રેરક બળ બની રહેશે ને મને જીવન દેશે. આજે મારું પરિવર્તન પૂરું થયું ને જીવન ધન્ય બન્યું.'

ઊર્મિલાએ થોડીવાર શાંત રહીને પૂછ્યું:

'તારા આવા જીવન પરિવર્તનનો વિચાર તને એકાએક કેવી રીતે આવ્યો તે કહી શકીશ ?'

નિષ્કામે ઉત્તર આપ્યો:

'ઈશ્વરની કૃપાથી. એની કૃપા વિના કશું થઈ શકે છે ખરું ? અનુભવી મહાપુરુષોના મુખથી સાંભળ્યું છે કે એની ઈચ્છા અથવા કૃપા વિના એક પાંદડું પણ નથી હાલી શકતું.'

'એની કૃપા તારા જીવનમાં કેવી રીતે થઈ ?'

'કેમ ના થાય ?'

'થાય, પરંતુ મારે એનો થોડો ઘણો ઈતિહાસ જાણવો છે.'

'મારા જીવનમાં એક બનાવ બન્યો.'

'કયો બનાવ ?'

નિષ્કામ વિચારમગ્ન બનીને બોલ્યો: 'લગ્ન પહેલાં મને માતંગી પર પ્રેમ થયેલો. એ પ્રેમ અસાધારણ હતો. તો પણ દિવસે દિવસે વધતો ગયો. આખરે અમારું લગ્ન થયું. પરંતુ અમારા લગ્ન પછી મને ખબર પડી કે માતંગી પર પહેલેથી જ કોઈ બીજા યુવકને પ્રેમ હતો. એ માતંગીને પોતાના પ્રભાવમાં લઈને એની સાથેનો પોતાનો સંબંધ ટકાવી રાખવા માંગતો'તો. માતંગી નિર્દોષ હતી, પરંતુ એ યુવક એને દોષિત કરવાની ઈચ્છા રાખતો'તો.'

'પછી ? પછી શું થયું ?'

'મને એની માહિતી મળી એટલે મેં એને ધમકાવ્યો તથા માતંગીને મળતો અટકાવ્યો. મારાથી બીજું કરી શકાય પણ શું ? પરંતુ એની પ્રતિક્રિયા ધાર્યા કરતાં જુદી ને ખરાબ થઈ.'

'માતંગીએ એને કશું ના કહ્યું ?'

'માતંગીને પણ એનો સંબંધ નહોતો ગમતો એટલે મારા વર્તનથી ઉત્સાહિત થઈને એણે એને મીઠો ઠપકો આપ્યો અને પોતાની આશા ના રાખવા કહ્યું. એથી એના હૃદયને ધક્કો લાગ્યો કે ગમે તે થયું પરંતુ એણે આપઘાત કર્યો.'

'આપઘાત ?'

'હા. એ યુવકે આપઘાત કર્યો. બીજી રીતે એ યુવક ઘણો સારો હતો. પરંતુ એના મનમાં માતંગીનો મોહ કોણ જાણે ક્યાંથી થયો. એણે તો આપઘાત કર્યો પણ એનો આકસ્મિક આપઘાત મારે માટે વજ્રપાત જેવો થઈ પડ્યો. એણે મને ભારે વિચાર કરતો કરી મૂક્યો. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ મને પશ્ચાતાપ થવા લાગ્યો. મને મારા પોતાના વર્તનને માટે અફસોસ થવા માંડ્યો. મને થયું કે એ યુવકનો વ્યવહાર મને ઉત્તમ ના લાગ્યો અને મેં એને ઠપકો આપ્યો તો મારો તારી સાથેનો વ્યવહાર પણ ક્યાં ઉત્તમ છે, અને તે માટે મને તારો ઠપકો મળે તેમાં નવાઈ નથી. માતંગી મારી પત્ની હોવાથી મને પ્રિય છે, પરંતુ લક્ષ્મણને તારે માટે એથી પણ વધારે પ્રેમ છે, તને પણ એના પ્રત્યે એટલો જ પ્રેમ છે, એટલે મારું વર્તન બેહુદું છે એની મને ખાતરી થઈ. મારી પત્ની સાથે કોઈ ખરાબ સંબંધ રાખે એ મને પસંદ ના હોય તો બીજાની પત્ની સાથે મારાથી પણ ખરાબ સંબંધ કેવી રીતે રાખી શકાય ? એ જ્ઞાનનો ઉદય મારામાં આપોઆપ થઈ ગયો.'

થોડીવાર અટકીને નિષ્કામ આગળ બોલ્યો: 'એ યુવાન જાણે મારું પરિવર્તન કરવા જ આવેલો. એ તો અત્યંત કરુણ રીતે વિદાય થયો પરંતુ સાથે સાથે મને જાગ્રત કરતો ગયો. મારે માટે એ પરોક્ષ પથપ્રદર્શક બન્યો. ત્યારથી જ મારા ભાવો તથા વિચારોમાં ક્રાંતિ થઈ ને મેં તને ભગિનીભાવથી જોવાનો નિર્ણય કર્યો.'

ઊર્મિલા બોલી: 'તારી પરિવર્તનની કથા ઘણી જ રોમાંચકારી તથા રોચક છે. એ સાંભળીને થાય છે કે તારા પર ઈશ્વરની કૃપા છે. તારો નિર્ણય ખરેખર પ્રશસ્ય છે અને એ નિર્ણયને તું વળગી રહે એટલું જ ઈચ્છું છું.'

નિષ્કામ બોલ્યો: 'તારો આશીર્વાદ મળી ચૂક્યો છે એટલે એ નિર્ણયને વળગી રહેવાનું અને કાયમને માટે વળગી રહેવાનું મારે માટે જરા પણ મુશ્કેલ નહિ બને. તારા જેવી બેન મેળવી શક્યો એ પણ મારું સૌભાગ્ય છે.'

'તારા જીવન પરિવર્તનની વાત સાંભળીને મને ખરેખર આનંદ થયો. એ પરિવર્તન આશ્ચર્યકારક છે. પરંતુ એવાં આશ્ચર્યકારક અને અજબ પરિવર્તન જીવનમાં ક્યાં નથી થતાં ? હું તો જીવનમાં એક અથવા બીજી જાતનાં પરિવર્તનનો જ અનુભવ કરી રહી છું. લક્ષ્મણ સાથેનું મારું લગ્ન, અયોધ્યામાં આગમન, કૈકેયીના વરદાન, રામ તથા લક્ષ્મણ ને સીતાનું વનગમન, રાજા દશરથનું મૃત્યુ, ભરતનું તપ અને તારા વિચારોમાં થયેલો ફેરફાર, એ બધાં પરિવર્તનોને શાંતિથી જોયા કરું છું. હજુ કોણ જાણે બીજા કેટલાંય પરિવર્તન થયા કરશે ! પ્રકૃતિ તથા અવની આખીયે પરિવર્તનશીલ છે અને જીવન પણ એક પ્રકારનું મહાન પરિવર્તન જ છે ને ? તારું પરિવર્તન ખરેખર પ્રશસ્તિને પાત્ર છે, ધન્યવાદ દેવા લાયક છે.'

ત્રણ ચાર દિવસ પછી નિષ્કામ મિથિલાપુરી જવા માટે તૈયાર થયો. વિદાય વખતે એણે ઊર્મિલાને પ્રણામ કર્યા ને કહ્યું:

‘મારા જીવનને ઉજ્જવળ કરવામાં તેં આપેલો ફાળો નહિ ભૂલી શકું. તારી નિષ્ઠા તથા પવિત્રતાને લીધે જ હું તરી શક્યો તથા ઉત્તમ, જ્યોતિર્મય જીવનનો પ્રવાસી બની શક્યો. વિદાય વખતે તારો આશીર્વાદ ચાહું છું.’

‘મારો આશીર્વાદ છે જ.’ ઊર્મિલાએ ભાવપૂર્વક કહ્યું: ‘તારું જીવન ઉત્તરોત્તર, વધારે ને વધારે, ઉજ્જવળ અથવા જ્યોતિર્મય બનો તથા તને સ્થિરતા તેમજ શાંતિ મળો.’

અને નિષ્કામને માટે એકદમ અસાધારણ વાક્ય કહી બતાવ્યું.

‘કોઈ વાર અયોધ્યામાં આવજે ને મળજે, બેનને ભૂલતો નહિ.’

‘નહિ ભૂલું.’ નિષ્કામ વધારે ના બોલી શક્યો. એ ગદ્દગદ બનતાં, ઊર્મિલા તરફ એક પવિત્ર દૃષ્ટિ કરીને અશ્રુની અંજલિ આપતાં વિદાય થયો. ઊર્મિલા આંખમાં કરુણા ભરીને એને જતો જોઈ રહી.

* * * * *

## ૩૬ .રાવણ અને મંદોદરી

અશોકવાટિકામાં રાખેલી સીતા પાસે આવીને રાવણે ચંદ્રની ચારુ ચાંદનીનો આસ્વાદ લેતાં કહ્યું: 'સીતા, તેં શો વિચાર કર્યો ? મારો પ્રસ્તાવ તને પસંદ પડ્યો કે નહિ ?'

સીતાએ શાંતિથી કહ્યું: 'તારો પ્રસ્તાવ મને કદી પણ પસંદ પડે તેમ નથી. મારે બીજો કશો વિચાર કરવાનો રહેતો જ નથી. તારી ઈચ્છા કદી પણ પૂરી નહિ થઈ શકે. છતાં એને વળગી રહીશ તો તારો વિનાશ થશે એ નક્કી છે. માટે તારું હિત ચાહતો હોય તો મને છોડી દે અને વહેલી તકે રામને સુપ્રત કરી દે. રામ દયાળુ છે, મોટા મનના અને ઉદાર છે. તારા અપરાધને માફ કરીને તે તને કોઈ પણ પ્રકારનો દંડ દીધા વિના જતો કરશે.'

રાવણ છંછેડાઈ પડ્યો ને બોલ્યો: 'રામ દયાળુ હોય કે ના હોય, મારે તેમની દયાની જરૂર નથી. હું તેમનાથી કે બીજા કોઈનાથી નથી ડરતો. તે જો સાચેસાચ દયાળુ હોય તો તારી દયા ખાઈને તને મારી પાસેથી છોડાવે એટલું પૂરતું છે. તારા દુરાગ્રહ માટે તારે પાછળથી પસ્તાવું પડશે. એમની કે કોઈની તાકાત નથી કે તારી શોધ કરતાં આટલે દૂર આવી શકે. માટે તું મારી પટરાણી બની જા એ જ બરાબર છે.'

'હું તારી પટરાણી કદી પણ નથી બનવાની. તારા એ સ્વપ્નને સદાને માટે છોડી દેજે. એ સ્વપ્ન સફળ નહિ થાય. તેં મારા શરીરનું હરણ કર્યું છે, પરંતુ મારા મનનું હરણ નથી કર્યું. એટલે મારા મનને કદાપિ વશ નહિ કરી શકે. એના પર તો એકમાત્ર રામનો જ અધિકાર છે અને રામનો જ અધિકાર રહેવાનો છે. તું મને દૂર હરી લાવ્યો છે છતાં પણ રામ મને શોધી કાઢશે ને મુક્ત કરશે એવી મને શ્રધ્ધા છે. રામ કદાચ આટલે દૂર નહિ આવે તો પણ, હું તારી તો નહિ જ બની શકું. તારી બનવા કરતાં હું મરવાનું વધારે પસંદ કરીશ.'

રાવણે કહ્યું : 'તું મને ગમે તેટલો દુષ્ટ માનતી હોઈશ તો પણ એક વાતની ખાતરી આપું છું કે હું કદી તારા પર આક્રમણ નહિ કરું. તને વિચાર કરવા માટેનો પૂરતો સમય આપીશ અને તારું હૃદય પરિવર્તન થાય તેની રાહ જોઈશ. તું આટલી બધી મક્કમતાથી બોલે છે તો પણ વખતનાં વીતવા સાથે તારી ધીરજ ને હિંમત તૂટી જશે તથા તું મારી થશે. તારી પાસે એના વિના બીજો કોઈ રસ્તો જ નહિ રહે.'

'તારી એ આશા નિરર્થક ઠરશે કે માટીમાં મળશે. એવી આશાને સેવીને તું બરબાદ કે બેહાલ બનશે.'

'સીતા, મારા હૃદયમાં તારે માટે પ્રેમ છે. તારું સ્વરૂપ મને આ ચંદ્રિકાની ચાંદની કરતાં પણ વધારે સારું, રસમય અને રળિયામણું લાગે છે. તારા પ્રેમનું પાન કરીને મારું સમસ્ત જીવન ધન્ય બનશે.'

'આવા શબ્દો બોલતાં તને શરમ આવવી જોઈએ. છતાં પણ તને જરા પણ શરમ નથી આવતી એ તારી નફ્ફટાઈ બતાવે છે.'

'નફ્ફટાઈ તો મારી નથી પણ તારી છે.'

'તું પોતે નફ્ફટાઈથી ભરેલો છે એટલે એ નફ્ફટાઈનું આરોપણ મારામાં પણ કરી રહ્યો છે. હું પરિણીત છું અને તારી સામે દૃષ્ટિપાત કરવાની પણ ઈચ્છા નથી રાખતી એ જાણવા છતાં તું મારી સાથે આવો હીન વ્યવહાર કરી રહ્યો છે એથી વધારે નફ્ફટાઈ બીજી કયી હોઈ શકે ? પુલસ્ત્ય મુનિના કુળને તું

લજાવી રહ્યો છે. તારા જીવનમાં પરસ્ત્રી અને પરધનને હાથ કરવાનાં કેટલાંય કુકર્મો તેં કર્યાં હશે પરંતુ આ કામમાં તું સફળ નહિ થઈ શકે.'

રાવણે મૂછ મરડીને કહ્યું : 'મને તો સંપૂર્ણ શ્રધ્ધા છે કે હું સફળ થઈશ. મેં મોટામોટા મહારથી, દેવ ને દાનવના મદ ઉતાર્યા છે તો તું મારી આગળ શા વિસાતમાં છે ?'

'એનો ઉત્તર તને મારું વર્તન પૂરું પાડશે ને છેવટે રામ આપશે. તારે રામ સાથેના યુધ્ધમાં રણમાં રોળાવું ના પડે માટે તને સાવધાન કરી રહી છું. પછી તો જેવું તારું ભાગ્ય.'

'મારું ભાગ્ય તો ઉજ્જવળ જ છે, પરંતુ તારું ને રામનું ભાગ્ય કેટલું ફૂટલું છે તે તને બતાવી આપીશ.'

એમ કહીને અશોકવાટિકાની સીતાની ચોકી કરનારી રાક્ષસીઓને જુદી જુદી સૂચના આપીને રાવણ ચાલી નિકળ્યો. અશોકવાટિકામાંથી રાવણ સીધો અંતઃપુરમાં આવ્યો એટલે મંદોદરી અને બીજી રાણીઓ પ્રસન્ન થઈ.

થોડીક આડીઅવળી વાતચીત પછી મંદોદરી બોલીઃ 'તમારી અનુમતિ હોય તો તમને એક વાત કહેવી છે. કેટલાય વખતથી એ વાત મારા મનમાં ઘોળાયા કરે છે. આજે તો થાય છે કે કહી જ નાખું ને મારું હૈયું હળવું કરું.'

રાવણ બોલ્યોઃ 'તારાથી મેં કોઈ પડદો રાખ્યો છે, મંદોદરી ? તારે જે કાંઈ કહેવું હોય તે તું તદ્દન નિર્ભીકતાથી કહી શકે છે. તારા સુધાસભર શબ્દો સાંભળવાનું મને હંમેશા ગમે છે. એ શબ્દો સાંભળતાં હું નથી ધરાતો.'

'પરંતુ આજની વાત જરાક કડવી છે.'

'કડવી હશે તો પણ તારા મુખની વાત છે ને ? સાચું કહું તો તારું કશુંયે મને કડવું લાગતું જ નથી. તારું જે કાંઈ છે તે બધું જ મધુર લાગે છે.'

'તમે ખોટું તો નહિ લગાડો ?'

'ના. મેં કદી ખોટું લગાડ્યું છે ?'

'મારા પર રોષે તો નહિ ભરાવ ?'

'કદાપિ નહિ.'

'તો પછી તમને મારા મનની વાત કહી બતાવું છું. તમારી પાસે બળ છે, બુધ્ધિ છે, તપ છે, સત્તા છે, યશ છે, સર્વ કાંઈ છે, પરંતુ એનો સદુપયોગ કરીને બીજાને સુખી કરવાને બદલે દુરુપયોગ કરીને તમારી પોતાની સાથે બીજાની પણ ઘોર ખોદી રહ્યા છો એવું તમને નથી લાગતું ? મને તો એવું જ લાગે છે.'

'એટલે ?' રાવણે સહેજ ગંભીર બનીને પૂછયુંઃ 'તારા કહેવાનું તાત્પર્ય શું છે ?'

મંદોદરીએ સહેજ પણ ઉત્તેજીત થયા વિના શાંતિપૂર્વક કહેવા માંડ્યુંઃ 'જીવનમાં તમે અનેક સારાં કામો કર્યાં હશે, પરંતુ સીતાનું હરણ કરીને તમારાં એ શુભ કર્મો પર તમે પાણી ફેરવી વાળ્યું છે. તમારી કીર્તિને કલંક લગાડ્યું છે. તમારું હિત ચાહતા હો તો સીતાને સન્માનપૂર્વક પાછી મોકલી દો. રામનો રોષ વહોરવાથી તમારું હિત કદાપિ નહિ થાય.'

રાવણ થોડીવાર વિચારીને બોલ્યો: 'હું તને વિવેકી સમજતો'તો, મંદોદરી ! પરંતુ તું તો મૂર્ખ લાગે છે. સ્ત્રીની બુધ્ધિ મંદ હોય છે ને સ્ત્રી સદા ડરપોક હોય છે એ ઉક્તિ આજે સાચી પડતી લાગે છે. સીતાનું હરણ કરીને મેં મારી રસિકતા તથા વીરતાનું પ્રદર્શન કર્યું છે. એને માટે મારી પ્રશસ્તિ કરવાને બદલે તું મારી આલોચના કરી રહી છે એ જોઈને મને નવાઈ લાગે છે ને દુઃખ થાય છે.'

'તમને દુઃખ થાય છે કે નહિ તે હું નથી જાણતી. જો ખરેખર દુઃખ થતું હોય તો સીતાને સન્માનપૂર્વક રામ પાસે વિદાય કરી દો. સીતાનું હરણ કરવા બદલ તમે શરમનો અનુભવ બદલે ગૌરવનૌ અનુભવ કરો છો તે જ બતાવે છે કે તમારી બુધ્ધિ ઉલટે માર્ગે જઈ રહી છે. સીતાના હરણનું કુકર્મ કરવા માટે મારાથી તમારી પ્રશસ્તિ કેવી રીતે કરી શકાય ? હું સ્ત્રી છું એટલે સ્ત્રીને પોતાના હરણથી કેટલું દુઃખ થાય છે તે જાણું છું. સ્ત્રીને માટે એ ઘટના ભારે કરુણ હોય છો. ધારો કે કાલે ઉઠીને કોઈ મારું હરણ કરે તો તેની એ રસિકતા ને વીરતા માટે તમે તેને ધન્યવાદ આપી શકો ?'

'તારું હરણ ? તારું હરણ કોણ કરી શકે તેમ છે ? હું જીવું છું ત્યાં સુધી તને હાથ પણ કોણ લગાડી શકે તેમ છે ? એવી તાકાત જ કોનામાં છે ?'

'કેમ ? મને કોઈ હાથ ના લગાડી શકે ?'

'ના'

'કારણ ?'

'કારણ એ જ કે તું મારી પટરાણી કે પત્ની છે. મને તારા પર પ્રેમ છે, પુષ્કળ પ્રેમ છે, એટલે કોઈ તારું હરણ કરવાની ઈચ્છા કરે કે યોજના ઘડે તો તેની યોજના પૂરી થાય તે પહેલાં તો તેના મસ્તકને ધડથી અલગ કરી દઉં.'

'તમને મારે માટે અપાર પ્રેમ છે અને હું તમારી પત્ની તથા પટરાણી છું તે બરાબર છે. પરંતુ એવી રીતે પ્રત્યેક પુરુષને પોતાની સ્ત્રીને માટે અપાર પ્રેમ હોય છે અને એ એની પત્ની કે પટરાણી હોય છે એ કેમ ભૂલી જાવ છો ? રામને સીતાને માટે પણ એવો જ અસાધારણ પ્રેમ હશે અને સીતાને પણ રામને માટે. સીતાનું હરણ કરીને અને એ બંનેના પ્રેમી આત્માને અલગ કરીને તમે મહાભયંકર અક્ષમ્ય અપરાધ કર્યો છે એવું તમને નથી લાગતું ? જો ના લાગતું હોય તો તમારામાં એટલી જડતા છે એમ જ કહી શકાય.'

રાવણ સહેજ પણ શરમાયા વગર ખડખડાટ હસીને બોલ્યો: 'મંદોદરી, તારી દલીલ સમજાય તેવી છતાં વિચિત્ર છે. તને ખબર નથી કે સીતાની વાત જરા જુદી છે. મને એને જોઈને મોહ થયો છે માટે હું એને હરી લાવ્યો છું. છતાં પણ તું વિશ્વાસ રાખજે કે હું એના પર કોઈ જાતની બળજબરી નહિ કરું.'

મંદોદરી બોલી: 'એને એના પતિની ગેરહાજરીનો લાભ લઈને એના એકાંત આશ્રમમાંથી સાહસ કરીને ઉપાડી લાવ્યા એથી વધારે બળજબરી બીજી કયી હોઈ શકે ? પરંતુ યાદ રાખજો કે તમારું એ સાહસ તમને ભારે પડી જશે. સીતાએ પોતાના પતિ તથા અરણ્યના એકાંત આશ્રમમાંથી છૂટા પડતી વખતે કેટલું બધું કલ્પાંત કર્યું હશે અને કેટલાં બધાં અસંખ્ય આંસુ સાર્યા હશે ? એણે તમારા સકંજામાંથી છૂટવા માટે કેટલી બધી વિનવણી કરી હશે ? પરંતુ એની અસર તમને લગાર પણ નહિ થઈ હોય. નહિ તો તમે એને એ જ વખત છોડી દેત. તમે જો તદ્દન નિર્દય ને લાગણીહીન ના બની ગયા હો તો હજુ પણ એને છોડી દો.'

'તું એની વકીલાત કરી રહી છે, પરંતુ તને હજુ ખબર નથી કે હું એટલો બધો મૂર્ખ નથી કે હાથમાં આવેલા હીરાને છોડી દઉં. રામની શક્તિ હોય તો એને ભલે છોડાવી જોય, બાકી હું તો એને નહિ જ છોડું.'

'એનો અર્થ એવો થયો કે તમે તમારો તો નાશ કરશો જ પરંતુ અમારા સૌનો નાશ પણ નોતરશો.'

'મારો કે તમારો નાશ કરવાની શક્તિ કોનામાં છે ? મને તો મારો નાશ કરી શકે તેવું સંસારમાં કોઈ જ નથી દેખાતું.'

'એ તમારું ગુમાન અથવા મિથ્યાભિમાન છે અને એ મિથ્યાભિમાન માટીમાં મળશે, રામના હાથે જ નષ્ટ થશે, એવું મને લાગ્યા કરે છે. સીતાનું હરણ થવાથી એનો આરંભ થઈ ચૂક્યો છે. તમે તમારી જાતને તથા લંકાને સલામત માનો છો, પરંતુ રામના બાહુબળની આગળ કશું જ સલામત નથી રહેવાનું. તમે શું એમ માનો છો કે રામ અહીં આવ્યા વિના રહી શકશે ? અને ધારો કે એ નહિ આવે તો પણ સીતાનાં આંસુ, સીતાના પોકાર, સીતાની વેદના અને આહ વ્યર્થ નહિ જાય. એ તમારે માટે જીવલેણ બની જશે. નિર્દોષનાં આંસુ કદી પણ નકામાં નથી જતાં એની પીડા અને એના પોકારોના પ્રવાહો પોતાના વેગથી મોટાંમોટાં સામ્રાજ્યોને પણ ધરાશયી કરી દે છે.'

'તું નિરર્થક ચિંતા કરી રહી છે ને નકામી ડરી ગઈ છે, મંદોદરી !' રાવણ બોલ્યો.

મંદોદરી બોલી: 'હું ડરી નથી ગઈ તથા નકામી ચિંતા પણ નથી કરી રહી. હું તો ભવિષ્યનો વિચાર કરીને તમને સાચી સલાહ આપી રહી છું. હું તમારી પત્ની હોવાથી મારો પત્ની તરીકેનો ધર્મ બજાવી રહી છું. મારો ધર્મ તમને બુરા માર્ગેથી પાછા વાળવાનો છે.'

'મારો માર્ગ બુરો છે જ નહિ.'

'એ તો તમે કહો છો ને ? તમારા એ કથનને સમજુ મનુષ્યો કદી પણ નહિ સ્વીકારે. પરસ્ત્રીના હરણનો માર્ગ કોઈયે નથી વખાણ્યો ને કોઈયે મંગલ નથી માન્યો. એ માર્ગે આગળ વધીને ગૌરવ ગણનારા પુરુષો પણ તમારા જેવા કોઈક જ હશે.'

'તું દલીલો તો ભાતભાતની કરે છે પરંતુ તારો ધર્મ મને બધી રીતે મદદરૂપ થવામાં છે એ ભૂલી જાય છે.'

મંદોદરી તરત બોલી ઉઠી: 'મારાથી તમને બુરા કાર્યમાં મદદરૂપ ના થઈ શકાય.'

રાવણ બોલ્યો : 'તારે તો સીતાને સમજાવવા પટાવવાના પ્રયત્નો કરવા જોઈએ. એ મારી પટરાણી બની શકે તે માટે તેને તૈયાર કરવી જોઈએ. પરંતુ એમ કરવામાં પણ કદાચ તને ભય લાગતો હશે. તને એ શંકા થતી હશે કે સીતા મારી પ્રેમિકા ને પટરાણી બનશે તો તારું વર્ચસ્વ ઓછું થશે. પણ એમાં આશંકા કરવા જેવું કશું જ નથી. સીતા મારી પટરાણી બનશે તો પણ તું તો મને એટલી જ પ્રિય રહેશે. તારું સ્થાન તો એવું જ અનેરું અને અજોડ રહેશે. તારું પટરાણી પદ કોઈયે નહિ લઈ લે અને મારા હૃદયમાં તારું જે પ્રેમપૂર્ણ સ્થાન છે તે પણ કોઈયે નહિ છીનવી લે. તું તો મને એવી જ પ્રિય રહેવાની છે. તારું સ્થાન મારા જીવનમાં આવું જ અજોડ રહેશે.'

મંદોદરી બોલી: 'મને મારા પટરાણી પદની કશી જ નથી પડી. સીતા જો તૈયાર થતી હોય તો મારું પટરાણીપદ હું એને આજે જ આપી દેવા તૈયાર છું. પરંતુ એના મનમાં એવો વિચાર જ નથી પેદા થતો અને કદીપણ પેદા નથી થવાનો. એવો વિચાર એ સ્વપ્ને પણ નહિ કરી શકે.'

'તને શી ખબર ? તું એને મળ તો ખરી. એના વિચારો જાણીને એને મનાવવાનો પ્રયાસ તો કર.'

'મારાથી એને મનાવવાનો પ્રયાસ નહિ થઈ શકે છતાં હું એને મળીશ ખરી. એને મળું એમાં તમને કાંઈ હરકત તો નથી ને !'

રાવણ પ્રસન્નતાપૂર્વક બોલ્યો: 'મને એમાં શી હરકત હોય ? તું એને મળીશ અને એની સાથે સ્નેહપૂર્વક વાત કરીશ તો કદાચ એનું મન પલટાશે અને એ મારી પ્રિયતમા બનવા તૈયાર થશે.'

'મને દુઃખ થાય છે કે તમે સીતાના સંબંધમાં આવા અમંગલ વિચાર સિવાય બીજો વિચાર જ નથી કરી શકતા.'

'મને પણ દુઃખ છે કે તું મારા દિલને નથી સમજી શકતી. એને સમજતી હોત, સીતાને માટેની એની લાગણીને જાણતી હોત, તો એને જરૂર ન્યાય કરત.'

'એવો ન્યાય મારાથી કદી પણ અથવા કોઈયે સંજોગોમાં નહિ કરી શકાય.' મંદોદરીએ સાફ શબ્દોમાં સંભળાવી દીધું: 'હું તો સીતાને ન્યાય કરવા માગું છું. એ સ્ત્રી છે એટલે એના દિલનાં સ્પંદનોને હું સહેલાઈથી સમજી શકું છું. એ પતિવ્રતા સ્ત્રી છે એટલે તમને કદી પણ તાબે નહિ થાય.'

રાવણ વ્યંગ કરતાં બોલ્યો: 'પતિવ્રતા ? એ કેવી પતિવ્રતા છે એ હું થોડા જ વખતમાં બતાવી આપીશ. એવી તો કેટલીય પતિવ્રતાઓને તથા કુમારિકાઓને મેં મારી પ્રિયતમાઓ બનાવી દીધી. એમની આગળ સીતાની શી વિસાત ?'

'સીતાનું ઘડતર જુદી જાતનું છે.'

'તો પણ શું ? મારું ઘડતર પણ ક્યાં જુદી જાતની માટીમાંથી નથી થયું ? એનો હૃદયપલટો કરવાની હું પૂરેપૂરી શક્તિ ધરાવું છું.'

'એ શક્તિ બીજી કુમારિકાઓ તથા સ્ત્રીઓને ભલે પલટાવી શકી પરંતુ સીતાને નહિ પલટાવી શકે. એના સંબંધમાં તમારે નિરાશ થવું પડશે. સીતાના સંબંધમાં મેં વિશ્વસનીય સૂત્રો દ્વારા જે વાતો સાંભળી છે તેમના પરથી એવા નિર્ણય પર પહોંચી શકી છું. સીતાને તમે બીજી સ્ત્રીઓ જેવી ના સમજતા. અને બીજી સ્ત્રીઓનું પણ શું છે ? એમનામાંની કેટલીકને તમે હરી લાવ્યા છો ને બળજબરી કેદ કરી બેઠા છો. એ સ્ત્રીઓ પોતાની ઈચ્છાથી અહીં નથી રહી. એમના આત્માએ કેટલાંય આંસુ સાર્યા છે, ક્રંદન કર્યાં છે, નિસાસા નાખ્યા છે, ને પોકારો પાડ્યા છે, તથા છેવટે કોઈ રસ્તો નહિ દેખાવાથી રાજપ્રાસાદની દિવાલો વચ્ચે પૂરાઈ રહેવાનું પસંદ કર્યું છે. તમે આઝાદી આપો તો એમનામાંની કેટલીય એમને ઘેર જવા માટે વિદાય થાય. પરંતુ તમે એમને આઝાદી આપો એવા છો જ ક્યાં ? તમારું અંતર એટલું નિર્દય અથવા જડ બન્યું છે.'

રાવણ સ્મિત કરતો રહ્યો એટલે મંદોદરી થોડીક વાર અટકીને આગળ બોલી: 'સીતાને તમે એવી રીતે તમારી નહિ બનાવી શકો. એ મરી જવાનું પસંદ કરશે, પરંતુ તમારી નહિ થાય. તમે તમારી હઠ અને વાસનાનો ત્યાગ કરો તે જ બરાબર છે. તમે રામની સાથે હાથે કરીને વેર બાંધી રહ્યા છો. અગ્નિમાં હાથ

નાખવાથી જેમ દાઝ્યા વિના નથી રહેવાતું તેમ રામની સાથેનું આ વેર તમને તો દઝાડશે પણ તમારી સાથે સંકળાયેલા સૌને દઝાડીને ભસ્મિભૂત કરી દેશે. તેની કલ્પના કરી શકો છો ?'

રાવણે કહ્યું: 'એવી પાયા વિનાની મિથ્યા કલ્પના કરવાનો સમય જ મારી પાસે ક્યાં છે ? મારે એવી ખોટી કલ્પના શા માટે કરવી જોઈએ ? તું મને વારંવાર મારા ને મારા કુળના વિનાશનો ભય બતાવી રહી છે, પણ એવા ભયની અસર મને બિલકુલ નથી થતી. મારો નાશ કરવાની શક્તિ છે જ કોનામાં ? મારો નાશ કદી થઈ શકે એમ જ નથી. એટલે હું એકદમ નિર્ભય છું. સીતાનો સ્વયંવર થયો ત્યારથી જ એ મારા હૃદયમાં રમવા માંડી છે. વચ્ચે એને ભૂલીને મેં મારા મનને બીજી વાતોમાં પરોવેલું. પરંતુ મને લલકાર કરતા હોય તેમ રામ અને લક્ષ્મણે મારી બેન શૂર્પણખાની દુર્દશા કરી. એ વખતે સીતાએ વિરોધનો એક અક્ષર પણ ના ઉચ્ચાર્યો. એ અપમાનજનક પ્રસંગમાંથી મને સીતાના હરણની પ્રેરણા મળી. એટલે વેરનો પ્રસંગ ખરું જોતાં મેં નથી ઉભો કર્યો પરંતુ રામે ઉભો કર્યો છે. હું તદ્દન નિર્દોષ નહિ લાગતો હોઉં તો પણ એ તો નિર્વિવાદ છે કે પહેલો દોષ અને મહાભયંકર દોષ રામનો છે.'

મંદોદરી મૂક રહી એટલે રાવણ આગળ બોલ્યો: 'છતાં પણ એક વાતની ખાતરી આપું છું કે સીતાની ઇચ્છા વિરુધ્ધ એના પર બળાત્કાર નહિ કરું. ભલે લાંબો વખત વીતી જશે તો પણ એના હૃદયપરિવર્તનની રાહ જોઈશ'

'એ તો તમને મળેલા શાપનું સ્મરણ કરીને તમારા મૃત્યુના ભયથી એવી ખાતરી આપી રહ્યા હશો!'

'પરસ્ત્રીની ઈચ્છા વિરુધ્ધ એની સાથે શરીર સંબંધ કરવાથી મારું મૃત્યુ થવાનો શાપ મને મળ્યો છે ખરો, પરંતુ તેથી ડરીને સીતા પર આક્રમણ કરતાં હું નથી અચકાતો. ના, કદાપિ નહિ. મારી ખાતરી એ શાપના સ્મરણને આભારી નથી પણ મારી પોતાની ઈચ્છાને આભારી છે. સીતાની સાથે એટલો ન્યાય હું જરૂર કરીશ. બાકી શાપ મને નથી ડરાવી શકવાનો. કામાંધ બનેલો માણસ પોતાની કામવૃત્તિને સંતોષવા પ્રેરાય છે ત્યારે શાપનો કે કશાનો ખ્યાલ નથી કરતો ને હાનિ કે મૃત્યુની સંભાવના હોવા છતાં તેની પરવા નથી રાખતો તે તું નથી જાણતી ? મારામાં બીજું ઘણુંયે અશુભ હશે પણ આટલા શુભનું મારી શક્તિ પ્રમાણે જતન કરતો રહીશ એટલો વિશ્વાસ રાખજે. સીતાને પણ મારા વતી એટલો વિશ્વાસ આપજે. આખરે હું પણ બ્રાહ્મણ છું. વીર છું, ને પંડિત છું.'

'એ જ આશ્ચર્ય છે ને કે છતાં પણ તમે આવું કુકર્મ કેમ કરી બેઠા !'

મંદોદરી એટલું બોલીને રાવણને જોઈ રહી.

* * * * *

## ૩૭. સહભાગિની

મંદોદરી રાવણની આંખમાં આંખ પરોવતાં બોલી: 'મને પહેલેથી ખબર હોત તો હું તમને એવા કુકર્મોમાં પ્રેરિત થવા દેત જ નહિ. તમને મારી સદબુધ્ધિ પ્રમાણે સારી શિખામણ આપીને એમાંથી વારવાનો પ્રયાસ કરત. પરંતુ તમે મને વાત જ ક્યાં કરી કે મારી સલાહ જ ક્યાં લીધી ? મને તો ખબર પણ ના પડી કે મારીચને તૈયાર કરીને તમે ક્યારે ગયા ને સીતાનું હરણ કરી લાવ્યા ! પુલસ્ત્ય મુનિના કુળને આ ઘટના કલંકરૂપ છે.'

'મને તો એમાં કલંક જેવું કશું જ નથી લાગતું.' રાવણ બોલ્યો: 'ઉલટું એથી મારા કુળના યશનો વિસ્તાર થયો એમ લાગે છે. મેં તપ કર્યું છે, વ્રત કર્યાં છે, તથા બીજાં અનેક સત્કર્મો કર્યાં છે. સીતાહરણનું કર્મ પણ એક પ્રકારનું સત્કર્મ જ છે. પુલસ્ત્ય મુનિનો આત્મા એથી આનંદતો અને મને અભિનંદન આપતો હશે. મને તેમાં કશું જ ખરાબ નથી લાગતું. બધાં કામ તારી સલાહ લઈને કરું તો મારાથી કશું જ થાય નહિ. પરંતુ ચાલ, તું ગમે તેમ કરીને સીતાને પ્રસન્ન કરી દે એટલે તને બધું પૂછ્યા કરીશ.'

મંદોદરી કશું જ ના બોલી. એને વધારે ચર્ચામાં ઉતરવાનું ઠીક ના લાગ્યું.

* * *

સંધ્યા સમય પહેલાં મંદોદરી અશોકવાટિકામાં સીતાની મુલાકાત માટે ગઈ. સીતાના સન્માનભાવથી પ્રેરાઈને અશોકવાટિકાની બહાર દ્વાર પાસે પાલખી ઉતરાવીને એ પગે ચાલતાં આગળ વધી.

સેવિકાઓએ સીતાને એનો પરિચય કરાવ્યો.

એ અશોકવૃક્ષની નીચે સીતા પાસે બેઠી ને પ્રેમપૂર્વક બોલી : 'તને મારું આગમન કદાચ નહિ ગમ્યું હોય અને એથી અનેક જાતના વિચારો આવ્યા હશે. પરંતુ હું કોઈ સ્વાર્થી હેતુ સાધવા માટે નહિ પણ તારા પ્રત્યેના નિષ્કપટ પ્રેમથી પ્રેરાઈને આવી છું. તારા સંબંધી સાંભળ્યું ત્યારથી જ તારી પાસે આવવાની ઈચ્છા ઉત્પન્ન થયેલી, પણ એ ઈચ્છાનો અમલ છેક આજે જ કરી શકું છું. તું કુશળ તો છે ને ?'

સીતાની આંખ વર્ષાઋતુના વાદળ જેવી વિષાદગ્રસ્ત બની ગઈ. એમાંથી અશ્રુની ધારા નિકળવા લાગી. એના ગોરા ગાલ પરથી પ્રવાહિત બનનારી એ અશ્રુધારા એને જુદી જ શોભા આપવા માંડી. લાંબા વખત લગી એ એવી રીતે મૂક બનીને રોતી રહી.

મંદોદરીનું હૃદય એથી ખૂબ જ કરુણ બની ગયું. એ સ્નેહાળ અને સંવેદનશીલ હોવાથી સીતાના હૃદયના પવિત્ર પ્રેમભાવોને સારી પેઠે સમજી શકી. એ સ્નેહથી છલેલા, સુધામય સ્વરે ફરી બોલી: 'મારા અહીં આવવાથી કદાચ તને દુઃખ થયું હશે. પરંતુ એમાં દુઃખ લગાડવાનું કારણ કશું જ નથી. મને તારે માટે લાગણી છે, પ્રેમ છે, ને ઊંડી સહાનુભૂતિ છે. લંકામાં તું રામથી હજારો ગાઉ દૂર છે છતાં પણ મને તારી બેન બરાબર માની લેજે. એટલે જ મેં તને લાગણીથી પ્રેરાઈને તારી કુશળતા વિશે પૂછયું છે.'

સીતાને હવે વાચા ફૂટી.

એ ધીમા છતાં મધુ અને મક્કમ સ્વરે કહેવા માંડી: 'તેં મને મારી કુશળતા વિશે પૂછ્યું છે પરંતુ હું એનો ઉત્તર ક્યા શબ્દોમાં આપું ? પરંતુ તું શાંતિથી વિચાર કરીશ તો સમજાશે કે પોતાના પતિથી વિખૂટી

પડેલી કોઈયે સ્ત્રી આ સંસારમાં સુખી, સ્વસ્થ, શાંત અને સલામત કે કુશળ નથી હોઈ શકતી. સ્ત્રીને માટે પતિ જ સર્વકાંઈ હોય છે. એનો સંયોગ સ્વર્ગરૂપ અને વિયોગ નરકરૂપ લાગે છે. રામથી અલગ થઈને હું કેવી રીતે કુશળ રહી શકું ? મારી સ્થિરતા, શાંતિ ને કુશળતા બધું રામનો વિયોગ થતાં અદ્રશ્ય થઈ ગયું. મારું હરણ કરીને રાવણે મને બધી રીતે દુઃખી અને અસહાય બનાવી દીધી. એણે મારી પાંખ કાપી નાખી. એને બદલે તો એણે મને મારી નાખી હોત તો સારું હતું. આ દુઃખ મારાથી નથી સહન થતું.'

મંદોદરી સહાનુભૂતિભરી ભાષામાં બોલી: 'તારા દુઃખને હું સમજી શકું છું ને તારી વેદનાની પણ કલ્પના કરી શકું છું. તારું હરણ એક મોટામાં મોટા અપરાધરૂપ છે. મને એની ગંધ પણ આવી હોત તો હું એને જીવનના જોખમે પણ ના થવા દેત. પરંતુ એ મારી અજાણમાં થયું છે. મને એની કલ્પના પણ ન હતી અને મેં એમાં કોઈ પ્રકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગ પણ નથી લીધો.'

સીતા બોલી: 'રામના દર્શન વિના મારું જીવન અકારું બની ગયું છે. મને કાંઈ ગમતું જ નથી. મારી પ્રત્યેક ક્ષણ યુગ જેવી વીતી રહી છે. પરંતુ રાવણને મારી દયા નથી આવતી. એનું રુંવાડુંયે નથી હાલતું. મારા આંસુ અને આક્રંદ જોઈને કોઈ પત્થર દિલનો પુરુષ પણ પીગળી જાત, પણ રાવણનો પ્રાણ ના પીગળ્યો. મંદોદરી ! તારું કોઈએ હરણ કર્યું હોત તો રાવણની શી દશા થાત ? એની વેદનાને એ વેઠી શકત ખરો ? તું પણ એ દશામાં શાંત, સ્વસ્થ કે કુશળ રહી શકત ખરી ? એવી જ રીતે મારું હરણ કરીને એણે રામને માથે અસહ્ય વેદના નાખી દીધી છે અને મારા જીવનને પણ દુઃખી કર્યું છે. તું જ વિચાર કે રામ વિના મારું જીવન કેવી રીતે સુખી હોઈ શકે ?'

'સાચું છે. તારા દુઃખને હું સારી પેઠે તેમજ સંપૂર્ણપણે સમજી શકું છું. ઈશ્વરે મને સ્ત્રી બનાવી હોવાથી સ્ત્રીનું દુઃખ કેવું હોય તેની કલ્પના બરાબર કરી શકું છું. રામથી અલગ કરીને તને દુઃખના દરિયામાં ડૂબાડી દેવામાં આવી છે. તારું જીવન નીરસ બનાવી દેવાયું છે. મારા પતિ રાવણે એ એક મોટો અપરાધ કર્યો છે. એમના મનમાં તને પોતાની પટરાણી બનાવવાની આકાંક્ષા છે.'

'એના મનમાં મને પોતાની પટરાણી બનાવવાની આકાંક્ષા છે. પરંતુ એ આકાંક્ષા શું સ્વપ્ને પણ સફળ થઈ શકશે ? એ આકાંક્ષા ધૂળધાણી થઈ જશે. પવિત્ર, સ્વમાની ને પતિવ્રતા સન્નારીઓ બીજાની બનતાં પહેલા મરી જવાનું વધારે પસંદ કરે છે. એ જીવનભર એકની જ થઈ રહે છે, એકને જ હૃદય દે છે, ને એકની જ સેવામાં સંલગ્ન રહે છે. એ કદીપણ ને કોઈયે કારણે બીજાની નથી થઈ શકતી. રાવણ મને ડરાવીને, ધમકાવીને, પ્રલોભન બતાવીને કે બીજા કીમિયા કરીને પોતાની બનાવવા માગતો હશે પણ હું એની નહિ થઈ શકું. એની થવાનો વિચારે નહિ કરી શકું. હું તો રામની થઈ ચૂકી છું, ને રામની જ રહેવા સરજાયેલી છું.'

સીતાના શબ્દો સાંભળીને મંદોદરી પ્રસન્ન થઈ. એણે સીતાને ધન્યવાદ આપતાં કહ્યું: 'તારા શબ્દો સાંભળીને મારું હૈયું હેતથી ભરાઈ જાય છે. રામ પ્રત્યેનો તારો પ્રેમ અતિશય અસાધારણ છે. તેને માટે તને ખરેખર ધન્યવાદ ઘટે છે. આવો પ્રખર પવિત્ર પતિપ્રેમ જગતમાં જવલ્લે જ જોવા મળે છે. તને પત્નીરૂપે પામનાર રામ પણ ખરેખર સૌભાગ્યશાળી ને ધન્ય છે. તારા દુઃખને હું સમજી શકું છું. તારી સાથે મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. મારે કોઈ બેન નથી. ઈશ્વરે તારા રૂપમાં મને મારી બેન મેળવી આપી એમ માનું છું. તારી

પવિત્ર પદરજથી લંકાની આ આસુરી સંપત્તિથી ભરેલી ભૂમિ પવિત્ર થઈને મહિમામયી બની ગઈ. તારી અસહાય અવસ્થા જોઈને મારા અંતરમાં પણ આંસુ આવે છે. અહીં રહીને હું તને કેવી રીતે મદદરૂપ થઈ શકું ? તારા દુઃખને દૂર કરવાનો પ્રયાસ હું કેવી રીતે કરી શકું ? તું કહે તેમ કરવા હું તૈયાર છું'

સીતા શાંતિપૂર્વક વિચારીને કહેવા માંડી: 'તું મને મદદરૂપ થવાની ભાવના રાખે છે તેને માટે તને અંતરનાં અભિનંદન આપું છું. તારી ભાવના ઘણી ઉત્તમ છે. એ જોઈને મને અપાર આનંદ થાય છે. લંકામાં રહીને મારું અંતર સુખશાંતિનો અનુભવ કરી શકે તેમ નથી. રામ વિના મારા અંતરને આરામ મળી શકે તેમ નથી. મને વહેલી તકે રામનો મેળાપ થાય એમાં જ મારું શ્રેય સમાયેલું છે. માટે તારાથી બની શકે તો તું રાવણના હૃદયમાં લાગણી પેદા કર, પશ્ચાત્તાપનો પાવક પ્રજ્વલિત કર, જેથી એ મને રામની પાસે મોકલી દેવા માટે તૈયાર થાય. એથી વધારે સેવા બીજી કોઈ જ નથી, અને એના સિવાયની બીજી સેવાની મારે જરૂરે નથી.'

મંદોદરી બોલી: 'તારા માન્યામાં કદાચ નહિ આવે, પરંતુ તને સન્માનપૂર્વક છૂટી કરવા તથા રામ પાસે મોકલી દેવા માટે મેં રાવણને અનેક વાર સમજાવવાના પ્રયાસ કર્યા છે. મારા પ્રયાસ જો કે સફળ નથી થયા તો પણ મને નિરાશા નથી થઈ. તને મળીને મારું હૃદય તારે માટે નિર્દોષ પ્રેમનો અનુભવ કરતું થયું છે. એટલે રાવણને સમજાવવાના મારા પ્રયાસ ચાલુ જ રાખીશ. રાવણના હૃદયનું, મનનું, ભાવોનું ને વિચારોનું પરિવર્તન કરવાની બનતી બધી જ કોશિશ કરતી રહીશ. એવી કોશિશને મારો ધર્મ કે મારું મહામૂલું કર્તવ્ય સમજીશ. માટે એ બાબત નિશ્ચિંત રહેજે. એ ઉપરાંત તને કોઈ પ્રકારની તકલીફ ન પડે તે માટે અહીં રહેતી રાક્ષસી ત્રિજટાને સૂચના આપતી જઉં છું. એ સદ્‌ગુણી, વિવેકી ને વૃદ્ધ છે. તારી સંભાળ એ સારી પેઠે રાખશે. એ સિવાય મારે લાયક કોઈ બીજી સેવા હોય તો કહે. મને તારી બેન સમજીને સહેજ પણ સંકોચ ના કરતી.'

સીતાએ કહ્યું : 'મને સંકોચ નથી થતો. તારા જેવી બેન મેળવીને સંકોચ શા માટે થાય ? તારા જેવી બેન મળી એ પણ મારું સૌભાગ્ય જ કહેવાય. તારા ભાવો ને વિચારો જોઈને મને ઘણો આનંદ થયો. લંકામાં રાવણને ત્યાં જ એના રાજભવનમાં તારા જેવું અણમોલ રત્ન રહે છે એ જાણીને મારી નવાઈનો તથા પ્રસન્નતાનો પાર નથી રહ્યો. વિધિની એ એક અજબ લીલા છે કે રાવણને ત્યાં કાદવમાં કમલિનીની પેઠે તારો પણ વાસ છે. તારા મયાળુ વર્તન માટે તને ધન્યવાદ આપું છું. બાકી બીજી કોઈયે સેવા મારે નથી જોઈતી. મારું મન માત્ર રામમાં જ લાગેલું છે. તારાથી બને તો મને રામનો મેળાપ કરાવી દે.'

એમ કહીને સીતા ફરીથી રોવા લાગી.

મંદોદરીનું હૃદય એ રુદન જોઈને અતિશય કરુણ બની ગયું.

એ ભારે કરુણ સ્વરે બોલી ઉઠી: 'તારું રુદન જોઈને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. મારું હૃદય પણ રડવા માંડે છે. મારી પાસે એવો કોઈ કીમિયો નથી કે જેથી તને અત્યારે ને અત્યારે જ શ્રીરામની પાસે પહોંચાડી દઉં. નહીં તો એક ઘડીનોય વિલંબ ના લગાડું. રાવણની ઉપરવટ જઈને પણ તને રામ પાસે મોકલી આપું. પરંતુ મારામાં એવી શક્તિ નથી. હું પરાધીન છું. એટલે તારા રુદનને લાચાર બનીને જોઈ રહી છું.'

આંખમાં ઉભરાઈ આવેલાં અશ્રુબિંદુને લુછીને એણે ફરી કહ્યું: 'હું પોતે પતિવ્રતા છું એટલે પતિવ્રતા સ્ત્રીઓના મનોભાવો સારી રીતે ને સહાનુભૂતિપૂર્વક સમજી શકું છું. તારા હૃદયની દશાનો ખ્યાલ મને પૂરેપૂરો છે. એ હૃદયને શાંતિ આપવાની ઈચ્છા મારી અંદર પ્રબળપણે પેદા થઈ હોવા છતાં, અત્યારે તો મારાથી તને આશ્વાસનના બે શબ્દો કહ્યા સિવાય બીજું કશું જ કરી શકાય તેમ નથી. છતાં પણ મને ખાતરી છે, અને એ ખાતરીથી પ્રેરાઈને તને વિશ્વાસ આપું છું, કે વિયોગનો આ કાળ તારા જીવનમાં લાંબા વખત સુધી નહીં ટકે. એની પરિસમાપ્તિ જરૂર થશે. તારાં અનુરાગયુક્ત આંસુ નિરર્થક નહિ થાય ને તારી વેદના તથા યંત્રણા નિષ્ફળ નહિ જાય.'

એટલું બોલતાં બોલતાં તો મંદોદરી ગદ્ગદ્ બની ગઈ.

સીતા બોલી: 'એવો વિશ્વાસ તો મને પણ છે. રામ મને મળશે એ બાબત મને સહેજ પણ શંકા નથી. છતાં પણ મારું મન બેચેન છે. મારો સમય કેમે કરીને પસાર નથી થતો. મારું દુઃખ પરાકાષ્ઠાએ પહોંચી ગયું છે. મારાં લોચન રામના રસભરેલા સુંદરતાના સદન સરખાં સ્વરૂપનું દર્શન કરવા માટે લાલાયિત છે. કાન એમના સુધાભરેલા સુમધુર સુખદ શબ્દો સાંભળવાની ઈચ્છા રાખે છે અને અંતર એમના સહવાસના પરિણામ રૂપે પ્રાપ્ત થનારા અખંડ આનંદની આકાંક્ષા સેવે છે. સંસારના કોઈપણ પ્રદેશમાં રહું તો પણ એમના સિવાય મને શાંતિ મળી શકે તેમ નથી. મારા દિલનું દર્દ મટી શકે તેમ નથી.'

'તારો પતિપ્રેમ અજબ છે. એ જોઈને મને આનંદ થાય છે. તારા જેવો પતિપ્રેમ બહુ ઓછી સ્ત્રીઓમાં જોવા મળે છે. સંયોગના સોનેરી સમય દરમિયાન તો એ પ્રેમ ટકે છે પણ વિયોગની વેદનાયુક્ત વિપરીત ક્ષણો દરમિયાન પણ એની માત્રા એવી જ અકબંધ રહે ત્યારે ખરું. સંયોગ અને વિયોગની બંને પ્રકારની પરિસ્થિતિમાં જેનો પ્રેમ અચળ રહે છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. એવા પાત્રો તારી જેમ કોઈ વિરલ જ હશે. એ પ્રેમનું પારિતોષિક તને જરૂર મળશે. અત્યારે તારા જીવનમાં જે અગ્નિપરીક્ષા કે તપશ્ચર્યા થઈ રહી છે તે નકામી નહીં જાય. તેના પરિણામે તને શ્રીરામ અને શાંતિ બંને જરૂર મળશે.'

મંદોદરીના શબ્દો સીતાને માટે ભારે આશ્વાસનદાયક થઈ પડ્યા.

એના સંતપ્ત અંતરમાં થોડીક શાંતિ છવાઈ. લંકામાં એણે આવી સહાનુભૂતિથી ભરેલી સ્ત્રીનો સંબંધ થવાની આશા નહોતી રાખી. એનો સંબંધ તો થયો પરંતુ એના અંતરમાં પોતાને માટે અપાર પ્રેમ પણ પેદા થયો એ કાંઈ જેવીતેવી વાત ન હતી. મંદોદરીને માટે એને માન ઉત્પન્ન થયું.

ક્યાં મંદોદરી અને ક્યાં રાવણ ! બંને વચ્ચે કેટલો બધો ફેર છે ?

બંને પતિપત્ની હોવા છતાં, અને આસુરી સ્વભાવવાળી લંકાપુરીમાં રહેતાં હોવા છતાં, બંનેના સ્વભાવમાં, ભાવોમાં અને વિચારોમાં કેટલું બધું અંતર છે ?

મંદોદરીને એણે મનોમન ધન્યવાદ આપ્યા. ત્યાં તો મંદોદરી ફરી બોલી: 'પતીવ્રતા સ્ત્રીઓમાં તારું નામ સનાતન બનીને સુવર્ણાક્ષરે અંકિત થઈ રહેશે. સીતા ! તારા જીવનમાંથી બીજાને પ્રેરણા મળશે. તું રામને પામીને ધન્ય છે ને તેવી જ રીતે રામ તને પામીને ધન્ય છે. મારી પાસે આપણા આ પ્રથમ પ્રેમયુક્ત મંગલ મિલન વખતે તને આપવા જેવું બીજું તો કશું જ નથી, પણ તને મારા અંતરના આશિષ આપતી જઉં

છું. ઈશ્વર તને આ એકાંતવાસની ભયંકર યંત્રણામાંથી વહેલી તકે મુક્ત કરે અને રામનો અખંડ સહવાસ આપીને આનંદ તથા શાંતિ ધરે.'

સીતાની આંખ ભરાઈ આવી

એણે લાગણીવશ બનતાં કહ્યું: 'મારે મન એ શુભાશિષનું મૂલ્ય ઘણું મોટું છે. એ આશિષ ફળે એવી આશા રાખું છું. એ આશિષ મને પ્રેરણા પાશે ને સહન કરવાની વધારે શક્તિ આપશે. એને માટે તારી ઋણી છું તથા તારો જેટલો આભાર માનું એટલો ઓછો છે.'

'રાવણ તને ગમે તેટલી ધમકી આપે કે ગમે તેટલાં પ્રલોભનો બતાવે તો પણ તું અડગ રહેશે ને તારા ધર્મને વળગી રહેશે એની મને ખાતરી છે. એ તને કશું જ નહિ કરી શકે. તારું કાંઈપણ નહિ બગાડી શકે. જે પોતાના ધર્મમાં દૃઢ છે તેને કોઈપણ નથી ચળાવી શકતું. ના, કૃતાંત કાળ પણ નહીં. તારી ચિંતા તથા વ્યથામાં આજથી હું પણ સહભાગિની છું. એને મટાડવા મારાથી બનતું બધું જ કરી છૂટીશ. તું શોક કરીને તારા શરીરને વધારે ગાળી ના નાખતી. નહીં તો મને દુઃખ થશે. મારે માટે પણ તું તારા શરીરનું ધ્યાન રાખજે.'

વિદાય થતી વખતે ત્રિજટાને મંદોદરીએ સીતાની સંભાળ રાખવાની ખાસ સૂચના આપી.

સીતા પોતાની ચિંતા તથા વ્યથાની અપરિચિત પ્રદેશની એ સહભાગિનીને ઊંડા સ્નેહપૂર્વક જોઈ રહી.

* * * * *

### ૩૮. મૂર્ખ કે જ્ઞાની !

મંદોદરીને એ આખીયે રાત ઊંઘ ના આવી.

એને થયું કે સીતા કેટલી બધી પવિત્ર, સરળ, નિષ્કપટ ને નિખાલસ હૃદયની છે! એને રામ માટે કેટલો બધો પ્રેમભાવ છે! એને બળપૂર્વક હરી લાવીને રાવણે ભયંકર અક્ષમ્ય અપરાધ કર્યો છે; એવું એને લાગ્યા વિના રહ્યું નહિ.

એને વિચાર આવ્યો કે આવી અસાધારણ સૌન્દર્યવતી સમજુ સીતા એક બાજુ અસહ્ય યંત્રણા વેઠી રહી છે ને બીજી બાજુ પોતે સુંદર સુવાસિત પર્યંક પર શયન કરે છે. એક બાજુ એ વિપત્તિ વેઠે છે ને બીજી બાજુ પોતે વિલાસપ્રધાન વાતાવરણમાં વસી રહી છે! એ અહર્નિશ આંસુ સારે છે અને પોતે આનંદ કરે છે! એ ઉજાગરા વેઠે છે ને પોતે શાંતિપૂર્વક સુઈ જાય છે! એ પોકાર પાડે છે, પ્રાર્થના કરે છે, દુઃખી બને છે, ને અંતરના ઊંડાણમાંથી આક્રંદ કરે છે, અને પોતે ગીત તેમજ વાદ્યની તથા વિવિધ પ્રકારના અમોદપ્રમોદની મહેફિલમાં સમય પસાર કરે છે!

અત્યાર સુધી સીતાનો પ્રત્યક્ષ પરિચય નહોતો છતાં પણ એનું હૃદય એને માટે કોણ જાણે કેમ પણ ઊંડી સહાનુભૂતિનો અનુભવ કરતું. હવે તો સીતાનો પ્રત્યક્ષ પરીચય થયો એટલું જ નહિ પરંતુ એના અણીશુદ્ધ અનુરાગમય અંતરનો તાગ મળ્યો, એટલે એનું હૃદય એને માટે વધારે પ્રબળ અને જુદી જ જાતની લાગણીનો અનુભવ કરવા લાગ્યું. એના સીતાને માટેના સ્નેહના સ્પંદનો પ્રબળ બન્યાં અને એની લાગણી વધી ગઈ. એની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી. કેટલાય વખત સુધી એ સીતાનો વિચાર કરીને રડતી અને અશાંતિનો અનુભવ કરતી રહી.

લાગણીનો ઉદ્રેક થોડોક શાંત થયો ત્યારે એને થયું કે સીતાને માટે બીજું થાય પણ શું ? એને એની અસહ્ય વેદનામાંથી તથા વિયોગની અમંગલ અવસ્થામાંથી મુક્ત કરવાનો કોઈ ઉપાય જ ક્યાં જડે એમ છે ? રાવણનું કાળજુ એટલું બધું કઠોર છે કે પોતાની શિખામણને લક્ષમાં લઈને એને ભાગ્યે જ છોડી દે.

એ અવસ્થામાં પોતે શું કરવું એ એને ના સમજાયું. ચોતરફ આગ લાગી છે છતાં પોતે એને ઓલવી નથી શકતી એવી અસહાયતાનો અનુભવ એને થવા માંડ્યો. વચ્ચે વચ્ચે એણે પાસા ફેરવ્યાં અને જુદી જુદી યોજનાઓ બનાવી તો પણ એને શાંતિ ના મળી. આવું તો એને એના અત્યાર સુધીના જીવનમાં બીજા કોઈનેય માટે નહોતું થયું.

રાવણે કેટલીય કન્યાઓ અને સ્ત્રીઓનાં હરણ કરેલાં. મંદોદરીએ પોતાની સ્વભાવસહજ અનુકંપા તથા પવિત્રતાની લાગણીથી પ્રેરાઈને એનો વિરોધ જરૂર કરેલો, પરંતુ કોઈનેય માટે એના અંતરમાં આટલો બધો મમતાનો ભાવ, આટલો બધો ઉત્કટ સ્નેહ અથવા આત્મીયતાનો ભાવ નહીં થયેલો. કોઈની વેદના અથવા અસહાયતા જોઈને એનું હૃદય આટલું બધું વ્યથિત નહિ બનેલું. સીતાનો પ્રસંગ એના જીવનમાં આ પહેલો જ હતો. એની પ્રતિક્રિયા ને પીડા પણ અજોડ હતી. એનું કારણ કદાચ એ પણ હોઈ શકે કે સીતાના જેવા સંજોગોમાંથી રાવણ બીજી કોઈયે સુકુમારીને નહોતો હરી લાવ્યો, ને બીજી કોઈ સુકુમારીને આટલા બધા કરૂણ સંજોગોમાં પણ નહોતું મૂકાવું પડ્યું.

કેટલીક સ્ત્રીઓએ તો રાવણનો વિરોધ જ નહોતો કર્યો, અને વિરોધ કરનારી બીજી કેટલીક સ્ત્રીઓ અથવા સુકુમારીઓ આરંભના અમુક વિરોધ પછી એક અથવા બીજા કારણે રાવણને શરણે આવેલી અને એની પ્રીતિપાત્ર બનેલી.

એવી જ રીતે એની અભિલાષા સીતાને પોતાના રાજપ્રાસાદની શોભા બનાવવાની છે, પરંતુ સીતાનું ઘડતર એકદમ નિરાળું હોવાથી એ અભિલાષા સ્વપ્ને પણ પૂરી થાય તેમ નથી.

સીતા જેવી નખશિખ નિર્મળ નારીને મંદોદરીએ પોતાના જીવનમાં નહોતી જોઈ. એટલે સીતાને માટે એના પ્રાણમાં પ્રખર પ્રેમ પેદા થયો. એ પ્રેમ હવે એને જ વ્યથિત કરવા લાગ્યો, એની શાંતિને હરવા લાગ્યો.

એને થયું કે સીતાને માટે સ્વલ્પ સમયમાં પોતાને આટલો બધો પ્રેમભાવ થઈ ગયો છે, અને એની કરૂણ દશાને દેખીને પોતાનું અંતર આટલું બધું આક્રંદ કરી રહ્યું છે, તો પછી એની સાથે પોતાના જીવનના બહુમૂલ્ય વરસો વિતાવનાર અને એના પ્રત્યે અપાર અનુરાગ રાખનાર રામની દશા અત્યારે કેવી હશે ? એમને તો સહેજ પણ શાંતિ નહિ હોય. એમની ઊંઘ તદ્દન ઉડી ગઈ હશે. જીવનનો સઘળો રસ સૂકાઈ ગયો હશે, અને પીડાના પ્રતીક બનીને એ પોતાનું જીવન કોણ જાણે કેમ કરીને પસાર કરી રહ્યા હશે ! રાવણે શિકારી બનીને પોતાના જીવલેણ બાણથી પ્રેમથી ભરેલા પ્રાણવાળાં બે કોમળ પંખીને ભવિષ્યનો જરાક પણ વિચાર કર્યા વિના, એકી સાથે ઘાયલ કર્યા છે. એ કેટલું બધું મહાન પાપકર્મ છે ?

સીતાના વિરહથી વ્યથિત થયેલા રામની કલ્પનાછબી મંદોદરીના મનની આંખ આગળ આવીને ઉભી રહી. એ છબીને નિહાળીને એણે ભાતભાતના ભાવો અનુભવવા માંડ્યા. લાંબા સમય સુધી એ એવા કલ્પનાજનિત ભાવો અને વિચારોમાં મશગુલ રહી.

એ ભાવો અને વિચારો એટલા બધા આનંદમય હતા કે અનિદ્રાની માઠી અસર એના પર ના થઈ.

સવારે રાવણ નિત્યક્રમમાંથી નિવૃત્ત થઈને સૌથી પહેલાં મદોદરી પાસે આવી પહોંચ્યો ને પૂછવા લાગ્યો: ‘સીતાની મુલાકાત લીધી કે નહિ ?’

મંદોદરીએ વિચારોની પરંપરામાંથી જાગીને શાંતિપૂર્વક, સંક્ષેપમાં ઉત્તર આપ્યો: ‘કાલે એને મળવા માટે અશોકવાટિકામાં ગઈ હતી.’

‘મને એ સમાચાર મળી ચૂક્યા છે.’ રાવણ જરા ઉત્સાહમાં આવીને બોલી ઉઠ્યો: ‘તું તેને મળી તે ઘણું જ સારું થયું. તે જોયુંને એ કેટલી બધી સુંદર છે ? એવી સુંદરતા ત્રિભુવનમાં કોઈપણ ઠેકાણે છે ખરી ? મેં તો નથી જોઈ. સીતા સંસારમાં અત્યારે સૌથી વધારે સુંદર છે અને હું સૌથી વધારે બુદ્ધિમાન તથા શક્તિશાળી છું. એની પ્રાપ્તિ જો મને થઈ જાય તો કેટલો સુંદર અને અસાધારણ સમન્વય થાય ? હવે તો તને ખાતરી થઈ ચૂકી હશે કે સીતા રામને માટે કે બીજા કોઈને માટે નહિ પણ મારે માટે જ નિમિત્ત થઈ છે. એટલે તો રામની પાસે એને મોકલીને કરેલી પોતાની ભૂલને વિધાતાએ મારી પાસે મોકલીને સુધારી લીધી. તેં એની મોહકતાને તથા સુંદરતાને બરાબર જોઈ તો ખરીને ?’

મંદોદરી બોલી: ‘હું એની મોહકતાને તથા સુંદરતાને અથવા બાહ્ય સ્વરૂપને જોવા માટે નહોતી ગઈ. હું તો એનો પરિચય પ્રાપ્ત કરવા અને એના અંતરમાં ડોકિયું કરવા ગયેલી.’

‘અંતરમાં ડોકિયું કરવા ?’

'હા. મારી ઈચ્છા એ જ હતી, અને ઈચ્છા પૂરી થઈ. એના વિચારો ને ભાવોના પરિચય કરવાનું મારે માટે શક્ય બન્યું એને હું મારું પરમ સૌભાગ્ય માનું છું. એની સાથે પસાર કરેલી પળો મારા જીવનની સૌથી વધારે કીમતી પળો હતી. એ પળોને હું જીવનભર નહિ ભૂલી શકું.'

'ત્યારે તો તું એનાથી ખૂબ જ પ્રભાવિત થઈ ગઈ લાગે છે. તારા શબ્દો પરથી તો એવું જ અનુમાન થઈ શકે છે.'

'પ્રેમની એ પવિત્ર દેવીથી કોણ પ્રભાવિત ના થાય ? કોઈક જડ હૃદય જ એની આશીર્વાદરૂપ અસરથી અલિપ્ત રહેતું હશે. એટલે મારા પર એનો પ્રભાવ પડે અને મારા અંતરમાં એને માટે આદરભાવ અથવા અનુરાગનો આવિર્ભાવ થાય એ છેક સ્વાભાવિક છે.'

'તો પછી તેં એના બાહ્ય સ્વરૂપનું, એના રસઝરતા, મધુમઢેલા, સુંદરતાના સદન સરખા શરીરનું ધારીધારીને નિરીક્ષણ કર્યું જ નહિ ?'

'કર્યું. નિરીક્ષણ કરવા તો ગઈ'તી એટલે નિરીક્ષણ ના કરું ? મે સીતાની લોકોત્તર અદ્દભુત સુંદરતા તો જોઈ, એની મોહકતા તથા મધુરતા પણ જોઈ, પરંતુ એને જોઈને મારા હૈયામાં હર્ષ નહિ પરંતુ શોક છવાયો. સુખ અને સંતોષની નહિ પરંતુ દુઃખ અને અસંતોષની ઊર્મિ ફરી વળી.'

'કારણ ?'

'કારણ તમે નહિ સમજો. છતાં પણ સમજવાનો પ્રયાસ કરશો તો સહેલાઈથી સમજી શકશો. એનું કારણ એકમાત્ર તમે જ છો.'

'હું ?' રાવણે લૂખું હાસ્ય કર્યું.

'હા. તમે.' મંદોદરીએ સહેજ પણ સંકોચ વિના કહેવા માંડ્યું: 'તમે એ સ્નેહ, શુચિતા અને સુંદરતાની મૂર્તિની આટલે દૂર અશોકવાટિકામાં લાવીને કેવી દુર્દશા કરી નાખી છે એ મેં જોઈ લીધું અને એના વિચારથી મારું કાળજુ કંપી ઉઠ્યું.'

'મારો ઉદ્દેશ તો સીતાને સુખી કરવાનો અને એના સહકારથી સુખી થવાનો છે. એ ઉદ્દેશથી પ્રેરાઈને જ હું એને અહીં લઈ આવ્યો છું.'

'તમારી માન્યતા ભલે એવી હોય, પરંતુ આજે તો એ અત્યંત દુઃખી છે એ એક હકીકત છે. મારી આંખમાં એને જોઈને આંસુ આવી ગયાં. વનમાં નિર્ભયતાથી વિહરનારી એક મૃગલીને તમે પારધિ બનીને બળજબરી કરી લઈ આવ્યા છો, એક કપિલા ગાય સિંહના પંજામાં પડી, એવો ભાવ મારા મનમાં એને જોઈને ઉત્પન્ન થયા વિના ના રહ્યો.'

રાવણે ખડખડાટ હસીને કહેવા માંડ્યું: 'વનમાં વિહરતા નિર્દોષ સુવર્ણમૃગને પકડીને કે મારીને એના સુંદર ચર્મની કંચુકી કરાવવાની સીતાની આકાંક્ષા હતી. રામ એ આકાંક્ષાને પૂરી કરવાનો નિરધાર કરીને મૃગની પાછળ પડ્યા. એમના જેવા ધર્મપરાયણ કહેવાતા પુરુષને એ છાજતું હતું ? એ મૃગને હણવા તો ગયા પરંતુ એના પરિણામે સીતાને ખોઈ બેઠા. વિધાતાએ એમને એમના દુષ્કર્મનો દંડ આપ્યો. એમાં હું શું કરું ? સીતાને તું નિર્દોષ માને છે પરંતુ સુવર્ણમૃગ તો વનમાં કેવળ વિહાર કરતું'તું. એ વધારે નિર્દોષ હતું.'

મંદોદરીએ એનો ઉત્તર આપ્યા વિના કહ્યું: 'સીતાનું હરણ કરીને તમે એને તો દુઃખી કરી છે પણ સાથે સાથે રામને પણ દુઃખી કર્યાં છે. એનું અંતર કેટલું બધું વલોપાત કરે છે તેની તમને ખબર છે ?'

'રામનો વિયોગ તાજો છે એટલે સીતા વલોપાત કરશે, પરંતુ પછી એનું મન માની જશે, અને એ લંકાના ભોગવિલાસમાં ભળીને સુખાનુભવ કરશે.'

'બિલકુલ નહિ, કદાપિ નહિ. સીતા એવું નહિ કરી શકે. એ રડીને, કકળીને, ભૂખે રહીને, અનિદ્રા વેઠીને તથા સંકટ સહીને મરી જશે તો પણ તમને તાબે નહિ થાય. મારો એવો વિશ્વાસ છે. એને મળ્યા પછી મને એવી ખાતરી થઈ ચૂકી છે. માટે મિથ્યા ભાવો અને વિચારોમાં ના રમતા અને મિથ્યા યોજનાઓ પણ ના ઘડતા. તમારી કામુકતાથી પ્રેરાઈને કરાયેલી બધી જ કલ્પનાઓ, વિચારણાઓ ને યોજનાઓ ભાંગીને ભૂક્કો બની જશે, એ યાદ રાખજો. એને યંત્રણા આપીને તમે ખૂબ જ મોટું પાપકર્મ કરી રહ્યા છો. હજુ પણ સમજો અને એ પાપકર્મમાંથી પાછા વળો.'

રાવણ બોલ્યો: 'તું મને પાપકર્મની યાદ આપે છે. પરંતુ મારાથી કદી પાપકર્મની પ્રવૃત્તિ થતી જ નથી. પાપ અને પુણ્યનો અથવા સત્કર્મ અને દુષ્કર્મનો વિવેક જો કરી શકતી હોય તો તું જ કહે કે મારી બેન શૂર્પણખાનાં નાક તથા કાન કાપવામાં કયી જાતનું સત્કર્મ કે પુણ્ય સમાયેલું હતું ? એમાં કયી જાતની વીરતા કે મહાનતા હતી ? પણ તને તો રામનું એ અધમ કર્મ પણ ઉત્તમ દેખાશે, એમાં વીરતા કે મહાનતા લાગશે, ને મારા ઉત્તમ કર્મને પણ તારી બુદ્ધિ અધમ માનશે. ઘરના યોગીની કીંમત ઘરવાળાને નથી હોતી, એ બહારના યોગીની જ પ્રશસ્તિ ને પૂજા કરે છે, એ ઉક્તિ હવે સાચી લાગે છે. શૂર્પણાખાની સાથેના દુર્વ્યવહારનો બદલો લેવામાં મેં સીતાના નાક કાન તો નથી કાપ્યાં ને ? એટલો તો હું સારો છું ને ?'

મંદોદરીને એ સંબંધી વધારે દલીલોમાં ઉતરવાનું ઉચિત ના લાગ્યું એટલે એ વિષયને કોરે રાખીને એણે કહ્યું : 'તમે સારા છો પરંતુ હજુ વધારે સારા બનો એવી આશા રાખું છું. શૂર્પણખાનું વેર વાળવા માટે પણ જો તમે સીતાનું હરણ કરી લાવ્યા હો તો તે બરાબર નથી. તમારામાં બળ છે, બુદ્ધિ છે, સત્તા છે, તપ છે, તથા સાધારણ પુરૂષોના ભાગ્યમાં ના હોય એવું સર્વકાંઈ છે, એની ના નથી. ફક્ત તેમનો સદુપયોગ કરીને બીજાને માટે આતંકરૂપ બનવાને બદલે આશીર્વાદરૂપ બનો, કાળસ્વરૂપ થવાને બદલે જીવનરૂપ બનો, અને વિષ વરસાવવાને બદલે અમૃતની લ્હાણ કરો, એવું ઈચ્છું છું. મને તમારે માટે ખૂબ જ માન છે, તમારી પત્ની બનવા બદલ હું મારા મનમાં ગૌરવ ધારું છું. એ માન તેમજ ગૌરવના ભાવને થોડાક વધારે વિશાળ, ઉદાર, ક્ષમાશીલ અને સત્કર્મી તથા ધર્મપરાયણ બનીને સાર્થક કરો. બહુ મોડું થાય તે પહેલાં સમજી જાવ ને મારી શિખામણ તથા પ્રાર્થના લક્ષમાં લો. સીતાને માટે તમારા પગમાં પડીને દયાની ભિક્ષા માગું છું. તમે એને છોડી દો. એને માટે જેવો કહેશો તેવો ભોગ આપવા તૈયાર છું.'

મંદોદરી રાવણના પગમાં પડી.

રાવણ એને થોડીવાર લગી જોઈ રહ્યો ને પછી ઉઠવાનો અભિનય કરતાં બોલ્યો: 'તારી પદ્ધતિ મને જરાપણ પસંદ નથી પડતી. તારું વર્તન ઘણું વિચિત્ર લાગે છે. મેં તને આજ સુધી કદી નિરાશ કરી છે ખરી ? તારા પર મને સૌથી વધારે પ્રેમ છે. એ પ્રેમથી પ્રેરાઈને મેં તારી નાનીમોટી બધી જ ઈચ્છાઓ પૂરી કરી તને સંપૂર્ણપણે સંતુષ્ટ ને સુખી કરવાનો પ્રયાસ કર્યો છે. તને ભૂલેચૂકે પણ દુઃખી નથી થવા દીધી. પરંતુ તારી

આ માગણીનો સ્વીકાર મારાથી નહિ કરી શકાય. સીતાને માટે જેમ રામને પ્રેમ છે તેમ મને પણ પ્રેમ છે. એટલા માટે જ મેં એનું હરણ કર્યું છે. અને મારા શરીરમાં શ્વાસ હશે ત્યાં સુધી એને નહીં છોડી શકું, અને એના પર કોઈ જાતની બળજબરી પણ નહીં કરું.'

'એને હરી લાવીને તથા અશોકવાટિકામાં નજરકેદ કરીને એના પર બળજબરી જ કરવામાં આવી છે. એથી વધારે બળજબરી બીજી કયી હોઈ શકે ? રામના વિયોગની વ્યથામાં એ પ્રસન્નતાપૂર્વક ખાતી નથી, પીતી નથી, સુંદર વસ્ત્રો અને અલંકારો ધારણ કરતી નથી, દિલ ખોલીને સુખપૂર્વક વાત કરતી નથી, તથા પર્યંક કે પથારીનો પરિત્યાગ કરીને પૃથ્વી પર સુવા છતાં સુખેથી સુઈ શકતી નથી. એનું અંતર આકુળ-વ્યાકુળ છે, એનું મન નીરસ ને શુષ્ક બની ગયું છે, તથા શરીર સુકાઈ રહ્યું છે. ચકોરી જેવી રીતે ચંદ્રોદયની અપેક્ષા રાખે, ને ચાતક જેવી રીતે વરસાદી વાદળની પ્રતીક્ષા કરે, તેવી રીતે રામની સ્મૃતિ ને પ્રતિક્ષામાં એ જીવી રહી છે. એને દેખીને કોઈનાય દિલમાં દયા પેદા થાય તેમ છે. તમે એમાં અપવાદરૂપ ભલે હો, પરંતુ ચિંતા અને વેદનાના અતિરેકમાં જો સીતાનું શરીર શાંત થશે તો તમને ભારેમાં ભારે દોષ લાગશે. એ મહાપાપનું પ્રાયશ્ચિત પછી કોઈયે રીતે નહિ થઈ શકે.'

'પાપ ને પુણ્યના વધારે પડતા વિચારો હું નથી કરતો, મંદોદરી ! હું તો મારા આત્માને વફાદાર રહીને મારું કર્તવ્ય જ કર્યે જાઉં છું.'

'તમારામાં આત્મા જેવું કાંઈ છે કે નહિ તેની મને શંકા છે.'

'સીતાને મુક્ત કરીને મારે આત્માનું એ અસ્તિત્વ સિદ્ધ નથી કરી બતાવવું. હું એવો મૂર્ખ નથી, જ્ઞાની છું.' એવું કહીને રાવણ ચાલી નીકળ્યો.

* * * * *

## ૩૯. વિભીષણની સલાહ

રાવણને પ્રયાણ કરતો જોઈને મંદોદરીએ ઊંડો નિસાસો નાખ્યો.

એનું દિલ દુઃખી થયું.

વિશેષ દુઃખ તો એ વાતનું હતું કે એની આટઆટલી વિનવણી છતાં રાવણ અચળ રહ્યો, એનું મન ડગ્યું નહિ, સીતાનો વિચાર કરીને અનુકંપાથી યુક્ત બનીને લેશ પણ ડગ્યું નહિ.

એની વિનવણી વ્યર્થ ગઈ એનો સીધો અર્થ એ જ કે સીતાની યાતના કાયમ રહી ને વધી ગઈ: સીતાની મુક્તિની કોઈયે આશા ના રહી. ચારેકોરે અંધારું-ઘોર અંધારું ફરી વળ્યું, અને પ્રકાશનું એકે કિરણ ના દેખાયું. એને કાંઈ સમજ ના પડી કે શું કરવું !

એક સમજુ સન્નારી તરીકે સીતાના દુઃખને દેખીને એના મૂક સાક્ષી બનીને બેસી રહેવું ?

ના, એ તો એની સાથે કરાતા અન્યાય અથવા અધર્મ અને અત્યાચારને પરોક્ષ રીતે, સીધી નહિ તો આડકતરી રીતે, મદદ કરી કહેવાય. એવું તો થઈ જ ના શકે. એને શાંતિ આપવા, સુખી કરવા ને બંધનમાંથી છોડાવવા બનતું બધું જ કરી છૂટવું જોઈએ. પરંતુ અત્યારના વિપરીત વાતાવરણમાં, આ તદ્દન પ્રતિકૂળ પરિસ્થિતિમાં, બીજું કરી શકાય પણ શું ?

એની બધીયે આશા રાવણ પર નિર્ભર હતી. એના પર એની મીટ મંડાયેલી. એને ઊંડેઊંડે એવો વિશ્વાસ હતો કે રાવણ પોતાની પ્રેમયુક્ત પ્રાર્થનાની આગળ પીગળી જશે ને એના ભાવો, વિચારો તથા વર્તનમાં પરિવર્તન લાવશે. પરંતુ એ પર્વતની પેઠે અડગ છે. એ લેશ પણ સમજે તેમ નથી. એ તો પાપને પુણ્ય, દુર્ગુણને ગુણ, અધર્મને ધર્મ તથા દુષ્કને સત્કર્મ સમજે છે ! છતાંયે પોતાની જાતને જ્ઞાની ગણાવે છે !

જે જે પળ પસાર થાય છે તે સીતાને માટે યુગ જેવી જાય છે અને ઘાતક સાબિત થાય છે, એ જોતાં કાંઈક તો કરવું જ જોઈએ.

મંદોદરીને ચારે તરફ અંધકાર દેખાયો. ઉપર આકાશમાં સૂર્યની આજુબાજુ જેમ વાદળ ફરી વળેલાં તેમ ચિંતા ને વિપત્તિનાં વાદળ એની ચારે બાજુ ફરી વળેલા લાગ્યા. એટલામાં વાદળ ધીરેધીરે હઠવા માંડ્યા ને પ્રકાશનાં કિરણ બહાર નીકળ્યાં. એ વખતે એના અંતરરુપી આકાશમાં પણ એક પ્રકાશનું, આશાનું અને ઉત્સાહનું કિરણ રેલાયું.

એક સુંદર મધુમયી મુખાકૃતિ એની આંખ આગળ આવીને ઉભી રહી અને એને આશા બંધાઈ કે એની મદદ મેળવીને એ કોઈક રસ્તો કાઢી શકાશે.

એ મધુમયી મુખાકૃતિ કોના હતી ?

બીજા કોઈની નહિ પરંતુ વિભીષણની. ધર્મપરાયણ વિભીષણની.

વિભીષણ રાવણનો ભાઈ હતો છતાં પણ સ્વભાવમાં અથવા આચારવિચારમાં રાવણથી જુદો જ તરી આવતો. એની વૃત્તિ, દૃષ્ટિ ને ભાવના સાત્વિક હોવાથી એ લંકાના લોકોને પણ પ્રિય હતો, એમના આદરભાવનો એ અધિકારી બનેલો.

રાવણ પોતે પણ કેટલીક અટપટી જેવી લાગતી વાતોમાં એની સલાહ લેતો તથા એની સલાહને મહત્વની માનતો. એ એના સઘળા ભાવો ને વિચારો સાથે સંમત ના થતો તો પણ એના પ્રત્યે અસીમ આદરભાવ રાખતો.

મંદોદરીને અત્યારે એકાએક એનું સ્મરણ થયું. એને થયું કે એ ધર્મપરાયણ, પવિત્ર આચાર વિચારવાળા વિભીષણને સીતાની સઘળી હકીકત કહી બતાવવી અને એની સલાહ લઈને સીતાની મુક્તિ માટે બને તો કોઈ યોજના ઘડવી.

ગમે તેમ થાય પરંતુ સીતાને છોડાવીને રામની પાસે પહોંચતી કરવા માટે કંઈક કરવું જ જોઈએ- અરે, શક્ય તેટલું બધું જ કરી છૂટવું જોઈએ.

મંદોદરીએ બીજે દિવસે વિભીષણને મળવા બોલાવ્યો.

વિભીષણે આવીને બેઠક લીધી એટલે મંદોદરીએ કહ્યું: 'તમને એક અગત્યના કામ માટે બોલાવ્યા છે. મારા મનને એક મોટી ચિંતા કોરી રહી છે. તેમાંથી કેવી રીતે મુક્તિ મેળવવી તેની સમજ મને નથી પડતી. તે સંબંધી તમારી સલાહની અને તમારા માર્ગદર્શન કે તમારી મદદની આવશ્યકતા છે.'

'હું તો તમને સલાહ આપવા, માર્ગદર્શન પૂરું પાડવા કે મદદ કરવા હંમેશા તૈયાર જ છું.' વિભીષણે કહ્યું: 'તમારે મારી સલાહ કયી બાબતમાં જોઈએ છે તે મને કહી બતાવો. તમને એવી કયી ચિંતા કોરી રહી છે જેમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ તમને નથી દેખાતો ?'

'રાવણે સીતાનું હરણ કર્યું છે અને એને અશોકવાટિકામાં રાખી છે તેની તો તમને ખબર છે ને ?'

વિભીષણ વિચારમાં પડ્યો ને બોલ્યો: 'ના. હું એના વિશે કશું જ નથી જાણતો. સીતા મિથિલાના મહારાજા જનકની પુત્રી તથા અયોધ્યાપતિ રાજા દશરથના પુત્ર રામની પત્ની છે તેની તો મને ખબર છે. તમે જેની વાત કરો છો તે સીતા એ જ છે કે બીજી કોઈ ? રાજા જનકે કરેલા એ સૌન્દર્યવતી સીતાના સ્વયંવરમાં રાવણ પણ ગયેલો, પરંતુ નાસીપાસ થયેલો. શૂર્પણખાએ આપેલા સમાચાર પ્રમાણે રામ પોતાના ભાઈ લક્ષ્મણ તથા સીતા સાથે પિતાના વચનપાલન ખાતર વનમાં આવ્યા છે. તે દંડકારણ્યમાં પંચવટીમાં વાસ કરે છે. રાવણે એ જ રામપત્ની સીતાનું હરણ કર્યું છે કે કોઈ બીજી સીતાનું ?'

'રાવણ દ્વારા એ જ સીતાનું હરણ કરવામાં આવ્યું છે.'

'શું કહે છે ? એ તો મહાભયંકર અનર્થ થયો કહેવાય. રાવણને એવી સુંદરતા ને મંગલતાની મૂર્તિ જેવી, પવિત્ર, પતિપરાયણા સીતાનું હરણ શા માટે કરવું પડ્યું ? એણે એનું હરણ કેવી રીતે કર્યું ? આ તો ઘણી જ અમંગલ વાત છે. મને એ વાતની ખબર જ નહોતી. રાવણ એને ક્યારે હરી લાવ્યો અને અશોકવાટિકામાં એને ક્યારે રાખી એ હકીકતથી હું અનભિજ્ઞ છું. મને લાગે છે કે શૂર્પણખાએ તે દિવસે એને ઉશ્કેરેલો એના પરિણામરૂપે જ એણે એ પગલું ભર્યું હોવું જોઈએ. પરંતુ એ પગલું ભારે ભૂલભરેલું છે.' વિભીષણે પોતાનું દુઃખ પ્રકટ કરતાં ને પોતાની અપાર વેદના ઠાલવતાં કહેવા માંડ્યું.

મંદોદરીએ કહ્યું: 'શૂર્પણખાની ઉશ્કેરણીના પરિણામરૂપે જ આ અન્યાયી, અધર્મમય, અમંગલ કામ કરવામાં આવ્યું છે.'

'પરંતુ રાવણે એકલે હાથે એ કામ કર્યું કેવી રીતે ?'

એમણે એ કામ એકલે હાથે નથી કર્યું, બીજાની મદદથી કર્યું છે.'

'કોની મદદથી ?'

'મારીચની મદદથી.'

'મારીચની ?'

'હા. મારીચની.'

મંદોદરીએ રાવણે કહેલી સઘળી વાત સંક્ષેપમાં કહી બતાવી.

એ સાંભળીને વિભીષણની પીડાનો પાર ના રહ્યો. એ બોલ્યો: 'રાવણે આ ભયંકર કુકર્મ કરીને હાથે કરીને પીડા વહોરી લીધી છે ને કાળને કંકોત્રી લખી છે. એ જો વેળાસર સમજી નહિ જાય તો પોતાનો તથા લંકાસહિત આખા પરિવારનો નાશ નોંતરશે. એણે પોતાના જીવનમાં આજ સુધી કેટલીય કોડીલી કામણગારી કન્યાઓનાં તથા સ્ત્રીઓનાં હરણ કર્યાં છે, પરંતુ સીતાનું એણે કરેલું હરણ તો એવું લાગે છે કે એના નાશના નિમિત્તરૂપ છે. રામની હાજરીમાં સીતાનું હરણ કરવાની હિંમત એ કરી જ ના શકે. એને રામના અદ્દભુત બાહુબલની અને અજોડ પરાક્રમની ખબર છે. સીતાના હરણનો કીમિયો કરે તો રામ એને જીવતો જ ના જવા દે. એટલા માટે જ મારીચ સાથે મળીને સુવર્ણમૃગની છળકપટયુક્ત યોજના કરીને એણે પોતાનું ધારેલું કામ સિદ્ધ કર્યું, પરંતુ એ કામ એને માટે આશીર્વાદરૂપ નહિ બને.'

'મને પણ એવું જ લાગે છે.' મંદોદરી બોલી: 'આ અનર્થકારક કર્મ કરીને એમણે પ્રજ્વલિત પાવકમાં પોતાના શરીરને નાખી દીધું હોય એવું લાગ્યા કરે છે. એ પ્રજ્વલિત પાવક એમનો નાશ કરશે. મેં એમને સીતાને સન્માનપૂર્વક છોડી દેવા ને રામની પાસે પહોંચાડવા ઘણું ઘણું સમજાવ્યા પણ એ માનતા જ નથી. એ તો સીતાને પોતાની પટરાણી બનાવવા માગે છે.'

'પટરાણી ?'

'હા. પટરાણી.'

'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ તે એનું નામ. રાવણનો વિનાશ થવાનો હશે એટલે જ એની બુદ્ધિ એવી વિપરીત બની છે. સીતા એક મહાન સતી છે, અને એ માથું પછાડીને મરી જાય તો પણ એની પટરાણી નહિ બની શકે. મારું અંતર તો એવું કહે છે.'

'એ વાત સાચી છે. સીતા એટલી બધી પવિત્ર છે કે સામાન્ય માનવને તો એની કલ્પના પણ ના આવી શકે. એનું મન દિવસરાત રામમાં જ રમ્યા કરે છે. એ રામનું જ સ્મરણ, મનન અને નિદિધ્યાસન કરે છે. રામ વિના સ્વપ્ને પણ બીજા કોઈનું ધ્યાન નથી ધરતી. રામની વિરહવ્યથાથી એ વ્યાકુળ છે. એનું વદન સુકાઈ ગયું છે અને એનો આનંદ ઉડી ગયો છે. એની શાંતિ ને સ્થિરતા જતી રહી છે.'

વિભીષણ થોડીવાર વિચારમગ્ન બનીને બોલ્યો: 'રાવણને આટઆટલી બુદ્ધિ પ્રાપ્ત હોવા છતાં આવું કુકર્મ કેમ સુઝ્યું એ જ મને નથી સમજાતું. એના જેવા પ્રખર પંડિતને આવો ઘોર અપરાધ કરીને હાથે કરીને મૃત્યુના મુખમાં પડવાનું કેમ પસંદ પડ્યું ?'

મંદોદરી દુઃખી થઈને બોલી: 'એના પરથી અનુમાન થાય છે કે એમનું ભાગ્ય ઊલટું છે. નહિ તો એ આવું પગલું ના જ ભરે. સીતાની ચિંતા, પીડા તથા યંત્રણાની અસર એમના પર જરાપણ નથી થતી. એમનું

રુંવાડુંયે એથી નથી હાલતું. મેં સીતાની મુલાકાત લઈને એને થોડી ઘણી શાંતિ ને ધીરજ પૂરી પાડવાનો પ્રયાસ કરી જોયો, પરંતુ એનું મન શાંત ના થયું. એ તો સતત રામના સ્મરણથી રડ્યા જ કરે છે. એનું દુઃખ મારાથી નથી જોવાતું. એની ચિંતામાં મારી ઊંઘ ઉડી ગઈ છે ને મને કશું ગમતું જ નથી.'

'મારું હૃદય પણ આ સમાચાર સાંભળીને રડી ઊઠે છે.' વિભીષણે જણાવ્યું: 'સીતાની દશા ખરેખર ઘણી દુઃખદ છે. અને સીતાની જ શા માટે, રામની દશા પણ એવી જ દુઃખદ હશે. મેં રામ અને સીતા વિશે સાંભળ્યું છે ત્યારથી જ મારા અંતરમાં એમને માટે અપાર અનુરાગ અને આદરભાવ પેદા થયો છે. એમના દર્શનની ઈચ્છા મારા મનમાં નિરંતર રમ્યા કરે છે. જીવનમાં કોઈકવાર તો એમના દર્શનનો સુયોગ સાંપડશે જ એવી આશામાં જીવ્યા કરું છું. એમણે સ્થાપેલી નીતિ ને ધર્મની મર્યાદાએ મને મુગ્ધ કર્યો છે, અને એમના પરાક્રમની તથા પવિત્ર વ્યવહારની ગાથાએ મને પ્રભાવિત કરીને અનેરો આનંદ ધર્યો છે. એમાં આવા કરુણ સમાચાર સાંભળીને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. આવા સમાચારની મને આશા પણ ન હતી.'

'છતાં પણ એ બધું બની ગયું છે. સીતાનું હરણ એક હકીકત થઈ ચૂકી છે. સીતાને છોડાવવા ને શાંતિ આપવા માટે આપણું અંતર આતુર હોય એ સ્વાભાવિક છે. એનો બીજો કોઈ ઉપાય ન દેખાવાથી જ મેં તમને બોલાવ્યા છે. તમારા ભાવ, વિચાર અને તમારો વ્યવહાર શાસ્ત્રસંગત તથા નિર્મળ છે. મહાપુરુષોને માન્ય એવી નીતિ અથવા સદાચારની મંગલ મર્યાદામાં રહીને તમે તમારાં કર્મોના અનુષ્ઠાન કર્યા કરો છો. એટલે તમારા માર્ગદર્શનનું મૂલ્ય પણ મોટું છે. ચારે તરફ અંધકાર દેખાવાથી અને સીતાની શાંતિ તથા મુક્તિના સંબંધમાં કાંઈ ના સમજાવાથી જ મેં તમને બોલાવ્યા છે. તમારું માર્ગદર્શન મારે માટે ખૂબ જ મહત્વનું બની રહેશે.'

વિભીષણ વિચારમાં પડ્યો.

લાંબા વખત લગી વિચારમાંથી ડૂબેલો રહીને આખરે એ બોલ્યો: 'રાવણનો સ્વભાવ ઘણો જ વિચિત્ર છે, એણે તમારી વિનંતીને નથી માની અથવા તમને પણ કશી દાદ નથી આપી એના પરથી એનું કાળજું કેટલું બધું કઠોર છે તેની પ્રતીતિ સહેલાઈથી થઈ શકે છે. એને અવસર મળતાં સમજાવવાનો મારાથી બનતો બધો જ પ્રયાસ કરી જોઈશ, પરંતુ મારી શિખામણ પણ એને ગળે ઉતરશે કે કેમ એ શંકા જ છે, છતાં પણ પ્રયાસ કરવામાં કશી હરકત નથી દેખાતી. મારો પ્રયાસ ફળશે તો તો સારું છે, એના જેવું ઉત્તમ બીજું કશું જ નહિ હોય; નહિ તો પછી આપણે રામની શક્તિ ને સીતાની તપશ્ચર્યા, નિષ્ઠા અને પવિત્ર પ્રીતિમાં વિશ્વાસ રાખીને ઊંડા દુઃખને સહન કરવાની શક્તિ કેળવતાં થોડીક ધીરજ રાખવી પડશે. રામ વહેલા કે મોડા પણ લંકામાં જરૂર આવી પહોંચશે, ને સીતાને મુક્ત કરશે તથા આપણને પોતાના દર્શનનો દેવદુર્લભ દૈવી આનંદ આપશે.' એટલું બોલતાં બોલતાં વિભીષણ ગળગળો બની ગયો. એનું હૈયું ભરાઈ આવ્યું. ભાવથી ભરપૂર બનેલું એ હૈયું આંખનાં અશ્રુ વાટે જાણે કે બહાર આવ્યું.

મંદોદરી પણ વિભીષણની એવી અવસ્થા જોઈને ભાવવિભોર બની ગઈ ને બોલી: 'તમારા શબ્દોને અને એમાં નીતરતા ભાવને હું સારી પેઠે સમજી શકું છું. એ ભાવ મારા હૈયાને પણ સ્પર્શે છે ને હલાવે છે. આપણાથી બનતા બધા જ ઉપાયો આપણે કરી જોઈશું છતાં પણ એ નહિ ફળે તો છેવટનો ઉપાય તો ધીરજ રાખીને રામના શુભાગમનની પ્રતીક્ષા કરવાનો જ રહેશે. બીજો કોઈ માર્ગ અત્યારે નથી દેખાતો.'

વિભીષણે સ્વસ્થ થઈને કહ્યું: 'બીજો માર્ગ હોય તો પણ અક્સીર અથવા સલામત નહિ હોય. સીતાને અશોકવાટિકામાંથી છૂટી કરીને રામ પાસે પહોંચાડી દેવાની શક્તિ મારી અંદર અવશ્ય છે. હું એને છૂટી કરીને રામ પાસે પહોંચાડવાનો પ્રયત્ન કરું પણ ખરો, પરંતુ મને મારા એ કાર્યમાં કોઈની મદદ ના મળે. રાવણના ભયને લીધે કોઈ મને મદદ કરવા તૈયાર જ ના થાય. અને એકલે હાથે એ કાર્યની સિદ્ધિ કરવાનું મારે માટે અશક્ય થઈ પડે. સીતાને એકલે હાથે છોડાવવાનો પ્રયત્ન કરતાં મારે રાવણનો રોષ વહોરી લેવો પડે તેની મને ચિંતા નથી, પરંતુ એના પરિણામે રાવણ સાથે યુધ્ધમાં ઉતરવું પડે, અને એ પરિસ્થિતિમાં મારાથી વિજયી ના બની શકાય. એને લીધે સીતાને વધારે મુસીબતમાં મૂકાવું પડે. માટે જ એવા દુસ્સાહસથી દૂર રહેવા માગું છું.'

'બરાબર છે. એવા દુસ્સાહસનું પરિણામ સારું ના જ આવે, એટલે એનો આશ્રય લેવો નકામો છે. હું પોતે જ તમને એવું દુસ્સાહસ કરવાની સલાહ નથી આપતી કારણકે એના પરિણામરૂપે જેને આપણે ઉગારવા માગીએ છીએ તે સીતાનું જ જીવન દુઃખી બની જાય. રાવણ રોષે ભરાઈને એનો નાશ પણ કરી નાખે, એ ક્યારે કેવી જાતનું પગલું ભરી બેસે તે વિશે કશું જ ના કહી શકાય. માટે એમને એવી રીતે છંછેડવાને બદલે શાંતિપૂર્વક વિચારીને બીજા ઉપાયોનો આધાર લેવો એ જ ઉચિત છે.'

'સીતાના દર્શનની ઇચ્છા તો મારા મનમાં પેદા થાય છે જ. એમ થાય છે કે એકાદ વાર ઝાંખી કરીને જીવનને ધન્ય કરું. પરંતુ અશોકવાટિકામાં ઘણો કડક ચોકીપહેરો હશે અને એમાં જવાની અનુજ્ઞા બીજા કોઈને પણ નહિ અપાતી હોય.'

મંદોદરી બોલી: 'તમારે એવી અનુજ્ઞાની શી જરૂર છે ? તમને એની અંદર પ્રવેશ કરતાં કોણ અટકાવવાનું છે ? તમે ચાહશો તો મારી સાથે પણ આવી શકશો.'

'છતાં પણ એ ઈચ્છાને હાલ થોડા વખત માટે રોકી રાખું એ જ બરાબર છે જેથી રાવણને કોઈ વિશેષ શંકા ના થાય. રાવણને મારા વર્તન પરથી અકાળે કોઈ શંકા જાય તો પણ નકામું છે.'

'એમને કશી જ શંકા નથી થવાની. અને થશે તો હું એમની શંકા સારી પેઠે દૂર કરીશ. તમે મારી સાથે પણ આવી શકો છો. તમારા આવવાથી સીતાને સાંત્વન મળશે.'

'એ બાબત શાંતિથી વિચારી જોઈને સીતાને યોગ્ય સમયે મળીશ, અત્યારે તો તું જ એને સાંત્વન આપે એ જ બરાબર છે.'

'છતાં પણ તમે એકવાર મારી સાથે આવો એવી મારી ઈચ્છા તો છે જ.'

'જોઈશું'

* * * * *

## ૪૦. સીતાની તંદ્રા

અશોકવાટિકામાં એકલી પડેલી સીતાના દિવસો અતિશય વેદના અને પીડામાં પસાર થઈ રહ્યા હતા. એને લગાર પણ ચેન નહોતું પડતું. એની આંખ અવારનવાર ઊભરાયા કરતી અને એ ઊંડા, અનુકંપા ઉપજાવે એવા નિઃશ્વાસ નાખતી. એ આટલે દૂર એકલી હતી એ વાતની વેદના એને એટલી બધી નહોતી થતી. એટલે દૂર, અપરિચિત પ્રદેશમાં પણ એ રામની પાસે રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકી હોત તો એનો પ્રાણ પરમ પ્રસન્ન કે પુલકિત થાત અને એટલું ના લાગત. પરંતુ એની મોટામાં મોટી ચિંતા ને વેદના એ હતી કે એ પોતાના પ્રાણાધાર, પ્રિયતમ, દશરથનંદન, હૃદયાભિરામ, રામથી દૂર હતી. એ પીડા એના કોમળ કાળજાને કઠોર બનીને કોરી ખાતી.

રામની સાથે પોતાને નરકમાં રહેવાનું થાય તો પણ એ નરક સ્વર્ગમય બની જાય, અને એથી ઊલટું રામ સિવાયનું સ્વર્ગ પણ નરકમાં પરિવર્તિત થાય, એવી એની સમજ હતી.

અને એટલા માટે તો એ રામના અખંડ સહવાસની આકાંક્ષા રાખતી.

પરંતુ આ જગતમાં જે કાંઈ બને છે તે બધું માનવની આકાંક્ષાને અનુરૂપ ક્યાં બને છે ?

માનવ ઈચ્છે છે, ચાહે છે કે ઝંખે છે કાંઈક અને થાય છે કાંઈક જુદું જ.

માગે છે કાંઈક અને આવી મળે છે કાંઈક બીજું જ.

યોજના ઘડે છે એક જાતની ને સાકાર બને છે એથી ઊલટું જ.

કોઈક અદ્દભુત અસાધારણ શક્તિના હાથમાં પરવશ બનીને એ કઠપૂતળીની જેમ રમ્યા કરે છે.

એ શક્તિને વિધિ કહો, પોતાના કરેલાં કર્મોનું પરિણામ કહો, જગન્નિયંતા કહો, કે બીજું ગમે તે નામ આપો, પરંતુ તે છે અને માનવ કરતાં મહાન તથા સર્વોપરી છે, ને માનવના જીવનક્રમ પર શાસન કરે છે, એ વાત નિર્વિવાદ છે.

સીતા પોતાના જીવનના આકસ્મિક પરિવર્તનમાં એ અસામાન્ય શક્તિના દોરીસંચારનો અનુભવ કરવા લાગી. એને થયું કે એવું કયું કુકર્મ પોતાને પોતાના હૃદયાભિરામ રામથી અલગ કરીને આટલે દૂર ખેંચી લાવ્યું છે ? પોતાના એ કુકર્મને તથા ભાગ્યને દોષ દઈને અને સુવર્ણમૃગને દેખી ભરમાઈ ગયેલી પોતાની બુદ્ધિ તથા વૃત્તિને માટે પશ્ચાતાપ કરીને એ અવારનવાર આંસુ સારવા લાગી.

આજે પણ એના મનમાં એ જ વિચાર પેદા થયો કે લક્ષ્મણની વારંવારની વિરોધી સૂચના છતાં સુવર્ણમૃગને જોઈને પોતે શા માટે મોહિત થઈ ? રામની આગળ એને પકડવાની હઠ શા માટે કરી બેઠી ? રામે પણ પોતાની હઠને પૂરી કરવા તરત જ તૈયારી કરી. એમણે લક્ષ્મણની જેમ એ ઈચ્છાને તિલાંજલિ આપવા એને શા માટે ના સમજાવી ? રામ એની આકાંક્ષાને સંતોષવાના આશયથી ધનુષ્યબાણ લઈને એ અતિશય આકર્ષક સુંદર સુવર્ણમૃગની પાછળ ઘોર અરણ્યમાં જવા તૈયાર જ ના થાત તો ? તો પોતાના અપહરણના ઘટના બની શકત ખરી ?

રામના વનમાં વિદાય થયા પછી પણ લક્ષ્મણની છત્રછાયા નીચે પોતે સલામત હતી, પરંતુ લક્ષ્મણની અનિચ્છા છતાં પોતે એને અનુચિત, વિવેક વગરનાં, વચનો કહીને રામની રક્ષા માટે રામની પાછળ મોકલ્યો. એ પણ ઉતાવળે કરેલી એક બીજી મોટી ભૂલ જ થઈ.

એ વખતે પણ પોતાની બુદ્ધિ ભરમાઈ ગઈ ને ભ્રાંત થઈ.

લક્ષ્મણનાં વચનોમાં પોતે વિશ્વાસ ના રાખ્યો.

જો લક્ષ્મણ હાજર હોત તો રાવણની કે બીજા કોઈની આશ્રમમાં આવવાની હિંમત જ ના ચાલત.

એ પોતાની રક્ષા જરૂર કરત અને જાનના જોખમે પણ કરત.

પરંતુ રામને પણ એની આવશ્યકતા છે એવું લાગવાથી મેં એમને અરણ્યમાં મોકલી દીધા.

રાવણે મારું હરણ કર્યું ત્યારે જ મને ખબર પડી કે એ તો મને બળજબરી હાથ કરવાનું કાવતરું હતું.

પહેલેથી એવી ખબર હોત કે એની સહેજ પણ ગંધ આવી હોત, તો હું રામ તથા લક્ષ્મણને વનમાં જવા દેત ખરી ?

જવા દેત તો પણ હું એમની સાથે જાત.

પરંતુ હવે શું ? હવે એવા વિચારો કરવાથી શો ફાયદો ?

પોતાની ભૂલ થઈ એમાં લેશ પણ શંકા નથી, અને એ ભૂલની ભોગ બનીને પોતે રાવણના હાથમાં જઈ પડી, અને અત્યારે આ અશોકવાટિકામાં શ્વાસ લઈ રહી છે ! અશોકવાટિકા એને માટે શોકવાટિકા બની રહી છે! રામ વિનાનું જીવન કેટલું બધું અસહાય, અનાથ અને આનંદરહિત તથા વિષમય છે! આવું જીવન લાંબા વખત લગી કેવી રીતે જીવી શકાય ? આવા જીવન કરતા તો મરણ ભલું, પરંતુ મરણ પણ મનુષ્યની મરજી મુજબ કયાં આવે છે ? જે ઈચ્છે છે એને એ ભાગ્યે જ મળે છે અને જે નથી ઈચ્છતા એની આગળ એ આવી પહોંચે છે. જીવનની પેઠે મરણની ગતિ પણ ઘણી ગહન છે. મારા ભાગ્યમાં જીવનનો ઉલ્લાસ નથી ને મૃત્યુની શાંતિ પણ કયાં છે ?

એની છાતી જોરથી ધડકવા લાગી.

આંખમાંથી અશ્રુની ધારા ટપકવા લાગી.

રામ વિનાનું જીવન કેટલું બધું ચિંતારૂપ, ભારરૂપ અને યાતનારૂપ છે ?

રામથી વિખૂટી થઈને રાવણના હાથમાં પડી ત્યારથી જીવનના રૂપમાં એ એક જાતના અસહ્ય ભારનું જ વહન કરી કહી છે કે બીજું કાંઈ ?

કોણ જાણે એ ભાર, ચિંતા, વેદના ને યાતના ક્યારે દૂર થશે ! એમાંથી કોણ જાણે ક્યારે મુક્તિ મળશે! એમાંથી વહેલી તકે ને કાયમ માટે મુક્તિ મળશે કે નહીં મળે!

એની વેદના વધી ગઈ. થોડીવારમાં તંદ્રા શરૂ થઈ.

એમાં એણે અશોકવૃક્ષ તરફ જોઈને ઉદાસ ચિત્તે કહેવા માંડ્યું: ‘અશોક, મારો રામના વિયોગના પરિણામે પેદા થયેલો શોક મટશે કે નહિ મટે ?’

અશોક શું બોલે ? છતાં પણ સીતાના દિલમાં જાણે કે એના સંદેશના પડઘા પડ્યા : ‘સીતા, તારો શોક જરૂર દૂર થશે. આ અશોકવાટિકા છે. એ તારે માટે શોકવાટિકા નથી થઈ. તારો શોક તો ઠેઠ પંચવટીથી

જ તારી સાથે આવ્યો છે. એને માટે અશોકવાટિકાને દોષ ના દેતી. અશોકવાટિકા તો તારે માટે ખરેખરી અશોકવાટિકા બની જશે અને તને શોકમાંથી મુક્તિ કરીને આનંદ ધરશે.'

'પણ તે ક્યારે ?'

'થોડા જ વખતમાં. નજદીકના જ ભવિષ્યમાં.'

'હા. આ વાટિકા પોતાના નામ પ્રમાણે તારા જીવનને શોકરહિત કરશે. એનું નામ તારે માટે સાર્થક ઠરશે. પરંતુ તું આવી રીતે દુઃખી ના થા. હિંમત તથા ધીરજનો ત્યાગ કરીને વ્યાકુળ ના થા. તું આંસુ સારે છે એટલે આખી વાટિકા રડે છે! તું પોકાર પાડે છે અને આક્રંદ કરે છે એટલે અહીંનું પ્રત્યેક પરમાણુ એનો પડઘો પાડે છે! '

'પરંતુ હું રડું નહિ તો શું કરું ? રામ વિના મને ચેન જ નથી પડતું. રામનો વિયોગ મારાથી સહન જ નથી થતો.'

'છતાં પણ બનતી બધી જ શક્તિ-સમજને કામે લગાડીને એને સહન કરવો જ પડશે; બીજો કોઈ રસ્તો જ નથી. પતિનો વિયોગ સંસારમાં સૌથી દુઃખદ હોય છે, છતાં પણ એને કેટલીય સ્ત્રીઓ સહન કરે છે. સહન ના કરે તો શું કરે ? એમને માટે બીજો કોઈ રસ્તો જ નથી ને !'

'પોતાના પ્રિય પતિનો વિયોગ કેટલીય સ્ત્રીઓ સહન કરે છે ?'

'હા. એવી અનેક સ્ત્રીઓમાંની તું પણ એક છે. સંસારમાં પતિવિયોગિની સ્ત્રી તું એકલી નથી. એવી વિયોગીની સ્ત્રીઓનો વિચાર કર તો તને આશ્વાસન મળશે, હિંમત તથા ધીરજ વરશે, ને તારું દુઃખ હળવું બનશે. વિરહનું એક દુઃખ તો તારા જીવનમાં આવી મળ્યું છે, તેમાં વેદનાના ઘોર દુઃખનો શા માટે વધારો કરે છે ?'

'વધારો કે ઘટાડો કરવાનું મારા હાથમાં છે ? તે તો સ્વાભાવિક છે.'

'તેમાં પણ ફેરફાર કરી શકાય. બુદ્ધિનો ઉપયોગ એટલા માટે જ છે.'

'પરંતુ બુદ્ધિ અહીં કામ જ ક્યાં કરે છે ? અહીં તો લાગણી જ ઉભરાયા કરે છે.'

'એ જ જોવાનું છે ને ? લાગણી ઉભરાયા કરે તેની હરકત નથી. પરંતુ એને બુદ્ધિ દ્વારા થોડીક નિયંત્રિત કરવી જોઈએ. તો જ દુઃખ જરાક હળવું થાય. તારી પાસેથી એટલી આશા અવશ્ય રાખી શકાય. બીજી કેટલીક વિયોગિની સ્ત્રીઓ એવું જ કરે છે. એ કાંઈ જડ નથી હોતી. પ્રેમ અથવા લાગણીનો અનુભવ તો એ પણ કરતી હોય છે, પરંતુ લાગણીના વેગમાં તણાઈ નથી જતી.'

'બીજી સ્ત્રીઓ એવું જ કરે છે ?'

'હા.'

'દાખલા તરીકે ?'

'તું નથી જાણતી ? દાખલા તરીકે ઊર્મિલા. તું એનાથી સુપરિચિત છે.'

સીતા ઉમળકા સાથે બોલી: 'હા, હા. એનાથી સુપરિચિત કેમ ના હોઉં ? એ તો મારી બહેન !'

'છતાં પણ તારામાં અને એનામાં કેટલો બધો ફેર છે !'

'કશોય ફેર નહિ હોય. એ પણ સ્ત્રી છે, એને પણ હૃદય છે, એટલે એની અવસ્થા પણ આવી જ હશે - મારા જેવી.'

'એ જ જોવાનું છે ને ! તું ભીંત ભૂલે છે. એ બાબત એને જ પૂછી લે. એની સાથે જ વાત કરી લે.'

ઊર્મિલાની મનહર, મધુમયી, મંગલ મુખાકૃતિ એની આંખ આગળ આવીને ઊભી રહી.

એની આહ્‌લાદક આકૃતિને જોઇને એ હરખાઇ ગઇ ને બોલીઃ 'ઊર્મિલા, તું ?'

'હા, હું.' ઊર્મિલાએ ઉત્તર આપ્યો ને પૂછ્યું: ' કેમ ? હું તને મળવા માટે ના આવું ?'

'હા, આવે.' સીતા બોલીઃ 'જરૂર આવે. આપણે કેટલા બધા લાંબા વખતે ભેગાં થયાં ? પરંતુ તું આટલી બધી સુકાઈ ગઈ !'

'હું તને સુકાયેલી લાગું છું ? મારું શરીર સુકાયું છે પરંતુ મન નથી સુકાયું.'

'એટલે ?'

'એટલે શું તે ના સમજી ? મારા મનમાં કર્તવ્યપાલનનો સંતોષ છે. એને લીધે મારું મન પ્રસન્ન રહે છે.'

'શું કહે છે ? લક્ષ્મણના વિયોગનું દુઃખ તને નથી સાલતું ?'

'સાલે છે.' ઊર્મિલાએ સ્વસ્થતાપૂર્વક કહેવા માંડ્યું: 'પરંતુ મનને સમજાવીને શાંત રાખું છું. લાગણી તો થાય છે, હૃદય એના રંગે રંગાય છે પણ ખરું, પણ બુદ્ધિ એની મદદે આવે છે.'

'ઊર્મિલા, તું તો ઘણી જ મહાન કહેવાય. મારા કરતાં યે વધારે મહાન.'

'કેમ ? તું મારી પ્રશસ્તિ કરવા માંડી કે શું ?'

'પ્રશસ્તિ કરું તો પણ અનુચિત ના કહેવાય. છતાં પણ પ્રશસ્તિ કરવાને બદલે જે સાચું છે તે જ કહી રહી છું. હું તો રામના થોડાક વખતના વિયોગદુઃખથી ગભરાઈને વ્યથિત બની ગઈ છું. જીવન મને ભારરૂપ ને કડવું લાગે છે તથા મરવાનું મન થઈ આવે છે. પરંતુ તું ? તું તો કેટલા બધા લાંબા વખતથી લક્ષ્મણના વિયોગની ભયંકર વ્યથા ભોગવી રહી છે ? તારાં લગ્ન પછી તેં લક્ષ્મણના સહવાસનું સુખ સ્વલ્પ જેટલું જ ભોગવ્યું. હું તો વનમાં યે રામની સાથે રહી, પરંતુ તારે દૂર અયોધ્યામાં રહેવું પડ્યું ! છતાં એમાંય તેં અમૃત ગણ્યું. બોલ, તું મારા કરતાં વધારે મહાન કે નહિ ?'

ઉર્મિલાએ સીતાના એ પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે એની આગળની વાતના અનુસંધાનમાં કહ્યું: 'હા, મેં એમાં અમૃત ગણ્યું. અમૃત ગણવું જ જોઈએ. જીવનને અમૃતમય ગણવું કે વિષમય એ આપણાં હાથમાં છે.'

'આપણા હાથમાં ?' સીતાએ શંકા કરીઃ 'આપણા હાથમાં કેવી રીતે ? બધી ઘટનાઓ આપણી ઈચ્છાનુસાર બન્યા કરે છે ?'

'બધું આપણી ઈચ્છાનુસાર નથી થતું એ બરાબર છે, અને એ પણ બરાબર છે કે કેટલીક અથવા મોટા ભાગની ઘટનાઓ કે પરિસ્થિતિ આપણી ઈચ્છાની વિરુદ્ધ, આપણી યોજના કરતાં ઊલટું રૂપ લઈને જ આવી મળે છે, તો પણ એમાંથી સાર ગ્રહણ કરીને આપણી શાંતિ, સ્વસ્થતા ને સુધામયતાને ટકાવી શકાય

છે. એટલું તો આપણે કરવું જ જોઈએ. હું અત્યારે એ જ કામ કરી રહી છું. એમાં હું મહાન નથી બની જતી. એવું ના કરું તો બીજું કરું પણ શું ?'

'લક્ષ્મણ વિના તને ગમે છે ખરું ?'

'ગમે તો કેવી રીતે ?'

'તારો સમય કેવી રીતે પસાર થાય છે ?'

'મેં મારા મનને સંસારના વિનાશી વિષયોમાંથી તેમ જ ક્ષણભંગુર સુખોમાંથી ઉપરામ કરીને તપમાં લગાડી દીધું છે. એથી મને શાંતિ મળે છે અને મારો સમય પણ સારી પેઠે પસાર થાય છે.'

'લક્ષ્મણના વિરહની વ્યથા તને નથી સતાવતી ?'

'હું સદ્દબુદ્ધિની સહાયતા લેતી રહું છું એટલે એની અસર મને એટલા પ્રમાણમાં નથી થતી. મને સમજાયું કે, સંસાર પરિવર્તનશીલ છે. એમાં જુદા જુદા જીવોનાં જન્મમરણ તથા વિરહમિલનની વીણા અહર્નિશ વાગ્યા જ કરે છે. કોઈ હસે છે તો કોઈ રડે છે, કોઈ લાભ પામે છે તો કોઈ હાનિ વેઠે છે, અને કોઈ મળે છે તો કોઈ છૂટાં પડે છે. છૂટાં પડેલાં પાછાં ભેગા પણ થઈ જાય છે. એવી રીતે વનવાસનો વખત જોતજોતાંમાં પૂરો થશે ને આખરે લક્ષ્મણ મને આવી મળશે. ત્યાં સુધી ધીરજ રાખીને નકામી ચિંતા ના કરું અને મારી વ્યથાને હાથે કરીને ના વધારું તે જ બરાબર છે.'

'લક્ષ્મણ વનવાસનો વખત પૂરો કરીને અયોધ્યામાં પાછા આવશે ને રામ પણ એની સાથે પાછા ફરશે, પણ મારા જીવનમાં મને અયોધ્યામાં પાછા ફરવાનું સૌભાગ્ય સાંપડી શકશે ખરું ? રામના દર્શનથી મારાં લોચન ધન્ય બની શકશે ? અને પ્રાણ એમનું સ્પર્શસુખ પામીને પુલકિત થશે ?'

સીતાના પ્રશ્નોની પરંપરાથી ઊર્મિલા જરા વિચારમાં પડી ને બોલી: 'રામની શક્તિમાં વિશ્વાસ હોત તો તારા મનમાં આવા પ્રશ્નો ઊઠત જ નહિ. રામ તને જરૂર મળશે ને તારા સંતપ્ત અંતરને શાંતિ આપીને તને સંજીવન આપશે. એમની સાથે અયોધ્યામાં પાછા ફરવાનું સૌભાગ્ય તને જરૂર મળી શકશે. રામ તારી બધીયે ચિંતા, વ્યથા તથા વિપત્તિ દૂર કરશે. મારું અંતર તો એવું જ કહ્યા કરે છે. આ અશોકવાટિકા તારે માટે એના નામ પ્રમાણે ખરેખર તારા વિરહનો સઘળો શોક શાંત કરનારી સાબિત થશે. એવી શ્રદ્ધાને મજબૂત રાખીને આ વચગાળાનો વખત બને તેટલી શાંતિપૂર્વક પૂરો કરી દે. તારે માટે અત્યારે એના સિવાયનો બીજો કોઈ યે માર્ગ નથી રહેતો. રહેતો હોય તો પણ મને તો નથી દેખાતો.'

સીતાએ કહ્યું, 'તે મારા પર અનહદ ઉપકાર કર્યો, ઊર્મિલા ! તારો આ ઉપકાર કદાપિ નહિ ભૂલી શકું. તે મને ધીરજ આપી, હિંમત પૂરી પાડી, ને શ્રદ્ધાથી સંપન્ન કરીને મારા જીવનની કરમાવા માંડેલી કુસુમવાડીમાં આશાની અભિનવ જીવનદાયક જળધારા જગાવી. તારો અનુગ્રહ નહિ ભૂલી શકું.'

સીતાની તંદ્રા તૂટી ગઈ.

એણે જોયું તો આજુબાજુ અશોકવાટિકા વિના બીજું કાંઈ જ ન હતું.

એણે એની અશ્રુભીની આંખને ચોળી જોઈ, પરંતુ ઊર્મિલા ત્યાં ના દેખાઈ. ક્યાંય ના દેખાઈ.

'ઊર્મિલાની દશા અત્યારે કેટલી બધી કરુણ હશે ? લક્ષ્મણના વિરહની વેદનાથી એ ખરેખર વ્યથિત હશે. એણે જે ત્યાગ કર્યો તે એ જ કરી શકે. એણે જે સ્મિતપૂર્વક સમર્પણ કર્યું તે એના વિના બીજું કોઈ ભાગ્યે

જ કરી શકે. રામ, લક્ષ્મણ તથા પોતાને સુખી કરવા એણે હસતે મુખે દુઃખનો સ્વીકાર કર્યો છે. ધન્ય છે ઊર્મિલા! તારા જીવનને ખરેખર ધન્યવાદ ઘટે છે. આજે કેટલા લાંબા વખત પછી તારી ઝાંખી કરી શકાઈ ? આપણે બંને બહેનો એક જ પ્રકારની વિરહવેદનાથી વ્યથિત છીએ; પરંતુ વિધાતા આપણી વેદનાને શાંત કરશે અને આપણને શાંતિ આપશે એ નક્કી છે. મારા મનમાં હવે એવો વિશ્વાસ પેદા થયો છે. એનું શ્રેય તને જ જાય છે. હા, તને જ.'

સીતાના મનમાં એવા ભાવો પેદા થવા માંડ્યા. એ ભાવો વધતા ગયા.

'ઊર્મિલા!' એણે મનોમન કહેવા માંડ્યું: 'તું તો મારી પ્રેરણામૂર્તિ, પ્રકાશદાત્રી બની. મારી જડતાને દૂર કરીને જીવન પ્રદાન કરનારી ગુરુ થઈ. હા, ગુરુ જ. તારું જીવન મારે માટે પથદર્શક ને પ્રેરક થશે. તું મને માર્ગદર્શન ધરશે. મારા આર્ત આશારહિત જીવનમાં જ્યોતિ ધરશે. મારા અંતરમાં આશા ભરશે. તું ઘરમાં છે ને હું વનમાં છું, પરંતુ તું મને ઉત્સાહ ને બળ ધરશે. તું મારે માટે આદર્શરૂપ બનશે ને મને સ્વસ્થ કરશે. મારી મ્લાન બનેલી, મૂરઝાયેલી જીવનવાડીનું રક્ષણ કરશે. આજે તેં મને અવનવી પ્રેરણા પાઈ. એ પ્રેરણા અને તેં આપેલો સુખદ સંદેશ મારા જીવનનું ભાથું બનીને મારામાં તિતિક્ષા પેદા કરશે ને મને ધીરજ ધરશે.'

અશોકવાટિકામાં થોડેક દૂર રાક્ષસીઓ બેઠેલી.

સીતાએ એમની તરફ નજર નાખી.

આસુરી પ્રકૃતિની એ રાક્ષસીઓમાં દયા ક્યાંથી હોય ?

હા, એમની અંદર ત્રિજટા અપવાદરૂપ હતી. એ દયાળુ હતી.

મંદોદરીએ એને સુચના આપેલી ત્યારથી જ એ એની સાથે મમતાપૂર્વક વાતો કરતી. એની ખાસ સંભાળ રાખતી, અને એને ઉત્સાહ તથા હિંમત આપતી.

એ મંદોદરી પણ લંકામાં એક અજાયબી જેવી જ છે ને ? એને પોતાના પર કેટલો બધો પ્રેમ છે ? એનું અંતર કેટલું બધું નિર્મળ છે ? એની અંદર પોતાને માટેની કેટલી બધી લાગણી અને સહાનુભૂતિ ભરી છે ? પોતાના કોઈક પુણ્યકાર્યના પરિણામે એનો પરિચય થયો છે અને પ્રેમ મળ્યો છે. નહીં તો આ વાતાવરણમાં પોતાની પરિસ્થિતિ અત્યંત કફોડી બની જાત. પોતે વિલાપ કરી કરી ને મરી જાત.

આટલે દૂર એને કોઈ આધાર આપનારું અથવા આશ્વાસન દેનારું ના રહેત.

એને લીધે એની ચિંતા તથા વેદના ઘણી વધી જાત.

સીતા એનો વિચારમાં લીન હતી એટલામાં ત્રિજટાએ આવીને સમાચાર આપ્યા: 'મહારાણી મંદોદરી તથા વિભીષણ બંને આવી રહ્યાં છે.'

સીતા ચમકી.

મંદોદરીનો પરિચય તો એને થઈ ચૂક્યો હતો, પરંતુ વિભીષણ કોણ છે તે એને ના સમજાયું.

ત્રિજટાએ એની જિજ્ઞાસાને શાંત કરતાં કહ્યું: 'વિભીષણ લંકાપતિ રાજાધિરાજ રાવણના ભાઈ થાય છે. એ ખૂબ જ ધર્મપરાયણ, દયાળુ ને સમજુ છે. એમનાથી ભયભીત થવાનું કે સંકોચ કરવાનું કોઈ જ કારણ નથી. તારા પ્રત્યેની ઊંડી સહાનુભૂતિથી પ્રેરાઈને જ એ આવ્યા હશે.'

એટલામાં તો મંદોદરી ને વિભીષણ આવી પહોંચ્યા. મંદોદરીએ ત્રિજટાને બધા સમાચાર પૂછ્યા ને સીતાને સંબોધીને કહ્યું: ‘આ લંકાપતિના ભાઈ વિભીષણ છે. એ ભારે ધર્માત્મા છે. તારા સમાચાર સાંભળીને એ પણ ખૂબ જ ચિંતાતુર બન્યા છે.’

વિભિષણે કહ્યું: ‘રામના અસાધારણ પરાક્રમની વાતો સાંભળવાનો ધન્ય અવસર મારા જીવનમાં મને કેટલીય વાર પ્રાપ્ત થયો છે. એ શ્રવણના પરિણામે મારા અંતરમાં રામ પ્રત્યે અનુરાગ પેદા થયો છે. તમારા તથા રામના બંનેના પ્રત્યે મારા મનમાં પૂજ્યભાવ છે. તમારા બંનેના દર્શનની ઈચ્છા મને વારંવાર થયા કરતી અને એને માટેના અનુકુળ અવસરની હું પ્રતિક્ષા કરતો. રામના દેવદુર્લભ દર્શનનું સૌભાગ્ય તો મને સાંપડશે ત્યારે ખરું, પરંતુ તમારું દર્શન આવા કરુણ સંજોગોમાં થશે એની કલ્પના મને ન હતી. આ સંજોગોમાં તમને મળતાં મને દુ:ખ થાય છે, છતાં પણ તમને મળી શક્યો છું એના પરથી આશા બંધાય છે કે રામ પણ મને મળશે જ. એમના દેવદુર્લભ દર્શનથી મારું જીવન ધન્ય થશે. મારા તમને પ્રણામ છે.’

વિભીષણની આંખ ભરાઈ ગઈ.

સીતાને એ જોઈને નવાઈ લાગી.

મંદોદરીનું હૈયું પણ હાલી ઊઠ્યું.

એણે કહ્યું: ‘તમે તો એનું દર્શન ગમે ત્યારે કરી લેત, પરંતુ મને એવું ભાગ્ય ક્યારે મળી શકત? સીતાને મળીને મારી કોઈ લાંબા વખતથી વિખૂટી પડેલી બહેનને મળતી હોઉં એવું મને લાગ્યા કરે છે.’

સીતા ધરતી તરફ દૃષ્ટિ ઢાળીને બેઠી હતી. એના શરીર પર સફેદ સાધારણ વસ્ત્ર હતું.

એના વાળ વિખરાયેલા અને એની મુખાકૃતિ મ્લાન બનેલી.

એનો જોઈને વિભીષણે કહ્યું: ‘આવી સુકુમાર શરીરની, શીલવતી, પતિવ્રતા સીતાનું હરણ કરતાં રાવણનું દિલ જરા પણ પાછું ના પડ્યું એ એક આશ્ચર્ય છે.’

‘એમને દિલ જેવું કાંઈ હોય તો તે પાછું પડે ને?’ મંદોદરી બોલી: ‘મને તો લાગે છે કે એમનું દિલ મરી ગયું છે. નહિ તો એ આટલા વખત લગી સીતાને અહીં પૂરી રાખે ? મેં તો એમને કેટલું યે સમજાવી જોયા, અને હજુ યે સમજાવીશ, પણ સાથે સાથે તમે પણ તમારાથી બનતું કરી જોજો. સીતા જ્યારે અહીંથી છૂટશે ત્યારે જ મને શાંતિ મળશે.’

* * * * *

## ૪૧. રાવણનું મિથ્યાભિમાન

મંદોદરીના લાગણી તથા સ્નેહથી ભરેલા શબ્દો સાંભળીને સીતા પણ લાગણીવશ થઈ.

એની આંખમાંથી બેચાર અશ્રુબિંદુ ટપકી પડ્યાં.

એ ધીમા સ્વરે બોલી: 'તારી મારે માટેની ભાવના તથા લાગણી જોઈને મારું હૃદય ગદ્દગદ્દ બને છે. તારા દિલમાં તો મારે માટે મમતાનો ભાવ છે જ, તેમાં વળી વિભીષણનો વિશુદ્ધ ભાવ ભળી ગયો એટલે મારા માટે તો સોનામાં સુગંધ જેવું થયું છે. આટલે દૂર આવીને હું તમારા સરખા સ્વજનો મેળવી શકી એ મારે માટે મોટા સંતોષની વાત છે. પરંતુ ક્યાં છે મારા રામ ? ક્યાં છે લક્ષ્મણ ? એમની મૂર્તિ મને ક્યાંય નથી દેખાતી. રામની મનહર મૂર્તિ મારા અંતરમાં અને અણુએ અણુમાં રમ્યા કરે છે. છતાં પણ મારે તો રામનો સહવાસ જોઈએ. એના વિના મને જરા પણ શાંતિ નહીં મળી શકે. રામને મળવા માટે મારું અંતર અધીરું બની ગયું છે.'

'છતાં પણ એને થોડું શાંત રાખવું પડશે.' મંદોદરીએ કહ્યું: 'આ કાળ ભારે અગ્નિપરીક્ષાનો અથવા કસોટીનો છે એટલે એ વેદનાજનક અને અશાંતિકારક તો હોય જ. પરંતુ આ અગ્નિપરીક્ષામાંથી તું સફળતાપૂર્વક પાર ઊતરીશ. તારી આ કપરામાં કપરી કસોટી પૂરી થશે, અને તારી બધી જ વેદના તથા ચિંતાનો અંત આવશે. જે રામને માટે તું આતુર છે તે રામ તને જરૂર મળશે.'

'મારું અંતર પણ એવું જ કહી રહ્યું છે.' વિભીષણ બોલ્યો, 'મારી જમણી ભુજા તથા જમણી આંખ અત્યારે ફરકી રહી છે એ એની સાક્ષી પૂરે છે.'

'તમે મને કેવળ આશ્વાસન આપી રહ્યા છો કે શું ?' સીતાએ સહજ ભાવે પૂછી નાંખ્યું.

'ના. એકલું આશ્વાસન નથી આપી રહ્યો, પરંતુ મારા વિશ્વાસને પ્રકટ કરી રહ્યો છું. રામની શક્તિમાં મને વિશ્વાસ છે. એ રામ તમને ગમે તેમ કરીને પણ શોધી કાઢશે ને ફરીથી મેળવી લેશે. એમનો સુખદ સહવાસ તમને જરૂર મળશે. મને તો એમાં સહેજ પણ શંકા નથી થતી.'

સીતાએ કહ્યું: 'મને પણ રામની શક્તિમાં વિશ્વાસ તો છે જ. મને શોધી કાઢવા માટે એ આકાશપાતાળ એક કરશે અથવા એમનાંથી બનતું બધું જ કરી છૂટશે એવું હું નિશ્ચયપૂર્વક માનું છું. છતાં પણ વિરહનો આ વચગાળાનો વખત મને ખૂબ જ કપરો લાગે છે, એને કેમે કરીને પસાર નથી કરી શકતી.'

'એ વખત પણ જોતજોતામાં પસાર થઈ જશે.' મંદોદરી સાંત્વનના સુધામય સ્વરમાં બોલી ઊઠી: 'રામનો વિરહ કપરો લાગે એ સ્વાભાવિક છે, છતાં પણ એને નાહિંમત બન્યા વગર સહન કર્યે જ છૂટકો છે. બીજો કોઈ જ ઉપાય નથી દેખાતો.'

'રામની મધુમય મૂર્તિને હૃદયમાં રાખીને તથા રામને તથા રામની સાથેના પ્રસંગોની સ્મૃતિ કરીને મારા જીવનનો વર્તમાન વખત વિતાવી રહી છું. મારા મનને રામની સ્મૃતિ વિના ક્યાંય ચેન નથી પડતું કે જીવન નથી મળતું.'

'પૃથ્વી પોતાની સ્થિરતા છોડે, સૂર્ય ને ચંદ્ર ચમકતા બંધ થાય, ને સાગર પોતાની સ્વભાવસહજ ખારાશ છોડીને મીઠાશને ધારણ કરે તો પણ રામ તને મળ્યા વિના રહે. એ તને મેળવવા માટે પ્રયાસ કરશે

જ અને એમાં એ સફળ થશે. સત્યને આરંભમાં આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે, પરંતુ આખરે એ વિજયી બને છે. એવી રીતે તારો વિજય પણ થશે જ. રામને માટેનો તારો પવિત્ર પ્રેમ ફળશે જ. મારી વિનંતી એટલી જ છે કે, તું તારા શરીરનું ધ્યાન રાખતી રહે.'

'શરીરનું ધ્યાન કેવી રીતે રાખું ? મારી સમસ્ત ચિત્તવૃત્તિ એકમાત્ર રામમાં જ રમ્યા કરે છે. મને બીજું કાંઈ રુચતું જ નથી.'

'તો પણ વધારે ને વધારે દુઃખી થઈને શરીર સૂકવી ના નાંખતી.'

'શરીર સુકાઈ જાય તો પણ શું ? રામ વિનાનું જડ શરીર પડી જાય તો પણ મને તેની પરવા નથી.'

'એવો વિચાર ભૂલેચૂકે પણ ના કરતી. બીજા કોઈને માટે નહિ તો રામને માટે પણ તારે તારા શરીરની સંભાળ રાખવી જોઈએ. આ શરીર દ્વારા રામની સેવા કરવાની છે એવું સમજીને એના તરફ જરા પણ ઉદાસીન ના રહેતી.'

સીતા શાંત જ રહી.

થોડોક વખત કોઈ કશું જ ના બોલ્યું.

છેવટે ચારે તરફ છવાયેલી શાંતિનો ભંગ કરતાં વિભીષણે કહ્યું: 'રામના દર્શનની મારી ઈચ્છા તો જ્યારે પૂરી થશે ત્યારે ખરી, પરંતુ તમારું દર્શન થઈ શક્યું એને પણ મારા જીવનનો એક મોટો મહામોંઘો લહાવો ગણું છું. તમારા દર્શનથી મને ઘણો આનંદ થયો. તમને જોઈને મારાં લોચન કૃતાર્થ થયા. તમારા સુંદર ભાવો તથા પવિત્ર પદરજથી લંકાની ભૂમિ પાવન થઈ. દુઃખ એક જ વાતનું છે કે તમે અત્યારે બંધનમાં છો. એ બંધન વહેલી તકે તૂટે એવી આશા રાખું છું. રાવણ જો કે કોઈની શિખામણ માને તેવો નથી છતાં પણ એને સમજાવવાનો પ્રયાસ કરી જોઈશ. અને સમજાવ્યા છતાં એ નહિ માને તો વિધાતા એને મનાવશે. તમારી વેદના તથા પ્રાર્થના નિષ્ફળ નહીં જાય.'

વિભીષણ અને મંદોદરી ચાલી નીકળ્યાં, એટલે સીતાની દશા વધારે કરુણ બની ગઈ.

એ નિસંકોચ બનીને રડવા માંડી.

ત્રિજટાએ એને શાંત રાખવાના કેટલાય પ્રયાસો કરી જોયા પરંતુ એ પ્રયાસો નિષ્ફળ નિવડ્યા.

ત્રિજટા તરફથી આપવામાં આવતા આશ્વાસનના અનુસંધાનમાં સીતાએ કહ્યું: 'આના કરતાં તો મારું શરીર શાંત થઈ જાત તો સારું; પરંતુ એને માટે પણ ભાગ્ય જોઈએ ને ? મૃત્યુ કાંઈ ભાગ્ય વિના મળે છે ? મારું ભાગ્ય એવું ઊલટું છે કે મૃત્યુને પણ મારી દયા નથી આવતી.'

'હજુ તો તારે ઘણું લાંબુ જીવવાનું છે.' ત્રિજટા બોલી: 'મૃત્યુને હજુ ઘણી વાર છે. એ કાંઈ એટલું વહેલું નથી આવવાનું.'

'રામ વિનાનું જીવન એક રીતે જોતાં મૃત્યુરૂપ જ છે. આવા જીવન કરતાં તો સાચું મૃત્યુ હજાર દરજ્જે સારું.'

'પરંતુ એ કાંઈ કોઈના હાથમાં છે ? એ તો અત્યારે રામના વિયોગને લીધે એવું લાગી આવે છે પણ પાછળથી રામનો સંયોગ થશે ત્યારે જીવન ઉત્સવરૂપ બની જશે. એ વખતે મૃત્યુનું નામ લેવાનું પણ નહિ ગમે.'

‘પરંતુ એવો સોનેરી સમય ક્યારે આવશે ? રામનો સંયોગ ક્યારે થશે ?’

‘થોડા વખતમાં જ થઈ રહેશે.’

‘હજુ થોડો વખત ?’

‘હા, થોડો વખત તો રાહ જોવી પડે ને ?’

‘મારું હૃદય હવે વધારે રાહ જોઈ શકશે ?’

લાંબા વખત લગી સીતા એવો વિવિધ વિલાપ કરતી રહી.

મંદોદરીએ અશોકવાટિકામાંથી બહાર નીકળતી વખતે વિભીષણને કહ્યું: ‘સીતાની અસાધારણતાનો ખ્યાલ આવી ગયો ને ?’

‘આવી ગયો.’ વિભીષણે ઉત્તર આપ્યો: ‘પ્રેમ અને પવિત્રતાની આટલી બધી પરાકાષ્ઠા સીતા વિના બીજો કોઈના જીવનમાં ભાગ્યે જ જોવા મળી શકે. એના પ્રત્યેનો મારો પ્રેમ તેમજ પૂજ્યભાવ એને મળ્યા પછી વધી ગયો છે. રાવણે એને મોટો અન્યાય કર્યો છે. એ એને નથી સમજી શકતો એ દુઃખદ છે.

‘સમજી શકે છે પણ વેરભાવ તેમજ મિથ્યાભિમાનને લીધે એ આવું કુકર્મ કરી બેઠા છે. મને અશોકવાટિકામાં રાખીને જો એ સીતાને છોડી શકતા હોય તો પણ સીતાને બદલે અશોકવાટિકામાં રહેવાની મારી તૈયારી છે.’

‘રાવણ એ વાત નહીં માને. કોઈનું કહેવું કદાચ નહિ માને. એ પોતાને મહાબુદ્ધિમાન માને છે.’

‘તો પછી ?’

‘તો પછી બીજું શું ? એ હાથે કરીને પોતાનો નાશ નોતરશે.’

‘મને પણ એવું જ લાગે છે. એમણે મારી શિખામણ પણ ના માની એટલે મને એવી જ આશંકા થયા કરે છે. લંકા લાંબા વખત લગી કે કાયમને માટે સલામત નહીં રહે.’

‘સલામત ધર્મ અથવા નીતિ ને ન્યાય જ રહે છે. અધર્મ, અનીતિ અને અન્યાયની સલામતી કદી પણ નથી હોતી. એ તો આખરે નાસીપાસ અને નિષ્ફળ જ થાય છે.’

*

બીજે દિવસે રાવણ ધરતીને ધ્રુજાવતી ચાલે ચાલતો, મદોન્મત બનીને, અશોકવાટિકામાં આવી પહોંચ્યો.

સીતાએ એના તરફ ધ્યાનપૂર્વક જોયું પણ નહીં.

એણે પોતાની દૃષ્ટિ ધરતી પર ઢાળી દીધી.

રાવણે શાંતિથી કહ્યું: ‘તું મારા તરફ જો તો ખરી ! મેં એવો કયો અપરાધ કર્યો છે કે તું તારી અમીમય આંખને ઉપર પણ નથી ઉઠાવતી ?’

સીતાએ નિરુત્તર રહી એટલે રાવણ બોલી ઉઠ્યો: ‘મારો અપરાધ એ છે કે હું તારે માટે મમતા રાખું છું ને તને મારી કરવા માંગું છું ?’

સીતાને વાચા ફૂટી.

એણે દૃષ્ટિને ધરતી પર ઢાળેલી રાખીને ઉત્તર આપ્યો: 'તારો અપરાધ ઘણો મોટો છે. તે પરસ્ત્રીનું હરણ કરીને તેને તારી કરવાનો મનોરથ કર્યો છે, પરંતુ તારો એ મનોરથ નકામો જશે.'

રાવણ અટ્ટહાસ્ય કરીને બોલ્યો: 'મારે માટે પરસ્ત્રી જેવું કશું જ નથી. તારા પર મને પ્રીતિ થઈ છે. તારી લોકોત્તર સુંદરતાને જોઈને મારું મન મોહિત થયું છે.'

'એ પ્રીતિ અને મોહિની ઘાતક સાબિત થશે.'

'હું એવો ભય નથી રાખતો. ભય અને પ્રીત બંને સાથે નથી થઈ શકતાં. મને એવો ભય હોત તો તને પંચવટીમાંથી ઉપાડીને આટલે દૂર લાવત જ નહીં. હું તદ્દન નિર્ભય છું તથા તને ગમે તે ભોગે મારી કરવા કૃતનિશ્ચય છું. હા, એક વાત જરૂર યાદ રાખજે કે તારી ઈચ્છા વિના તને હાથ પણ નહીં લગાડું.'

'એ વાતનું મને સ્મરણ છે. અને મારી ઈચ્છા વિરુદ્ધ તું મને કાંઈ જ નથી કરી શકે તેમ, એ વાતને તું પણ યાદ રાખજે. મારી પવિત્રતામાં અને રામ પ્રત્યેના મારા પવિત્ર પ્રેમમાં મને એટલો વિશ્વાસ છે. એમાં એવી શક્તિ છે કે તું મને મારી ઈચ્છા વિરુદ્ધ નહિ નમાવી શકે. પરંતુ તને એટલો વિચાર આવે કે તારા આ અપરાધના છાંટા તારા કુળ સાથે આખીયે લંકાને ઊડી રહ્યા છે ? તારા સહિત આખી લંકાના સર્વનાશનો સમય સમીપ આવ્યો છે એ તું જાણે છે ?'

રાવણ રોષે ભરાઈ ને બોલ્યો: 'મારો ને મારા કુળનો તથા લંકાનો નાશ કોણ કરવાનું છે ? મારો નાશ કરવાની તાકાત જ કોનામાં છે ? મારો નાશ તું કરવાની છે ?'

'લંકાનો તથા તારા જેવા કુકર્મીનો નાશ મારાથી તો નહિ થાય પરંતુ રામ કરશે. રામની સામે તું સલામત નહિ રહી શકે.'

'તું હજુ નાદાન છે એટલે ઊંડો વિચાર નથી કરી શકતી. તને ખબર નથી કે, લંકા ચારે બાજુથી વિશાળ સાગરથી ઘેરાયેલી છે. એ સાગરને પાર કરવાનું કામ રામને માટે તો શું પરંતુ બીજા કોઈનેય માટે મુશ્કેલ છે. રામ સાગરને પાર કરીને લંકામાં આવી શકે તેમ જ નથી. એટલે એમની આશા રાખતી હોય તો એ આશા નિરર્થક ઠરશે. વળી મારા તપ તથા તે તપ દ્વારા મને સાંપડેલી સિદ્ધિની પણ તને ખબર નથી. મને મળેલા વરદાનની વાત જો જાણતી હોત તો તારી બધી હઠ છોડીને તું વહેલી તકે મારી બનવા તૈયાર થાત. મારું વરદાન જ એવું છે કે મને કોઈ મારી જ ના શકે.'

સીતા જરા વિચારમાં પડી.

એને થયું કે રાવણ આ શું કહી રહ્યો છે! એ સાચું બોલે છે કે ખોટું ?

એને વિચારમાં પડેલી જોઈને રાવણ બોલ્યો: 'મને મળેલા વરદાનના પ્રભાવથી યુધ્ધમાં મારી બરાબરી કોઈ જ નથી કરી શકે તેમ. હું અજેય અને અમર છું. મેં કરેલા કઠોર તપ વિશે તું કશું જ નહિ જાણતી હોય. મહર્ષિ પુલસ્ત્યના સુપુત્ર મુનિવર વિશ્રવા મારા પિતા થાય ને રાક્ષસશ્રેષ્ઠ સુમાલીની પુત્રી કૈકસી મારી માતા.'

સીતાએ કહ્યું: 'તારી માતા રાક્ષસશ્રેષ્ઠ સુમાલીની પુત્રી હતી, એટલે તારી અંદર એના જ સંસ્કારો ઊતરી આવ્યા છે. તારાં દુષ્કર્મોનું મૂળ તારી માતાના કુસંસ્કારોમાં રહેલું છે એની સમજ મને પડી ગઈ.'

રાવણે તરત જ કહ્યું: 'તારી એ સમજ ખોટી છે. મારી માતા રાક્ષસશ્રેષ્ઠ સુમાલીની પુત્રી હોવા છતાં ઉત્તમ પ્રકારના સદ્દગુણો તથા સંસ્કારોથી સંપન્ન હતી. એણે જ મને તપ કરવાની તથા તેજસ્વી ને વૈભવી બનવાની પ્રેરણા પૂરી પાડી. એની અનુજ્ઞા મેળવીને હું સિદ્ધિની પ્રાપ્તિ માટે ગોકર્ણના પવિત્ર આશ્રમ પર ગયો અને મારા બીજા ભાઈઓ સાથે તપશ્ચર્યા કરવા લાગ્યો.

તપશ્ચર્યાના કાળ દરમ્યાન મારા મસ્તકને મેં વારાફરથી કાપીને અગ્નિમાં હોમવા માંડ્યાં. નવ મસ્તકને હોમીને દસમા મસ્તકને કાપવાની તૈયારી કરી તે જ વખતે મારી પાસે બ્રહ્માજી આવી પહોંચ્યા.

એમણે પ્રસન્ન થઈને વરદાન માંગવાનું કહ્યું.

એમની વાણી સાંભળીને મારું મન ખૂબ જ પ્રસન્ન થયું.

મારો સઘળો પરિશ્રમ દૂર થયો.

મારા અંતરમા મારી કાર્ય સિદ્ધિનો સમય સમીપ આવેલો જોઈને આનંદ આનંદ થઈ રહ્યો.

મેં કહ્યું, 'તમારા દર્શનથી હું ધન્ય થયો. સંસારમાં મનુષ્યોના માથા મારા પર મૃત્યુનો ભય ભમ્યા કરે છે. એ ભયથી કોઈપણ સર્વથા મુક્ત નથી દેખાતું. તમે મારા પર પ્રસન્ન થઈને મને અમર બનવાનું વરદાન આપો. '

'પછી બ્રહ્માએ શું કહ્યું ?' સીતાથી આપોઆપ પૂછી જવાયું.

'બ્રહ્માએ કહ્યું કે સંસારમાં કોઈને પૂરેપૂરું અમરપણું મળવું મુશ્કલ છે. માટે કોઈ બીજું વરદાન માંગી લે.'

'બ્રહ્માના એ શબ્દો સાંભળીને મેં હાથ જોડીને કહ્યું કે તો પછી મને એવું વરદાન આપો કે મને દેવ, દાનવ, દૈત્ય, રાક્ષસ, ગરૂડ, નાગ કે યક્ષ - કોઈ જ ના મારી શકે. મનુષ્ય જેવાં બીજાં પ્રાણીઓને તો હું તણખલા બરાબર માનતો હોવાથી એમના તરફથી મને જરા પણ ભય નથી દેખાતો.'

'બ્રહ્માજીએ મારી ઈચ્છા પ્રમાણે વરદાન પ્રદાન કરીને કહ્યું કે, મારા તરફથી એક બીજું વરદાન પણ આપતો જાઉં છું. તારી તપશ્ચર્યા દરમિયાન અગ્નિમાં હોમેલા બધાં મસ્તકો ફરી ઉત્પન્ન થઈ જશે, અને જે વખતે જેવું રૂપ ધારણ કરવાની ઈચ્છા હશે તેવું રૂપ તું ધારણ કરી શકશે.'

'મેં એમના આપેલા વરદાનનો સહર્ષ સ્વીકાર કર્યો.'

'એ પછી મારા ભાઈ કુંભકર્ણ તથા વિભીષણને પણ વરદાન આપીને એ વિદાય થયા.'

'આ તો મારી એક પ્રકારની તપશ્ચર્યાની ને મને મળેલા એક જાતના વરદાનની વાત થઈ. પરંતુ એ પછી તો મેં નાનાંમોટાં કેટલાંય તપ કર્યાં ને કેટલાંય વરદાન મેળવ્યાં છે. એ બધાંનો ઈતિહાસ કહેવા બેસું તો એનો પાર ના આવે. એને પરિણામે મારી શક્તિ વધી ગઈ છે. મને મળેલા વરદાનને લીધે યુધ્ધમાં મારી સામે કોઈ જ ટકી શકતું નથી. યક્ષ, ગંધર્વ કે દેવની શક્તિ પણ મારી આગળ કશી વિસાતમાં નથી તો રામની શક્તિ શું કામ કરવાની છે ? રામ કોઈ ઉપાય કરીને લંકામાં આવી જાય તો પણ એમનો વધ કરતાં મને જરા પણ વાર નહિ લાગે. એમને મગતરાની પેઠે મસળી નાખીશ. આટલી હકીકત જાણ્યા પછી પણ તું તારા ઉધ્ધાર માટે રામના તરફ તાકતી હોય તો તે નકામું છે.'

'રાવણના શબ્દો સાંભળીને સીતા ચિંતામાં પડી. એને થયું કે આવા કઠોર સંકલ્પ અને વરદાનવાળા રાવણને રામ કેવી રીતે જીતી શકશે ? એના મનમાં સંશય પેદા થયો. પરંતુ એ સંશય થોડી વારમાં શમી ગયો.

રામના અદ્દભૂત, અજોડ પરક્રમની અનેક ઘટનાઓ, એમની સુખદ સ્મૃતિઓ એની આંખ આગળ હાજર થઈ. એ સ્મૃતિઓ કેટલી બધી અલૌકિક હતી ? અને પોતાના સ્વયંવર વખતની પેલી સુમધુર સ્મૃતિ ?

રાવણ એ વખતે ત્યાં હાજર હતો છતાં પણ શંકરના પેલા પ્રતાપી ધનુષ્યને ના ઉપાડી શક્યો.

રામે એને આંખના પલકારામાં, ફૂલની પેઠે ઉપાડી લીધું.

પછી તો પોતે રામના કંઠમાં ભારે સંતોષ અને ઉલ્લાસ સાથે વરમાળા પહેરાવી.

પરંતુ એ પ્રસંગ શું કહી બતાવે છે ? એ સુખદ સ્મૃતિ શો સંદેશ આપે છે ?

એ જ કે રામ રાવણ કરતાં વિશેષ પરાક્રમી છે.

એ વખતે રામની શ્રેષ્ઠતા પુરવાર થઈ ચુકી છે.

તો પછી વ્યર્થ શંકા તથા ચિંતા કરવાનું શું કારણ છે ?

સીતાના અંતરમાં નવો ઉત્સાહ ઉભરાયો. એણે રાવણને ઉદ્દેશીને કહ્યું: 'તને ગમે તેવા વરદાન મળ્યા હોય તો પણ તું રામની બરાબરી નહીં કરી શકે.'

'કેમ ?'

'આગિયો શું સૂર્ય કે ચંદ્રની બરાબરી કરી શકે છે ? કીડી કુંજરની તોલે આવે છે ? અને સસલું કદી સિંહ બરાબર બની શકે છે ? તારી તથા રામની શક્તિમાં આભ જમીનનો તફાવત છે. મારા સ્વયંવરમાં તે સાબિત થઈ ચૂક્યું છે. તે વખતે તારી પાસે વરદાન હતાં તો પણ તારે નાસીપાસ થવું પડેલું.'

રાવણ પહેલા તો જરાક ડઘાઈ ગયો પરંતુ પછી બોલ્યો: 'એ વખત કરતાં મારી શક્તિ ઘણી વધી ગઈ છે. હવે તારા સ્વયંવર વિના જ તને હરી લાવ્યો ને ?'

'તું મને લુંટારાની પેઠે લઈ આવ્યો એમાં તેં શું પરાક્રમ કર્યું ? રામની હાજરીમાં આવ્યો હોત તો તને ખબર પડત કે એમનું પરાક્રમ હજુ પણ તારા કરતાં વધારે છે. '

'એમની અંદર પરાક્રમ છે જ ક્યાં ? અને હોય તો પણ મારા કરતાં વધારે તો નથી જ. એમનું સ્વયંવર વખતનું પરાક્રમ તો હવે પલાયન થઈ ગયું છે. અડધું પરાક્રમ તો રાજા દશરથની આજ્ઞાથી રાજ્યશ્રીથી વંચિત થઈને વનમાં આવવું પડ્યું એને લીધે નષ્ટ થયું અને બીજું અડધુ શેષ હતું તે તારામાં મોહાંધ થવાથી તથા તારું હરણ થવાથી જતું રહ્યું. હવે તો તારા વિના નિર્બળ બનીને એ વનમાં રખડી કે રઝળી મરશે. એટલું જ પરાક્રમ બતાવી શકશે.'

સીતાએ કહ્યું: 'તારું એ અજ્ઞાન અને મિથ્યાભિમાન માટીમાં મળશે. રામ તારો નાશ નહીં કરે તો પણ તને રણમાં જીતશે તો ખરા જ. તારાં દુષ્કર્મોનો દંડ આપવા એ વહેલી તકે ગમે તેમ કરીને આવી પહોંચશે. બાકી મને ધમકી આપીને, બીક બતાવીને તેમજ તારા પરાક્રમની ને વરદાનની વાતો કહીને પ્રભાવિત કરવા માંગતો હોય તો ખાંડ ખાય છે. મને તું લેશ પણ પ્રભાવિત નહીં કરી શકે. મારા માર્ગમાંથી હું લેશ પણ વિચલિત નથી થવાની. ભલે મારે મરવું પડે પરંતુ તને તો નહીં જ મળી શકું.'

'એ હઠ જ તને હાનિ કરી રહી છે.' રાવણ બોલી ઉઠ્યો: 'એ હઠનો વહેલી તકે ત્યાગ કરવામાં જ તારું, મારું, રામનું ને સૌનું કલ્યાણ રહેલું છે.'

સીતા મક્કમતાપૂર્વક બોલી: 'એ વ્રતનો ત્યાગ મારાથી નહિ થઈ શકે. એ હઠ નથી પરંતુ વ્રત છે.'

'તો પછી જોજે કે કોની હઠનો વિજય થાય છે, તારી કે મારી ? કોની હઠ ટકે છે તે હું પણ જોઈ લઈશ તથા તને બતાવી દઈશ.'

રાવણ તલવારની મ્યાન પર હાથ રાખીને ચાલી નીકળ્યો.

સીતા પોતાના ભાગ્યને દોષ દેતી અને વેદનાથી વ્યથિત થતી એને જતો જોઈ રહી.

રાવણનું મિથ્યાભિમાન અને અજ્ઞાન એને ચળાવી તો ના શક્યું પરંતુ ચિંતીત જરૂર કરી રહ્યું.

* * * * *

## ૪૨. શબરીનો શરીરત્યાગ

રામ તથા લક્ષ્મણે સીતાની શોધ માટે વનમાં આગળ વધતાં પહેલાં જટાયુનો ઉપકાર યાદ કર્યો.

વનમાં અસહ્ય વેદના સાથે આગળ વધતા રામ સીતાને મેળવવા માટે ઉત્સુક હતા. એમણે આજુબાજુ બધે જ દૃષ્ટિ ફેરવી પરંતુ સીતાનું નામનિશાન ના દેખાયું. પ્રેમના અપાર ઉન્માદમાં એમણે માર્ગમાં મળતાં વૃક્ષોને, પુષ્પોને, પંખીઓને તથા મૃગ જેવાં પ્રાણીઓને અને પાણીના પવિત્ર પ્રવાહોને સીતાના સમાચાર પૂછી જોયા, પરંતુ કોઈએ કશી જ માહિતી ના આપી.

સીતા જ્યારે ક્યાંય ના દેખાઈ ત્યારે એમનું અંતર અત્યંત વ્યથિત બની ગયું.

એમણે આંખમાં આંસુ સાથે લક્ષ્મણને પૂછ્યું: 'લક્ષ્મણ, સીતા હવે મળશે કે નહિ મળે ? આ જીવનમાં ફરી મળશે કે નહિ મળે ? આ જીવનમાં હવે એની ઝાંખી થઈ શકશે કે નહિ થઈ શકે ?'

'જરૂર થઈ શકશે.' લક્ષ્મણે રામને સાંત્વના આપતાં કહેવા માંડ્યું: 'સીતા આપણને જરૂર મળશે. એ પૃથ્વીના ગમે તે પ્રદેશમાં હશે તો આપણે એને શોધી કાઢીશું. મારામાં એટલી હિંમત છે. માટે તમે નિરાશ ના બનો. તમારી વ્યથા ને ચિંતા જોઈને મારું કાળજું કોરાઈ જાય છે.'

'પરંતુ મને પીડા થાય છે તેનું શું કરું ? સીતા વિનાનું મારું હૃદય રાત ને દિવસ રોયા જ કરે છે. એને અવારનવનાર અને અનેક રીતે સમજાવું છું છતાં પણ એ કેમે કરીને નથી સમજતું.'

લક્ષ્મણ શાંત થયો.

માર્ગમાં મળેલા કબંધ રાક્ષસોનો સંહાર કરીને રામ લક્ષ્મણ સાથે પંપા સરોવરના પવિત્ર પ્રદેશમાં આવી પહોંચ્યા.

પંપા સરોવરનો પ્રદેશ અતિશય આકર્ષક અને આહ્લાદક હતો. ત્યાંની જમીન સપાટ અને સુંદર હતી. સરોવર પર સુંદર વિશાળ ઘાટ બાંધેલા. સરોવર હતું પણ ખૂબ જ સ્વચ્છ. એમાં કમનીય કમળો ખીલી ઊઠેલાં. સરોવરની શોભા એથી ખૂબ જ વધી ગયેલી.

પંપા સરોવરમાં વિવિધ પ્રકારનાં હંસાદિ પક્ષી વિહાર કરતાં હતા. મનુષ્યોને દેખીને એમને કોઈ પ્રકારનો ભય ના લાગતો કારણ કે એમને હિંસાનો અનુભવ ન હતો. પૂર્વકાળમાં ત્યાં મતંગ મુનિના શિષ્યનો આશ્રમ હતો. એ મુનિએ એકાંત અરણ્યમાં લાંબા વખત લગી સાધનાપરાયણ રહીને ઊંડી શાંતિ મેળવેલી.

એમના વિશે એવી કથા પ્રચલિત હતી કે, પોતાના ગુરુને માટે એ વનમાંથી કંદમૂલ ને ફળ લાવતા ત્યારે એમના શરીરે પ્રસ્વેદ થતો. એ પ્રસ્વેદનાં બિંદુ પૃથ્વી પર પડીને મુનિની તપશ્ચર્યાના પ્રભાવથી પુષ્પોના સુંદર રૂપમાં પરિણત થતાં.

રામ અને લક્ષ્મણ પંપા સરોવરનાં કદીયે ના કરમાનારાં પુષ્પોને જોઈને આનંદ પામ્યા. સરોવરના શાંત તટ પર આશ્રમ બાંધીને રહેનારા એ પ્રાતઃસ્મરણીય, પવિત્ર, પરમાત્મપરાયણ ઋષિમુનિ તો વિદાય થયા, પરંતુ એમની સેવામાં રહેનારી તપસ્વિની શબરી ત્યાં રહીને ધર્માનુષ્ઠાન કર્યા કરતી. તપશ્ચર્યાના પ્રભાવથી એ અલૌકિક દૃષ્ટિ તથા શક્તિવાળી અને ચિરજીવિની જેવી બની ગયેલી.

રામ અને લક્ષ્મણે પંપા સરોવરના એ પ્રશાંત પ્રદેશમાં શબરીના એકાંત આશ્રમનું દર્શન કર્યું.

એ આશ્રમ અનેક પ્રકારનાં વૃક્ષોથી વીંટળાયેલો હોવાથી અત્યંત આકર્ષક લાગતો.

એની શોભા અને સુંદરતાનું પાન કરતા એ બંને શબરી પાસે આવી પહોંચ્યા.

એમના દર્શનથી શબરી હરખઘેલી બની ગઈ અને પ્રણામ કરીને ઊભી રહી. એમની વિધિપૂર્વક પૂજા કરીને એ આંખમાં પ્રેમ અને આનંદના આંસુ સાથે કહેવા માંડી: 'તમારા દેવદુર્લભ દર્શનની આશા રાખીને તમારી પુનિત પધરામણીની પ્રતિક્ષામાં હું દિવસોથી બેસી રહેલી. મનને જેમ તેમ કરીને મનાવતી કે એક વાર મારા ભાગ્યોદયનો સૂર્ય ઊગી નીકળશે ને તમારું દર્શન પ્રાપ્ત થશે. આજે મારી એ આશા પુરી થઈ. મારી લાંબા વખતની પ્રતિક્ષા સફળ થઈ એટલે મને કેટલો બધો અપાર આનંદ થાય છે તે કેમ કરીને કહી બતાવું ? એ આનંદ અવર્ણનીય છે. આજે મારું જીવન ખરેખર ધન્ય થયું, મને સિધ્ધિ તથા શાંતિ મળી અને હું કૃતાર્થ થઈ.'

શબરીના પ્રેમભાવથી રામ પ્રસન્ન થયા.

એણે અર્પિત કરેલાં આસન પર બેસીને એ ભાવભીના સ્વરે બોલી ઊઠ્યા: 'તારા પ્રેમને માટે તને ખરેખર ધન્યવાદ આપું છું. તારા જેવી શાંત, સાત્વિક સ્વભાવની તપસ્વીનીના દર્શનથી અમને પણ ઘણો આનંદ થયો છે. પરંતુ તને અમારી માહિતી કેવી રીતે મળી અથવા અમારો પરિચય કેવી રીતે પ્રાપ્ત થયો?'

શબરીએ સામે બેસી, બે હાથ જોડીને, નમ્રતાયુક્ત સરળ સ્વરે કહ્યું: 'સૂર્યનો પરિચય એનો ઉદય થાય છે એટલે કોને નથી પ્રાપ્ત થતો ? એનો પરિચય કાંઈ કોઈને કરાવવો પડે છે ? તમારા દેવદુર્લભ, અમોઘ દર્શનનો અવસર પણ મારા જીવનમાં આ પહેલો છે. છતાં પણ તપશ્ચર્યાના પરિણામરૂપે મળેલી દૈવી દૃષ્ટિને લીધે, ગુરુના અનુગ્રહને લીધે, તથા તમારી પોતાની કૃપાના ફળસ્વરૂપે, હું તમને ઓળખી શકી છું. અલબત્ત, તમારી એ ઓળખાણ પૂરેપૂરી નથી. પરંતુ અધૂરી છે, કારણકે પ્રત્યેક જીવ પોતપોતાની શક્તિની મર્યાદામાં રહીને તમને ઓળખી શકે છે, એટલે તમને સંપૂર્ણપણે ઓળખવાનું મુશ્કેલ છે.'

શબરીની ઉદાત્ત ભાવના જોઈને રામ ગદ્ ગદ્ બની ગયા.

પોતાના ગુરુ મહર્ષિ મતંગ અને એમના પ્રતાપી શિષ્યોનો પરિચય કરાવીને શબરી બોલી: 'તમે જ્યારે પવિત્ર ચિત્રકૂટ પર્વત પર નિવાસ કરતા ત્યારે મારા એ ગુરુજનોનાં શરીર છૂટી ગયાં. એ મહાત્મા પુરુષોએ મને આ દૈવી ભૂમિમાંથી વિદાય થતાં પહેલાં કહેલું કે, તારા આ એકાંત આશ્રમમાં પોતાના ભાઈ લક્ષ્મણ સાથે રામચંદ્રજી આવી પહોંચશે, તારા અતિથિ થશે, ને તને કૃતાર્થ કરશે. એમના દર્શનથી તને ઉત્તમોત્તમ ગતિ અથવા પદની પ્રાપ્તિ થશે. એ મહામાન્ય મહાપુરુષોના શબ્દો આજે સાચા પડ્યા એ જોઈને મને અનેરો આનંદ થઈ રહ્યો છે.'

શબરી પોતાની આંખનાં આનંદાશ્રુને લૂછીને ફરી બોલી: 'એ મહાપુરુષોએ કહેલી એક બીજી હકીકત કહી બતાવું ?'

'જરૂર.' રામે સંમતિનો સૂર પૂરાવ્યો: 'એવા વચનસિધ્ધ, સત્યસંકલ્પ, આર્ષદૃષ્ટા, પ્રતાપી, મહાપુરુષોની વાતો સાંભળવાનું મન કોને ના થાય ?'

'એમણે મને કહેલું કે શબરી, રામ કોઈ સામાન્ય મનુષ્ય નથી. એ તો પરમાત્મસ્વરૂપ છે, પરમાત્માના પ્રખર અલૌકિક અંશ છે. ધર્મ ને નીતિની મર્યાદાને સ્થાપવા તથા દુષ્ટોનું દમન કરવા માટે એ

પૃથ્વી પર પ્રકટ થયા છે. જે હેતુને માટે એ પ્રકટ થયા છે તે હેતુની સિધ્ધિ એ કરશે જ. એમનું દર્શન કરશે તે ધન્ય બનશે. એમનાં ઉત્તમ કર્મો લોકોને માટે આદર્શરૂપ અને પ્રેરણાપ્રદાયક થઈ પડશે. એ તારા આશ્રમમાં આવે ત્યારે એમને પરમાત્માતુલ્ય માનીને એમનો સત્કાર અને એમની સેવા કરજે. એથી તને અમિત ઉત્કર્ષ કે લાભની પ્રાપ્તિ થશે. રામના સંબંધી આ ગૂઢ રહસ્યને તને એટલા માટે કહી બતાવ્યું કે, તું મન, વચન, કર્મથી પવિત્ર છે અને નિષ્કપટ ભાવે, વિશ્વાસપૂર્વક અમારી સેવા કરે છે. અમારો આટલો આશીર્વાદ છે કે રામનો સંપૂર્ણ અનુગ્રહ તારા પર થઈ રહેશે.

એ પ્રતાપી મહાપુરુષોના શુભાશીર્વાદને લીધે જ મને તમારું દર્શન થઈ શક્યું છે, અને મારા પર તમારો અનુગ્રહ થશે એ પણ નિર્વિવાદ છે. એમણે આપેલા આશીર્વાદને માટે એ મહાત્મા પુરુષોની હું ઋણી છું. મારા ગુરુ મતંગ મુનિની મારા પર ઘણી કૃપા હતી.'

રામે કહ્યું: 'શબરી, તારી શ્રદ્ધાભક્તિને તથા તારી અનંત ભાવનાને ધન્યવાદ ઘટે છે. એ પ્રાતઃસ્મરણીય પ્રતાપી મુનિવરોને મારા વારંવારના પ્રણામ છે. મારા ભાગ્યમાં એમના દર્શન તથા સમાગમનો યોગ નહિ હોય એટલે તો મારા આવતાં પહેલાં જ એ વિદાય થયા. છતાં પણ એમણે કરેલી તપશ્ચર્યાનો પ્રભાવ પંપા સરોવરના આ વિશુદ્ધ વાયુમંડળમાં સાફ દેખાય છે. એમને લીધે જ આ વાયુમંડળ આટલું બધું શાંત અને પ્રસન્ન બની શક્યું છે. આખું યે વન સુંદર વૃક્ષો તથા ફળફૂલથી ભરપૂર છે.'

શબરી બોલી: 'તમે મને ઠીક યાદ દેવડાવ્યું. હું તો તમને લાંબા વખતથી ખોવાયેલી કોઈ પ્રિયમાં પ્રિય વસ્તુ મળી હોય તેમ, ભાવવિભોર બનીને જોયા કરું છું. મારી મઢૂલીમાં પરમાત્મા પોતે પધાર્યા હોય એવો આનંદ મારી આંખમાં, મારા અંગમાં, અણુએ અણુમાં અને મારા અંતરમાં વ્યાપી રહ્યો છે. તમને દેખીને બધું જ ભાન ભૂલી ગઈ છું. અને કેમ ના ભૂલું ? તમારું સ્વરૂપ જ એવું સુધામય છે કે, એને જે એકવાર પણ જોઈ લે તે એનાથી મોહિત અને મુગ્ધ બને. તમારી મુખાકૃતિ જ એવી મધુમય છે કે, એનું એકવાર અવલોકન કરનારની આંખ એને છોડીને બીજે ક્યાંય ના જ વળે. તમારી વાણી એટલી બધી વિમળ અને અમૃતમય છે કે, એને સાંભળનારનો પ્રાણ એથી પુલકીત બને. તમારું સર્વ કાંઈ સુંદર તેમ જ સુધામય છે. મારું મન એથી મંત્રમુગ્ધ બનીને બીજું બધું જ ભૂલી જાય એમાં આશ્ચર્ય નથી. પરંતુ એમને શાંત કરીને મારે તમારા આતિથ્યનો વિચાર પણ કરવો જ જોઈએ.'

'અમારું આતિથ્ય તો થઈ ચુક્યું છે. તારો આટલો બધો પવિત્ર ને પ્રખર પ્રેમ છે એ આતિથ્ય નહિ તો બીજું શું છે ? અતિથ્યને માટે બહારની સામગ્રીની આવશ્યક્તા નથી હોતી. હૃદયના સાચા ભાવની જ જરૂર હોય છે.'

'બહારની સામગ્રી મારી પાસે છે પણ ક્યાં ? મારી પાસે ધન નથી, રત્ન નથી, વૈભવ અથવા ઐશ્વર્ય નથી, ભાતભાતનાં ભોજન કે સ્વાદિષ્ટ પકવાન પણ નથી, જેને તમારી સેવામાં હાજર કરી શકું. મારા જેવી અરણ્યમાં એકાંતવાસ કરનારી તપપરાયણ સ્ત્રી પાસે આતિથ્ય કરવા લાયક બીજું હોઈ પણ શું શકે ? મારી પાસે તો કેવળ સાચા હૃદયનો પ્રેમ છે એટલું જ. એ પ્રેમ પૂર્ણ છે કે નહીં તે નથી જાણતી, પરંતુ છે તો ખરો જ. એ પવિત્ર પ્રેમભાવથી પ્રેરાઈને મેં તમારે માટે વનનાં સુંદર ફળોનો સંગ્રહ કર્યો છે. તમે એમને આરોગશો એટલે મારા અંતરને આનંદ થશે. એમને તમારા શ્રીચરણે અર્પણ કરું છું.'

એમ કહીને શબરીએ રામ અને લક્ષ્મણની આગળ ફળ મૂક્યાં.

રામ અને લક્ષ્મણને પોતાને હાથે વારાફરતી ફળ આપતાં એણે કહ્યું: 'આ ફળ ઘણાં જ સુમધુર છે. એ તમને તૃપ્તિ આપશે એવી આશા રાખું છું.'

રામના અમીમય અંતરથી ઉદ્દગાર નીકળ્યા: 'તૃપ્તિ તો અમને તારા જેવી મહાન તપસ્વિનીના દર્શનથી તથા તારા પવિત્ર પ્રેમના આસ્વાદથી આપોઆપ મળી ગઈ. એ તૃપ્તિ આંતરિક, અનેરી, અને અસાધારણ છે. છતાં પણ તને સંતોષ આપવા માટે આ ફળ આરોગી રહ્યાં છીએ.'

લક્ષ્મણે કહ્યું: 'આ ફળ કેટલાં બધાં સ્વાદિષ્ટ છે!'

'ખૂબ જ સ્વાદિષ્ટ.' રામે કહ્યું: 'આવાં સ્વાદિષ્ટ ફળ તો જીવનમાં પહેલી વાર જ ચાખ્યાં. મેં તો પહેલાં ક્યાંય નથી ખાધા. આ ફળનો સ્વાદ આટલો બધો લાગે છે તેનું કારણ એ છે કે, એની પાછળ શબરીનો શુદ્ધ હૃદયનો સ્નેહ ભળી ગયો છે.'

શબરી ગદ્દગદ્દ બની ગઈ.

રામના સુંદર સ્વરૂપને જોતાં અને એની રૂપસુધાનું પાન કરતાં એ થાકતી કે ધરાતી ન હતી.

રામના સુમધુર મુખમંડળ તરફ મંડાયેલાં એનાં લોચન ત્યાંથી જાણે કે હઠવા જ નહોતાં માંગતાં.

ફળ ખાઈને રામ અને લક્ષ્મણ શાંતિપૂર્વક બેઠા, એટલે શબરી બોલી: 'મારા ગુરુનો તથા પંપા સરોવરના એકાંત આશ્રમોમાં રહેતા બીજા મહાત્મા પુરુષોનો શુભાશીર્વાદ ફળ્યો ને મને તમારાં દર્શનનો લાભ મળ્યો તે જોઈને આનંદ થાય છે. મારા ગુરુ ઘણા જ પ્રતાપી હતા. એ પ્રતાપને લીધે તો દેવતાઓની પૂજા કરવા માટે એમણે તૈયાર કરેલી વનનાં કમળ તથા બીજા પુષ્પોની માળાઓ આજે પણ એવી જ તાજી છે. ઉપવાસ કરવાથી એમનું શરીર જ્યારે છેક જ અશક્ત બની ગયું, એમને માટે હરવાફરવાનું મુશ્કેલ બની ગયું, ત્યારે એમની ભાવનાથી સાત સમુદ્રનું પાણી અહીં પ્રકટ થયું. એ સપ્તસાગર તીર્થ આજે પણ પ્રસિદ્ધ છે. '

રામ તથા લક્ષ્મણે શબરીએ બતાવેલી એના ગુરુદેવે તૈયાર કરેલી તાજી ફૂલોની માળાઓ જોઈ તથા સપ્તસાગર તીર્થનું દર્શન કર્યું.

એટલામાં તો સરોવરમાં એક સાથે, પાસે પાસે ઊભાં રહીને પાણી પીતાં વાઘ અને હરણ દેખાયાં.

એમને જોઈને રામ બોલ્યાં: 'લક્ષ્મણ, આ આશ્ચર્ય જોયું ? વાઘ અને હરણ કોઈપણ જાતના વેરભાવ તથા ભય વિના સરોવરમાંથી સાથે પાણી પી રહ્યાં છે! '

લક્ષ્મણ બોલ્યો: 'આ અદૃષ્ટપૂર્વ દૃશ્ય જોઈને મને પણ નવાઈ લાગે છે. મહાત્મા પુરુષો પાસેથી નિર્વેરભાવની આવી વાતો સાંભળેલી તો ખરી, પરંતુ એ વાતોને ચરિતાર્થ થતી તો અહીં જ જોઈ. '

શબરીએ કહ્યું: 'એ આશ્ચર્યકારક નથી. મારા ગુરુદેવ તથા બીજા અહીં રહેતા ઋષિમુનિઓના વખતથી જ આવું થતું આવ્યું છે. એમની તપશ્ચર્યાનાં પવિત્ર પરમાણુ આજુબાજુના વાતાવરણમાં બધે જ ફરી વળ્યા છે. તેને લીધે આખુંય વાતાવરણ નિર્મળ બની ગયું છે તથા હિંસક જીવો પણ અહિંસક વૃત્તિ ધારણ કરીને ફરી રહ્યાં છે. આ સુંદર શાંત સ્થળની એ એક મહાન વિલક્ષણતા છે.'

રામે એ પ્રાતઃસ્મરણીય મહાપુરુષોને મનોમન અંજલિ આપીને શબરીને સીતાહરણની વાત કહી સંભળાવી. એ સાંભળીને શબરી ઊંડા વિચારમાં ડૂબી ગઈ ને બોલી: 'તમે તો મહાન અને લોકોત્તર શક્તિથી સંપન્ન છો, એટલે તમને શું કહું, તથા તમને સલાહ પણ શું આપું ? સીતા જ્યાં હશે ત્યાં સુરક્ષિત જ હશે, તમારા સ્મરણમનનમાં મશગૂલ હશે, અને પોતાના શીલને સાચવતી હશે. એ બાબત તમે તદ્દન નચિંત રહેજો. મારી દૈવી દૃષ્ટિ અને આત્મિક શ્રદ્ધાના આધાર પર કહી શકું છું કે, સીતા તમને મળશે જ. તમારે એના વધારે વખતનાં વિયોગદુઃખથી નહીં પીડાવું પડે.'

થોડીવાર અટકીને એણે આગળ કહ્યું: 'સીતાને પાછી મેળવવામાં તમે સફળ થશો એ નક્કી છે. તમારા એ ઉદ્દેશની સિદ્ધિ માટે હું મારી વિશેષ શક્તિની મદદથી એક સુંદર અને અકસીર ઉપાય બતાવી રહી છું. સીતા અત્યારે રાવણના એકાંત ઉપવનમાં અશોકવાટિકાની નીચે બેસીને તમને યાદ કરી રહી છે, એની આંખમાં આંસુ છે. પરંતુ એનાં આંસુનો થોડા જ વખતમાં અંત આવશે. રાવણનો તમારા હાથે નાશ થશે.'

રામે પૂછ્યું: 'અમે સીતાની શોધ માટે હવે કયી દિશા તરફ પ્રયાણ કરીએ ?'

'હું તમને એની જ સૂચના આપી રહી છું. પંપા સરોવરથી આગળ જે દક્ષિણ દિશા તરફનો માર્ગ દેખાય છે તે માર્ગે તમે આગળ વધજો. એ દિશામાં જતા લાંબા વખતે ઋષ્યકમૂક પર્વતની સુંદર પંક્તિ દેખાશે. ત્યાં સૂર્યના પુત્ર ધર્માત્મા સુગ્રીવ વાસ કરે છે. એમને મળશો એટલે એ તમારી સાથે મૈત્રી કરશે અને સીતાને શોધી કાઢવામાં મદદરૂપ થશે. એમને મળશો એટલે આગળનો બધો જ રસ્તો સાફ થઈ જશે.'

રામ ને લક્ષ્મણ શબરીના શબ્દો સાંભળીને આનંદ પામ્યા.

એમણે શબરીનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

શબરી બોલી: 'મારા ગુરુદેવની સૂચના પ્રમાણે તમને મળી એટલે હવે મારા જીવનનું બધું કાર્ય પૂરું થયું. આ શરીરને વધારે વખત રાખવાની ઈચ્છા મારા મનમાં હવે નથી થતી. તમારી ઉપસ્થિતિમાં જ તમારી રજા લઉં છું ને પરમાત્માના પરમ સ્વરૂપમાં મળી જાઉં છું, જેથી મારું શરીરધારણ તો સફળ થયું, પરંતુ શરીરને છોડવાનું પણ સાર્થક બને. '

એમ કહીને શબરી યોગાસનમાં બેસી ગઈ.

રામ તથા લક્ષ્મણે એને શરીરનો ત્યાગ નહિ કરવા માટે સમજાવી જોઈ, પરંતુ એ નહીં માની.

એણે કહ્યું: 'ઋષિમુનિ જેમના સાક્ષાત્કાર માટે સાધના કરે છે તે પરબ્રહ્મ પરમાત્મા પોતે જ રામ રૂપમાં મારી સામે ઊભા રહ્યા છે. એમના દર્શનનો આનંદ લેતાં હું એમનામાં મળી જઈશ.'

જોતજોતામાં તો એની આંખ અચળ બની ગઈ, ને કાયાનો પરિત્યાગ કરીને એ બહાર નીકળી.

રામ ને લક્ષ્મણ એ તપસ્વિની, ભક્ત તથા મહાયોગિનીને ભક્તિભાવે, આદરપૂર્વક, પ્રણામ કરતા જોઈ રહ્યા. એમણે એને અનુરાગયુક્ત અશ્રુની અંજલિ આપી.

* * * * *

## ૪૩. સ્મૃતિ અને સહાનુભૂતિ

શબરીના શરીરત્યાગ પછી રામ અને લક્ષ્મણ એની ઉત્તરક્રિયામાં ભાગ લઈને પંપા સરોવરનાં પ્રશાંત તટ પર આવી પહોંચ્યા. સરોવરનું દૃશ્ય અત્યંત આહ્લાદક, આકર્ષક અને અનુપમ હતું એ દેખીને એમને આનંદ થયો.

રામે કહ્યું: 'લક્ષ્મણ, ગુરુકૃપાનો મહિમા જોયો ને ? શબરી પર એના ગુરુની સંપૂર્ણ કૃપા હતી તો એ ઉત્તમ અસાધારણ અવસ્થા પર પહોંચી ગઈ. એના પોતાના અંતરમાં પણ ગુરુને માટે તથા બીજા ઋષિમુનિઓ માટે કેટલી બધી શ્રદ્ધાભક્તિ ભરેલી ?'

લક્ષ્મણે શાંતિપૂર્વક, શબરી પ્રત્યેના સન્માનભાવથી પ્રેરાઈને કહ્યું: 'શબરીની અસાધારણ શ્રદ્ધાભક્તિ જોઈને હું તો સ્તબ્ધ જ થઈ ગયો. શબરીની સેવા, શ્રદ્ધા ને તપશ્ચર્યા ખરેખર અનુપમ છે. બીજા કોઈના જીવનમાં એની જોડ મળવી મુશ્કેલ છે.'

સરોવરની આજુબાજુના સુંદર દૃશ્ય પર દૃષ્ટિ ફેરવતાં રામે કહેવા માંડ્યું: 'સંત તથા મહાત્મા પુરુષોની એવી ભક્તિ, શ્રદ્ધા અને સેવા વિના જીવનનું કલ્યાણ નથી કરી શકાતું. ધર્મનો તથા સાધનાનો એ સાર છે. શબરીએ એ સારને એના જીવનમાં સંમિશ્રિત કર્યો તો એનું જીવન સફળ થયું કે કૃતકૃત્ય બન્યું. આ પંપા સરોવરની પેઠે એ સરળ, સુંદર અને સુશોભિત બની ગયું. પંપા સરોવરની શોભા કેટલી બધી અનેરી છે ? એમાં ખીલેલા કમળો પોતાના સુંદર દલને આકાશ તરફ ઉઘાડીને ઊભાં રહ્યાં છે. તેવી રીતે શબરીએ પોતાના અંતરને પરમાત્મા તરફ ખોલી નાંખેલું. સરોવરના તટ પરનાં રંગબેરંગી પુષ્પો કેટલાં બધાં રમણીય લાગે છે ! એવી રીતે શબરીના મનમાં ઉત્તમ પ્રકારના ભાવો તથા વિચારોની સૃષ્ટિ થયેલી. એનું અંતર સરોવરના આ નિર્મળ નીર જેવું જ નિર્મળ હતું. એ તો ચાલી ગઈ પરંતુ આપણે માટે વિશુદ્ધ સ્નેહનો સનાતન સંદેશ મૂકતી ગઈ.'

રામના શબ્દો સાથે સહમત થતો હોય તેમ લક્ષ્મણ કશું જ ના બોલ્યો અને મનોમન શબરીને અનુરાગની અંજલિ આપી રહ્યો, એટલે રામે આગળ કહ્યું: 'પંપા સરોવરના આ સુંદર દૃશ્યને દેખીને એના આનંદમાં અવગાહન કરતાં મને એક પ્રકારની ઊંડી વેદના થઈ આવે છે. '

લક્ષ્મણ બોલ્યો: 'સરોવરનું દૃશ્ય તો અતિશય આનંદદાયક છે, છતાં પણ તમને ઊંડી વેદના થઈ આવે છે તેનું કારણ ?'

'તેનું કારણ તું ના સમજી શક્યો ? તેનું કારણ બીજું કશું જ નથી પરંતુ સીતાની સ્મૃતિ છે. '

'સીતાની સ્મૃતિ ?'

'હા એ સ્મૃતિ મારા મનમાંથી સહેજ પણ નથી ભૂંસાતી. આજે એ વધારે બળવાન બનીને મને સતાવી રહી છે. સીતા અત્યારે શું કરતી હશે ને ક્યાં હશે ?'

'એ ક્યાં હશે ને શું કરતી હશે એ તો કેવી રીતે કહી શકાય ? છતાં પણ એટલું તો અવશ્ય કહી શકું છું કે એ જ્યાં પણ હશે ત્યાં રહીને તમને યાદ તો કરતી જ હશે, એની મને ખાતરી છે.'

'એટલી ખાતરી તો મને પણ છે, પરંતુ એ સુખી હશે ખરી ?'

'એ સુખી હોય એવું તમે અવશ્ય ઈચ્છો, અને હું પણ એવી જ આશા રાખું છું, છતાં પણ એ સુખી હોય એવું મને નથી લાગતું.'

'કારણ ?'

'કારણ તમે સહેલાઈથી સમજી શકો છો, છતાં મને પૂછી રહ્યાં છો તો હું જ કહી બતાવું છું. સીતા પૃથ્વીના ગમે તે પ્રદેશમાં જાય તો પણ તમારા વિના સુખી થઈ શકે તેમ નથી. તેનું સુખ એકમાત્ર તમારામાં જ રહેલું છે. એ તમારાથી દૂર છે એટલે કેવી રીતે સુખી બની શકે ?'

રામનું અંતર આર્દ્ર બની ગયું.

એમની આંખમાંથી આંસુ ટપકવા માંડ્યા.

એમણે અત્યંત આર્ત સ્વરે કહેવા માંડ્યું: 'તારી વાત તદ્દન યથાર્થ છે, લક્ષ્મણ ! સીતાના હૃદયને તું સંપૂર્ણપણે સમજી શક્યો છે. એ મારા વિના ખૂબ જ શોકતુર, દીન અથવા દુઃખી હશે. એ અહર્નિશ મારું જ ચિંતન કરતી હશે. એને મારા વિના ક્યાંય પણ ચેન જ નહિ પડતું હોય. મને મળશે ત્યારે જ એ સુખી થશે. પરંતુ એ કોણ જાણે ક્યારે મળશે ?'

રામ નાના બાળકની પેઠે ભાવવિભોર બનીને રડવા લાગ્યા, એટલે લક્ષ્મણે પોતાની આંખના અશ્રુને રોકતાં સાંત્વનભર્યા સ્વરે કહેવા માંડ્યું: 'એ તમને જરૂર મળશે. આપણે એને ગમેતેમ કરીને શોધી કાઢીશું. '

'પરંતુ ત્યાં સુધી એ જીવતી રહી શકશે ખરી ?'

'જરૂર રહી શકશે.'

'એનો મારા પ્રત્યેનો પ્રેમ જોતાં મારા વિના એ લાંબા વખત લગી જીવતી ભાગ્યે જ રહી શકશે.'

'એ હકીકત સાચી છે છતાં પણ તમારા પુનર્મિલનની આશા અને તમારો પ્રેમભાવ એના જીવનને ટકાવી રાખશે. એ સંબંધી મને જરા પણ શંકા નથી.'

રામ શાંત થયા.

એમની આંખ આગળ સીતાની વિષાદમગ્ન, વિરહાકુલ, ખિન્ન આકૃતિ રમી રહી. થોડીક વાર લગી એ એના ધ્યાનમાં ડૂબી ગયા, પરંતુ પછી એમાંથી જાગીને બોલ્યા: 'સીતા આપણી સાથે હોત તો એનો પ્રાણ કેટલો બધો પુલકીત અથવા પ્રસન્ન થાત ? શબરીની સાથેના સુખદ સંભાષણથી તથા પંપા સરોવરના દર્શનથી એ અતિશય આનંદમગ્ન બની જાત. સરોવરના દર્શનથી એનો ઉલ્લાસ માતે નહીં અને કમળ પણ એને એટલા બધાં ગમતાં કે વાત નહિ. આ રંગબેરંગી પુષ્પોની વેણી એને કેટલી બધી આકર્ષક લાગત ? પરંતુ એ છે જ ક્યાં ? ચારે તરફ નજર નાખું છું છતાં પણ એ ક્યાંય દેખાતી જ નથી. વિધાતાએ એના રૂપમાં મારા જીવનના સર્વશ્રેષ્ઠ સૌભાગ્યને મારી પાસે મોકલી આપેલું. તે સૌભાગ્ય એનું હરણ કરાવીને લઈ લીધું. એનાથી મારું એ સર્વોત્તમ સૌભાગ્યસુખને વધારે વાર ના જોઈ શકાયું ! એને એ સુખની ઈર્ષા થઈ એમ લાગે છે, કે પછી સીતાની પ્રાપ્તિની પાછળનું મારું પુણ્યકર્મ જ કદાચ પૂરું થઈ ગયું. એમાં વિધાતાને શા માટે દોષ દઉં ?'

લક્ષ્મણે સંવેદન સાથે કહ્યું: 'તમારું પુણ્યકર્મ પૂરું નથી થયું, પરંતુ એ કર્મ અનંત હોવાથી હજુ બાકી છે. મને તો શ્રધ્ધા છે કે, સંસારની નાની કે મોટી કોઈએ શક્તિ તમને તથા સીતાને સદાને માટે છુટી પાડી

શકે તેમ નથી. આ તો કાળ તમારા બંનેના પવિત્ર અને પ્રખર પ્રાણની થોડી કસોટી કરી રહ્યો છે. એમાં પણ કાંઈ મંગલ હશે એ નક્કી છે. તમે બંને આ કપરી કસોટીમાંથી પાર ઉતરશો અને એકમેકને પાછા મળશો એમાં મને તો સહેજ પણ શંકા નથી લાગતી. સુવર્ણમૃગનો પ્રસંગ ના બન્યો હોત તો વિરહનો આ વખત કદાચ ના આવત !

'મારીચે સુવર્ણમૃગનું રૂપ લઈને મારી સાથે છેતરપીંડી કરી એ તો સાચું, પરંતુ દૈવયોગથી તું પણ સીતાને અરણ્યમાં એકલી મૂકીને મારી પાછળ આવતો રહ્યો. પરંતુ હવે એને માટે અફસોસ કરવાથી શું વળે ? જે થઈ ગયું છે એનો શોક નિરર્થક છે. એમાંથી આગળ રસ્તો કાઢીએ એ જ બરાબર છે. મન એ વાતને એ સારી પેઠે સમજે છે છતાં પણ સીતાની સુમધુર સ્મૃતિને નથી છોડતું. એ સ્મૃતિ સુધામય હોવા છતાં એને શોકિત ને સંતપ્ત કરે છે અને સ્નેહથી સંમિશ્રિત તેમજ સુકોમળ હોવા છતાં વેદના ધરે છે, એ આશ્ચર્ય નહિ તો બીજું શું છે ?'

લક્ષ્મણ મૂક રહ્યો.

રામના શબ્દો સાંભળતાં એ ઊંડા ભાવમાં ડૂબી ગયો. એને સીતાનું સ્મરણ તો થઈ જ રહેલું, પરંતુ સાથે સાથે અયોધ્યાનું સ્મરણ પણ થઈ આવ્યું.

એનું મન પંપા સરોવરના પ્રશાંત પ્રદેશનો પરિત્યાગ કરીને અયોધ્યાના રમણીય રાજપ્રાસાદમાં પહોંચી ગયું.

એ રાજપ્રસાદના એક એકાંત આકર્ષક ખંડમાં એક સુકલકડી શોકમગ્ના, સુકુમારી બેઠેલી.

ત્યાં જઈને એ અટકી ગયું ને બોલ્યું: 'અહો, આ તો ઊર્મિલા! '

'ઊર્મિલા, તું આનંદમાં તો છે ને ?' એણે પ્રશ્ન કર્યો.

'આનંદમાં ?' ઊર્મિલાએ જાણે કે ઉત્તર આપ્યો: 'મને આનંદ હોઈ શકે જ કેવી રીતે ? તમે અયોધ્યામાંથી વિદાય થયા છો ત્યારથી હું વેદનાના પાવકથી પ્રજ્વલિત બની રહી છું. તમારા વિના મને આનંદ, સુખ કે શાંતિ હોય જ કેવી રીતે ? એ સંબંધી શંકા હોય કે સંપૂર્ણપણે ના સમજાતું હોય તો રામને જ પૂછી જુઓ ને ! એમની જ અવસ્થા કેટલી બધી કરુણ છે ? પૃથ્વી પરના બધાં જ પ્રેમીજનોનું લગભગ એવું હોય છે. મિલન એમને માટે મહોત્સવરૂપ બને છે અને વિરહ મૃત્યુની અમંગલ આવૃત્તિરૂપ ઠરે છે. જ્યાં જોઈએ ત્યાં, લગભગ બધે, એ જ સનાતન સિદ્ધાંત કામ કરે છે.'

'એ વાત યથાર્થ લાગે છે, કારણ કે રામ પણ સીતાના વિરહથી શોકિત છે. એકલાં શોકિત નહીં પરંતુ શોકાતુર. સીતાના વિરહની વેદનાથી એ કેટલીક વાર તો અત્યંત અધીર અને વ્યગ્ર બની જાય છે.'

'અને તમે ? તમારી અવસ્થા કેવી છે ? તમારા પર મારા વિયોગની અસર જરા પણ નથી થઈ ?'

'ના કેમ થાય ? મારા પર તારા વિયોગની જરા પણ અસર નથી થઈ એવું તો કેવી રીતે કહી શકાય ? અસર થઈ છે. મારું હૃદય પણ રડે છે તો ખરું જ. પરંતુ એ રુદન સૂક્ષ્મ છે અને અંદરનું છે. બહારનું નથી. આપણા વિરહમાં અને રામ તથા સીતાના વિરહમાં ફેર છે. આપણે એકમેકની અનુમતિથી, સમજીને છૂટાં પડ્યાં છીએ અને એમને એકાએક, બળજબરીથી છૂટાં પડવામાં આવ્યાં છે. એમને તો એકએકને મળવાનો કે

એકમેકની અનુજ્ઞા લેવાનો સમય જ નથી મળ્યો. એટલે આપણે વિરહને વધાવી લીધો છે, શાંતિથી સહ્યો છે, અને એ એને વધાવી કે સહી નથી શક્યાં.'

'છતાં પણ વિરહ છે તો આશીર્વાદરૂપ જ.'

'એ તો મને પણ એવું જ લાગે છે. પરંતુ તું ખૂબ જ સુકાઈ ગઈ છે, ઊર્મિલા !'

'સૂકાઈ ના જાઉં તો શું જાડી થાઉં ? તમારાથી દૂર રહીને હૃષ્ટપુષ્ટ થાઉં ? સૂકાયા તો તમે પણ ક્યાં નથી ? તમારા મુખ પર પણ એટલો બધો આનંદ ક્યાં દેખાય છે ?'

'એ તો વિયોગ ઈચ્છાપૂર્વકનો હોય કે અનિચ્છાપૂર્વકનો, પરંતુ પોતાનો પ્રભાવ તો પાડે જ. વધુમાં રામ મારા જીવન અથવા પ્રાણ જેવા છે, એટલે એમના વિષાદની અસરથી મારાથી તદ્દન મુક્ત કેવી રીતે રહી શકાય ?'

લક્ષ્મણની આંખ ભરાઈ ગઈ. એમાંથી ત્રણચાર અશ્રુબિંદુ ટપકી પડ્યા.

ઊર્મિલાની અવસ્થા પણ અતિશય કરુણ બની ગઈ.

એ લક્ષ્મણને સાંત્વન આપવા લાગી.

એ જ વખતે રામનો શાંત છતાં વેદનામિશ્રિત સ્વર સંભળાયો: 'લક્ષ્મણ, મને અત્યારે એકાએક ઊર્મિલાનું સ્મરણ થઈ આવે છે.'

'ઊર્મિલાનું ?' લક્ષ્મણે ચમકીને પૂછ્યું.

એનું મન અયોધ્યાના રમણીય રાજપ્રસાદનો પરિત્યાગ કરીને પાછું પંપા સરોવરના શાંત સુંદર વાતાવરણમાં આવી પહોંચ્યું.

અયોધ્યા અને પંપા સરોવરના પાવન પ્રદેશ વચ્ચે હજારો માઈલોનું અંતર હતું, પરંતુ મનને એ અંતર કાપતા કેટલી વાર લાગે ? સૂર્યના કોમળ કિરણને સૂર્યમંડળ છોડીને પૃથ્વી પર આવતાં જેટલી વાર લાગે એથી પણ ઓછી વાર.

લક્ષ્મણે સ્વસ્થ થઈને ફરી પૂછ્યું: 'ઊર્મિલાનું સ્મરણ થાય છે કે સીતાનું ?'

'સીતાનું સ્મરણ તો થાય છે જ.' રામે સ્પષ્ટીકરણ કર્યું: 'એનું સ્મરણ તો સતત થયા કરે છે. છાયા જેમ શરીરને છોડીને જાય નહિ તેમ એ મારો ત્યાગ નથી કરતું. પરંતુ એની સાથેસાથે આજે મને એકાએક ઊર્મિલાનું સ્મરણ થઈ રહ્યું છે.'

'કારણ ?'

'મને ઊર્મિલાનું સ્મરણ થાય છે તે તને કદાચ આશ્ચર્યકારક લાગશે, પરંતુ એમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. ઊર્મિલાનું સ્મરણ મારી અત્યારની મનોદશા સાથે સુસંગત છે. તને કદાચ એવું થશે કે સીતાના વિયોગથી વ્યથિત થયેલા મારા મનમાં એકાએક ઊર્મિલાનું સ્મરણ કેવી રીતે થઈ આવ્યું, પણ એનું સ્મરણ શા માટે ના થાય ? હું સીતાના વિરહથી વ્યથિત છું તો ઊર્મિલા તારા વિરહથી વ્યથિત હશે. મને સીતાને માટે આટલી બધી વેદના થાય છે તો ઊર્મિલાને તારા વિરહની કેવી વ્યથા થતી હશે ? એને તારો વિરહ કેટલો સાલતો હશે ? એનો તારે માટેનો પ્રેમ જરા પણ ઓછો નથી, અને વધુમાં એ તો સુકુમારી છે. એનું અંતર એના નામ પ્રમાણે અત્યંત ઊર્મિમય તેમ જ કોમળ છે. એ એના દિવસો કેવી રીતે પસાર કરતી હશે ?

સીતાના વિયોગને હજુ તો થોડા દિવસો થયા છે છતાં પણ મારું અંતર આટલું બધું અસ્વસ્થ છે તો પછી આટલા બધા લાંબા વખતથી તારા વિયોગનો અનુભવ કરનારી ઊર્મિલા પોતાનો સમય કેવી રીતે પસાર કરતી હશે ? એને કેવી લાગણી થતી હશે ?'

લક્ષ્મણનું મન પાછું ઊર્મિલા પાસે પહોંચી ગયું.

શુભ્રવસના, ગૌરવદના ઊર્મિલાની આકર્ષક આકૃતિ એની આંખ આગળ આવીને રમવા લાગી.

'લાગણી તો થાય જ ને?' એણે કહ્યું: 'માણસ તદ્દન જડ હોય કે પછી પરમહંસ હોય તો લાગણીનો અનુભવ ના કરે, બાકી બીજા બધાને લાગણી થાય જ. હા, પ્રમાણ ઓછુંવત્તું હોઈ શકે ખરું.'

'તદ્દન જડ હોય તેને લાગણી ના થાય પણ પરમહંસ કાંઈ લાગણીથી રહિત ના હોય. એને લાગણી જરૂર થાય, પરંતુ એ લાગણીને વશ કે લાગણીથી વિવશ ના થાય પણ લાગણી પર એનો અંકુશ હોય એટલું જ.'

'ઊર્મિલાને બીજા બધાની જેમ હૃદય તો છે જ, લાગણી પણ છે, પરંતુ એનું હૃદય પરમહંસ જેવું હોવાથી એને એ પહેલેથી જ કાબૂમાં રાખીને પોતાના વ્યક્તિગત સુખનું સમજપૂર્વક સમર્પણ કરી શકી છે. એ સમર્પણ એને સાલ્યું નથી, અને એના સ્વભાવમાં એવું ભળી ગયું છે કે પોતે કોઈ સમર્પણ કર્યું છે, એવું પણ એને નથી લાગ્યું.'

'સાચું છે.' રામ બોલી ઉઠ્યા: 'એ દૃષ્ટિએ જોતાં ઊર્મિલાની યોગ્યતા ઘણી જ ઊંચી. મારા તથા સીતાના ત્યાગ કરતાં એનો ત્યાગ જરા પણ ઉતરતો નથી લાગતો, બલ્કે ચઢિયાતો લાગે છે એવું કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી થતી. તને પણ એટલો જ ધન્યવાદ ઘટે છે, લક્ષ્મણ! સીતા વિનાનું જીવન મને એકદમ અકારું લાગે છે અને સીતા વિનાની ક્ષણ યુગ જેવી લાંબી અને આપત્તિજનક ભાસે છે, પરંતુ તું પણ ઊર્મિલાથી દૂર છે તો પણ કેવો સ્વસ્થ, શાંત અને પ્રસન્ન રહી શકે છે ? સીતાના હરણ પછી કોણ જાણે કેમ પણ મને તારે તથા ઊર્મિલાને માટે વિશેષ સહાનુભૂતિ થઈ આવે છે.'

લક્ષ્મણે કહ્યું: 'તમારી સહાનુભૂતિ માટે તમારો ઋણી છું. બાકી સીતાના હરણ પછી તેને માટે તમારા પ્રાણમાંથી જે પ્રેમપ્રવાહ પ્રકટી નીકળ્યો છે તે જોઈને મારું હૃદય સ્તબ્ધ થઈ જાય છે. એ પ્રેમની હું કદર કરું છું, અને એને માટે સહાનુભૂતિ ધરું છું. '

* * * * *

## ૪૪. હનુમાનનો મેળાપ

પંપા સરોવરથી આગળ વધતી વખતે રામે લક્ષ્મણને ઉદ્દેશીને એક વાર ફરી કહ્યું: 'સીતા વિના મારું હૃદય અત્યંત વ્યાકુળ થઈ જાય છે. લક્ષ્મણ! કોણ જોણે એ ક્યારે મળશે અને મારા અંતરને ક્યારે શાંતિ ધરશે ? આ કુદરતને ખોળે ખેલનારાં પંખીના કર્ણમધુર કલરવ કેટલા બધાં મીઠા લાગે છે ? એમને સાંભળીને આગળ વધવાનું મન જ નથી થતું. કાન ધરાતા નથી ને પ્રાણને પણ તૃપ્તિ નથી થતી. આ મૃગનાં ટોળાં આપણી ખબર પૂછવા આવતા હોય તેમ આપણી પાસે આવીને ઊભાં રહે છે અને એમનાં ચંચળ નેહભર્યા નેત્રોને આપણાં નેત્રોમાં સ્થિર કરે છે ! આવાં મૃગોને નિહાળીને સીતાને કેટલો બધો પ્રેમ થતો?'

લક્ષ્મણ બોલ્યો: 'પંચવટી તથા ચિત્રકૂટના આપણા એકાંત આશ્રમની આજુબાજુ પણ કેટલાય મૃગ ફરતાં રહેતા. સીતાનું અંતર એમને જોઈને અતિશય આનંદમગ્ન બની જતું. કોઈવાર મૃગ ભાવવિભોર બનીને એની પાસે આવીને એના શરીરને સૂંઘતાં ત્યારે એમના નિર્દોષ નેત્રોમાં નેત્રો મિલાવીને એ એમના શરીરે હાથ ફેરવતી. એ વખતનું દૃશ્ય ખૂબ જ અદ્દભૂત અને હૃદયંગમ લાગતું. '

'આ ચક્રવાક, હંસ તથા સારસ પક્ષીઓને આશ્રમમાં પાળવા માટે એ જરૂર આગ્રહ કરત, અને આ ઘટાદાર વૃક્ષોની પંક્તિ નીચે બેસીને થોડોક વખત વિશ્રામ કરત. પ્રકૃતિ એને કેટલી બધી પ્રિય લાગતી ? એ પોતે પ્રકૃતિમાંથી જ પ્રકટ થયેલી હોવાથી, પ્રકૃતિપ્રેમના ઉચ્ચ, સુદૃઢ સંસ્કારોને સાથે લઈને જ આવેલી. હવે તો એ મળે ત્યારે ખરી. એટલો વખત જેમતેમ કરીને ધીરજ રાખવી રહી.'

એવા અનેકવિધ ઉદ્દગારો કાઢતા રામ ને લક્ષ્મણે અરણ્યમાંથી આગળ વધતાં કુદરતની શોભાનું નિરીક્ષણ કરવા માંડ્યું.

વનમાં એક જ કેડી હતી અને એ પણ અસ્પષ્ટ જેવી.

એને જોઈને રામ બોલ્યા: 'લક્ષ્મણ, આ કેડી જોઈ ? એ કેટલી બધી અસ્પષ્ટ છે ? એની આજુબાજુ ઘાસ ઉગેલું છે. સત્યનો માર્ગ કઠિન છે છતાં પણ સમજુ પુરુષો એ પથનો પરિત્યાગ નથી કરતાં. '

'એ માર્ગ અતિશય નાજુક હોવાથી ખૂબ જ સંભાળપૂર્વક પાર કરવો પડે છે.' લક્ષ્મણે એના અનુસંધાનમાં કહ્યું: 'શ્રુતિએ એને અસ્ત્રાથી તિક્ષ્ણ ધારની સાથે સરખાવ્યો છે. એ એવો જ સુતીક્ષ્ણ તથા જટિલ છે. '

થોડાક સમય સુધી શાંત રહીને રામ કહેવા માંડ્યા: 'લક્ષ્મણ ! કુદરતની શોભા કેટલી બધી અનેરી લાગે છે ? આ ભ્રમરો પુષ્પોના રસનું પાન કરતાં એમની પ્રેમભીની પાંખડી પર રાસ રમે છે. એમના ગુંજારવ કેટલા બધા મોહક લાગે છે. એ કોઈક અલૌકિક સ્વર્ગીય સંગીતનું સ્મરણ કરાવે છે. આ પવનની લલિત લહેરીઓ ઉન્માદથી ઉભરાઈને આપણને તાજગી આપવાનો પ્રયાસ કરતી ગતિ કરી રહી છે. વનમાં વિહાર કરતાં આ હાથી ને હાથણીનાં જોડાં એકમેકના સહવાસમાં સ્વર્ગસુખનો અનુભવ કરી રહ્યાં છીએ. એમને કોઈ જાતની ચિંતા કે વેદના નથી દેખાતી.'

આગળ જતાં અરણ્યમાં એક બીજું દૃશ્ય દેખાયું. તેને લક્ષ્ય કરીને લક્ષ્મણે કહ્યું: 'વનમાં વિહરનારો પેલો સિંહ તો જુઓ ! એ સિંહણ સાથે શાંતિપૂર્વક બેસીને જાણે કે વાતો કરી રહ્યો છો. '

'એ વાતો નથી કરતો પરંતુ સ્નેહના સનાતન સુખમય સંદેશા આપી રહ્યો છે. એનાં બચ્ચાં એની આજુબાજુ રમત રમે છે. '

'આપણને જોઈને એ સહેજ પણ અશાંત નથી બનતો. એને આપણી હાજરીની માહિતી જ ના હોય એવી રીતે એ પોતાની સ્નેહમયી દુનિયામાં મગ્ન બન્યો છે. હિંસાનો સ્વભાવ જ જાણે એણે છોડી દીધો છે!'

લીલાંછમ વૃક્ષોની ડાળ પર બેઠેલાં આ પંખી કેટલાં બધાં પ્રસન્ન લાગે છે ? એ એકદમ નિશ્ચિંત બનીને ચાંચમાં ચાંચ મેળવીને આનંદ કરે છે. પાણીના પ્રવાહો કોઈક વિશાળ જળપ્રવાહમાં સમાવા માટે આતુર બનીને દોડી રહ્યા છે, અને સ્નેહથી છલકાતી સરિતાઓ સર્વ પ્રકારનો સંકોચ છોડી દઈને સાગરની સોડમાં સુખાનુભવ કરવા ગતિ કરે છે. '

એટલામાં આકાશમાં વાદળ છવાઈ ગયા.

એ દેખીને લક્ષ્મણ બોલ્યો: 'અંધકાર જાણે પ્રકાશનું હરણ કરવા આવ્યો હોય એવું લાગે છે !'

'તારી કલ્પના ખરેખર સુંદર છે, લક્ષ્મણ! જો આ વાદળ ગડગડી ઊઠ્યાં, ચપલા ચમકવા માંડી, અને પવનની ઠંડી લહરી બધે ફરી વળી. '

'થોડાક છાંટા પડવા લાગ્યા.'

'એ છાંટા નથી પણ સ્નેહનાં બિંદુ છે. આકાશે એમના રૂપમાં પોતાનો પ્રેમ દાખવ્યો ને ધરતી એ પ્રેમનું પાન કરીને ધન્ય થઈ. એ ધન્યતાને પ્રકટ કરતાં એના આત્મામાંથી આ કેવી સરસ સુગંધ નીકળી ! મૂંગા તત્વો પણ એવી રીતે સ્નેહના સૂત્રે બંધાયેલા છે તો પછી મનુષ્યોનું તો કહેવું જ શું ? પરસ્પર કરાતા પ્રેમભાવથી એ તો પ્રભાવિત થાય જ એમાં શી નવાઈ ? સ્નેહનું સામ્રાજ્ય સંસારમાં સર્વત્ર છવાયેલું છે. આ હરણ અને હરિણી પણ મદનના વેગથી હણાઈને એકમેકનો સાથ છોડવા નથી માંગતાં. સ્નેહની સૌરભથી ભરેલા આવા વાતાવરણમાં મારું મન એકલું રહેવા નથી માગતું. આવા વાતાવરણમાં કોનું મન ચલાયમાન ના થાય ? તારા મનમાં આ વાતાવરણને વિલોકીને કેવા ભાવો પેદા થાય છે ? તારું મન શાંત રહી શકે છે ?'

લક્ષ્મણે જરાક વિચાર કરીને પૂછ્યું: 'તમે મારા મનને સારી પેઠે જાણો છો છતાં પણ મારી પરીક્ષા લેવા માંગો છો કે શું ?'

રામે સ્મિત કરતાં કહ્યું: 'મારે તારી પરીક્ષા શા માટે લેવી પડે ? હું તો તારા મનભાવોને જાણવા માટે જ પૂછી રહ્યો છું.'

'વનના આવા મદનની અસરવાળા વિલાસી વાતાવરણને જોઈને મારા મનમાં બીજો કયો ભાવ પેદા થવાનો હતો ? મદન બધાને મહાત કરે છે એ સાચું, પરંતુ જે જાગ્રત છે તથા જીવનના જટિલ પથ પર પ્રવાસ કરતાં પ્રત્યેક પગલે સાવધાન છે, તેને કશું જ નથી કરી શકતો. આપણાં માતાપિતા એવાં જ જાગ્રત, સાવધાન અને સંયમી હતા. એટલે આપણે માટે પણ સંયમ અને પવિત્રતા સહજ છે. તમારો અને સીતાનો આદર્શ વિશુદ્ધ જીવનવ્યવહાર હંમેશા મારી નજર આગળ રહે છે ને મને પ્રરણા પાયા કરે છે. એ ઉપરાંત,

ઊર્મિલાની સંયમ, સ્નેહ, સમર્પણભાવ તથા તપશ્ચર્યાના સાકાર સ્વરૂપ જેવી આકૃતિ પણ મારી આંખ આગળથી નથી હઠતી. એ મારા જીવનની જ્યોતિ બનીને મારા પથને, મનને, વિચારને ને ભાવને અજવાળી રહી છે. મારું મન એના પવિત્ર પ્રેમના આધારે ટકી રહ્યું છે અને એનો મહાન ત્યાગ જોઈને વિકારરહિત તેમજ નિર્વાસનિક બન્યું છે. એટલે એને માટે ચલાયમાન થવાનો સંભવ જ નથી દેખાતો.'

લક્ષ્મણના શબ્દો સાંભળીને રામ પ્રસન્ન થઈને બોલી ઊઠ્યા: 'લક્ષ્મણ, તને તારા ઉત્તમ ભાવો ને વિચારોને માટે ધન્યવાદ ઘટે છે. તારા ભાવોને વાચા આપવાની ઈચ્છાથી જ મેં તને પ્રશ્ન પૂછેલો. તારો ઉત્તર અત્યંત સંતોષકારક છે. રઘુકુળમાં પ્રકટેલા પ્રતાપી પુરુષોમાં તારું નામ પ્રથમ પંક્તિમાં આવે એવું છે. ઊર્મિલાની પેઠે તું પણ પવિત્ર પ્રેમની મૂર્તિરૂપ છે એટલે તારું મન પણ તેવા વાતાવરણને વિલોકીને વિચલિત કેવી રીતે થઈ શકે ? મારું મન પણ જનકનંદિની સીતાને છોડીને બીજે ક્યાંય નથી જતું. એ બીજા કોઈનામાં લાગતું જ નથી. સીતાના સ્નેહનું, ત્યાગનું અને સીતાની પવિત્રતાનું સ્મરણ એને સહજ રીતે થયા કરે છે. એના આધારથી જ એ ટકે છે એમ કહું તો ચાલે. એટલે અને એને માટે વિપથગામી થવાનો સંભવ જરા પણ નથી રહેતો. પરંતુ લક્ષ્મણ, સ્નેહની મધુમયી મૂર્તિ જેવી એ સીતા આજે તો મારાથી દૂર જતી રહી છે. એના સુધામય સ્વરૂપને અવલોકવાનો અવસર કોણ જાણે ક્યારે મળશે ?'

એટલું કહેતાં તો રામનું હૃદય ભરાઈ આવ્યું. એ માર્ગની વચ્ચે જ ઊભા રહ્યા.

એ વખતે આકાશ સ્વચ્છ થઈ ગયું, ને સૂર્યનાં સોનેરી કિરણો પાછાં પૂર્વવત્ પ્રકાશ લઈને ચારે તરફ ફરી વળ્યાં.

એ જોઈને લક્ષ્મણ બોલ્યો: 'આકાશ વળી પાછું નિરભ્ર બની ગયું. એના ગડગડાટ શમી ગયા. વીજળીના ચમકારા શાંત થયા, ને વરસાદનાં બિંદુ પણ બંધ પડ્યાં. અંધકારને બદલે બધે પ્રકાશ થયો. એવી રીતે આપણા જીવનરૂપી આકાશમાં છવાયેલો અંધકાર પણ દૂર થશે અને એમાં વળી પાછો પ્રકાશ પથરાશે. સીતા તમને જરૂર મળશે, અને એના મિલનને લીધે તમારા જીવનમાં નવી દીપ્તિ અને નવી શાંતિ છવાઈ જશે. પ્રકૃતિનું આજનું આ પરિવર્તન એનો સંકેત કરે છે. મારું હૃદય મને કદી ખોટું નથી કહેતું. એ એવું જ કહ્યા કરે છે.'

લાંબા વખત લગી ચાલીને કેટલોય પંથ કાપ્યા પછી બોલ્યા: 'આપણે હવે ઋષ્યમૂક પર્વતની પંક્તિ પાસે આવી પહોંચ્યા છીએ. શબરીએ વર્ણવેલો એ પર્વત આ રહ્યો. એ પર્વત પર રહેતા સુગ્રીવનો આપણને સમાગમ થશે.'

લક્ષ્મણે થોડેક દૂર દેખાતી કોઈક વ્યક્તિને લક્ષ્ય કરીને કહ્યું: 'સુગ્રીવ આ સામે આવે છે એ તો નહિ ? આપણી સામે આવનાર પુરુષ પોતાની ચાલવાની ઢબ અને છટા પરથી એના જેવો જ પ્રતાપી ને વીર લાગે છે.'

'એ સુગ્રીવ નથી પરંતુ કોઈ બીજો, એનો સેવક લાગે છે. સુગ્રીવ તો શબરીના કથનાનુસાર પર્વત પરથી બનતાં લગી નીચે જ નથી ઊતરતો.

એટલામાં તો એ આગંતુકે આવીને રામ અને લક્ષ્મણને પ્રણામ કર્યા.

રામ તથા લક્ષ્મણે એનો શાંતિ તેમજ સ્મિતપૂર્વક સ્વીકાર કર્યો, એટલે એણે પૂછયું: 'તપસ્વીઓના વેશમાં આ વનમાં વિહાર કરનારા તમે કોણ છો તે કહી શકશો ? તમારી સુંદરતા તથા કાંતિ જોઈને મારું અંતર તમારો પરિચય કરવા માટે અધીરું બન્યું છે. તમે બંને વનમાં છૂપા વેશે ફરનારા સ્વર્ગવાસી દેવતા, યક્ષ, ગંધર્વ અથવા અશ્વિનીકુમાર તો નથી ? કે પછી તપશ્ચર્યા દ્વારા સિદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચેલા કોઈ આપ્તકામ યોગી છો ? તમારી મુખાકૃતિ તથા કમનીય કાયા પરથી તો તમે કોઈક રાજકુમારો હશો એવું અનુમાન થાય છે. વનના વિહાર પાછળનું તમારું પ્રયોજન તથા તમારું નામઠામ કહી શકશો ? તમારું સ્વરૂપ એટલું બધું આકર્ષક, આહ્લાદક અને સુંદર છે કે મન એને જોઈને સ્થિર થઈ જાય છે, એક પ્રકારના ઊંડા સમાધિસુખમાં ડૂબી જાય છે. '

રામે પોતાનો પરિચય આપતા કહ્યું: 'અમે કોઈ યક્ષ, ગંધર્વ, દેવતા કે અશ્વિનીકુમાર નથી. તપ દ્વારા સિદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચેલા આપ્તકામ યોગી પણ નથી, પરંતુ રાજકુમારો છીએ ને ભાઈઓ છીએ.'

'રાજકુમારો ?'

'હા, રાજકુમારો.'

'તો પછી તપસ્વીઓના આવા સાદા વેશમાં શા માટે ફરી રહ્યા છો અને તમે કયા રાજાના પુત્રો છો ? રાજ્યનો ત્યાગ કરીને તમે વનમાં શા માટે આવ્યા ?'

રામે પોતાના વનવાસનું કારણ કહી બતાવ્યું, કૈકયીના વરદાનની તથા બીજી વાતોની કથા સંક્ષેપમાં કહી બતાવી, અને ઉપસંહાર કરતાં કહ્યું: 'આ બધી હકીકત પરથી સમજાઈ ગયું હશે કે, અમે અયોધ્યાના રાજા દશરથના પુત્રો છીએ. અમારું નામ રામ અને લક્ષ્મણ છે. '

'રામ અને લક્ષ્મણ ?'

'હા. મારું નામ રામ છે ને મારા આ ભાઈનું નામ લક્ષ્મણ. સીતાની શોધ કરવાના ઉદ્દેશથી અમે વનમાં ફરી રહ્યા છીએ. પંચવટીથી આટલે દૂર આવી પહોંચ્યા પરંતુ ક્યાંય પણ એનો પત્તો નથી લાગતો. અમારી વિગત અમે કોઈપણ પ્રકારના ભેદભાવ કે સંકોચ વિના કહી બતાવી. હવે તમારા વિશે થોડી ઘણી માહિતી આપી શકશો ખરા? તમારા સ્વરૂપ પરથી એટલી કલ્પના તો કરી શકાય છે કે, તમે કોઈ સાધારણ વ્યક્તિ તો નથી જ. તમારા વેશ પરથી તમે બ્રાહ્મણ દેખાવ છો, તથા મહાન જ્ઞાની, મેધાવી, વેદપાઠી તથા પરાક્રમી લાગો છો. તમારો હાવભાવ ને વિનય ઉત્તમ સંસ્કારસંપન્ન, સુસંસ્કૃત કુળના પ્રતિષ્ઠિત પુરુષને છાજે તેવો છે. '

રામના શબ્દો સાંભળીને હનુમાને શાંત તથા પ્રસન્ન સ્વરે કહેવા માંડ્યું: 'પરિચય તો તમારા જેવા પરમ પ્રતાપી, ધર્મપરાયણ, મહાપુરુષોનો જ હોઈ શકે. મારા જેવા સામાન્ય પુરુષનો વળી પરિચય કેવો ? તમારા વિશુદ્ધ અને વિશાળ વ્યક્તિત્વની આગળ મારી કે કોઈની પણ શી વિસાત હોઈ શકે ? તમે તો સૂર્ય તથા ચંદ્ર છો અને અમે સૌ તારા જેવા છીએ. તમે પ્રદીપ પાવક જેવા અને અમે એના સ્કુલ્લિંગ સમા. તમે ફોરમવંતી ફૂલવાડી જેવા અને અમે છૂટા પડેલા ફૂલની એકાદ પાંખડી જેવા. છતાં પણ તમારા સંતોષ માટે મારે મારો પરિચય આપવો જોઈએ. મારું નામ હનુમાન છે. હું સામેના ઋષ્યમૂક પર્વત પરની ગુફામાં રહેતા સુગ્રીવનો સેવક છું અને સુગ્રીવની સેવામાં સદા તત્પર રહું છું.'

'તમે સુગ્રીવના સેવક છો ?'

'હા. હું વાનરશ્રેષ્ઠ સુગ્રીવનો સખા તથા સેવક છું. સુગ્રીવને મારા પર ખૂબ જ વિશ્વાસ તથા સ્નેહ છે.'

રામે પ્રસન્ન સ્વરે કહેવા માંડ્યું: 'તો તો વિધાતાની અમારા પર કૃપા છે અને આજે એ અમને અનુકુળ છે એમ જ કહેવું જોઈએ. અમે સુગ્રીવને મળવા માંગીએ છીએ; ઋષ્યમૂક પર્વત તરફ આવવાનો અમારો એક આશય એ પણ હતો.'

'પરંતુ તમે સુગ્રીવ વિશે પહેલેથી જાણ્યું કેવી રીતે ? એમની માહિતી તમને કોણે પૂરી પાડી ?' હનુમાને સાશંક બનીને પૂછી નાંખ્યું.

'સુગ્રીવનો પરિચય અમને તપસ્વિની શબરીએ આપ્યો. પંપા સરોવર પરના એના આશ્રમમાં અમે એના અતિથિ બનેલા. સુગ્રીવ સાથે મિત્રતા કરવાની ભલામણ પણ અમને એણે જ કરેલી.'

શબરીનું નામ સાંભળીને હનુમાનની શંકા શમી ગઈ. એ આનંદથી ઉભરાઈને બોલી ઊઠ્યા: 'તપસ્વિની શબરીના દર્શન તથા સમાગમનો લાભ હું અવારનવાર મેળવ્યા કરું છું. એવી સિદ્ધાવસ્થાએ પહોંચેલી પવિત્ર, પરમાત્માપરાયણ તપસ્વિની આ પ્રદેશમાં બીજી કોઈ જ નથી. સદ્દગુરુની સેવા કરવાથી જે કૃપાની પ્રાપ્તિ થાય છે, શાંતિ મળે છે, એ અદ્દભુત હોય છે. એનું દર્શન કોઈક ભાગ્યશાળી જીવોને જ થઈ શકે છે. પંપા સરોવરનો પ્રદેશ પણ અતિશય અલૌકિક, આહ્લાદક અને આધ્યાત્મિક પરમાણુઓથી ભરપૂર છે. મારા મનમાં એ પ્રદેશના દર્શનની ઈચ્છા ઉત્પન્ન થઈ છે. '

'પરંતુ શબરીના દર્શનનો લાભ તમને નહિ મળી શકે. એનું શરીર શાંત થયું છે.'

'શાંત થયું ? ક્યારે ?'

'હમણાં જ, અમારી ઉપસ્થિતિમાં જ.'

'કેવી રીતે ?'

રામે શબરીના દેહત્યાગની કથા કહી બતાવી, એટલે હનુમાને કહ્યું: 'શબરીના દેહત્યાગની હકીકત ખરેખર દુઃખદ છે. આ પ્રદેશની એક સર્વોત્તમ તપસ્વિની અથવા યોગિનીની વિદાયથી આખોય પ્રદેશ રંક બની ગયો. પરંતુ મને તો આ હકીકત સાંભળીને લાભ જ થયો. તમે પરમાત્મરૂપ છો એમાં શંકા નહિ. શબરીને એના સમર્થ ગુરુ મતંગ મુનિએ કહેલું કે, પરમાત્માના મહાન પ્રતિનિધિ બનીને એક રાજકુમાર તારા અતિથિ થશે, અને એમની સંનિધિમાં યોગની અસાધારણ શક્તિથી શરીરનો ત્યાગ કરીને તું પરમ ગતિને પ્રાપ્ત કરીશ. એ પુરુષ જીવ સ્વરૂપ નહીં હોય પરંતુ શિવસ્વરૂપ હશે. એમને ઓળખીને એમનો સારી પેઠે સત્કાર કરજે. એથી તને શાંતિ મળશે ને મોટો લાભ થશે.

મતંગ મુનિની ભવિષ્યવાણી સાચી પડી એથી શબરીનો તો લાભ થયો જ, પરંતુ મને પણ મોટો લાભ થયો. હું તમારા વાસ્તવિક સ્વરૂપને સમજી શક્યો. તમારી કૃપા વિના તમને વધારે અથવા ઓછા પ્રમાણમાં ઓળખવાનું અશક્ય છે. તમારી એ કૃપા મારા પર થઈ માટે તો પર્વતના આ પરિચિત પ્રદેશમાં મને તમારા દર્શનનો સૌથી પહેલો લાભ મળી શક્યો. મારા તમને ફરીવાર અને વારંવાર પ્રણામ છે !'

એમ કહીને હનુમાને ભાવવિભોર બનીને અને ગદ્દગદ્દ થઈને રામ તથા લક્ષ્મણને ફરીવાર પ્રણામ કર્યા.

રામ અને લક્ષ્મણ હનુમાનના ભક્તિભાવને નિહાળને મુગ્ધ થયા ને ચકિત બન્યા.

રામે કહ્યું: 'હનુમાન, આપણો આ મેળાપ આપણા જીવનમાં કાયમને કાજે જડાઈ જશે, તથા સીમાચિન્હ સમો બની રહેશે. તમારા જેવા પ્રતાપી, સુયોગ્ય, પ્રાજ્ઞ પુરુષને મળીને મારા શોકસંતપ્ત અંતરને શાંતિ મળી છે અને મને આનંદ થયો છે. તમારા શરીરમાં રહેનારો આત્મા સાધારણ નથી પણ અસાધારણ છે એની મને ખાતરી થઈ. તમે મને સ્નેહવશ થઈને શિવસ્વરૂપ કહી બતાવ્યો, પરંતુ તમે પોતે પણ મન, વચન ને કર્મથી મંગલમય છો એમાં શંકા નથી. સુગ્રીવનો સમાગમ તો જ્યારે થશે ત્યારે ખરો, પરંતુ તમને મળીને સુગ્રીવને મળ્યા જેટલો જ આનંદ થયો અથવા સંતોષ વળ્યો.

લક્ષ્મણે પણ રામના સૂરમાં સૂર પૂરાવતાં કહ્યું: 'તમારા જેવા સંસ્કારસંપન્ન સુયોગ્ય સત્પુરુષ આ પર્વતીય પ્રદેશમાં વાસ કરે છે એ આ પ્રદેશનું જેવું તેવું સૌભાગ્ય નથી લાગતું. તમારા જેવા સત્પુરુષનો પરિચય અમારા જીવનમાં આ પહેલો જ છે, અને પહેલા પરિચયે જ તમે અમારા મનને હરી લીધું છે. આપણો સ્નેહસંબંધ સદાને માટે પ્રસ્થાપિત થઈ ચૂક્યો એમ માનવામાં કોઈપણ જાતની હરકત નથી લાગતી.'

હનુમાને બે હાથ જોડીને કહ્યું: 'તમારા બંનેના મારે માટેના પ્રેમપૂર્ણ ઉદ્‌ગારોને માટે મારી જાતને કૃતાર્થ માનું છું. મારામાં કોઈયે પ્રકારની વિશેષ યોગ્યતાનો અભાવ હોવા છતાં તમે મને તમારો ગણીને પ્રશંસાને પાત્ર માન્યો તે તમારી પોતાની મહાનતા છે. શ્રેષ્ઠ પુરુષો બીજાને પણ શ્રેષ્ઠતા પ્રદાન કરે છે. બીજાના રજ જેટલા ગુણને પણ મેરુ જેટલા મોટા ગણે છે. એમના સંપર્કમાં આવવાથી બીજાને પણ શ્રેષ્ઠતા તથા સન્માનતા મળે છે. બાકી મારામાં કોઈયે જાતનો અધિકાર નથી દેખાતો.'

એટલું બોલતાં તો હનુમાન ભાવવિભોર બની ગયા.

થોડાક વખત લગી એ રામના સુંદર સુધામય સ્વરૂપને અત્યંત નેહપૂર્વક નિહાળી રહ્યા અને બોલ્યા :

'મને આજથી સદા તમારો જ સમજી લેજો. સુગ્રીવની પેઠે હું તમને પણ મારા સ્વામી માનીશ ને તમારો સેવક બનીશ. તમને સહાય કરવા મારાથી બનતું બધું જ કરી છૂટીશ. તમને મળીને મને એટલો બધો આનંદ થાય છે કે એનું વર્ણન મારાથી નથી કરી શકાતું. એની આવશ્યકતાયે નથી લાગતી. એમ લાગે છે, કે જાણે પહેલેથી હું તમારો જ હતો, તમારી સાથે હતો, વચ્ચે કોઈ કારણે છૂટો પડી ગયેલો, અને આજે મળીને પાછો તમારો બની ગયો ! આ આનંદના સરખામણી બીજા કોઈયે આનંદ સાથે નથી કરી શકાતી. તમે મારો સ્વીકાર કરશો એવો વિશ્વાસ રાખું છું.

હું તમને સુગ્રીવનો મેળાપ કરાવી આપીશ. એ પણ તમને મળીને પ્રસન્ન થશે ને તમને મદદદરૂપ થવા બનતું બધું જ કરી છૂટશે. સુગ્રીવને પણ તમારા જેવા સખાની આવશ્યકતા છે. એ તમારું સ્નેહપૂર્વક સ્વાગત કરશે. મને એમણે જ તમારું સ્વાગત કરવા મોકલ્યો છે એમ માની લેજો. એમના તરફથી આ પ્રદેશમાં તમારું સ્વાગત કરું છું. તમે મારી સાથે પ્રસન્નતાપૂર્વક, વિના સંકોચ ચાલ્યા આવો. હું તમને પર્વત પરની ગુફામાં લઈ જઈશ.'

* * * * *

## ૪૫. સીતાનાં સ્મૃતિચિન્હો

ઋષ્યમૂક પર્વત પર હનુમાનની પાછળ પાછળ ચઢી રહેલા રામે લક્ષ્મણને કહ્યું: 'ઋષ્યમૂક પર્વત કેટલો બધો રળિયામણો લાગે છે ! ભાતભાતનાં વૃક્ષો તથા ફૂલો તેમજ લતાઓ અને છોડોને લીધે લીલોછમ લાગતો આ પર્વત આંખ અને અંતર બંનેને આનંદ આપે છે. આ પાતળી પગદંડી પરથી આપણે જેમ જેમ આગળ વધીએ છીએ તેમ તેમ પંખીઓ પોતાના સુમધુર સ્વરથી આપણું સ્વાગત કરે છે.'

હનુમાને કહ્યું: 'તમારા દૈવી દર્શનથી એમના અંતરમાં ઉલ્લાસ છવાઈ જાય છે. એ ઉલ્લાસને વાચા દ્વારા વ્યક્ત કર્યા વિના એમનાથી નથી રહી શકાતું. પંખીઓ તમારા પૂર્વપરિચિત લાગે છે!'

'હનુમાને પંખીના સુધામય સ્વર પરથી કલ્પના બહુ સારી કરી.' લક્ષ્મણથી બોલ્યા વિના ના રહેવાયું: 'એમનામાં વિદ્વતાની સાથે રસિકતાનું સંમિશ્રણ થયું લાગે છે. એના વિના એવા ઉદ્દગાર ન નીકળી શકે.'

'મારામાં વિદ્વત્તાયે નથી ને રસિકતાયે નથી જણાતી. તમારા અલૌકિક દર્શનથી જેવી મારી થઈ તેવી જ દશા સૌની થતી હશે. એવા અનુમાનને લીધે આવા ઉદ્દગારો મારા મુખમાંથી આપોઆપ નાકળી પડે છે.'

પર્વત પરથી નીચેના વિશાળ પ્રદેશ પર નજર નાખતાં રામ કહેવા માંડયા: 'દૂર દૂર સુધી વિસ્તરેલાં આ પ્રદેશની શોભાનું નિરીક્ષણ કરીને અંતર એક જાતના અવર્ણનીય આનંદથી ઊભરાઈ ઊઠે છે ને ઉછળવા માંડે છે. ઘોર અરણ્યમાં થઈને એકાંતપ્રિય યોગિની જેવી વહી જનારી પેલી સરિતા કેટલી બધી સુંદર અને આકર્ષક લાગે છે ! એ અદ્દભુત દૃશ્યને જોઈને મન જાણે તૃપ્ત જ નથી થતું. આ પર્વત પર આટલો સ્વલ્પ સમય પસાર કરવાથી આપણને આટલો આનંદ આવે છે તો પછી હનુમાન તથા સુગ્રીવને કેટલો બધો અસીમ આનંદ મળતો હશે ! એ તો આ પર્વત પર કોણ જાણે કેટલાય વખતથી નિવાસ કરે છે !'

હનુમાને સહેજ સંકોચ સાથે શાંતિપૂર્વક કહ્યું : 'સુગ્રીવ આ સુંદર પ્રશાંત પર્વત પર લાંબા વખતથી વાસ કરે છે, અને હું પણ એમની સેવામાં રહું છું, તો પણ અમને એટલા બધા આનંદનો અનુભવ નથી થતો અને એટલી બધી શાંતિ પણ નથી લાગતી.'

'કારણ ?'

'સુગ્રીવના પોતાના મનમાં ચિંતા, ભય અને શોકનું સામ્રાજ્ય છવાયેલું હોય ત્યાં મારાથી અથવા એમના કોઈક બીજા સ્નેહી, સ્વજન કે સેવકથી સંપૂર્ણ શાંતિ અને આનંદમાં કેવી રીતે રહી શકાય ? અમારા મનમાં પણ એમને લીધે થોડીઘણી ચિંતા રહે એ સ્વાભાવિક છે. પોતાના પ્રિયજનની ચિંતા અને વ્યગ્રતાની અસર કોના પર ન થાય ?'

'પરંતુ આ સ્થળ તો એકાંત, શાંત અને સુંદર હોવાથી કોઈને પણ નિશ્ચિંત કરે તેવું તથા પ્રસન્નતા પહોંચાડે એવું છે. તે છતાં પણ સુગ્રીવના મનમાં ચિંતા, ભય તથા શોક છે તેનું શું કારણ ? તેનું કોઈક કારણ તો હોવું જ જોઈએ.'

'કારણ કેમ ન હોય ? એનું કારણ ઘણું જ ગૂઢ તથા મોટું છે. તમારો ને સુગ્રીવનો સમાગમ થશે અને બંને વચ્ચે સ્નેહનો સંબંધ પ્રસ્થાપિત થશે, એટલે એ કારણ એ આપોઆપ જ કહી બતાવશે. સ્નેહીજનો

એકમેકના સુખે સુખી તથા દુઃખે દુઃખી બને છે અને એકમેકના સુખને વધારવા તથા દુઃખને ઘટાડવા બનતું બધું જ કરી છૂટે છે એવો નિયમ છે. એ કારણ વ્યક્તિગત હોવાથી એનો નિર્દેશ હું કરું એના કરતાં એ જ કરે, અને હું કરું તો પણ એમની અનુજ્ઞાથી એમની ઉપસ્થિતિમાં જ કરું એ જ બરાબર છે.'

'હનુમાનનો પોતાના સ્વામી સુગ્રીવ તરફથી વફાદારીનો ભાવ ઘણો ઊંડો ને ઊંચો લાગે છે!' લક્ષ્મણથી બોલી જવાયું.

રામ એની સાથે સંમત થતા હોય એમ થોડીવાર શાંત રહ્યા ને પછી બોલ્યા: 'સુગ્રીવને કોઈ જાતનો વ્યાધિ તો નથી સતાવતો ?'

હનુમાને હસીને કહ્યું: 'કોઈ જાતનો શારીરિક વ્યાધિ તો એમને નથી સતાવતો. એમનું શરીર સંપૂર્ણ સ્વસ્થ, સુદૃઢ અને સશક્ત છે. પરંતુ એમને માનસિક વ્યાધિ સતાવે છે એ સાચું છે. '

'એમને કોઈ દુશ્મનનો ભય તો નથી લાગતો ?'

'એ એવા તો પરાક્રમી છે કે, એમના દુશ્મન બનવાનું સાહસ જ કોઈ ન કરી શકે. છતાં પણ બીજા બધાને હોય છે તેમ એમને પણ શત્રુ તો છે જ. એ શત્રુ બહારના નથી પરંતુ અંદરના છે. બહારના કરતાં અંદરના અને દૂરના કરતાં સમીપના શત્રુ જ વધારે બળવાન હોય છે. વધારે ભય એ જ ઉપજાવે છે અને ચિંતા પણ એ જ કરાવે છે. પરંતુ હવે એ તમને મળશે ને તમારી મિત્રતા મેળવશે એટલે એમની ચિંતા ઓછી થશે અને એ ભયરહિત બની રહેશે. મારું હૃદય એની સાક્ષી પૂરે છે. એ એવા પ્રતાપી છે કે તમારી સહાયતાથી સુખ થવાની સાથે સીતાને પાછી મેળવી આપી તમને સુખી કરવા માટે બનતું બધું જ કરી છૂટશે. એમને મળતાંવેંત જ એમની પ્રમાણિકતાની તમને ખાતરી થશે. એ તમારા મિત્ર બની જશે. એમનું આશ્રયસ્થાન હવે પાસે જ છે. પર્વત પરના એકાંત આશ્રયસ્થાનમાં એ ભયને લીધે જ વાસ કરે છે. '

રામ શાંત રહ્યા.

લક્ષ્મણને પણ કાંઈ બોલવાનું ન સૂઝ્યું.

પર્વતની પેલી તરફ દૂર દૂર નાનકડું નગર દેખાતું. એનાં મકાનો ઉત્તુંગ અને સુંદર હતાં.

એને લક્ષ્ય કરીને લક્ષ્મણે કુતુહલપૂર્વક પૂછ્યું: 'આ નગર કોનું છે ? પર્વતની તળેટીના પ્રદેશમાં વસેલું આખુંયે નગર પર્વતની ટોચ પરથી અત્યંત મનોરમ લાગે છે. '

'એ છે તો સુગ્રીવનું.' હનુમાને એની ઓળખાણ કરાવતાં કહેવા માંડ્યું: 'પરંતુ સુગ્રીવે અત્યારે કામચલાઉ વખતને માટે એનો ત્યાગ કર્યો છે. એ નગરમાં અખૂટ સંપત્તિ છે, અને આજુબાજુના બધા જ પ્રદેશમાં એ વ્યાપાર, વિદ્યા, વૈભવ અને વિલાસની દૃષ્ટિએ સર્વોત્તમ મનાય છે. એનું નામ કિષ્કિન્ધા છે.'

'એ શહેર કોના કબજામાં છે અને અત્યારે ત્યાં કોનું શાસન ચાલી રહ્યું છે ?'

'વાલીનું.'

'વાલીનું ?'

' હા. વાલી તથા સુગ્રીવ બંને ભાઈ છે.'

રામની વિચક્ષણ બુદ્ધિને એ વાત સમજતાં વાર ન લાગી કે વાલી તથા સુગ્રીવ વચ્ચેના કોઈ અણબનાવને લીધે જ સુગ્રીવે શહેર છોડીને પર્વત પર રહેવાનું પસંદ કર્યું હશે.

લક્ષ્મણે પણ એ હકીકતની કલ્પના કરી લીધી. છતાં પણ બંને મૌન રહ્યા. એટલી વારમાં તો સુગ્રીવનું આશ્રયસ્થાન આવી પહોંચ્યું. રામ અને લક્ષ્મણને બહાર બેસાડીને હનુમાને પર્વત પરની સુગ્રીવની એ વિશાળ ગુફામાં પ્રવેશ કર્યો.

થોડી જ વારમાં સુગ્રીવ હનુમાન તથા એના અન્ય પરિચારકો સાથે બહાર આવ્યો અને રામ-લક્ષ્મણને વિવેકપૂર્વક સત્કારી, પ્રણામ કરીને બોલ્યો: 'હનુમાન દ્વારા તમારો પરિચય પામીને મને અતિશય આનંદ થયો છે. તમારા બંનેના દર્શનથી મારું જીવન સાચોસાચ ધન્ય બન્યું છે. તમારા રૂપમાં સાચું કહું તો મારું સદ્દભાગ્ય જ સામેથી ચાલીને મારી પાસે આવ્યું છે. તમને કયા શબ્દોમાં સત્કારું તેની સમજ મને નથી પડતી, છતાં પણ પ્રેમના કદીયે નહિ કરમાનારાં પ્રસન્ન પુષ્પોથી તમારું અંત:કરણપૂર્વક સ્વાગત કરું છું. '

સુગ્રીવનો સ્નેહયુક્ત વિનય જોઈને રામ તથા લક્ષ્મણ પ્રસન્ન થયા. એમણે સુગ્રીવની પ્રશંસા કરી.

સ્નાન તથા ભોજનવિધિથી પરવારીને સૌ ગુફાની બહારના સુંદર ઉદ્યાનમાં બેઠા, એટલે સુગ્રીવે સહાનુભૂતિનું પ્રદર્શન કરતાં કહ્યું: 'હનુમાને મને તમારી હકીકત સંક્ષેપમાં કહી બતાવી છે. તે સાંભળીને મારું દિલ દુ:ખી બન્યું છે. વનવાસની વિપત્તિને તમે શાંતિપૂર્વક વેઠી શક્યા હોત પરંતુ એમાં સીતાના હરણની આપત્તિ ઉમેરાઈ એના જેવી કરુણતા બીજી કશી જ નથી. મારું હૈયું એના વિચારથી હાલી ઊઠ્યું છે તો તમારે માટે તો એ આપત્તિ વજ્રપાત જેવી જ થઈ પડે એમાં નવાઈ નથી. '

રામનું હૃદય દ્રવી ને રડી ઊઠ્યું.

આંખમાં આવતાં આસુંને જેમતેમ કરીને રોકીને એ બોલ્યા: 'સીતા મારા જીવન, હૃદય અથવા પ્રાણ જેવી હતી. એના હરણથી મારી સમસ્ત શાંતિ હરાઈ ગઈ છે. મને કશું ચેન જ નથી પડતું. રાવણ એને હરીને કોણ જાણે ક્યાં લઈ ગયો છે તેની ખબર જ નથી પડતી. મારા શોકથી સંતપ્ત અંતરને શાંતિ આપે એવા એના કોઈ સમાચાર જ નથી મળતા. '

સુગ્રીવ થોડીવાર લગી કોઈક ઊંડા વિચારમાં લીન બની ગયો ને બોલ્યો: 'એના સમાચાર આપણે મેળવીશું. જરૂર મેળવીશું. મારામાં શ્વાસોશ્વાસ છે, ત્યાં સુધી તમારી સેવામાં તન, મન ને ધનથી તત્પર રહીશ. તમને શાંતિ આપવા બનતો બધો જ પુરુષાર્થ કરી છૂટીશ. એ વિના મને પણ શાંતિ નહિ વળે. આપણે મિત્રો થઈ ચૂક્યા છીએ, એટલે મિત્રધર્મને તથા મિત્રતાના સંબંધને સંપૂર્ણપણે નિભાવીશું. તમને વિશ્વાસ ન હોય તો આ પ્રજ્વલિત પાવકની સાક્ષીએ તમને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા કરું. '

સુગ્રીવ સામે જલતા અગ્નિની આગળ રામ પ્રત્યેની વફાદારીની પ્રતિજ્ઞા કરી ને બંને અગ્નિની સાક્ષીમાં એકમેકના મિત્ર બન્યા.

એ પછી સંતોષનો શ્વાસ લઈને સુગ્રીવે કહ્યું: 'સીતાના હરણની વાત સાંભળીને મારું મન તાજેતરની ભૂતકાળની એક ઘટનાનું સ્મરણ કરે છે. એ ઘટના તમને મદદરૂપ થઈ પડે એવો સંભવ છે. સીતાના હરણ સંબંધી એ ઘટનાથી કદાચ માહિતી પણ મળી શકે છે.'

રામે ઉત્સુક બનતાં પૂછ્યું: 'એ ઘટના કયી છે, સુગ્રીવ ? જો એ સીતાના હરણ સાથે સંબંધ ધરાવતી હશે તો મારે માટે જરૂર આશીર્વાદ થઈ પડશે.'

'એક વાર મારા મંત્રીઓ સાથે કોઈક અગત્યના વિષય પર વિચારોની આપલે કરતો પર્વતના આ જ સુંદર સ્થાનમાં હું બેઠેલો, ત્યારે વાયુવેગી રથમાં બેઠેલી, કોઈ અધર્મી દ્વારા લઈ જવાતી, સુકુમારીના આક્રંદનો મેં અવાજ સાંભળ્યો. મેં ઉપર આકાશ તરફ દૃષ્ટિ કરી તો એ સુકુમારીએ મારા તરફ પોતાનું વસ્ત્ર નાંખ્યું. એ વસ્ત્રમાં એના અલંકારો બાંધેલાં. એને બચાવવાની કશીક તૈયારી કરું તે પહેલાં તો એ આકાશમાર્ગે આગળ વધતો રથ ઋષ્યમૂક પર્વતથી દૂર નીકળી ગયો. એ સુકુમારીના ઘોર આક્રંદથી મારું હૃદય રડી ઊઠ્યું અને પેલા અત્યાચારીનો નાશ કરવા અધીરું બન્યું, પરંતુ બીજો કોઈ ઉપાય ન દેખાવાથી મારે લાચાર બનીને બેસી રહેવું પડ્યું. એ વખતે તો એ સુકુમારીને હું નહોતો ઓળખી શકેયો, પરંતુ હવે મને ખાતરી થાય છે કે, એ સુકુમારી સ્ત્રી બીજી કોઈ નહિ પણ સીતા જ હશે. એને નીતિની બધી જ મર્યાદાને નેવે મૂકીને બળજબરીથી લઈ જનાર અધમાધમ પુરુષ રાવણ. ઈશ્વરે મને સીતાની રક્ષાની એ તક પૂરી પાડેલી, પરંતુ મારાથી એનો લાભ ન ઉઠાવી શકાયો. આજે મને એ હકીકતનું દુઃખ થાય છે.'

'પરંતુ એ વખતે તો તમને સીતાનો અથવા અમારો પરિચય જ ક્યાં હતો ? એ પરિચય તો હજુ હમણાં જ થયો.' લક્ષ્મણ બોલ્યો.

'એથી શું ? આપત્તિમાં પડેલી પ્રત્યેક સ્ત્રીની રક્ષા કરવી એ અમારા જેવા પુરુષોનો ધર્મ છે. એ સ્ત્રી પરિચિત હોય કે અપરિચિત અને સાધારણ હોય કે અસાધારણ, એથી કોઈ એના પ્રત્યેના કર્તવ્યમાં પ્રમાદી ન બની શકાય. છતાં પણ મારું ભાગ્ય એટલું મંદ કે મારાથી એની મદદે ન જઈ શકાયું. એ વખતની પરિસ્થિતિ જ એવી હતી કે કોઈ સક્રિય મદદનો વિચાર જ ન કરી શકાય. મારી જગ્યાએ બીજો કોઈ હોત તો પણ એ ભાગ્યે જ કશી મદદ કરી શકયો હોત.'

'બળજબરીથી આકાશગામી, વાયુવેગી, રથમાં લઈ જવાતી સુકુમારીએ નાખેલું એ વસ્ત્ર તમે સાચવી રાખ્યું છે ? એ વસ્ત્રને તથા અલંકારોને બતાવી શકશો ?'

રામની જિજ્ઞાસાના જવાબમાં સુગ્રીવે કહ્યું: 'જરૂર. એ વસ્ત્ર તથા આભૂષણ મેં સંભાળપૂર્વક રાખી મૂક્યાં છે. તમારી આગળ એમને રજૂ કરું છું. એમને જોઈને, એ સાચોસાચ સીતાનાં છે કે કેમ તેનો તમે નિર્ણય કરી શકશો.'

'બરાબર છે.' લક્ષ્મણે અનુમતિ આપી.

સુગ્રીવ ગુફાની અંદર જઈને થોડા વખત પછી બહાર આવ્યો.

સૌથી પહેલાં એણે રામની આગળ સીતાનાં આભૂષણ મૂક્યાં.

એ આભૂષણ ત્રિવિધ હતાં : કેયુર, કુંડળ અને નૂપુર.

એમને બતાવતાં સુગ્રીવ બોલ્યો: 'અમને પર્વત પર બેઠેલા જોઈને, કોઈક વાર પણ તમે આ બાજુ આવી પહોંચો તો તમને પોતાની માહિતી મળે એ ઉદ્દેશથી સીતાએ આ આભૂષણો નાખ્યાં લાગે છે. તમે એમને ઓળખી શકશો. '

રામે લક્ષ્મણ તરફ દૃષ્ટિપાત કરીને પૂછ્યું: 'લક્ષ્મણ, આ આભૂષણ કોનાં છે તે તું કહી શકે છે ? તું એમને ઓળખી શકે છે ? એ સીતાનાં છે કે કોઈ બીજી સ્ત્રીનાં ?'

લક્ષ્મણ એ આભૂષણોનું અવલોકન કરતાં બોલ્યોઃ 'સીતાનાં કેયુર કે કુંડળને તો હું નથી ઓળખી શકતો. મેં એમને મારા આજ સુધીના જીવનમાં કદી ધારીને નથી જોયાં. એટલે એ ખરેખર કોનાં છે એ મારાથી નહી કહી શકાય. પરંતુ આ નૂપુર બીજા કોઈના નથી પણ સીતાનાં છે. એમને તો હું ઓળખી બતાવું છું. સીતાને રોજ પગે લાગવાની મને જે ટેવ હતી તેને લીધે મારી દૃષ્ટિ આ નૂપુર પર વારંવાર પડતી. એટલે એ સંબંધમાં મારાથી કોઈ ભૂલ થવાનો સંભવ જ નથી. નૂપુર સીતાનાં છે. એ સીતાએ જ નાંખેલા છે, એટલે અનુમાન થાય છે કે, કેયુર તથા કુંડળ પણ સીતાનાં જ હોઈ શકે, કારણ કે સુગ્રીવના કથનાનુસાર આ આભૂષણો એક જ સ્ત્રીએ નાંખેલાં છે. એ સ્ત્રી બીજી કોઈ નહિ પરંતુ સીતા જ હતી એની આ નૂપુરની ઓળખાણ પરથી પ્રતીતિ થઈ. '

સુગ્રીવ લક્ષ્મણની નખશીખ નિર્મળતા જોઈને આભો જ બની ગયો.

એ લક્ષ્મણ તરફ ભારે આદરભાવથી જોઈ રહ્યો.

રામે કહ્યું: 'આ કેયુર તથા કુંડળ પણ સીતાનાં જ છે. મારું મન અને સીતાના સુધામય મુખને નિહાળવા અને એનું પાન કરવા રોજરોજ ટેવાયેલી મારી આંખ એની સાક્ષી પૂરે છે. આ કુંડળ એને માતા કૈકેયીએ અયોધ્યામાં આવ્યા પછી ઉપહારરૂપે આપેલાં એ વાતની મને સ્મૃતિ છે. એ વખતે કૈકેયીએ એના પ્રત્યે કેટલો બધો પ્રેમ બતાવેલો ? કુંડળ અર્પણ કરતાં સીતાને અંતરના આશર્વાદ આપતાં એણે કહેલું કે, રાજા દશરથ દ્વારા રામનો જ્યારે રાજ્યાભિષેક કરવામાં આવે ત્યારે આ રત્નજડિત કુંડળ પહેરીને તું એમની સાથે સિંહાસન પર બેસજે. તને એ વખતે જોઈને મારું અંતર આનંદમય બની જશે. એ વચનો આજે મને યાદ આવે છે. વિધિની વિચિત્રતા તો જો કે રાજ્યાભિષેક રાજ્યાભિષેકને ઠેકાણે રહ્યો તે તો ઠીક, પરંતુ કુંડળને તૈયાર કરાવનાર, કુંડળને પહેરનાર, ઓળખનાર, અને સૂર્યના જેવી કાંતિવાળાં રત્નજડિત કુંડળ, સૌ છૂટાં પડી ગયાં ! વિધિના ખેલ આવા જ અસ્થિર છે. આ કુંડળ તો મેં મારે હાથે જ સીતાને પહેરાવેલાં એટલે એમની સ્મૃતિ મને કેમ ન હોય ?'

લક્ષ્મણ બોલ્યો: 'હવે મને તમારા શબ્દોની યથાર્થતાની પ્રતીતિ થઈ. આપણે મિથિલાપુરીથી લગ્ન કરીને અયોધ્યા આવ્યા, ત્યારે કૈકેયીએ સીતાની પેઠે ઊર્મિલા, શ્રુતકીર્તિ અને માંડવીને પણ કુંડળ પ્રદાન કરેલાં. ઊર્મિલા એ કુંડળને લીધે અતિશય લાવણ્યમયી લાગતી. એની શોભાને જોતાં મારું મન ધરાતું જ નહિ. નેત્રોને કદી થાક નહીં લાગતો, ને વાણી એની પ્રશંસા કરતાં તૃપ્તિ નહોતી પામતી. ચિત્રકુટમાં મળી ત્યારે એણે બધાં આભૂષણો ઉતારી નાખેલાં એટલે એનાં કુંડળ મેં નહોતાં જોયાં. હવે આ કુંડળ જોઈને એની કુંડળાલંકૃત આકૃતિનું મને સ્મરણ થઈ આવે છે. વિધિએ આપણે માટે પોતાનાં સુમધુર, સુખદ સ્મરણો સાચવી રાખ્યાં છે એ પણ એની કૃપા છે. '

રામ થોડા વખત સુધી આભૂષણોને જોતા ભાવનિમગ્ન દશામાં બેસી રહ્યા. લક્ષ્મણ પણ અતીત કાળની સ્મૃતિઓનો સ્વાદ લેતો શાંત રહ્યો. એ જ વખતે સુગ્રીવે રામની આગળ એક સુંદર, રંગીન રેશમી વસ્ત્ર મૂક્યું.

એ નિરખતા વેંત જ રામ બોલી ઊઠ્યા: 'લક્ષ્મણ, સીતાના આ વસ્ત્રને તો તું ઓળખતો જ હોઈશ. આ વસ્ત્ર સીતાનું જ છે. પોતાની સુંદર સાડી પર ઓઢવાના ઉપવસ્ત્ર તરીકે એ કદી કદી આનો ઉપયોગ કરતી.

આ ગુલાબી ઉપવસ્ત્ર એની સુંદરતામાં ખૂબ જ વધારો કરતું. મને એ ખૂબ ગમતું હોવાથી વનમાં પણ એને એ સાથે જ લાવેલી. તે દિવસે પંચવટીની વિદાય લઈ ને હું સુવર્ણમૃગને મારવા માટે ધનુષ્યબાણ લઈને વનમાં ગયો, ત્યારે એણે આ જ ઉપવસ્ત્ર ધારણ કરેલું. એ હકીકત હું નથી ભૂલી શક્યો. આ સુંદર ઉપવસ્ત્રને જોઈને એની સાથે સંકળાયેલા અનેકવિધ પ્રસંગોનું મને સ્મરણ થઈ આવે છે. '

રામ એ સુંદર રંગીન ઉપવસ્ત્રને હૃદયે લગાવીને કહેવા માંડ્યાં: 'અરે વસ્ત્ર, તને પોતાના સુમન સમાન સુકોમળ, સુવાસિત શરીરે વીંટીને પોતાની સુંદરતામાં વૃદ્ધિ કરનારી સીતા ક્યાં ચાલી ગઈ ? તું એના સમાચાર આપી શકશે ? તું તો એને ખૂબ જ પ્રિય હતું, તો પછી એણે તારો ત્યાગ શા માટે કર્યો ? તને એનાથી છૂટા પડવાનું નહિ ગમ્યું હોય, પરંતુ એ તને નીચે નાખીને જતી રહી પછી તું શું કરે ? મારી જેમ તારો પુણ્યોદય પણ પૂરો થયો, એટલે મારી પેઠે તને પણ એનો વિયોગ થઈ ગયો ! હવે પાછી એ ક્યારે મળશે ને તને શરીર પર ક્યારે ધારણ કરશે ? છતાં પણ તું મને મળી ગયું તે એક રીતે સારું જ થયું. તારો ઉપકાર મારાથી નહિ ભૂલી શકાય, કારણ કે સીતાના સમાચાર મેળવવામાં તું મદદરૂપ થઈ પડ્યું. તને જોઈને મને સહેજ સાંત્વન મળે છે કે, એ સુકુમારીનો વિયોગ કેવળ હું જ નથી વેઠી રહ્યો, તું પણ વેઠી રહ્યું છે!'

એવા ભાતભાતના વિલાપ કરતાં રામની આંખ પ્રેમાશ્રુથી ભરાઈ ગઈ.

લક્ષ્મણ તથા સુગ્રીવે એમને પોતપોતાની આગવી રીતે આશ્વાસન આપવાનો પ્રયાસ કરી જોયો.

લાંબે વખતે રામ જરાક સ્વસ્થ થયા એટલે સુગ્રીવે કહ્યું: 'આ આભૂષણ અને વસ્ત્રને તમે ઓળખી કાઢ્યાં એના પરથી એટલું તો ચોક્કસ થયું કે એ સહાયને માટે પોકાર પાડતી ને રુદન કરતી સ્ત્રી બીજી કોઈ નહિ પરંતુ સીતા જ હતી. રાવણ એને હરીને દક્ષિણ દિશામાં લઈ ગયો છે. કદાચ, દક્ષિણ દિશામાં લઈ જવાને બદલે પોતાનો માર્ગ બદલીને એને એ ગમે તે દિશામાં લઈ ગયો હશે તો પણ, તમારા મિત્ર તરીકે હનુમાન તથા બીજા મંત્રી અથવા સેવકોના સાંભળતાં વચન આપું છું કે, સીતાની શોધ કરવામાં તમને બનતી બધી રીતે મદદરૂપ થઈશ. મિત્રના સુખને પોતાનું સુખ અને મિત્રના દુઃખને જે પોતાનું દુઃખ નથી માનતો તે મિત્ર થવાને લાયક જ નથી. મિત્રની કસોટી સંપત્તિના સમય કરતાં વિપત્તિના વખતમાં વધારે થાય છે. તમારી કૃપાથી હું એમાંથી પાર ઊતરીશ. તમારી વિપત્તિ મારી વિપત્તિ ને તમારી વેદના મારી વેદના છે એ નક્કી માનજો. '

સુગ્રીવના શબ્દોમાં હનુમાને સૂર મિલાવ્યો, એટલે લક્ષ્મણે પ્રસન્ન થઈને કહ્યું: 'સંસારમાં બીજું કદાચ મળી શકે, પરંતુ તમારા જેવા આદર્શ મિત્રો મળવા મુશ્કેલ છે. તમારી મિત્રતા મળી એને અમારું સૌભાગ્ય માનું છું. સાચા મિત્રો મળવા મુશ્કેલ છે, અને એમની મિત્રતા નિભાવવી એથી પણ મુશ્કેલ છે.'

'તમારી કૃપાથી એ મિત્રતા નિભાવી શકીશ, મારા દોષને બદલે ગુણ તરફ જ ધ્યાન રાખજો એટલી મારી વિનંતિ છે. સ્વભાવથી જ મંદમતિ છું પરંતુ તમારા પર પ્રેમ થયા પછી તમારે માટે ગમે તેવો ભોગ આપતાં પાછો નહીં પડું.'

* * * * *

## ૪૬. પ્રતીતિ

સુગ્રીવના વચનો સાંભળીને રામને ખૂબ જ સંતોષ થયો.

એટલે સુગ્રીવને સંબોધીને કહ્યું: 'સીતાનાં આભૂષણ તથા વસ્ત્રને તમારી પાસે જ સાચવીને રાખી મૂકજો. કોઈવાર એમનું કામ પડશે ત્યારે એમને તમારી પાસેથી માગી લઈશ. અત્યારે એમની આવશ્યકતા નથી લાગતી. તમારા પ્રેમ તથા મિત્રભાવને જોઈને મારા અંતરમાં આનંદ છવાયો છે, અને મને ખાતરી થઈ છે કે સીતાની શોધ કરવાના કપરા કામમાં હું લક્ષ્મણ સાથે એકલો નથી. તમારો અને હનુમાન જેવા બુદ્ધિશાળી મહાવીરનો મને સાથ છે એ જોઈને મારો ઉત્સાહ વધી ગયો છે. મારી ધીરજ ને હિંમત દ્વિગુણિત બની છે. ઋષ્યમૂક પર્વતનો મારો ફેરો સફળ થયો. '

સુગ્રીવે કહ્યું: 'તમારો અભિપ્રાય જાણીને મને ખૂબ જ આનંદ થઈ રહ્યો છે. મારામાં કોઈપણ પ્રકારની યોગ્યતા ન હોવા છતાં તમે મારા પ્રત્યે પ્રેમ બતાવો છો તે તમારી મહાનતા જ છે.'

'પ્રથમ પરિચયે જ આપણા અંતર અનુરાગમય અને એક બન્યાં, અને મારી ચિંતામાં ઘટાડો થયો. સ્નેહ અને સદ્દભાવના આ સુંદર બીજમાંથી આગળ જતાં કેવા કેવા અંકુરો ઊગશે ને કેવા છોડ તથા વૃક્ષ ને ફળફૂલની સૃષ્ટિ થશે તે કોણ કહી શકે ? તમારા પ્રેમ તથા મૈત્રીભાવને માટે તમને ધન્યવાદ આપું છું. મારો સ્વભાવ છે કે કરેલી મિત્રતાને નિભાવવી. મિત્રના દોષ જોવાની ટેવ મેં નથી પાડી અને દોષનું દર્શન કરીને એની અવગણના કરવાનું પણ હું નથી શીખ્યો. દોષ દેખાય તો પણ તેને સુધારવામાં સહાયક બનવાની જ મારી વૃત્તિ હોય છે. એટલે મારી મિત્રતાની અખંડતાની પણ ખાતરી રાખજો.'

લક્ષ્મણે રામના કાનમાં કાંઈક કહ્યું એટલે રામે સુગ્રીવને પૂછયું: 'કિષ્કિંધા જેવા સુંદર સમૃધ્ધ શહેરને છોડીને આ પર્વત પર તમે ગણ્યાગાંઠ્યા મંત્રીઓ સાથે એકલા જ વાસ કરો છો તેનું કારણ ? તમને એકાંતમાં રહેવું ગમે છે કે પછી કોઈક અણધાર્યા અનિવાર્ય સંજોગોને લીધે તમને અહીં રહેવાની ફરજ પડી છે ? તમે મારા મિત્ર થયા એટલે મારી કથની મેં કહી બતાવી તેમ તમારી કથની સાંભળવાની પણ મારી ફરજ છે.'

સુગ્રીવે લાગણીવશ થઈને ઉત્તર આપતાં કહ્યું: 'શહેર, ઘરબાર, સંપત્તિ તથા સ્વજનને છોડીને એકલું રહેવાનું કોઈને ગમે ખરું ? મારી સ્વેચ્છાથી નહિ પરંતુ પરિસ્થિતિથી વિવશ બનીને મારે આ પર્વત પર એકલા રહેવું પડે છે.'

'તમારા જીવનમાં એવી કેવીક પરિસ્થિતિ પેદા થઈ છે ? '

'તમારા જેવા જ દુઃખથી હું પણ દુઃખી છું, વિધાતાએ આપણા બંને પર એક જ જાતનું દુઃખ નાખ્યું છે.' તમે રાજ્યશ્રીથી રહિત છો ને સ્ત્રીના વિયોગથી વ્યથિત છો તેમ હું પણ છું. કિષ્કિંધા પર મારું રાજ્ય હતું, એનો સમસ્ત વૈભવ મારાં ચરણોમાં ઢળેલો હતો, પરંતુ મારા મોટા ભાઈ વાલીએ મારા રાજ્યને બળજબરી લઈ લીધું ને મને વૈભવથી વિહીન કરીને મારો નાશ કરવાનો પ્રયત્ન કર્યો. વાલી ઘણો પરાક્રમી હોવાથી મારે એનાથી અહર્નિશ ભયભીત રહેવું પડે છે. એણે મારું રાજ્ય તો લઈ લીધું છે પરંતુ મારી સ્ત્રી તારાને પણ કબજે કરી છે.'

એ તો ઘણું જ ખરાબ કહેવાય. નિર્દોષ સ્ત્રીનું હરણ કરવા જેવું કુકર્મ બીજું કોઈ જ નથી એ વાતની ખાતરી મને સીતાના હરણ પછી વધારે સારી રીતે થઈ ગઈ છે. મોટો ભાઈ નાના ભાઈની સ્ત્રીનું હરણ કરે, એના પર કબજો કરે એ તો અતિશય અધમ કહેવાય. આ હકીકત સાંભળીને મને ખૂબ જ દુઃખ થાય છે. મારી વેદનાને શબ્દોમાં નથી વર્ણવી શકતો. પરંતુ વાલીનો તમને ભય છે તો વાલી આ પર્વત પર નથી આવતો?'

'મતંગ મુનિના શાપને લીધે એ આ પર્વત પર નથી આવી શકતો. એટલા માટે જ હું કાંઈક અંશે નિર્ભય થઈને અહીં નિવાસ કરું છું. બાકી તો મારે રહેવા માટેનું સલામત સ્થાન ન હોત તો એણે મારો સહેલાઈથી નાશ કરી નાખ્યો હોત. '

રામ વિચારમાં પડી ગયા.

પરંતુ લક્ષ્મણે પૂછ્યું: 'વાલી સાથે વેર થવાનું કોઈ કારણ તો હશેને ? ભાઈની સાથે આટલું બધું વેર થયું તેની પાછળ કોઈ ઘટનાચક્રે ભાગ તો ભજવ્યો હશે ને ?'

'એ ઘટનાચક્ર ઘણું સાધારણ છે છતાં પણ વાલીની ગેરસમજ અને સ્વાર્થવૃત્તિને લીધે એકદમ અસાધારણ બની ગયું છે. વાલીને સમજાવવાના મારા બધા જ પ્રયાસો નિષ્ફળ નિવડ્યા છે. એની વૃત્તિ લાગ જોઈને કાયમ માટે મારું કાસળ કાઢવાની છે. તમારા જેવા નિઃસ્વાર્થ, ઉદાર અને પ્રેમાળ વડીલ બંધુ તો જગતમાં કોઈકના જ હોય. લક્ષ્મણ જેવા રાજ્યસુખ તથા યૌવનોચિત સ્ત્રીસુખને તિલાંજલી આપીને ભાઈની સેવામાં લીન રહેનાર ભાઈ પણ ભાગ્યે જ મળી શકે. તમે ભ્રાતૃપ્રેમને મહત્વનો માનીને બહારનાં સુખોને ગૌણ ગણ્યાં છે, ત્યારે વાલીએ બીજું બધું મહત્વનું માનીને ભ્રાતૃપ્રેમની ઉપેક્ષા કરી છે. તમારા ભ્રાતૃભાવની સાથે અમારા ભ્રાતૃભાવને સરખાવતાં મારું હૃદય રડી ઊઠે છે ને ભયંકર વેદનાનો અનુભવ કરે છે. આ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવાનું મને નથી સૂઝતું.'

રામે કહ્યું: 'તમારી વેદના મારી જ વેદના છે એવું માની લેજો. આપણી વચ્ચે મિત્રતા થઈ છે એટલે ચિંતા દૂર કરવા માટે મારી સઘળી શક્તિને કામે લગાડીશ. વાલીના મનમાં પેદા થયેલી ગેરસમજનો મને થોડોક ખ્યાલ આપી શકશો '

'એ ગેરસમજ હવે કોઈપણ ઉપાયે દૂર નથી થાય તેમ. છતાં પણ જે કારણને લીધે એ ગેરસમજ પેદા થઈ ને વેરવૃત્તિને જગાવી ગઈ તે કારણ તમને જરૂર કહી બતાવું. એ કારણ ઘણું નાનું હોવા છતાં જાણવા જેવું છે. '

સુગ્રીવ થોડીવાર શાંત રહ્યો ને પછી રામ તથા લક્ષ્મણની સંમતિ મેળવીને બોલ્યો: 'મારી તથા વાલીના વચ્ચેનો સ્નેહ પહેલાં તો ઘણો ઊંડો હતો. અમે સદા સાથે જ ફરતાં અને એકમેકના વિના રહી ન શકતા. અમારાં રૂપરંગ પણ એક જ જાતનાં હોવાથી જે જોતા તે અમને એક જ આત્માનાં બે સ્વરૂપ જેવા માની લેતા. વરસો સુધી અમારો પ્રેમ એવો જ અચળ રહ્યો. પરંતુ એક વાર એક બનાવ બન્યો. '

સુગ્રીવે શ્વાસ ખાઈને કહ્યું: 'હા. એ બનાવને હું હજુ પણ નથી ભૂલી શકયો. એ મારી આંખ આગળ તરવરે છે. મય દાનવનો પુત્ર માયાવી ઘણો પરાક્રમી હતો. એણે એકવાર મધરાતે અમારા નગરના

દરવાજા પર આવીને વાલીને યુદ્ધ માટે લલકાર કર્યો. વાલીએ એના લલકારને વધાવી લઈને એની સાથે યુદ્ધ કરવાની તૈયારી કરી. '

વાલીને યુદ્ધ માટે તૈયાર થયેલો જોઈને માયાવી નાસવા લાગ્યો.

વાલી એને પકડવા એની પાછળ પડ્યો.

મને થયું કે આવી કટોકટીને વખતે મારે બેસી રહેવું ન જોઈએ. એટલે હું પણ વાલીની પાછળ દોડ્યો. વાલીને બચાવતાં મારા દેહનું બલિદાન પડે તો તે પણ દેવાની મારી તૈયારી હતી.

માયાવી વાલી હાથમાં આવત તો વાલી એને જરૂર મારી નાખત, એને મારવામાં હું પણ મદદ કરત, પરંતુ માયાવી નાસીને પર્વતની એક ઊંડી ગુફામાં ભરાઈ ગયો.

પરંતુ વાલી એનો પીછો છોડે તેમ ન હતો.

એણે મને ગુફાના દ્વાર આગળ રહીને પંદર દિવસ પ્રતિક્ષા કરવાનું કહ્યું. મેં એને અંદર આવવા દેવા માટે કહી જોયું, પરંતુ એણે ન માન્યું.

એણે કહ્યું કે 'તું ગુફાની પાસે ઊભો રહીશ તે પૂરતું છે. માયાવીને હું એકલો મારી શકીશ. મારે બીજા કોઈની સહાયતા નથી જોઈતી. એ મારો વાળ પણ વાંકો નથી કરી શકવાનો. પંદર દિવસ સુધી અહીં ઊભો રહેજે અને એટલા વખતમાં હું બહાર ન આવું તો મને મરેલો માનીને ઘરે જજે.'

'પછી ? પછી શું થયું ?' લક્ષ્મણે ઉત્સુકતા બતાવી.

'તમે ગુફાની બહાર ઊભા રહ્યા કે અંદર ગયા ?' રામે પૂછ્યું.

સુગ્રીવ બોલ્યો: 'હું ગુફાની બહાર ઊભો રહ્યો ને વાલી માયાવીને મારવા માટે અંદર ગયો. તે વખતે વાલીની સાથે જ ગયો હોત તો મારે આજે આવી કરુણ પરિસ્થિતિમાં ન મૂકાવું પડ્યું હોત. મારા સંજોગો કદાચ જુદા જ હોત. પરંતુ એ વખતે વાલીના આદેશને ઉથાપવાની શક્તિ મારી અંદર ન હતી અને એને માટેની ઈચ્છાયે ન હતી. એટલે એના આદેશાનુસાર મેં એ ગુફામાં પ્રવેશ ન કર્યો. અને...જે થયું એ એક રીતે સારું જ થયું, કારણ કે વાલીના ત્રાસને લીધે મારે અહીં ઋષ્યમૂક પર્વત પર રહેવું પડ્યું એથી એક મોટો લાભ એ થયો કે સંસારની અસારતાને હું સમજી શક્યો અને તમારા દેવદુર્લભ દર્શનનું ભાગ્ય મેળવી શક્યો. તમારા જેવા દૈવી મહાપુરુષોના દર્શનનો લાભ કોઈક ભાગ્યશાળીને જ મળી શકે. એટલે હું તો મને ભાગ્યશાળી જ માનું છું. કિષ્કિંધામાં રાજ્યસુખની વચ્ચે રહ્યો હોત તો આ દુર્લભ લાભ મને ન જ મળી શકત. તમારો પ્રેમ મળવામાં મારું કોઈ સત્કર્મ કે મારી યોગ્યતા કારણરૂપ નથી પરંતુ તમારી કૃપા જ કારણરૂપ બની ગઈ છે.'

એટલું કહેતાં તો સુગ્રીવનું હૃદય ભરાઈ આવ્યું.

આંસુને લૂછીને એણે આગળ ચલાવ્યું: 'ગુફાના દ્વાર પાસે એક પખવાડિયા સુધી પ્રતિક્ષા કરવાને બદલે મેં એક માસ સુધી પ્રતિક્ષા કરી તો પણ વાલી ગુફામાંથી બહાર ન આવ્યો ત્યારે મને થયું કે કદાચ માયાવી સાથેના ભીષણ યુદ્ધમાં એનું મૃત્યુ તો નહિ થયું હોય ? એ શંકાનું સમર્થન કરતો એક બનાવ બન્યો. ગુફામાંથી એકાએક લોહીની ગરમ ધારા નીકળી. મને થયું કે એ ધારા વાલીની હશે એટલા માટે જ વાલી બહાર નહિ આવ્યો હોય, અને હવે માયાવી ગુફામાંથી બહાર આવીને કિષ્કિંધામાં આતંક ફેલાવશે. વાલી નહિ

મર્યો હોય તો તો હરકત નથી; એ બહાર આવી જશે. એ પ્રમાણે વિચાર કરીને ગુફાના દ્વાર પર મેં એક વિશાળકાય શિલાને મૂકી દીધી અને હું નગરમાં આવી પહોંચ્યો.'

લક્ષ્મણે કહ્યું: 'વાલીના જીવનની આ કથા ભારે રસમય અને રોમાંચક છે. આ કથા કોઈપણ શ્રોતાના હૃદયમાં કુતૂહલ પેદા કરે તેવી છે. એ એવા વિચિત્ર તબક્કે આવીને ઊભી રહી છે કે એના વિશે વધારે જાણ્યા વિના ચાલે જ નહિ. '

રામે પણ રસપૂર્વક વચ્ચે જ પૂછ્યું: 'પછી વાલીનું શું થયું ? એ કેવી રીતે બહાર નીકળ્યો ?'

સુગ્રીવે આગળની વાતના અનુસંધાનમાં કહ્યું: 'બહાર નીકળવાનું કામ એના જેવા મહાપરાક્રમીને માટે જરા પણ મુશ્કેલ ન હતું. ખરી રીતે તો એ જીવંત હતો અને એણે માયાવીનો નાશ કરેલો. માયાવીનો લાંબા વખતના ભીષણ યુદ્ધ પછી સંહાર કરીને એ ગુફાના દ્વાર આગળની શીલાને હઠાવીને વિજયની ઉન્માદસૂચક ગર્જના કરતો બહાર આવ્યો. પરંતુ....'

સુગ્રીવે જરાક અટકીને જુદી જુદી જાતની લાગણીનો અનુભવ કરતાં આગળ ચલાવ્યું: 'પરંતુ બહાર પરિસ્થિતિ જુદી જ હતી. વિજયની ગર્જના કરતો એ કિષ્કિંધામાં પ્રવેશ્યો ત્યારે એને ખબર પડી કે બધું દૃશ્ય બદલાઈ ગયું છે. વાત એમ હતી કે કિષ્કિંધાના પ્રજાજનો અને મંત્રીઓએ વાલીની દીર્ઘકાળ સુધી પ્રતિક્ષા કર્યા પછી એના પાછા આવવાની આશા છોડી દીધી, અને ઉપરાઉપરી ખૂબ જ આનાકાની છતાં, વાલીની જગ્યાએ રાજ્યગાદી પર મારો અભિષેક કરી દીધો.'

'એમાં મારો દોષ ન હતો. મને રાજ્ય, સત્તા કે પ્રતિષ્ઠાની લાલસા ન હતા. મારે પ્રજાના દબાણને ફક્ત વશ થવું પડેલું એટલું જ, પરંતુ એનું પરિણામ ધાર્યા કરતાં ઘણું વિપરીત આવ્યું. એનું સ્મરણ કરતાં મારું કાળજું કઠોર હોવા છતાં કંપી ઉઠે છે. '

'વાલીને મારા રાજ્યભિષેકની ખબર પડી એટલે એના ક્રોધનો પાર ન રહ્યો. એનું અંતર સળગી ઊઠ્યું. એણે માની લીધું કે રાજ્યસુખની લાલસાથી પ્રેરાઈને જ એની સાથે દગો રમીને ગુફાનું પ્રવેશદ્વાર બંધ કરીને હું કિષ્કિંધામાં પાછો આવ્યો છું. મારા મનમાં ઊંડે ઊંડે રાજ્યની પ્રાપ્તિ કરવાની જ વાસના હતી એવું એણે ચોક્કસપણે માની લીધું.'

'પછી તો જે થયું એનું અનુમાન સહેલાઈથી કરી શકાય છે. એણે મને કેટલીય જાતનાં કઠોર વચનો કહી સંભળાવ્યાં, મને ગાદી પરથી ઉતારી પાડ્યો, ને ભયંકર માર માર્યો. એણે મારી સંપત્તિ તો લૂંટી લીધી, પણ મારી સ્ત્રીનું પણ હરણ કર્યું. એટલાથી એને તૃપ્તિ ન વળી એટલે મારો વધ કરવા માટે એણે તૈયારી કરી. એને લીધે બીજો કોઈ રસ્તો ન દેખાતાં, મારા જીવનની રક્ષા માટે હું નાછૂટકે નગર તથા સ્વજનોને છોડીને બહાર નીકળ્યો. મારા હનુમાન જેવા વફાદાર સાથીઓએ પોતાના અંગત સુખોપભોગની પરવા કર્યા વિના મારું અનુસરણ કર્યું. તેને માટે તેમના જેટલા ગુણ ગાઉં એટલા ઓછા છે. હું તેમનો હંમેશનો ઋણી છું. સુખ, સાહ્યબી અને સંપત્તિના દિવસોમાં તો સાથ આપનારા હજારો મિત્રો મળી આવે, પણ દુઃખ, દુર્દિન અથવા વિપત્તિના વખતમાં સાથે રહેનારા તો કોઈક વિરલ જ હોય. એમણે અણીના વખતે મારી મદદ કરી છે એટલે એમને મારાથી નહિ ભૂલી શકાય.'

હનુમાને કહ્યું: 'અમે તમને કોઈ જ વિશેષ મદદ નથી કરી. અમે તો ફક્ત અમારો ધર્મ જ બજાવ્યો છે. સત્ય અને અસત્ય, ન્યાય અને અન્યાય, તથા નીતિ અને અનીતિ વચ્ચે પસંદગી કરવાનો અને એમાંથી ઈચ્છાનુસાર કોઈ એકનો પક્ષ લેવાનો અવસર અમારા જીવનમાં ઉપસ્થિત થયેલો. અમે એ અવસરનો લાભ લઈને ન્યાય, નીતિ અને સત્યને પડખે ઊભા રહ્યા છીએ એટલું જ. એથી અમે તમારા પર કોઈ જાતનો ઉપકાર નથી કર્યો. અમે અમારા માનવોચિત કર્તવ્યનું પાલન કર્યું છે, અને એથી અમને શાંતિ મળી છે. એથી વિશેષ પુરસ્કાર બીજો કયો જોઈએ ? રાજ્યસુખ, સાહ્યબી તથા સંપત્તિ પરિવર્તનશીલ અને નશ્વર છે. એકમાત્ર ધર્મ જ અટલ અને અમર છે. માટે તેનો પક્ષ લેવામાં ને તેના પાલનમાં પ્રમાદ ન જ કરવો જોઈએ એવો મહર્ષિ મતંગનો ઉપદેશ હતો. અમે એ જીવનોપયોગી ઉપદેશનો અમલ જ કર્યો છે. '

'તમારા શબ્દો સાંભળીને મને ઘણો જ આનંદ થઈ રહ્યો છે, હનુમાન !' રામે હનુમાનને અભિનંદન આપતાં કહ્યું: 'તમારા જેવા નિ:સ્વાર્થ વૃત્તિના પ્રાજ્ઞ પુરુષના મુખમાંથી જ આવા શબ્દો નીકળી શકે. તમે જે પગલું ભર્યું છે તે ધર્મની મર્યાદામાં રહીને ભરેલું છે, ઉત્તમ છે, અને એને માટે તમને ધન્યવાદ આપું છું. '

હનુમાને સંકોચ સાથે કહેવા માંડ્યું: 'હું ધન્યવાદને પાત્ર જરા પણ નથી, તો પણ મને ધન્યવાદ આપો છો એ તમારી મહાનતા છે. ધર્મ ને નીતિની મર્યાદાને તમારા સિવાય બીજા કોણે તમારા જેટલી સરસ રીતે જાણી અને પાળી બતાવી છે ? એટલે ધન્યવાદને પાત્ર તો તમે જ છો. તમે ધર્મ તથા નીતિના પાલનને માટે રાજ્યનો પણ ત્યાગ કર્યો ને વનવાસને સ્વીકારી લીધો. એવો દુષ્કર ત્યાગ બીજું કોણ કરી શકવાનું છે ?'

રામ શાંત રહ્યા એટલે સુગ્રીવ બોલ્યો: 'મને રાજ્યનો મોહ ન હતો એટલે વાલીને વેરભાવનો ત્યાગ કરીને મારી સાથે મળીને રાજ્ય ચલાવવા કહી જોયું. ફરી ગાદી પર બેસીને રાજ્ય ચલાવવા માટે પણ સમજાવ્યો. પરંતુ એ ન માન્યો. એ તો મને મારી નાખવા જ તૈયાર થયો. ઋષ્યમૂક પર્વતના આ વિસ્તારમાં આવવાથી એનું મૃત્યુ થશે એવો એને મતંગ મુનિનો શાપ મળેલો છે. એટલે એ આ બાજુ નથી આવી શકતો. નહિ તો એનું સામર્થ્ય ઘણું વધારે હોવાથી એણે મને ક્યારનોય પૂરો કરી દીધો હોત. '

'એનું સામર્થ્ય ગમે તેટલું વધારે હોય તેથી શું થયું ?' રામે સુગ્રીવને આશ્વાસન આપતાં કહેવા માંડ્યું: 'હવે એ તમને નહિ મારી શકે. એનો નાશ કરવામાં હવે વધારે વાર નહિ લાગે. પરસ્ત્રીહરણ જેવાં બીજાં અનેક અનીતિમય કામોને લીધે એના આત્મબળનો ક્યારનોય હ્રાસ થઈ ગયો છે. એનો સર્વનાશ હવે નિશ્ચિત છે. વાલી તરફની બધી ચિંતા છોડી દેજો. હું પ્રતિજ્ઞા કરીને કહું છું કે એ નરાધમનો નાશ કરીને હું તમને શાંતિ તો આપીશ જ, પરંતુ રાજ્ય પણ પાછું પ્રદાન કરીશ. આપણી મિત્રતા નિષ્ફળ નહિ જાય.'

'તમારી પ્રતિજ્ઞા સાંભળીને મને આનંદ થાય છે, પણ વાલી એમ સહેજ વારમાં મરે એવો નથી. એ અત્યંત પરાક્રમી છે. એના પરાક્રમની કથાઓ સુપ્રસિદ્ધ છે. એક વાર મહાબળવાન રાવણ ક્યાંકથી ફરતો ફરતો કિષ્કિંધામાં આવી પહોંચ્યો. વાલીની સાથે એ યુધ્ધે ચઢ્યો. એનો મદ માતો ન હતો. એણે દેવતા, દાનવ, યક્ષ ને ગંધર્વને વશ કરેલા. અમને ઘડીભર તો વિચાર થયો કે વાલી એનો સામનો કેવી રીતે કરી શકશે. પરંતુ અમારી ચિંતા તથા શંકા ખોટી ઠરી. વાલીએ પોતાના અભૂતપૂર્વ પરાક્રમથી રાવણને પોતાના બાહુની વચ્ચે એવો તો દબાવ્યો કે રાવણ નિષ્પ્રાણ જેવો બની ગયો. એણે પોતાને જીવનદાન આપવાની

કાકલૂદીભરી વિનંતિ કરી ત્યારે જ વાલીએ એને છોડી મૂક્યો. એવા અસાધારણ પરાક્રમીને પરાસ્ત કરવાનું સહેલું નથી એ યાદ રાખજો.'

લક્ષ્મણે પૂછ્યું: 'જે રાવણે સીતાનું ચોરીછૂપીથી હરણ કર્યું છે તે જ રાવણની વાલીએ એવી દુર્દશા કરી કે કોઈ બીજા રાવણની ?'

'મને તો લાગે છે કે એણે એ જ રાવણની દુર્દશા કરેલી, બીજા કોઈ રાવણની નહિ. બીજા કોઈ રાવણ વિશે હજુ કશું સાંભળવામાં નથી આવ્યું. પછી સીતાનું હરણ કરનારો આ રાવણ બીજો હોય તો કોને ખબર ? પરંતુ વાલી છે ખૂબ જ પરાક્રમી. એનાથી ખૂબ જ સંભાળીને ચાલવા જેવું છે. એ સહેલાઈથી હારે એવો નથી લાગતો.'

રામે કહ્યું: 'સુગ્રીવ, એની ચિંતા ન કરતા. એને હું સહેલાઈથી ને સારી પેઠે પહોંચી વળીશ. એ ગમે તેવો પ્રતાપી હશે તો પણ મારી આગળ એનું કશું નહિ ચાલે.'

'રામનાં બાણ અજેય હોય છે. એની આગળ કોઈ જ નથી ટકી શકતું. એ બાણથી એમણે આજ સુધી અનેક રાક્ષસોનો નાશ કર્યો છે. વાલીની વિસાત એમની આગળ કશી જ નથી. માટે નકામી આશંકા ન કરતાં.' લક્ષ્મણે સુગ્રીવને ઉત્સાહ આપ્યો.

સુગ્રીવે થોડીવાર વિચાર કર્યો પછી રામને સંકોચ છોડીને કહ્યું: 'તમારા સામર્થ્યમાં સંદેહ ન થાય ને પૂરેપૂરો વિશ્વાસ બેસે એ માટે મને એનો થોડોક પરિચય કરાવો તો સારું. મારું મન એને લીધે નિશ્ચિંતતાનો અનુભવ કરશે.'

'કેવો પરિચય ?'

'તમે જેવો યોગ્ય માનો તેવો. આ સામે ખીણમાં સાલનાં જે સાત વૃક્ષો દેખાય છે એમના જેવા એક સાલ વૃક્ષને વાલીએ પોતાના બાહુબળથી ઉખેડી નાખેલું. તમે આટલા શક્તિશાળી છો તો એ વૃક્ષોમાંથી એકાદ વૃક્ષને ઉખેડી શકો એમ છો ?'

રામે સ્મિત કરીને ધનુષ્ય પર બાણ ચઢાવ્યું. એમનું બાણ છૂટીને જોતજોતામાં એ સાલ વૃક્ષો પાસે પહોંચી ગયું. બાણના સ્પર્શથી એ વૃક્ષોનાં બધાં પર્ણો તૂટી પડ્યાં. બાણ પોતાનું કામ કરીને રામ પાસે પાછું આવી ગયું. એ જોઈને સુગ્રીવ, હનુમાન તથા બીજા બધા નવાઈ પામ્યા.

રામે કહ્યું: 'સુગ્રીવ, સાલ વૃક્ષને ઉખેડવાનું કામ મારે માટે જરા પણ કપરું નથી. એ વૃક્ષને રમતાં ઉખેડી નાખું એમ છું. અત્યારે તો મેં વૃક્ષોને કોઈપણ જાતની ઈજા પહોંચાડ્યા વગર કેવળ એમનાં પાંદડાંને જ ધરાશાયી કરી દીધાં. મારો બળપ્રયોગ એટલા પૂરતો જ મર્યાદિત હતો. પરંતુ હવે હું તમારી ઈચ્છા પ્રમાણે પણ કરી બતાવીશ. તેને માટે વૃક્ષોની જરાક નજીક જઈએ.'

સુગ્રીવ રામના પ્રસ્તાવ સાથે સંમત થયા ને બોલ્યા: 'આજે આટલો બળપ્રયોગ પૂરતો છે. સાલ વૃક્ષને છેદવાનો બીજો બળપ્રયોગ કાલે કરી બતાવજો. આ પ્રયોગ પરથી પુરવાર થાય છે કે, તમે એકલા બળવાન જ નથી, પરંતુ સાથે સાથે સૂક્ષ્મ બુદ્ધિશક્તિથી પણ સંપન્ન છો. વાલી બળવાન છે પરંતુ તમારા જેવી સૂક્ષ્મ બુદ્ધિશક્તિથી સંપન્ન નથી દેખાતો.'

બીજે દિવસે બપોરે સૌ સાલ વૃક્ષોની પાસે આવી પહોંચ્યા, એટલે રામે કહ્યું: 'તમારી ઈચ્છા તો એવી છે કે મારા લોકોત્તર સામર્થ્યના પ્રદર્શન માટે હું એક જ સાલ વૃક્ષને જમીનમાંથી ઉખેડી નાખું પરંતુ તેવો પ્રયોગ કરવાથી તો મારી તથા વાલીની શક્તિની સમાનતા સાબિત થશે, વાલી કરતાં મારી શક્તિ શ્રેષ્ઠ છે એવું સાબિત નહિ થાય. મારે તો મારી શક્તિની શ્રેષ્ઠતા સાબિત કરવી છે અને તમારી સઘળી આશંકાનો અંત લાવી તમારી અંદર અચળ શ્રદ્ધા જગાવવી છે. એટલે આજે હું બીજી જાતનો બળપ્રયોગ કરી બતાવીશ. વાલીએ તો એક જ વૃક્ષ ઉખેડી નાંખેલું, પણ હું સાતે સાત સાલ વૃક્ષને એક સાથે ઉખેડી નાખીને ધરાશાયી કરી દઈશ,'

'એ તો અત્યંત અશક્ય અને અસાધારણ કહેવાય.'

'છતાં પણ એને કરવાનો મેં સંકલ્પ કરેલો છે, અને એની સિદ્ધિ હમણાં જ કરી બતાવું છું.'

'વાલીથી એવું પરાક્રમ કદાપિ ન થઈ શકે-સ્વપ્ને પણ નહીં.'

રામે સાલ વૃક્ષો તરફ શરસંધાન કર્યું. એમણે તાકેલું તીર ધનુષ્ય પરથી જોતજોતામાં વાયુવેગે છૂટું પડ્યું અને આંખને મીંચીને ઉઘાડવામાં આવે એટલીવારમાં તો એ પર્વતની ખીણમાં અડીખમ ઊભેલા સાતે સાલ વૃક્ષોને એકસાથે નિર્મૂળ કરતાં નીચે પાડી રહ્યું.

એમના નીચે પડવાથી થયેલો ભયંકર અવાજ અરણ્યમાં બધે જ ફરી વળ્યો.

લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન અને એમના સાથીઓના મુખ પર ઊંડો સંતોષ અને આનંદ ફરી વળ્યો.

સુગ્રીવના મુખમાંથી ઉદ્દગાર નીકળ્યા: 'હવે મને અને અમને બધાને પ્રતીતિ થઈ કે વાલી કરતાં તમારી શક્તિ ઘણી વધારે છે. વાલીની શક્તિ તમારી શક્તિના શતાંશ બરાબર નથી લાગતી. હવે મારી બધી ચિંતા શમી ગઈ તથા ભીતિ ટળી ગઈ. તમારા જેવા મહાપુરુષનો મેળાપ થવાથી મારું જીવન સંપૂર્ણપણે સલામત બની ગયું.'

હનુમાને કહ્યું: 'સુગ્રીવ તમારા જેવા સત્પુરુષની શોધમાં હતા. તમે એમના પર કૃપા કરીને જ્યારથી એમના સુહૃદ બન્યા ત્યારથી જ એમનું અને અમારું સદ્દભાગ્ય શરુ થયું. અમે અત્યાર સુધી અનાથ હતા તે હવે સનાથ બન્યા.'

'વાલી શાપને લીધે અહીં નથી આવી શકતો.'

રામે કહ્યું: 'છતાં પણ એ આવશે તો તમને કાંઈ જ નહીં કરી શકે. તમારું રક્ષણ કરવા હું સદાય તત્પર છું, પછી તમારે કોનો ભય છે ? જુઓ, મારા અમોઘ બાણનો એક બીજો ચમત્કાર કરી બતાવું?'

એમ કહીને રામે પાસેની જમીનમાં બાણ માર્યું કે તરત જ એ જડ જેવી દેખાતી જમીનમાંથી પાણીનો પ્રવાહ પ્રગટી નીકળ્યો. સુગ્રીવ તથા હનુમાન એ જોઈને મુગ્ધ બની ગયા.

સુગ્રીવે કહ્યું: 'આ સુંદર પ્રવાહ તમારી શક્તિનો પરિચાયક હોવાથી હવેથી રામધારાના નામથી ઓળખાશે. એના દર્શનથી તમારા મહિમાનો ખ્યાલ આવશે. મારા અંતરમાં થોડીક આશંકા હતી, પરંતુ હવે મને તમારી શક્તિની પુરેપૂરી પ્રતીતિ થઈ. અજ્ઞાન ને લીધે મારાથી કોઈ અનુચિત વચનો કહેવાયાં હોય તો ક્ષમા માંગું છું. તમે મહાન તથા ઉદાર દિલ છો એટલે ક્ષમા આપશો એવી ખાતરી છે.'

* * * * *

## ૪૭. વાલી ઢળી પડ્યો.

રામ અને લક્ષ્મણનો સ્નેહ પામીને સુગ્રીવ કાંઈક અંશે નિશ્ચિંત બન્યો.

વાલીએ કરેલા અન્યાયનો બદલો લેવાની ભાવના એના દિલમાં વધારે ને વધારે પ્રબળ બનતી ગઈ. વાલીએ કરેલું એનું ઘોર અપમાન એને યાદ આવતું ને કોરી ખાતું. એણે કરેલી પોતાની દુર્દશા એના દિલમાં દાહ પેદા કરતી. એને લીધે એ સુખપૂર્વક સૂઈ પણ ન શકતો.

રામ એની મનોદશાને બરાબર જાણી ગયા, એટલે એને વાલીનો મુકાબલો કરવા માટે ઉત્સાહિત કર્યો.

સુગ્રીવ રામની સંમતિથી વાલી સાથે યુદ્ધ કરવા તૈયાર ગયો.

હાથમાં ગદા લઈને રામના શુભાશિષ સાથે એણે કિષ્કિંધા માટે પ્રયાણ કર્યું.

રામ તથા લક્ષ્મણ પણ એની સાથે ગયા.

પર્વત પરથી નીચે ઉતરીને થોડાક આગળ વધ્યા પછી એ બંન્ને વનની ઝાડીમાં ઊભા રહ્યા અને સુગ્રીવ યુદ્ધ માટે આગળ ચાલ્યો.

કિષ્કિંધાના સુવર્ણમય, મણિજડિત દૂર્ગદ્વાર પાસે પહોંચીને એણે જોરથી ગર્જના કરી તથા વાલીને યુદ્ધ માટે આહ્‌વાન કર્યું.

વાલી સુગ્રીવનો સાદ પારખીને અંત:પુરમાંથી યુદ્ધે ચઢવા બહાર નીકળવા માંડ્યો ત્યારે તારાએ એને વારતાં કહ્યું: ‘સુગ્રીવને કોઈક પ્રતાપી પુરુષનો સાથ સાંપડ્યો છે. એવા સમાચાર મને વિશ્વસ્ત સુત્રો દ્વારા મળી શક્યા છે. એ સમાચાર ખોટા ન હોઈ શકે. માટે તો એ હિંમતપૂર્વક યુદ્ધને માટે ગર્જના કરે છે. મને ભય છે કે એ પ્રતાપી પુરુષોનો સાથ મેળવીને આ વખતના યુદ્ધમાં તમને પરાસ્ત ન કરે. મારું અંતર કશાક અમંગલની આશંકા કરી રહ્યું છે.

વાલી અટ્ટહાસ્ય કરતાં મદભરી ભાષામાં કહેવા માંડ્યો: ‘તારું અંતર તો સદા આશંકા જ કર્યા કરવાનું. યુદ્ધમાં મારો સામનો કરે એવું છે જ કોણ ? અને એવું કોઈ હશે તો પણ મારે હાથે નાશ પામશે. સુગ્રીવને કોઈનો સાથ મળ્યો હોય તો પણ શું ? મારું સામર્થ્ય એવું અસાધારણ છે કે સુગ્રીવ કે તેના સાથીથી મારી સામે લડી જ ન શકાય. મોટા મોટા વીરોને મેં ધૂળ ચાટતાં કરી દીધા છે, પછી સુગ્રીવનો અને એના સાથીનો શો હિસાબ ? એ તો મારે મન તણખલાં બરાબર છે. હમણાં ચપટી વગાડતામાં એને નસાડી મૂકું છું. હું બહાર નીકળું એટલી જ વાર છે. એ નાસી જશે.’

‘તમે આવું અભિમાન કરો છો એ બરાબર નથી. એ અભિમાન તમને કોઈવાર ભારે પડશે. મને આજે એક અમંગલ સ્વપ્ન આવ્યું છે. એને યાદ કરીને તમને અરજ કરું છું કે, આજે સુગ્રીવ સાથે લડવા ન જતાં.’

‘કેવું સ્વપ્ન આવ્યું છે ?’

‘જાણે કે તમે લડતાં લડતાં ભયંકર રીતે ઘાયલ થયા છો અને સુગ્રીવ તમને કેદ કરીને રાજ્યસિંહાસન પર બેસવાની તૈયારી કરે છે. એની સાથે એક પ્રતાપી પુરુષ અને હનુમાન પણ છે.’

વાલીએ ફરીથી અટ્ટહાસ્ય કરીને કહ્યું: 'તું પણ ખરી છે! આવા પાયા વિનાના સ્વપ્નને સાચું સમજીને શંકામાં પડી. હજુ તને મારા સામર્થ્યનો પરિચય નથી થયો લાગતો. બધાં સ્વપ્ન શું સાચાં હોય છે ?'

'સાચા હોય છે કે નથી હોતા એ વાતનો નિર્ણય મારાથી ન કરી શકાય, પરંતુ મારું મન આ સ્વપ્નથી એટલા માટે શંકાશીલ બન્યું કારણ કે આ સ્વપ્ન બ્રાહ્મમુહૂર્તના વખત દરમ્યાન આવેલું. બ્રાહ્મમુહૂર્તનું સ્વપ્ન સાચું પડે છે એવા લોકોક્તિ છે. હું અંતઃકરણપૂર્વક ઈચ્છુ છું કે આ સ્વપ્ન સાચું ન પડે તથા ચિરાયુ થાવ. છતાં પણ આવા વિચિત્ર સ્વપ્નને લીધે મારું મન થોડુંક ભયભીત બની ગયું છે. સુગ્રીવને કિષ્કિંધાનો ત્યાગ કરવો પડ્યો એ અગાઉ પણ મને એની સુચના આપતું સ્વપ્ન આવેલું. સુગ્રીવને મેં એ કહી બતાવેલું ત્યારે એમણે પણ એની આવી જ રીતે ઉપેક્ષા કરી, છતાં પણ એ સ્વપ્ન સાચું ઠર્યું.'

'સુગ્રીવ સંબંધી સ્વપ્નું સાચુ ઠર્યું હોય તો પણ એનો અર્થ એવો તો નથી જ કે આ સ્વપ્ન પણ સાચું ઠરશે. તારું સ્વપ્ન દેખીતી રીતે જ કેટલું વિચિત્ર છે! કોઈપણ બુદ્ધિશાળી પુરુષ એને સાચું ન માની શકે. સુગ્રીવ મારી સાથેના યુદ્ધમાં મને ઘાયલ કરશે, કેદ કરશે, તથા રાજ્યસિંહાસન પર બેસશે એ વાત માની શકાય એવી છે જ ક્યાં ? પર્વતો હાલવા માંડે, ધરતી પોતાની તિતિક્ષાનો પરિત્યાગ કરે, અને આકાશ તૂટી પડે તો પણ સુગ્રીવ યુદ્ધમાં મને ઘાયલ નથી કરી શકે તેમ. તો પછી એની પછીની બીજી પરિસ્થિતિ તો પેદા થઈ શકે જ કેવી રીતે ? સુગ્રીવને મારા બાહુબળનો સ્વાદ ચખાડીને હું હમણાં જ પાછો ફરું છું.'

એમ કહીને વાલી હાથમાં ગદા લઈને બહાર દોડ્યો.

એને સામેથી વંટોળની જેમ દોડી આવતો જોઈને સુગ્રીવ થોડો ગભરાયો તો ખરો, પરંતુ રામની અસાધારણ શક્તિનું સ્મરણ કરીને હિંમત ધારણ કરીને ઊભો રહ્યો.

વાલીએ એની પાસે પહોંચીને રોષથી કહ્યું: 'તને પર્વતની ગુફામાં શાંતિપૂર્વક સૂવાનું નહિ ગમતું હોય એટલે આજે પાછો કાળનો કોળિયો થવા મારી આગળ મોટું સાહસ કરીને આવી પહોંચ્યો લાગે છે !'

સુગ્રીવે કહ્યું: 'હું કાળનો કોળિયો થવા માટે નથી આવ્યો, પરંતુ તને કાળનો કોળિયો કરવા માટે આવી પહોંચ્યો છું. હું તારો કાળ જ છું.'

'એમ ? એટલું બધું અભિમાન ?'

'અભિમાન તો મારામાં નથી પણ તારામાં છે. એટલે તો એને લીધે તું ઘમંડી બની ગયો છે ને મારી સાથે ઘોર અનીતિ કરી રહ્યો છે.'

'લે ત્યારે તારી સાથે નીતિ કરી બતાવું અને તારી યુદ્ધની ભાવના પૂરી કરું. જીવન પ્રિય હોય તો હજુ પણ પાછો જા, નહિ તો પછી મરવા માટે તૈયાર થા.'

'મરવા માટે નહિ પરંતુ તને મારવા માટે તૈયાર છું.'

'તો પછી આવી જા !'

બંને વચ્ચે ગદાયુદ્ધ શરૂ થયું.

રામ તથા લક્ષ્મણ એને દૂરથી જોવા લાગ્યા.

લડતાં લડતાં વાલીએ સુગ્રીવની છાતી પર મુક્કાનો પ્રહાર કર્યો. એથી સુગ્રીવ ભારે વિહ્વળ બની ગયો. પીડા તથા બેચેની સાથે એણે રામ અને લક્ષ્મણની મદદની પ્રતિક્ષા કરી, પરંતુ એમની મદદ ના મળવાથી યુદ્ધ સ્થળમાંથી પોતાનો પ્રાણ બચાવવા એ ઊંડી નિરાશા સાથે નાસવા લાગ્યો.

વાલીએ એનો પીછો તો કર્યો પરંતુ એ ઋષ્યમૂક પર્વતના પ્રદેશમાં પ્રવેશ્યો એટલે શાપનું સ્મરણ કરીને વાલી પાછો ફર્યો.

પાછા ફરતાં પહેલાં એણે સુગ્રીવને સંભળાવ્યું: 'જીવતા રહેવું હોય તો હવે ભૂલેચૂકે પણ પાછો ન ફરતો. હવે આવીશ તો ગમે તે થશે તો પણ પાછો નહિ જવા દઉં. તું એકલો હોઈશ કે તારા સહાયકની સાથે હોઈશ તો પણ બચશે તો નહીં જ.'

વાલીએ અંતઃપુરમાં પાછા ફરીને તારાને બધી હકીકત કહી સંભળાવી એટલે તારાને શાંતિ થઈ.

વાલી બોલ્યો: 'મેં નહોતું કહ્યું કે મારી સામે સુગ્રીવ ટકી શકે તેમ નથી ? તને શંકા હતી તો જોઈ લે. મને ઘાયલ કરવાની વાત તો બાજુએ રહી, આ તો સુગ્રીવ પોતે જ ઘાયલ થઈને નાસી ગયો. હવે નકામી ચિંતા કે શંકા ન કરતી. તારું સ્વપ્ન કેટલું બધું અર્થહીન હતું તેની હવે તને ખાતરી થઈ ?'

'તો પણ તમે સાવધાન તો રહેજો જ. સુગ્રીવને સાથીની સહાય હોવાથી એ ફરીવાર ન આવે. વેરભાવ માણસને શાંતિથી નથી બેસવા દેતો. એ એના હૃદયને બાળ્યા જ કરે છે. હું તો કહું છું, તમે સુગ્રીવને રાજ્યનો થોડોક હિસ્સો આપી દો અથવા યુવરાજ બનાવો જેથી તમારા બંને વચ્ચેનું વેર કાયમને માટે શમી જાય. આખરે એ પણ તમારા ભાઈ છે. એમણે જે અપરાધ કર્યો છે તે જાણીબૂઝીને નથી કર્યો.'

'તું પણ એનો પક્ષ ખેંચતી લાગે છે. તારી બુદ્ધિને ખરેખર ધન્ય છે. સુગ્રીવને રાજ્યનો હિસ્સો આપું ? તો પછી હું શું કરું ? અને એને યુવરાજ પદ પ્રદાન કરું તો અંગદ શું કરશે ? તારી બુદ્ધિની પણ બલિહારી છે! તારી સલાહ પ્રમાણે ચાલું તો બધું બરબાદ થઈ જાય. હું એવો મૂર્ખ નથી કે સુગ્રીવને એમ રાજ્ય આપી દઉં. હા, એને જીવવાનું ગમતું જ નહિ હોય અને મરવાનું જ પસંદ હશે તો એને મૃત્યુની મુલાકાત અવશ્ય કરાવી આપીશ. બાકી તો મારા પર વેરભાવ રાખીને એ બીજું કરવાનો પણ શું હતો ? એ લાખ ઉપાય કરે તો પણ મારો વાળ વાંકો નથી કરી શકવાનો.'

તારા બોલી: 'મને ભય તમારા જીવનનો છે. તમને કશુંક થઈ જશે તો મારું જીવન દુઃખી બની જશે.'

'મને કશું જ નથી થવાનું. તું તદ્દન નિર્ભય રહેજે.'

વાલીના પ્રહારથી પીડિત થયેલા સુગ્રીવે ઋષ્યમૂક પર્વતની તળેટીમાં ઊભેલા ધનુર્ધારી રામને ઉદ્દેશીને કહ્યું: 'જોયોને વાલીનો પ્રભાવ ? તમારા ભરોસે હું લડવા ગયો. નહિ તો એની સામે યુદ્ધે ચઢવાની હિંમત ન કરું, પરંતુ તમે તો નિષ્ક્રિય જ રહ્યા. આવી રીતે મારાથી એનો સામનો સ્વપ્ને પણ નહિ કરી શકાય.'

રામે કહ્યું: 'સુગ્રીવ, વાલી ગમે તેવો બળવાન હશે તો પણ એનો નાશ કરવાનું મારે માટે સહેલું છે. એનો નાશ આજે જ કરી નાખત, પરંતુ તમારા બંનેનું સ્વરૂપ એકસરખું હોવાથી હું એને ઓળખી ના શક્યો. એને મારવા જતાં તમને મારી બેસવાની આશંકાને લીધે આજે હું નિષ્ક્રિય રહ્યો પણ કાલે નહિ રહું. કાલે વાલીનો નાશ નિશ્ચિત છે. કાલે તમારે ફરીવાર યુધ્ધ માટે જવું પડશે. વાલીને ઓળખવામાં મારી ભૂલ ના

થાય એટલા માટે તમારા કંઠમાં ફૂલની મનહર માળા પહેરાવીશ. પછી વાલીને મારવાનું મારે માટે સહેલું થઈ પડશે. તમે આજની જેમ લડવા જજો ને વાલીને બહાર લાવજો એટલે આગળનું કામ હું પોતે કરી લઈશ.'

રામના વચનથી સુગ્રીવને શાંતિ થઈ.

બીજે દિવસે બપોરે રામે અર્પણ કરેલી મનહર માળા પહેરીને એણે કિષ્કિંધા પ્રતિ પ્રયાણ કર્યું.

રામ અને લક્ષ્મણ પણ એની સાથે ગયા ને થોડેક દૂર એક ઘટાદાર વૃક્ષની આડમાં ઊભા રહ્યા.

સુગ્રીવે આગલા દિવસની જેમ જ વાલીને યુધ્ધ માટે આહ્વાન કર્યું.

એનો સ્વર સાંભળીને વાલી બહાર નીકળવાની તૈયારી કરતાં બોલ્યો: 'મારું અનુમાન સાચું પડ્યું. સુગ્રીવ ફરી પાછો યુધ્ધ કરવા આવી પહોંચ્યો. હજુ કાલે જ એણે મારી શૂરવીરતાનો સ્વાદ ચાખ્યો છે, છતાં પણ એને એ ભૂલી ગયો લાગે છે. આજે એનું મૃત્યુ નક્કી છે. એ મૃત્યુ જ એને અહીં ઘસડી લાવ્યું છે. મારો સર્વનાશ કરવા તૈયાર સુગ્રીવને મારુ નહીં તો બીજું શું કરું ? એના પર દયા કરવાની હોય જ નહિ.'

તારા બોલી: 'તમારી શૂરવીરતાનો સ્વાદ ચાખવા છતાં પણ આજે એ તમને યુધ્ધ માટે લલકાર કરે છે એનું કારણ બીજું શું હોઈ શકે ? એ જ કે એમને કોઈ મહાબળવાન મિત્રોનો સાથ મળ્યો છે.'

'એના મિત્રો એને સાથ આપશે ને મારી સામે આવશે તો સુગ્રીવની જેમ એ પણ મારી શૂરવીરતાનો સ્વાદ ચાખી લેશે. યુદ્ધમાં મારો સામનો કરનાર કોઈને પણ હું નહિ છોડું.'

'કોણ જાણે કેમ પણ આજે વહેલી સવારથી જ મારું જમણું અંગ ફરકી રહ્યું છે. એને લીધે કોઈક ઉત્પાત થવાની આશંકા મારા મનમાં થયા કરે છે. મારા અંતરમાંથી ઊંડે ઊંડે એમ થાય છે કે આજે તમે બહાર ના જાવ તો સારું.'

'તું તો આવીને આવી ડરપોક જ રહેવાની. જમણું અંગ ફરકે એમાં શું થયું ? એ બિચારું ફરકે પણ નહિ ? એમાં એણે શો અપરાધ કર્યો ? હું એવા વહેમમાં નથી માનતો પરંતુ પરાક્રમના પ્રદર્શનનો પોકાર પડે ત્યારે એના પ્રદર્શન માટે કૂદી પડવામાં જ માનું છું.'

તારાની વિનવણીને લક્ષમાં લીધા વિના વાલી સુગ્રીવનો લલકાર સાંભળીને બહાર નીકળી પડ્યો.

સુગ્રીવને જોઈને એ કહેવા માંડ્યો: 'કાલનો પ્રહાર એટલીવારમાં ભૂલી ગયો કે ? જીવનની મમતા હોય તો ભલો થઈને પાછો જા, નહિ તો.........

સુગ્રીવ વીરતાપૂર્વક વચ્ચે જ બોલી ઊઠ્યો: 'કાલે તો મારી થોડીક ભૂલ થઈ, એટલે તું પ્રહાર કરી ગયો. પરંતુ આજે હવે એવી ભૂલ નહિ થાય. આજે તો તને મારી વીરતા બરાબર બતાવી આપીશ.'

'વીરતા બતાવશે તે પહેલાં તો તને રણમાં રોળી નાખીશ.'

'તું મને નહિ રોળે પણ હું તને રોળી નાખીશ.'

'એમ? તો પછી તારું બધું બળ એકઠું કરીને આવી જા. આજે સૌથી પહેલાં દ્વંદ્વયુદ્ધ કરવું હોય તો તેને માટે પણ તૈયાર છું.'

બંને વચ્ચે દ્વંદ્વયુદ્ધ શરૂ થયું.

કિષ્કિંધાના કેટલાય પ્રજાજનો તેને નિહાળવા માટે ભેગા થયા.

વાલી અને સુગ્રીવ શૂરવીરતા જાણે શરીર ધારણ કરીને લડતી હોય એવા લાગવા માંડ્યા.

વાલીનું સામર્થ્ય વધારે હોવાથી, સુગ્રીવ એનો સામનો નહોતો કરી શકતો.

દ્વંદ્વયુદ્ધ કરતાં કરતાં એ થાકી ગયો ને કાંઈક હતાશ બન્યો ત્યારે રામની દિશામાં દયાની યાચના કરતાં નેત્રે નિખરવા લાગ્યો.

એની અસહાયતાનું અનુમાન કરીને લક્ષ્મણે રામને કહ્યું: ‘એનામાં હવે શક્તિ નથી રહી. એણે આપણને આશ્રય આપ્યો છે અને આપણી સાથે મિત્રતા કરી છે. એટલે આપણે એને મદદ કરવી જ જોઈએ. હું ધારું તો વાલીનો સંહાર એક ક્ષણમાં કરી શકું. તમારી કૃપાથી મારામાં એવી શક્તિ છે. પરંતુ તમારી પ્રતિજ્ઞા મિથ્યા ન થાય એટલા માટે તેનો નાશ તમે જ કરો તે બરાબર છે. હવે બાણ છોડવામાં વિલંબ ન કરો. તમારાં બાણ દુર્જનોના નાશ માટે જ છે, કેવળ શોભા માટે નથી.’

‘વાલીનો નાશ મેં ક્યારનોય કરી નાખ્યો હોત, પરંતુ મેં હાથે કરીને થોડોક વિલંબ કર્યો છે. તેનું કારણ એ કે સુગ્રીવને એની મર્યાદાનું ભાન થાય, એનું રહ્યુંસહ્યું ગુમાન ઓગળી જાય, અને મારા વિના વાલી પર વિજય મેળવવાનું અશક્ય છે એની એને ખાતરી થાય. હવે એવી ખાતરી થઈ ગઈ છે. એટલે વિલંબ નહિ કરું.’

રામે એટલું કહ્યું ત્યાં તો સુગ્રીવે એમના તરફ ફરીવાર દીનતાભરી દૃષ્ટિ કરી.

એ જ વખતે રામના ધનુષ્ય પરથી બાણ છૂટ્યું.

નિમિષમાત્રમાં તો એ વાલીની છાતીમાં વાગ્યું અને વાલી ચિત્કાર કરતો ‘દગો દગો’ બોલતો ધરણી પર ઢળી પડ્યો.

એની છાતીમાંથી લોહીની ધારા નીકળી પડી. એને લીધે એનું શરીર લથપથ થઈ ગયું.

અસહ્ય પીડાથી પીડાતો વાલી એનો પ્રાણ શરીર છોડીને બહાર નીકળે તે પહેલાં પોતાને બાણ મારનારની દિશામાં જોવા લાગ્યો.

* * * * *

## ૪૮. શરદનો પ્રારંભ

વાલી બાણથી ઘાયલ થઈને ધરતી પર ઢળી પડ્યો એ જોઈને લક્ષ્મણે પ્રસન્ન થઈને રામને કહ્યું: ‘આખરે તમારી પ્રતિજ્ઞા પાળી ખરી. જે થયું તે ઘણું સારું થયું. જો તમે જરાક પણ વિલંબ કર્યો હોત તો આજે સુગ્રીવને જીવતો ન જોઈ શકત. વાલી એને મારી નાખત.’

‘એટલે જ મેં એને એનાં દુષ્કર્મોનો દંડ દીધો. સુગ્રીવને સંરક્ષવાની આપણી ફરજ હતી.’

બંને વટવૃક્ષની પાછળથી બહાર આવ્યા.

વાલીએ એમને પોતાની આગળ આવેલા જોઈને કહ્યું: ‘તમે મારી સાથે દગો રમ્યા છો. મને મૃત્યુનો ભય નથી. શરીર તો વહેલું કે મોડું દરેક દેહધારીનું પડવાનું જ છે. કોઈ પોતાના શરીરને કાયમને માટે એવું ને એવું નથી રાખી શકતું. એટલે મારે પણ એક દિવસ મરવાનું તો હતું જ. મને મૃત્યુનો વિચાર કરીને શોક નથી થતો. અફસોસ માત્ર એટલો જ થઈ રહ્યો છે કે સુગ્રીવનો પક્ષ લઈને તમે મને ચોરીછૂપીથી, છળકપટથી બાણ માર્યું. તમારી સાથે મારે કોઈ પ્રકારનું વેર નથી છતાં પણ તમે મારી અને સુગ્રીવની વચ્ચે પક્ષકાર થયા, અને એક નિંદનીય અધર્મ કર્મ કરી બેઠાં. તમારામાં વીરતા હતી તો તમારે સામી છાતીએ મારી સાથે લડવા આવવું’તું. આવા કર્મને ઉત્તમ કે વીરોચિત ન કહેવાય, પરંતુ અધમ જ કહી શકાય. મેં તમારો એવો કયો અપરાધ કર્યો જેથી તમારે મારો નાશ કરવા માટે તત્પર થવું પડ્યું તે કહી બતાવશો ?’

રામે શાંત સ્વરે કહેવા માંડયું: ‘વાલી, તેં સુગ્રીવનો અપરાધ કર્યો છે એ પ્રકારાન્તરે મારો જ અપરાધ છે કારણ કે સુગ્રીવ મારો મિત્ર છે. તેં એને રાજ્યશ્રીથી વંચિત કર્યો, એની સ્ત્રીને લઈ લીધી, એનું નિકંદન કાઢવાનો પ્રયાસ કર્યો, અને એને કિષ્કિંધાની બહાર કાઢી મૂક્યો. મોટા ભાઈ તરીકેની બધી જ ભાવના તથા ફરજને તેં નેવે મૂકી એથી વિશેષ બીજો કયો અપરાધ હોઈ શકે ? વિધાતાએ મને નિમિત્ત બનાવીને આજે તને એનો દંડ આપી દીધો છે.’

વાલી કાંઈ બોલ્યો નહિ, એટલે રામે આગળ કહ્યું: ‘અનીતિ, અન્યાય અને અધર્મનો નાશ થાય છે. એ છેવટે પરાજય પામે છે, એ સનાતન સિધ્ધાંત જ આજે સાર્થક થયો છે. મેં તારો છૂપી રીતે નાશ કરવાનું કૃત્ય કરીને કોઈ જાતનો અધર્મ નથી કર્યો. તારા જેવા અધર્મપરાયણ પુરુષને ગમે તે રીતે મારવામાં પાપ નથી, કશું ખોટુંયે નથી. એને સંગ્રામમાં સામે આવીને જ મારવો જોઈએ એવું કશું નથી. અમે અયોધ્યાના મહારાજા દશરથના, એમના વચનપાલનને માટે વનમાં નીકળેલા, પુત્રો રામ અને લક્ષ્મણ છીએ. મારી સ્ત્રી સીતાનું હરણ રાવણે કર્યું હોવાથી અમે એની શોધમાં નીકળ્યા છીએ. સુગ્રીવે અમારી સાથે કરેલી મિત્રતાના બદલામાં અમે એમને નિર્ભય કર્યા છે એટલું જ. બીજી કોઈ અનીતિ નથી કરી. નીતિ અને અનીતિ વિશે તને આટલું બધું માન હતું તો સુગ્રીવ સાથે અનીતિ શા માટે કરી ?’

વાલી બોલ્યો: ‘સુગ્રીવનો સાચો ઈતિહાસ જાણશો તો ખાતરી થશે કે અનીતિ મેં નથી કરી પરંતુ એણે જ કરી છે.’

‘એણે નાની કે મોટી ગમે તેવી ભૂલ કરી હોય પણ, આખરે એ તારો ભાઈ હતો, એ હકીકત તું ભૂલી ગયો. એને લીધે તું એના પર દ્વેષ રાખી એનો સર્વનાશ કરવા તૈયાર થયો. એ દૃષ્ટિએ જોતાં તને જે દંડ

મળ્યો છે તે બરાબર છે. મને એનો લેશ પણ અફસોસ નથી થતો. હા. તમે બંને ભાઈ જો એકમેક પ્રત્યે પ્રેમ રાખીને સંપીને રહેતા થયા હોત તો મને વધારે આનંદ થાત.'

'તેને માટે પ્રયાસ કરવાની તમારી ફરજ ન હતી ? તમે મને સમજાવવાની કોશિશ કેમ ન કરી ?'

એવી કોશિશ કરવાનો કોઈ અર્થ જ ન હતો. એવી કોશિશ કરી હોત તો પણ એની સફળતાનો સંભવ જ કયાં હતો ? સુગ્રીવને ન્યાય કરવાની તારી ઈચ્છા જ ન હતી. તું તો તારા બાહુબળથી એને દબાવવા, હરાવવા અને બને તો નષ્ટ કરવા માગતો' તો. એ અવસ્થામાં બીજું શું થઈ શકે ? એટલે મેં જે પગલું ભર્યું છે તે બરાબર છે. હું આવું પગલું ન ભરત તો આજે સુગ્રીવના જીવવાની આશા જ ન હતી. મારા મિત્રનો એવો કરુણ અંત મારાથી કેવી રીતે જોઈ શકાય ?'

'સુગ્રીવની સાથે કરેલી મિત્રતાની વધારીને તમારી પત્ની સીતાને પાછી મેળવવાના પ્રયાસમાં મદદ મેળવવાના ઉદ્દેશથી તમે આવું ઘોર કર્મ કરી બેઠા, એ હું સમજી શકું છું. પરંતુ તમે મારી પાસે આવીને મારી સાથે મૈત્રી કરીને, તમારી પરિસ્થિતિ જણાવી હોત, તો સીતાની શોધમાં હું પણ તમને મદદ કરત. રાવણ જ્યાં હોત ત્યાંથી એને પરાસ્ત કરીને સીતાને પાછી લાવત.'

'પરંતુ તારા જેવા દુષ્કર્મપરાયણની સાથે મિત્રતા કેવી રીતે કરી શકાય ? તારી સાથે મિત્રતા કરવાનો વિચાર પણ ન કરી શકું. સુગ્રીવ તારા કરતાં વધારે સદ્દગુણી ને સુયોગ્ય છે. એની મિત્રતા મેળવીને મને સંતોષ છે.'

વાલીના પીડા વધી ગઈ.

એની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા.

એણે કરુણ સ્વરે કહ્યું: 'સુગ્રીવ, પ્રાજ્ઞ પુરુષોએ કહ્યું છે કે, સત્તા સંપત્તિ તથા સ્ત્રી કલેશ કે કુસંપનાં કારણ થઈ પડે છે, એ આપણા સંબંધમાં સાચું ઠર્યું. જે રાજ્યને, સંપત્તિને તથા સ્ત્રીને તું ઝંખતો'તો તેને હવે સહેલાઈથી મેળવી શકીશ. મારા મૃત્યુથી તારો માર્ગ તદ્દન મોકળો થશે. તને અટકાવનારું તથા તારો સામનો કરનારું હવે કોઈયે નહિ રહે. આપણે લડ્યા, ઝઘડ્યા, અને એકમેકનો સર્વનાશ કરવા તૈયાર થયા, તો પણ ભાઈ છીએ. વરસો સુધી આપણે ખૂબ પ્રેમથી જીવ્યા છીએ. એ પ્રેમભાવ પૂરો થયો અને પાછળથી આપણે વેરી બન્યા તો પણ ભાઈ થોડા જ મટી જવાના છીએ ? મારા મૃત્યુ પછી કિષ્કિંધાનું રાજ્ય તને મળશે તેનો પણ મને સંતોષ છે. રાજ્ય કોઈ પારકા પુરુષના હાથમાં નહિ જાય. હું મરી જઈશ તેનું મને દુઃખ નથી. મારું મૃત્યુ રામના હાથે અને તારે લીધે જ નિર્માયું હશે. એનો શોક નહિ કરું છતાં પણ મરતાં પહેલાં મારે તને થોડીક ભલામણ કરવાની છે. તેના સિવાય મને શાંતિ નહિ થાય.'

સુગ્રીવ વાલીની પાસે જઈને જમીન પર બેસી ગયો.

વાલીનાં વચનોએ એના અંતરને વ્યથિત કરી દીધું. એની આંખ અશ્રુભીની બની ગઈ.

એણે વાલીને પૂછ્યું: 'મને શી ભલામણ કરવાની છે ?'

વાલીએ કહ્યું: 'મારે માટે કોઈ પ્રકારની કટુતા ન રાખતો. મારા મનમાંથી પણ બધી જાતની કટુતાને મરતાં પહેલાં કાઢી નાખું છું. મારે વેરભાવને સાથે લઈને નથી મરવું. મારાથી થયેલા અન્યાય માટે મને

ક્ષમા કરજે. મેં તને દુઃખી કર્યો ને ભારે હાનિ પહોંચાડી તેનું મને દુઃખ છે. તું ક્ષમા કરીશ તો જ મને શાંતિ વળશે ને સદ્દગતિ મળશે. બોલ, તું ક્ષમા કરે છે ?'

'હા.'

'સાચા દિલથી ?'

સુગ્રીવનું હૈયું ભરાઈ આવ્યું. એ બોલ્યોઃ 'હા. સાચા દિલથી. તને પશ્ચાત્તાપ થાય છે પછી મારી ક્ષમાની જરૂર જ ક્યાં છે ? છતાં તારે જોઈતી જ હોય તો મેં તને ક્ષમા આપી દીધી.'

વાલીએ દડદડતી આંખ સાથે કહ્યું: 'હવે મને શાંતિ થઈ. મારા મન પરથી એક મોટો બોજો ઉતરી ગયો. નહિ તો આ અસહ્ય બોજાને લઈને મારે અનંત કાળ સુધી ફરવું પડત. એક વાત તો પૂરી થઈ. હવે બીજી વાત કહી દઉં. બીજી ભલામણ કરી લઉં.'

'જરૂર.'

સુગ્રીવ વાલીની વાત સાંભળવા માટે આતુર બન્યો, એટલે વાલી બોલ્યો: 'મને મરતી વખતે બીજી કોઈ ચિંતા નથી સતાવતી પણ અંગદની ચિંતા સતાવી રહી છે. મારો એ પ્રિય પુત્ર હું તને સોંપી જાઉં છું. વેર ભાવનો ત્યાગ કરીને એની સંભાળ રાખજે. બદલામાં એ પણ તારી સેવા કરશે. મને વચન આપ કે તું તારાનું અને અંગદનું ધ્યાન રાખશે.'

સુગ્રીવે વાલીને વચન આપ્યું ને પૂછ્યું: 'એ ઉપરાંત કશું કહેવું છે ? તારી બધી જ આકાંક્ષાઓનો બનતો અમલ કરવા હું તૈયાર રહીશ તેની ખાતરી આપું છું.'

'કિષ્કિંધાની પ્રજાને મેં પ્રજા નથી માની, પરંતુ મારા પોતાના પરિવાર જેવી ગણી છે. એવા પ્રેમભાવથી જ એનું પાલન કર્યું છે. એને સુખી, સમૃદ્ધ તથા સમુન્નત કરી છે. પ્રજાપાલનના એ વારસાને જાળવી રાખજે. સૌને સુખી કરવાનો પ્રયાસ કરજે. પ્રજાના દુઃખને તારું દુઃખ માનીને એ દુઃખને દૂર કરવા તૈયાર રહેજે. તું એકલો રાજા નહીં, પરંતુ સાચા અર્થમાં પ્રજાનો પાલક બનજે. ધરતીને રસકસવંતી રાખજે, સેવકોને સન્માનજે તેમજ સંતુષ્ટ રાખજે, સેનાને સુદૃઢ કરજે ને પશુપાલનમાં તથા સંપત્તિને સાચવવામાં પ્રમાદ ન કરતો.'

'એ ભલામણ મને યાદ રહેશે. તે બાબત તું નચિંત રહેજે.'

'હવે એક છેલ્લી ભલામણ કરી લઉં. આ રામ અને લક્ષ્મણ દેવાંશી લાગે છે. એમના પાર્થિવ શરીરની પાછળ મને કોઈ અપાર્થિવ પરમ પ્રકાશની ઝાંખી થાય છે. એમના આત્મા અસામાન્ય છે. મરતી વખતે એમની અલૌકિકતાની મને ખાતરી થઈ રહી છે. એમની મન મૂકીને સેવા કરજે. પ્રમાદમાં પડીને કે સત્તા તથા સંપત્તિનો કેફ ચઢાવીને એમના ઉપકારને ભૂલી ન જતો. એમની આજીવન સેવા કરજે અને સીતાને શોધવામાં બનતી બધી જ સહાય કરી છૂટજે. હનુમાન અને અંગદ તને એ કાર્યમાં મદદ કરશે. રામે મને બાણ માર્યું છે તો પણ હું એમની અલૌકિકતાનું દર્શન કરીને એમના પ્રત્યેના વેરભાવનો ત્યાગ કરું છું.'

'રામની સેવા મારા જીવનના છેલ્લા શ્વાસ સુધી કરતો રહીશ. એમણે તથા લક્ષ્મણે મારા માટે બતાવેલી લાગણીને કદાપિ નહિ ભૂલી શકું.'

'બસ ત્યારે, હવે હું વધારે નહિ જીવી શકું. મને અસહ્ય વેદના થઈ રહી છે. અત્યાર સુધી એ વેદના મેં જેમ તેમ કરીને સહન કરી પણ હવે નહીં સહી શકું.'

સુગ્રીવ વાલીના શબ્દો સાંભળીને ખૂબ જ લાગણીવશ બની ગયો ને કહેવા માંડ્યો: 'તારી ખોટ મને ખરેખર સાલ્યા કરશે. મૃત્યુ પહેલાંના તારા છેલ્લા શબ્દો તથા તારું અદ્દભુત હૃદયપરિવર્તન મને સદા યાદ રહેશે. તારું જીવન હજું પણ રહ્યું હોત તો મને કેટલો બધો લાભ થાત ? વેરભાવ વગરનો વડીલ બંધુ મેળવીને મારું શેષ જીવન ધન્ય બની જાત.'

પરંતુ સુગ્રીવ વધારે બોલે તે પહેલાં તો વાલીનું મુખ ફાટી ગયું. એનો આત્મા ઊડી ગયો.

ચારે તરફ હાહાકાર થઈ રહ્યો.

વાલીના છેલ્લા શબ્દોએ રામ તથા લક્ષ્ણના હૈયાને પણ હલાવી નાખ્યું.

એમનું કાળજું પણ કરુણ બની ગયું. સુગ્રીવના શોકનો પાર ન રહ્યો.

એનું કાળજું એને કોરી ખાવા લાગ્યું.

'અહાહા, મારા જેવો અભાગી અથવા અધમ બીજો કોણ હોઈ શકે ? મારું સઘળું સૌભાગ્ય આજે નષ્ટ થઈ ગયું. મોટો ભાઈ ગમે તેવો તો પણ મારા જીવનની શોભા જેવો હતો. એ શોભાનો અંત આવ્યો. મેં એનો હાથે કરીને અંત આણ્યો. જે રાજ્ય એને પ્રિય હતું અને જેને હાથ કરવા માટે એણે મને કિષ્કિંધામાંથી બહાર કાઢ્યો તે સમૃદ્ધ ને વિશાળ રાજ્યને છોડીને આખરે એ ખાલી હાથે વિદાય થયો. એ જ અસાર રાજ્યસુખની લાલસાથી પ્રેરાઈને મેં એનો રામના હાથે નાશ કરાવ્યો. મને ખરેખર ધિક્કાર છે. રાજ્ય તો ફરી ફરી પણ પ્રાપ્ત થશે, પણ ભાઈના સમાગમનો લાભ હવે ક્યાં મળશે ?'

સુગ્રીવ એવી રીતે આક્રંદ કરતાં વિલાપ કરવા લાગ્યો.

એ વખતે વાલીના મૃત્યુના સમાચાર સાંભળીને અંગદ તથા તારા અને બીજાં અનેક સ્ત્રીપુરુષો આવી પહોંચ્યાં. સૌના વદન પર ઊંડો શોક છવાયો.

વાલીના મૃત શરીરનો જોઈને શોકસંતપ્ત તારાએ કહ્યું: 'મેં તમને યુદ્ધ કરવા માટે ન જવાની વારંવાર વિનતિ કરી, તો પણ મારી વિનતિને લક્ષમાં લીધા વિના તમે દોડી ગયા તો આખરે એનું આવું અમંગલ પરિણામ ભોગવવું પડ્યું. તમને તમારા લોકોત્તર, અસાધારણ સામર્થ્યનું અભિમાન હતું. એ સામર્થ્ય ક્યાં ગયું ? મારી શિખામણને તમે સ્ત્રીસહજ વહેમવૃત્તિ, ભીતિ અને આશંકામાં ખપાવી, પરંતુ એ આશંકા સાચી પડી. એ શિખામણ પ્રમાણે ચાલ્યા હોત તો આજે તમારી આવી કરુણ દશા ન થાત. પરંતુ હવે શું થાય ? નાના ભાઈ સાથે વેર બંધીને તમે હાથે કરીને ઉપાધિ વહોરી લીધી. એ વેરવૃત્તિએ તમારો જ નાશ કર્યો. મારા કહ્યા પ્રમાણે સુગ્રીવને રાજ્ય આપ્યું હોત તો પરિસ્થિતિ જુદી જ હોત, પરંતુ વિધાતાએ એવું નહિ ધાર્યું હોય. એણે તમને અમારી વચ્ચેથી લઈ લઈને અમને દુઃખના દરિયામાં ડૂબાડી દેવાનો જ વિચાર કર્યો હશે.'

અંગદને માટે પણ એ સમાચાર અસહ્ય હતા. એ પણ વિવિધ પ્રકારના વ્યથાજનક ઉદ્દગારો દ્વારા પોતાના દુઃખને પ્રકટ કરવા માંડ્યો.

રામ, લક્ષ્મણ તથા હનુમાને સૌને આશ્વાસન આપ્યું.

સુગ્રીવ છેવટે સ્વસ્થ થયો એટલે વાલીની દાહક્રિયા માટે તૈયારી કરવામાં આવી.

વાલીના સુવર્ણમય, સુદૃઢ, નિર્જીવ શરીરને ચિતાની ચંચળ જ્વાળાઓએ જોતજોતામાં બાળીને સ્વાહા કરી દીધું.

જીવનના એક યાદગાર ઈતિહાસનો અંત આવ્યો.

એના અંતિમ ઉજ્જવળ અધ્યાયની પરિસમાપ્તિ થઈ.

કાળે એના પર પોતાનો રહસ્યમય અકળ પડદો પાડી દીધો.

મરણોત્તર ક્રિયા સારી પેઠે પતી ગયા પછી રામે લક્ષ્મણને ઉદ્દેશીને કહ્યું: 'જે થવાનું હતું તે થઈ ગયું. હવે એનો શોક કરવો અસ્થાને છે. હનુમાન તથા બીજા મંત્રીઓ અને સેવકોને સાથે રાખીને હવે મંગલ દિવસે મંગલ મુહૂર્તમાં સુગ્રીવનો રાજ્યાભિષેક કરાવી દે. વાલીને અંતકાળે જેવી શુભ બુદ્ધિ સુઝી તેવી જ શુભ બુદ્ધિ એને પહેલેથી જ સુઝી હોત તો પરિણામ જુદું જ આવ્યું હોત. પરંતુ એનું મૃત્યુ નિશ્ચિત હતું અને આ જ રીતે થવાનું હતું. એણે કરેલો અંત:કાળનો પશ્ચાતાપ મારા અંતરને હજુ પણ અસર કરે છે. એણે પ્રદર્શિત કરેલી ઈચ્છા પ્રમાણે સુગ્રીવ અંગદની સંભાળ રાખશે અને એને યુવરાજ પદે સ્થાપશે. એથી એના આત્માને શાંતિ મળશે.'

શોકસંતપ્ત સુગ્રીવની ઈચ્છા રાજસિંહાસન પર બેસવાની ન હતી તો પણ, રામના ઉપદેશ અને આદેશને માન આપીને એ પોતાના રાજ્યાભિષેક માટે તૈયાર થયો.

રામે એને કહ્યું: 'મારે ચૌદ વરસનો વનવાસ વેઠવાનો હોવાથી તમારા રાજ્યાભિષેકના મંગલમય ઉત્સવમાં ભાગ લેવા મારાથી નગરમાં નહિ આવી શકાય. મારા તરફથી લક્ષ્મણ એ ઉત્સવમાં હાજર રહેશે. આટલે દૂર ઋષ્યમૂક પર્વત પર રહીને હું તને મારા અંતરના આશીર્વાદ આપી રહ્યો છું.'

સુગ્રીવે એ આશીર્વાદ માથે ચઢાવ્યા ને કહ્યું: 'તમારા આશીર્વાદ તો મારે હંમેશા જોઈશે. એ આશીર્વાદ વિના મારાથી જીવનના આ જટિલ માર્ગમાં સફળતાપૂર્વક આગળ નહિ વધી શકાય.'

'મારા આશીર્વાદ સદાને માટે તારી સાથે રહેશે. એ તમારા શરીરની સાથે રહેતી છાયા પેઠે કદી તમારો પરિત્યાગ નહિ કરે.'

સુગ્રીવને સંતોષ થયો.

રામનાં ચરણોમાં પ્રણામ કરીને એ ગદ્દગદ્દ સ્વરે કહેવા માંડ્યો: 'તમારે લીધે જ કિષ્કિંધાની અખૂટ રાજ્યશ્રીની મેં પ્રાપ્ત કરી છે. તમારા વિના મને રાજ્યશ્રી તો ન મળી હોત પરંતુ શાંતિ યે ન સાંપડી શકી હોત. તમારો ઉપકાર જીવનમાં કદાપિ નહિ ભૂલું.'

સુગ્રીવ, મેં કશો ઉપકાર નથી કર્યો, પણ મિત્ર તરીકેનો મારો ધર્મ જ બજાવ્યો છે. તમને તે ઉપકાર લાગતો હોય તો પણ તેને યાદ રાખજો ને તમારા ધર્મને ન ભૂલશો. હજુ તો આપણે ઘણો લાંબો પંથ કાપવાનો છે. સીતાની શોધ કરવાની છે, તે યાદ રાખજો.'

'એ મને યાદ છે. તમે તમારી પ્રતિજ્ઞા પાળી બતાવી તેમ સીતાની શોધ કરાવીને હું મારી પ્રતિજ્ઞા પણ પાળી બતાવીશ તથા તમને શાંતિ આપીશ. એ બાબત મારા ધ્યાનમાં જ છે.'

લક્ષ્મણે હનુમાન તથા બીજા પરિચારકો સાથે કિષ્કિંધામાં જઈને સુગ્રીવનો રાજ્યાભિષેક કરાવ્યો ત્યારે સુગ્રીવને જે અપાર આનંદ થયો, એ એકદમ અવર્ણનીય હતો.

સુગ્રીવને જાણે કે ખોવાઈ ગયેલા પ્રાણની પુનઃપ્રાપ્તિ થઈ.

સુગ્રીવના રાજ્યાભિષેકથી પ્રજાજનોની પ્રસન્નતાનો પણ પાર ન રહ્યો.

અંગદને યુવરાજપદની પ્રાપ્તિ થવાથી એ પ્રસન્નતા અનેકગણી વધી ગઈ.

સૌનો શોક હર્ષમાં પલટાઈ ગયો.

તડકો ને છાયા તથા દિવસ અને રાતની જેમ હર્ષ ને શોકની સૃષ્ટિ પણ માનવના અને માનવસમાજના જીવનમાં એવી જ અસ્થાયી છે ને ? એ સૃષ્ટિ વારાફરતી ફરતી રહે છે, એમાં એકધારું પરિવર્તન થતું જ રહે છે. માનવ એને અનુકૂળ થઈને જીવનનો અભિનય કર્યા કરે છે, નવો શોક જૂનો થાય છે. જૂનો વધારે જૂનો અને છેવટે શાંત થઈને હર્ષમાં પરિણમે છે. એવી રીતે હર્ષ શોકમાં પલટાયા કરે છે. મધુર અને કરુણ, આનંદમય અને શોકમય, સ્વરને છોડનારી આ જીવનરૂપી સિતાર એમ પોતાના સંગીતસ્વર છોડ્યા જ કરે છે. એકાદ અપવાદ બાદ કરતાં એમાં સૌ કોઈ મુગ્ધ થાય છે.

રાજ્યસુખ, પ્રમદા, પદ અને પ્રતિષ્ઠા પામીને સુગ્રીવ પણ મુગ્ધ થયો, હરખઘેલો બન્યો, ને ભાન ભૂલી ગયો. વિપત્તિના વીતેલા વખતનું વિસ્મરણ એને સહેલાઈથી થઈ ગયું.

રાજ્યના રંગરાગમાં એ એવો તો ડુબી ગયો કે ઋષ્યમૂક પર્વત પર જવાનું ને રામને મળવાનું પણ એણે વખતના વીતવા સાથે માંડી વાળ્યું. પોતાના કર્તવ્યને ભૂલીને એ પ્રમાદી બની ગયો.

ઋષ્યમૂક પર્વત પર રામે એક દિવસે સવારે લક્ષ્મણને કહ્યું: ‘વરસાદના દિવસો પૂરા થયા ને શરદઋતુ શરૂ થઈ તો પણ હજુ સુગ્રીવ ન દેખાયો. વરસાદના દિવસોમાં સીતાની સ્મૃતિ ઘણી બળવાન બની, તો પણ મેં મનને સમજાવીને શાંત રાખ્યું. વરસાદના દિવસોનું વાતાવરણ કેટલું અદ્દભુત હતું ? સૂર્યની ગેરહાજરીમાં વાદળે વીજળીનું હરણ કર્યું. એને લીધે આકાશમાં જાણે કે ઘર્ષણ શરૂ થયું. વાદળોની ગર્જના થવા માંડી ને બીજી અનેક વીજળીઓ વેર વાળવા માટે મેદાને પડી. એ વખતે સીતાના હરણની વેદનાથી મને કાંઈનું કાંઈ થઈ ગયું. પરંતુ વિરહથી વ્યથિત મન બીજો કોઈ માર્ગ ન દેખાતાં નિરૂપાય બનીને બેસી રહ્યું. શરદ આવી તો પણ સીતાની સ્મૃતિ સહેજ પણ ઓછી નથી થઈ. ઊલટું, વિશેષ પ્રબળ બની છે.’

લક્ષ્મણે કહ્યું: ‘મને પણ સીતાને પાછી મેળવવાના જ વિચારો આવ્યા કરે છે. જે વખત જાય છે તે સીતાને માટે અતિશય વેદનાભર્યો જતો હશે. એની કલ્પના કરીને હૃદય રડવા માંડે છે. સુગ્રીવને દુઃખના દિવસોમાં આપણે મદદ કરી પરંતુ સુખના દિવસોમાં એ આપણને ભૂલી ગયો લાગે છે, એ આમોદપ્રમોદમાં મગ્ન છે, એટલે તો આપણી પાસે પણ નથી આવતો. એને આપણી કશી જ નથી પડી.’

‘મને પણ એવું જ લાગે છે. સંપત્તિ પામીને એ છકી ગયો લાગે છે ને માનિનીને મેળવીને મોહાંધ બન્યો છે. બીજું કાંઈ જ નથી. પોતાના કર્તવ્યને એ ભૂલી ગયો છે.’

‘એનો પ્રમાદ મારે દૂર કરવો પડશે. એને મોહરૂપી ઘોર નિદ્રામાંથી જગાડીને કર્તવ્યપરાયણ કરવો પડશે અને જરૂર જેવું લાગે તો આકરો દંડ દેવો પડશે. સંભવ છે કે દંડ વગર એની બુદ્ધિ ઠેકાણે નહિ આવી શકે.’

રામની આજ્ઞા મેળવીને લક્ષ્મણ કિષ્કિંધાના દુર્ગદ્વાર પાસે આવી પહોંચ્યો.

એનું રૌદ્ર રૂપ જોઈને હનુમાને એને યુક્તિપ્રયુક્તિપૂર્વક શાંત પાડ્યો.

સુગ્રીવને જ્યારે હનુમાન દ્વારા રામ અને લક્ષ્મણના રોષની અને લક્ષ્મણના ભભૂકી ઊઠેલા ભયંકર ક્રોધની માહિતી મળી ત્યારે તેની મોહરૂપી નિદ્રાનો અંત આવ્યો.

લક્ષ્મણનું સન્માન કરીને એ એને કિષ્કિંધામાં લાવ્યો અને એની ક્ષમાયાચના કરીને પોતાનો મિત્રભાવ જાહેર કરી બતાવ્યો.

એ પછી એ લક્ષ્મણ તથા હનુમાન જેવા બુદ્ધિમાન મંત્રી સાથે રામ પાસે આવીને કહેવા માંડ્યોઃ ‘મારાથી થયેલા પ્રમાદરૂપી અપરાધને માટે તમારી ક્ષમા માગું છું. સત્તા, સંપત્તિ તથા સ્ત્રીસુખનો નશો કોને નથી ચઢતો ? યૌવન, ભોગ અને વિલાસને પામીને કોનું મન વિચલિત નથી થતું ? દુન્યવી સુખ તથા ઉત્કર્ષ પામીને મદોન્મત્ત ન થાય એવા મહાપુરુષ તો તમારા જેવા કોઈક વિરલ જ હશે. મન સ્વાભાવિક રીતે જ ઈન્દ્રિયોના પદાર્થોમાં ને વિષયસુખમાં દોડ્યા કરે છે. મનની એવી પ્રબળ પ્રતિકૂળ પ્રવૃત્તિને લીધે મોટા મોટા મુનિ, જ્ઞાની, યોગી, તપસ્વી તથા વિરક્ત કે પ્રાજ્ઞ પુરુષને પણ પોતાના કર્તવ્યનું વિસ્મરણ થઈ જાય છે; તેવો પુરુષ પણ પથભ્રાંત બની જાય છે; તો પછી મારા જેવા સામાન્ય કોટિના, ચંચળ ચિત્તવાળા પામર પુરુષનો શો હિસાબ ? મારામાં તમારા અથવા એ મહાપુરુષો જેવી શક્તિ તો ન જ હોય. એવી શક્તિની આશા પણ ન રાખી શકાય.’

રામે એને ક્ષમા કરીને કહ્યું: ‘વાલીએ મરતી વખતે આપેલી શિખામણનું તમને વિસ્મરણ થયું લાગે છે. એ સોનેરી શિખામણ હંમેશા યાદ રાખવા જેવી હતી.’

‘એ શિખામણ નથી ભૂલ્યો, પરંતુ મારાથી ભૂલ જરૂર થઈ છે, અને એ ભૂલને કબૂલ કરું છું.’

‘તમારા કર્તવ્યપાલન માટે તમે કરેલી પ્રતિજ્ઞા ?’

‘એ પ્રતિજ્ઞાનું મને સ્મરણ છે. એની પૂર્તિ માટે આજથી જ પ્રયાસ શરૂ કરું છું.’

‘હા, હવે એમાં એક વિપળનો ય વિલંબ ન થવો જોઈએ. ઈન્દ્રિયોના વિષયો અને ભોગો બળવાન છે. તે ભલભલાના મનને પોતાના પ્રવાહમાં તાણી જાય છે. અસંયમી અથવા અવિવેકીને બરબાદ પણ કરી દે છે. છતાં પણ વિવેકની મદદ મેળવીને મનની ચંચળતા અને પરવશતામાંથી મુક્તિ મેળવવાનો બનતો પ્રયત્ન તો કરવો જ જોઈએ. જીવનની શોભા તથા શક્તિ એમાં જ રહેલી છે. પોતાના કર્તવ્યનું વિસ્મરણ પણ કોઈએ સંજોગોમાં ન થવા દેવું જોઈએ.’

‘મને કર્તવ્યનું સ્મરણ તો થયા કરતું, પરંતુ વરસાદના દિવસો હોવાથી મેં સીતાની શોધની પ્રવૃત્તિનો પ્રારંભ નહોતો કર્યો. હવે શરદઋતુનો આરંભ થવાની સાથે સાથે લોકો પોતપોતાના વ્યવસાયોમાં લાગી ગયા છે. એવી રીતે આપણે પણ આપણો ઉદ્યમ શરૂ કરીશું.’

સુગ્રીવે દૂરદૂરના વાનરયોધ્ધાઓને પ્રથમથી બોલાવી મંગાવેલા તે યોધ્ધાઓ પોતપોતાની વિશાળ સેના સાથે ક્રમેક્રમે આવવા માંડયા. એમનો કોલાહલ ચોતરફ સંભળાવા લાગ્યો.

એ સાંભળીને રામ અને લક્ષ્મણને સંતોષ થયો.

એમણે સુગ્રીવને એની પ્રાથમિક તૈયારી બદલ શાબાશી આપી.

લક્ષ્મણે રામને કહ્યું: ‘હવે વરસાદની ઋતુ પૂરી થઈ ને આપણા જીવનમાં પણ શરદઋતુનો સાચેસાચ પ્રારંભ થયો લાગે છે. ચિંતાની ચપલાના ચમકાર, વિપત્તિ ને વેદનાનાં વાદળાનાં વર્ષણ તથા પ્રાર્થના અને પોકારના પડછંદા પછી આ સમાચાર શરદઋતુના આગમનની પેઠે એકંદરે આનંદદાયક છે.’

‘સાચો આનંદ તો સીતાને મેળવ્યા પછી જ મળી શકશે અને સાચી શાંતિ તથા શરદઋતુનો આરંભ પણ ત્યારે જ થશે.’

‘એ પણ મળશે. જરૂર મળશે.’

‘પરંતુ ક્યારે ?’

લક્ષ્મણ મૂક રહ્યો. ઊંડી વેદનામાં ડૂબી ગયો.

* * * * *

## ૪૯. જ્વરમાંથી મુક્તિ

સુગ્રીવે વાનરયોદ્ધાઓને બોલાવીને મુખ્ય મુખ્ય યોદ્ધાઓનો રામ તથા લક્ષ્મણને પરિચય કરાવ્યો. એ યોદ્ધાઓને સીતાની શોધ માટે અલગ અલગ દિશામાં જવાનો આદેશ આપ્યો, અને કહ્યું: 'જ્યાં સુધી સીતા ના મળે ત્યાં સુધી એની શોધ કરતા રહેજો. પરંતુ એ શોધમાં એક માસથી વધારે વખત ના જાય એનું ધ્યાન રાખજો. એક માસ પછી જો સીતાના ચોક્કસ સમાચાર વિના અહીં પાછા ફરશો તો તમને મૃત્યુદંડ મળશે તેની ખાતરી રાખજો. સીતાના સુખદ સમાચાર સાથે જે મારી પાસે સૌથી પ્રથમ આવી પહોંચશે એને મહામૂલ્યવાન પુરસ્કાર મળશે. રામનું દુઃખ મારું દુઃખ છે એવું માનીને તમારે સૌએ આ કલ્યાણકારક ઉત્તમ કામ કરવાનું છે. મારા તમને આશીર્વાદ છે. તમે વહેલી તકે વિજયી થઈને પાછા ફરો.'

મોટા ભાગના વાનરયોદ્ધાઓ પોતાની સેના સાથે નદી, પર્વત, અરણ્ય તથા સાગરની પારના પ્રદેશોમાં સીતાની શોધ કરવાના ઉદ્દેશથી વિદાય થયા, એટલે સુગ્રીવે હનુમાનને પોતાના વિશ્વાસુ અને વફાદાર સેવક સમજીને દક્ષિણ દિશામાં પ્રયાણ કરવાની ખાસ સૂચના આપી ને કહેવા માંડ્યું: 'યોદ્ધાઓ તો અનેક છે. એ બધા પોતપોતાની રીતે, પોતપોતાની શક્તિ અથવા યોગ્યતા પ્રમાણે કામ કરશે. પરંતુ તમારા જેવી બુદ્ધિ તથા શક્તિ બીજા કોનામાં છે ? મને તો કોઈનામાં નથી દેખાતી. મને તમારા પર વિશેષ વિશ્વાસ છે. સીતાની શોધના સર્વોત્તમ કાર્યમાં તમે સફળ નહિ થાવ તો બીજું કોઈયે સફળ નહિ થઈ શકે. તમે જરૂર સફળ થશો જ. રામની પ્રસન્નતા માટે તમે મોટામાં મોટો આત્મભોગ આપતાં પણ નહિ ડરો. માટે તમને ખાસ કામ સોપું છું. રાવણ સીતાને લઈને આ પર્વત પરથી દક્ષિણ દિશામાં ગયો હોવાથી એ દિશામાં હોવાનો સંભવ વધારે છે. એ એને ગમે તે પ્રદેશમાં લઈ ગયો હોય તો પણ ત્યાંથી તમારે એનો પત્તો મેળવવાનો છે. આ કામ મારું જ છે એમ સમજીને તેને પૂરી નિષ્ઠાથી કરવાનું છે.'

હનુમાને સુગ્રીવની આજ્ઞા માથે ચઢાવી. એમણે કહ્યું: 'રામ, લક્ષ્મણ તથા સીતાને માટે મારા પ્રાણની આહુતિ આપતાં યે નહિ અચકાઉં. રામની સેવા માટે સર્વ પ્રકારના સુખનો ત્યાગ કરીને હું મન મૂકીને મહેનત કરીશ.'

હનુમાનની વાણીથી રામ પ્રસન્ન થયા. એમણે હનુમાનને એમના ભક્તિભાવને માટે અભિનંદન આપતા કહ્યું: 'તમારો મારે માટેનો પ્રેમ અને ભકિતભાવ જોતાં સીતાની શોધમાં તમે જરૂર સફળ થશો એવું મારો અંતરાત્મા કહી રહ્યો છે. તમે જરૂર યશસ્વી બનશો. આ પ્રદેશમાં સૌથી પહેલાં આપણો પરિચય થયો અને આપણી વચ્ચે પ્રેમ જાગ્યો એ સહેતુક લાગે છે. સીતાના સૌપ્રથમ સમાચાર પહોંચાડવામાં પણ તમે જ નિમિત્ત બનશો એવું લાગે છે.'

હનુમાને થોડોક વિચાર કરીને જણાવ્યું: 'તમારા શુભાશીર્વાદથી મને બળ મળશે, ઉત્સાહ સાંપડશે, અને હું મારા કામમાં સફળ થઈશ. તમારો આશીર્વાદ નકામો નહિ જાય. પરંતુ મારી એક માંગણી છે. સીતાની મને માહિતી મળે અને સીતાને મળવાનો શુભાવસર સાંપડે ત્યારે મારી ઓળખાણથી સીતાને કદાચ સંતોષ ના પણ વળે. હું તમારો ભક્ત, પ્રેમી અને પ્રતિનિધિ છું એની મારે પ્રતીતિ કરાવવી જોઈએ. એને

માટે કોઈ નિશાની આપો તો મને સંતોષ થશે. એ નિશાની સીતાને બતાવીશ અને એના પરિણામે મારામાં વિશ્વાસ પેદા કરાવી શકીશ.'

'હનુમાનના શબ્દો સાથે હું સંમત થાઉં છું.' લક્ષ્મણથી બોલ્યા વિના ના રહી શકાયું: 'એ શબ્દો સૂચવે છે કે હનુમાનજી કેવળ બળવાન છે એટલું જ નહિ, કેવળ બુદ્ધિમાન છે એટલું પણ નહિ, પરંતુ સૂક્ષ્મ બુધ્ધિથી સંપન્ન છે. એ સિવાય બીજા કોઈ સામાન્ય માણસને આવો વિચાર આવે જ નહિ.'

રામે હનુમાનને પોતાની પાસે બોલાવીને થોડીક જરૂરી સૂચના આપી, અને પછી પોતાની આંગળીએથી મુદ્રિકા કાઢતાં કહ્યું: 'સીતા આ મુદ્રિકાને જોશે એટલે બધું જ સમજી જશે. એનો વિશ્વાસ દૃઢ બનશે, ને એના મનમાં કોઈયે પ્રકારની શંકા નહિ રહે. આ મુદ્રિકા એને અર્પણ કરજો ને કહેજો કે તમારા વિના રામ ખૂબ જ દુઃખી છે. એ તમને પળેપળે યાદ કરે છે. તમને બંધનમુક્ત કરવા એ પોતાનાથી બનતું બધું જ કરી છૂટશે. રાવણનો નાશ કરીને એ તમને વહેલી કરે પાછી મેળવશે. રામનું મન તમારામાં જ રમ્યા કરે છે ને તમારે માટેની જ યોજના ઘડ્યા કરે છે. એમની દશા ફોરમ વિનાના ફૂલ જેવી, મધુતા વિનાના મધ જેવી અથવા જ્યોતિ વિનાના દીપક જેવી છે.'

રામે આપેલી મુદ્રિકાને હનુમાને સંભાળપૂર્વક સાચવી રાખીને કહ્યું: 'હવે મારા મસ્તક પર હાથ મૂકીને મને આશીર્વાદ આપો કે હું આ પવિત્ર કાર્યમાં સફળ થાઉં.'

'મારો આશીર્વાદ તો છે જ.'

'ના, એમ નહિ. મારા મસ્તક પર હાથ મૂકો, એટલે મને શાંતિ વળે, મારો ઉત્સાહ વધે, ને મારી શંકા ટળે, તથા મને બળ મળે. મારી એટલી ઈચ્છા છે. કેટલાય દિવસોની ઈચ્છાને આજે વ્યક્ત કરી રહ્યો છું.'

હનુમાને રામને પ્રણામ કર્યા એટલે રામે હનુમાનના મસ્તક પર હાથ મૂકીને આશીર્વાદ આપ્યો.

હનુમાનની આંખમાંથી આનંદનાં આંસુ ટપકી પડ્યાં.

રામનું હૃદય ભરાઈ આવ્યું.

એ જ પ્રમાણે હનુમાને લક્ષ્મણ તથા સુગ્રીવને પણ પ્રણામ કર્યા.

એમણે પણ આશીર્વાદ આપ્યા: 'તમને તમારા કામમાં ફત્તેહ મળો !'

'તમારો માર્ગમંગલમય બનો ! તમને કદી ના કરમાનારો, સનાતન યશ મળો !'

લક્ષ્મણની આંખ પણ ભીની થઈ.

રામે હનુમાનને આપેલી મણિજડિત મુદ્રિકાને નિહાળીને એને અયોધ્યાનું સ્મરણ થયું.

ઉર્મિલાની શાંત છતાં કરુણ અને મધુર છતાં મંથનમયી મુખાકૃતિ એની આંખ આગળ આવીને ઊભી રહી. વીતેલી ઘટનાની એને સ્મૃતિ થઈ.

એ દિવસ અયોધ્યામાંથી રામ અને સીતા સાથે વનમાં નીકળવાનો હતો.

પોતે ઉર્મિલાને બધી પરિસ્થિતિ કહી બતાવી અને એની પાસેથી વનમાં જવાથી અનુમતિ મેળવી, એટલે ઊર્મિલાએ કહ્યું: 'વનમાં જતી વખતે મારી આ મુદ્રિકા તમને અર્પણ કરું છું. આ મુદ્રિકા મને મારા પિતાજીએ બીજા અનેક મૂલ્યવાન પદાર્થો સાથે ભેટ આપેલી છે. એ ખૂબ જ શુકનવંતી છે. મારી સ્મૃતિમાં એ

તમારી પાસે રાખી મૂકજો. વનના વિકટ વાતાવરણમાં એ તમારી રક્ષા કરશે ને તમને સહીસલામત પાછા લાવશે. પાછા આવો ત્યારે મને એ સુપ્રત કરજો.'

'પરંતુ મારી પાસે તો મારા હૃદયમાં તારા વિશુદ્ધ સ્નેહની બીજી કેટલીય સ્મૃતિઓ છે. એ મારી રક્ષા કરવા અને મને સુખશાંતિ પહોંચાડવા પૂરતી છે.' લક્ષ્મણે કહ્યું.

જવાબમાં ઉર્મિલાએ કહ્યું : 'એ તો બધી સૂક્ષ્મ સ્મૃતિઓ છે. એ ભલે રહે અને શાશ્વત રહે, પરંતુ આટલી સ્થૂળ સ્મૃતિ પણ ભલે રહી. વનમાં રામ અને સીતાના સેવાકાર્યમાં વ્યસ્ત હશો અને બીજું બધું જ ભૂલી જશો ત્યારે એના પર દૃષ્ટિ પડવાથી મને યાદ કરી શકશો.'

'તારી યાદ તો સદા તાજી જ રહેશે, ઊર્મિલા ! તને ગમે તેવા કાર્યમાં પડીને પણ નહિ ભૂલી શકું.'

'એની તો મને ખાતરી છે. છતાં પણ મારી આટલી ઈચ્છા છે. તમે તેને પૂરી કરો.'

એટલું કહીને ઊર્મિલાએ એની આંગળીએથી કાઢેલી મણિજડિત મુદ્રિકા લક્ષ્મણની આંગળીએ પહેરાવી દીધી.

લક્ષ્મણે પોતે પણ પોતાના હાથની મુદ્રિકા કાઢીને ઊર્મિલાની કોમળ કરાંગુલિએ પહેરાવતાં કહ્યું: 'તેં મને મુદ્રિકા અર્પણ કરી તો મારી મુદ્રિકા તને પણ અર્પણ કરું છું. એ તારી પાસે ભલે રહી. અયોધ્યામાં પાછો આવું ત્યારે એ પાછી આપજે. ઊર્મિલા એ મુદ્રિકા જોઈને બોલી: 'કદીક એવું બને કે વનનું વાતાવરણ તમને ખૂબ ગમી જાય અને અયોધ્યામાં પાછા ફરવાનું મન જ ન થાય ત્યારે કોઈની સાથે આ મુદ્રિકા મોકલું તો તેના પરથી મારો પ્રેમભાવ યાદ કરીને વહેલી તકે પાછા આવી જજો.'

લક્ષ્મણ સ્મિત કરીને બોલ્યા: 'તું પણ ખરી છે. તારી કલ્પનાની પાંખ પર ચઢીને ક્યાંની ક્યાં ઉડ્યા કરે છે. હું અયોધ્યામાં પાછો ન આવું એવું બને ખરું ? વનનું વાતાવરણ ગમે તેટલું સુખકારક હશે તો પણ તારા સહવાસ જેવું સુખકારક તો નહિ જ હોય. વનમાં ગમે તેટલી શાંતિ અને ગમે તેટલો આનંદ હશે તો પણ તું મને યાદ આવ્યા જ કરશે. તને મળવા માટે મારું મન હંમેશા આતુર રહેશે. પરંતુ હા, કદીક કોઈ એવી પરિસ્થિતિ પેદા થાય કે મારે તને કોઈક મહત્વનો સંદેશો મોકલવો પડે તો એ સંદેશો મોકલનાર હું જ છું એની ખાતરી તને એ વ્યક્તિ સાથે આ મુદ્રિકા પાછી મોકલીશ એટલે થઈ રહેશે. એના પરથી તને વિશ્વાસ બેસશે. બનતાં સુધી એવી પરિસ્થિતિ પેદા જ નહિ થાય, તો પણ કાલની કોને ખબર છે ? વનમાં જવાની ખબર જ કોઈને પહેલાં ક્યાં હતી ?'

ઊર્મિલા બોલી: 'એવી પરિસ્થિતિ પેદા જ ન થાય. પણ છતાં પેદા થાય તો કોઈની સાથે આ મુદ્રિકા મોકલીને જરૂરી સંદેશો મોકલજો. મુદ્રિકાને જોઈને હું સમજી જઈશ અને એવી જ રીતે મારી મોકલેલી આ તમારી મુદ્રિકાને જોઈને તમે સમજી જજો.'

એ આખાય હૃદયદ્રાવક પ્રસંગથી લક્ષ્મણનાં નેત્રો ભરાઈ આવ્યાં.

એની સ્મૃતિએ એના હૈયાને હલાવી દીધું.

પાછળથી એણે રામને એ આખોય પ્રસંગ કહી બતાવ્યો તો રામે કહ્યું: 'નેહની રીત અનોખી છે, લક્ષ્મણ ! એની સ્મૃતિ જીવનમાંથી કદીયે નથી કરમાતી. ઉર્મિલાનો તારા પ્રત્યેનો પ્રેમ સીતાના મારા પ્રત્યેના

પ્રેમ જેવો જ પ્રબળ છે. એટલે એની સ્મૃતિ આવે વખતે થઈ આવે એ સ્વાભાવિક છે. ઊર્મિલા અત્યારે શું કરતી હશે ? એ સુખી કે કુશળ તો હશે ને ?'

'મારું હૃદય તો કહે છે કે એ કુશળ હશે.'

'એ કુશળ હોય એવું જ આપણે ઈચ્છીએ છીએ.'

પરંતુ ઊર્મિલા એટલી કુશળ નહોતી. એ વખતે એ મિથિલામાં હતી.

પોતાના પિતા મહારાજા જનકના ખાસ આગ્રહથી પ્રેરાઈને એ થોડા વખતને માટે મિથિલા આવેલી. પરંતુ મિથિલામાં આવ્યા પછી એનું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું અને એ થોડા જ વખતમાં માંદી પડી ગઈ. અત્યારે એ પથારીમાં પડીપડી લક્ષ્મણે પહેરાવેલી પેલી મુદ્રિકાને જોવા લાગી. એ આખાય પ્રસંગનું સ્મરણ થતાં એનું કોમળ કાળજું વધારે કોમળ અને કરુણ બની ગયું.

એના મુખમાંથી એકાએક ઉદ્દગાર નીકળી પડયા: 'કોણ જાણે આ તાવ મને ક્યારે છોડશે ! એ મારી પાછળ આદુ ખાઈને પડ્યો લાગે છે. અયોધ્યાથી અહીં પિતાજીએ મને શાંતિ માટે બોલાવી ત્યારે ઊલટી અશાંતિ ઊભી થઈ.'

નિષ્કામ બાજુમાં જ બેઠો હતો. તે બોલ્યો: 'મને પણ એ જ ચિંતા થયા કરે છે કે, તને વળી આ તાવ ક્યાંથી લાગુ પડયો ! તને સારું થઈ જાય તેને માટે રોજ પ્રાર્થના કરું છું. પરંતુ મારી પ્રાર્થનામાં એટલું બધું બળ ક્યાંથી હોય ? તારે બદલે મને તાવ આવે અને તું તાવમુક્ત બની જાય તો પણ ઘણું સારું. તારો તાવ લેવા માટે હું તૈયાર છું. પરંતુ એવી રીતે તાવ થોડો જ લઈ શકાય છે ?'

'એવી રીતે તાવ લઈ શકાતો હોત અથવા કોઈનું કોઈપણ પ્રકારનું દર્દ લઈ શકાતું હોત તો જોઈતું'તું જ શું?'

'શા માટે ના લઈ શકાય ? પરંતુ મારો સ્નેહ એટલો કાચો.'

'કાચા કે પાકાની વાત જવા દઈએ તો પણ તારે કે કોઈએ મારો વ્યાધિ લેવાનો વિચાર પણ શા માટે કરવો પડે ?'

'વિચાર કરવો નથી પડતો. વિચાર થઈ જાય છે.'

'તો પણ મારો વ્યાધિ હું જ ભોગવી લઉં તે બરાબર છે. લાંબા વખતના તાવથી જરાક કંટાળી ગઈ છું. વ્યાધિ કાંઈ કાયમ માટે બેસી રહેવાનો છે ? એક દિવસ એનો પણ અંત આવશે.'

એટલામાં તો નિષ્કામની આંખમાંથી આંસુ ટપકી પડ્યું.

એ જોઈને ઊર્મિલાએ કહ્યું: 'અરે, તું તો રડવા માંડ્યો ! એમાં રડવાનું શું છે ? હું કાંઈ આવી ને આવી જ થોડી રહેવાની છું ?'

'તું વહેલી તકે સ્વસ્થ બની જાય અને સો વરસની થાય એવું ઈચ્છું છું. તારે માટે એવી પ્રાર્થના કરતાં મારી આંખમાં આંસુ આવી ગયાં. તારા જેવી પવિત્ર બહેન માટે પ્રાર્થના ના કરું તો બીજા કોને માટે કરું ? ઈશ્વરે મને તારા જેવી પવિત્ર ને લાગણીવાળી બહેન આપી છે તે સુખી રહે તથા દીર્ઘાયુ બને એવી મારી ઈચ્છા છે.'

'મને કશું જ નથી થવાનું. લક્ષ્મણ, રામ અને સીતા વનમાંથી પાછાં ફરશે અથવા અયોધ્યાને પોતાની પદરજથી પવિત્ર કરશે ત્યાં સુધી અને તે પછી પણ જીવવાની છું. લક્ષ્મણને માટેનો મારો સાચો, પવિત્ર ને પ્રખર પ્રેમ જ મને જીવતી રાખી રહ્યો છે અને જીવતી રાખ્યા કરશે. મને કાંઈક થાય તો લક્ષ્મણને જ્યાં હોય ત્યાં સંદેશ જરૂર મોકલું. મારો સંદેશ મળતાં એ જ્યાં હોય ત્યાંથી વિના વિલંબ આવી પણ જાય. પરંતુ અત્યારે એવું નથી કરવું. એ રામ તથા સીતાની સેવાના મહામૂલ્યવાન કામમાં બીજા બધા જ વિષયોને ગૌણ ગણીને લાગી ગયા છે. એમાં ભલે લાગેલા રહે. એ કીંમતી સેવાકર્મમાંથી મારે એમનું ધ્યાન મારા તરફ નથી લગાડવું. એ ભલે ત્યાં જ રહે ને સુખી રહે. એમને પણ વનમાં કાંઈ ઓછી તકલીફ નહિ હોય.'

'વનમાં અપરિચિત પ્રદેશમાંથી માર્ગ કરવાનો હોય છે. જંગલી જનાવરનો ભય હોય છે, અને રાક્ષસો ફર્યા કરે છે, એમનાથી પોતાની રક્ષા કરવી પડે છે. એવી રીતે ડગલે ને પગલે કષ્ટ તો હોય જ.'

'છતાં પણ રામ તથા લક્ષ્મણ પરમ પ્રતાપી છે, એટલે બધાં કષ્ટોને પહોંચી વળશે. મને એ બાબતે જરા પણ શંકા નથી થતી. એમના જીવન નિરાપદ અને સુખમય બને એ માટે પ્રાર્થું છું. તેં પણ મારી સારી સેવા કરી, નિષ્કામ ! એને માટે તને ધન્યવાદ આપું છું.'

'એમાં ધન્યવાદ આપવાનું કારણ જ ક્યાં છે ? મેં તો મારી ફરજ બજાવી છે. અયોધ્યામાં તું માંદી પડત અને મને ખબર ના હોત તો તારી સેવા કરવા મારાથી થોડું જ આવી શકાવાનું હતું ? આ તો ઈશ્વરે મને તારી સેવા કરવાનો અવસર આપ્યો. એનો લાભ ના લઉં એવું બને જ કેવી રીતે ? બહેનની સેવા ભાઈ કરે એ માટે કાંઈ ધન્યવાદ ના આપવાનો હોય. ઊલટું, મને સેવા કરવાનું સૌભાગ્ય આપવા બદલ તને જ ધન્યવાદ આપી રહ્યો છું. પહેલા હું લાંબા વખત લગી માંદો રહેલો ત્યારે તેં લાગણીપૂર્વક મારી ઘણી સેવા કરી છે.'

'ક્યારે ? તું ક્યારે માંદો પડ્યો ને મેં તારી સેવા ક્યારે કરી ?' ઊર્મિલા કાંઈ સમજી ના શકી. એણે આશ્ચર્ય બતાવ્યું.

'કેમ ? હું માંદો નહોતો પડ્યો ને તેં મારી સેવા નહોતી કરી ? એટલી વારમાં ભૂલી ગઈ ? હું પણ ભયંકર માંદગીમાં સપડાયેલો પરંતુ એ માંદગી શારીરિક નહિ, માનસિક હતી. મને કામવાસનાની વિષમય અસરવાળો ભીષણ જ્વર લાગુ પડેલો. તેમાંથી તેં જ મને ઉગારી લીધો. એથી મારું જીવન સુધરી ગયું ને ઉજ્જવળ બન્યું. તારો એ અસાધારણ ઉપકાર નહિ ભૂલી શકું. આ જ્વર તો છેક જ સાધારણ છે પણ એ તો અત્યંત મારક હતો. તારા અનુગ્રહથી જ એ ઉતરી શક્યો.'

ઊર્મિલાએ સૂકું સ્મિત કર્યું ને કહ્યુઃ 'સારું થયું કે તું એ જ્વરમાંથી મુક્તિ મેળવી શક્યો. નહિ તો વળત કશું નહિ ને તું દુઃખી તો થાત જ પરંતુ એની સાથે બરબાદ બની જાત.'

એ જ દિવસથી ઊર્મિલાને આરામ થવા માંડ્યો.

એ જ્વરમુક્ત થઈને એકાદ સપ્તાહમાં તો સંપૂર્ણ સ્વસ્થ બની ગઈ.

એ જોઈને બીજા બધાની સાથે નિષ્કામના આનંદનો પાર ના રહ્યો.

* * * * *

## ૫૦. રક્ષા

નિષ્કામે ઊર્મિલાને વાતવાતમાં કહ્યું: 'મારી પ્રાર્થના ઈશ્વરે સાંભળી ખરી. તું માંદી હતી ત્યારે મારું મન પણ જાણે કે બીમાર બની ગયેલું. હવે કેટલો બધો આનંદ લાગે છે ? તને સ્વસ્થ જોઈને મન શાંત બની જાય છે.'

બીજા દિવસે નિષ્કામ ઊર્મિલાને મળવા આવ્યો ત્યારે ઊર્મિલા પોતાના એકાંત ખંડમાં આરાધનામાં બેઠેલી.

અંદર પ્રવેશીને એ એક બાજુ બેસી ગયો.

થોડા વખત પછી ઊર્મિલાએ આંખ ઉઘાડીને નિષ્કામ કરફ જોઈને પૂછ્યું: 'ક્યારથી આવ્યો છે ?'

'હમણાં જ. હજુ થોડો જ વખત થયો: 'પરંતુ આ શું છે ? આ તો હું આજે જ જોઈ રહ્યો છું.'

'તું એને ના ઓળખી શક્યો ?'

'આ ચિત્ર લક્ષ્મણનું છે ?'

'હા એ ચિત્ર લક્ષ્મણનું જ છે. એને હંમેશા મારી પાસે જ રાખું છું. એથી મને પ્રેરણા તથા શાંતિ મળે છે. મારી સામે રાખીને તથા પરમાત્માસ્વરૂપ માનીને હું રોજ ધ્યાન કરું છું.'

'એ ચિત્ર કોણે તૈયાર કર્યું ? એ અત્યંત આબેહૂબ લાગે છે !'

'બીજું કોણ તૈયાર કરે ?'

'કોઈક કલાકાર.'

'એ કલાકાર હું જ છું. એને મેં જ તૈયાર કર્યું છે. તને કદાચ ખબર નહિ હોય પરંતુ મને ચિત્રો તૈયાર કરવાનો શોખ છે. એ શોખ મેં અયોધ્યા ગયા પછી વધારેલો પરંતુ હવે હું બીજાં ચિત્રો નથી બનાવતી. લક્ષ્મણનું આ ચિત્ર છેલ્લું જ છે. અને એને મેં મારી સ્મૃતિની મદદથી બનાવ્યું છે.'

નિષ્કામે ચિત્રને જરા પાસે જઈને ધ્યાનપૂર્વક જોયું ને કહ્યું: 'કેટલું બધું સુંદર ચિત્ર છે ? એમાં પ્રેમ મળી ગયો છે, એટલે એ આટલું આકર્ષક લાગે છે.'

ઊર્મિલાએ થોડી વાર વિચારમગ્ન બનીને જણાવ્યું, 'મેં રામ, સીતા અને લક્ષ્મણના વનગમનનું, અમારા વિયોગનું, મહારાજ દશરથના દેહત્યાગનું અને એવાં જ બીજાં કેટલાંય ચિત્રો તૈયાર કર્યાં છે. રામ, સીતા અને લક્ષ્મણના પુનરાગમનનું ચિત્ર પણ બનાવ્યું છે.'

ઊર્મિલાએ એ બધાં ચિત્રો કાઢી બતાવ્યાં.

નિષ્કામને એ ખૂબ જ ગમી ગયાં.

એમની પ્રશંસા કરતાં એ ના થાક્યો.

'તેં ભૂત તથા ભવિષ્યકાળને કાગળ પર મૂર્તિમંત કર્યો છે, ઊર્મિલા ! તારી કળા કલ્યાણકારક છે. બીજા અનેકને એ પ્રેરણા પાશે. આ પ્રસંગો બીજાના જીવનમાં પ્રકાશ પાથરશે કે જીવન ભરશે.'

'આ એક બીજું ચિત્ર મેં સીતાના હરણનું પણ તૈયાર કર્યું છે.'

ઊર્મિલાએ એક બીજું ચિત્ર બતાવ્યું.

તેને નિરખીને નિષ્કામે નવાઈ પામતાં પૂછ્યું: 'સીતાનું હરણ થયું છે ?'

'એનું હરણ શા માટે થાય ? મને એની માહિતી નથી. આ ચિત્ર વાસ્તવિક નથી પરંતુ કાલ્પનિક છે. મને કેટલાય વખત પહેલાં આવેલા એક વિચિત્ર સ્વપ્નના આધાર પર એને તૈયાર કર્યું છે. સીતાનું હરણ ના થાય એવું જ ઈચ્છું છું, પરંતુ વિયોગરૂપી અસુરે સીતાનું હરણ કરવાથી આખી અયોધ્યા એના વિના આંસુ સારી રહી છે. ચિત્રમાં મેં એવો જુદો જ ભાવ પ્રદર્શિત કર્યો છે.'

'એ ભાવ અત્યંત અદ્દભૂત અને અસરકારક રીતે મૂર્તિમંત બની શક્યો છે. જો કે ચિત્રમાં બધા દશ્યો પ્રત્યક્ષ જોતાં હોઈએ એવું લાગ્યા કરે છે. એમાંય લક્ષ્મણનું ચિત્ર તો એકદમ અસાધારણ છે. હમણાં જ બોલી ઊઠશે એવું લાગ્યા કરે છે.'

'એ ચિત્રને તૈયાર કરતાં મને વખત પણ સારો એવો લાગ્યો છે. આ ચિત્ર તો બહારનું છે, પણ મારા હૃદયમાં લક્ષ્મણના સુંદર સુધામય સ્વરૂપની જે પ્રતિચ્છબિ પડી છે તે છબી આ બહારના ચિત્ર કરતાં કેટલી બધી સુંદર છે તે કેમ કરીને કહી બતાવું ? આ તો એનું સ્થૂલ રૂપ છે, છતાં પણ મને આનંદ આપે છે.'

મિથિલાની ભૂતકાળની સ્મૃતિઓ ઊર્મિલાની આંખ આગળ તાજી થઈ.

એમાંય એણે ફૂલવાડીની મુલાકાત લીધી અને જગદંબાના મંદિરમાં પ્રવેશીને પૂજા કરી ત્યારે તો એના અંતરમાં અનેરો ભાવો પેદા થયા.

'ફૂલવાડીને તો કેવી રીતે ભૂલી શકાય? એનો આત્મા બોલી ઊઠ્યો: 'એની સ્મૃતિ તો મને રોજ આવ્યા કરે છે. અયોધ્યામાં રહીને પણ હું એને નથી ભૂલી. ત્યાં રહીને પણ એને અવારનવાર યાદ કર્યા કરું છું. સૌથી પહેલાં રામ અને લક્ષ્મણની મુલાકાત મને અહીં જ થયેલી અને લક્ષ્મણને માટેના અસાધારણ આકર્ષણનો અનુભવ પણ અહીં જ થયેલો, આ જ સ્થળમાં. અહીં પ્રથમ દર્શન વખતે અંતરમાં આવિર્ભાવ પામેલા ભાવ ભગવતીના અલૌકિક અનુગ્રહથી આખરે સફળ થયા. સીતા અને રામના જીવનમાં જે અવનવા અધ્યાયનો આરંભ થયો તે પણ અહીં જ, આજ ભૂમિમાં. એ બધા બનાવો હજુ હમણાં જ બન્યા હોય એવું લાગ્યા કરે છે. પરંતુ એમના પર કાળનો વિશાળ પડદો ફરી વળ્યો અને એ પછી તો અનેક બનાવો બની ગયા. છતાં પણ એ દિવસોની સ્મૃતિ આજે પણ કેટલી બધી સુખદ લાગે છે!'

થોડોક વખત રહીને એનો આત્મા ફરી ગણગણવા લાગ્યો: 'કાળનો પ્રવાહ એવો જ અનવરત રીતે ચાલ્યા કરે છે. એમાં બધું જ વહેતું જાય છે. દિવસ પછી રાત અને રાત પછી દિવસ. માસ પછી વરસ અને એવી રીતે આખુંય જીવન. કશું જ સ્થાયી નથી.

કાળે અમને એક ધન્ય દિવસે ભેગાં કર્યાં, સ્નેહ અથવા સંવેદનથી યુક્ત કર્યાં, સ્વજન બનાવ્યાં, અને આખરે છૂટાં પાડ્યાં. પરંતુ એના સ્વભાવ પ્રમાણે એક દિવસ એ અમને ભેગાં પણ કરી દેશે. એ દિવસ કેટલો બધો અનેરો હશે ? એ ઘડી અને પળ કેટલી બધી આનંદજનક હશે ?'

ઊર્મિલા એ અદ્દભુત, આનંદમય દિવસની કલ્પના કરવા લાગી.

એ કલ્પનાથી એનો પ્રાણ પુલકિત બની ગયો.

એનું પ્રત્યેક પરમાણુ પ્રસન્નતાથી ભરાઈ ગયું.

'મિલનની કલ્પના પણ કેટલી બધી આનંદદાયક અને શાંતિપ્રદાયક છે ?' એ બોલી ઉઠી: 'એવી કલ્પના, આશા અથવા સંભાવનાને લીધે જ જીવન નભે છે, જીવવા જેવું લાગે છે, ને બળવાન બને છે.'

એણે ફૂલવાડીના પેલા વિશાળ વૃક્ષ પર દૃષ્ટિપાત કર્યો. લક્ષ્મણ એ વૃક્ષની નીચે જ ઊભેલા ને ?

એ કેટલા આકર્ષક લાગતા'તા ?

કોણ જાણે કેટલાંય પુણ્યોને પરિણામે એની પ્રાપ્તિ થઈ, પોતે એની અર્ધાંગિની થઈ, અને રામ તથા સીતા સાથે વનમાં જવાની અનુમતિ પણ એણે પોતે જ આપી ! વિધિની વિચિત્રતા તો જુઓ.

કોઈયે કોડભરેલી સ્ત્રી એવી અનુમતિ આપી શકે ?

છતાં પણ એનો અફસોસ નથી. ના, જરા પણ નહિ.

ઉલટું, એનો આનંદ છે. અંતરમાં એને લીધે એક પ્રકારની કૃતાર્થતાનો ભાવ પેદા થયો છે.

અને હવે તો......વિયોગનો જેટલો વખત વીતી ગયો તેટલો થોડો જ બાકી રહ્યો છે ? રામ, સીતા અને લક્ષ્મણને વનમાં ગયે વરસો વીતી ગયાં. હવે તો થોડો જ સમય શેષ રહ્યો છે. હા, થોડો જ. ઊર્મિલાએ વિચારમાં લીન બનીને મંદિરમાં માતાની મૂર્તિને પ્રણામ કર્યા. પ્રણામ કરીને અનુરાગથી અંજાયેલી આંખે માતા તરફ એકીટસે જોતાં પ્રાર્થના કરી, 'તેં જેને મેળાપ કરાવ્યો તેનો મેળાપ પાછો કરાવી દેજે, મા! તેનો વિયોગ યોગમાં ફેરવી દેજે. અને જ્યાં સુધી તેનો યોગ ના થાય ત્યાં સુધી શાંતિથી સહન કરવાની શક્તિ દેજે.'

માતાએ જાણે કે એની માગણી મંજૂર રાખી.

એના મુખ પર સ્મિત ફરી વળ્યું.

એણે આશીર્વાદના સ્વરમાં જાણે કે કહેવા માંડ્યું: 'ઊર્મિલા! મારું વચન મિથ્યા નહિ જાય. મેં તને લક્ષ્મણનો મેળાપ કરાવેલો તેમ ફરી મેળાપ કરાવીશ. તારું સૌભાગ્ય અખંડ રહેશે. વિયોગનો વખત હવે થોડો જ છે. એનો અંત સમીપમાં છે. તારો ત્યાગ અમર છે, ઊર્મિલા! બીજી સ્ત્રીઓ અને પુરુષોને માટે એ માર્ગદર્શક થશે. સંસાર રહેશે ત્યાં લગી એ અમર રહેશે અને અનેકને પ્રકાશ પ્રદાન કરશે. મારા આશીર્વાદથી લક્ષ્મણના વિયોગમાં પણ તું સુખી છે અને સુખી જ રહીશ. હજુયે વધારે સુખી થઈશ.'

ઊર્મિલાને આનંદ થયો.

એની તંદ્રા તૂટી ગઈ.

હરખતા હૈયે એ રાજપ્રસાદમાં પાછી આવી.

મિથિલામાં રહી ત્યાં સુધી રોજ એણે ફૂલવાડીની મુલાકાત લીધી ને માતાના મંદિરમાં પૂજા કરી.

મિથિલાથી અયોધ્યા માટે પ્રસ્થાન કરવાને આગલે દિવસે નિષ્કામે એને પૂછ્યું: 'લક્ષ્મણના વિરહ દરમિયાન એને માટેના તારા સ્નેહમાં કાંઈ ફેર નથી પડ્યો એ વસ્તુ ખાસ નોંધપાત્ર નથી લાગતી ?'

'ફેર કેવી રીતે પડે ?' ઊર્મિલાએ સામું પૂછ્યું: 'સ્નેહ જો સમજપૂર્વકનો ને સાચો હોય તો વિરહ કે મિલન દરમિયાન એક સરખો જ રહે છે. એમાં ફેર નથી પડતો. એને શરીરની સમીપતા જોઈએ જ છે એમ નથી. એના વિના પણ એ ટકે છે. પ્રેમ તો આત્માની અંદરથી ઉત્પન્ન થનારી અને આત્માના આધારે રહેનારી વસ્તુ છે. બહારના સુખોપભોગની આવશ્યકતા એને છે જ એવું નથી સમજવાનું. આ તો લાંબા વખતના

વિયોગ પછી પણ લક્ષ્મણને મળવાની આશા છે, પરંતુ એવી આશા ના હોય તો પણ શું થયું ? મારા અંતરમાં એમને માટેનો જે પ્રખર પ્રેમ છે તેમાં ફેર ના જ પડે.'

નિષ્કામે કહ્યું: 'તારી પાસેથી બીજી કેટલીય વસ્તુઓની જેમ એ વસ્તુ શીખવા જેવી છે: પવિત્રતા અને પ્રામાણિકતા. તું મારા કરતાં વયમાં નાની હોવા છતાં ગુણમાં કે યોગ્યતામાં ઘણી મોટી છે. તેં પવિત્ર અને આદર્શ જીવન જીવવાની પ્રેરણા ધરી છે, મારા કાલિમા દૂર કરી છે. તું મારે માટે આદર્શરૂપ બની છે. તારા સ્નેહ અને સહકારથી જ હું સાચા અર્થમાં મનુષ્ય બનવાનું બળ મેળવી શક્યો, નહિ તો પશુની શ્રેણીમાં અથવા પશુ કરતાં પણ હીન હતો.'

'શતાનંદ જેવા ઉત્તમ પિતાના વારસામાં મળેલા સુષુપ્ત સંસ્કારો તારી અંદર સંજોગ મળતાં જાગી ઉઠ્યાં. એને લીધે જ તું આદર્શ જીવન જીવવા તૈયાર થયો. એનો યશ મને નથી ઘટતો પરંતુ તારા પિતાને ઘટે છે. હું તો એમાં કેવળ નિમિત્ત બની છું.'

'તો પણ હું તો એનો યશ તને જ આપું છું અને તને જ આપતો રહીશ, કારણ કે મારા જીવનમાં થયેલું આમૂલ પરિવર્તન એકમાત્ર તને જ આભારી છે એ જાણું છું; એ હકીકતને મારાથી કદી પણ નથી ભૂલી શકાય તેમ. એને માટે તારો સદાય ઋણી રહીશ.'

ઊર્મિલા શાંત રહી એટલે નિષ્કામ ફરી બોલ્યો: 'હવે તો તું અયોધ્યા જવાની એટલે તારું દર્શન દુર્લભ બની જવાનું.'

'દુર્લભ કેમ ? ઈચ્છા થાય ત્યારે અયોધ્યા આવી જજે.'

'અયોધ્યા તો આવીશ. ત્યાં આવીને તને મળ્યા વિના મને ચેન થોડું જ પડવાનું છે ? પરંતુ ત્યાં આવીને મારાથી બેસી થોડું જ રહેવાય તેમ છે ? હવે તો ઘરની જવાબદારી પણ સંભાળવાની ને ? હા, તું અયોધ્યાને બદલે મિથિલામાં જ રહેતી હોત તો જુદી વાત હતી. તને રોજ એકવાર તો મળત.'

'રોજ એકવાર નહિ પણ અનેક વાર, કેમ ?' ઊર્મિલા હસવા માંડી: 'સ્નેહ તો દૂર રહેવાથીયે થઈ શકે છે અને એના પરિણામે મળતી પ્રેરણા પણ મળી શકે છે. કાળ કોઈને કાયમને માટે સાથે કે પાસે નથી રહેવા દેતો.'

'એ સમજવા છતાં તારા જેટલું મનોબળ નથી મેળવી શક્યો એટલે તને મળવાની ઈચ્છા રહ્યા કરે છે. ધીરે ધીરે તારી કૃપાથી એ મનોબળ પ્રાપ્ત થઈ રહેશે, એટલે તારા સહવાસની ઈચ્છા ઓછી થશે. પરંતુ આજે તો પરિસ્થિતિ જુદી જ છે. જીવનનો વિકાસ તો ધીરેધીરે કે ક્રમેક્રમે થાય છે ને ? એ કાંઈ એકદમ જલદી થોડો થઈ જાય છે ?'

'છતાં પણ તું ઘણો સારો વિકાસ કરી શક્યો છે, નિષ્કામ! એ જોઈને મને સંતોષ થાય છે.'

નિષ્કામે શાંતિપૂર્વક કહ્યું: 'મારો વિકાસ તને સંતોષ આપે છે, તો મને સંતોષ આપવા માટે તારે પણ કાંઈક કરવું પડશે. એટલી આશા તો ભાઈ તરીકેના હકથી તારા જેવી પ્રેમાળ બહેનની પાસે રાખી શકું છું.'

ઊર્મિલાએ કુતૂહલથી પ્રેરાઈને પૂછ્યું: 'મારે શું કરવાનું છે ? મારી પાસેથી શી આશા રાખી રહ્યો છે ?'

'મારા ઈચ્છા ઘણી સાધારણ છે.'

'એટલે ?'

'હું તારી પાસે રક્ષા બંધાવવા માગું છું.'

'રક્ષા ?'

'હા. રક્ષા. તું મને તારા હાથે રક્ષા બાંધે એવી કામના કરું છું. એને કામના માન કે પ્રાર્થના ગણ, બધું સરખું જ છે. એ રક્ષા મને નિર્ભય રાખશે, જાગ્રત કરશે ને પ્રેરણા પાશે. જીવનના અટપટા પ્રવાસમાં હિંમત આપશે, હૂંફ ધરશે, ને પ્રલોભનો તેમજ ભયસ્થાનોથી સલામત રાખશે. રક્ષાના રૂપમાં મારી સાથે રહેનારો તારો સ્નેહ મને વધારે ને વધારે ઉત્તમ ને નિર્મળ જીવન જીવવાની શક્તિ આપશે. રક્ષા બાંધવાનું કામ આપણા સમાજમાં નવું નથી. વડીલો તથા પૂજ્ય પુરુષો પોતાના કરતાં નાનાને રક્ષા બાંધે છે. એ પરંપરાગત પ્રથામાં થોડુંક પરિવર્તન કરીને આજે તારે મને રક્ષા બાંધવાની છે. તું વડીલ છે, પૂજ્ય છે, અને દેવે દીધેલ ભગિની છે, એટલે એ કામ જરા પણ અજુગતું નહિ કહેવાય.'

નિષ્કામની ભાવના ઊર્મિલાના અંતરને એકદમ સ્પર્શી ગઈ ને ભીંજવી ગઈ.

ક્યાં પહેલાનો નિષ્કામ અને ક્યાં અત્યારનો ?

એનામાં આટલું બધું પ્રખર પરિવર્તન થશે એની કલ્પના ક્યાં હતી ?

તો પણ એ પરિવર્તન થઈ ચૂક્યું એ હકીકતને ઉવેખી શકાય તેમ ન હતું.

આ શબ્દો એ જ નિષ્કામ બોલી રહ્યો છે. આ ભાવોનું પ્રદર્શન એ જ નિષ્કામ કરી રહ્યો છે.

ઊર્મિલા બોલી ઊઠી: 'નિષ્કામ, તારી ઉદાત્ત ભાવનાને માટે તને અભિનંદન આપું છું. એ ભાવના આનંદદાયક છે. છતાં પણ તારી સાચી રક્ષા તો તારી એવી શુભ ભાવના અને એ ભાવનાથી પ્રેરાઈને થનારાં તારા જીવનનાં શુભ કર્મો જ થઈ શકશે. મારા શુદ્ધ સ્નેહ અને શુભાશિષની સૂક્ષ્મ રક્ષા તો તારી પાસે જ છે એ કેમ ભૂલી જાય છે.'

એ હકીકત ભૂલી નથી ગયો, તો પણ તારી પાસે સ્થૂલ રક્ષા બંધાવવાની ઈચ્છા તો રહે છે જ. એ ઈચ્છા અમંગલ નથી, માટે એનો અનાદર ન કરતી.'

એટલું કહીને નિષ્કામે ઊર્મિલાની આગળ સાથે આણેલી રક્ષા મૂકી.

'ઓહો, તું પૂરતી તૈયારી કરીને આવ્યો લાગે છે! '

'તૈયારી તો કરવી જ પડે ને ? આવો અવસર ફરી વાર કોણ જાણે ક્યારે મળે કે ના ય મળે !'

ઉર્મિલાએ નિષ્કામને હાથે રક્ષા બાંધી.

નિષ્કામને શાંતિ થઈ. એણે ગદ્દગદ્દ સ્વરે કહ્યું: 'તારી બાંધેલી રક્ષાને કલંકિત નહિ કરું. સદા યે શોભાવીશ.'

અયોધ્યા માટે મિથિલાનો ત્યાગ કરીને રથમાં બેસીને વિદાય થતાં પહેલાં ઊર્મિલા પોતાના પૂજ્ય પિતા જનકને પગે લાગી.

જનકે એને અંતરના આશીર્વાદ આપ્યા.

એમનું હૃદય ભરાઈ આવ્યું.

એ બોલ્યા: 'સીતા અત્યારે કોણ જાણે ક્યાં હશે ને શું કરતી હશે. એ રામ સાથે વનમાં ગઈ અને તેં સ્વેચ્છાથી લક્ષ્મણને વનમાં મોકલી રાજભવનમાં રહેવા છતાં વનવાસિની જેવું જીવન પસંદ કર્યું. તમે

બંનેએ તમારા જીવનને દીપાવીને આપણા કુળને યશસ્વી કર્યું. વૃદ્ધ માતાતુલ્ય સાસુઓની સેવા કરજે ને સુખી થજે.'

ઊર્મિલાને પણ સીતાની સ્મૃતિ થઈ આવી.

રથ ઊપડ્યો ત્યારે નિષ્કામની આંખ ભરાઈ ગઈ.

હાથે બંધાયલી રક્ષા પર દૃષ્ટિપાત કરતો ને ઘડીમાં ઊર્મિલાને જોતો એ ગળગળો બની ગયો ને કશું બોલી ના શક્યો.

* * * * *

## ૫૧. મંદોદરીનો વિચાર

મિથિલાથી અયોધ્યા જતાં આખે રસ્તે ઊર્મિલાને સીતાની સ્મૃતિ સતાવવા લાગી.

બંને બહેનો હોવા છતાં બંનેના જીવનના ઘટપ્રવાહો કેટલા બધા ભિન્નભિન્ન દિશામાં થઈને વહી રહેલા ? બને વચ્ચે અપાર પ્રેમ હતો અને છે, તો પણ વિધાતાએ બંનેને માટે જુદી જુદી પ્રવૃત્તિનું નિર્માણ કર્યું. એક વનમાં ને બીજી ઘરમાં.

જીવન કેટલું બધું કરુણ છે ! એનો પાર કોણ પામી શકે છે?

અરણ્યની અનેકવિધ આપત્તિ વચ્ચે રામ, લક્ષ્મણ ને સીતા સુખી હશે કે દુઃખી એ તો કોણ કહી શકે ? સુખ માત્ર એટલું જ કે ત્રણે સાથે છે. બાકી તો અરણ્યમાં એકલું સુખ હોય જ ક્યાંથી ?

ઊર્મિલા એવી રીતે સીતાને યાદ કરતી'તી તો સીતા પણ એની સ્મૃતિમાં મશગૂલ હતી.

એનાં ત્યાગ, સમર્પણ ભાવ અને એની હિંમતમાંથી એને પ્રેરણા મળતી. એના હૃદયમાં નવાં બળ અને ઉત્સાહનો સંસાર થતો. છતાં પણ આજે રામને યાદ કરીને પોતાની અસહાય અવસ્થાનો વિચાર કરતાં તે એકવાર ફરી કરુણ બની ગઈ.

રાવણ હજુ હમણાં જ આવીને વિદાય થયેલો. એનો અહંકાર અનંત હતો. એની વાણીમાં, આકૃતિમાં અને એના હાવભાવમાંથી એ અહંકાર ટપક્યા કરતો.

વિધિએ પોતાને અહંકારના મૂર્તિમંત સ્વરૂપ જેવા રાવણના સકંજામાં ક્યાંથી સોંપી એ એને ના સમજાયું. એને આપાર દુઃખ થયું.

એ જ વખતે મંદોદરીએ અશોકવાટિકામાં પ્રવેશ કર્યો.

મંદોદરી માયાળુતાની મૂર્તિ હતી. એની મુખાકૃતિ, દૃષ્ટિ તથા વાણીમાંથી મધુરતા ટપકતી રહેતી.

વિધાતાએ એને પોતાની સમસ્ત સુંદરતા, શુચિતા, સરસતા તથા સુમધુરતાથી સંપન્ન કરીને કોઈક ધન્ય ક્ષણે પૂરતા વિચાર પછી ઘડી હતી.

સીતાને એને માટે સગી બેન જેવો પ્રેમ થયા કરતો, તો એ પણ સીતાને પોતાની બેન બરાબર સમજતી. એટલું જ નહિ પણ એ પ્રમાણે વર્તન કરતી.

એના આગમનથી સીતાની ચિંતા, પીડા ને વ્યથા કાંઈક ઓછી થઈ.

મંદોદરી એની પાસે આવીને બેસી ગઈ.

એણે ગુલાબી રંગની સુંદર રેશમી સાડી પહેરેલી અને આકર્ષક અંબોડાની આજુબાજુ મોગરાનાં પુષ્પોની વેણી બાંધેલી. શરીર પર ધારણ કરેલાં ભાતભાતનાં આભૂષણો એને અલંકૃત કરતાં કે એ એમને અલંકૃત કરતી એ કહેવું મુશ્કેલ હતું.

એના મુખ પર રમી રહેલું સરસ સ્મિત એના હૃદયની રસમયતાનું અને નિર્મળતાનું પ્રતિક હતું.

એ રૂપમાં સાક્ષાત રતિ જેવી દેખાતી તો પણ એ રૂપનો એને ઘમંડ ન હતો એ એના વદન પર છવાયેલી શાંતિ અને તેજસ્વી નેત્રોમાંથી તરી આવતી નિખાલસતા ને નમ્રતાને લીધે સાફ દેખાતું.

એ સીતાની પાસે આવીને એક સામાન્ય સ્ત્રીની પેઠે કોઈપણ પ્રકારના વિશેષ સન્માનની અપેક્ષા વિના બેસી ગઈ અને બોલી: 'તારું વદન આટલું બધું દુઃખી કેમ છે ? કાંઈ થયું તો નથી ?'

સીતાએ શુષ્ક સ્વરમાં કહેવા માંડયું: 'જે થયું છે ને થયા કરે છે તે જ મને દુઃખી કરવા માટે પૂરતું નથી ? મારા રામથી અલગ થઈને હું સુખી કેવી રીતે રહી શકું ? એમનાથી અલગ થઈ છું ત્યારથી મારા માથા પર વિપત્તિનો વરસાદ વરસવા માંડ્યો છે. માછલી કદી પાણી વિના સુખી રહી શકે છે ? એ તો મરી જાય છે, પરંતુ મને ધિક્કાર છે કે હજુ જીવી રહી છું. મારો પ્રેમ એટલો કાચો હશે.'

'તારો પ્રેમ કાચો તો કેવી રીતે કહી શકાય ? તે લેશ પણ કાચો નથી લાગતો. કોઈના વિયોગની વ્યથાથી મરી જઈએ તો જ તેને માટેનો પ્રેમ પાકો છે નહિ તો કાચો છે, એવું ના કહેવાય. વિયોગની વ્યથા ઘણી ભારે હોવા છતાં, ન છૂટકે સહન કરવી પડે, તો તેને સહન કરવામાં પણ એક જાતની બહાદુરી હોય છે. વિયોગને સહન કરવાની જે શક્તિ સાંપડે છે તેના મુળમાં પણ જેનો વિયોગ થાય છે તે વ્યક્તિ પ્રત્યેનો પવિત્ર ને પ્રખર પ્રેમ જ હોય છે. તું રામના પ્રેમને લીધે અને રામને માટે જ જીવી રહી છે. ઈશ્વર તને જીવાડે છે. રામના વિરહની વ્યથામાં તારું શરીર શાંત થઈ જાય તો તને કદાચ કામચલાઉ શાંતિ મળી શકે, પરંતુ રામની દશા કેટલી બધી દયનીય બની જાય તેનો વિચાર તેં કરી લીધો ?'

સીતા સહેજ વિચારમાં પડી ને બોલી: 'રામ મારા વિના ભાગ્યે જ જીવતા રહી શકે. મારા કરતાં એમનું હૃદય વધારે કોમળ ને લાગણીવાળું છે. હું જીવતી છું અને વહેલીમોડી મળવાની છું એ આશામાં જ એ જીવી રહ્યા હશે. વિધાતાએ આટલા બધાં નિર્દય નહોતું થવું જોઈતું.'

મંદોદરી મૂંગી રહી એટલે સીતા કહેવા માંડી: 'રાવણની બુધ્ધિ આટલી બધી ભ્રષ્ટ કેમ બની ગઈ તે મને નથી સમજાતું. મેં એનું કાંઈયે નથી બગાડ્યું તો પણ મને ધાકધમકી અને ત્રાસ આપ્યા કરે છે. એ પોતાને પંડિત, તપસ્વી તેમજ વીર ગણાવે છે, પરંતુ એની પંડિતાઈને, તપશ્ચર્યાને તથા વીરતાને ધિક્કાર છે. તને મારા શબ્દપ્રયોગથી કદાચ ખોટું લાગતું હશે, પણ એને માટે મારાથી માનવાચક શબ્દોનો પ્રયોગ નથી કરી શકાતો તે એક હકીકત છે; તેને માટે માફી માંગું છું.'

'એમાં માફી માગવા જેવું કશું જ નથી. તારી મનોદશાને સહાનુભૂતિપૂર્વક સમજી શકું છું. તારા જેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં મારે મૂકાવું પડ્યું હોત તો મારી દશા પણ એવી જ હોત. મારા મુખમાંથી પણ એવા જ શબ્દો નીકળતા હોત. રાવણે જે કર્યું છે એ અસત્ય ને અમંગલ કર્યું છે. એને માટે મને ઘણું જ દુઃખ થાય છે. ઈશ્વર એમની બુદ્ધિને સુધારે એ માટે સાચા દિલથી રોજ પ્રાર્થના કરું છું. આશા છે કે ઈશ્વર એ પ્રાર્થના સાંભળશે. એમની સાથે કોઈ પ્રકારનો સહકાર ન કરું અને એમને માટે પ્રાર્થના કરું એના સિવાય મારાથી બીજું થઈ શકે પણ શું?'

'મંદોદરી! એક આદર્શ પત્ની અથવા સન્નારી તરીકેની બધી જ ફરજ તું બજાવી રહી છે. તારામાં એ માટેનાં બધાં જ લક્ષણો જોવા મળે છે. તને જોઈને મને આનંદ થાય છે તથા તારા સ્નેહમય શબ્દોના શ્રવણથી મારા સંતપ્ત અંતરને થોડીક શાંતિ મળે છે. રામ મને મળશે તો ખરાંને ?'

'જરૂર મળશે. એ સંબંધમાં કોઈ શંકા કરવાનું કારણ જ નથી.'

'તો પણ મને શંકા થઈ જાય છે.'

'શંકા થવાનું કારણ ?'

'રાવણનું અસાધારણ સામર્થ્ય. સામર્થ્યનો વિચાર કરતાં મારું મન ક્યારેક પાછું પડે છે.'

'એ સામર્થ્યનો પરિચય તને ક્યારે થયો ?'

'મેં એ સામર્થ્યને મારા સ્વયંવર વખતે જોયેલું. પરંતુ એ પછી તો રાવણના કહેવા પ્રમાણે તપ કરીને એણે અમુલખ વરદાન મેળવ્યાં છે એટલે એને કોઈનો ભય નથી રહ્યો. દેવ, દાનવ, ગંધર્વ ને યક્ષ પણ એનું મૃત્યુ નથી નીપજાવી શકે તેમ. અને પોતાની મેળે સમજીને એ મને સન્માનપૂર્વક છોડી દે એ તો એકદમ અશક્ય લાગે છે. એણે પોતાના તપની તથા તે દ્વારા મળેલા વરદાનની વાત કરી ત્યારથી મારું મન ચિંતાતુર બની ગયું છે. એ વરદાનની વાત જો સાચી હોય તો તો યુદ્ધમાં એને કોઈ જીતી કે મારી જ ન શકે.'

મંદોદરી એવી જ શાંતિ અને સહાનુભૂતિપૂર્વક બોલી: 'તપ તથા વરદાનની વાત તો સાચી છે, પણ એથી આમ અકાળે ચિંતાતુર બનવાની આવશ્યકતા જરા પણ નથી.'

'કેમ ?'

'તેનું કારણ ઘણું સીધું, સાદું અને સ્પષ્ટ છે. રાવણને એવું વરદાન જરૂર મળ્યું કે એમને દેવ, દાનવ, ગંધર્વ કે યક્ષ મારી ન શકે પરંતુ એટલાથી જ એ નિર્ભય તેમજ મૃત્યુરહિત છે એવું થોડું જ છે ? એમને અમર બનવાનું વરદાન જોઈતું'તું. એ માટે તો એમણે તપશ્ચર્યાનો આધાર લીધો, પરંતુ એ વરદાન એમને ન મળ્યું. એમને સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું કે, જે જન્મે છે તે મરે છે એ પ્રકૃતિનો નિયમ છે. કોઈ કાયમને માટે અમર બનીને નથી રહી શકતું. માનવ દીર્ઘાયુ બની શકે પરંતુ અમર અથવા અવિનાશી ભાગ્યે જ બને. એટલા માટે જ એમણે બીજું વરદાન માગી લીધું અને એ વરદાન એમને આપવામાં આવ્યું પણ ખરું. એટલે એ પોતાને નિર્ભય અને અમર માને છે. એમને દેવ, દાનવ, યક્ષ કે ગંધર્વ ન મારી શકે એવું વરદાન મળ્યું છે એમાં શંકા નથી, પરંતુ માનવ પણ ન મારી શકે એવું વરદાન ક્યાં મળ્યું છે ? એટલે મૃત્યુએ રસ્તો તો રાખ્યો જ છે.'

સીતા બોલી: 'એ હકીકત તો મારા ધ્યાનમાં આવી જ ન હતી. પરંતુ રાવણ તો કહે છે કે, બીજાં પ્રાણીઓનો તો મને ભય જ નથી. એ તો મારે માટે ભોજનરૂપ છે.'

'એ કહે છે એમાં શું થયું ?' મંદોદરી બોલી: 'એ તો કહ્યા કરે. મુખ્ય મહત્વ કાળ શું કહે છે કે નક્કી કરે છે તેનું છે. કેટલીક વાર જેને મોટી વસ્તુઓ નથી મારી શકતી તેના મૃત્યુમાં છેક સામાન્ય જેવી દેખાતી વસ્તુઓ કારણરૂપ બની જાય છે. રામ મનુષ્ય છે, એટલું જ નહિ, પરંતુ મનુષ્યશ્રેષ્ઠ છે, પરંતુ એમનું સામર્થ્ય શ્રેષ્ઠ જ સાબિત થશે. મેં એમને જોયા નથી. એમના દેવદુર્લભ દર્શનનો લાભ મને નથી મળ્યો તો પણ મારો અંતરાત્મા એવું કહી રહ્યો છે.'

'તારો શબ્દો સાંભળીને મને ઉત્સાહ મળે છે. રાવણના વરદાનમાં એ વાત નથી એ સાચું છે. છતાં પણ રામ આટલા વિશાળ સાગરને ઓળંગીને કે તરીને કેવી રીતે આવી શકશે ?

'ઈશ્વર એને માટેની બધી અનુકૂળતા કરી દેશે. જેના બાણે ખરદૂષણે નાશ કર્યો અને બીજા અસંખ્ય રાક્ષસોને વીંધી નાંખ્યા એમને માટે સાગરમાંથી માર્ગ કરવાનું કામ કઠિન છે? બિલકુલ નહિ. તું આવી

આશંકા કરે છે એ નવાઈ જેવું લાગે છે. તારું મન મૂંઝાઈ ગયું છે અને અસ્વસ્થ છે. નહિ તો તને આવી ચિંતા ન થાત.'

'સાચું છે. મારું મન મૂંઝાઈ ગયું છે, એટલે એ જાતજાતના ને ભાતભાતના વિચારો કર્યા કરે છે. કોઈવાર ઉત્સાહથી ભરાઈ જાય છે તો કોઈવાર ઉત્સાહરહિત બની જાય છે. કોઈવાર હિંમત તથા ધીરજથી દૃઢ થાય છે તો કોઈવાર તેને હારી જાય છે. જે જીવન કોઈ વાર અમૃતમય લાગતું તે આજે વિષમય લાગે છે. પીંજરામાં પૂરાયલી પંખિણીની પેઠે અસહાય અવસ્થાનો અનુભવ કરતી આ અશોકવાટિકામાં જેમતેમ કરીને મારો કાળ વિતાવી રહી છું. મારી પાંખ જ તૂટી ગઈ છે ત્યાં ઊડીને ઊડીને જાઉં પણ ક્યાં ? અશોકવાટિકા એના નામ પ્રમાણે અશોકવાટિકા બનવાને બદલે મારા માટે શોકવાટિકા બની ગઈ છે. એ શોકને શાંત કરવાનો માર્ગ મને એક પણ નથી દેખાતો.'

'એ શોકને શાંત કરવાનો માર્ગ મળી રહેશે અને તારો શોક સદાને માટે દૂર થશે.' મંદોદરી એને આશ્વાસન આપતાં કહેવા માંડી: 'એ દિવસ પણ દૂર નથી. મને તો દૂર નથી લાગતો, જ્યારે આ અશોકવાટિકા તારે માટે ખરેખર અ-શોકવાટિકા બની રહેશે. રામ લંકામાં પધારશે ને તને જરૂર મુક્ત કરશે.'

'તને ખરેખર વિશ્વાસ છે ?'

'હા, પૂરેપૂરો વિશ્વાસ છે. એ વિશ્વાસનું કારણ ઘણું સબળ છે.'

'મારી માહિતી માટે તેનો ઉલ્લેખ કરી બતાવીશ ?'

'જરૂર કરી બતાવીશ. જો કે એ વાત મેં આજ સુધી બીજા કોઈને પણ નથી કરી, છતાં પણ તારાથી ગુપ્ત રાખવાનું કશું કારણ નથી. હજુ ગઈકાલની જ વાત છે. ભોજન કર્યા પછી મધ્યાન વખતે હું જરા વિશ્રામ કરવાના આશયથી આડી પડેલી, ત્યારે અચાનક મારી આંખ મીંચાઈ ગઈ અને એ અવસ્થામાં મારી આગળ દેવર્ષિ નારદની મનોહર મૂર્તિ આવીને મંદમંદ સ્મિત કરતી ઊભી રહી.'

'દેવર્ષિ નારદની મૂર્તિ ?' સીતાએ આશ્ચર્ય બતાવ્યું.

'હા. એ દેવર્ષિ નારદ પોતે જ હતા.' મંદોદરીએ સ્પષ્ટીકરણ કર્યું: 'એમણે પોતાનો પરિચય આપ્યો, એટલે મેં આનંદમગ્ન બનીને એમને પ્રણામ કર્યા.'

'દેવર્ષિ નારદનું દર્શન તો કોઈક ભાગ્યશાળીને જ થઈ શકે. તું ખરેખર ભાગ્યશાળી કહેવાય.'

'ભાગ્યશાળી તો કહેવાઉં કે નહિ તે તો કોણ જાણે પરંતુ એમના અનુગ્રહથી મને એમનું દૈવી દર્શન થઈ શક્યું ખરું. એમણે મને આશીર્વાદ આપીને કહ્યું કે સીતાના રૂપમાં પરમાત્માની પરાત્પરા શક્તિ જ લંકામાં પધારી છે તેની તને ખબર છે ?'

'મેં કહ્યું કે હા. મને એવું જ લાગે છે. પરંતુ એનું હરણ કરવામાં આવ્યું હોવાથી અત્યારે તો એ અતિશય દુઃખી છે.'

'બરાબર છે.' દેવર્ષિ નારદે કહ્યું: 'પરંતુ એ દુઃખ લાંબો વખત નહિ ટકે.'

'રામ સમુદ્ર પાર કરીને લંકામાં આવી શકશે ખરા ?' મેં એમને પ્રશ્ન પૂછ્યો.

'અવશ્ય આવી શકશે.' એમણે ઉત્તર આપ્યો: 'એમાં શંકાનું કોઈ કારણ જ ક્યાં છે ? એ આવશે અને રાવણ સાથે એમનું ભયંકર યુદ્ધ થશે.'

'પછી ? પછી શું થશે ?'

'બીજું શું થાય ? અનીતિ અને અધર્મ કદી લાંબો વખત ટકી શકે છે ? રાવણના અધર્મયુક્ત આચરણને લીધે આખી લંકા બરબાદ બની જશે.'

'અને મારા સ્વામી રાવણ ? એમનું શું થશે ?'

'એ નહિ કહું. પરંતુ એટલું જરૂર કહીશ કે એ એની મેલી મુરાદમાં નહિ ફાવે. તને મારો આશીર્વાદ છે. તું પતિવ્રતા હોવા છતાં તારું હૃદય ધર્મપરાયણ છે. તેથી સીતા સાથે તું ઘણો સારો વ્યવહાર રાખી રહી છે. તેને માટે તું ખરેખર ધન્યવાદને પાત્ર છે.'

'બીજું કાંઈ પૂછું તે પહેલા તો તે મંદોદરી, 'તારું સદા મંગલ થશે' એવું કહીને મારા મસ્તક પર હાથ મૂકીને જવા માટે તૈયાર થયા. એ જ વખતે મારી આંખ ઊઘડી ગઈ. મને થયું કે આ તો સ્વપ્ન છે. તો પણ એ સુંદર અને સૂચક સ્વપ્નની સ્મૃતિથી મને આનંદ થયો.' મંદોદરીએ ઉપસંહાર કર્યો.

'આનંદ શા માટે ન થાય ?' સીતા બોલી: 'આવું સ્વપ્ન અને એમાં પણ દેવર્ષિ નારદનું દર્શન એક પ્રકારનો અવર્ણનીય અસાધારણ આનંદ આપે એ સ્વાભાવિક છે. મને તો એવું કોઈ સ્વપ્ન પણ નથી આવતું. એવું સ્વપ્ન આવતું હોય તો પણ મારી ચિંતા કાંઈક ઓછી થાય.'

'મને આવેલું સ્વપ્ન તારું જ સ્વપ્ન છે એ સમજી લેજે. મારા જીવનમાં દેવર્ષિ નારદનું આ બીજું સ્વપ્ન છે. પહેલું સ્વપ્ન સાચું પડેલું એટલે આ સ્વપ્ન પણ સાચું પડશે જ એવો વિશ્વાસ છે.'

'તારો વિશ્વાસ ફળે એવું ઈચ્છું છું. પરંતુ તારું કયું સ્વપ્ન સાચું પડેલું ?'

'મારા લગ્ન પહેલાનું.'

'એટલે ? એટલે એ સ્વપ્ન કેવું હતું ?'

'મારા લગ્ન પહેલાં દેવર્ષિ નારદે મને એવી જ રીતે સ્વપ્નમાં દર્શન આપીને કહેલું કે, તારું લગ્ન રાવણ સાથે જ થવાનું છે, બીજા કોઈની સાથે નથી થવાનું. એ વખતે તો રાવણને હું ઓળખતી યે ન હતી, તો પણ મારું એ સ્વપ્ન સાચું પડ્યું. દેવર્ષિ નારદનું એ સ્વપ્ન થોડા જ વખતમાં હકીકત બની ગયું તેમ આ પણ બનશે જ. તને છોડાવવા રામ લંકામાં અવશ્ય આવી પહોંચશે. મને તો સહેજ પણ શંકા નથી થતી. માટે નકામાં આસું ન સારતી. તારી સ્નેહથી છલેલી કાળીભમ્મર આંખમાંથી ટપકી પડતાં આસું મારા અંતરને વલોવી નાંખે છે ને વ્યથિત કરે છે. તારા અંતરમાંથી ઊઠતી ઊંડી ઊંડી આહ મારા પ્રાણને પીડિત કરે છે. તારી દિનપ્રતિદિન કૃશ થતી કાયા, તારી વેદનાથી વ્યાકુળ થયેલી વાણી, તથા તારી દયાળુ છતાં દયાની યાચના કરી રહેલી દુઃખી દૃષ્ટિ, મારા કાળજાને કંપાવી દે છે. તું હવે વધારે દુઃખી ન થતી. તું દુઃખી થશે ત્યાં સુધી હું પણ દુઃખી જ રહીશ.'

મંદોદરીની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં.

સીતા એના પવિત્ર પ્રેમથી દ્રવી ગઈ.

મંદોદરી થોડાક વખત પછી સ્વસ્થ થઈ એટલે એ બોલી: 'તારી લાગણી માટે તારી આભારી છું, પરંતુ સુખી થવું કે દુઃખી બનવું કોઈના હાથમાં છે ! વિધાતાને જે ઠીક લાગે છે તે થતું રહે છે. મારા જીવનનું

સમસ્ત સુખ રામમાં જ રહેલું છે, એટલે એમના વિના મારું દિલ દુઃખી થાય એ સ્વાભાવિક છે. છતાં પણ તારું સ્વપ્ન સાંભળીને અને તારી મારે માટેની લાગણી જોઈને મને ઊર્મિલાનું સ્મરણ થાય છે.'

'ઊર્મિલા વળી કોણ છે ?'

'મારી સગી બહેન છે. એનું લગ્ન મારા લગ્નની સાથે જ પરંતુ લક્ષ્મણ સાથે થયેલું. એ અયોધ્યામાં રહી છે. એને પણ અમારાં લગ્ન પહેલાં દેવર્ષિ નારદનું સ્વપ્ન આવેલું. એ સ્વપ્ન સાચું ઠર્યું. ઊર્મિલાનો મારા પ્રત્યેનો પ્રેમ અખૂટ છે. એ જ ઊર્મિલા તારા રૂપમાં આવીને મને સ્નેહથી સંભાળતી હોય એવો સંતોષ મને થઈ રહ્યો છે. તારી મારે માટેની ઉત્કટ લાગણી મને ઊર્મિલાની લાગણીની યાદ આપે છે.'

મંદોદરી થોડીવાર વિચારીને બોલી:' પરંતુ એકલી લાગણી રાખીને બેસી રહેવાને બદલે કાંઈક સક્રિય કામ કરું એવી ઈચ્છા મને થયા કરે છે.'

'તું સક્રિય કામ નથી કરી રહી ?'

'હા, પણ આથી વિશેષ સક્રિય કામ. મને થાય છે કે મારા પતિની સદબુદ્ધિ માટે અનશન કરું.'

'અનશન ?'

'હા. અનશન. સંભવ છે કે એથી એમનો પ્રાણ પીગળે. એમનો પ્રાણ અતિશય કઠોર હોવા છતાં એટલો પ્રયાસ તો અવશ્ય કરી જોઉં.'

'મંદોદરી, તારો પ્રેમ અજબ છે. તો પણ એવો સંકલ્પ શા માટે કરે છે ? એથી તો તારી યંત્રણામાં વધારો થશે.'

'એ યંત્રણા કર્તવ્યપાલન કરતાં વેઠવાની હોવાથી મીઠી લાગશે. એથી મને મારો ધર્મ બજાવ્યાનો સંતોષ મળશે.'

'પરંતુ મારું દિલ એથી દુઃખી બનશે. મને થશે, તું મારે માટે કષ્ટ સહી રહી છે. મારું દિલ એથી દુઃખી બનશે. મારું જીવન એવું દુઃખમય છે. તે પોતે તો દુઃખી થાય છે જ, પીડા ને પરિતાપ વેઠે છે, પરંતુ સાથે સાથે બીજાને પણ દુઃખી કરે છે. મારે લીધે કૌશલ્યાદિ સાસુઓ દુઃખી થઈ, ઊર્મિલા દુઃખી થઈ, રામ તથા લક્ષ્મણ દુઃખી થયા, મને રાવણના સકંજામાંથી છોડાવવાનો પ્રયાસ કરનાર જટાયુ દુઃખી થયા, અને હવે તું પણ દુઃખી થઈ રહી છે. જે જીવન બીજાને માટે સુખદાયક થવાને બદલે દુઃખદાયક બની જાય તે જીવનને શું કરવાનું ? એવા જીવનને ધારણ કરીને બેસી રહેવા કરતાં તો મરણ જ વધારે સારું; હજાર દરજ્જે સારું.'

'ના, એવા વિચાર ન કરતી. તારું જીવન બીજાને માટે પ્રેરણાદાયક અને કલ્યાણકારક છે.'

'તો પછી તું મારે માટે અનશન કરવાનો વિચાર છોડી દે.'

'જોઈશ. હજુ તો મેં વિચાર જ કર્યો છે, નિર્ણય નથી કર્યો.'

'પરંતુ વિચારને નિર્ણયમાં પલટાતાં કાંઈ વાર લાગે છે ? પ્રત્યેક નિર્ણય પહેલાં વિચારના રૂપમાં જ પેદા થતો હોય છે.'

મંદોદરી શાંત રહી. સીતાને જુદી જુદી જાતનું આશ્વાસન આપીને એ વિદાય થઈ.

* * * * *

## પર. મહિનાની મુદત

મંદોદરીની એ મુલાકાત સીતાને માટે થોડીક વધારે ચિંતાજનક થઈ પડી.

સીતાના દિલમાં મંદોદરીને માટે એક પ્રકારનો અસાધારણ વિલક્ષણ પ્રેમ પ્રગટેલો. એ પ્રેમના લીધે એના સહવાસમાં એને શાંતિ લાગતી. મંદોદરીને મળીને એને સગી બહેન જેવો ઉમળકો થતો. એ બહેન હવે પોતાને માટે અનશન કરવાનો વિચાર કરી રહી છે એ શું બરાબર છે ? અનશનના વિચાર પાછળ એનો પોતાને માટેનો પ્રખર અને નિઃસ્વાર્થ પ્રેમ રહેલો છે એ સાચું છે. એવા પવિત્ર ને સાચા પ્રેમ વિના પોતાને માટે આવો ભોગ આપવાનો અને આવી વેદના વેઠવાનો વિચાર જ ન આવી શકે. તે માટે પોતે એની આભારી છે અને એને અંતરનાં ઊંડાં અભિનંદન આપે છે, પરંતુ એવા અનશનથી એ ધારે છે તે પ્રમાણે રાવણનું હૃદયપરિવર્તન થઈ શકશે ખરું ? રાવણને હૃદય જેવું કાંઈ લાગતું જ નથી, તો પછી એના પરિવર્તનનો પ્રશ્ન જ ક્યાં રહે છે ? અનશનથી તો એ દુઃખી થશે એ નફામાં.

આ બધી પરિસ્થિતિ પોતાને લીધે જ પેદા થઈ છે એ વિચારથી એનું દિલ વધારે દુઃખી થયું.

મંદોદરી માટે એના અંતરમાં અધિકાધિક આદરભાવ ઉત્પન્ન થયો પરંતુ પોતાની પરિસ્થિતિના વિચારથી એની વેદના વધી ગઈ.

મંદોદરીએ અનશનનો આરંભ કર્યો છે તે જાણીને રાવણ એની પાસે પહોંચી ગયો ને કહેવા માંડ્યો: ‘ત્યારે તો લાગે છે કે સીતાએ તારા હૃદયને જીતી લીધું કે વશ કર્યું.’

‘કેમ ?’

‘તારા હૃદયને એણે વશ કર્યું એથી તો તું એને માટે અનશન કરવા બેઠી. શરીરને નિરર્થક શા માટે સૂકવવા માંગે છે ? એથી કોઈ જ શુભ હેતુ નથી સરવાનો.’

મંદોદરી જરાક વિચારીને બોલી: ‘સીતાએ મારા દિલને ક્યારનુંય જીતી લીધું છે. પ્રથમ મુલાકાતે જ એનો મારા પર જે પ્રભાવ પડ્યો છે તે મેં તમારાથી સહેજ પણ નથી છૂપાવ્યો. છતાં પણ મારો અનશનનો સંકલ્પ મેં કેવળ એના જ વિચારથી પ્રેરાઈને નથી કર્યો, તમારા વિચારથી પ્રેરાઈને પણ કર્યો છે. મારું શરીર તો થોડુંઘણું સૂકાશે, પરંતુ તમારું શ્રેય સધાશે.’

‘મારું શ્રેય કેવી રીતે સધાશે ? અને તું મારું શ્રેય શી રીતે સાધવાની છે ? મારું શ્રેય તો મેં સીતાનું હરણ કરીને ક્યારનું ય સાધી લીધું છે. એ માટે તારે શરીરને નથી સૂકવવાનું.’

‘તમે ભૂલો છો. અનશનથી મારું શરીર સૂકાશે પરંતુ તમારો યશ સૂકાવા માંડ્યો છે તે જાણો છો ?’

‘મારો યશ તો અજર અને અમર છે. એને સૂકવવાની શક્તિ અને હિંમત કોનામાં છે ?’

‘તમારા યશને બીજું તો કોણ સૂકવી શકે તેમ છે ? એને સૂકવનાર તમે જ છો. તમારા કુકર્મોથી જ એ સૂકાવા માંડ્યો છે. એ પૂરો સૂકાઈ જાય અને સીતાના હરણનો અપયશ તમારે માટે ઘાતક થાય તે પહેલાં તમને તેમાંથી બચાવવા માટે એક પતિવ્રતા સ્ત્રી તરીકેનો તમારી પ્રત્યેનો મારો નમ્ર કર્તવ્યધર્મ બજાવી રહી છું. મારી અનશન સાથેની કરાતી કાકલૂદીભરી પ્રાર્થનાથી તમારું હૃદયપરિવર્તન થઈ જાય અને.....’

રાવણ ભયંકર અટ્ટહાસ્ય કરીને દિશાપ્રદિશાઓને ગજાવતો વચ્ચે જ બોલી ઊઠ્યો: 'હૃદયપરિવર્તન ? અને એ પણ મારું ? મારું હૃદયપરિવર્તન તો થઈ જ ચૂકેલ છે. હવે તો અશોકવાટિકામાં હઠ કરીને પેલા વનવાસી રામમાં મન લગાડીને બેઠેલી સીતાનું હૃદયપરિવર્તન જ બાકી રહ્યું છે. એક સાચી, પ્રામાણિક, પતિવ્રતા સ્ત્રી તરીકેનો તારો ધર્મ યાદ કરીને તું અહીં રહીને મારા હૃદયપરિવર્તન માટે અનશન કરવા કરતાં અશોકવાટિકામાં જઈને એના હૃદયપરિવર્તનનો પ્રયાસ કરે તે જ બરાબર છે. દોષ મારો નથી પણ એનો છે- સીતાનો.'

'એ તો તમને કમળો થયો લાગે છે, એટલે એવું જ દેખાયા કરે.'

'કેમ ? કમળો મને થયો છે કે તને કે સીતાને ?'

'મને કે સીતાને નથી થયો, પરંતુ તમને જ થયો છે. કોઈપણ તટસ્થ મનુષ્ય કહી શકે કે, તમારી આંખમાં, તમારા અંગેઅંગમાં અને અંતરમાં કામરૂપી કમળાની અસર છે, એટલે તમારી બુદ્ધિ અવિવેકી બની ગઈ છે અને તમારા દોષનું આરોપણ તમે સીતામાં કરી રહ્યાં છો. સીતા રામમાં મન લગાડીને બેઠી છે એમાં કશું જ ખોટું નથી. એ રામમાં મન ન લગાડે તો બીજા કોનામાં લગાડે ?'

'મારામાં'

'કદાપિ નહિ. રામ એના પતિ છે, અને પતિ ગમે તેવા હોય, ગમે ત્યાં હોય, અને ગમે તેવી પરિસ્થિતિમાં હોય, તો પણ સ્ત્રી એમનામાં જ મન લગાડે છે, એમને જ ભજે છે ને ચાહે છે. આદર્શ સ્ત્રીનો એવો સ્વભાવ હોય છે. સીતા એવી આદર્શ સ્ત્રી છે એટલે રામને યાદ કરીને પાણીમાંથી બહાર કાઢેલી માછલીની પેઠે વ્યથા અનુભવે છે. તમારામાંથી દૂર રહીને હું તમારામાં મન ન લગાડું અને બીજામાં લગાડું તો તમને ગમે ?'

'પરંતુ મારાથી તને દૂર જ ના થવા દઉંને ! સીતાને તો હું ચાહું છું. સાચા દિલથી ચાહું છું.'

મંદોદરી જરાક કઠોર સ્વરે કહેવા માંડી: 'તમારું એ ચાહવું ખોટું છે. સીતા પરિણીત છે. એ તમને જરી પણ નથી ચાહતી, છતાં તમે તેને ચાહીને કષ્ટ આપો છો એ તમારી દુર્બુદ્ધિ સૂચવે છે. તમારી એ દુર્બુદ્ધિને દૂર કરવા માટે જ હું અનશન કરી રહી છું. અનશન દ્વારા તમારી બુદ્ધિના સુધારા માટે પ્રાર્થના કરીશ.'

રાવણ ફીક્કું સ્મિત કરીને કહેવા લાગ્યો: 'તારી એ પ્રાર્થના નિષ્ફળ જશે, કારણ કે મારી બુદ્ધિ સુધરેલી જ છે. તું અનશન કરીને મરી જઈશ તો પણ મારું હૈયું જરા પણ નહિ હાલે. સીતાને ગમે તેમ કરીને મેળવવાનો કે મારી કરવાનો મેં નિશ્ચય કર્યો છે. તે નિશ્ચય તારા અનશનથી નહિ બદલાય. તારે વગર વાંકે હાથે કરીને મરવું હોય તો તું જાણે.'

'મારા ધર્મનું પાલન કરતાં કદાચ મરવું પડે તો પણ શું થયું ? એવું મૃત્યુ મંગલ, મહોત્સવમય અને આશીર્વાદરૂપ થઈ પડશે. એવું મૃત્યુ કંઈ જ્યારે ત્યારે ને જેને તેને નથી મળતું.'

રાવણ થોડીવાર મૂંગો રહીને પછી જરા કઠોર થઈને બોલ્યો: 'તું ગમે તેમ કરીશ તેથી હું સીતાને છોડી દઈશ એવું સ્વપ્ને પણ ન સમજતી. તું મરે તો ભલે, પરંતુ સીતાને તો નહિ જ છોડી શકું.'

'મારા જીવન કે મરણની તમારે મન કશી જ કીંમત નથી લાગતી.'

'કેમ નહિ ? તારા જીવનનું મૂલ્ય મારે મન ઘણું મોટું છે. મને સુખી કરવા તથા શાંતિ આપવા તું લાંબા વખત લગી જ નહિ, પરંતુ અનંત કાળ લગી જીવતી રહે એવું ઈચ્છું છું. તારે લીધે તો મારા જીવનમાં રસ છે, કસ છે અને આનંદ છે. છતાં પણ તને જીવનને બદલે મરણ જ વધારે પસંદ પડતું હોય અને તું એને જ ભેટવાની ઈચ્છા રાખતી હોય તો મારાથી બીજું થઈ શકે પણ શું ? મારાથી એ ઈચ્છાની વચ્ચે કેવી રીતે આવી શકાય ?'

'મને મરણ પસંદ પડે છે એવું નથી. જીવનનું મૂલ્ય મારે મન ઘણું મોટું હોવાથી હું તેના પ્રત્યે પ્રેમ ધરાવું છું. તો પણ, તમારી રક્ષા માટે, બીજો કોઈ યે ઉપાય નથી દેખાતો ત્યારે, મેં અનશનનો આધાર લીધો છે. મને સફળતા આપવી કે ન આપવી એ ઈશ્વરના હાથમાં છે.'

'ઈશ્વરના હાથમાં ? ઈશ્વરના હાથમાં નથી પણ મારા હાથમાં છે એમ કહે. હું અત્યારે ઈશ્વર બરાબર જ બની ગયો છું.'

'એવું તો મારાથી કેવી રીતે માની શકાય ? તમે ઈશ્વર બરાબર બની ગયા હોત તો તમારી ચેષ્ટા જુદી જ હોત. તમે સીતા જેવી પવિત્ર સન્નારીનું હરણ કરવા ના ગયા હોત.'

'છતાં પણ અત્યારે તો ઈશ્વરની જેમ સૌના પર મારું જ શાસન ચાલી રહ્યું છે એ જોઈ શકે છે.'

'તમારું શાસન સૌના પર ચાલતું હશે તો પણ તમારા પોતાના પર નથી ચાલી રહ્યું. જે પોતાની જાત પર શાસન નથી કરતા તે કેવળ બહારના શાસનથી જ સલામત નથી બની શકતા. બહારનું શાસન તેમને કદી પણ નથી બચાવી શકતું. કદી કદી તો તેમના પતનનું કારણ પણ થઈ પડે છે.'

રાવણ ખડખડાટ હસ્યો ને બોલ્યો: 'એ હકીકત સાચી હોય તો પણ મને લાગુ નથી પડતી. મારું પતન કરી શકે એવું કોણ છે ? એવી શક્તિ જ કોનામાં છે ?'

મંદોદરી સ્વસ્થતાપૂર્વક બોલી: 'કોઈનું પતન કોઈ કરે તો તે તેના પતનમાં માત્ર નિમિત્ત જ બને છે. માણસનું પતન અથવા ઉત્થાન ખરી રીતે તો તેનાં કર્મો જ કરતાં હોય છે. તમે તો વેદશાસ્ત્રના જ્ઞાતા તથા જ્ઞાની છો, એટલે એ વાત સહેલાઈથી સમજી શકશો. મને તાજેતરમાં તમારા સંબંધમાં એક અશુભ સ્વપ્ન આવ્યું છે. એથી મારી ચિંતા અને આશંકા વધી પડી છે. મારા સ્ત્રીસહજ ધર્મનો વિચાર કરીને એટલા માટે જ હું તમને તેમજ સીતાને મદદરૂપ થવા તૈયાર થઈ છું.'

એટલું કહીને મંદોદરીએ રાવણને પોતાને પોતાને આવેલા દેવર્ષિ નારદના સ્વપ્નની વાત કરી બતાવી.

એ સાંભળીને રાવણ હસ્યો ને બોલ્યો: 'સ્વપ્ન જો સાચાં પડતાં હોત તો તો પછી કહેવાનું જ શું હતું ? સ્વપ્નનો કાંઈ ભરોસો છે ? આવા સ્વપ્ના તો મને પણ આવ્યા કરે છે. એમની દ્વારા મને સંકેત મળે છે, કે યુદ્ધમાં હું રામ પર વિજય મેળવીશ. એક સ્વપ્ન તો એવું આવેલું કે સીતા મારી પટરાણી બનીને મારી સાથે રાજસિંહાસન પર વિરાજમાન થઈ છે. એ સ્વપ્નના સંકેતને જરૂર સાચા માનું છું. બાકી તારા સ્વપ્નને સાચું તે મહત્વનું માનીને શંકાશીલ કે ભયભીત નહિ બની જાઉં. તું મને નાહિંમત કરવા અને સીતાને છોડવા પણ એવું બનાવટી સ્વપ્ન કહી બતાવતી હોય.'

'હું તેવું બનાવટી સ્વપ્ન શા માટે કહી બતાવું ? હું તો મને આવેલા સાચા સ્વપ્નનો જ ઉલ્લેખ કરી રહી છું.'

'છતાં પણ મને એનો જરાક પણ ભય નથી લાગતો.'

'એ સ્વપ્ન કોઈ સામાન્ય માનવનું નહિ પણ દેવર્ષિ નારદનું હતું.'

'તો પણ શું થયું ? દેવર્ષિ નારદને કાંઈ કહેવું હોય તો મારી સામે આવીને શા માટે નથી કહેતા ? મારા લોકોત્તર સામર્થ્યની એમને ખબર છે. એટલે સીતાની વિરહવ્યથાનો ભોગ બનેલા રામને ઉગારવા માટે એમણે આવી યોજના ઘડી કાઢી. સ્ત્રીઓનાં કાળજાં ખૂબ જ નાજુક અને કોમળ હોય છે. એટલે નારદ જેવા દેવપુરુષો એમને આવી રીતે અસર પહોંચાડીને ધારેલું કામ કઢાવી લે છે. એ એમની ચતુરતા છે. પરંતુ એવી ચતુરતાનો ભોગ બનીને સીતાને નહિ છોડું. તારા અનશનનું દબાણ કે સ્વપ્નના સૂચનનો ભય, કશાથી ચલિત થઈને મારા નિશ્ચિત કરેલા માર્ગને નહિ છોડું.'

મંદોદરીએ દુઃખી સ્વરે કહ્યું: 'ભાતભાતની તપશ્ચર્યાઓ તથા ઉપાસના કરીને તમે આ જ મેળવ્યું ? તમારું અંતર સત્યના પવિત્ર પ્રકાશથી પ્રકાશિત થવાને બદલે ઊલટું જડ બન્યું છે.'

'તને એવું ભલે લાગે. મારું અંતર જડ નથી પણ ચિન્મય છે. એ પરમ જ્ઞાન, ભક્તિ તેમજ ભાવથી ભરપૂર છે. તું તારી નજરે જોઈશ તો એ જડ લાગશે, પરંતુ મારી દૃષ્ટિથી નિહાળીશ તો એ ચૈતન્યથી ચમકતું દેખાશે. તપ તથા ઉપાસના દ્વારા એવા અલૌકિક અંતરને મેળવવાની સાથે સાથે મેં દેવો તેમજ સિદ્ધોને પણ દુર્લભ એવી અસાધારણ શક્તિઓ પ્રાપ્ત કરી છે. એ શક્તિઓને લીધે હું અજેય છું, અમર છું, અને અભય છું. મારી બરાબરી કરી શકે એવું ત્રિલોકમાં કોઈ જ નથી. રામ તો શું પરંતુ હજાર રામ ભેગા થાય તો પણ મારા અનંત સામર્થ્યની બરાબરી કરી શકે તેમ નથી.'

મંદોદરી શાંત રહી. રાવણ સાથે વધારે દલીલોમાં ઊતારવાનું એને ઠીક ન લાગ્યું. એ નિશ્વાસ નાંખીને ઊભી થઈ. બાજુના ખંડમાં જતાં જતાં એણે ઉદ્દગાર કાઢ્યા: 'તમારે ગળે મારી વાત ઊતરે કે ન ઊતરે એ વાત જુદી છે, પરંતુ મેં મારી ફરજ બજાવી દીધી અને હજુયે બજાવતી રહીશ. કાલે ઊઠીને તમને કે લંકાને કાંઈ થાય તો તેને માટે મારી જવાબદારી નહિ રહે. વિધાતા મને દોષ નહિ દે. આ રાજપ્રસાદ, એની આ દીવાલો, આ ઉદ્યાન, વાયુની આ લલિત લહરી અને આ સમસ્ત પ્રકૃતિ કહેશે કે મેં તમને સાચી સલાહ આપવામાં બાકી નથી રાખ્યું. હું તદ્દન નિર્દોષ છું.'

રાવણે વિદાય થતાં કહ્યું: 'તને કોઈ કશો જ દોષ નથી દેવાનું, તું તદ્દન નિર્ભય રહેજે. બધો દોષ ભલે મને દેવાય. પરંતુ મને દોષ દેવાય એવી પરિસ્થિતિ જ પેદા નથી થવાની, પછી શું ? મને એની ચિંતા જ નથી થતી.'

*

બે દિવસ બાદ રાવણ અશોકવાટિકામાં સીતાની પાસે આવ્યો, ત્યારે સીતા મુખને નીચું રાખીને, રામના સ્મરણમાં લીન બનીને, આંસુ સારી રહેલી.

રાવણે એને કહ્યું: 'સીતા, સુનયના, સુમુખી ! જરા મારી તરફ તો જો: તારી મધુમયી દૃષ્ટિને મારી દૃષ્ટિ સાથે એક તો કર. એનું અમીપાન કરવા માટે મારું તન, મન અને અંતર આતુર છે.'

સીતાએ દૃષ્ટિને ધરતી પર ઢાળેલી રાખીને કહ્યું: 'એનું અમીપાન કરવાનું સૌભાગ્ય તને કદી પણ નથી મળવાનું. એ સૌભાગ્ય તો રામને માટે જ સુરક્ષિત છે. મારું સર્વ કાંઈ અથવા સમસ્ત જીવન એક માત્ર રામને જ સમર્પિત થયેલું છે, રામને માટે જ છે. એ બીજા કોઈનું ય નથી થવાનું. તું એની આશા રાખતો હોય તો એ આશા વ્યર્થ છે. જેવી રીતે આકાશની સામે બાથ ભરવાથી કશું જ હાથમાં નથી આવતું, પરંતુ બધો જ પરિશ્રમ નકામો જાય છે, તેવી રીતે તારા હાથમાં પણ કશું નહિ આવે અને તારો બધો જ પરિશ્રમ નકામો જશે. મારું અમીપાન કરવાનું તો બાજુએ રહ્યું, પરંતુ રણમેદાનમાં પોતાની શૂરવીરતાનો સ્વાદ ચખાડીને રામ તને રક્તનું પાન જરૂર કરાવશે. ત્યાં સુધી તારી બુધ્ધિ ઠેકાણે નહિ આવે એમ લાગે છે.'

રાવણે સહેજ પણ સંકોચ પામ્યા સિવાય કહ્યું: 'મારી બુધ્ધિ ઠેકાણે જ છે, પરંતુ તારી બુધ્ધિ બહેર મારી ગઈ લાગે છે અને રામ વિના બીજું કશું જ નથી વિચારી શકતી. તે હવે ઠેકાણે આવી જાય તો સારું. રામનું ચિંતન છોડીને મારું ચિંતન કરવા માંડીશ તથા મારી પ્રિયતમા બનીશ ત્યારે જ તું સુખી બનીશ. ત્યાં સુધી તારા દુઃખનો પાર નહિ રહે. તારી સામે સુખનો સરસ માર્ગ પડેલો છે તો પણ તેના પર નથી ચાલી શકતી અને હાથે કરીને દુઃખ ને વેદનાને વહોરી લે છે એ તારું દુર્ભાગ્ય સૂચવે છે. એ દુર્ભાગ્યને તું જાણવા છતાં પણ પસંદ કરી રહી છે એના કરતાં વિશેષ કરુણતા બીજી કયી હોઈ શકે ?'

'તું એને દુર્ભાગ્ય કહેતો હોય તો ભલે, પરંતુ એ દુર્ભાગ્ય મને ગમે છે. તારી બુધ્ધિ જડ તેમજ મોહાંધ હોવાથી તું સદભાગ્ય ને દુર્ભાગ્ય વચ્ચેનો ભેદ નથી સમજી શકતો. જે સદભાગ્ય છે તે જ તને દુર્ભાગ્ય લાગે છે, પરંતુ તારા પોતાના દુર્ભાગ્યને તું નથી સમજી શકતો. મારાં મર્મભેદક વચનોની અસર પણ તારા પર જરા પણ નથી થતી. બીજો કોઈ પુરુષ હોત તો મારા શબ્દો સાંભળીને ઊભો ને ઊભો જ સળગી જાત, પરંતુ તું નફ્ફટ છે. એટલે તો મારી આગળ અવારનવાર એની એ વાત કહ્યા કરે છે.'

'હું નફ્ફટ છું એવું લાગતું હશે, પણ એની પાછળ મારો તારે માટેનો અપાર પ્રેમ રહેલો છે એ તું ભૂલી જાય છે. તું મારા પર રોષે ભરાઈને જેમ ફાવે તેમ બોલે છે છતાં પણ તારા શબ્દો મને સુધાસભર અને મીઠા લાગે છે. એમને સાંભળતાં હું થાકતો નથી તથા મને કોઈ જાતનો કંટાળો પણ નથી આવતો. એમ થાય છે કે, તું બોલ્યા કર અને હું સાંભળ્યા જ કરું.

સીતા, તું મને ગમે તેમ કહે તો પણ તને નહિ છોડું. રામનું હવે મૃત્યુ થયું છે એમ જ માની લે. એ તને કદાપિ નહિ મળી શકે. તને મુક્ત કરાવવા માટે મંદોદરીએ અનશનનો આરંભ કર્યો છે, પરંતુ એથી શું ? એ અનશન કરીને મરી જશે તો પણ મને ચલાયમાન નહિ કરી શકે. મારી બુધ્ધિ, વૃત્તિ કે પ્રીતિમાં ફેરફાર નહિ કરાવી શકે.'

સીતાના દિલને જાણે કે ધક્કો વાગ્યો. એણે પીડાપૂર્વક પૂછયું: 'મંદોદરીએ અનશનનો આરંભ કરી દીધો ?'

'હા, કરી દીધો.'

'ક્યારથી ?'

'છેલ્લા ત્રણેક દિવસથી.'

'એ તો ઘણું જ ખોટું થયું. એના જેવી સમજુ સતી સ્ત્રીને એવું કષ્ટ વેઠવું પડે......'

'એ કષ્ટ એ તારી હમદર્દીમાં પોતાની મેળે જ વેઠી રહી છે. એ કાંઈ મેં નથી નાખ્યું. તું સમજી જા અને મારી થા તો કોઈના કષ્ટને માટે કશું કારણ જ નહિ રહે. લંકાની સામ્રાજ્ઞી બનાવીને હું તને કૃતાર્થ કરીશ. રામે તો તને વનમાં રઝળતી કરી, પરંતુ હું તને મારા હૃદયની રાણી અથવા જીવનની સ્વામિની બનાવીને તારા જીવનને સ્વર્ગસુખ કરતાં યે વધારે સુખથી સુશોભિત કરીશ. મને દુઃખ માત્ર એક જ વાતનું થાય છે કે, મારા આટલા સ્પષ્ટીકરણ છતાં તું તારા સાચા સ્વાર્થને નથી સમજતી.'

સીતા જમીન તરફ દૃષ્ટિ ઢાળીને બોલીઃ 'હું તો મારા સાચા સ્વાર્થને બરાબર સમજું છું. તે સંબંધી મને લગાર પણ શંકા નથી. પરંતુ અફસોસ અને દુઃખની વાત છે કે, તું તારા સ્વાર્થને નથી સમજતો, એટલે જેમ ફાવે તેમ પ્રલાપ કર્યા કરે છે. હજુ પણ તારા સ્વાર્થને સિદ્ધ કરવાનું તારા હાથમાં છે. તારું સાચું હિત સાધવું હોય તો હજુ મને છોડી દે. રામ તારા જેવા કાયર નથી પણ વીર છે. એ તારો અક્ષમ્ય અપરાધ પણ માફ કરશે તથા તને જીવનદાન આપવાની સાથે સાથે અભયદાન દેશે.'

'સીતા!' રાવણ જરા ધૂંધવાઈને બોલી ઊઠ્યોઃ 'તું આંખ મીંચીને મારી ભલમનસાઈનો ખોટો લાભ લઈને વધારે પડતું બોલી રહી છે. રામની અંદર મને અભયદાન કે જીવનદાન આપવાની શક્તિ છે જ ક્યાં ? હા, હું એમને અભયદાન આપી શકું તેમ છું. તને રાજા જનકે રચેલા સ્વયંવરમાં જોઈ ત્યારથી જ મારું મન તારી પાછળ મોહિત થયું છે. એમાં મારો કોઈ દોષ નથી જોતો, કારણ કે પુરુષ સ્ત્રીની પાછળ અને સ્ત્રી પુરુષની પાછળ મોહિત થાય છે એ પરંપરા સનાતન છે ને પુરાતન કાળથી ચાલી આવે છે. છતાં પણ મેં મોહિત થઈને તારી સાથે ઉત્તમ પુરુષને છાજે તેવો મર્યાદાપૂર્વક વ્યવહાર કર્યો છે.'

'બિલકુલ નહિ.' સીતા બોલી ઊઠી.

પરંતુ રાવણ બોલ્યોઃ 'મેં તને અહીં લાવીને પણ બનતા આરામપૂર્વક રાખવાની જ કોશિશ કરી છે. એ આરામનો લાભ તું નથી લેતી તેમાં હું શું કરું ? મારા હૃદયમાં તારો રાગ પેદા થાય છે. એમાં પણ મને કોઈ અપરાધ નથી લાગતો. છતાં પણ આજે એક વાતની સ્પષ્ટતા કરું છું. હું ભિખારી નથી તે છતાં અવારનવાર આવીને તારા પ્રેમની ભીખ માગું છું અને તું મને અનુચિત વચનો કહી બતાવે છે. પરંતુ હવે મારી ધીરજ ખૂટવા આવી છે. તને એક મહિનાની મુદત આપું છું તે દરમિયાન શાંતિપૂર્વક વિચાર કરી લેજે. આજથી એક મહિનો પૂરો થતાં તું મારી થઈશ તો આનંદની વાત છે, એ સમાચાર મારે માટે નવજીવન આપનારા સાબિત થશેઃ પરંતુ જો તું મારી થવા તૈયાર નહિ થાય તો તલવારથી તારા મસ્તકને અલગ કરી નાખીશ. બસ એથી વધારે મારે કશું જ નથી કહેવું.'

એમ કહીને રાવણ રોષભરી ચાલે ચાલી નીકળ્યો.

સીતાએ એના તરફ જોયું પણ નહિ.

* * * * *

## ૫૩. હનુમાન અને સીતાનો મેળાપ

રાવણના ગયા પછી સીતાની હિંમત તૂટી ગઈ.

એ મન મૂકીને ચોધાર આંસુએ રોવા લાગી.

એનું કલ્પાંત સાંભળીને ત્રિજટા એની પાસે આવી અને કહેવા માંડી: ‘લંકાપતિ રાવણની છેલ્લી વાત મેં સાંભળી છે, પરંતુ એથી નાહિંમત અને આર્ત બનીને આવી રીતે આક્રંદ કરવાની જરૂર જરા પણ નથી. રાવણથી કદાચ બીજું બધું જ કરી શકાશે, પરંતુ કોઈના જીવન અને મરણ પર અંકુશ નહિ રાખી શકાય.’

લાંબા વખત સુધી સીતા રડતી રહી. પછી થોડીક શાંત થઈને બોલી: ‘રાવણે આજે આપેલી ધમકીથી મારું કાળજું કંપી ગયું છે. એ ખૂબ ક્રૂર છે અને પોતાની ધમકીનો અમલ કરતાં નહિ અચકાય, એનામાં દયાનો છાંટો યે નથી દેખાતો. મહિના પછી એ મને મારી નાખશે એનું દુઃખ મને નથી થતું. એવી રીતે મારું મરણ થવાનું હશે અને રાવણ એ માટે નિમિત્તરૂપ બનવાનો હશે તો એ મરણને કોઈ જ નહિ ટાળી શકે. પરંતુ મને દુઃખ તો મારા પ્રાણપ્યારા હૃદયાભિરામ રામનું થાય છે. એ મારા વિના કેવી રીતે જીવી શકશે ? મારા મૃત્યુના સમાચાર સાંભળીને એ તો બેશુધ્ધ જ બની જશે. એ સમાચાર એમનાથી સાંભળી જ નહિ શકાય. એ એને સહન જ નહિ કરી શકે.’

ત્રિજટા બોલી: ‘હું સારી પેઠે સમજી શકું છું કે, રામનો પ્રાણ તારા વિના ટકી જ નહિ શકે. રામનો તારે માટેનો પ્રેમ ઘણો પ્રબળ હોવાથી તારા વિના જીવવાનું એમના માટે મુશ્કેલ બની જશે. પરંતુ એવું કશું અમંગલ થશે જ નહિ. મહિનો પૂરો થતાં પહેલાં શું થાય છે તેની ખબર કોને પડે છે ? રાવણના શબ્દો કેવળ રોષના પરિણામરૂપ હતા. એથી ચિંતાતુર થવા જેવું મને તો કશું જ નથી લાગતું. રામ તારી શોધ જરૂર કરતા હશે. એ તારે માટે ખૂબ જ ચિંતાતુર હશે. મહિનાની અંદરઅંદર એ લંકામાં આવી પણ પહોંચે. તો તો તારી મુક્તિ થાય અને રાવણનો પોતાનો જ અંત આવી જાય. મને તો વિશ્વાસ છે કે તારું જરા પણ અમંગલ નહિ થાય.’

‘પરંતુ રામના તો કશા સમાચાર નથી. એમને મારી માહિતી કોણ આપે ? કોણ જાણે એ શું કરતા હશે? એમના મધુમય મુખને નિહાળ્યે કેટલો બધો વખત થઈ ગયો ? એ મુખને અને એમના સુધામય સ્વરૂપને જોવા માટે મારું મન બેચેન બની ગયું છે અને અંતર અધીરું થયું છે. એમના સુખદ શબ્દોને સાંભળતી વખતે એવું લાગતું કે જાણે સુધાપાન કરી રહી છું. એ શબ્દોને સાંભળ્યે પણ કેટલો બધો લાંબો વખત વીતી ગયો ? એમના દેવદુર્લભ દર્શનની ચિંતા તો મારા કાળજાને ક્યારથી કોરી રહી છે. એ ચિંતા જાણે કે હજુ ઓછી હોય તેમ એક બીજી ચિંતા મને લાગુ પડી છે.’

‘કયી ચિંતા ?’

‘મારી નહિ પરંતુ બીજાની. મંદોદરીની. એણે આરંભેલા અનશનનો વિચાર કરીને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. રાવણે મને એના સમાચાર આપ્યા ત્યારથી જ મારી ચિંતામાં વધારો થયો છે. કોણ જાણે મારા જીવનમાં આવું બધું કેમ બન્યા કરે છે ! મારું જીવન સ્વયં તો દુઃખરૂપ છે જ પરંતુ બીજાને માટે પણ દુઃખનું કારણ થઈ પડે છે.’

'તું એવી નિરાશાભરી વાણી ન બોલ. તારું જીવન દુઃખરૂપ હશે તો પણ તેને સુખરૂપ બનતાં વાર નહિ લાગે. ઈશ્વરની કૃપાથી બધું સારું જ થશે. આ તો વચગાળાનો વખત છે અને એ વખત દરમિયાન તારા જીવનમાં ઉમટેલાં વિપત્તિનાં વાદળ જોતજોતામાં વિખરાઈ જશે. એ વાદળ સદાને માટે રહેવા સરજાયેલાં નથી. મંદોદરીએ તારી સહાનુભૂતિમાં કરેલા અનશનનો અંત આવશે અને સૌ સારાં વાનાં થશે.'

સીતાએ કહ્યું: 'મંદોદરીનો મારા પ્રત્યેનો પ્રેમ અખૂટ છે. એ પ્રેમથી પ્રેરાઈને જ રાવણના આત્માને જગાડવાના ઉદ્દેશથી એ અનશન કરે છે. એનો ઉદ્દેશ આવકારદાયક અને ઉત્તમ છે. અપાર પ્રેમભાવ વિના કોઈને માટે એવા અનશનનો આધાર લેવાનો વિચાર પણ ન થાય. છતાં પણ ઘોર, અતિ ઘોર, નિદ્રામાં પડેલો રાવણનો આત્મા એમ જાગી શકે તેમ છે ?'

'એ તો કેવી રીતે કહી શકાય ? કુદરત કયે વખતે શું કરવા ધારે છે તેની કલ્પના કોણ કરી શકે ? આપણે તે કેવળ જોવું જ રહ્યું. છતાં પણ તું કોઈપણ પ્રકારની વિશેષ ચિંતા કર્યા વિના જીવનના આ વચગાળાના વિપરીત વખતને બનતી શાંતિથી પસાર કર. તારા મુખને ચિંતાતુર જોઈને મારી ચિંતાનો પાર નથી રહેતો. મારું દિલ પણ દુઃખી બની જાય છે. તારી ચિંતાને સમજી શકું છું. છતાં પણ એના ભારને હળવો કર. હું તારી માતાતુલ્ય છું એમ જ સમજી લેજે. માતા જેવી રીતે પોતાની પુત્રીની રક્ષા કરે છે તેવી રીતે પૂરી મમતાથી હું તારી રક્ષા કરીશ. હું જીવતી હોઈશ ત્યાં સુધી તારો વાળ પણ વાંકો નહિ થવા દઉં.'

'પરંતુ રાવણના રોષ કે પ્રકોપ આગળ કોઈનું શું ચાલે ?'

'કેમ ન ચાલે ? મારી પાસે શરીરબળ નથી પરંતુ આત્મબળ તો છે જ. એ આત્મબળનું પ્રમાણ ભલે ઓછું હોય, પરંતુ એની મદદથી તારા પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાઈને હું મોટામાં મોટો ભોગ આપી શકું તેમ છું. જરૂર પડશે તો હું પોતે મરીશ પણ મારા જીવતાં તને નહિ મરવા દઉં.'

'એટલે ? એનો અર્થ ?'

'એનો અર્થ તું ના સમજી ?' ત્રિજટા સીતાની જિજ્ઞાસાના જવાબમાં કહેવા માંડી: 'એનો અર્થ એ કે તને ઉગારવા માટે મારે મરવું પડશે તો મરવા પણ તૈયાર રહીશ. રાવણ અજ્ઞાનવશ બનીને એક મહિનો થતાં તને તલવાર તાણીને મારવા માટે તૈયાર થશે તો હું વચ્ચે પડીશ અને તારા પર તલવારનો ઘા નહિ પડવા દઉં. તારા પર પડનારા એ પ્રહારને હું ઝીલી લઈશ.'

પરંતુ એમ કરતાં તારું મૃત્યુ થશે તો ?'

'તો પણ શું થયું? એ મૃત્યુ મારે માટે મંગલમય થશે. એક દિવસ મરવાનું તો છે જ તો, પછી તારી ને રામની સેવા કરતાં મરવું પડે તો શા માટે ન મરવું ? એ મૃત્યુ તો મહોત્સવરૂપ બની જાય. એ કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે ન મળે.'

સીતા ત્રિજટા સામે માનની નજરે જોઈ રહી ને બોલી: 'આવી મમતા તેમજ લાગણી તો માત વિના કોઈમાં ન હોય. એમ થાય છે કે આટલે દૂર લાવીને વિધાતાએ મને મંદોદરી જેવી બહેન આપી તેમ એક જનેતાની યાદ આપનારી માતા પણ પૂરી પાડી.'

ત્રિજટાએ ઊભી થતાં કહ્યું: 'તું નિશ્ચિંત રહે. તારી રક્ષા કરવા મારાથી બનતું બધું જ કરી છૂટીશ. તારે માટે મૃત્યુને ભેટવું પડશે તો પણ મને સંતોષ થશે. છતાં પણ એવું કશું જ નહિ થાય. પ્રતિકૂળ પરિસ્થિતિ

પેદા જ નહિ થાય. જો, મારી ડાબી આંખ અને ડાબી ભુજા ફરકવા માંડી. એના પરથી કોઈ અમંગલની નહિ પણ મંગલની જ સૂચના મળે છે. એ સૂચના સફળ થાય તો મારા જેટલો આનંદ બીજા કોઈને નહિ થાય. એની સફળતા માટે મારા સાચા દિલના ઊંડા આશીર્વાદ છે.'

ત્રિજટા દૂર ચાલી નીકળી.

સીતા એને જોઈ રહી.

એના શબ્દોએ એને હિંમત અને શાંતિ આપી પરંતુ એ હિંમત અને શાંતિ કામચલાઉ નિવડી.

ઘડીના છઠ્ઠા ભાગમાં તો એ શાંતિ વિદાય થઈ ગઈ અને એ ઊંડી અશાંતિમાં ઘેરાઈ ગઈ.

રામના વિરહની વ્યથા એને સતાવવા લાગી. રાતનો ગાઢ અંધકાર બહારની દુનિયામાં બધે જ ફરી વળેલો. રાતનો પ્રથમ પ્રહર પૂરો થવા આવેલો તો પણ તેને નિંદ્રા નહોતી આવતી.

એની આંખ આગળ રામની મધઝરતી મૂર્તિ રમવા માંડી.

અયોધ્યા, ચિત્રકૂટ તથા પંચવટીના પ્રસંગો એના સ્મરણપટ પર આટાપાટાની રમત રમવા લાગ્યા. સૌથી કરુણ અને પીડાજનક પ્રસંગ હતો પોતાના હરણનો.

એ પ્રસંગે એના હૈયાને હચમચાવી દીધું. એની વેદનાને વધારી દીધી. એ પ્રસંગ ન બન્યો હોત તો પોતે પોતાના પ્રાણપ્યારા રામથી આટલે બધે દૂર ન આવી પડત. પરંતુ હવે શું થાય ?

વિરહનો વિશાળ સીમારહિત સાગર પોતાની ને રામની વચ્ચે પથરાયેલો પડ્યો છે. એ સાગરને પાર કરીને પોતે એમની પાસે કેવી રીતે પહોંચે અને એ પણ પોતાની પાસે કેવી રીતે આવી શકે ? શું એ સાગરને જીવનભર પાર નહિ જ કરી શકાય ? જીવનભર શું આવી રીતે જ રહેવું, કકળવું કે ક્રંદન કરવું રહેશે ? એની આંખમાંથી મોતી જેવાં બોરબોર આંસુ પડવા લાગ્યાં.

એણે ઊંડો નિસાસો નાખ્યો ને કહ્યું: ' હે રામ, હે રામ, હે રઘુનંદન, ત્રિભુવનવંદન!'

એણે અશોકવૃક્ષ સામે જોઈને ચંદ્રના આછા પ્રકાશમાં કહ્યું: 'અશોક, તારા નામને સાર્થક કરીને તું તો મારો શોક ઓછો કરી દે. તું તો મને મદદ કર. પરંતુ તું શું કરી શકે ? તારી પાસેથી મદદની આશા રાખવી નિરર્થક છે; કારણ કે એક તો તું જન્મથી જ જડ છે અને રાવણના રાજ્યમાં રહીને એની અસરથી વધારે જડ બની ગયો છે, છતાં તને દેવતા માનીને આટલી પ્રાર્થના કરી રહી છું. એવી પ્રાર્થના સહજ રીતે જ થઈ જાય છે.'

એ જ વખતે અશોકવૃક્ષની ઉપરથી કોઈનો સુમધુર સ્વર સંભળાયો: 'હે રામ, હે દશરથનંદન, હે રઘુકુલવંદન!'

કોઈ રામનું જયગાન ગાવા લાગ્યું. સીતાના કાનમાં જાણે કે અમૃત રેડાયું. એના વિરહવ્યથિત સંતપ્ત અંતર પર દૈવી શાંતિની ધારા ઢળવા માંડી. એના શોકથી છવાયેલા શરીર પર જાણે કે કોઈએ આનંદનું અભિવર્ષણ કર્યું. એનો પીડિત પ્રાણ થોડોક પુલકિત બન્યો.

છતાં પણ એને થયું કે આ શું ? વૃક્ષને વાચા ફૂટી કે શું ? હૃદયાભિરામ રામનું જયગાન કોણ ગાઈ રહ્યું છે ? વૃક્ષ તો કદી બોલી શકે નહિ. તો પછી એના પરથી કોણ બોલી રહ્યું છે ? કોઈ રાક્ષસ પોતાને પ્રભાવિત કરવા આવો અભિનય તો નથી કરી રહ્યો ?

એને સમજ ન પડી.

લાંબા વખત લગી રામના સુંદર કર્મમધુર ગુણાનુવાદ સાંભળીને એણે કહ્યું: 'વૃક્ષ ઉપર રહીને રામના ગુણ ગાનાર અને એ રીતે મને જાણ્યે અજાણ્યે શાંતિ અથવા આનંદ આપનાર સામે કેમ નથી આવતો ? આ ગુણ-શ્રવણ મારો એક પ્રકારનો ભ્રમ તો નથી ?'

એ જ વખતે હનુમાને પોતાના સંકલ્પશક્તિથી ધારેલા સૂક્ષ્મ સ્વરૂપમાં નીચે આવીને સીતાને પ્રણામ કર્યા ને કહ્યું: 'માતા, મારા તમને અનેકાનેક પ્રણામ છે. વૃક્ષ પરથી રામના ગુણાનુવાદ ગાનાર હું જ છું.' એમ કહીને હનુમાને પોતાનું અસલ સ્વરૂપ ધારણ કર્યું.

એ સુંદર, સુદ્દઢ, સંસ્કારયુક્ત અસાધારણ સ્વરૂપ જોઈને સીતાને નવાઈ લાગી. એણે પૂછયું: 'તમે કોણ છો?'

'દશરથનંદન , રઘુકુલ શિરોમણી, રામનો સેવક અથવા દૂત. મારું નામ હનુમાન છે.'

'હનુમાન ?'

'હા.' સીતાની સામે નીચે જમીન પર વજ્રાસનમાં બે હાથ જોડીને પ્રણામ કરતાં બેઠેલા બળ તથા બુધ્ધિના ભંડાર જેવા હનુમાને કહ્યું: 'રામે મને તમારી શોધમાં મોકલ્યો છે. એમના આદેશાનુસાર તમારી શોધ કરતાં કરતાં દિવસોની મહેનત પછી હું અહીં આવી પહોંચ્યો છું. તમારા ગુણ તથા યોગ્યતાવાળા જીવનની રામ તથા લક્ષ્મણના મુખેથી કથા સાંભળીને તમારા દર્શનની દિલને લાગેલી લગન આજે રામની પરમ કૃપાથી પૂરી થઈ. એનો યશ એમને જ આપવો ઘટે છે, કારણ કે એમણે જ મને તમારી શોધ કરવાની આજ્ઞા કરેલી. એમની એ આજ્ઞાને પરિણામે જ મારા જીવનમાં આજે એક ઉત્તમોત્તમ અમુલખ અવસરની પ્રાપ્તિ થઈ શકી.'

થોડીવાર અટકીને આનંદાશ્રુભર આંખને લૂછતાં હનુમાને આગળ કહ્યું : 'મહારાજા સુગ્રીવ તથા એમના સ્વામી રામનો આશીર્વાદ કદી નિષ્ફળ ન થઈ શકે. એમનો આશીર્વાદ ફળ્યો, એટલે તો મને તમારો મેળાપ થઈ શક્યો. તમારા દૈવી દર્શનને માટે આંખ અધીરી બનેલી, તે આજે શીતળ થઈ. જન્મના દરિદ્રને જાણે કે કોઈ મોટો ખજાનો મળી ગયો. તમને મળીને મારા અંતરને જે અસાધારણ આનંદ થઈ રહ્યો છે તેનું વર્ણન કેવી રીતે કરી બતાવું ? એ સુખ તો અંતર જ જાણે છે. બાકી એ વર્ણનાતીત છે. તમારા દર્શનથી મારું જીવન ધન્ય થયું. તમારા સરસ સુધામય શબ્દો સાંભળીને મારું શરીરધારણ સફળ બન્યું. રામની કૃપાથી તમને મળ્યો, એટલે મારો સઘળો પરિશ્રમ સફળ થયો. મને જાણે સ્વર્ગના રાજ્ય કરતાં પણ મોટું રસમય રાજ્ય મળી ગયું. માતા, હું હનુમાન છું એ સંબંધી કોઈ શંકા ન કરશો. મારા વચનમાં કોઈયે જાતનો અવિશ્વાસ ન લાવશો. મને રામે જ મોકલ્યો છે, અને એમના આદેશથી જ તમને શોધતો શોધતો અહીં આવી પહોંચ્યો છું. '

'તમને અહીં આવ્યે કેટલો વખત થયો ?'

'વધારે વખત નથી થયો. સૌથી પહેલાં હું તમારી તપાસ કરતો રાવણના રાજપ્રસાદમાં જઈ પહોંચ્યો પરંતુ ત્યાં ઝીણવટથી જોવા છતાં પત્તો ન લાગ્યો. બધે શોધ કરતો કરતો અહીં આવ્યો.

અશોકવાટિકામાં સૂક્ષ્મ રૂપ લઈને પ્રવેશ કર્યો ત્યાં જ મેં દૂરથી રાવણને આવતો જોયો, એટલે અશોકવૃક્ષ પર આશ્રય લઈને હું બધું જોવા માંડ્યો.'

'ત્યારે તો તમે મારી તથા રાવણની વચ્ચે થયેલી બધી વાત સાંભળી ! '

'સાંભળી છે. તમારો રામ પ્રત્યેનો પ્રખર પ્રેમ જોઈને મારૂં મન મુગ્ધ બની ગયું છે. તમારા એ પ્રેમને માટે તમને ખરેખર ધન્યવાદ ઘટે છે. પરિસ્થિતિ પોતાની પસંદગીની અથવા અનુકૂળ હોય ત્યારે તો સૌનો પ્રેમ ટકે છે અથવા અચળ રહે છે, પરંતુ એની સાચી પરીક્ષા તો પ્રતિકૂળતામાં જ થતી હોય છે. પ્રતિકૂળતામાં પણ પોતાના પ્રેમને પવિત્ર પ્રામાણિક અને અચળ રાખનારી વ્યક્તિ તો તમારા જેવી કોઈક વિરલ જ હોય. બાકી રાવણના શબ્દોને શાંતિપૂર્વક સાંભળવાનું કામ ઘણું મુશ્કેલ હતું. મને તો અવારનવાર એવું થતું કે નીચે ઊતરીને એને હમણાં જમીન પર પછાડી કે પટકી નાખું. પરંતુ એવું સાહસ કરવા જતાં બધું જ કામ બગડે તેમ હતું. એટલે રામના કાર્યને સફળ બનાવવાના ઉદ્દેશથી પ્રેરાઈને મેં નાછૂટકે શાંતિ રાખી. '

'એણે જતાં પહેલાં મને જે ધમકી આપી છે અથવા એક મહિનાની મુદત આપી છે તે સાંભળી ?'

હનુમાને શાંતિપૂર્વક છતાં દૃઢતાથી કહ્યું: 'એ ધમકી મેં સાંભળી છે પરંતુ એ ધમકી વરસ્યા વગરના તેમજ વરસવાની શક્તિ વગરના વાદળની ગર્જના જેવી વ્યર્થ સમજો. એ ધમકી ધમકી જ રહેશે એની ખાતરી રાખજો. એણે આપેલી એક મહિનાની મુદત તમારા મૃત્યુની કે શિરચ્છેદની મુદત નહિ બને, પરંતુ એના પોતાના જ મૃત્યુની જ મુદત બની રહેશે. એક મહિનાની અંદર અંદર તો રામ લંકામાં સુગ્રીવની વાયુવેગી વિશાળ સેના સાથે આવી પહોંચશે ને તમારી મુક્તિ કરશે. એ સંબંધમાં સહેજ પણ શંકા ન રાખતા.'

* * * * *

## ૫૪. હનુમાનની આપવીતી

હનુમાનના વચનો વિયોગની વ્યથામાં ડૂબેલી સીતાને માટે ભારે આશ્વાસનરૂપ થઈ પડ્યા.

એને એથી શાંતિ વળી.

એ આખીયે ઘટનામાં એને પરમાત્માની પરમ કૃપાની ઝાંખી થવા લાગી. છતાં પણ પોતાના ભૂતકાળના ભાતભાતનાં અનુભવોનું સ્મરણ કરીને એ થોડીક સાવધાન બની ગઈ.

હનુમાનમાં વિશ્વાસ મૂકતાં પહેલાં એને એમના વિશે વિશેષ હકીકત જાણવાની સ્વાભાવિક રીતે જ ઈચ્છા થઈ. એ ઈચ્છાથી પ્રેરાઈને એણે પૂછ્યું: 'તમે વારંવાર જેનો ઉલ્લેખ કરો છો તે સુગ્રીવ કોણ છે? એ ક્યાં રહે છે ? એમને રામનો મેળાપ કેવી રીતે અને ક્યાં થયો ? તથા તમે પણ રામના સુખદ સમાગમનું સૌભાગ્ય કેવી રીતે અને ક્યાં પામી શક્યા ? એ જાણવાની મને ઈચ્છા થાય છે. મારી જીજ્ઞાસાને સંતોષવાની માગણી કરું છું જેથી મને બધીયે પરિસ્થિતિની માહિતી મળે. સુગ્રીવની, તમારી તથા રામની મૈત્રી કયા સંજોગોમાં થઈ ? રામ તો ગોદાવરીના પ્રશાંત અને પવિત્ર તટ પર પંચવટીમાં રહેતા હતાં.'

હનુમાને અત્યંત વિનયપૂર્વક શાંતિથી કહ્યું: 'રામ અને લક્ષ્મણ તમારી સાથે પંચવટીમાં રહેતા હતા ત્યારે મારિચને સુવર્ણમૃગ બનાવીને એની મદદથી રાવણે ત્યાંથી તમારું હરણ કરેલું એ હકીકત અમે રામના શ્રીમુખથી જ સાંભળી છે. તમારા હરણ પછી વિરહવ્યથાથી વ્યથિત રામ લક્ષ્મણ સાથે પંચવટીથી આગળ વધ્યા. રસ્તામાં એમને જટાયુનો મેળાપ થયો એણે મરતાં પહેલાં તમારું હરણ રાવણે કર્યું છે એવા સમાચાર આપ્યાં. એની સાથે થયેલા પોતાના ભયંકર યુદ્ધની માહિતી આપી. એ પછી રામ અને લક્ષ્મણ પંપા સરોવર થઈને તપસ્વીની શ્રેષ્ઠ શબરીને મળીને એની ભલામણથી ઋષ્યમૂક પર્વત પર રહેતાં સુગ્રીવની પાસે આવ્યા. ત્યારથી એમની અને સુગ્રીવની મિત્રતા થઈ.'

એમ કહીને હનુમાને સુગ્રીવનો સમસ્ત પ્રસંગ વિસ્તારપૂર્વક કહી બતાવ્યો.

એ સાંભળીને સીતાએ કહ્યું: 'રામ તથા સુગ્રીવનો સમાગમ તથા સ્નેહ સહેતુક થયો છે એમાં શકા નહી. એ સ્નેહ તથા સંબંધને લીધે જ તમે મારા સંબંધી માહિતી મેળવીને આટલે દૂર આવી શક્યા તેની મને ખાતરી થઈ છે. તમને મળીને તથા તમારી પાસેથી રામલક્ષ્મણની માહિતી મેળવીને મને થોડી ઘણી શાંતિ થઈ છે. મારા નિરાશામાં ડૂબી ગયેલા મનમાં થોડીક હિંમત પેદા થઈ છે. રામની અવસ્થા કેવી છે અને એ એમનો વખત કેવી રીતે વીતાવી રહ્યા છે ? એ સુખી તો છે ને ? અને લક્ષ્મણ ? એ પણ આનંદમાં રહે છે ને ? બંને ભાઈઓને માથે કોઈ ભારેખમ દુઃખ તો નથી પડ્યું ?'

'તમારા વિયોગના દુઃખ કરતાં ભારેખમ દુઃખ બીજું કયું હોઈ શકે ? એ વિયોગ જો સામાન્ય પ્રકારનો હોત તો રામ અને લક્ષ્મણ એને જીરવી શકત. પરંતુ રાવણે કરેલા હરણના પરિણામરૂપે પેદા થયેલો વિયોગ એમને અત્યંત વ્યથિત કરી રહ્યો છે. એ દશામાં એ સુખ, શાંતિ કે આનંદમાં કેવી રીતે રહી શકે ? રોજરોજ એ તમારી ચિંતા કર્યા કરે છે. એમાંયે રામની અવસ્થા તો અતિશય કરુણ બની ગઈ છે. એમનું સઘળું સુખ તમારા જવાની સાથે જ જતું રહ્યું છે. પળેપળે એ તમને યાદ કરે છે તથા તમારા વિશે વાતો કરે છે. તમારા

સ્મરણને આધારે જ એ શ્વાસ લે, વાંરવાર સીતા સીતા એવું બોલ્યા કરે છે અને વિતેલી વાતોને યાદ કરીને બેચેન બને છે. વાત કરતી વખતે એમનું હૈયું ભરાઈ જાય છે અને એમના નેત્રો ટપકવા માંડે છે.'

એટલું સાંભળતા તો સીતાના નેત્રો ટપકવા માંડ્યા.

એણે ગદ્‌ગદ્ સ્વરે કહ્યું: 'રામની અવસ્થા એવી જ કરુણ હશે એ સમજી શકું છું. એમનો મારા પરનો પ્રેમ ઘણો જ પ્રબળ છે એટલે મારો વિરહ એમને કોરી ખાતો હશે. એ પોતાના વિરહના વેદનાયુક્ત વખતને જેમતેમ કરીને પસાર કરી રહ્યા હશે.'

'એમને માટે વખતને પસાર કરવાનું કામ કપરું છે, પરંતુ એટલું સારું છે કે, વખત એની મેળે જ પસાર થઈ રહ્યો છે. છતાં પણ તમને શોધવાના પ્રયત્નમાં એ લાગી ગયા છે. એમણે કહેવડાવ્યું છે કે તમે આટલા દિવસ જેમતેમ પસાર કર્યા છે તો થોડા વધારે દિવસ પસાર કરજો. તમે જ્યાં હશો ત્યાંથી તમને મુક્ત કરવા માટે હું જરૂર આવી પહોંચીશ. પૃથ્વીના ગમે તે પ્રદેશમાં પવિત્ર પ્રેમથી પ્રેરાઈને આવતાં મને કોઈ નહિ અટકાવી શકે. રામનો એ સંદેશ છે. એમના મનની ગતિને તો તમે જાણો છો. એમના દિલની દશાને બીજા કોઈનાયે કરતાં તમે વધારે સારી રીતે સમજી શકો છો. એમના સ્વભાવનું તમારું જ્ઞાન યથાર્થ છે એટલે એ સમજતાં વાર નહીં લાગે કે રામ તમારી વિના લાંબો વખત રહી શકશે જ નહીં.'

'છતાં પણ જે વખત જાય છે તે મારે માટે ખૂબ જ કરુણ તથા કસોટી કરનારો સાબિત થાય છે.'

'તમે એ કસોટીમાંથી પાર ઉતર્યા છો ને હજુ પણ પાર ઉતરશો એવી મને શ્રદ્ધા છે. રામ પ્રત્યેનો પવિત્ર પ્રેમ અને એની નિષ્ઠા જ તમને એમાંથી પાર ઉતારશે અને એક ધન્ય દિવસે એમનો મેળાપ કરાવી દેશે.'

'એવો ધન્ય દિવસ મારા જીવનમાં ક્યારે ઉગશે, જ્યારે હું રામના રસમય રૂપને નિહાળીને મારા લોચનને કૃતાર્થ કરીશ? એવો દિવસ ઉગશે કે પછી નહી જ ઉગે?'

સીતાએ શોકસ્વરે ચિંતાતુર બનીને પૂછી નાખ્યું.

'કેમ નહીં ઉગે?' હનુમાને સામેથી પૂછ્યું: 'એવો ધન્ય દિવસ જરૂર ઉગશે. એ દિવસ તમારે માટે જીવનની પરમ ધન્યતાનો આસ્વાદ આપનારો હશે જ, પરંતુ અમારે માટે પણ જીવનની ધન્યતાનો આનંદ આપનારો સાબિત થશે. અમારો પરિશ્રમ પણ ત્યારે સફળ થશે. તમને તથા રામને ફરીવાર મળેલા જોઈને અમારા સુખનો, સંતોષનો અને આનંદનો પાર નહીં રહે. અમારા લોચન ધન્ય બનશે ને શરીરધારણ સફળ બનશે. હવે એ ધન્ય દિવસને ઉગવાને વધારે વાર તો નથી જ. જે પળ પસાર થાય છે તે એ ધન્ય દિવસને પાસે ને પાસે લાવતી જાય છે.'

'તમારી આશા ને શ્રદ્ધા સાચી ઠરે એવું હું ઈચ્છું છું. બાકી અત્યારે તો કોઈકોઈ વાર એવું થાય છે કે, આવા જીવન કરતાં તો મરણ હજાર દરજ્જે સારું. રામ વિનાનું જીવન મરણ કરતાં જરા પણ સારું નથી લાગતું.'

હનુમાને સીતાને અનેક પ્રકારે આશ્વાસન આપ્યું. એથી સીતાનું મન થોડુંક સ્વસ્થ થયું. એથી સંતોષ પામીને હનુમાને કહેવા માંડ્યું: 'હું બીજો કોઈ જ નથી પરંતુ રામનો દૂત છું. અને રામની પાસેથી જ આવું છે. એની વિશેષ ખાતરી કરાવાને માટે તમારી આગળ એક વસ્તુને રજૂ કરું છું. રામની પાસેથી મેં એ વસ્તુ ખાસ

તમારા માટે જ, તમને મારી પ્રામાણિકતાની પ્રતિતી કરાવવા માટે જ માગી લીધેલી. રામે તે સહર્ષ સમર્પિત કરેલી. બીજું કોઈ એને ન ઓળખી શકે પરંતુ તમે તો ઓળખશો જ. રામે એ પોતાની સ્મૃતિરૂપે મોકલી છે.’

હનુમાને રામે આપેલી મુદ્રિકા સીતાની આગળ રજૂ કરી.

એને ઓળખતાં સીતાને વાર ન લાગી.

એ મણિજડિત મુદ્રિકાને દૂરથી જોતાં જ એ ઓળખી ગઈ. એને નિહાળીને એને આનંદ થયો.

મુદ્રિકા કેટલી બધી આકર્ષક અને સુંદર હતી! એ મુદ્રિકાને એણે પોતે જ રામની આંગળીએ પહેરાવેલી.

એ આખોય પ્રસંગ એની આંખ આગળ હાજર થયો. એને રોમાંચ થયો.

મુદ્રિકાને એણે આંસુથી ભીંજવી અને આંખે લગાડી.

‘આ મુદ્રિકા રામની જ છે.’ એણે કહ્યું: ‘એમાં સહેજ પણ શંકા નથી. એ મને ઘણી જ પ્રિય હતી. એ જાણીને જ રામે એને મોકલી લાગે છે. રામનું જે કાંઈ છે તે બધું જ મારે મન મધુર અને આનંદમય છે. મુદ્રિકા, રામના સુકોમળ કરની અમીમય અંગુલિ પર વિરાજતી ત્યારે તું કેટલી બધી આકર્ષક લાગતી? મારી પેઠે તારે પણ હૃદયાભિરામ, રસસ્વરૂપ રામથી અલગ થવું પડ્યું એના શોકથી કદાચ તું સંતપ્ત હશે. પરંતુ મારા શોકસંતપ્ત અંતરને માટે તો તું શાંતિદાયક જ સાબિત થઈ છે. મને તો તને મળીને પ્રસન્નતા જ પ્રાપ્ત થઈ છે. હનુમાન, તમે રામનો સંદેશ લઈ મારી પાસે આવી પહોંચ્યા તે માટે તમારી આભારી છું. તમને અંતરના અનેકાનેક અભિનંદન આપું છું. હવે મને આશા બંધાય છે કે રામ તમારે પગલે પગલે ચાલીને મારો ઉદ્ધાર કરવા આવી પહોંચશે, અવશ્ય આવી પહોંચશે.’

હનુમાન બોલ્યા: ‘પરંતુ માતા, મારી એક માગણી છે. જેવી રીતે મેં તમને આ મુદ્રિકા આપી એવી રીતે તમે પણ મને તમારી કોઈ નિશાની આપો કે જેને જોઈને રામને ખાતરી થાય કે મને તમારો મેળાપ સાચેસાચ થઈ ચૂક્યો છે. એમને મારા વચનમાં વિશ્વાસ હોવાથી એ શંકા નહીં કરે તો પણ એવી કોઈ નિશાની આપો તો મારા શ્રમને સફળ લેખીશ.’

સીતાએ થોડોક વિચાર કરીને પોતાના હાથની સુવર્ણમય ચૂડી કાઢી આપી.

હનુમાને એને ગ્રહણ કરીને આનંદ માન્યો.

સીતાએ કરુણાભર્યા સ્વરે કહ્યું: ‘રામને કહેજો કે સીતા ભયંકર દુઃખમાં જીવી રહી છે. એને ઉગારવાની ઔષધિ તમારા હાથમાં છે. પરંતુ હનુમાન, મને એક શંકા થઈ. આટલા મોટા ભયંકર સાગરને પાર કરીને તમે કેવી રીતે આવી શક્યા?’

‘રામની કૃપાથી.’

‘રામની કૃપાથી?’

‘હા. એમની કૃપા વિના કશું થાય છે? હું એને એમની કૃપા જ માનું છું. એમની કૃપાથી જ સંસારરૂપી ઘોર સાગરને પાર કરી શકાય. તો પછી આવા સાગરને પાર કરવામાં શું મુશ્કેલી પડે? એમણે મને આપેલા આશીર્વાદથી હું મારા કઠિન લાગતા કામમાં સફળ થઈ શક્યો છું. એ આશીર્વાદે મારી ડગલે ને પગલે રક્ષા કરી છે. એણે જ મને રસ્તો બતાવ્યો છે, અને મારા માર્ગમાં આવેલા ભયસ્થાનોમાંથી મને ઉગારી લીધો છે.’

'રાવણ આ જ ભૂમિમાં રહે છે તેની ખબર તમને કેવી રીતે પડી?'

'એની માહિતી મને સંપાતિ પાસેથી મળી. સમુદ્ર તટ પરની ગુફામાં રહેનારો સંપાતિ જટાયુનો ભાઈ થાય છે. જટાયુ સાથે થયેલી રામની મૈત્રીની તથા જટાયુના મૃત્યુની વાત સાંભળીને એ ગુફામાંથી બહાર આવ્યો અને અમારી સાથે વાતે વળગ્યો. એણે અમને રામના સેવક સમજી અમને બનતી બધી રીતે મદદરૂપ થવાની તૈયારી બતાવી. એણે અમારા ઉપર અનુગ્રહ કરીને પોતાની દૈવી દૃષ્ટિથી કહ્યું કે, સમુદ્ર પાર ત્રિકૂટ પર્વતની તળેટીમાં રાવણની લંકા નામની નગરી છે. રાવણ એ નગરીમાં જ સીતાને લઈ ગયો છે. અમારામાંથી સમુદ્રને પાર કરવાની હિંમત કોઈનામાં ન હતી. પરંતુ મને મળેલી અસાધારણ લોકોત્તર શક્તિની મદદથી મેં સાગરને પાર કરવાની તૈયારી કરી. આકાશમાર્ગે ઊડીને સાગર પાર કરવાની મારી શક્તિનો મેં રામનું સ્મરણ કરીને તથા એમના સુખકારક શાંતિદાયક સ્વરૂપને હૃદયમાં રાખીને આધાર લીધો, પરંતુ એમાં યે મુસીબત તો આવી જ.'

'કેવી મુસીબત?'

'પ્રત્યેક સારા અને મોટા કામમાં મુસીબત તો આવે જ છે, પરંતુ તેની પાછળનો હેતુ શુભ હોય તો તે મુસીબત દૂર થાય છે એ પણ હકીકત છે. સાગરમાં સુરસા નામની એક રાક્ષસી રહેતી. તે પાણીમાં પડતા પડછાયા પરથી ઉપર ઉડનારા જીવોને પકડતી અને ખાઈ જતી. મને પકડવાનો પ્રયત્ન પણ એણે કરી જોયો. એની ઈચ્છાની વિરુદ્ધ જઈને સાગર પરથી પસાર થવાનું અથવા આગળ વધવાનું ખરેખર મુશ્કેલ હતું.'

'એ મુસીબત તો ઘણી મોટી કહેવાય. પરંતુ પછી? પછી એનો પ્રતિકાર કેવી રીતે કરી શકાયો?'

'એમાં પણ રામના શુભાશિષે જ મદદ કરી. મારે દર્શનનો દેવદુર્લભ લાભ મેળવવાનો હશે તથા રામે સુપ્રત કરેલા કાર્યમાં યશસ્વી થવાનું હશે એટલે એ મને હેરાન ન કરી શકી. મારા માર્ગની વચ્ચે આવીને એણે મને પકડવા માટે હાથ ફેલાવ્યો તથા પોતાના રૂપને વિશાળ કર્યું. મેં એથીયે વધારે વિશાળ રૂપ ધારણ કર્યું. તો એ ક્રોધે ભરાઈને એથી પણ વિશાળ બની. મને થયું કે હવે શું કરવું? આ ક્રુર રાક્ષસી આગળ એકલા બળનો પ્રયોગ નહી ચાલે. તેમાં વખત લાગશે અને રામના કામમાં વિઘ્ન આવશે. આની સામે તો બુદ્ધિનો પ્રયોગ કરવો જ બરાબર છે. એવું વિચારીને, એ રાક્ષસી પોતાના ભયંકર વિશાળ મુખને ફાડીને મારા તરફ દોડી એટલે તરત જ મેં એકદમ નાનું રૂપ ધારણ કરીને એના મુખમાં પ્રવેશ કર્યો તથા બીજી જ ક્ષણે બહાર નીકળીને એને પ્રણામ કરીને કહ્યું કે તારી અનુમતિથી જ હું આગળ વધું છું. એ જોઈને એણે પ્રસન્ન થઈને મને આશીર્વાદ આપ્યો અને મારો માર્ગ મૂકી દીધો, એટલે હું આગળ વધ્યો.'

સીતાએ સંતોષ સાથે જણાવ્યું: 'આ ઘટના તો ઘણી જ વિચિત્ર લાગે તેવી, આનંદજનક, પ્રેરક અને રોમાંચક છે. એના પરથી પુરવાર થાય છે કે તમે કેવળ શરીરબળથી જ સંપન્ન નથી, પરંતુ અસાધારણ બુદ્ધિબળ પણ ધરાવો છો. રાક્ષસો સાથે કામ લેવામાં શરીરબળ તો જોઈએ જ પરંતુ વધુમાં બુદ્ધિબળની આવશ્યકતા પણ પડતી હોય છે. તમારા બદલે બીજું કોઈ હોત તો એ રાક્ષસી સાથે લડી જ પડત. તમે એને બુદ્ધિ અથવા યુક્તિથી વશ કરી એ તમારી વિશેષતા બતાવે છે. એ વિશેષતા માટે તમને અભિનંદન આપું છું. મારા તમને અંતરના આશીર્વાદ છે કે તમે તમારા આગળના સઘળાં કામોમાં સફળ બનો.'

હનુમાને પ્રણામ કરીને કહ્યું: 'માતા, તમારા આશીર્વાદનું મૂલ્ય મારે મન ઘણું મોટું છે. તમે ધારો છો તે કરતાં પણ ઘણું મોટું. એ આશીર્વાદમાં મારે માટે સર્વકાંઈ સમાયેલું છે. રામના આશીર્વાદથી મારો તમને મળવાનો મનોરથ સફળ થઈ શક્યો. તેવી રીતે તમારા આશીર્વાદથી મારા હવે પછીના મહત્વના કામમાં સફળતા મેળવી શકીશ. રામે મારા પર અમૂલખ અનુગ્રહ કરી મને પોતાની સેવા માટે પસંદ ન કર્યો હોત તો તમારા દૈવી દર્શનનો આનંદ મને ક્યાંથી મળી શકત? દુઃખની વાત એટલી જ છે કે, તમે અત્યારે બંધનમાં છો, દુઃખી છો, પરવશ છો. પરંતુ એ બંધન, પરવશતા તથા દુઃખનો હવે સ્વલ્પ સમયમાં જ અંત આવશે.'

સીતા થોડી વાર શાંત રહી અને પછી બોલી: 'સુગ્રીવની સેના રાવણને જીતી શકશે? તમારું સામર્થ્ય ઘણું વધારે છે. સુગ્રીવનું તથા સેનાના બીજા યોદ્ધાઓનું સામર્થ્ય પણ અસાધારણ હશે તેની શંકા નહીં, પરંતુ રાવણ પણ ખૂબ જ પરાક્રમી છે. એને જીતવાનું કામ ધાર્યા જેટલું સહેલું તો નથી જ.'

'છતાં પણ એને જીતી શકાશે. રામની કૃપાથી બધું જ થઈ શકશે. મારા જેવા અને મારા કરતાં બળવાન બીજા કેટલાંક યોદ્ધાઓ સુગ્રીવની સેનામાં એકઠાં થયા છે. એ સૌ સાથે મળીને રાવણને ધૂળ ચાટતો કરી દેશે અને લંકાનો નાશ કરી દેશે. હું તો ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારા એ પ્રતાપી યોદ્ધાઓમાંનો એક છું. માટે તમે સર્વપ્રકારે નિર્ભય કે નિશ્ચિંત બનો.'

* * * * *

## ૫૫. લંકાદહન

હનુમાનની વાત સાંભળીને સીતાને થોડીક નવાઈ લાગી. એણે હનુમાનને સહસા પ્રશ્ન કર્યો: 'ઈચ્છાનુસાર રૂપ? એવું રૂપ ધારણ કરવાની તમારામાં અને બીજા વાનર યોદ્ધાઓમાં શક્તિ છે? એ વાત તો અતિશય આશ્ચર્યકારક લાગે છે.'

'છતાં પણ એમાં આશ્ચર્યકારક કશું જ નથી.' હનુમાને ઉત્તર આપ્યો: 'એવી શક્તિ મને અને મારા જેવા વાનર યોદ્ધાઓને જન્મથી જ વરેલી છે. અમારામાં કેટલીયે જાતની વિશેષ શક્તિઓ છે. ઉપરથી જોતાં તો મારું શરીર સાધારણ લાગે છે, પરંતુ એવું સાધારણ શરીર તો તમને ભય ના થાય એટલા માટે જ ધારણ કર્યું છે. બાકી મારું સ્વરૂપ અત્યંત અસાધારણ છે. તમને વિશ્વાસ ન થતો હોય તો બતાવું.'

'વિશ્વાસ તો થાય છે છતાં મને એની ઝાંખી કરવાની ઈચ્છા છે.'

'તો પછી એને જોઈને ભય ના પામતાં.'

'ભલે. પરંતુ એ ખરેખર ભયજનક છે ખરું?'

'ભયજનક તો કેવી રીતે કહી શકાય? પરંતુ એ અદૃષ્ટપૂર્વ અદ્દભુત રૂપને નિહાળીને તમને ભય લાગે પણ ખરો.'

'નહીં લાગે. એ સ્વરૂપને નિહાળીને ભય લાગવાને બદલે આનંદ થશે એટલે જરૂર બતાવો.'

હનુમાને સીતાની ઈચ્છાને માન આપીને પોતાના શરીરને જોતજોતાંમાં વિશાળ, અતિવિશાળ કરી દીધું.

આકાશને અડવા મથતું એ વિરાટ પ્રચંડ રૂપ જોઈને સીતાને કાંઈનું કાંઈ થઈ ગયું.

સુવર્ણસદૃશ કાંતિવાળું, અતુલિત બળના ભંડાર જેવું, રાક્ષસોના કુળનો સંહાર કરવાની શક્તિથી ભરેલું, એ સુંદર સુદૃઢ સુમેરુ પર્વતની સ્મૃતિ કરાવનારું સ્વરૂપ જોઈને સીતાના વિસ્મયનો પાર ન રહ્યો.

એણે પોતાની પ્રસન્નતા બતાવી એટલે હનુમાને પોતાનું એ સ્વરૂપ સંકેલી લીધું અને પૂછ્યું: 'હવે તો મારી અસાધારણતાની પ્રતિતી થઈને?'

સીતાએ સંતોષ સાથે કહ્યું: 'થઈ ગઈ. પૂરેપુરી પ્રતીતિ થઈ ગઈ. બીજું કોઈ વર્ણન કરત તો આવી વાત મારા માનવામાં જ ન આવત, પરંતુ આજે એનો સ્વાનુભવ થયો, એટલે મારી હિંમત વધી ગઈ. હવે મને તમારી શક્તિમાં જરા પણ શંકા નથી થતી, અને એ વાતમાં પણ શંકા નથી થતી કે રાવણનો સફળતાપૂર્વક સામનો કરીને તમે એનો પરાજય કરી શકશો.'

'રાવણના પરાજય માટે તો એકલા રામની શક્તિ જ પૂરતી છે. રામના અનંત સામર્થ્ય આગળ રાવણ ટકી શકે તેમ નથી, છતાં પણ અમારા સંતોષ માટે અમે રામની સેવામાં હાજર રહીશું અને રાવણની સેનાનો સંહાર કરીશું.'

સીતાની આંખમાં આનંદના આંસુ આવી ગયા.

'તમારા શબ્દો સાચા ઠરે એવું ઈચ્છું છું.' સીતાએ આંસુને લૂછતાં લૂછતાં કહેવા માંડ્યું:

'તમારા આંસુ, તમારી વેદના તથા તમારું દુઃખ મારા દિલમાં દાહ પેદા કરે છે. એને જોઈને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. મારા મનમાં એક વિચાર ઉઠે છે તે તમારી આજ્ઞા હોય તો કહી બતાવું.'

'જરૂર કહો.'

'તમારી તૈયારી હોય તો તમને અત્યારે ને અત્યારે જ મારી પીઠ પર બેસાડીને સમુદ્ર ઓળંગી જાઉં તથા ઘડીના છઠ્ઠા ભાગમાં જ રઘુકુળભૂષણ રામની પાસે મૂકી દઉં. એથી તમારી ચિંતા તથા વેદનાનો અત્યારે જ અંત આવે અને રામ, લક્ષ્મણ, સુગ્રીવ, અંગદ તેમજ બીજા યોદ્ધાઓને અહીં આવીને રાવણને જીતવાનો પરિશ્રમ પણ નહીં કરવો પડે. મેં મારા આજ સુધીના જીવનમાં પરસ્ત્રીનો જાણે કે અજાણ્યે સ્પર્શ પણ નથી કર્યો છતાં તમને મારી પીઠ પર બેસાડીને લઈ જવા તૈયાર છું, કારણ કે તમને હું પરસ્ત્રી નથી માનતો, માતા માનું છું. રામ કોઈ સામાન્ય પુરુષ છે અને તમે સામાન્ય સ્ત્રી છો? ના, તમારો વેશ પુરુષ તથા સ્ત્રીનો હોવા છતાં રામ પરબ્રહ્મ પરમાત્માના પ્રતિનિધિ છે અને તમે એ પરમાત્માની પરમ, અખંડ અને અભિન્ન શક્તિ છો. મારી ભાવના એવી જ છે. એટલે પુત્રની પેઠે કહો તો તમારી સેવા કરવા તૈયાર છું.'

સીતાએ શાંતિથી કહ્યું: 'તમારી ભાવનાની કદર કરું છું અને એને માટે તમને ધન્યવાદ આપું છું. એ ભાવનામાં તમારા અંતરની ઉદાત્તતાનું તથા પરગજુપણાનું પ્રતિબિંબ પડે છે. તમારો પોતાનો આત્મા કેટલો બધો ઉંચો છે એનો ખ્યાલ આવે છે છતાં પણ હું તમારી સાથે નહીં આવી શકું. રામ, લક્ષ્મણ તથા સુગ્રીવે રાવણના નાશની લીધેલી પ્રતિજ્ઞા પૂરી થવી જોઈએ. રાવણને મારી સાથે કરેલ દુર્વ્યવહાર બદલ દંડ મળવો જોઈએ. એ ઉપરાંત તમે જ કહો છો કે રામે તમને મારી શોધ કરવાનું કામ જ સોપ્યું છે, મને એમની પાસે લઈ જવાનું કામ નથી સોપ્યું. એટલે આપણે એમની ઈચ્છાનો અનાદર ન કરીએ એ જ ઉચિત છે. રામ જો રાવણ સાથે યુદ્ધ કરવા ન માગતા હોય તો, અને મને પાછી લઈ જવાનું કહેતા હોય તો ફરી આવીને કહેજો તો હું વિચારી જોઈશ. બાકી મારી ઈચ્છા તો એવી છે કે અહીંથી તમારી સાથે છૂપી રીતે પાછી જાઉં એના કરતાં રામ પોતાના બાહુબળનો પરિચય આપીને જ મને મુક્ત કરે, નહીં તો ભલે એમના વિરહની અસહ્ય વેદનામાં શાંત થાઉં.'

હનુમાને સીતાને શાબાશી આપીને કહ્યું: 'રામ તમને પોતાના બાહુબળનો પરિચય કરાવીને જ લઈ જશે. આ તો તમારી પાર વગરની પીડાને જોઈ ન શકવાથી જ મેં તમારી આગળ એવો પ્રસ્તાવ મૂક્યો. બાકી હું પણ તમને રાવણને એના દુષ્કર્મનો દંડ આપીને જ લઈ જવામાં માનું છું. એ સંબંધમાં તમારી ઈચ્છાનુસાર થઈ રહેશે. આજે મેં તમને રાતે સુવા પણ ન દીધાં.'

'રામના વિરહમાં મારી નિદ્રા પણ પલાયન થઈ ગઈ છે. એ તો હવે એમનો સમાગમ થશે ત્યારે જ પાછી આવી શકશે. આજની રાત તો તમને મળવાથી મારા જીવનની એક મહામૂલ્યવાન રાત બની ગઈ. તમારા સુખદ સહવાસમાં એ કેવી રીતે ને ક્યાં પસાર થઈ ગઈ તેની ખબર જ ના પડી. બાકી રોજ રાતે રામના સ્મરણમનનમાં મગ્ન બનીને વ્યથાનો અનુભવ કરીને બેસી રહું છું.'

'મારી આજની રાત અને આખીયે જીંદગી તમારા દર્શનથી ધન્ય બની ગઈ. એ ઘડી ધન્ય હતી કે જ્યારે રામનું દર્શન થયું અને આજની તમારા દર્શનની ઘડી પણ એટલી જ ધન્ય છે. એ ધન્યતાને મારું મન જ જાણે છે અને માણે છે.'

લાંબા વખત લગી સીતાના દર્શનના દૈવી આનંદનો અનુભવ કરીને હનુમાને કહ્યું: 'હવે તમારી સંમતિ હોય તો આ ઉપવનના સુંદર ફળોનું ભક્ષણ કરું અને રાવણના આશ્રિત અથવા સેવકોના બળની પરીક્ષા કરું.'

'એમ કરતાં મુસીબતમાં ન મૂકાઈ જાવ તેનું ધ્યાન રાખજો. હજુ તમારે અહીંના સમાચાર લઈને રામની પાસે પાછા જવાનું છે.'

'એ બાબત તદ્દન નિશ્ચિંત રહેજો. મારે કોઈ પણ પ્રકારની મુસીબતમાં નહીં મુકાવું પડે. મને મુસીબતમાં મૂકવા માંગનારા પોતે જ મુસીબતમાં મૂકાઈ જશે અને મૃત્યુને શરણ થશે. તમારી તથા રામની મારા પર કૃપા હોવાથી મારું લેશ પણ અમંગલ નહીં થાય.'

'તો પછી મારી સંમતિ છે.'

'કાંઈ થાય તો પણ ચિંતા ના કરતાં. હું તમને પાછા જતાં પહેલાં ફરી મળીશ.'

સીતાના ચરણોમાં પ્રણામ કરીને, સીતાનો આશીર્વાદ મેળવીને, હનુમાન ચાલી નાકળ્યા.

હૃદયમાં રામની મૂર્તિ રાખીને એમણે અશોકવાટિકાના સુંદર સ્વાદિષ્ટ ફળોને ખાવા માંડ્યા. કેટલાક વૃક્ષોને પણ ઉખાડવા માંડ્યા.

અશોકવાટિકાની ચોકી કરનારી, નિદ્રાધીન નિશાચરીઓ એ કોલાહલ સાંભળીને જાગી ગઈ.

એક નિશાચરી બિભત્સ શબ્દો બોલતી હનુમાનને પકડવા આગળ આવી, પરંતુ હનુમાનની વીરત્વભરી ગર્જના સાંભળીને ત્યાં જ બેહોશ બની ગઈ.

એ જોઈને બીજી નિશાચરીઓ નાશી ગઈ.

રાજપ્રાસાદમાં જઈને એમણે રાવણને સમાચાર આપ્યાં. એ સાંભળીને રાવણ રોષે ભરાયો ને બોલ્યો: 'એક સામાન્ય વાનરનું આટલું બધું પરાક્રમ? એ આટલો બધો કેર વર્તાવે છે, છતાં તમારાથી કશું કરી નથી શકાતું? એ વાનર કોણ છે અને ક્યાંથી આવ્યો છે? એને અહીં મારી પાસે પકડી લાવો. એને મારવાને બદલે બાંધી લાવો. જોઉં તો ખરો કે એ અહંકારી મદોન્મત વાનર કોણ છે?'

રાવણે પોતાના શૂરવીર સેનાપતિ જંબુમાલીને બોલાવીને હનુમાનને પકડવા માટે આદેશ આપ્યો.

જંબુમાલી નાની સરખી સેના સાથે અશોકવાટિકાના મુખ્યદ્વાર પાસે આવી પહોંચ્યો.

હનુમાને એને જોઈને ભયંકર ગર્જના કરી.

એની સેનાનો એમણે કચ્ચરઘાણ વાળી નાખ્યો.

એ દેખીને જંબુમાલી ખૂબ જ ક્રોધે ભરાયો અને હનુમાનને લલકારતો એમની ઉપર તૂટી પડ્યો.

બંને વચ્ચે ઘોર યુદ્ધ થયું. પરંતુ હનુમાને આખરે એનો નાશ કરી દીધો.

હનુમાને મારેલી વૃક્ષની શાખા માથામાં વાગવાથી એ એકદમ અચેતન બની ગયો.

રાવણને જંબુમાલીના મૃત્યુના સમાચારથી નવાઈ લાગી ને દુઃખ થયું.

હનુમાન જેવા સામાન્ય વાનર સાથેના સંઘર્ષમાં એવા શૂરવીર સેનાપતિનું મૃત્યું થશે એવી એને કલ્પના પણ ન હતી. છતાં એ એમ હતાશ થાય એવો ન હતો.

એણે મંત્રીના પુત્રને મોકલ્યો પરંતુ એ પણ ન ફાવ્યો.

હનુમાને એને પણ યમસદનમાં પહોંચાડી દીધો.

પછી રાવણે હનુમાનનો સામનો કરવા માટે પોતાના મંત્રી વિરૂપાક્ષને બીજા ચાર મંત્રીઓ સાથે મોકલી આપ્યો. પરંતુ એ પણ લાંબા વખત લગી ટકી ન શક્યા. હનુમાને એમને પણ ધરાશયી કરી દીધા.

આખરે રાવણે પોતાના પુત્ર અક્ષકુમારને ભારે હિંમત આપીને સેના સાથે રવાના કર્યો.

હનુમાનના પ્રહારથી એ પણ મરણ પામ્યો ત્યારે રાવણની પીડાનો પાર ના રહ્યો.

એ અત્યંત રોષે ભરાયો ને પોતાના બીજા પુત્ર મેઘનાદ અથવા ઈન્દ્રજીતને ઉદ્દેશીને બોલ્યો: 'અક્ષના મૃત્યુના સમાચાર ભારે દુઃખદ અથવા શોકજનક છે. એ મને ખૂબ જ પ્રિય હતો. છતાં પણ આ સમય શોક કરીને બેસી રહેવાનો નથી. તું જલદી જઈને એ વાનરને કેદ કર. તારું પરાક્રમ અદ્દભુત છે. તારા સામર્થ્ય આગળ ઇન્દ્ર પણ અશક્ત બની ગયેલો તો પછી એ વાનરનો શો હિસાબ? તું એને જોતજોતામાં પકડી લેશે. તારામાં એને હણવાની સંપૂર્ણ શક્તિ હોવા છતાં હણતો નહિ. એને મારી પાસે લઈ આવજે એટલે થયું. જોઉં તો ખરો કે એ કોણ છે, કેવો છે, અને આટલો બધો ઉલ્કાપાત શા માટે કરી રહ્યો છે!'

મેઘનાદ તથા હનુમાન વચ્ચે ભીષણ યુદ્ધ થયું.

મેઘનાદ હનુમાનનું અસાધારણ સામર્થ્ય જોઈને આભો બની ગયો.

લાંબા વખત લગી હનુમાનનો પ્રતિકાર કરવો એને મુશ્કેલ લાગ્યો, ત્યારે એણે એમના પર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. એ મહાન અસ્ત્રની આમાન્યા રાખવા અને રાવણને મળવાનો મનોરથ પરિપૂર્ણ કરવા હનુમાન બંધાઈ ગયા.

હનુમાનને બંધાયેલા જોઈને મેઘનાદની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

એ એમને લઈને રાવણ પાસે આવ્યો.

રાજ્યસભામાં રત્નજડિત સિંહાસન પર બેઠેલો રાવણ હનુમાનને બંધાયેલા જોઈને આનંદ પામ્યો ને બોલ્યો: 'અહંકારી અને અવિવેકી વાનર! તેં કેટલાય યોદ્ધાઓનો સંહાર કરી નાખ્યો છે. એનો દંડ આપવાનો સમય હવે પાસે આવ્યો છે. તું કોણ છે અને ક્યાંથી આવે છે? જરા તારો પરિચય તો આપ.'

હનુમાને ગૌરવપૂર્વક કહ્યું: 'મારા પરાક્રમનો પરિચય પ્રાપ્ત થયો છે એ જ શું પર્યાપ્ત નથી લાગતું? છતાં પણ તારી જિજ્ઞાસાના જવાબમાં કહી બતાવું છું કે હું મહારાજા સુગ્રીવ તથા દશરથપુત્ર રામનો દૂત છું અને મારું નામ હનુમાન છે.'

'સુગ્રીવ તથા રામનો દૂત?'

'હા. તને પોતાના પરાક્રમનો સ્વાદ ચખાડનારા વાલીના ભાઈ સુગ્રીવ તથા રામનો દૂત છું.'

'તારે લંકામાં શા માટે આવવું પડ્યું?'

'ચોરની તપાસ કરવા માટે.'

'કયા ચોરની?'

'તારી.'

'હું ચોર છું?'

'જરૂર. એમાં શંકાનું કારણ જ ક્યાં છે? બીજા ચોર રાત્રે ચોરી કરે છે પણ તેં તો ધોળે દિવસે ચોરી કરી છે. પંચવટીમાં રામ અને લક્ષ્મણ બંનેમાંથી કોઈયે હાજર ન હતું ત્યારે એમના આશ્રમમાં છૂપી રીતે પ્રવેશીને તેં સીતાનું હરણ કર્યું. એમાં તેં શું પરાક્રમ કર્યું? હું તને હિતના શબ્દો કહેવા કે તને સમજાવવા આવ્યો છું.'

રાવણ રોષથી રાતોપીળો થઈ ગયો ને બોલ્યો: 'તને મારા હિતની સમજ ક્યાંથી પડે? તું પોતે જ મૂર્ખ છે અને મને ઉપદેશ આપવા બેઠો છે? લંકામાં ચોરની પેઠે તો તું પેઠો છે.'

'હું ચોરની પેઠે નથી પેઠો, પરંતુ બહાદુરીપૂર્વક ઉઘાડે છોગે આવ્યો છું. તું પોતે જ ચોર છે એટલે તારી નજરમાં તને બધા ચોર જેવા લાગે તે સહેજે સમજી શકાય તેમ છે. હું તને ઉપદેશ આપવા બેઠો છું એ વાત સાચી છે, પરંતુ એ ઉપદેશ તારા હિતનો છે. તારું હિત શામાં રહેલું છે તે તું નથી જાણતો. એટલે જ મારે એના તરફ તારું ધ્યાન ખેંચવું પડે છે. સીતાનું હરણ કરીને તેં તારું મોટામાં મોટું અહિત કર્યું છે. તું તારે હાથે જ તારા અધઃપતનની ગર્તા ખોદી બેઠો છે. હજુ મારા ઉપદેશ પ્રત્યે ધ્યાન આપ અને સીતાને વહેલી તકે છોડીને સન્માનપૂર્વક રામને સુપ્રત કર, તો રામ તથા સીતા તને તારા અક્ષમ્ય અપરાધને માટે ક્ષમા કરશે, સુગ્રીવ પણ ક્ષમા કરશે, ને તું શાંતિપૂર્વક જીવી શકશે. નહિ તો....'

'નહિ તો શું?'

'નહિ તો રામ તથા સુગ્રીવ તારો નાશ કરશે. એ બંને હવે ભેગા થયા છે અને એમની વચ્ચે મિત્રતા સ્થાપિત થઈ ચૂકી છે.'

રાવણ ખડખડાટ હસી પડ્યો ને બોલ્યો: 'અરે કોઈ આ દુષ્ટ ને મૂર્ખ વાનરની વાત તો સાંભળો. એની વાત કેટલી બધી હાસ્યાસ્પદ છે? રામ અને સુગ્રીવ ભેગા થયા ને મિત્ર બન્યા છે તે એમની અવસ્થાને અનુરૂપ જ છે. એમાં મને કશું આશ્ચર્ય નથી થતું. રામ રાજ્ય તથા સ્ત્રી વિના દુઃખી છે તો સુગ્રીવની પણ એ જ દશા છે. એને વાલીએ કાઢી મૂક્યો છે. બંને પરાક્રમહીન અને નિર્માલ્ય બનીને બેસી ગયા છે. એમનામાં કશું સામર્થ્ય નથી રહ્યું, એટલે હવે દૂત મોકલીને પ્રાર્થના કરવા માંડ્યા છે.'

'એ પ્રાર્થના નથી કરતા પણ તને ચેતવણી અથવા શિખામણ આપે છે. એ નિર્માલ્ય કે પરાક્રમહીન નથી. રામે સુગ્રીવને સહાય કરવા માટે વાલીનો ક્યારનોય નાશ કર્યો છે અને સુગ્રીવનો રાજ્યાભિષેક કર્યો છે. તારા ગુપ્તચરો તથા તું હજુ ઘોર ઊંઘમાં લાગે છે!'

રાવણ જરા ઉત્સાહહીન બની ગયો ને બોલ્યો: 'વાલીનો નાશ થયો ને સુગ્રીવ રાજા બન્યો?'

'હા. સુગ્રીવનું સામર્થ્ય વાલી કરતાં વધી ગયું છે. એ હવે તારી બુદ્ધિને ઠેકાણે લાવવાની તૈયારી કરે છે. એ તૈયારીના પ્રારંભરૂપે જ એમણે મને તારી પાસે દૂત તરીકે મોકલ્યો છે. તારા વચન તથા વર્તન પરથી લાગે છે કે તારું ભાગ્ય ફૂટેલું છે ને તારે માથે મૃત્યુ ભમ્યા કરે છે. હજુ પણ જો તું ચેતી જાય તો તો સારું છે. નહિ તો રામ, લક્ષ્મણ કે સુગ્રીવ પોતાની વિશાળ સેના સાથે લંકામાં આવી પહોંચશે ને તારો સંહાર કરશે.'

રાવણ ક્રોધે ભરાઈને પોતાની તલવાર તાણીને બોલ્યો: 'મારો સંહાર? અને એ પણ રામ, લક્ષ્મણ કે સુગ્રીવ કરશે? આ વાનર શું બકી રહ્યો છે? એનો કાળ પાસે આવીને એને આવું બોલાવી રહ્યો લાગે છે. બીજું કાંઈ જ નથી. હું એને એની દુર્બુદ્ધિને માટે હમણાં જ દેહાંતદંડ આપું છું.'

હનુમાને હસીને કહ્યું: 'દેહાંતદંડથી હું નથી ડરતો. પરંતુ એ દંડ તારાથી આપી શકાય તેમ નથી. રામ તથા સીતાની મારા પર કૃપા છે, એટલે તું ચાહશે તો પણ એમ નહીં કરી શકે. મેં તો મારું કર્તવ્ય બજાવી દીધું. એથી વિશેષ મારે કશું જ નહોતું કરવું. મહારાજા સુગ્રીવ તથા રામના દૂત તરીકે હું તને તારા ધર્મનું ભાન કરાવવાનું કર્તવ્ય બજાવવા જ આવ્યો છું.'

'એ અનુચિત કર્તવ્યની શિક્ષા ભોગવશે ત્યારે જ તને શાંતિ વળશે. મને પણ ત્યારે જ સંતોષ થશે. તું હજુ મારા પ્રતાપને નથી જાણતો.'

એમ કહીને રાવણે હનુમાનનો વધ કરવાની આજ્ઞા કરી.

રાવણના સેવકો એ આજ્ઞાનું પાલન કરવા તૈયાર થયા, એટલે વિભીષણે વચ્ચે પડીને કહ્યું: 'રાજનીતિના પરંપરાગત નિયમાનુસાર દૂતનો વધ ન થાય. દૂતનો વધ સઘળા સંજોગોમાં નિષિદ્ધ ગણેલો છે. એટલે એ નિષેધનો ભંગ કરવો બરાબર નથી.'

રાવણ બોલી ઊઠ્યો: 'રાજનીતિના એ નિયમનું પાલન કરવું મને ઠીક નથી લાગતું. આ મૂર્ખ વાનરે દૂત તરીકેના અધિકારનો દુરુપયોગ કરીને સેનાના કેટલાય શૂરવીર યોદ્ધાઓનો નાશ કર્યો છે. એ વખતે એણે રાજનીતિના નિયમને યાદ નથી રાખ્યા.'

'છતાં પણ આપણે એની સાથે નીતિપૂર્વક કામ લેવું જોઈએ.'

હનુમાને વિભીષણ તરફ માનની નજરે જોતાં કહ્યું: 'યોદ્ધાઓનો નાશ કરવામાં મારો દોષ જરાય નથી. મને ભૂખ લાગવાથી હું ઉપવનમાં ફરીને ફળ ખાતો'તો ત્યાં જ મારા પર એ યોદ્ધાઓએ હુમલો કર્યો. મારા જેવા નિઃશસ્ત્ર પર શસ્ત્રો સાથે હુમલો કરતાં એમને શરમ પણ ના આવી. પછી મારા રક્ષણને માટે એમનો સામનો ન કરું તો શું કરું? સામનો કરવાથી એ મરી ગયા. એમાં હું શું કરું?'

રાવણે કહ્યું: 'તું ઘણો ચતુર લાગે છે. તારી દલીલ કરવાની યુક્તિ અનોખી છે. છતાં પણ તે મારી આગળ કામ નહિ લાગે. વિભીષણના કહેવાથી તારો વધ નહિ કરું તો પણ તને કઠોર સજા તો કરીશ જ.'

'હું તને ચતુર લાગતો હોઈશ પરંતુ તારા જેટલો ચતુર તો નથી જ. પરસ્ત્રીના હરણની તારી ચતુરતા તો મને સ્વપ્ને પણ ન આવડે.'

રાવણ ફરી ક્રોધે ભરાયો ને બોલ્યો: ' આ અવિવેકી વાનરને શી સજા કરવી જોઈએ?'

મંત્રીઓમાંના એકે કહ્યું: 'વાનરને પોતાનું પૂછડું ઘણું પ્રિય હોય છે. તેને સળગાવી દેવાથી તેને આકરામાં આકરી સજા મળી રહેશે.'

રાવણને એ સૂચના ગમી.

એણે હનુમાનના પૂછડાંને સળગાવવાનો આદેશ આપ્યો. પૂછડાં પર વસ્ત્રો વીંટવામાં આવ્યાં અને એના પર તેલ રેડવામાં આવ્યું.

પરંતુ પોતાની અસાધારણ શક્તિની મદદથી હનુમાનનો પોતાના પૂચ્છને વિરાટ કર્યું.

એના પર લપેટવા માટે અસંખ્ય વસ્ત્રોનો ઉપયોગ કરવો પડ્યો તથા એને તરબોળ કરવા માટે કેટલુંય તેલ નાખવું પડ્યું.

પછી એને સળગાવવામાં આવ્યું ત્યારે રાવણ રાજી થયો ને બોલ્યોઃ ‘ હવે તને મારી ચતુરાઈની ખબર પડશે. રામ તથા સુગ્રીવની પાસે જીવતો જઈશ તો એમને પણ બળની અને બુદ્ધિની માહિતી મળશે.’

હનુમાને અટ્ટહાસ્ય કરીને બંધન મુક્ત થઈને વિદાય થતાં કહ્યું: ‘તારામાં બળ અને બુદ્ધિનો છાંટો પણ નથી એ હું પહેલેથી જ સમજી ગયો છું. તારામાં લગાર પણ ચતુરાઈ હોત તો તું આવું મૂર્ખતાપૂર્ણ કામ કરત જ નહિ. આ કામ તને જ ભારે પડવાનું છે. એથી મારું કશું નથી બળવાનું પરંતુ તારી લંકા જ બળી જશે.’

હનુમાને લંકાના મકાનો તથા રાજપ્રાસાદ પર કૂદવા માંડ્યું.

એ વખતે પ્રતિક્ષા કરતો બેઠો હોય તેમ એકાએક પવન ફૂંકાવા લાગ્યો, એટલે મકાનો સળગાવવામાં સહાયતા સાંપડી.

લોકો દોડાદોડ કરવા લાગ્યા, બૂમો પાડવા માંડ્યા, અને બેચેન તથા ભયભીત બની ગયા.

હનુમાન એ જોઈને સંતોષ પામ્યા.

મોટા ભાગની લંકાને સળગાવીને પોતાના પુચ્છને સાગરમાં બોળીને એમણે અગ્નિની ભયંકર જ્વાળાને ઓલવી દીધી અને અશોકવાટિકામાં આવીને સીતાને સઘળી કથા કહી સંભળાવી.

સીતા હનુમાનના પરાક્રમ પર મુગ્ધ બની ગઈ.

હનુમાને કહ્યુઃ ‘માતા, તમારા તથા રામના આશીર્વાદથી હું બચી શક્યો. લંકાને બાળતી વખતે મને ખ્યાલ ન રહ્યો પરંતુ પાછળથી વિચાર આવ્યો કે મારા સાહસના પરિણામે કદાચ અશોકવાટિકા બળી ગઈ હશે તો તમારું શરીર પણ સલામત નહી રહી શકે. એ દશામાં હું શું મોઢું લઈને રામ, લક્ષ્મણ તથા સુગ્રીવ પાસે પાછો જઈશ? એ વિચારથી મારી ચિંતા વધી ગઈ અને તમારી માહિતી મેળવવા જલદી જલદી પાછો આવ્યો. તમને સર્વપ્રકારે સલામત જોઈને મારો જીવ હેઠો બેઠો. હવે તમારી રજા માંગુ છું. તમને આવી અસહાય અવસ્થામાં છોડીને જતાં મન માનતું તો નથી પરંતુ મારા કર્તવ્યનો તથા રામની શાંતિનો વિચાર કરતાં ગયા સિવાય છૂટકો પણ નથી. રામ બનતી વહેલી તકે આવશે ને તમને છોડાવશે.’

સીતાની આંખમાં આંસુ આવી ગયા. એણે હનુમાનને આશીર્વાદ આપ્યો ને કહ્યું: ‘રામને મારો સંદેશ કહેજો કે, રાવણે આપેલી એક મહિનાની અવધિ પૂરી થતાં પહેલા નહિ આવો તો હું જીવતી નહી રહું. મારા શરીરને સળગાવી દઈશ. માટે પુનર્મિલનની આશામાં એમના સ્મરણમનનને આધારે જ હું જીવી રહી છું. એમને ચિત્રકૂટ પર બનેલી ઈન્દ્રપુત્ર જયંતની હકીકતની યાદ દેવડાવજો. કહેજો કે, રાવણે તો એનાથી પણ મોટો અપરાધ કર્યો છે. મારા જીવને જરા પણ આનંદ નથી લાગતો. છતાં રામને મળવાના મનોરથમાં એ હજુ પણ ટકી રહ્યો છે.’

હનુમાને એને અનેક પ્રકારે હિંમત તેમજ શાંતિ આપીને એની વિદાય લીધી.

* * * * *

## ૫૬. પ્રેમ અને લાગણી

માર્ગમાં થોડેક આગળ જતાં વિભીષણનો મેળાપ થયો.

વિભીષણ એના ઘર તરફ જઈ રહ્યો હતો.

હનુમાનને દેખીને પોતાના રથમાંથી ઉતરીને એ આગળ આવ્યો અને એમને પ્રણામ કરીને ઊભો રહ્યો, તથા બોલ્યો: 'તમારી બુદ્ધિ તથા તમારું બળ જોઈને મને તમારે માટે ભારે માન પેદા થયું છે. હું રાવણનો ભાઈ વિભીષણ છું. રહું છું તો રાવણની આ વિચિત્ર નગરી લંકામાં, પરંતુ મારું મન જ્યારથી રામના ગુણાનુવાદ સાંભળ્યા છે ત્યારથી રામના ચરણમાં જ રહ્યા કરે છે. રામના દર્શનને માટે મારું મન અધીરું બન્યું છે. એમના દર્શનની લાલસાને મેં જેમતેમ કરીને દબાવી રાખી છે. એમનું દર્શન તો મને જ્યારે થશે ત્યારે ખરું પરંતુ તમારા દર્શનનો લાભ મળ્યો એને પણ મારું સદ્દભાગ્ય જ સમજું છું. તમે રામના સાચા સેવક કે ભક્ત છો, એટલે તમારા દર્શનથી મારો આત્મા અવર્ણનીય આનંદનો અનુભવ કરી રહ્યો છે. મારા તમને અત્યંત પ્રેમપૂર્વક પ્રણામ છે. તમે સીતાને મળ્યા જ હશો. ન મળ્યા હો તો તેની માહિતી આપું.'

વિભીષણની નમ્રતા, સરળતા, નિષ્કપટતા તથા રામ પ્રત્યેનો એનો પ્રેમ જોઈને હનુમાન પ્રસન્ન થયા ને બોલ્યા: 'વિભીષણ, રાજસભામાં તમને જોઈને તથા તમારા વિનયપૂર્વકના નીતિમય વચનો સાંભળીને મને તમારા પર પ્રેમ થયેલો. તમે મને મળી ગયા તે સારું થયું. હું સીતાને મળ્યો છું. હવે રામની પાસે જઈને એના સમાચાર પૂરા પાડીશ. પરંતુ તમને આસુરી સંપત્તિથી ભરેલી આવી લંકામાં રાવણને આધીન થઈને રહેવું ગમે છે? આવા વિપરીત વાતાવરણમાં રહીને તમે તમારા હૃદયમાં રામના પ્રેમને કેવી રીતે ટકાવી શક્યા છો?'

વિભીષણે શાતિથી ઉત્તર આપ્યો: 'તમારા જેવા વિચક્ષણ સત્પુરુષને એ વાત ન સમજાય એવું ભાગ્યે જ બને. તમારામાં એને સમજવાની શક્તિ સારા પ્રમાણમાં છે તો પણ તમે એનું રહસ્ય મારી દ્વારા કઢાવવા માંગો છો. બીજું કાંઈ જ નથી. માતા પોતાના પેટમાં ગર્ભને તથા લોભી ધનને ટકાવી રાખે છે તેવી રીતે મેં રામના પ્રેમનું જતન કર્યું છે.'

'લંકામાં તમને ગમે છે?'

'લંકા મારી આશ્રયભૂમિ છે એટલે મને પ્રિય લાગે છે. આ ભૂમિ પર મેં મારા જીવનના મહત્વના વરસો પસાર કર્યા છે, એટલે એના પર મને એક પ્રકારનો વિશેષ ભાવ કે પક્ષપાત છે. લંકામાં રાવણ દ્વારા થતો અનર્થ જોઈને આશ્ચર્ય તો નથી થતું, પરંતુ શું કરું? અહીં રહીને મારા મનને બને તેટલું અલિપ્ત રાખું છું. અહીંના વિકૃત વાતાવરણની અસર મારા પર નથી થવા દેતો. મારી આજુબાજુ લંકા છે પરંતુ મારા હૃદયમાં નથી. મારા હૃદયમાં તો કેવળ પરમાત્માનો જ પ્રકાશ છે. એમના પવિત્ર પ્રેમપ્રકાશથી મારું મન પ્રકાશિત છે અને રહેશે. એને લીધે મને આનંદ છે.'

હનુમાને વિભીષણને એની ઉત્તમ ભાવનાને માટે અભિનંદન આપ્યાં, એટલે વિભીષણે કહ્યું: 'અભિનંદન તો મને નહીં પણ તમને ઘટે છે. હું તો અહીં રહીને બીજું શું કરું ? પરંતુ તમે તો તમારા જીવનનો ઉપયોગ રામ તથા સીતાની સેવા માટે કરી રહ્યા છો. જે જીવન બીજાની સેવા-સહાયતા માટે

વપરાય છે તે જીવન ખરેખર ઉત્તમ તથા સૌભાગ્યશાળી છે. એવું સર્વોત્તમ સૌભાગ્યશાળી જીવન તમે જીવી રહ્યા છો. મને પણ રામના દર્શનની અને રામની સેવાની ઈચ્છા થાય છે પરંતુ એ ઈચ્છા કોણ જાણે ક્યારે પૂરી થશે અથવા આ જીવનમાં પૂરી થશે કે નહીં થાય?'

'તમારી ઈચ્છા ઉત્તમ છે એટલે જરૂર પૂરી થશે. રામના દર્શનનો લાભ તમને જરૂર મળશે. અને રામની સેવા તો અત્યારે, આટલે દૂર રહીને પણ તમે કરી શકો છો.'

'કેવી રીતે? અહીં રહીને રામની સેવા કેવી રીતે કરી શકાય?'

'તમે ન સમજ્યા? રાવણને કોઈ રીતે સીતાને મુક્ત કરવા માટે તૈયાર કરી શકાય તો એમાં રામની મોટામાં મોટી સેવા રહેલી છે.'

'પરંતુ રાવણ એ માટે તૈયાર થાય તેમ નથી. મેં એને સમજાવવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ એ પ્રયત્ન વ્યર્થ ગયો. આજે તમને પણ એના વિચારોનો પરિચય થયો. સૂર્ય કદી ઉગવાનું છોડી દે ને ધરતી ધારણ કરવાની શક્તિનો ત્યાગ કરે તો પણ એના વિચારો ફરે તેમ નથી. જો કે રામ તથા સીતા પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાઈને જ્યારે જ્યારે અવસર મળશે ત્યારે એને સમજાવવાનો કે પલટાવવાનો પ્રયાસ કરતો રહીશ, પણ એના લક્ષણો પરથી એવું જ લાગે છે કે એ સમજી નહિ શકે. એકમાત્ર કાળ જ એને સમજાવી કે પલટાવી શકશે.'

'કાળ?'

'હા. કાળ. એના માથા પર કાળ જ ભમી રહ્યો છે એવું મને લાગ્યા કરે છે. નહિ તો એને આવી દુર્બુદ્ધિ સૂઝે જ નહિ. એની પટરાણી મંદોદરીએ પણ એને સમજાવવામાં બાકી નથી રાખ્યું. છતાં એ નથી સમજ્યો. તમને ખબર નહિ હોય પણ મંદોદરીએ એના હૃદયનું પરિવર્તન કરવાના આશયથી સીતાને માટેના અસાધારણ પ્રેમથી પ્રેરાઈને અનશન પણ આરંભ્યું છે.'

'અનશન ? અને એ પણ રાવણની પત્ની, મહારાણી મંદોદરી કરી રહી છે? એ તો મોટું આશ્ચર્ય કહેવાય.'

'છતાં પણ એ સાચું છે. જેવી રીતે રામ અને સીતાનાં જીવન આશ્ચર્યરૂપ છે તેવી રીતે મંદોદરીનું જીવન પણ અત્યંત આશ્ચર્યરૂપ છે. એ સીતાને પોતાની બહેન માને છે અને અવારનવાર મળતી રહે છે. એ લંકાની જ નહિ, પરંતુ સમસ્ત સંસારની શોભા અને અજાયબી જેવી છે. રૂપ અને ગુણના સુભગ સમન્વયવાળી એ મંદોદરી રાવણના સુષુપ્ત અંતરાત્માને જગાડવાની કોશિશ કરી રહી છે, પરંતુ રાવણનું રુંવાડુંયે નથી હાલતું. એટલે મને તો લાગે છે કે, રાવણને રામનાં બાણ જ સમજાવી શકશે. બીજા કોઈથી એનો મદ નહિ ઉતારી શકાય.'

'પરંતુ મંદોદરીના અનશનના સમાચાર સાંભળીને તો મારું દિલ દુઃખી થઈ ગયું.' હનુમાને કહ્યું.

વિભીષણ બોલ્યોઃ 'દુઃખ થાય એ સ્વાભાવિક છે. સાચું કહું તો સીતાના ઘોર દુઃખને લીધે અમે બધાં જ દુઃખી છીએ. એ દુઃખને કેવી રીતે દૂર કરી શકાય તેની વિચારણા તમે રામ તથા મહારાજા સુગ્રીવને મળશો, એટલે સહેલાઈથી કરી લેશો. અમે એમના પર મીટ માંડીને બેઠા છીએ.'

હનુમાને વિભીષણની વિદાય લીધી એટલે વિભીષણ ગળગળો બનીને બોલ્યો: 'તમારા દર્શનથી મને ઘણો હર્ષ થયો તેમજ મોટી મદદ મળી. હવે હું રામના શુભાગમનની પ્રતિક્ષા કરીશ. રામને મારા પ્રેમપૂર્વક વારંવાર પ્રણામ કહેજો અને હું એમના દર્શનને માટે આતુર છું એવો સંદેશ આપજો. એમના દર્શનની અભિલાષાનું સેવન કરતાં જ આટલે દૂર આસુરી સંપત્તિથી ભરેલી લંકામાં બેસી રહ્યો છું.'

'વિભીષણ, કાદવમાં પેદા થનાર કમળની પેઠે લંકામાં તમે સાચેસાચ કમળ છો.'

'એ કમળ અત્યારે એકાકી છે. એ રામની સેવામાં પોતાને સમર્પિત કરવા માગે છે.'

'રામ એનો સ્વીકાર જરૂર કરશે અને સહર્ષ કરશે.'

'તમારા વચન ફળે એવું ઈચ્છું છું. કારણ કે એમાં જ એની શોભા અને એનું શ્રેય છે.'

છૂટા પડતી વખતે હનુમાન તથા વિભીષણ બંનેની આંખ ભીની થઈ.

બંનેના અંતરમાં એકમેકને માટે એવો પ્રબળ પ્રેમ પેદા થયો.

સાગરને પહેલાંની પેઠે પોતાના અસાધારણ સામર્થ્યના પ્રભાવથી પાર કરીને હનુમાન પાછા સામે કિનારે આવી પહોંચ્યા.

એમને નિહાળીને બીજા વાનર યોદ્ધાઓ આનંદમાં આવી ગયા.

હનુમાનના હાવભાવ તથા એમની પ્રસન્ન મુખમુદ્રા પરથી એ સહેલાઈથી અનુમાન કરી શક્યા કે એ એમના કામમાં સફળ થયા.

એમના શબ્દો પરથી એ અનુમાન સાચું ઠર્યું.

થોડીવાર પછી સૌ સાથે મળીને મહારાજા સુગ્રીવ, લક્ષ્મણ તથા રામ પાસે આવ્યા.

હનુમાને રામ, લક્ષ્મણ તથા સુગ્રીવને પ્રણામ કર્યા, એટલે સુગ્રીવે પૂછ્યું: 'સીતાની શોધના કામમાં સફળતા મળી કે ન મળી?'

હનુમાને ઉલ્લાસપૂર્વક ઉત્તર આપ્યો: 'જેના પર તમારી તથા રામની કૃપાદૃષ્ટિ હોય તેને સફળતા ન મળે એવું બને જ નહિ. એ કૃપાદૃષ્ટિ જેની સાથે સદાને માટે રહે છે અને જેના જીવનની પાછળ એના આશીર્વાદ કામ કરે છે એને નિષ્ફળ કે નિરાશ થવા જેવું કશું રહેતું જ નથી. સાગર એને માટે સુમધુર બને છે ને માર્ગ કરે છે, પર્વતો પંગુ બને છે, અને ધખધખતું રણ સુંદર વનસ્થલી થાય છે. એ કૃપાને લીધે મને સીતાના સમાચાર મળ્યા, એટલું જ નહિ પરંતુ એના દર્શન, સમાગમ અને એની સાથેના સંભાષણનો અમુલખ લાભ પણ મળી ગયો.'

'સીતા કુશળ તો છે ને?' રામે પ્રશ્ન કર્યો: 'એ અત્યારે ક્યાં છે? રાવણ એને ક્યાં લઈ ગયો છે?'

'કુશળ તો તમારાથી દૂર પડેલો કોઈ યે જીવ ક્યાંથી હોઈ શકે? સીતા તો તમારા વિના સ્વપ્ને પણ કુશળ, સ્વસ્થ કે સુખી ન બની શકે. એ ખૂબ જ દુઃખી છે અને તમારા પુનર્મિલનની આશામાં પોતાનો વખત જેમ તેમ કરીને ભારે ચિંતા તથા પીડામાં પસાર કરે છે. એ સાગરની પેલી પાર આવેલી રાવણની રાજધાની લંકામાં છે. રાવણની ઈચ્છાને અધીન નથી થઈ એટલે એણે એને પોતાના રાજપ્રાસાદમાં નથી રાખી પરંતુ અશોકવાટિકા નામના ઉપવનમાં રાક્ષસીઓના પહેરા નીચે રાખી મૂકી છે.'

'રાક્ષસીઓના પહેરા નીચે?'

'હા. એ રાક્ષસીઓ એને ડરાવવાનું, ભાતભાતનાં પ્રલોભનો બતાવવાનું તથા ચળાવવાનું કામ કર્યા કરે છે. તો પણ સીતા એથી ચલાયમાન નથી થતી. તમારા પ્રત્યેની નિષ્ઠામાં એ અડગ છે. તમારા સ્મરણમનનમાં એ મશગૂલ બનીને, રાવણની ધાકધમકીને વશ થયા વગર, ભયંકર દુઃખમાં ડૂબીને બેસી રહી છે.'

'પરંતુ તમે વિશાળ સાગરને કેવી રીતે પસાર કર્યો?'

'તમારી કૃપા વિના જીવ કશું પણ કરી શકે છે? એમાં પણ તમારી કૃપાએ જ કામ કર્યું. એ કૃપાએ જ મને સાગરને પાર કરવાની શક્તિ બક્ષી.' એમ કહીને હનુમાને બધીયે હકીકત શાંતિથી કહી બતાવી.

એ સાંભળીને રામ, લક્ષ્મણ, સુગ્રીવ તથા બીજા બધાની આંખમાં આંસુ આવી ગયાં.

રામે કહ્યું: 'રાવણ નહિ માને તો એનો નાશ કરીને પણ સીતાને પાછી લાવીશ. એનું દુઃખ મારાથી વધારે નહિ દેખી શકાય. પરંતુ સીતાએ બીજું કાંઈ કહ્યું છે ખરું?'

હનુમાને સીતાનો છેવટનો સંદેશ કહી બતાવ્યો અને કહ્યું : 'સીતાએ ચિત્રકૂટ પર્વત પર બનેલા ઈન્દ્રપુત્ર જયંતના પ્રસંગની યાદ આપી છે અને કહ્યું છે કે રાવણે તો એનાં કરતાં કૈંક ગણો મોટો અપરાધ કર્યો છે, છતાં પણ કેમ બેસી રહ્યા છો? રાવણને દંડ આપીને મને વહેલી તકે મુક્ત કરો. મેં એની પાસે તમને મારી શોધની સફળતાની પ્રતીતિ કરાવવા માટે કોઈ સ્મૃતિચિહ્ન માગ્યું તો એણે કૃપા કરીને ભારે પ્રસન્નતાપૂર્વક પોતાનો ચુડામણિ આપ્યો.'

'ચુડામણિ?'

'હા. એણે કહ્યું કે રામ એને જોતાંવેંત જ ઓળખી લેશે.'

એમ કહીને હનુમાને સીતાએ આપેલો ચુડામણિ રામની આગળ રજૂ કર્યો.

એને જોઈને રામ ગળગળા બની ગયા.

'આ ચૂડામણિ સીતાનો જ છે.' એ બાલી ઊઠ્યા: 'હું એને બરાબર ઓળખું છું.'

એને હૃદયે લગાડીને એ વિલાપ કરતા આંસુ સારવા લાગ્યા.

એ જ વખતે અશોકવાટિકામાં રામને યાદ કરીને વિલાપ કરી રહેલી સીતાને સાંત્વન આપતાં મંદોદરી બોલી ઊઠી: 'તારા રામને માટે સારેલાં આંસુ નકામા નહિ જાય. તારા પવિત્ર પ્રેમ અને રામની કૃપાની શક્તિને લીધે જ તારા કહેવા પ્રમાણે સાગરને પાર કરીને હનુમાનજી આટલે દૂર આવી શકયા. રામના દૂત તને મળી ગયા, એટલે એમને પગલે ચાલીને હવે નજદીકના ભવિષ્યમાં રામ પણ તને મળશે એમાં મને શંકા નથી.'

'શંકા તો મને પણ નથી.' સીતાએ કહ્યુ: 'હનુમાનને મળ્યા પછી મારી હિંમત પહેલાં કરતાં અનેક ગણી વધી ગઈ છે. રામ આ શોકાગારમાંથી મારો ઉદ્ધાર કરશે એવી આશા મારા અંતરમાં પેદા થઈ છે. છતાં પણ એમનો વિરહ મારાથી નથી વેઠાતો.'

'હવે તો એ વિરહને વેઠવાનો વખત ઘણો થોડો છે. હનુમાને રામની પાસે પાછા જઈને તારા સમાચાર પૂરા પાડ્યા હશે. એ સમાચાર સાંભળીને રામ શું ઘડીભરને માટે પણ બેસી રહેશે? એ લંકાની દિશામાં કૂચ કરવાની તૈયારી કરી રહ્યા હશે.'

'પરંતુ વચ્ચે સાગર છે તેનું શું?'

'સાગર? રામના માર્ગને સાગર નહિ રોકી શકે. પરાક્રમી કે પુરુષાર્થીને માટે સાગર પણ સાનુકૂળ બની જાય છે અને પ્રમાદીને માટે નહેર પણ દુસ્તર સાગર થાય છે. રામની અસીમ શક્તિ આગળ બધોયે માર્ગ સાફ થઈ જશે, કશું નડતરરૂપ નહીં બને. એમના જેવા સદાચારી કે સદ્ધર્મપરાયણ પુરુષનો જ્યાં હશે ત્યાં સર્વત્ર વિજય થશે-લંકાની બહાર અને લંકામાં પણ.'

'તારા શબ્દો મને ઉત્સાહ આપે છે અને ખૂબ જ સુધામય લાગે છે, મંદોદરી ! તારો સમાગમ મારા માટે શાંતિદાયક થઈ પડે છે. તેને માટે ધન્યવાદ આપું છું તથા તારો આભાર માનું છું. તું મારું એક બહેનની પેઠે જ ધ્યાન રાખી રહી છે. ઊર્મિલા હોત તો આવી રીતે જ ધ્યાન રાખત અને આવી જ લાગણી બતાવતી હોત. છતાં પણ એક વસ્તુને માટે તને ધન્યવાદ નથી આપી શકતી.'

'કઈ વસ્તુ?' મંદોદરી કાંઈ સમજી ના શકી.

'તારા તરફથી થઈ રહેલું અનશન.' સીતાએ કહ્યું: 'એને માટે તને ધન્યવાદ નથી આપી શકતી. મને એ નથી ગમતું. એના સમાચાર સાંભળ્યા છે ત્યારથી મારું દિલ વધારે દુઃખી છે.'

'કેમ? એમાં દુઃખી થવા જેવું છે જ શું?'

'તું મારે માટે આવી રીતે અનશન કરે કે દુઃખી થાય એ બરાબર છે?'

'મારું હૃદય તો એને બરાબર જ માને છે. કોઈના માટે સ્નેહ કે લાગણી હોય ને ભોગ આપવાની કે સહન કરવાની વૃત્તિ ન હોય તો શું કામની? તું ઊર્મિલાને યાદ કરે છે પણ હું પૂછું છું કે, મારી જગ્યાએ ઊર્મિલા હોય તો તારી પ્રત્યેના સ્નેહથી પ્રેરાઈને અનશન કરે કે નહિ?'

સીતા કશું બોલી નહિ એટલે મંદોદરીએ આગળ કહ્યું: 'તારા દુઃખને દેખીને બેસી રહેવાને બદલે એ દુઃખને દૂર કરવાના એક ઉપાય તરીકે મેં અનશન કર્યું. એથી લંકાપતિનો અંતરાત્મા ભલે ન જાગ્યો પરંતુ મને મારા કર્તવ્યપાલનનો સંતોષ તો મળ્યો જ.'

સીતા બોલી: 'તારા અનશન અને તારી પ્રાર્થનાને પરિણામે જ હનુમાન અહીં આવી પહોંચ્યા હશે તેની કોને ખબર છે? પરંતુ હવે તું વધારે અનશન ન કરે એવી મારી પ્રાર્થના છે. તારું મોઢું કેટલું બધું મ્લાન બની ગયું છે? મારો ઉદ્ધાર નજીકના ભવિષ્યમાં જ થવાનો છે એવી તને શ્રદ્ધા હોય તો તારે હવે અનશન ન કરવું જોઈએ. તારા અનશનથી મારી પીડા વધી પડી છે.'

'હનુમાનના શુભાગમનના સમાચાર સાંભળ્યા છે, એટલે હવે અનશન નહીં કરું છતાં પણ દિનમાં એકવાર સાદું ભોજન કરીને તારી મુક્તિ માટે પ્રાર્થના કરતી રહીશ. મારા આત્માની શાંતિ માટે તારા પ્રત્યેની લાગણીથી પ્રેરાઈને એટલું કરું તે આવશ્યક છે. જ્યાં સુધી રામ લંકામાં આવીને તને દુઃખમાંથી મુક્ત નહિ કરે અને પોતાના દેવદુર્લભ દર્શનથી મારા જીવનને ધન્ય નહિ કરે ત્યાં સુધી મારો એ ક્રમ ચાલુ રહેશે.'

'મંદોદરી, આ તું શું બોલે છે?'

'સાચું જ બોલું છું. એટલું સહન કરતાં મને આનંદ થશે. તું મારું મુખ મ્લાન થયું છે એવું કહી બતાવે છે પરંતુ તારું મુખ પણ મ્લાન થયું છે અને શરીર સુકાઈ ગયું છે એનો ખ્યાલ છે ખરો? હનુમાનનો મેળાપ થયો છે, એટલે ચિંતાને ઓછી કરીને હવે શરીરની થોડી સંભાળ રાખે તો સારું.'

'શરીરની સંભાળ તો રાવણે આપેલી એક મહિનાની અવધિ પૂરી થતાં પહેલાં જો રામ નહિ આવે તો અગ્નિ રાખશે અને જો રામ આવી પહોંચશે તો એ રાખશે. મને શરીરની સંભાળ રાખવાનું મન જ નથી થતું. હું અત્યાર સુધી જીવી રહી છું એ જ આશ્ચર્ય છે. તારી મારે માટેની અજબ લાગણી મને હિંમત આપે છે અને મારામાં બળ પ્રેરે છે. તારો સહવાસ મારે માટે શાંતિદાયક થઈ પડે છે. એ સહવાસ ન હોત તો મારી સ્થિતિ છેક જ કફોડી બની જાત. તારા પ્રેમ અને તારી લાગણીને હું નહિ ભૂલી શકું, કદાપિ નહીં.'

મંદોદરીએ કહ્યું: હું પણ રામને માટેની તારી ઉત્કટ લાગણીને તથા એમને માટેના તારા પ્રેમને નહિ ભૂલી શકું. એને જોઈને મને તારા પ્રત્યે આદરભાવ થયો છે. એ ચિરંજીવ જ રહેશે.'

* * * * *

## ૫૭. વિભીષણની વિદાય

લંકામાંથી વિદાય થતાં પહેલાં હનુમાને કરેલા અસાધારણ અદ્દભુત પરાક્રમની હકીકત સાંભળીને રાવણને ખૂબ જ આશ્ચર્ય થયું. એ ભારે વિમાસણમાં પડી ગયો. એની ચિંતાનો તથા એના ક્રોધનો પાર ન રહ્યો.

મંદોદરી પાસે જઈને હનુમાનના ઉપદ્રવની સઘળી કથા એણે કહી સંભળાવી, એટલે મંદોદરી ચિંતાતુર બનીને બોલી: ‘હજુ પણ તમારી આંખ નથી ઉઘડતી એ આશ્ચર્ય છે.’

‘કેમ?’

‘હનુમાને મચાવેલા ઉલ્કાપાત પરથી મને તો ભવિષ્યમાં આવી પડનારા કોઈ ભારે મોટા અમંગલની આશંકા થાય છે. જેના દૂતની શક્તિ આટલી બધી અસામાન્ય છે તે પોતે કેટલા બધા શક્તિશાળી હશે? તમે હજુ પણ સમજી જાવ તથા સીતાને છોડી દો તો સારૂં. આ ઉપદ્રવ સૂચવે છે કે, તમે પોતે તો મુસીબતમાં મૂકાઈ જશો, પરંતુ સાથે સાથે આખીય લંકાને મુસીબતમાં મૂકી દેશો.’

‘તને હજુ મારા પરાક્રમની ખબર નથી, એટલે એવી આશંકા રાખ્યા કરે છે. મારા પરાક્રમની માહિતી હોત તો...’

મંદોદરી વચ્ચે જ બોલી: ‘તો શું? તો હું તમને તમારા કુકર્મને માટે શાબાશી આપત એમ? કદાપિ નહિ. એવી ખોટી શાબાશી મારાથી તમને સ્વપ્ને પણ નહિ આપી શકાય. તમારા પરાક્રમની માહિતી મને નથી એવું કેમ કહો છો? એ પરાક્રમની માહિતી મને સૌથી પહેલાં તો ત્યારે મળી કે જ્યારે સીતાના સ્વયંવરમાં ધનુષ્ય વચ્ચે આંગળી દબાઈ જવાથી તમે તેને ઉપાડ્યા સિવાય જ પાછા ફરેલા. એ પછી વાલી દ્વારા થયેલા તમારા ભયંકર પરાભવની કથા તમે તમારા શ્રીમુખે જ કહી બતાવી ત્યારે એની માહિતી ફરીવાર મળી. એ પછી સીતાનું તમે ચોરીછૂપીથી કરેલું હરણ અને હનુમાને ફેલાવેલો આતંક પણ તમારા પરાક્રમની માહિતી આપી શક્યું. એવા પોકળ પરાક્રમનો ભરોસો રાખશો ને ગર્વ કરશો તો બરબાદ બની જશો અને અમને પણ બરબાદ કરશો.’

રાવણ સહેજ પણ સંકોચ કે શરમમાં પડ્યા વિના બોલ્યો: ‘મારી પ્રિયતમા થઈને તું મને અવારનવાર આવા વચનો સંભળાવી રહી છે એ શું ઉચિત છે?’

‘મને તો એમાં અનુચિત જેવું કશું જ નથી લાગતું.’

‘તું મારી પત્ની નથી?’

‘છું. એ તો સહુ કોઈ જાણે છે. એમાં કહી બતાવવાનું શું છે?’

‘તો પછી તારો ધર્મ શું છે?’

‘મારો ધર્મ હું સારી પેઠે સમજું છું અને એનું જ પાલન કરું છું. મારો ધર્મ તમારી ત્રુટિઓ પ્રત્યે આંખમીંચામણા કરવાનો કે તમારા દોષોને ઢાંકવાનો અથવા ગુણમાં ખપાવવાનો અને વખાણવાનો નથી. તમને અધર્મ, અન્યાય અથવા અનીતિમાં ઉત્સાહિત કરવાનો પણ નથી. ના. કદાપિ નહિ. કોઈ પણ આદર્શ સ્ત્રીનો ધર્મ એવો ન હોઈ શકે. સ્ત્રી પોતાના પતિને સુખ આપનારી છે તેમ એની સાચી સુહૃદ, સલાહકાર અને

સંરક્ષિકા છે. મને તમારા માટે પ્રેમ છે માટે જ તમને આવી વાતો સંભળાવી રહી છું. પ્રેમ છે એનો અર્થ એવો તો નથી જ કે તમને ખાડામાં પડતાં જોઉં તો પણ પડવા દઉં?'

'હું ખાડામાં પડવા જાઉં છું?'

'જરૂર, મને તો એવું જ લાગે છે. બીજા કોઈ તો ખાડાની ખબર ન હોવાથી ભૂલથી ખાડામાં પડે છે, પરંતુ તમે તો જાણી જોઈને ખાડામાં પડી રહ્યા છો. ઈશ્વરે તમને બુદ્ધિ આપી છે અને બળ પૂરું પાડ્યું છે, પરંતુ તેનો તમે દૂરપયોગ કરી રહ્યા છો એ જોઈને મને દુઃખ થાય છે.'

'તું ચિંતા, આશંકા તથા ભીતિને વશ થઈને, કોઈ પણ જાતના કારણ વગર હાથે કરીને દુઃખી થાય છે એમાં હું શું કરું? સીતાને માટે અનશનની ઉપાધિ વહોરી લઈને પણ તું નાહક દુઃખી જ થઈ. મેં તો તને પહેલેથી જ કહેલું કે તું અનશન કરીશ કે મરી જઈશ તો પણ કશું નહી વળે. મારું હૃદયપરિવર્તન નહિ થઈ શકે. હૃદયપરિવર્તન તો સીતાનું કરવાનું છે.'

મંદોદરીએ કહ્યું: 'એનું હૃદય તો રામને અર્પણ થઈ ચૂકેલું છે. એમાં કોઈયે પ્રકારનું પરિવર્તન નહિ થઈ શકે.'

'છતાં પણ મને આશા છે.'

'એ આશા કદાપિ નહિ ફળે.'

'તો પછી હું કાંઈ કાયમને માટે બેસી નહિ રહું. નિર્ધારિત સમય પૂરો થતાં સુધીમાં એ નહિ માને તો તલવારથી એના મસ્તકને ઉડાવી દઈશ.'

'એના મસ્તકને ઉડાવી દેતાં પહેલાં તમારે મારા મસ્તકને ઉડાવી દેવું પડશે. હું જીવતી હોઈશ ત્યાં સુધી એને નહિ મરવા દઉં. એને સહેજ પણ ઈજા નહિ થવા દઉં.'

રાવણ બોલ્યો: 'એ તો હજુ એને ઈજા પહોંચાડવાનો વખત આવે ત્યારે ને? મને તો હજુ પણ વિશ્વાસ છે કે એ માની જશે.'

'અને નહિ માને તો?'

'રામનો રણમેદાનમાં મારા હાથે નાશ થશે એટલે તો એ માનશે જ. તને હજુ મારા સામર્થ્યની ખબર નથી. મારા પરાભવની એક બે વાતો તેં યાદ રાખી છે, ને મારા અદ્દભુત પરાક્રમની બીજી કેટલીયે કથાઓ તું ભૂલી ગઈ છે. રામના દૂતના સાધારણ પરાક્રમથી તું અંજાઈ ગઈ છે. પરંતુ મેઘનાદે એને બાંધી દીધો એ વાતને કેમ ભૂલી જાય છે? મેઘનાદ, કુંભકર્ણ તથા બીજા એવા જ મહાપ્રતાપી યોદ્ધાઓના તથા મારા સંયુક્ત સામર્થ્ય આગળ રામ, લક્ષ્મણ તથા સુગ્રીવનું બળ જરા પણ નહિ ટકી શકે. લંકાના થોડા ઘણાં મકાનો બળી ગયા એમાં આટલી બધી ભયભીત બની ગઈ છે એ જોઈને મને નવાઈ લાગે છે. તારી પેઠે હું પણ ભયભીત બની જાઉં તો લંકામાં રહી જ ના શકું.'

મંદોદરી બોલી: 'હું ભયભીત નથી બની પરંતુ આગામી પરિસ્થિતિની કલ્પના કરી રહી છું. હનુમાને લંકાને બાળી એ મને મોટામાં મોટા અપશુકનરૂપ લાગે છે.'

'તને તો બધું અપશુકનરૂપ લાગવાનું. પરંતુ શાંતિપૂર્વક વિચારીશ તો સમજાશે કે એમાં અપશુકન જેવું કશું જ નથી. મેઘનાદે હનુમાનને બાંધી દીધો એ આપણે માટે અપશુકન નથી પરંતુ એક પ્રકારના શુભ શુકનરૂપ જ છે. મારા મનમાં તો એને લીધે મોટી આશા ઊભી થઈ છે.'

'મને તો લાગે છે કે તમે એ આશામાં જ રહી જવાના અને કાળ કાળનું કામ કર્યે જવાનો. હું તમારા હિત માટે તમને સમજાવવાનો પ્રયાસ કરું છું. પરંતુ અત્યારે તો એવું લાગે છે કે વિધાતા પોતે આવે તો પણ તમને નહિ સમજાવી શકે. એમનો પ્રયાસ પણ નકામો જશે.'

રાવણ ઊભો થતાં બોલ્યો: 'પરંતુ એવો પ્રયાસ કરવો જ શા માટે જોઈએ? શું મને મારા હિત અહિતની અથવા યશ અપયશની ખબર નથી પડતી? હું કાંઈ નાનો બાળક છું?'

'એ જ મુસીબત છે ને. તમે સાચા ને ખોટું ને ખોટાને સાચું સમજો છો.'

રાવણ વધારે વિવાદમાં ઉતરવાને બદલે ત્યાંથી ચાલી નીકળ્યો.

બે દિવસ બાદ રાજસભામાં સૌને એકઠાં કરીને એણે આખી પરિસ્થિતિની વિચારણા કરી ને સૌની સલાહ માગી.

એણે ઉપસંહારમાં કહ્યું: 'રામ તથા સુગ્રીવ લંકામાં આવી જ નહિ શકે. સાગરને પાર કરવાનું કામ એમને માટે અશક્ય છે. છતાં પણ આપણે પૂરેપૂરી તૈયારી તો રાખવી જ જોઈશે. યુદ્ધ કરવાનો અવસર આવશે તો આપણે આપણું સામર્થ્ય બતાવી આપીશું. આપણી સાથે યુદ્ધે ચઢીને કોઈયે સફળ નહિ થઈ શકે. રામ, લક્ષ્મણ કે સુગ્રીવ જે હશે તેને રણમાં રોળી નાખીશું. કેમ વિભીષણ?'

રાવણે વિભીષણ તરફ નજર કરી. એટલે વિભીષણે કહ્યું: 'મારું હૃદય તો જુદી જ વાત કહી રહ્યું છે. મને તમારા વચનમાં અતિશયોક્તિ લાગે છે.'

'કેમ?'

'મને તો રામ અને સુગ્રીવ લંકામાં આવી પહોંચશે એમાં સહેજ પણ શંકા નથી લાગતી. જેમના દૂતે સાગર પાર કરીને લંકામાં પ્રવેશ કર્યો અને આટલો બધો ઉલકાપાત મચાવ્યો, તેમને માટે સાગરને પાર કરવાનું અને આપણી ઉપર વિજય મેળવવાનું જરા પણ અશક્ય નથી લાગતું.'

રાવણ છંછેડાઈને બોલ્યો: 'એટલે? તું રામના બળને અને રામની બુદ્ધિને મારા કરતાં વધારે માને છે એમ?'

વિભીષણ જરા પણ ઉત્તેજીત થયા વગર બોલ્યો: 'હું વધારે કે ઓછાની ચર્ચામાં નથી પડતો. બળ તથા બુદ્ધિ તો તમારી અંદર પણ અનંત છે, પરંતુ એમનો દુરુપયોગ થયો છે. તમે એમની દ્વારા અધર્મમાં પ્રવૃત્તિ કરી છે. સીતા જેવી નિર્દોષ સ્ત્રીને હરી લાવીને તમારી બુદ્ધિ તથા શક્તિ અધર્મની પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે. તમે રામ તથા સુગ્રીવ સાથે પરસ્ત્રીના મોહમાં પડીને હાથે કરીને શત્રુતા વહોરી છે. રામના બાહુબળનો પરિચય મને હજુ નથી થયો છતાં પણ એ વાત તો દીવા જેવી ચોખ્ખી છે કે, એમના પક્ષે ધર્મ છે અને તમારા પક્ષે અધર્મ. એમની સાથે નીતિ છે અને તમારી સાથે અનીતિ. એટલે તમારું બળ ઘટ્યું છે અને એમનું વધ્યું છે. તમારી વચ્ચે યુદ્ધ થશે તો પણ જય એમનો જ થશે, કારણ કે ન્યાય, નીતિ, ધર્મ કે સત્ય જ છેવટે વિજયી ઠરે છે. અને અન્યાય, અનીતિ, અધર્મ કે અસત્યનો પરાજય કે નાશ થાય છે.'

'એટલે? તું શું કહેવા માગે છે?'

'મારે જે કહેવાનું છે તે તદ્દન સ્પષ્ટ છે. રામ તથા સુગ્રીવની શક્તિને ઓછી ન આંકતા. તમારી ભૂલને લીધે સમસ્ત લંકાને શોષવું પડે એવું ન કરતા. તમારું અને બીજાનું હિત કરવું હોય તો તમારી ભૂલને હજુ પણ સુધારી લો.'

'વિભીષણ, તું વધારે પડતું બોલી રહ્યો છે!'

'વધારે પડતું નથી બોલી રહ્યો, પરંતુ તમારા પ્રિય ભાઈ તથા હિતચિંતક તરીકે તમે માગો છો ત્યારે સાચી સલાહ આપી રહ્યો છું, કે તમારો તથા તમારી સાથે સંકળાયેલા બીજા સૌના શ્રેય માટે સીતાને વહેલી તકે છોડી દો અને રામ તથા સુગ્રીવ સાથે મૈત્રી કરી લો.'

'મૈત્રી? અને એ પણ રામ તથા સુગ્રીવ સાથે?'

'હા. રામ તથા સુગ્રીવ સાથે. મારી સલાહ તમને કદાચ કડવી લાગશે, પરંતુ તમારા હિત માટે મીઠી માનીને સ્વીકારી લો.'

'વિભીષણ!' રાવણ રોષે ભરાઈને બોલી ઊઠ્યો: 'મારે તારી સલાહ નથી જોઈતી. તું તારી સલાહ આપવાનું બંધ કર. મંદોદરીની સલાહને પણ હું મહત્વની નથી માનતો તો તારા આ વ્યર્થ બકવાદને મહત્વનો માની લઈશ? તું લંકામાં મારો શત્રુ થઈને બેઠો લાગે છે, એટલે જ આવી સલાહ આપી રહ્યો છે. મારો આશ્રિત થઈને મને આવી એકતરફી સલાહ આપતાં તને શરમ નથી આવતી? સલાહ આપવી જ હોય તો સીતા તથા રામને આપ કે જેથી એ એકમેકનો મોહ મૂકી દે.'

'એવી સલાહ આપવાનો મારાથી વિચાર પણ ન કરી શકાય. સ્વપ્ને પણ નહીં. તમે મારા પર ક્રોધે ભરાસો તો પણ હું તમને સાચું જ કહીશ અને તમને તમારા હિતની વાત જ સંભળાવીશ.'

વિભીષણના શબ્દો સાંભળીને રાવણ સિંહાસન પરથી ઊભો થઈ ગયો ને તલવાર તાણીને બોલ્યો: 'તો પછી તેના દંડની ખબર છે? વધારે બોલીશ તો તારા મસ્તકને ધડથી અલગ કરી દઈશ. તું કોની આગળ બોલી રહ્યો છે તે કદાચ ભૂલી ગયો હશે.'

'નથી ભૂલી ગયો. મને એ બરાબર યાદ છે. હું ભાઈ તરીકેના મારા કર્તવ્યનું પાલન કરી રહ્યો છું, અને એમ કરતાં મારે મૃત્યુને ભેટવું પડશે તો પણ શું? દેહાંતદંડની ધમકી કે તલવારના પ્રદર્શનથી હું નથી ડરતો. મારું જીવન જ્યાં સુધી શેષ હશે ત્યાં સુધી મને કોઈ પણ નહિ મારી શકે.'

'તારા જેવા નિમકહરામનું મોઢું જોવાની પણ મને ઈચ્છા નથી. તને જો રામ અને સુગ્રીવ પર આટલો બધો પ્રેમ છે તો લંકા છોડીને એમની પાસે શા માટે નથી જતો?'

'તમે કહેતા હો તો જરૂર જાઉં.'

'તું એમની પાસે જવાની રાહ જોતો જ બેસી રહ્યો છે તે જાણું છું. જા, તું વહેલી તકે રવાના થા. તારું અમંગલ મુખ હવે મને નહિ બતાવતો.'

વિભીષણ ચાલી નીકળ્યો. બધા સભાસદો દુ:ખી તથા દિગ્મૂઢ બની ગયા પરંતુ રાવણના ભયને લીધે કશું બોલી ન શક્યા. રાવણ સિંહાસન પર બેસીને બીજી ચર્ચા કરવા લાગ્યો.

વિભીષણે મંદોદરીને મળીને રાજસભામાં બનેલી બધી હકીકત સંક્ષેપમાં કહી બતાવી અને પોતાનો લંકાત્યાગનો નિર્ણય પણ જણાવ્યો, એટલે મંદોદરી બોલી: 'તમારો નિર્ણય આવકારદાયક અને ઉત્તમ છે. આ પરિસ્થિતિમાં આ જ નિર્ણય લઈ શકાય. સ્વમાની પુરુષ બીજો નિર્ણય લઈ જ ન શકે. તમારી જગ્યાએ હું હોત તો મેં પણ આવો જ નિર્ણય લીધો હોત.'

'રામની પાસે જવાથી મારા આત્માને એટલો સંતોષ તો અવશ્ય થશે કે મેં ન્યાય, નીતિ તથા સત્યનો પક્ષ લીધો તેમજ એમને સાથ તથા સહકાર આપ્યો. મારો આત્મા મને ડંખશે નહિ. તારા જેવી મહાદેવીના દર્શનથી કામચલાઉ વખતને માટે વંચિત રહેવું પડશે એ વાતનું દુઃખ છે, છતાં પણ મને શાંતિ મળશે. તારા જેવી મહાદેવીનું દર્શન કાંઈ ઠેરઠેર ન જ થાય.'

વિભીષણના શબ્દો સાંભળીને મંદોદરી ગળગળી બની ગઈ ને બોલી: 'રાવણને આ શું સૂઝ્યું ? એમની અવસ્થા અત્યારે મદાંધ જેવી છે, પરંતુ મને તો આમાં એમનું અમંગલ દેખાય છે. તમે લંકા છોડી જશો, એટલે લંકાની શોભા તથા સાત્વિકતા જતી રહેશે. લંકા શ્રીહીન બની જશે. એનું સદ્દભાગ્ય પણ જાણે કે એનો ત્યાગ કરશે. છતાં પણ ધર્મની રક્ષાને માટે એવો ત્યાગ અનિવાર્ય અને અભિનંદનીય છે. રામના દૈવી દર્શનનો લાભ તમને ઈશ્વરની કૃપાથી ધાર્યા કરતાં વહેલો મળશે. એમની સાથે સંભાષણ કરીને અને એમનો સહવાસ પામીને તમે કૃતાર્થ થશો. મારા જીવનમાં એવી કૃતાર્થતા ક્યારે આવશે એ તો ઇશ્વર જાણે. પરંતુ સમય મળતાં રામને મારા પ્રણામ કહેજો ને મારી પરિસ્થિતિનું એમની આગળ સ્પષ્ટીકરણ કરજો. એમને કહેજો કે, મંદોદરી તમારા ગુણાનુવાદ સાંભળીને તમારા દર્શન માટે આતુર છે. સીતાના જીવનની રક્ષા માટે એ વહેલી તકે આવે એવો સંદેશ આપજો અને તમારા અનુભવના આધાર પર એમનો માર્ગ સરળ કરજો.'

વિભીષણે ચાલતી વખતે કહ્યું: 'સીતાને મારા પ્રણામ કહીને મારા વતી હિંમત આપજે. એનું દર્શન અત્યારે નહિ કરી શકું એનો અફસોસ છે, પરંતુ શ્રદ્ધા છે કે, આગળ પર એક ધન્ય દિવસે એના દર્શનનો લાભ મળી રહેશે.'

વિભીષણ પોતાના ચાર સેવકો સાથે આકાશ માર્ગે વિદાય થયો.

સમુદ્રને પાર કરીને એ રામ તથા સુગ્રીવની પાસે આવી પહોંચવાની તૈયારીમાં હતો ત્યારે એને લક્ષ્ય કરીને લક્ષ્મણે કહ્યું: 'આ કોઈ રાવણનો માણસ લાગે છે. રાવણે એને આપણો ભેદ લેવા કે આપણી સાથે યુદ્ધ કરવા મોકલ્યો લાગે છે. તમે કહેતા હો તો એને બાણ મારીને હમણાં જ વીંધી નાખું.'

રામે એને શાંત રાખતાં કહ્યું: 'બાણ મારવામાં એટલી બધી ઉતાવળ કરવાની જરૂર નથી. છૂટેલું બાણ જલદી પાછું નથી આવતું, માટે એને જોઈ વિચારીને છોડવાની જરૂર છે, જેથી પાછળથી એને માટે અફસોસ ન થાય. એ રાવણનો ગુપ્તચર હશે કે એના તરફથી યુદ્ધ કરવા માટે આવ્યો હશે તો પણ શું? આપણે એને સહેલાઈથી પહોંચી વળીશું. આપણી પાસે પૂરતી શક્તિ તથા સેના છે. પરંતુ પહેલાં આપણે જાણી લઈએ કે એ કોણ છે અને એના સાથીઓ સાથે શા માટે આવે છે.'

રામ તથા સુગ્રીવના આદેશને માન આપીને હનુમાન આગળ વધ્યા અને વિભીષણને મળ્યા.

વિભીષણ એમને નિહાળીને ભાવવિભોર બની ગયો ને બોલ્યો: 'તમારા દર્શનથી મને ખૂબ જ હર્ષ થઈ રહ્યો છે. આપણે ફરીવાર આટલા જલદી મળીશું તેની કલ્પના પણ ન હતી. રાવણે સીતાને મુક્ત

કરવાની મારી સલાહ ન માની, એટલે મેં એનો અને લંકાનો ત્યાગ કર્યો છે. હવે હું રામના શરણમાં આવી પહોંચ્યો છું. રામ શરણાગતવત્સલ હોવાથી મને તથા મારા સાથીઓને આશ્રય આપશે એવી આશા છે. તમે મારા ભાવ તથા સ્વભાવને જાણો છો એટલે તમે મારી મનોદશાને સારી પેઠે સમજી શકશો.'

હનુમાને સહાનુભૂતિ ભરેલા સ્વરે કહ્યું: 'તમારી મનોદશાને સમજી શકું છું એટલું જ નહિ પરંતુ ખાતરી આપું છું કે, તમારી આશા જરૂર પૂરી થશે ને રામ તમને આશ્રય આપશે. શરણાગતને આશ્રય આપવાનું ને નિર્ભય કરવાનું એમનું વ્રત છે. એ વ્રતનું પાલન તેઓ જરૂર કરશે. એ વ્રતપાલનનું મોટામાં મોટું ઉદાહરણ મહારાજા સુગ્રીવ છે. પરંતુ તમારે આમ એકાએક રાવણનો ત્યાગ કેમ કરવો પડ્યો?'

વિભીષણે પોતાની પરિસ્થિતિ કહી બતાવી, એથી હનુમાનને સંતોષ થયો.

એ વિભીષણને સન્માનપૂર્વક સત્કારીને રામ, લક્ષ્મણ તથા સુગ્રીવ પાસે લઈ ગયા ને બોલ્યા: 'આ કોઈ ગુપ્તચર કે દુશ્મન નથી પરંતુ લંકામાંથી પાછા ફરીને જેમના વિશે મેં તમને વાત કરેલી તે રાવણના ભાઈ, આપણા સાચા સુહૃદ અને હિતેચ્છુ વિભીષણ છે.'

'વિભીષણ?' રામે આશ્ચર્યોદ્દગાર કાઢ્યો.

'હા. વિભીષણ. લંકાનો ત્યાગ કરીને એ તમારા શરણમાં, તમને મદદરૂપ થવા માટે આવી પહોંચ્યા છે.'

વિભીષણે રામ, લક્ષ્મણ તથા સુગ્રીવને પ્રણામ કર્યા.

રામના દર્શનથી એને અનેરો, અવર્ણનીય આનંદ થવા માંડ્યો.

એ આનંદ એની આંખના અશ્રુબિંદુમાં ઉભરાઈ આવ્યો.

હનુમાને વિભીષણની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો એટલે રામની પ્રસન્નતાનો પાર ન રહ્યો. એમણે કહ્યું: 'વિભીષણ, તમારા ધર્મપ્રેમ તથા મારે માટેના પ્રેમ બદલ તમને ધન્યવાદ આપું છું.'

વિભીષણે કહ્યું: 'તમારા દર્શનની દીર્ઘકાલીન ઈચ્છા પૂરી થઈ એથી મારું મન પ્રસન્ન બની ગયું છે. આજે મારું જીવન કૃતાર્થ થયું. રાવણે એક રીતે મારું મોટું હિત કર્યું છે, કેમ કે એણે જો રોષે ભરાઈને મને કઠોર વચનો ન કહ્યા હોત તો મને આટલું જલદી તમારું દર્શન ન થઈ શકત. જે થાય છે તે મંગલને માટે જ થયા કરે છે એ અનુભવ-વચન મારા સંબંધમાં એક યા બીજી રીતે સાચું પડ્યું છે. લંકાના રાજપ્રાસાદમાં મને જે સુખ નહોતું લાગતું તે તમારા સમાગમમાં લાગ્યા કરે છે.'

સુગ્રીવે કહ્યું: 'તમારા પ્રસંગ પરથી તો લાગે છે કે, રાવણમાં કોઈ પણ પ્રકારનું શુભ પરિવર્તન નથી થયું.'

'ના. એવા પરિવર્તનની સંભાવના પણ નથી લાગતી. મેં એને સમજાવી જોયો. મહારાણી મંદોદરીએ પણ સમજાવી જોયો, છતાંય એ નથી માનતો. મંદોદરીએ તો એના હૃદય-પરિવર્તનને માટે થોડાક દિવસોનું અનશન પણ કરેલું. એને સીતા તથા રામ પ્રત્યે પ્રેમ છે. એ પ્રેમથી પ્રેરાઈને એ અવારનવાર સીતાને મળે છે અને શાંતિ તથા હિંમત આપે છે.'

એમ કહીને એણે મંદોદરીનો સંદેશો કહી સંભળાવ્યો.

રામ એ સાંભળીને આશ્ચર્યચકિત બની ગયા ને બોલ્યા: 'મંદોદરી એટલી બધી માયાળુ તેમ જ ધર્મપરાયણ છે એ તો આજે જ જાણ્યું. રાવણને ત્યાં એવું સ્ત્રીરત્ન રહે છે એ એક મોટું આશ્ચર્ય જ છે.

'મંદોદરી ખરેખર આખીય અવનીના આશ્ચર્યરૂપ છે. એ જેટલી સુંદર તેટલી જ સદ્દગુણી અને જેટલી સાધારણ લાગે છે, એટલી જ અસાધારણ છે. એ તમારી ભક્ત છે. બાકી રાવણની બુદ્ધિ તો એવી જ જડ છે.'

'એની બુદ્ધિ જડ હશે તો એ પોતાની મેળે જ પોતાનો નાશ કરશે. બીજું શું થશે?'

વિભીષણ રામના હૃદયાભિરામ રૂપ તરફ મમતાપૂર્વક જોઈ રહ્યો.

રામ, લક્ષ્મણ, સુગ્રીવ અને હનુમાન એને જોઈ રહ્યા.

લક્ષ્મણને વિભીષણને માટે આરંભમાં આપેલા ઉતાવળિયા અભિપ્રાય બદલ અફસોસ થયો.

* * * * *

## ૫૮. નિષ્કામની ભાવના

એક દિવસ સાંજે રામ સૌની સાથે સમુદ્રતટ પર બેસીને કુદરતી સૌન્દર્યનું નિરીક્ષણ કરતા વાતચીત કરવા માંડ્યા.

એમણે એકાએક કહ્યું: 'લક્ષ્મણ, સમુદ્રનું સર્વતીર્થમય પવિત્ર પાણી લાવ.'

લક્ષ્મણ એક પાત્રમાં પાણી લાવ્યો એટલે રામે એને વિભીષણના શરીર પર છાંટ્યું અને વિભીષણના કપાળે તિલક કરીને કહ્યું: 'મારે શરણે આવનારનું હું જીવની પેઠે જતન કરું છું. તેને કદી દુઃખી કે નિરાશ નથી થવું પડતું. તમારા પર મને લક્ષ્મણ, હનુમાન અને સુગ્રીવ જેવો જ સ્નેહ છે. વાલીનો નાશ કરીને મેં સુગ્રીવને કિષ્કિંધાનું રાજ્ય આપ્યું તેમ આજે તમને પણ રાજ્ય આપવાનો સંકલ્પ કરું છું. તમને આજથી લંકેશ કરું છું. રાવણના મૃત્યુ પછી લંકાનું સમૃદ્ધ રાજ્ય તમને અર્પણ કરીશ.

વિભીષણે કહ્યું: 'પરંતુ મેં તમારું શરણ રાજ્યની ઈચ્છાથી નથી લીધું. મને રાજા બનવાની ઈચ્છા જરા પણ નથી. હું તો તમારો ભક્ત ને સેવક બનવા માગું છું. એમાં જ મને આનંદ લાગે છે. લંકાના રાજા બનીને મારે તમારા સ્વર્ગીય સાથથી વંચિત નથી થવું.'

'તમારા મનમાં રાજ્યસુખની ઈચ્છા નથી તો પણ હું તમને એ અર્પણ કરું છું. તમારા જેવા નીતિમાન ધર્મપરાયણ પુરુષના હાથમાં સત્તા કે શાસન હોય એ પ્રજાના હિતને માટે અત્યંત આવશ્યક છે. રાવણનો નાશ કરીને હું લંકાનું રાજ્ય તમને જ સુપ્રત કરીશ.'

'પરંતુ રાવણનો નાશ તો થાય!' લક્ષ્મણ બોલી ઊઠ્યો.

'રાવણનો નાશ જરૂર થશે.' રામ બોલ્યા: 'અને મારું વચન પૂરું થશે. અને નહિ થાય તો વિભીષણને અયોધ્યાનું રાજ્ય અર્પણ કરીશ પણ રાજા તો અવશ્ય બનાવીશ.'

વિભીષણની આંખ ભરાઈ ગઈ.

એણે રામને પ્રણામ કરીને કહ્યું: 'હું તો તમારો અનુગ્રહ જ ચાહું છું. રાજ્યની ચાહના નથી કરતો. એ અનુગ્રહ મારા પર થયા કરે એટલે થયું. મને રાજ્યસુખ કરતાં યે વધારે સુખ મળી રહેશે.'

'રાજ્યની પ્રાપ્તિ પણ મારા અનુગ્રહનું જ પરિણામ હશે. મારી પ્રસન્નતાના પ્રતીકરૂપે એ રાજ્ય પ્રાપ્તિ તમારું ને સૌનું કલ્યાણ કરશે.'

સુગ્રીવે કહ્યું: 'રાજ્યસુખ છે તો ઘણું સારું. એની કલ્પના જ આનંદદાયક છે તો એની પ્રાપ્તિ તો કેટલી બધી આનંદપ્રદાયક થઈ પડે? એ સુખ કોઈક વિરલ ભાગ્યશાળી પુરુષને જ પ્રાપ્ત થાય છે. પરંતુ એમાં પડીને જીવ પ્રમાદવશ થઈને તમને ભૂલી ન જાય તો સારું. મારા સંબંધમાં કંઈક અંશે એવું જ થયેલું. હું પ્રમાદી બની ગયેલો.'

'પરંતુ વિભીષણ કર્તવ્યવિમુખ કે પ્રમાદી નહિ બને. એમની યોગ્યતા જુદી જાતની છે.'

સમુદ્ર પર સૂર્યાસ્તનું દૃશ્ય ઘણું અદ્દભુત હતું.

એ જોઈને રામે કહ્યું: 'સૂર્યાસ્તનો દેખાવ કેટલો બધો અનેરો લાગે છે? એ જોઈને મને સ્નેહમૂર્તિ સીતાનું સ્મરણ થાય છે. આસુરી ભાવોથી ભરેલો અંધકારયુક્ત રાવણ પંચવટીના એકાંત આશ્રમમાંથી એનું

હરણ કરવા તૈયાર થયો હશે ત્યારે એનું મુખમંડળ પણ રોષને લીધે આવું જ લાલ બની ગયું હશે. કેમ લક્ષ્મણ?'

લક્ષ્મણ કાંઈ બોલ્યો નહિ એટલે રામ થોડીવાર પછી આગળ બોલ્યા: 'સૂર્ય છેવટે સમુદ્રમાં સમાઈ ગયો. કોઈ એનું સફળતાપૂર્વક હરણ કરી ગયું. એવી રીતે એ દુષ્ટ રાવણે પણ એને શોક અથવા સંતાપના સમુદ્રમાં ડુબાડી દીધી. નિર્દયને દયા ક્યાંથી હોય? એની પાસેથી દયાની આશા રાખવી પણ વ્યર્થ છે. ચારે તરફ જેમ અંધકાર પથરાવા માંડ્યો તેમ આપણા જીવનમાં પણ જાનકીના જવાથી અંધકાર ફરી વળ્યો.'

લક્ષ્મણ બોલ્યો: 'જીવનના આકાશમાં જેનો ઉદય થાય છે એનો અસ્ત પણ થઈ જાય છે. જેનો યોગ થાય છે એનો વિયોગ પણ વેઠવો પડે છે. કોઈ કાયમને માટે એકસરખું, એક સ્થિતિમાં નથી રહી શકતું. આ સુંદર દૃશ્ય જોઈને મને ઊર્મિલાની સ્મૃતિ થઈ આવી. એના મધુમય મુખમંડળને જોવાનો જીવનમાં આવી મળેલો અવસર એકાએક જતો રહ્યો અને વચ્ચે સાગર જેવા વિશાળ કાળનો પડદો પડી ગયો.'

'પરંતુ કાળનો એ પડદો સંકેલાઈ જશે.' સુગ્રીવે કહ્યું: 'વિયોગ પછી યોગ અને અસ્ત પછી ઉદય પણ આવે છે જ. કુદરતનો એ ક્રમ છે. એ ક્રમ અટળ છે.'

થોડીવારમાં ચંદ્રોદય થવાથી બધે પ્રકાશ ફરી વળ્યો એટલે રામે કહ્યું: 'સુગ્રીવનું કથન સાચું છે. ચંદ્ર એની સાક્ષી પૂરે છે. વિયોગના સાગરને પાર કરીને સીતા પાછી મળી રહેશે. એના શાંત, કોમળ, સુધામય, સુંદર સ્વરૂપનું દર્શન કરવાનો લાભ વળી પાછો મળી રહેશે. રાવણના બંધનમાંથી છૂટેલી સીતા આવી શાંત અને સુધામય હશે.'

લક્ષ્મણ ચંદ્રને દેખીને દૂર અયોધ્યામાં બેઠેલી ઊર્મિલાના ભાવિ મિલનનો વિચાર કરવા લાગ્યો. એને થયું કે ઊર્મિલા પણ વરસો પછી એને મળશે ત્યારે આવી જ સુંદર અને સુધામય દેખાશે ને? અરે, આના કરતાંય વધારે સુંદર અને સુધામય હશે, પરંતુ અત્યારે તો એ કેટલી બધી કૃશ બની ગઈ હશે? એ પોતાનો સમય કેવી રીતે પસાર કરતી હશે?'

રામે કહ્યું: 'ઊર્મિલાને તો હું પણ નથી ભૂલી શક્યો, લક્ષ્મણ! એની અને ભરતની યાદ મને અવારનવાર આવ્યા કરે છે. એ બંનેએ પ્રદર્શિત કરેલો પવિત્ર પ્રખર પ્રેમ અને એમણે આપેલો ભોગ અનુપમ છે. એનું ઋણ આપણાથી કોઈ રીતે નહિ ચૂકવી શકાય. સમુદ્ર ગમે તેટલો વિશાળ હશે તો પણ એને પાર કરીને આપણે સીતાને છોડાવી લાવીશું અને કાળરૂપી સાગરને પાર કરીને ઊર્મિલા, ભરત, શત્રુઘ્ન તથા કૈકેયી, કૌશલ્યા તથા સુમિત્રા જેવી માતાઓને અને મહર્ષિ વસિષ્ઠ જેવા પૂજ્યપુરુષોને અથવા વડીલોને મળીશું. હવે તો આપણે સૌથી પહેલા એક જ કામ કરવાનું છે અને તે સમુદ્રને પાર કરવાનો ઉપાય શોધવાનું. એ સિવાય આપણાંથી લંકામાં નહિ જઈ શકાય.'

'એનો ઉપાય પણ મળી રહેશે.' વિભીષણે કહ્યું.

'તમારી કૃપાથી સમુદ્રને પણ સહેલાઈથી પાર કરી શકાશે.' સુગ્રીવે જણાવ્યું.

હનુમાન બોલ્યા: 'મારામાં એટલી શક્તિ અને હિંમત છે કે તમને ને લક્ષ્મણને મારા ખભા પર બેસાડી અત્યારે જ સમુદ્રને ઓળંગીને સામે કિનારે પહોંચી જાઉં, પરંતુ વાનરોની વિશાળ સેનાનો પ્રશ્ન તો એવો ને એવો જ રહે. એ સેનાનું શું થાય? એને પણ લંકામાં લઈ જવી જરૂરી છે.'

રામે કહ્યું: 'તમારા ખભા પર બેસીને સાગર પાર થવા કરતાં આપણે સૌ સાથે જ સામે કિનારે પહોંચી જઈશું. એવો ઉપાય પણ મળી રહેશે. મારા બાણમાં સઘળી શક્તિ છે. એ ઉપરાંત કોઈ બીજો ઉપાય હશે તો સાથે બેસીને શાંતિથી વિચારી જોઈશું.'

રામના વચને સૌને હિંમત અને શાંતિ આપી.

રાતે સૌ વિખરાયા અને સુવા માટે ગયાં.

રામની પથારી પાસે લક્ષ્મણે શાંતિપૂર્વક બેસીને ચોકી કરવા માંડી.

રામને મોડી રાત સુધી નિદ્રા ન આવી. વચ્ચે એમણે લક્ષ્મણને સંબોધીને કહ્યું: 'સીતાનું હરણ થયું છે ત્યારથી મને કોઈ દિવસ પહેલાં જેવી શાંતિપૂર્વક ઊંઘ નથી આવી, પરંતુ આજે તો એ એકદમ રીસાઈ ગઈ લાગે છે. આંખ મીંચવાની ના પાડે છે.'

'મન કોઈ વિચારે ચઢ્યું છે?'

'વિચારે તો શું ચઢે?'

'તો પછી? આપણા પૂજ્ય પિતાની સ્મૃતિ થઈ આવી?'

એમની સ્મૃતિ કોઈ કોઈવાર થઈ આવે છે ખરી, પરંતુ આજે નથી થતી. એ તો હવે આપણે મૂકીને વિદાય થયા. હવે એમનું દર્શન નહિ થઈ શકે. આપણને અયોધ્યામાં સહીસલામત પાછા ફરેલા જોવા માટે પણ એ ન રહી શક્યા. એમના મૃત્યુ વખતે આપણો મેળાપ ન થઈ શક્યો એ હકીકત કાંઈ ઓછી દુઃખદ તો નથી જ. મને એ વારંવાર વ્યથિત કરે છે, છતાં જે થવાનું હતું તે થઈ ગયું. એનો અફસોસ હવે નિરર્થક છે. મને તો અત્યારે અશોકવાટિકામાં બેઠેલી શોકમૂર્તિ સીતાની સ્મૃતિ સતાવી રહી છે. એની મુખાકૃતિ મારી આંખ આગળથી નથી ખસતી. શું કરું કે એની પાસે જઈ પહોંચું એવું થાય કરે છે.'

લક્ષ્મણે રામને આશ્વાસન આપ્યું. છતાં પણ રામ લાંબા વખત લગી એવા જ ઉદ્દગારો કાઢતા રહ્યા. સીતાની મધુમય મૂર્તિને નીરખતાં અને સીતા સંબંધી વિચારો કરતાં આખરે એમને ઊંઘ આવી ગઈ. પરંતુ લક્ષ્મણની આંખ આગળ લાંબા વખત લગી ઊર્મિલા જ રમતી રહી.

એનો ત્યાગ, સ્નેહ અને સમર્પણ ભાવ એના હૈયાને હલાવવા લાગ્યો.

ઊર્મિલાની અંદર આટલી બધી અસાધારણતા હશે એની કલ્પના તો એને પોતાને પણ ક્યાં હતી?

ઊર્મિલા એ વખતે અયોધ્યાના રાજપ્રાસાદમાં પ્રથમ પ્રહરની નિદ્રામાંથી ઉઠીને પથારી પર બેઠેલી. એ પણ રામ તથા લક્ષ્મણ અને સીતાના, ખાસ કરીને લક્ષ્મણના વિચારોમાં જ મગ્ન હતી.

એનું અંતર એ વિચારોથી ભાતભાતની લાગણીનો અનુભવ કરતું.

હજારો ગાઉ દૂર બેઠેલા લક્ષ્મણના સ્નેહનાં સંવેદન એના અંતરને પણ ખાસ સંવેદનશીલ બનાવી રહ્યાં.

આજે એને લક્ષ્મણની સ્મૃતિ ખાસ થઈ આવી. એનું કારણ એ કે આજે એનો જન્મદિવસ હતો.

આવા તો કેટલાય જન્મદિવસો આવ્યા અને ગયા. લક્ષ્મણની અનુપસ્થિતિમાં જ એણે એમને પૂરા કર્યા. જન્મદિવસનો વિશેષ ઉલ્લાસ એને ન હતો. એને મન સઘળા દિવસો સરખા હતા. તો પણ, આજે એ

ખૂબ જ વહેલી ઊઠી, પરવારી અને પ્રાર્થના, પૂજા તથા ધ્યાનમાં બેઠી. એ બધી નિત્ય ક્રિયામાંથી નિવૃત્ત થઈ ત્યાં જ એની પાસે નિષ્કામ આવ્યો. અયોધ્યામાં એ છેલ્લા બે દિવસથી આવેલો.

ઊર્મિલા એને જોઈને આનંદ પામી. એને સ્મિતપૂર્વક સત્કારીને એ બોલી: 'મારી ધારણા જ હતી કે ગઈ કાલની જેમ તું આજે પણ આવશે જ.'

'અયોધ્યામાં હોઉં ત્યાં સુધી તારી પાસે ન આવું એ કેમ બને? તારી પાસે આવ્યા વિના મને શાંતિ જ ન થાય. આજે તો તારી પાસે ખાસ આવવું જોઈએ.'

'કેમ?'

'હું ભૂલતો ન હોઉં તો આજે તારો જન્મદિવસ છે.'

'એથી શું થયું?'

'તારે મન એનું મહત્વ કદાચ નહિ હોય પણ મારે મન તો એનું મહત્વ ઘણું મોટું છે. તારો જન્મદિવસ કાંઈ ઓછો મૂલ્યવાન નથી. તારો જન્મ મારા જેવા કેટકેટલાના ઉદ્ધાર માટે થયો છે તેનો પૂરો હિસાબ કોણ કાઢી શકે? તારે લીધે જ મારા જીવનની જડતા દૂર થઈ છે. એટલે મારે માટે તો તારો જન્મદિવસ એક મંગલમય મહોત્સવરૂપ છે.'

એમ કહીને નિષ્કામે ઊર્મિલાના કંઠમાં પહેરાવવા આણેલી સુંદર પુષ્પમાળા કાઢી.

ઊર્મિલાએ એને જોઈને કહ્યું: 'મને માળા પહેરાવવાની ન હોય. મેં માળા પહેરવા જેવું કોઈ જ વિશિષ્ટ કામ નથી કર્યું.'

'એવું તો કેમ માની શકાય?' નિષ્કામે પોતાના દિલના પૂજ્યભાવનો પરિચય કરાવતાં કહ્યું: 'તારું તો જીવન જ વિશિષ્ટ છે. એ જીવન દ્વારા તેં કેટલાય અસાધારણ કામ કરી બતાવ્યા છે. તને માળા પહેરાવવામાં તારું જ નહિ પણ માળાનું પણ ગૌરવ કરવા જેવું છે.'

'છતાં પણ લક્ષ્મણ વનમાં છે ત્યાં સુધી હું આભૂષણ, સુંદર વસ્ત્રો તથા માળાનો ઉપયોગ નથી કરવા માગતી. એ વનમાંથી પાછા આવે ત્યારે સૌથી પહેલા રામને, સીતાને અને એમને માળા પહેરાવજે. એથી હું પ્રસન્ન થઈશ અને એ માળા મને પહેરાવી એવું હું માની લઈશ.'

'માળા પહેરવાની ઈચ્છા ન હોય તો હું બળજબરી નહિ કરું. એને તથા આ ફૂલને તારે ચરણે અર્પણ કરું છું.'

નિષ્કામે ઊર્મિલાના ચરણે માળા અને ફૂલ અર્પણ કર્યાં.

એ પછી થોડીક આડી અવળી વાતચીત કરીને એણે કહ્યું: 'મારા મનમાં આજે એક બીજી આકાંક્ષા ઉત્પન્ન થાય છે.'

'શી આકાંક્ષા?'

'એ આકાંક્ષા અત્યંત શુભ છે, અશુભ નથી. તું તો લાંબા વખતથી મારી બહેન બની ચૂકી છે એટલે તારા સંબંધી કોઈ જાતની અશુભ આકાંક્ષા તો થાય જ નહિ. મને એમ થાય છે કે, આજના ધન્ય દિવસે તારા જેવી પ્રેમમયી, પવિત્ર બહેનના ચરણને ધોઈને એ પરમ પવિત્ર પાણીનું આચમન કરું. એને મારા શરીરે છાંટું જેથી મારી રહી સહી જડતા કે મલીનતા દૂર થાય અને મારો અંતરાત્મા અલૌકિક બની જાય.'

'નિષ્કામ, આ તું શું બોલી રહ્યો છે?'

'જે બોલું છું તે સમજપૂર્વક અને સાચું જ બોલી રહ્યો છું. મને કેટલાય વખતથી એવું લાગે છે કે તું કોઈ સાધારણ સ્ત્રી નથી પણ જગદંબા પોતે જ છે. મિથિલા નગરીની પેલી વાટિકામાં જગદંબાની જે સુંદર મૂર્તિ છે અને જેના દર્શનથી લોકો કૃતાર્થ બને છે તે જ જગદંબા તારા રૂપમાં પૃથ્વી પર જાણે પ્રકટ થઈ છે. એક સામાન્ય સ્ત્રીમાં આટલી બધી નિષ્કપટતા અને પવિત્રતા ન હોઈ શકે. જનક રાજાએ પૂર્વે ઘણાં પુણ્યો કરેલાં. તેથી તું એમને પુત્રી રૂપે પ્રાપ્ત થઈ, અને લક્ષ્મણના પુણ્યોદયથી એને અર્ધાંગિનીરૂપે આવી મળી. બાકી તું જગદંબા પોતે છે. હું તને એ દૃષ્ટિથી જોતાં શીખ્યો છું, અને એ ભાવનાથી જ તારી પૂજા તથા તારું ચરણપ્રક્ષાલન કરવા માંગું છું.

ઊર્મિલાએ કહ્યું: 'હું જગદંબા, ભવાની કે ભગવતી નથી પરંતુ એક સામાન્ય સ્ત્રી છું. અને મને એ દૃષ્ટિએ જ જો. હું એવી અપેક્ષા રાખું છું. છતાં પણ તારી ભાવના માટે કોઈ જાતનો ઠપકો નહિ આપું. સ્ત્રીમાત્રને એ ભાવનાથી જોવાની ટેવ પાડવામાં આવે તો તે ટેવ લાભકારક જ થઈ પડશે. પરંતુ મારું ચરણ-પ્રક્ષાલન તો કોઈયે સંજોગોમાં નહિ કરવા દઉં, કારણ કે તેની જરૂર નથી ને હું તેને માટે લાયક નથી. તું પુરોહિતપુત્ર છે ને મારા બંધુ બરાબર છે એટલે તારે મારા ચરણપ્રક્ષાલનનો વિચાર જ ન કરવાનો હોય. તારો અંતરાત્મા જડતા કે મલિનતામાંથી મુક્તિ મેળવીને એની મેળે અલૌકિક બનતો જાય છે. મને એ જોઈને આનંદ થાય છે. પહેલાંના અને અત્યારના નિષ્કામમાં આકાશ પાતાળનું અંતર છે.'

'તો પછી તારા પ્રસાદરૂપે એકાદ ફૂલ આપ. એને મારી પાસે સાચવી રાખીશ. એ મને સુખદુઃખમાં શાંતિ આપશે.'

ઊર્મિલાએ આપેલાં પુષ્પો નિષ્કામે અત્યંત પ્રસન્નતાપૂર્વક, કોઈ મોટી સંપત્તિ મળી હોય તેમ, લઈ લીધા.

* * * * *

## ૫૯. સેતુની રચના

બપોર પછી મંદોદરી અશોકવાટિકામાં સીતા પાસે આવી પહોંચી ત્યારે સીતા ઊંડા વિચારમાં લીન બનીને બેઠેલી.

મંદોદરીને નિહાળીને એ થોડીક સ્વસ્થ થઈ ને બોલી: ‘આજે મને મારી બહેન ઊર્મિલાનું સ્મરણ થઈ આવ્યું અને મન થોડુંક ઉદાસ બન્યું.

‘કેમ?’

‘આજે એનો જન્મદિવસ છે. મારા પિતાજીને અને અમને સૌને એ ખૂબ જ પ્રિય હતી. એનો જન્મદિવસ અમે ભારે ઉલ્લાસપૂર્વક ઉજવતાં. હવે તો કોણ જાણે એ કેવી હશે? શું કરતી હશે! એણે તો જન્મીને એના જીવનને સાચેસાચ સફળ કર્યું.’

‘અને તેં ? તેં પણ જ સફળ કર્યું જ છે ને? તારો જન્મદિવસ ક્યારે છે?’

‘મારા જન્મદિવસને હું બહુ મહત્વ નથી આપતી. મેં તો જન્મીને બધાને ચિંતા કરાવી છે. લગ્ન નહોતું થયું ત્યારે પિતાને ચિંતા કરાવી, લગ્ન થયું ત્યારે અયોધ્યાના રાજકુળને અને રામને ચિંતા કરાવી. અને અત્યારે પણ શું છે? રામ અને લક્ષ્મણને મારે માટે કેટલી બધી ચિંતા થતી હશે. તારે માટે પણ હું મોટી ચિંતાનું કારણ થઈ પડી છું.’

મંદોદરી બોલી: ‘એમ તો તું પોતે પણ ક્યાં ચિંતામુક્ત છે? પરંતુ એ ચિંતાનો હવે થોડા જ વખતમાં અંત આવશે. હવે મુસીબત કે દુઃખના દિવસો વધારે લાંબા નહિ ચાલે.’

સીતાએ કહ્યું: ‘એવું આશ્વાસન જ રહ્યું છે. જ્યાં સુધી રામનું દર્શન નહિ થાય ત્યાં સુધી મારું અંતર શાંત નહિ બને. એનું આક્રંદ ચાલુ જ રહેશે. હવે તો વિધાતાએ ખરેખર હદ કરી છે. મારા પર અત્યાર સુધી પૂરતી વિપત્તિ વરસી ચૂકી છે. હવે તો એનો અંત આવે તો સારું.

‘એનો અંત અવશ્ય આવશે અને ધાર્યા કરતાં ઘણો વહેલો આવશે. એનો અંત આવે એવા ચિન્હો દેખાવા માંડ્યા છે.’ મંદોદરીએ કહ્યું.

‘કેમ? કાંઈ થયું છે?’

‘હા. હનુમાનના પ્રયાણ પછી હવે વિભીષણ પણ લંકાનો ત્યાગ કરીને રામની પાસે પહોંચી ગયા છે. એમણે રામનું શરણ લીધું છે.’

મંદોદરીએ વિભીષણની કથા કહી સંભળાવીને કહ્યું: ‘વિભીષણ રામને બધી માહિતી પૂરી પાડશે અને એમનો રસ્તો સરળ કરશે. વિભીષણે લંકાનો ત્યાગ કર્યો એટલે રાવણનું સદ્દભાગ્ય એમને છોડી ગયું એમ જ સમજી લેજે. રામનો પક્ષ હવે વધારે પ્રબળ બન્યો. હનુમાન તથા વિભીષણ બંને રામને અહીં આવવા માટે ઉત્સાહિત કરશે, અને વિભીષણ તો લંકાનો બધો ભેદ પણ બતાવી દેશે.’

સીતાએ થોડીવાર શાંતિ રાખીને કહ્યું: ‘ચાતકની જેમ વરસાદી વાદળની રાહ જોઈ રહી છું. એમનો લંકાપ્રવેશનો દિવસ મારે માટે અનેરા આનંદનો દિવસ હશે. મારી વેદના તે દિવસે જરાક ઓછી થશે. બાકી તો અત્યારે તો હું ભયંકર, અસહ્ય, વેદનામાં સળગી રહી છું.’

મંદોદરી સીતાને આશ્વાસન આપીને પાછી ફરી.

*

થોડાક દિવસો એવી રીતે વીતી ગયા પછી મંદોદરીએ એક દિવસ રાતે એની વાતના અનુસંધાનમાં રાવણને કહ્યું: 'તમે તમારા સામર્થ્યનું આટલું બધું અભિમાન કરો છો પણ એ અભિમાન જ તમારા વિનાશનું કારણ થઈ પડશે. હું તમને વારંવાર કહી બતાવું છું તો પણ મારી વાત તમારા ગળે નથી ઉતરતી, એથી મારા દિલને જે દુઃખ થાય છે તે હું જ જાણું છું.'

રાવણે મૂછ પર હાથ ફેરવતાં કહ્યું: 'મારા સામર્થ્યનું અભિમાન હું એમનેમ નથી કરતો. એ સામર્થ્ય છે જ એવું લોકોત્તર કે એનું ગૌરવ કોઈને પણ થઈ જાય.'

'પરંતુ તમે તો એના અભિમાનમાં અંધ બન્યા છો. એટલે તો કોઈની સાચી સલાહ પણ નથી માનતા. તમારા ભાઈ વિભીષણ તમને તમારા હિતના વચનો કહેવા ગયા, અને એ પણ તમારા પોતાના પૂછવાથી, તો તમે તેમને કટુ શબ્દો કહીને અપમાનિત કર્યા. એ લંકાનો ત્યાગ કરી ગયા તો પણ તમે એમને ન રોક્યા.'

'એને શા માટે રોકું? એને એની બુદ્ધિનું અભિમાન હતું. પરંતુ એ બુદ્ધિ એને જ ભારે પડી અને દગો દેનારી ઠરી. એને ભોગ, વૈભવ, મહેલ તથા લંકાનો ત્યાગ કરવો પડ્યો. એને એના વધારે પડતા ડહાપણનો દંડ મળ્યો. એમાં ખોટું શું છે? તારે એનો અફસોસ કરવાની જરા પણ જરૂર નથી.'

'મને જે અફસોસ થાય છે તે મારે માટે કે એમને માટે નથી થતો પરંતુ તમારે માટે થઈ રહ્યો છે.'

'મારે માટે શું કામ?'

'કારણ કે હું તમારી અર્ધાંગિની છું અને મને તમારે માટે લાગણી છે. તમે હાથે કરીને અમંગલને આમંત્રી રહ્યા છો એવું મને લાગ્યા કરે છે. વિભીષણે લંકાનો ત્યાગ કર્યો તેથી તમારું બળ ઓછું થયું એવું તમને નથી લાગતું?'

'બિલકુલ નહિ. એવું શા માટે લાગે? એ અહીં લંકામાં રહીને પણ બીજું શું કરત? મને ખોટીખોટી સલાહ આપત એ જ ને? વળી એ અહીં રહે તો પણ એની વફાદારી અને પ્રીતિ તો મારામાં નહિ પણ રામમાં જ રહેત. ભવિષ્યમાં કદાચ યુદ્ધનો અવસર આવત તો એ સેના તથા શસ્ત્રો સાથે દુશ્મન સાથે મળી જાત. એટલે જે થયું છે તે સારું જ થયું છે. એ અત્યારથી એના બે-ચાર સેવકો સાથે વિદાય થયો એ હકીકત મારા લાભમાં છે.'

મંદોદરી દુઃખી થઈને બોલી: 'તમને કેવી રીતે સમજાવું કે એ હકીકત તમારા લાભમાં નહિ પણ નુકશાનમાં છે! તમારી બુદ્ધિ જ એવી વિપરીત બની ગઈ છે કે તમે દિવસને રાત અને રાતને દિવસ માનો છો.'

'મારી બુદ્ધિ ઠેકાણે જ છે. ફક્ત તારા મનમાં વધારે પડતો ભય પેસી ગયો છે એટલું જ. એટલે તું જુદી જુદી, કોઈ પણ જાતના આધાર વિનાની, દલીલો કર્યા કરે છે. વિભીષણ તો શું પણ લંકાના બધા જ પ્રમુખ યોદ્ધાઓ રામ કે સુગ્રીવ પાસે ચાલ્યા જાય તો પણ મારો વાળ પણ વાંકો નથી થવાનો. રામ તથા સુગ્રીવનો એમની સેના સાથે સંહાર કરવા માટે હું એકલો જ પૂરતો છું. મારે કોઈનોયે સાથ નથી જોઈતો.'

'તમારો વાળ પણ વાંકો ન થાય એવું જ ઈચ્છું છું, અને એટલા માટે જ તમારા ચરણમાં ફરીવાર પડીને તમને કાકલૂદીભરી પ્રાર્થના કરું છું કે સીતાને છોડી દઈને, એને લઈને, વિભીષણને પગલે તમે પણ રામની પાસે પહોંચી જાવ, રામનાં કૃપાપાત્ર થાવ અને એવી રીતે બગડેલી બાજીને સુધારી લો. તમારા મંગલને માટે આટલી પ્રાર્થના કરી રહી છું તેને ધ્યાનમાં લો. તમારો વાળ પણ વાંકો થશે તો હું એક ક્ષણ પણ જીવતી નહિ રહી શકું.'

મંદોદરીને બેઠી કરતાં રાવણ અટ્ટહાસ્ય કરીને કહેવા માંડ્યો: 'જે અસંભવ છે તેની કલ્પના કરીને તું નિરર્થક દુઃખી થઈ રહી છે, મંદોદરી! બાજી તો રામની બગડી છે. મારી નથી બગડી. તું મને ઉત્સાહિત કરવાને બદલે અનુત્સાહિત બનાવી રહી છે પણ તારો એ પ્રયાસ નકામો છે. તું રાતદિવસ મારા અમંગલની ચિંતા કરે છે પરંતુ અમંગલ તો રામ, લક્ષ્મણ અને સુગ્રીવનું જ થવાનું છે. લંકામાં પ્રવેશવું અને મારી સાથે યુદ્ધ આદરવું એ કાંઈ વાતો કરવા જેટલું સહેલું નથી, સમજી? ચારે તરફથી વિશાળ સમુદ્રથી સુરક્ષિત લંકા કાયમને માટે નિર્ભય છે. એમાં કોઈ કારણે કોઈ આવે તો પણ પોતાના કાળના અજ્ઞાત આમંત્રણથી જ આવી પહોંચે. તું રામ અને સુગ્રીવના પરાક્રમની વાત કરે છે પરંતુ હજુ એમને સમુદ્ર પાર કરીને લંકામાં તો આવવા દે. એમને અહીં આવવાની તૈયારી તો કરવા દે.'

એટલામાં તો બહારથી અવાજ આવ્યો: 'મહારાજાધિરાજ, તૈયારી થઈ ગઈ.'

રાવણ ચોંક્યો ને બોલ્યો: 'શાની તૈયારી થઈ ગઈ?'

'આજ રાતના નૃત્ય તથા નાટ્યોત્સવના આરંભની તૈયારી થઈ ગઈ. આંગતુકો આપની રાહ જુએ છે. આપ પધારો એટલે એ ઉત્સવનો આરંભ થાય.'

રાવણનું હૈયું એ સાંભળીને હેઠે બેઠું. એણે કહ્યું: 'હમણાં જ આવું છું, જા.'

પરિચારક વિદાય થયો.

રાવણ પણ ઉઠ્યો ને બોલ્યો: 'હું તો તૈયારી થયેલી સાંભળી જરાક ચમક્યો. પહેલાં તો શાની તૈયારી થઈ એની સમજ જ ના પડી. ચાલો હવે નાટ્યોત્સવમાં જઈએ.'

મંદોદરીએ કહ્યું: 'રામ અને સુગ્રીવની લંકાપ્રવેશની તૈયારીના સમાચાર તમને એક દિવસ એવી જ રીતે ચમકાવી ન દે. મને તો એવું જ લાગે છે કે એ સમાચાર પણ એક દિવસ આવી રીતે એકાએક જ આવી મળશે.'

'તું ભવિષ્ય ભાખી રહી છે?'

'ના. ભવિષ્ય ભાખવાની શક્તિ તો મારામાં નથી. હું તો જે સંભવિત લાગે છે તે જ બતાવી રહી છું.'

'મને તેની ચિંતા નથી. ચાલ હવે ઉત્સવમાં મોડું થશે.'

'મારે ઉત્સવમાં નથી આવવું.'

'કેમ?'

'સીતાને તમે આટઆટલું દુઃખ આપો છો અને હું એવા ઉત્સવમાં આવીને આનંદ કરું? મારું મન એવા ઉત્સવો પરથી ઉઠી ગયું છે. મને એવાં ઉત્સવો હવે નથી ગમતાં, અને આનંદદાયક પણ નથી લાગતા. તમારે જવું હોય તો તમે એકલા જઈ શકો છો.'

'તું તો સીતાની સગી બહેન બની ગઈ લાગે છે.' રાવણ બોલી ઉઠ્યો: 'તારી તેના પ્રત્યેના લાગણી એવી જ છે.'

'એ લાગણી આજની નથી પણ પહેલાંની છે.' મંદોદરી એ જણાવ્યું: 'અને સહજ છે. તમે સૌથી પહેલાં એના હરણની વાત કહી અને મેં એને અશોકવાટિકામાં જોઈ ત્યારથી જ એની શોકમગ્ન સુંદર મુખાકૃતિને નિહાળીને મને થયું કે એવી કોમલાંગિનીનું હરણ કરતાં પહેલાં તમારું હૃદય ફાટી કેમ ના ગયું? એ નિર્દોષ સુકુમારીને ઉઠાવી લાવતાં તમારો આત્મા આક્રંદ કેમ ન કરી ઉઠ્યો ? ત્યારથી જ મારા દિલમાં એનું સ્થાન થઈ ગયું. તમારે તો દિલ જેવું કાંઈ છે જ ક્યાં? એટલે તો એકબાજુ એને દુઃખ આપો છો અને બીજી બાજુ ઉત્સવોનો ઉલ્લાસ માણો છો. મારાથી એવો ઉલ્લાસ નહી માણી શકાય.'

'તારે ન આવવું હોય તો કાંઈ નહિ. હું તો આ ચાલ્યો.' કહીને રાવણ ત્યાંથી વિદાય થયો.

મંદોદરીએ ઊંડો નિશ્વાસ નાખ્યો.

*

બે દિવસ બાદ રાવણ પોતાની ભુજાઓ પર નજર રાખતો રાજસભામાં બેઠેલો ત્યાં જ બે ગુપ્તચરોએ સભામંડપમાં પ્રવેશ કર્યો ને કહ્યું: 'રામ તથા સુગ્રીવે સમુદ્રને બાંધી લીધો છે. આજે એ મહત્વના તાજા સમાચાર પ્રાપ્ત થયા છે.'

રાવણ એ એકાએક આવી મળેલા સમાચારથી ચમક્યો ને બોલ્યો: 'સમુદ્રને બાંધી લીધો? સાગર કે ઉદધિને બાંધી દીધો ? અને એ પણ રામ અને સુગ્રીવે ? આ તું શું બોલે છે? ઉંઘમાં બોલે છે કે જાગૃતિમાં?'

'જાગૃતિમાં જ બોલી રહ્યો છું, અન્નદાતા! પૂરી જાગૃતિમાં જ બોલી રહ્યો છું.'

'પરંતુ એમણે સરિતાના સ્વામી સમુદ્રને બાંધ્યો કેવી રીતે?'

'એમણે કઈ યુક્તિ અજમાવી તેની તો પૂરી માહિતી નથી મળતી. છતાં પણ એટલું જણાયું કે એમની સેનામાં નલ અને નીલ નામના યોદ્ધાઓ છે તેમની મદદથી એમણે તથા બીજા વાનર યોદ્ધાઓએ સમુદ્ર પર સેતનું નિર્માણ કર્યું છે.'

'સેતુનું નિર્માણ કર્યું અને એ પણ સમુદ્ર પર? એ તો ખરેખર વિચિત્ર કહેવાય.'

'વિચિત્ર તો છે જ છતાં પણ સાચું છે, મહારાજ! વાનરોનું બળ ધાર્યા કરતાં ઘણું મોટું છે. અમે એમની માહિતી મેળવવા માટે કોઈને ગંધ પણ ન આવે એવા ગુપ્તવેશમાં જઈ પહોંચ્યા તો પણ એમણે અમને પકડી પાડ્યા અને માર્યા પણ ખરા. વિભીષણ જો વચ્ચે ન પડ્યા હોત તો એ અમને મારી જ નાખત. એમની દરમ્યાનગિરીથી જ એમણે અમને છોડી દીધા. લંકાને બાળનાર હનુમાન જેવા બળવાન યોદ્ધાઓ એમની સેનામાં બીજા કેટલાય છે, અને કેટલાક તો એમના કરતાં પણ વધારે પરાક્રમી છે.'

'વધારે પરાક્રમી?'

'હા. એવા વિશેષ પરાક્રમને લીધે એ વૃક્ષો, પત્થરો અને શીલાઓની મદદથી સેતુનું નિર્માણ કરી શક્યા છે.'

'સેતુની રચનાના સમાચાર ભારે દુઃખદ તેમજ ચિંતાજનક છે. મને પહેલેથી આવી ખબર હોત તો હું રામને પંચવટીમાં જ યમસદનમાં પહોંચાડી દેત એટલે કોઈ સમસ્યા જ ન રહેત. છતાં પણ હરકત નહિ. હજુ

પણ બાજી મારા હાથમાં છે એટલે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. રામ તથા સુગ્રીવની સેનાની સ્થિતિ અત્યારે કેવી છે?'

'એની સ્થિતિ એકંદરે ઘણી સારી છે. સમુદ્ર પર સેતુની રચના થવાથી આખી વાનર સેના અત્યંત ઉમંગમાં આવીને વિજયની આશામાં નાચે છે, ગાય છે, ને જયજયકાર કરે છે. સેતુ પરથી પસાર થઈને એ લંકામાં આવવાની તૈયારીમાં છે.'

રાવણનો ઉત્સાહ ઓસરી ગયો. એના વદન પર વિષાદ ફરી વળ્યો.

એના મુખ પર દૃષ્ટિપાત કરનારને સ્પષ્ટ લાગવા માંડ્યું કે એના મનમાં ચિંતા પેદા થઈ છે.

છતાં પણ એણે મુખને બને એટલું હસતું રાખવાનો પ્રયાસ કર્યો અને કહ્યું: 'વાનરસેના થોડીવારને માટે ભલે નાચે, ગાય કે જયજયકાર કરી લે. છેવટે એનો નાશ નક્કી છે. એ બળવાન છે તો આપણે કાંઈ ઓછા બળવાન છીએ? આપણા બળ આગળ એનું બળ નિષ્ફળ નીવડશે.'

*

સભાને બરખાસ્ત કરીને રાવણ મંદોદરી પાસે આવ્યો. મંદોદરીએ એના ઉદાસ મુખ પરથી કોઈક અમંગલનું અનુમાન કરીને પૂછયું: 'કાયમને માટે ઉલ્લાસમાં રહેનારું તમારું મુખ આજે ચિંતાતુર અને ઉદાસ કેમ છે?'

રાવણે હસી કાઢીને કહ્યું: 'હું શા માટે ઉદાસ બનું? અને ચિંતા પણ મારે શેની છે?'

'તો પણ....? મારાથી કાંઈ છુપાવવા જેવું તો નથી?'

'તારાથી મેં કદી કશું છુપાવ્યું છે? રામ તથા સુગ્રીવે સમુદ્ર પર સેતુ બાંધી દીધો એવા વિશ્વસ્ત સમાચાર સાંપડ્યાં છે.'

'સેતુ બાંધી દીધો?' મંદોદરીના મુખમંડળ પર પ્રસન્નતા ફરી વળી: 'એ હકીકત તો અતિશય અસાધારણ કહેવાય. સીતા એ સમાચાર જાણે તો એને કેટલો બધો આનંદ થાય. પણ તમે હવે શો વિચાર કર્યો?'

'મારે એમાં શો વિચાર કરવાનો છે?'

'કેમ? કશો જ નહિ? સમુદ્ર પર સેતુનું નિર્માણ થયું એટલે રામ તથા સુગ્રીવને માટે સેના સહિત સમુદ્રને પાર કરવાનું સહેલું થયું.'

'એથી શું? એથી ભયભીત થવાની જરૂર જરાય નથી. સેતુ પરથી પસાર થઈને આ બાજુ આવવાથી શું વળવાનું છે? આપણી સાથેના યુદ્ધમાં એનો સંહાર થશે. આપણી સેના એની સેના કરતાં ઘણી ચઢિયાતી છે.'

મંદોદરી બોલી: 'તમે એવું મિથ્યાભિમાન ન કરો. એ અભિમાન તમને ભારે પડી જશે. હજુ રામનું શરણ લો. જેમણે આટલા મોટા સાગર પર સેતુ બાંધ્યો એમની શક્તિ શું થોડી હશે? અથવા એ કોઈ સામાન્ય માનવ હશે?'

રાવણ બોલ્યો: 'એ ગમે તેવા હશે પરંતુ મારા જેવા તો નહીં જ હોય. મારી બરાબરી ત્રિભુવનમાં કોઈ જ કરી શકે તેમ નથી.'

'મને તો લાગે છે કે સાગર પર બંધાયેલો સેતુ સીતા તેમજ રામના વિરહમાં ડૂબેલા દિલને એક કરનારો સફળતાનો સેતુ થઈ પડશે. એને તમે તમારા જીવનપરિવર્તનનો અને રામની સાથેના સ્નેહનો સેતુ કરી શકો છો. યુદ્ધના વિનાશમાંથી બચવાનું અને બીજાને બચાવવાનું હજુ તમારા હાથમાં છે. તમે જરાક તો વિચાર કરી જુઓ.'

'મેં પૂરતો વિચાર કરી જોયો છે. સેતુના સમાચારથી તું ડરી ગઈ છે. પરંતુ હું એવી રીતે ડરું તો રાજ્ય કરી જ ન શકું, સમજી? વાનરસેના સેતુ પર થઈને આ બાજુ આવી પહોંચે તે પહેલાં જ એના સર્વનાશનો ઉપાય શોધી કાઢું છું.'

'મને અફસોસ થાય છે કે તમે યુદ્ધના નગારા વાગતાં વાગતાં પાસે આવ્યા છે તો પણ તમારા હિતની વાતને નથી સમજી શકતા. કાલે ઉઠીને કોઈ ભયંકર આપત આવી પડે તો મને દોષ ના દેતાં.'

'ભલે. તું નચિંત રહે અને આનંદ કર.' કહીને રાવણ બહાર નીકળ્યો.

* * * * *

## ૨૫. મમતાની મહાદેવી

બહાર નીકળીને રાવણે પોતાના પરિચારકોને આદેશ આપીને પોતાના ભાઈ કુંભકર્ણને ઘોર નિદ્રામાંથી જગાડવાનો પ્રયાસ કર્યો.

લાંબા વખતથી નિંદ્રાધીન બનેલો કુંભકર્ણ એમ સહેલાઈથી જાગે એમ ન હતો.

કેટલીય યુક્તિ પ્રયુક્તિ તથા મહેનત પછી આખરે એણે આંખ ઉઘાડી ત્યારે રાવણને અસાધારણ આનંદ થયો.

એની પ્રસન્નતા માટે ભાતભાતના ભોજનના થાળ તથા મદિરાના અસંખ્ય ઘડા મૂકવામાં આવ્યા.

કાચી ઊંઘમાંથી ઉઠેલો કુંભકર્ણ એને આનંદપૂર્વક આરોગી ગયો અને મદિરાપાનથી પ્રમત્ત બનીને બોલ્યો: 'મને શા માટે જગાડ્યો? મને કાચી ઊંઘમાંથી ઉઠાડનારને મારા રોષના ભાગી થવું પડે છે તેની ખબર નથી? શું લંકા પર કોઈ આફત આવી પડી છે? કે તારો પોતાનો જાન જોખમમાં છે? તને મારે એવું તો પૃથ્વી પર કોઈ જ નથી એટલે એવો સંભવ તો નથી લાગતો. તો પછી મને જગાડવાનું કારણ શું? કોઈક મહત્વના રાજ્યસંબંધી કાર્યમાં મારી સલાહ લેવાની આવશ્યકતા ઊભી થઈ છે?

રાવણે શાંતિથી કહ્યું: 'જાણું છું કે કાચી ઊંઘમાંથી જગાડવાથી તારી શાંતિમાં ભંગ પડ્યો છે, છતાં પણ તને જગાડ્યા સિવાય છૂટકો જ ન હતો. લંકાને માથે તથા મારે ને તારે માથે આપત્તિ આવવાનો સંભવ છે. તેથી તારી સલાહ જ નહિ પરંતુ સહાયની આવશ્યકતા ઊભી થઈ છે.'

કુંભકર્ણે ક્રોધે ભરાઈને પૂછ્યું: 'મારે, તારે તથા લંકાને માથે આફત નાખવાનું સાહસ કરવાનો વિચાર કોણ કરી રહ્યું છે? એને આપણા બાહુબળનો પરિચય નથી લાગતો. એ હાથે કરીને કાળનો કોળિયો થઈ જવાની તૈયારી કરે છે એમ જ સમજી લે.'

'એણે આપણે માથે આફત નાખવાનો વિચાર કર્યો છે એટલું જ નહિ પરંતુ એથી આગળ વધીને એને માટેની બુદ્ધિપૂર્વકની મોટી યોજના પણ બનાવી છે. લંકા પર આક્રમણ કરવાની યોજના.'

'આક્રમણ કરવાની યોજના? અને તે પણ લંકા પર? લંકા પર આક્રમણ કોણ કરવાનું છે? એને માટેની શક્તિ જ કોનામાં છે? આપણે જીવીએ છીએ ત્યાં સુધી એવી હિંમત કોઈ જ કરી શકે તેમ નથી. અને જો ભૂલેચૂકે કરશે તો આપણા હાથે નષ્ટ થઈ જશે. લંકાની આજુબાજુ તો દુર્ભેદ્ય દુર્ગ છે. એની ચારે તરફ સાગર છે. એને પાર કરીને આટલે દૂર આવી શકે તેમ છે જ કોણ? એને પાર કરવાનું કામ શું સહેલું છે?'

'એ કઠિન કામને દુશ્મને પોતાની ચતુરાઈથી સહેલું કર્યું છે. એણે સાગર પર સેતુ બાંધ્યો છે.'

'સેતુ ? અને તે પણ સાગર પર ? સાગર પર સેતુ બંધાય જ કેવી રીતે ? એને કોણ બાંધી શકે ? એ તો એક અજાયબી કહેવાય.'

'છતાં પણ એ વાત સાચી છે. સુગ્રીવ અને રામ મારા પ્રત્યેની શત્રુતાથી પ્રેરાઈને પોતાની વિશાળ વાનરસેના સાથે એ સેતુ પરથી પસાર થઈને આપણા પર આક્રમણ કરવા આવી રહ્યા છે.'

'એ તો ખૂબ જ વિચિત્ર કહેવાય.'

'એટલા માટે તો મેં તને જગાડ્યો. પણ પરિસ્થિતિ ઘણી જ ગંભીર છે અને તેમાં તારી મદદની જરૂર છે. દુર્ગની રક્ષા માટે મેં વ્યવસ્થા તો પૂરી કરી છે તો પણ તારા વિના એ વ્યવસ્થા અધૂરી જ રહેવાની.'

કુંભકર્ણે થોડી વાર વિચારી જોયું ને પછી કહ્યું: 'હું તો તારી મદદ માટે હંમેશા તૈયાર છું પરંતુ મને એક વાતની સમજ ના પડી કે સુગ્રીવ તથા રામ સાથે તારી શત્રુતા કેવી રીતે થઈ?'

'એનું કારણ ઘણું નજીવું છે.'

'તો પણ મારી માહિતી માટે તે મને કહી બતાવ. કદાચ મને તેમાંથી યુદ્ધને નિવારવાનો કોઈ માર્ગ મળી આવે.'

કુંભકર્ણની જિજ્ઞાસાને સંતોષવા માટે રાવણે સીતાહરણની અને એની પહેલાંની તથા પછીની કથા કહી સંભળાવી, અને કહ્યું: 'તું તટસ્થ રીતે વિચારીશ તો સમજી શકીશ કે આમાં મારો કશો જ દોષ નથી, જે દોષ છે તે બધો રામનો જ છે. એમણે જો આપણી બહેન શૂર્પણખાના નાકકાન કાપવાની ધૃષ્ટતા ના કરી હોત તો આમાંનુ કશું જ ન થાત. પરંતુ રામ તથા લક્ષ્મણના માથા પર મોત ભમે છે એટલે એમને વિનાશકાળે વિપરીત બુદ્ધિ સુઝી છે. બીજું કાંઈ જ નથી. સુગ્રીવની પણ એ જ દશા છે.'

રાવણને કુંભકર્ણે કહેવા માંડ્યું: 'છતાં પણ, મારે એક વાત કહેવાની છે. રામે શૂર્પણખાના નાકકાન કાપવાની ધૃષ્ટતા કરી એ બરાબર, પરંતુ તારે સીતાના હરણની ધૃષ્ટતા કોઈ પણ સંજોગોમાં નહોતી કરવી જોઈતી. એ ધૃષ્ટતા કરીને તે ભારે મોટી ભૂલ કરી છે. સીતા ગમે તેટલી સૌન્દર્યવતી હોય તો પણ તારે એના પર કુદૃષ્ટિ નહોતી કરવી જોઈતી. એનું હરણ કરીને તેં હાથે કરીને ઉપાધિ વહોરી છે. કોઈ પણ સ્ત્રી પોતાના આવી જાતના અપમાનને ન સાંખે. અને સાંખે તો પણ એના પર પ્રેમભાવ રાખનારો એનો સ્વામી તો એને ન જ સાંખે. રામ શૂરવીર છે એટલે સીતાને છોડાવવા માટે બનતું બધું જ કરી છૂટશે.'

રાવણે કહ્યું: 'એ શૂરવીર છે તો આપણે શૂરવીર ક્યાં નથી? આપણે એના કરતાં વધારે શૂરવીર છીએ.'

'બરાબર છે.' કુંભકર્ણે કહ્યું : 'આપણે શૂરવીર છીએ એ સાચું છે પરંતુ ધર્મ અત્યારે એમના પક્ષે છે. તારા પક્ષે અધર્મ છે. એટલે એમનો પક્ષ સબળ અથવા સલામત છે.'

'યુદ્ધના મેદાનમાં તો જેનું બાહુબળ મજબૂત હોય, તેનો જ પક્ષ સલામત અથવા સબળ હોય છે. આપણી સાથે એ યુદ્ધ કરવા આવશે તો આપણે કાંઈ ડરી જઈશું? આપણે પણ એમનો સર્વનાશ કરીશું.'

'આપણે એમનો પ્રતિકાર કરીશું એ બરાબર છે, છતાં પણ આવી નાની વાત માટે યુદ્ધ કરવું યોગ્ય નથી લાગતું. જે વાત યુદ્ધ વિના જ પતી જતી હોય તેના માટે યુદ્ધ કરવું બુદ્ધિમાની નથી લાગતી. યુદ્ધથી જાન અને માલનો નાશ થાય છે, પતિવ્રતા સ્ત્રીઓ વિધવા બને છે, અને સંતાનો પિતા વિનાના થઈ જાય છે. એને લીધે આખું જીવન અવ્યવસ્થિત બની જાય છે ને પ્રજાને માથે આતંક ફેલાય છે. એટલે મારી તો સલાહ છે કે તું સીતાને સન્માનપૂર્વક છોડી દે એટલે એ વાત એટલે જ અટકી જાય. મને એ માર્ગ ઉચિત લાગે છે અને સલામત પણ.'

'મારે એવી સલામતી નથી જોઈતી.' રાવણે મક્કમતાપૂર્વક કહેવા માંડ્યું: 'યુદ્ધથી, રામ કે સુગ્રીવથી કોઈનાથી હું નથી ડરતો. મને સીતાને માટે પ્રેમ છે એટલે જીવતો રહીશ ત્યાં સુધી એને નહિ છોડી શકું.'

'પરંતુ પરસ્ત્રીનો પ્રેમ કે મોહ નકામો અને મહાન અપરાધરૂપ છે. એની ઈચ્છા વિરુદ્ધ એને કેદ કરી રાખવી એ પણ ખોટું છે.'

'મને એમાં કશું જ ખોટું નથી લાગતું. હું એને નહિ છોડી શકું. રામને મારીશ એટલે એ સહેલાઈથી મારી બની જશે. તારે મને સહાયતા કરવાની છે.'

'સીતા કદાપિ તારી નહિ બની શકે. તું એના સ્વપ્ના વ્યર્થ સેવી રહ્યો છે. ભાઈ તરીકે યુદ્ધમાં તારા તરફથી લડીને હું તને મદદ જરૂરથી કરીશ, પરંતુ તારી આ હઠ નકામી છે.'

રાવણ ગળગળો થઈને બોલ્યો: 'નકામી હશે તો પણ મારાથી એને નહિ છોડી શકાય. તારે મને વિજયી બનાવવા બનતા બધાં જ પ્રયત્નો કરવા પડશે.'

કુંભકર્ણે એને ઘણો સમજાવી જોયો પરંતુ એ ન માન્યો એટલે કુંભકર્ણ બોલ્યો: 'રામ અને સીતા કોઈ સામાન્ય માનવ નથી લાગતા. એમની સાથે શત્રુતા કરીને તું સુખી નહિ થઈ શકે છતાં પણ તારો વિચાર જ છે તો યુદ્ધની તૈયારી કર. તું નહિ જ માને તો હું લડી લઈશ. યુદ્ધનું પરિણામ કદી પણ મંગલમય નથી હોતું. તેની ખાતરી તને અત્યારે નહિ થતી હોય તો પછીથી થઈ રહેશે.'

*

કુંભકર્ણના પરાક્રમની પ્રશંસા કરીને એને યુક્તિ પ્રયુક્તિથી પ્રસન્ન કરીને રાવણ બપોર પછી રાજસભામાં પાછો ફર્યો ત્યારે અંગદ એની રાહ જોતો ઊભો હતો.

સભામાં અસ્વસ્થતા છવાયેલી જોઈને રાવણે પોતાના મંત્રીને એનું કારણ પૂછ્યું તો મંત્રીએ કહ્યું: 'આ સુદૃઢ વાનર પોતાને રામ તથા સુગ્રીવનો દૂત કહી બતાવે છે. એના શબ્દો સાંભળીને સભા બેચેન બની ગઈ છે.'

રાવણે સુવર્ણમય સિંહાસન પર બેસીને અંગદ તરફ દૃષ્ટિ ફેરવી એટલે અંગદ બોલ્યો: 'હું વાલીપુત્ર અંગદ છું. રામ તથા સુગ્રીવે મને દૂત તરીકે મોકલ્યો છે. એમણે વાનર સેનાની મદદથી સમુદ્ર પર સેતુ બાંધ્યો છે અને સમુદ્રને પાર કરીને આ બાજુ પડાવ નાંખ્યો છે.'

'સમુદ્રને પાર કરીને આ બાજુ પડાવ પણ નાખી દીધો?'

'હા.'

'શા માટે ?'

'રામ પત્ની સીતાને છોડાવવા માટે. રામ તથા સુગ્રીવની સાથે વાનરોની ઘણી મોટી સેના છે. એમણે મને કહેવા મોકલ્યો છે કે તું સીતાને છોડી દે.'

'સીતાને છોડી દઉં?'

'હા. સીતાને છોડી દેવાનું તારા હિતમાં છે. હજુ પણ એ હિતને સાધી લેવાનો સમય છે. કારણ કે હવે વખત થોડો જ છે અને એટલા વખતમાં કાંઈ નહિ થાય તો યુદ્ધની ભયંકર જ્વાળા ચારેતરફ સળગી ઊઠશે.'

રાવણે કહ્યું: 'હું યુદ્ધથી નથી ડરતો. યુદ્ધ મારે માટે કોઈ નવી વસ્તુ નથી. મેં જીવનમાં અનેકવાર યુદ્ધો કરી લીધાં છે. એવી રીતે એકવાર ફરી યુદ્ધ થાય તો ભલે થતું. પરંતુ સીતાને કોઈયે સંજોગોમાં નહિ

છોડું. રામ અને સુગ્રીવ તથા વાનરસેનાની વિસાત મારે મન કશી જ નથી. એમનો સર્વનાશ પાસે આવ્યો હોય તો એ ભલે યુદ્ધ કરી લે.'

'સર્વનાશ તો એમનો નથી આવ્યો પણ તારો આવી પહોંચ્યો છે.' અંગદે ઉત્તેજીત થઈને કહેવા માંડ્યું: 'એટલે તને તારા માથા પર મૃત્યુ ભમી રહ્યું છે તો પણ તારા હિતની વાત નથી સૂઝતી. રામ, સુગ્રીવ અને વાનરસેનાની વિસાત તારે મન ભલે કશી ન હોય, પણ એ લંકાને ઉજ્જડ કરી દેશે તેમજ તારા મદને પણ ઉતારશે.'

'મારા મદને ઉતારનારો આજ સુધી સંસારમાં કોઈ જ નથી પાક્યો.'

'એ તો તું કહે છે ને? એ તારું અજ્ઞાન છે. થોડા જ વખતમાં તને ખાતરી થશે ને જગત આખું જાણશે કે રામે તારો મદ ઉતારી દીધો.'

'વાનર, તું વધારે પડતું બોલે છે.'

'વધારે પડતું નથી બોલતો પરંતુ જે સાચું છે તે જ બોલી રહ્યો છું.'

'એનો દંડ તને હમણાં જ આપું છું. અરે, કોઈ છે કે? આ વાનરને કેદ કરો.'

રાવણની આજ્ઞા સાંભળીને બે-ત્રણ યોદ્ધાઓ દોડી આવ્યા અને અંગદને પકડવાનો પ્રયાસ કરવા લાગ્યા.

અંગદે એમને મુક્કા તથા લાતના પ્રહારથી બેશુદ્ધ બનાવી દીધા અને પોતાના માર્ગમાં આવનારા બીજાની પણ એવી જ દુર્દશા કરી. એ બહાર નીકળ્યો.

જતાં જતાં એ કહેતો ગયો: 'રામ તથા સુગ્રીવના દૂતને કેદ કરવાનો તારો પ્રયાસ નકામો ગયો તેવી રીતે યુદ્ધ કરીને જીતવાનો પ્રયાસ પણ નિષ્ફળ જશે. રામ તથા સુગ્રીવ પોતાના સહાયકો સાથે તારો સેના સહિત નાશ કરીને સીતાને મુક્ત કરશે.'

*

મંદોદરી અશોકવાટિકામાં સીતાને હિંમત આપતાં કહેવા માંડી: 'રામ તને જરૂર મુક્ત કરશે. એ માટેની શક્યતા દિનપ્રતિદિન વધતી જાય છે. તને જાણીને સાચેસાચ આનંદ થશે કે રામે વાનર સેનાની મદદથી સાગર પર સેતુ બાંધ્યો છે.'

'રામે સાગર પર સેતુ બાંધી દીધો?' સીતાના મુખમાંથી આશ્ચર્યોદ્દગાર નીકળી પડ્યાં: 'એ હકીકત સાચી હોય તો ભારે ઉલ્લાસજનક કહેવાય.'

'એ હકીકત તદ્દન સાચી છે. સ્વયં લંકાપતિએ મને તે કહી સંભળાવી છે.'

'એ સમાચાર સાંભળીને મને રોમાંચ થાય છે.'

'થાય જ. મારી દશા પણ એવી જ થયેલી. સાગર પર બંધાયેલા એ સેતુ પરથી પસાર થઈને વાનરોની વિશાળ સેના સાથે રામ અને લક્ષ્મણ લંકાની નજીકમાં ઉતર્યા છે. એ સમાચાર મને ખૂબ જ વિશ્વસ્ત સૂત્રો મારફત પ્રાપ્ત થયા છે.'

સીતા એ સાંભળીને શાંત રહી એટલે મંદોદરી આગળ બોલી: 'મને તો લાગે છે કે સાગર પરનો એ સેતુ તારા અને રામના વિરહી દિલને ફરીવાર જોડનારો અથવા એક કરનારો થઈ પડશે. લંકાપતિને મેં

ઘણુંય સમજાવી જોયા. હજુ પણ સમજાવી જોઈશ છતાં પણ એ નહિ માને તો જે ભયંકર યુદ્ધ ફાટી નીકળશે તેમાં લંકાનો નાશ થશે. એ વિનાશને ટાળવા માટે મારાથી બનતું બધું જ કરી છૂટું છું. તો પણ મને આજ સુધી સફળતા નથી મળી. જે થવાનું છે તે થઈને જ રહેશે એમ લાગ્યા કરે છે. લંકાપતિ પોતાના મદને લીધે હઠને નથી છોડી શકતાં. અને એના પરિણામનો વિચાર પણ નથી કરતાં.'

સીતા સાગરની અને એના પર બંધાયેલા સેતુની કલ્પના કરવા લાગી.

'સાગર પર સેતુ બાંધવો એ તો અત્યંત આશ્ચર્યકારક કામ કહેવાય. એણે કહ્યું : 'પરંતુ રામે એમના જીવનમાં અનેક આશ્ચર્યકારક કામ કરી બતાવ્યા છે. હવે મારું મન આશા તથા શ્રદ્ધાથી ભરાઈ ગયું. હવે મને પ્રતીતિ થઈ કે મારી મુક્તિ થશે ખરી. રામને મળવા માટે મારા આતુર થયેલા મનને હવે કદાચ શાંતિ મળી શકશે. એમને મળ્યે કેટલો બધો લાંબો વખત વીતી ગયો? મારું અંતર અને અંગેઅંગ એમને મળવા માટે અધીરું બન્યું છે. તેં મને જે સમાચાર આપ્યા તેથી મને થોડીક નિરાંત થઈ ને શાંતિ મળી છે. તેને માટે તારો આભાર માનું છું. તારો ઉપકાર કદી પણ નહિ ભૂલી શકું. તેં મારા હતાશ થયેલા હૈયાને હસતું કરવા તારાથી બનતું બધું જ કરી જોયું છે.'

મંદોદરી એનો હાથ પકડીને બોલી: 'મેં તો એક માયાળુ બહેન તરીકે તારા પ્રત્યેની મારી ફરજ જ બજાવી છે. એથી વિશેષ એવું કશું નથી કર્યું જેથી તારે મારો આભાર કે ઉપકાર માનવાનો હોય. તારા પ્રત્યે મને કોણ જાણે કેમ પણ પુષ્કળ પ્રેમ અને ઊંડી લાગણી થયા કરે છે. એથી પ્રેરાઈને જ હું તારી પાસે આવ્યા કરું છું. રામ તને મળશે ત્યારે તને તો આનંદ થશે જ પરંતુ મને પણ ઓછો આનંદ નહિ થાય. એ દિવસ મારા જીવનનો એક પરમ ધન્ય દિવસ થઈ પડશે. મને તારા માટે એવી મમતા છે.'

સીતા એ શબ્દો સાંભળીને સુખાનુભવ કરવા લાગી. અને મમતાની એ મહાદેવીને મધુરભાવે જોઈ રહી.

* * * * *

## ૬૧. મેઘનાદ ને કુંભકર્ણનો નાશ

અંગદે રામ, લક્ષ્મણ અને સુગ્રીવની પાસે પહોંચીને રાવણના મિથ્યાભિમાનની કથા કહી બતાવી. તેના પરથી તેમને ખાતરી થઈ કે સીતાની મુક્તિને માટે યુદ્ધ સિવાય બીજો કોઈયે રસ્તો નથી રહ્યો.

હનુમાને બધી વાત સાંભળીને કહ્યું: 'રાવણના સંહારનો સમય પાસે આવ્યો છે. એટલે જ એનું વર્તન આવું છે. હવે એના પર દયા કરવી અથવા રાહ જોવી નકામી છે. જે પણ સમય જાય છે તે સીતાને માટે ભારે યંત્રણા દેનારો સાબિત થાય છે. એનું આપણે ધ્યાન રાખવું જોઈએ. સીતાની ચિંતા તથા વેદનાનો વિચાર કરીને મારું અંતર આક્રંદ કરી ઊઠે છે.'

'મારી સલાહ પણ એવી જ છે.' વિભીષ બોલ્યો: 'રાવણનો સ્વભાવ જ એવો છે કે, એ યુદ્ધ વિના માનવાનો નથી. આપણે આપણી અસીમ શક્તિથી એને જરૂર પરાસ્ત કરીશું.'

લક્ષ્મણે કહ્યું: 'એ યુદ્ધ વિના નથી માને તેવો તો આપણે પણ યુદ્ધથી ડરીએ તેવા ક્યાં છે? એને લડવાની લાલસા હશે તો એ લાલસા આપણે હસતા હસતાં પૂરી કરીશું અને એને રણમેદાનમાં સુવાડી દઈશું.'

લક્ષ્મણના શબ્દો સાંભળીને રામ તથા સુગ્રીવે સ્મિત કર્યું. એમણે વાનરસેનાને વ્યવસ્થિત રીતે વહેંચી દીધી અને લંકા પર ચઢાઈ કરવાનો આદેશ આપ્યો.

હરખઘેલા, હિંમતવાળા, બળવાન વાનરો લંકાના દુર્ગના ચારે દ્વારો તરફ ધસી ગયા અને દુર્ગ પર ચઢીને તથા અંદર પ્રવેશીને રાક્ષસ સેનાનો વૃક્ષો, પથ્થરો અને પોતાના લોખંડી શરીરની મદદથી સંહાર કરવા લાગ્યા.

એમના પરાક્રમથી રાક્ષસ સેનામાં હાહાકાર મચી ગયો.

રાવણને એ વાતની માહિતી મળી ત્યારે એણે મેઘનાદની સલાહ લીધી.

મેઘનાદે મદભરી ભાષામાં કહ્યું: 'વાનરોનું બળ આપણા બળ આગળ કૂંજર પાસે કીડી બરાબર પણ નથી લાગતું. વાનરો સંખ્યામાં ગમે તેટલા વધારે હોય તો પણ આપણા આહાર બરાબર છે. એ આપણી ક્ષુધાના શમન માટે જ મોકલાયા હોય એવું લાગ્યા કરે છે. એ પ્રારંભમાં થોડું ઘણું પરાક્રમ ભલે કરી લે, પરંતુ એમની સાચી કસોટી તો રણમાં મારો સામનો કરવાનો સમય આવશે ત્યારે થશે. રામ, લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન તેમજ વિભીષણનો પરાજય કરવાની મારામાં પૂરતી તાકાત છે. હું યુદ્ધના મેદાનમાં જઉં પછી શું થાય છે તે જોઈ લેજો.'

રાવણે મેઘનાદની પીઠ થાબડીને કહ્યું: 'તારી શક્તિમાં મને પૂરો વિશ્વાસ છે. તારી એ અસાધારણ શક્તિ આગળ ઇન્દ્ર પણ લાચાર બની ગયેલો. તો પછી આ સામાન્ય વાનરોની શી વિસાત છે? એમને જીતવા માટે તું એકલો જ પૂરતો છે. તે છતાં પણ તારી સાથે કુંભકર્ણ છે. તમે બે સાથે મળીને સમસ્ત સંસારને જીતી શકો તેમ છો.'

રાવણના વચન સાંભળીને મેઘનાદનો ઉત્સાહ વધી ગયો.

બીજે દિવસે એ વાનરસેના સામે યુદ્ધ કરવા માટે નીકળી પડ્યો.

લંકાની બહાર આવીને એણે ભયંકર ગર્જના કરી.

એ ગર્જના સાંભળીને અને એને ઓળખીને વાનરયોદ્ધાઓ એના પર તૂટી પડ્યા.

કેટલાક એના શરીર પર ચઢી ગયા તો કેટલાક એના પર પ્રહાર કરવા લાગ્યા.

બીજા દિવસના ઘોર યુદ્ધમાં એણે પોતાની માયાથી વાનર સેનાને મોહિત કરી દીધી. ત્યારે લક્ષ્મણે એની આગળ આવીને એને યુદ્ધ માટે લલકાર કર્યો.

'તારામાં સામર્થ્ય હોય તો મારી સામે આવી જા અને મારી શક્તિનો સ્વાદ ચાખ. સામાન્ય કોટિના વાનરયોદ્ધાઓને તારું પરાક્રમ શું બતાવી રહ્યો છે!'

મેઘનાદે લક્ષ્મણના પડકારને ઝીલી લીધો અને કહ્યું: 'તને તારા જીવન પર પ્રેમ ન હોય તો તું પણ આગળ આવ. અને મારા પરાક્રમનો સ્વાદ ચાખ.'

બંને વચ્ચે ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું. વાનરોએ પણ એ યુદ્ધમાં ભાગ લીધો.

પરંતુ અસાધારણ પરાક્રમ બતાવનારા લક્ષ્મણને માટે એ યુદ્ધ ભારે અપશુકનિયાળ નીવડ્યું. મધ્યાહ્ન પછીના યુદ્ધમાં મેઘનાદે જે મરણતોલ શક્તિપ્રયોગ કર્યો તેથી લક્ષ્મણ બેહોશ બની ગયો. છાતીમાં વાગેલી એ શક્તિ એને માટે અત્યંત અમંગલ થઈ પડી.

લક્ષ્મણને બેશુદ્ધ દશામાં ધરતી પર ઢળી પડેલો જોઈને મેઘનાદની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

રાવણે એના મુખથી એના પરાક્રમની વાત જાણી ત્યારે એને પણ અતિશય આનંદ થયો.

એણે મેઘનાદને ભાવપૂર્વક ભેટી પડતાં કહ્યું: 'તારું લોકોત્તર સામર્થ્ય આજે સફળ થયું. આજે તે યુદ્ધભૂમિમાં જે વિશેષ પરાક્રમ કરી બતાવ્યું તેથી વાનરસેના લંકા પર આક્રમણ કરવા માટે અફસોસ કરી રહી હશે. રામ અને સુગ્રીવને પણ પોતાના દુઃસાહસ બદલ દુઃખ થતું હશે. હવે મને સહેજ પણ શંકા નથી થતી કે લક્ષ્મણની પેઠે રામ તથા સુગ્રીવને પણ તું ધરાશાયી કરી દેશે. એ તારી સામે નહિ ટકી શકે.'

*

લક્ષ્મણને યુદ્ધભૂમિ પર અચેતાવસ્થામાં ઢળી પડેલો જોઈને રામ, સુગ્રીવ તથા બીજા સૌના શોકનો પાર ન રહ્યો. રામ એની પાસે બેસીને હૃદયથી રુદન કરવા લાગ્યાં.

એમને થયું કે લક્ષ્મણ જેવા ભાઈને ખોઈને અયોધ્યામાં જઈને હું શું મોઢું બતાવીશ? મારાથી અયોધ્યામાં જવાશે જ કેવી રીતે ? મારી સાથે લક્ષ્મણને ન જોવાથી કૌશલ્યાદિ માતાઓ, સીતા તથા ઊર્મિલાની દશા કેવી થશે? ઊર્મિલાની દશા તો ખૂબ જ દુઃખમય થઈ પડશે. એણે લક્ષ્મણને કેટલા બધા પ્રેમ અને ઉત્સાહથી મારી સાથે વનમાં આવવાની અનુમતિ આપેલી! લક્ષ્મણના પુનર્મિલનની પ્રતીક્ષામાં એ વનવાસની અવધિના વરસોને ગણતી બેસી રહી હશે. એ જ્યારે જાણશે કે સીતા મારી સાથે અયોધ્યામાં આવી છે પરંતુ એનો પ્રાણપ્યારો લક્ષ્મણ નથી આવી શક્યો ત્યારે એની દશા કેટલી બધી કરુણ થઈ પડશે? એ જોઈને એ જીવતી જ નહિ રહી શકે. એ એજ વખતે મૂર્છિત અને અચેત બની જશે.'

થોડા વખત લગી એવી રીતે વિલાપ કરીને રામે પોતાની જાતને સંભાળી લીધી અને વિભીષણને કહ્યું: 'લક્ષ્મણને ઉગારવાનો બનતો બધો જ પ્રયાસ કરવામાં જરા પણ વિલંબ ન કરવો જોઈએ. એને ઉગારવા માટે શું થઈ શકે તેમ છે એ આપણે વિચારી જોઈએ.'

વિભીષણની સૂચનાનુસાર, રામની આજ્ઞાથી હનુમાન લંકાના સુપ્રસિદ્ધ સુષેણ વૈદ્યને લઈ આવ્યા.

એમણે લક્ષ્મણની નાડીનું નિરીક્ષણ કરીને જણાવ્યું: 'લક્ષ્મણ અચેતાવસ્થામાં છે એટલું જ, પરંતુ એમના જીવનનો અંત નથી આવ્યો. હજુ એમને માટે આશા છે. હિમાલયના પર્વત પર થનારી સંજીવની બૂટીને પ્રાતઃકાળ થતાં પહેલાં જો લાવી આપવામાં આવે તો એના પ્રયોગથી એમને જીવતા કરી શકાશે. બૂટીને એટલા અલ્પ જ વખતમાં લાવી આપવાનું કામ મોટી બહાદુરીનું છે, પરંતુ એમનું જીવન બચાવી લેવું હોય તો તેને કર્યા સિવાય છૂટકો નથી.'

રામે આજુબાજુ બેઠેલા બધાં તરફ દૃષ્ટિ ફેરવી.

એમને થયું કે આવા સાહસપૂર્ણ કાર્ય માટે કોણ તૈયાર થાય? એમને હનુમાનનું સ્મરણ થયું.

વીરશ્રેષ્ઠ હનુમાન બાજુમાં જ બેઠેલા.

રામના મનોભાવને જાણી લઈને એમણે કહ્યું: 'તમારી તથા લક્ષ્મણની સેવા માટે હું તૈયાર છું. તે માટે જ મારું જીવન છે. તમારી આજ્ઞા હોય તો બનતી વહેલી તકે એ બૂટી લઈ આવું.'

રામે પ્રસન્ન થઈને એમને આશીર્વાદ આપ્યો: 'હનુમાન, તમે એ કાર્ય જરૂર કરી શકશો. તમે મહાવીર છો અને આવાં મહાન કાર્ય કરવા માટે જ જન્મ્યા છો. તમે મને અણીને વખતે મદદ કરી છે. તમે જ સુગ્રીવનો પરિચય કરાવ્યો. સીતાની ભાળ કાઢી અને વિભીષણની મિત્રતામાં મદદરૂપ થયા. હવે લક્ષ્મણના જીવનની રક્ષા કરવાનું કિમતી કામ પણ તમારે જ કરવાનું છે.'

'જે જીવન તમારી સેવા કે સહાયતામાં કામ લાગે છે તે જીવન જ સાચા અર્થમાં જીવન છે. મારું મોટું ભાગ્ય છે કે મને એવા જીવનની પ્રાપ્તિ થઈ છે.'

સુષેણ વૈદ્ય પાસેથી સંજીવની બૂટીનો પરિચય પ્રાપ્ત કરીને હનુમાન રામ તથા સુગ્રીવને પ્રણામ કરીને આકાશ માર્ગે ચાલી નીકળ્યા. એમના પ્રાણમાં રામને માટેના ઉછાળા મારતાં પવિત્ર પ્રેમે એમના અસીમ સામર્થ્યમાં અભિવૃદ્ધિ કરી.

હિમાલય પર્વતના પવિત્ર પ્રદેશમાં પહોંચીને સંજીવની બૂટીવાળા વિશાળ શીલાખંડને ઉચકીને હનુમાન લંકા તરફ પાછા ફર્યા ત્યારે એમના અંતરમાં અવર્ણનીય આનંદ ઉછળવા માંડ્યો. રાત્રિના અંધકારમાં ફેલાયેલા ચંદ્રના આછા પ્રકાશમાં એ આગળ વધવા માંડ્યાં. થોડીવારમાં તો, પ્રાતઃકાળના પ્રારંભ પહેલાં જ બ્રાહ્મમૂહૂર્તમાં, એ લંકામાં આવી પહોંચ્યાં. રામ, સુગ્રીવ, વિભીષણ તથા બીજા વાનર યોદ્ધાઓ એમને સંજીવની બૂટી સાથે પાછા ફરેલા જોઈને અતિશય આનંદ પામ્યાં.

સુષેણ વૈદ્યે શીલાખંડ પરની એ બૂટીનો પ્રયોગ કરીને લક્ષ્મણને સચેત કર્યો. આંખ ઉઘાડીને ઊંઘમાંથી જાગતા હોય એમ જાગીને લક્ષ્મણ બેઠા થયા ત્યારે સૌની પ્રસન્નતાનો પાર ના રહ્યો. જાગતાવેંત જ એ બોલી ઉઠ્યા: 'ઊર્મિલા, તું ક્યાં છે? તું કહેતી હોય તો હું પ્રાણપ્યારા રામની તથા સીતાની સાથે એમની સેવા માટે વનમાં જાઉં.'

રામે એને આલિંગન આપીને કહ્યું: 'ઊર્મિલા તો અયોધ્યામાં છે, અને આ તો અયોધ્યા નહિ પણ લંકા છે. ઊર્મિલાની અનુમતિથી તું અમારી સાથે વનમાં ક્યારનોય આવી પહોંચ્યો છે. હવે તો વનવાસનો એ વખત પૂરો પણ થવા આવ્યો છે. એ બધું શું ભૂલી ગયો?'

પરંતુ લક્ષ્મણ જાણે કે એ ન સાંભળતો હોય તેમ બોલ્યોઃ 'ઊર્મિલા, જાણું છું કે, તારું કાળજું કોડે ભરેલું છે. તને મારા પ્રત્યે પ્રેમ છે. આપણે હજુ હમણાં જ લગ્નગ્રંથિથી જોડાયા છે. એટલે મારી વનમાં જવાની માગણીની તારા પર કદાચ બહુ સારી અસર નહિ થાય. છતાં પણ આ સમય આપણા પ્યારા રામને માટે જેટલું બને તેટલું સમર્પણ કરવાનો છે. તું એવું સમર્પણ કરી શકીશ એવો મને વિશ્વાસ છે. તારું હૃદય એવું ઉત્તમ છે. તું મને રામની સાથે જવા દઈશ તો તારો કાયમ માટે ઋણી રહીશ, ઊર્મિલા!'

લક્ષ્મણના ઉદ્દગારોને રામ સમજી ન શક્યા. એ બોલ્યાઃ 'તું આ શું બોલી રહ્યો છે? ઊર્મિલાએ તો તને હા પાડી, એણે મોટામાં મોટું સમર્પણ કરી બતાવ્યું એટલે તો તું મારી સાથે આવી શક્યો. એ વાતને તો વરસો વીતી ગયાં.'

સુષેણ વૈદ્યે કહ્યું: 'લક્ષ્મણ હજુ સંપૂર્ણ સચેત નથી થયા, એટલે જ આવાં વિચિત્ર ઉદ્દગારો કાઢી રહ્યા છે. થોડા જ વખતમાં એમને પૂરું ચેતન પ્રાપ્ત થશે. પછી આવું નહિ બોલે.'

'ઓહો ઊર્મિલા!' લક્ષ્મણ ફરી બોલ્યાઃ 'તે મને અરણ્યમાં જવાની અનુમતિ આપીને ઘણું મોટું કામ કરી બતાવ્યું. આવું કિંમતી કામ બીજું કોઈ ભાગ્યે જ કરી શકે. ના, સીતાય ના કરી શકે અને મારાથીયે ના કરી શકાય. રામ આટલા બધા મહાન છે તો પણ કદાચ એ પણ ના કરી શકે. તારું હૃદય અલૌકિક છે, ઊર્મિલા! એને હું નહિ ભૂલી શકું. તારો આશીર્વાદ માંગુ છું. એ આશીર્વાદ જ મને મારા પુરુષાર્થમાં પ્રેરણા પાશે અને સર્વપ્રકારે સફળ કરીને અયોધ્યામાં પાછો લાવશે.'

'એના આશીર્વાદથી જ તું ઉગરી શક્યો છે, લક્ષ્મણ!' રામથી બોલ્યા વિના ન રહી શકાયું, 'એ મહાદેવીની લાગણી જ તને જીવાડી શકી. અમારી આંખ આગળ છવાયેલો અંધકાર હવે દૂર થયો.'

થોડીવારમાં તો લક્ષ્મણને સંપૂર્ણ સચેતાવસ્થા પ્રાપ્ત થઈ.

રામને જાણે નવું જીવન મળ્યું.

હનુમાનને પોતાના પરિશ્રમની સફળતાનો સંતોષ થયો.

સમસ્ત વાનરસેનામાં નવો ઉત્સાહ ફરી વળ્યો.

મેઘનાદને એ સમાચાર પ્રાપ્ત થયા એટલે વિશેષ સામર્થ્ય પ્રાપ્ત કરવાની આકાંક્ષાથી પ્રેરાઈને એણે એક યજ્ઞનો આરંભ કર્યો. એ યજ્ઞની મદદથી એને એજેય બનવાની ઈચ્છા હતી.

પરંતુ વિભીષણની સૂચનાનુસાર ચાલીને વાનરસેનાએ અમંગલ યજ્ઞનો વિધ્વંશ કર્યો.

એથી ઉશ્કેરાયેલો મેઘનાદ લક્ષ્મણનો સામનો કરવા તૈયાર થયો. પરંતુ ફાવી ન શક્યો. લક્ષ્મણે જોતજોતાંમાં એનો નાશ કરી દીધો.

મેઘનાદના મૃત્યુથી લંકામાં બધે શોક છવાઈ ગયો.

રાવણ અને મંદોદરી બંનેના દુઃખનો પાર ન રહ્યો.

બીજે દિવસે કુંભકર્ણે મેઘનાદના મૃત્યુનું વેર વાળવાની ઈચ્છાથી અભૂતપૂર્વ પરાક્રમ કરીને સમસ્ત વાનરસેનામાં હાહાકાર મચાવી દીધો. એણે જુદી જુદી જાતની માયા કરીને મોટા ભાગના વાનરોને આંજી દીધા, ભયભીત કર્યા, અને મૃત્યુના મુખમાં હોમી દીધા. તો પણ વાનરસેનાએ એનો પૂરેપૂરો સામનો કર્યો, અને એને ઘાયલ તથા લોહીલુહાણ કરી દીધો.

બે દિવસના શિરસટોસટના સંગ્રામ પછી રામે એની છાતીને બાણની વર્ષા કરી ચીરી નાખી અને એના મસ્તકને પણ ધડથી અલગ કરી દીધું.

મરતી વખતે કુંભકર્ણે રામને સંબોધીને કહ્યું: 'રાવણને મેં સીતાનો ત્યાગ કરવા માટે ઘણો સમજાવી જોયો છતાં પણ એણે મારી શિખામણ ન માની એટલે મારે તમારી સાથે ન છૂટકે લડવું પડ્યું. મને મૃત્યુનો ભય કે શોક નથી એથી શાંતિથી મરું છું. એ હજુ પણ સમજી જાય તો સારું નહિ તો પોતાની સાથે સમસ્ત કુળનો નાશ કરશે. કોઈ કોઈને અંજલિ આપવા પણ નહિ રહે.'

એણે રામને મનોમન પ્રણામ કર્યા ને પોતાની આંખ મીંચી દીધી.

* * * * *

## ૬૨. રાવણનો રોષ

મેઘનાદ તથા કુંભકર્ણ જેવા મહાપ્રતાપી યોદ્ધાઓનો નાશ થવાથી રાવણની ચિંતા અને પીડાનો પાર ન રહ્યો. થોડા વખતને માટે એમના સંહારના સમાચારને એ સાચા ન માની શક્યો, પરંતુ પછી એની યથાર્થતા પ્રતીતિ થતાં એ અવાક બની ગયો, અને આંસુ સારવા લાગ્યો.

એ ગમે તેવો કઠોર હતો તો પણ એના અંતરના ઊંડાણમાં લાગણીનો પ્રવાહ વહી રહેલો. એ પ્રવાહ પત્થરની પાછળથી માર્ગ કરીને બહાર આવતા પાણીના રેલાની પેઠે બહાર આવ્યો.

લાંબા વખત લગી એ લાગણી તથા વિચારમાં ડૂબીને એકલો બેસી રહ્યો. પછી આંટા મારવા માંડ્યો.

પરંતુ એથી એનું હૃદયપરિવર્તન થયું અથવા થવા માંડ્યું એવું થોડું જ છે?

હાર્યો જુગારી બમણું રમે એવી વિપરીત એની દશા થઈ.

એણે પોતાના છેલ્લા શ્વાસ સુધી રામ, લક્ષ્મણ, સુગ્રીવ તથા સમસ્ત વાનરસેનાનો મુકાબલો કરવાનો નિર્ણય કર્યો, અથવા કહો કે એ નિર્ણયને વધારે દૃઢ કર્યો.

મંદોદરીએ એને ફરી વાર ખૂબ જ સમજાવ્યો છતાં પણ એનામાં ફેર ન પડી શક્યો.

મંદોદરીએ એને યુદ્ધની ભીષણતાનો ખ્યાલ આપતાં કહ્યું: ‘આ યુદ્ધ કેટલું બધું ભીષણ પુરવાર થયું છે એનો વિચાર તો કરી જુઓ. એમાં મેઘનાદ તથા કુંભકર્ણ જેવા કેટલાય વીરોનો નાશ થયો છે. તમારા મિથ્યાભિમાન તથા તમારી હઠને લીધે જ આ આતંક આવી પડ્યું છે. હજુ પણ તમે સમજી જાવ અને એ હઠ છોડી દો તો સારું.’

રાવણે લૂખું હસીને કહેવા માંડ્યું: ‘યુદ્ધ હંમેશા ભીષણ જ હોય, એની ભીષણતા સદા આવી જ હોય છે. એને તારા કરતાં હું વધારે જાણું છું. કારણ કે મેં યુદ્ધો કરેલાં છે. જે યુદ્ધની ભીષણતાથી ડરે છે તે યુદ્ધ નથી કરી શકતો. યુદ્ધ કરવા માટે તે યોગ્ય જ નથી. તને મારી હઠ દેખાતી હોય તો પણ મારાથી એ હઠને નહિ છોડી શકાય. મને લાગે છે કે, મેં પહેલેથી જ અમંગલ પંથે પ્રયાણ કર્યું છે. તો પણ એનો પરિત્યાગ હવે નહિ કરી શકું. હવે તો ક્યાં તો હું રહું ક્યાં રામ રહે. તું મિથ્યાભિમાનની વાત કરી રહી છે, પરંતુ મિથ્યાભિમાન મારી અંદર નથી પણ રામમાં છે. એટલે તો એ મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થયા છે.’

‘એ યુદ્ધ ન કરે તો બીજું શું કરે? તમે સીતાને છોડવા માંગતા જ નથી. તો એ દશામાં એ શું બે હાથ જોડીને બેસી રહે? સીતાને છોડાવવાની પોતાની ફરજનો ત્યાગ કરીને શું એ કાયર થઈ પાછા ફરે? સમજવાનું તો તમારે છે, અને સમજીને તમારે એમની સાથે ન્યાયી વર્તન કરવા તૈયાર થવાનું છે. તેને બદલે તમે તો ચોર કોટવાલને દંડે એવું કરી રહ્યા છો.’

‘હું ચોર છું?’

‘તમને ચોર તો કેવી રીતે કહી શકું? એવું કહેવા માટે મારી જીભ જ કેવી રીતે ઉપડી શકે? છતાં પણ તમે ચોરી તો કરી જ છે. પારકી સ્ત્રીનું હરણ કરવાનું કામ ભારે ક્રુર, અમંગલ અને ચોરી કરતાં પણ વધારે છે. એ અનૈતિક કર્મનો બચાવ તો કોઈયે સંજોગોમાં ન કરી શકાય.’

'મંદોદરી, તું મારી સૌથી પ્રિય પત્ની અથવા પટરાણી હોવા છતાં સીતા તથા રામનો પક્ષ તાણે છે એ જોઈને મને ખૂબ જ નવાઈ લાગે છે. પહેલેથી જ તું મને અન્યાય કરી રહી છે.'

મંદોદરી મંદ છતાં મીઠા સ્વરે બોલી: 'હું તમને અન્યાય નથી કરી રહી, પરંતુ ન્યાય જ કરી રહી છું. તમે સહેજ શાંતિપૂર્વક વિચારી જોશો તો મારી વાતને સારી પેઠે સમજી શકશો. હું રામ કે સીતાનો પક્ષ નથી તાણતી પરંતુ સત્યનો અથવા ન્યાયનો પક્ષ તાણી રહી છું. તેનું સમર્થન કરી રહી છું. એની પાછળ ઊંડી ઊંડી આશા એટલી જ છે કે, મારી સામે થનારા અધર્મમાંથી પાછા વાળીને બીજાની સાથે તમારું પણ હિત કરી શકું અને તમને વિનાશમાંથી બચાવી શકું.'

'મારો વિનાશ કરે એવું છે જ કોણ? હું તો કોઈને નથી દેખતો.'

'તમે દેખી શકતા હો કે ન દેખી શકતા હો પણ હું તો મારી આંખ ઉઘાડી હોવાથી દેખી રહી છું. જેણે કુંભકર્ણ જેવાનો નાશ કર્યો એ તમારો પણ નાશ કરી શકશે. મને લાગે છે કે એને માટેની ઘડીઓ ગણાઈ રહી છે.'

'પરંતુ મને મળેલા વરદાનને લીધે હું તો અમર છું.'

'બિલકુલ નહિ. અસત્ય, અનીતિ અથવા અધર્મ કદી પણ અમર નથી બની શકતા. એમનો નાશ થાય છે જ. તમને વરદાન મળ્યું છે એ સાચું, પરંતુ મનુષ્યથી ન મરવાનું વરદાન ક્યાં મળ્યું?'

રાવણે અટ્ટહાસ્ય કરીને કહ્યું: 'તું પણ ખરી બુદ્ધિશાળી નીકળી. મનુષ્યનો મને ભય જ ક્યાં છે કે એનાથી ન મરવાનું મારે વરદાન માગવું પડે?'

'મને તો લાગે છે કે, મનુષ્યરૂપ ધારી રામ જ તમારા કાળ બનીને આવી પહોંચ્યા છે. મને તેની ચિંતા થાય છે. ત્યારે તમે ચિંતારહિત થઈને અટ્ટહાસ્ય કરી રહ્યા છો.'

'તું નકામી ચિંતા કરી રહી છે. રામ જેવા હજાર રામ એકઠાં થશે તો પણ મારું મૃત્યુ નહિ નીપજાવી શકે. હા, રામનો નાશ મારા હાથે જરૂર થશે. પછી નિરાશ બનેલી સીતા મારા કહ્યા પ્રમાણે જરૂર કરશે.'

'એવી આશા નકામી છે. સીતા મરી જશે પણ તમારા કહ્યા પ્રમાણે નહિ કરે.'

'તો પછી હું એને જીવતી નહિ રાખું.'

*

બીજે દિવસે રાવણે રાક્ષસસેનાનું નેતૃત્વ સંભાળ્યું અને પૂરેપૂરા ઝનૂનથી લડવા માંડ્યું.

એણે અનેક પ્રકારની માયા કરી તેથી વાનરસેના વ્યાકુળ બની ગઈ.

રામ, લક્ષ્મણ, હનુમાન તથા સુગ્રીવે પોતાનું પરાક્રમ બરાબર બતાવી આપ્યું. એથી રાવણ સારી પેઠે ઘવાયો. સાંજનો સમય થતાં એના ઘોડા, રથ તથા સારથિનો નાશ થવાથી એ નવી યુદ્ધ સામગ્રી લેવા લંકામાં જઈ પહોંચ્યો.

એ રાતે પણ મંદોદરીએ એને સમજાવી જોયો, પરંતુ એ ન માન્યો. એણે ક્રોધે ભરાઈને કહ્યું: 'આજે સીતા નહિ માને તો એનું મસ્તક ઉડાવી દઈશ. પછી રામ યુદ્ધ કર્યા વિના જ પાછા ફરશે.'

મંદોદરીએ પૂછ્યું: 'તમે સીતાના મસ્તકને ઉડાવી દેશો તો રામ તમને જીવતા રહેવા દેશે ખરા? નિર્દોષ સીતાને શા માટે વધારે હેરાન કરી રહ્યા છો?'

પરંતુ રાવણને મંદોદરીના પ્રશ્નની જરા પણ નહોતી પડી. એ કૃતસંકલ્પ હતો. અશોકવાટિકામાં સીતા પાસે જવા માટે એ ચાલી નીકળ્યો. એની પાછળ જવાનો મંદોદરીએ પણ નિર્ણય કર્યો.

અશોકવાટિકામાં સીતા ચોતરા પર વૃક્ષને અઢેલીને બેઠી હતી. એનું મુખ મ્લાન હતું. સૂકા વાળ શિર પર જેમતેમ બાંધી રાખેલા. શરીર પર સફેદ વસ્ત્ર વીંટાળેલું. એનું મન તથા હૃદય રામના ચિંતન-મનનમાં મગ્ન હતું.

રાવણે એને પૂછ્યું: 'હજુ પણ તારું મન માન્યું કે નહિ? તારામાં પરિવર્તન થયું?'

'મારું હૃદય જેવું છે તેવું જ છે.' સીતાએ નજર નીચી ઢાળીને કહ્યું: 'મારું મન રામ મળશે ત્યારે જ માની શકશે. તે વિના નહિ માને.'

'રામ તો તને મળશે જ નહિ.'

'એ તો તું કહે છે ને? મારું હૃદય નથી કહેતું. મારું હૃદય તો કહે છે રામ મને જરૂર મળશે.'

'એનો અર્થ એવો થયો કે, તારા વિચારોમાં કોઈ જાતનું પરિવર્તન નથી થયું?'

'હા એવો જ થયો અને એવો પણ થયો કે, એમાં કોઈ પ્રકારનું પરિવર્તન થવાનું પણ નથી. તું મારા પરિવર્તનની આશા રાખતો હોય તો એ આશા નકામી છે.'

'સીતા, તું હાથે કરીને શા માટે મૃત્યુના મુખમાં પડે છે?'

'હું મૃત્યુથી નથી ડરતી. મૃત્યુ આવવાનું હોય તો ભલે આવે પરંતુ એના ભયથી મારાથી મારી મરજી વિરુદ્ધનું ખોટું કામ કરવા તૈયાર નહિ થઈ શકાય.'

રાવણ રોષે ભરાઈને બોલ્યો: 'મારી તલવાર જોઈ છે? હમણાં જ તે તારા મસ્તક પર ફરી વળશે.'

સીતા સહેજ પણ ગભરાયા સિવાય શાંતિથી બોલી: 'એ તલવાર મેં એકવાર નહિ, અનેકવાર જોઈ છે. એ મને નહિ ડરાવી શકે. મારું મસ્તક તો સલામત રહેશે, પરંતુ રામના તીક્ષ્ણ બાણના પ્રહારથી તારું મસ્તક જરૂર તૂટી પડશે.'

'હું તને મારી નાખીશ પછી રામની શી દશા થશે તેની જરા કલ્પના તો કરી જો.'

'એની કલ્પના શા માટે કરું? તું મને મારી શકે તેમ જ નથી. મને એનો જરા પણ ભય નથી લાગતો. કોઈ સંજોગોમાં તું મને મારી નાખીશ તો રામ અને લક્ષ્મણ તને જીવતો નહિ રહેવા દે. મને માર્યા પછી તારી દશા કેવી થશે તેની કલ્પના કરી જો.'

'મને મારી શકે એવું છે જ કોણ?'

'રામનો જન્મ એટલા માટે જ થયો લાગે છે-તારા મદને ઉતારવા. એ તારા કાળ થઈને આવી પહોંચ્યા છે, પરંતુ તું મોહાંધ હોવાથી જોઈ નથી શકતો અને વિચારભ્રષ્ટ હોવાથી વિચારી નથી શકતો.'

'એમ? તો પછી તારા મસ્તકને હમણાં જ અલગ કરું.'

એમ કહીને રાવણે સીતાને મારવા માટે તલવાર બહાર કાઢી, પરંતુ એ જ વખતે મંદોદરી તથા ત્રિજટા વચ્ચે પડી.

મંદોદરીએ રાવણનો હાથ પકડી લીધો ને સીતાની આગળ ઊભી રહીને કહ્યું: 'સીતાનો નાશ એટલી સહેલાઈથી નહિ કરી શકાય. એની ઉપર પ્રહાર કરતા પહેલાં મારા પર પ્રહાર કરવો પડશે. હું જીવતી હોઈશ ત્યાં સુધી એને નહિ મરવા દઉં.'

રાવણે એને આઘી ખસેડવાનો પ્રયાસ કર્યો, પણ એ ન ખસી.

એણે પૂછ્યું: 'મને ઈશ્વરે મોકલી આપી. તમે એકબાજુ રામનો સેના સહિત સંહાર કરવાની બડાઈ હાંકો છો અને બીજી બાજુ આવી રીતે કાયર બનીને એક નિર્દોષ સ્ત્રીની કતલ કરવા તૈયાર થાવ છો તે તમને શરમ નથી આવતી? સીતાને આપેલા તમારા વચનનું પાલન તો કરો. હજુ તો તમારી આપેલી અવધિ પ્રમાણે પૂરો મહિનો પણ નથી થયો. એવી રીતે વચનબદ્ધ થઈને એના પર તલવાર ઉગામવાની તૈયારી કરો છો તે તમને શોભે છે? તમારા બાહુબળનો તમને ગર્વ હોય અને તેનો પરચો બતાવવાની તમને ઈચ્છા હોય તો યુદ્ધ મેદાનમાં રામ, લક્ષ્મણ અને સુગ્રીવ જેવા શૂરવીરને બતાવજો. સીતા જેવી સ્ત્રીને શું બતાવો છો?'

ત્રિજટા ધીરે રહીને બોલી: 'સીતા જેવી સતી સ્ત્રીનો વધ કરવામાં જરા પણ બુદ્ધિમાની નથી લાગતી. એનો વધ કરીને તો તમે કાયમનો અપયશ વહોરી લેશો અને પાપના ભાગી થશો.'

'પુલસ્ત્યમુનિના કુળમાં જન્મીને તથા પંડિત થઈને આવું અધમ કામ કરતાં તમારું હૃદય પાછું નથી પડતું?'

'એને હૃદય જેવું કાંઈ છે જ નહિ.' સીતા બોલી: 'પછી એના પાછા પડવાનો પ્રશ્ન જ ક્યાં પેદા થાય છે? રામના પરાક્રમની વાત સાંભળીને એની હિંમત તૂટી ગઈ લાગે છે. એમની સાથે લડીને એ પોતાની વીરતાનું પ્રદર્શન કરવા માંગે છે.'

રાવણ બોલ્યો: 'રામના પરાક્રમથી મારી હિંમત તૂટી નથી ગઈ. એ એવીને એવી જ છે. અને મારી વીરતા કેવી અદ્દભુત છે તે પણ હું રણમેદાનમાં રામને મારીને બતાવી આપીશ.'

એવું કહીને તલવારને મ્યાન કરીને રાવણ ચાલી નીકળ્યો.

એના ગયા પછી સીતા ભાવવિભોર બનીને રડી પડી ને મંદોદરીને સંબોધીને બોલી: 'આજે તું ન હોત તો કદાચ મારો નાશ થઈ જાત.'

'હું તો માત્ર નિમિત્ત છું.' મંદોદરી બોલી: 'બાકી સાચું કહું તો રામ પ્રત્યેના તારા પવિત્ર પ્રેમે જ તને બચાવી છે. એ પ્રેમ જ તારી રક્ષા કરી રહ્યો છે. એથી વધારે સાચો સંરક્ષક બીજો કોઈ જ નથી. એ જ તારી રક્ષા કરશે અને તને રામનો સુખદ સહવાસ તેમજ શાંતિ ધરશે. પવિત્ર પ્રેમની પ્રખર શક્તિને જાણું છું માટે જ એવું કહી રહી છું. હવે તો તારી મુક્તિનો મંગલમય કાળ તદ્દન પાસે છે. વિરહની વ્યથામાં જેટલો વીતાવ્યો છે તેટલો વખત નથી વીતાવવાનો. તને કદાચ ખબર નહી હોય પણ યુદ્ધમાં મેઘનાદ, કુંભકર્ણ તથા બીજા મહાબળવાન પ્રતાપી યોદ્ધાઓનો નાશ થયો છે. હવે લંકાપતિ જ બાકી રહ્યા છે. એટલે જ એમણે તારા પર રોષ ઠાલવી બતાવ્યો. પરંતુ એથી શું વળે?'

'ત્રિજટા મને યુદ્ધના સઘળાં સમાચાર કહી બતાવે છે. એ મારા પર માતા જેવો જ સ્નેહ રાખે છે. એની મમતા મને મારી માતાની યાદ આપે છે.'

'બસ ત્યારે, હવે તું એક પણ આંસુ ન સારતી કે એક પણ નિઃસાસો ન નાખતી. તારાં આંસુ, તારા નિઃસાસા અને તારી વ્યથા જોઈને મારું દિલ દુઃખી થાય છે અને વલોવાઈ જાય છે. આંસુ સારવાને બદલે તું કરે છે તેમ અંતરના ઊંડાણમાંથી પ્રાર્થના કરતી રહે. એ જરૂર સફળ થશે.'

સીતા મંદોદરી તરફ નેહભરી મીઠી નજરે જોઈ રહી અને પછી ગદ્‌ગદ્ સ્વરે બોલી: 'મંદોદરી, તારા પવિત્ર પ્રબળ પ્રેમને ને તારી મારા માટેની મીઠી લાગણીને આ જન્મમાં તો શું પરંતુ જન્મોજન્મ સુધી નહિ ભૂલી શકું. જન્મોજન્મ સુધી તારા ઉપકારમાંથી નહિ છૂટી શકું.'

'પાછી મારા ઉપકારની વાત યાદ કરી? મને એ વાતનો એવો ઉલ્લેખ જરા પણ સારો નથી લાગતો. ઉપકાર તો અમારી, લંકાની પ્રજાની, તથા સમસ્ત સંસારની આગળ પ્રતિકૂળતાની વચ્ચે પણ અખંડ રહેનારા પવિત્ર પ્રેમનું દૃષ્ટાંત રજૂ કરીને તેં કર્યો છે. તેં અમને પ્રેરણા ધરી છે, અને પાશવી બળની સામે આત્મબળના વિજયમાં અમારી શ્રદ્ધા દૃઢ કરી છે. અશોકવાટિકામાં રચાયેલો આ ઇતિહાસ માનવજાતિના ઇતિહાસમાં અમર રહેવા સર્જાયેલો છે. એમાં મને શંકા નથી.'

'અને તારો ઈતિહાસ? તારો ગૌરવભર્યો ઈતિહાસ પણ અમર રહેશે. લંકાનો નાશ થવા છતાં એનો નાશ નહિ થઈ શકે. બીજાના જીવનમાં એ પ્રકાશ ધરશે. અત્યારે તો એને આ અશોકવાટિકા, મારું હૃદય તથા લંકાની વ્યક્તિઓ જ જાણે છે, પરંતુ કોઈક કવિ કે કથાકાર એનું આલેખન કરશે ત્યારે એ સર્વપયોગી બનશે ને લોકોને ખાતરી થશે કે મંદોદરીનો આત્મા પણ ઓછો અસાધારણ અથવા ઓછો અલૌકિક ન હતો'

મંદોદરી કાંઈ ન બોલી.

* * * * *

## ૬૩. રાવણનું મૃત્યુ

બીજે દિવસે યુદ્ધમેદાનમાં જતાં પહેલાં રાવણ મંદોદરી પાસે આવ્યો ને બોલ્યોઃ 'હું તારા આશીર્વાદની અપેક્ષા રાખું છું.'

'શેને માટે?'

'રામ સાથેના યુદ્ધમાં જીતી શકું એ માટે.'

'એને માટે?'

'હા. તારો આશીર્વાદ હશે તો હું અવશ્ય સફળ થઈશ.'

'એવો આશીર્વાદ મારાથી નહિ આપી શકાય.' મંદોદરીએ જણાવ્યુંઃ 'યુદ્ધમાં તમે હારો એવું હું નથી ઈચ્છતી પરંતુ જીતો એવો આશીર્વાદ પણ કેમ આપી શકાય? મને તો લાગે છે કે તમે નહિ જીતી શકો.'

'કારણ?'

'કારણ તમે પોતે જ પંડિત હોવાથી ક્યાં નથી સમજી શકતા? સીતાનું હરણ કરવાથી તમારી શક્તિ વધી નથી પરંતુ ઘટી છે. નહિ તો તમે અજેય હતાં. જંગમાં કોણ જીતી શકે? જેના પક્ષે નીતિ હોય, સદ્દબુદ્ધિરૂપી સહચરી અને સદાચારરૂપી સેવક હોય, જે દયા, ક્ષમા, મૈત્રીભાવ, નમ્રતા, નિર્ભયતા, નિષ્કપટતા તથા સર્વહિતની ઉત્તમ ભાવનાથી ભરપૂર હોય, સદ્દગુણ, સદ્દવિચાર તથા સંયમરૂપી જેના મંત્રી અને શૌર્ય તેમજ ધૃતિરૂપી સેનાપતિ હોય, તેને જ વિજય વરી શકે છે. જીવનના જંગમાં અને રણમેદાનમાં એ જ જીતી શકે છે. મહાપુરુષોએ કહ્યું છે કે સત્ય જ જીતે છે, અસત્ય નથી જીતતું. રામની પાસે એ બધું છે એ તમે નથી જાણતા? હજુ પણ તમે એમનું સાચા દિલથી શરણ લો. તમારું મૃત્યુ થતાં મારું શું થશે એનો વિચાર કરીને યુદ્ધનો અમંગલ માર્ગ મૂકી દો.'

રાવણે ગંભીરતાપૂર્વક કહ્યુંઃ 'મંદોદરી, તારી બુદ્ધિ માટે માન છે. તારી ભાવનાની કદર કરું છું. તારા જેવું સ્ત્રીરત્ન મને પ્રાપ્ત થયું છે તે માટે ગૌરવ જ નહિ, ધન્યતા અનુભવું છું પણ હવે યુદ્ધમાંથી પાછો નહિ વળું. જાણું છું કે મેં ભારે ભૂલ કરી છે. સીતાને ભયંકર અન્યાય કર્યો છે. છતાં પણ હવે જે યુદ્ધ શરૂ થયું છે તેને પૂરું જ કરું.'

'તમે જેને ભૂલ સમજો છો તેને સુધારી કેમ નથી લેતાં?' મંદોદરીથી પૂછ્યા વિના ન રહેવાયું.

'એને સુધારવાની વૃત્તિ નથી થતી. હવે તો મારીશ કે પછી મરીશ. તને મેં મારા વર્તનથી દુઃખી કરી તેને માટે તારી માફી માગું છું.'

મંદોદરીની આંખ ભરાઈ ગઈ.

આંસુ લૂછી એ બોલીઃ 'મારી માફી માગીને મને શરમમાં ન નાંખો. મારી પોતાની કોઈ ભૂલ થઈ હોય તો હું તમારી માફી માંગુ છું. પરંતુ તમે આ ભયંકર સર્વસંહારના માર્ગથી પાછા વળો.'

'નહિ વળું. મારું મૃત્યુ આવવાનું હોય તો ભલે આવે. જીવતો આવીશ તો તને મળીશ, નહિ તો મારી પાછળ શોક ન કરતી, આંસુ ન સારતી કે નાહિંમત ના બનતી.'

'એ તો કેમ બને? તમારા પર મને પ્રેમ છે અને તમારા વિના મારું જીવન અંધકારમય બની જશે.'

'મંદોદરી, તેં મારા પ્રત્યે સદાને માટે પ્રેમ રાખ્યો છે એ તારી મહાનતા છે. મારા જીવનમાં એટલી શાંતિ અને એટલો સંતોષ છે. આખું જગત કદાચ મને ખરાબ કહેશે ને ધિક્કારશે પણ મને ખાતરી છે કે તું મને ખરાબ નહિ કહે ને નહિ ધિક્કારે. મેં સીતાનું હરણ કર્યું છે પણ કોઈપણ જાતના કારણ વગર નથી કર્યું એ તો તું પણ સ્વીકારીશ. સીતાનું હરણ કરીને મેં એને અશોકવાટિકામાં રાખી છે અને અત્યારે એ અશક્ત અને એકલી છે તો પણ મેં એને ભ્રષ્ટ કરવાનો કે સ્પર્શ કરવાનો પ્રયત્ન નથી કર્યો. હું કામાંધ અથવા વ્યભિચારી જ હોત તો શાપનો કે કશાનો વિચાર વચ્ચે લાવ્યા વિના મારી લાલસા પૂરી કરત, પરંતુ મારામાં થોડોઘણો વિવેક તો છે જ. હા, કોઈવાર હું ક્રોધને વશ થઈ જાઉં છું ખરો, પરંતુ એનો અર્થ એવો તો નથી જ કે હું તદ્દન ખરાબ છું ને મારામાં કશું સારું છે જ નહિ.'

'તમારામાં જે સારું છે તેને દૃઢ કરીને સીતાનો ત્યાગ કરી દો.'

'એ તો હવે નહિ બને. હવે તો યુદ્ધ જ કરીશ.'

વારંવાર સમજાવવા છતાં રાવણ માન્યો જ નહિ, ત્યારે મંદોદરી નિરૂપાય બનીને બેસી રહી.

રાવણ યુદ્ધ માટે ચાલી નીકળ્યો ત્યારે અનેક પ્રકારના અપશુકન થવા લાગ્યાં. મંદોદરીનું જમણું અંગ ફરકવા લાગ્યું, ને શિયાળ તથા કૂતરાં રડવા માંડ્યાં.

એ દિવસે રાવણે ભારે વીરતાપૂર્વક યુદ્ધ કર્યું, અને અનેક વાનર વીરોને ધરાશાયી કરી દીધા. પરંતુ રામના અનુપમ પરાક્રમ આગળ એ લાંબો વખત ન ટકી શક્યો. મંદોદરીની આગળ એણે બતાવેલી મૃત્યુની અમંગલ આશંકા સાચી ઠરી અને રામના બાણના ઉપરાઉપરી થયેલા પ્રહારથી એ મૃત્યુ પામ્યો.

એના મૃત્યુ સાથે જ પરાક્રમથી ભરેલા એક અસાધારણ જીવન પર પડદો પડી ગયો.

રાવણના મૃત્યુથી વાનરસેનામાં અવનવો ઉત્સાહ ફરી વળ્યો. રામ, લક્ષ્મણ તથા સુગ્રીવના જયજયકારથી આખું વાતાવરણ ગાજી ઊઠ્યું.

રાવણને પૃથ્વી પર નિશ્ચેતન દશામાં પડેલો જોઈને વિભીષણનું અંતર ઊંડી વેદનાથી ભરાઈ ગયું. એનો ભ્રાતૃભાવ જાગી ઊઠ્યો અને એ શોક કરવા લાગ્યો. મંદોદરી તથા બીજી રાણીઓ પણ રણભૂમિમાં રાવણના શબ પાસે આવીને રડવા માંડી. રામ તથા સુગ્રીવે એમને આશ્વાસન આપ્યું.

મંદોદરીએ રામને ઉદ્દેશીને કહ્યું: 'જે જન્મે છે તે જરૂર જાય છે તેનો મને શોક નથી. વસવસો માત્ર એટલો જ છે કે, એમણે મારી શિખામણ ન માની. મારા કહ્યા પ્રમાણે એ ચાલ્યા હોત તો એમનો આવો અંત ન આવત. મેં એમને કહેલું કે, રામ કોઈ સામાન્ય માનવ નથી પરંતુ પરમાત્મ સ્વરૂપ છે માટે એમની સાથે લડવાને બદલે સીતાને છોડી દો અને એમનું શરણ લો, તો પણ એમણે ન માન્યું. એમને માથે કાળ ભમતો હતો એ સાચું ઠર્યું. મને પોતાને તમારા દર્શનનો અલભ્ય લાભ મળ્યો તેથી મારી જાતને ભાગ્યશાળી માનું છું. તમારી ઝાંખી કરવાનું મારું લાંબા વખતનું સ્વપ્ન આજે સફળ થયું. ઈશ્વરે મારા જીવનમાંથી એક પ્રકારની સંપત્તિ લઈ લીધી તેની સાથે જ મને એક બીજી જાતની અમુલખ સંપત્તિ પ્રદાન કરી.'

રામે કહ્યું: 'મંદોદરી, વિભીષણના મુખથી તારી ગુણગાથા સાંભળીને મારા અંતરમાં તારે માટે અત્યંત આદરભાવ પેદા થયેલો તથા તને મળવાથી આતુરતા જાગેલી. એ આતુરતા આવા વિચિત્ર સંજોગોમાં પૂરી થશે તેની કલ્પના ન હતી. છતાં પણ તને જોઈને મને આનંદ થયો છે. મારા હૃદયમાં તારા પ્રત્યે જે ભાવ છે

તેનું વર્ણન કરવા માટે મારી પાસે પૂરતા શબ્દો નથી. આવી કરુણ પરિસ્થિતિમાં એવું વર્ણન ઉચિત પણ નહિ લાગે. છતાં પણ એટલું તો નિર્વિવાદ છે કે, લંકાના અને એના રાજા રાવણના ઉત્કર્ષનું કારણ તું જ હતી. તારે લીધે જ લંકા સોનાની બની છે ને રાવણને આટલી શક્તિ મળી છે.'

રામના આદેશને માન આપીને રાવણનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

એક મહત્વના વિરાટ જીવનનો એક અગત્યનો અંક પૂરો થયો.

એ પછી રામે લક્ષ્મણને સૂચવ્યું: 'વિભીષણને લઈને લંકામાં હવે એમનો રાજ્યાભિષેક કરવાની તૈયારી કરી દે. સુગ્રીવ તથા હનુમાન પણ તારી સાથે આવશે અને તને એ કામમાં મદદરૂપ થશે. લંકામાં વ્યવસ્થા સ્થપાય એ અત્યંત આવશ્યક છે જેથી પ્રજાને શાંતિ વળે.'

વિભીષણે રામને પ્રણામ કરીને કહ્યું: 'મારા મનમાં રાજ્યની જરા પણ ઈચ્છા નથી. મારે તો તમારી સંગતિ અને સેવાની જ ઈચ્છા છે. એમાં જ મારું સામ્રાજ્ય સમાયેલું છે.'

'છતાં પણ મારી ઈચ્છાને માન આપીને તમારે રાજ્ય કરવું જ પડશે. રાજ્ય મારું છે એવું માનીને મારા પ્રતિનિધિ તરીકે એને ભોગવો અને પ્રજાને સુખી કરો તો તેમાં કશું ખોટું નથી. એવી ભાવનાથી ભોગવાયેલું રાજ્ય તમને કોઈયે રીતે બંધનકારક નહિ થાય. મેં તમને લંકાનું રાજ્ય આપવાનો જે સંકલ્પ કરેલો તે સફળ થયેલો જોઈને મને અપાર આનંદ થશે. હું મારા સંપૂર્ણ પ્રેમ સાથે તમારી પાસે ને સાથે જ છું એમ સમજજો. તમારાથી કદી છૂટો નહિ પડું.' રામે કહ્યું.

'રાવણના મૃત્યુ પછી તો મારું મન એકદમ દુઃખી, નીરસ અને ઉપરામ બની ગયું છે. એને કશું ગમતું જ નથી. એ સંસારની અસારતાના જ વિચારો કર્યા કરે છે. મને થાય છે કે, જો બધું નશ્વર કે ક્ષણભંગુર જ હોય, અને એક દિવસ એને છોડીને ચાલવાનું જ હોય, તો એનો મોહ શા માટે રાખવો તથા એનો ત્યાગ અત્યારથી જ શા માટે ન કરવો?'

'તમારી એ ભાવના ઉત્તમ છે, અને એ તમને રાજ્યશાસન કરતાં કરતાં અલિપ્ત રાખશે. અત્યારનો વખત કેવળ નીરસ, ઉપરામ કે દુઃખી બનીને બેસી રહેવાનો નથી, આંસુ સારવાનો કે શોકમાં ડૂબવાનો પણ નથી, પરંતુ કર્તવ્યનો વિચાર કરીને કર્તવ્યની કલ્યાણકારક કેડી પર આગળ વધવાનો છે. કર્તવ્યપાલનમાં પ્રમાદ કરવાથી કોઈ જાતનો લાભ નહિ થાય. સંસાર અસાર છે એ સાચું છે, અને રાવણની જેમ એક દિવસ સૌએ વિદાય થવાનું છે એ પણ સાચું છે, પરંતુ વિદાય થતાં પહેલાં સત્કર્મની સુવાસ છોડી જવી. એને માટેનો અવકાશ પ્રત્યેકને મળતો હોય છે. તમારા જીવનમાં રાજ્યપ્રાપ્તિનો જે અવસર આવ્યો તેનો તમે સદુપયોગ કરી શકશો. તમારા જેવા સુયોગ્ય પુરુષના હાથમાં આવેલું રાજ્ય સૌનું શ્રેય કરશે. એ જ રાજ્ય જો અયોગ્ય પુરુષના હાથમાં આવે તો પ્રજાને માથે આફત ઊભી કરી દે.'

રામે વિભીષણને અનેક રીતે સમજાવ્યો, એટલે વિભીષણનો વિષાદ જરા હળવો થયો અને એ એમના આદેશાનુસાર કરવા તૈયાર થયો.

લંકેશ થયા પછી વિભીષણે રામની પાસે આવી કહ્યું: 'લંકાનો ખજાનો તમારો જ છે. એ ખજાનામાં હીરા, માણેક, મોતી તથા બહુમૂલ્ય રત્નો છે. એમાં એકઠો કરાયેલો સુવર્ણ ભંડાર પણ અનુપમ છે. તમે તમારી ઈચ્છા પ્રમાણેનું ધન તેમાંથી લઈ શકો છો.'

રામે સુમધુર સ્મિત કરીને કહ્યું: 'વિભીષણ, લંકાનો ખજાનો મારો નથી. પરંતુ લંકાની પ્રજાનો છે એની સાચી હકદાર લંકાની પ્રજા છે. એ એના હિત માટે જ વપરાવો જોઈએ. મારે માટે તો એ પરધન હોવાથી પથ્થર બરાબર છે. મારે એમાંથી કશું પણ નથી જોઈતું. એને લેવાની, લૂંટવાની કે લૂંટાવવાની ઈચ્છા પણ મારામાં નથી પેદા થતી. હું લૂંટવા માટે નથી આવ્યો, કુકર્મ અથવા દુષ્ટ શાસનથી અસ્વસ્થ અથવા અશાંત થયેલા ને બધી રીતે લૂંટાયેલાને રાહત આપવા, સ્વસ્થ કરવા, ને સમૃદ્ધ બનાવવા આવ્યો છું. પરધનને પથ્થર બરાબર તથા પરસ્ત્રીને માતા બરાબર માનવાથી જ મારું જીવન શક્તિશાળી બની શક્યું છે. તમે પણ એ બે મંત્રો યાદ રાખજો, ને લંકાના ખજાનાને પ્રજાનો સમજીને પ્રજાહિતને માટે જ વાપરજો. તો સુખી થશો. સંસારમાં સૌથી મોટો ખજાનો સત્કર્મોનો છે. એ ખજાનો કદી પણ ખાલી ન થવો જોઈએ.'

'તો પણ આ વાનરયોદ્ધાઓને કાંઈક પારિતોષિક તો આપવું જ જોઈએને?'

'એમને બીજા કોઈયે સ્થૂળ પારિતોષિકની ઈચ્છા નથી. એમનું પારિતોષિક મારો સ્નેહ અને મારી સેવા છે. એમાં જ એમનો આનંદ છે.'

'રામ જે કહે છે તે સાચું કહે છે.' સુગ્રીવે જણાવ્યું : 'અમારા પર એમની કૃપાદૃષ્ટિ છે એ જ શું મોટામાં મોટું પારિતોષિક નથી? અમે તો એને અમને મળેલું મોટામાં મોટું પારિતોષિક માનીએ છીએ.'

હનુમાને કહ્યું: 'એમની સેવાથી અમને જે ઊંડો આત્મસંતોષ મળ્યો છે, એની આગળ બીજા પારિતોષિકની કિંમત કશી જ નથી. સેનામાં કોઈને એવા પારિતોષિકની લાલસા નથી.'

એ પછી વિભીષણે પોતાનો પ્રસ્તાવ પડતો મૂક્યો ને રામને બીજી કોઈ સેવા બતાવવા કહ્યું ત્યારે રામ બોલ્યા: 'વિભીષણ, મારા હૃદયને તમે સારી પેઠે સમજી શકો છો. એ હૃદય સ્નેહમૂર્તિ સીતા વિના સૂનું છે. એને મળવા માટે એ અત્યંત આતુર બની ગયું છે. એ સંતપ્ત હૃદયને શાંત કરવા માટે જ હું આટલે દૂર આવી પહોંચ્યો છું. સીતા મારા વિયોગથી ખૂબ જ વ્યથિત હશે એનો વખત કેમે કરીને નહિ વીતતો હોય. હું એની પાસે અત્યારે જ પહોંચી જાઉં, પરંતુ વનવાસના નિયમપાલનને લીધે મારાથી નગરમાં નહિ જઈ શકાય. તમે સીતા પાસે જઈને એને સઘળા સમાચાર સંભળાવીને શાંતિ આપો અને સન્માનપૂર્વક બનતી વહેલી તકે અહીં લઈ આવો. જેથી એનું દર્શન કરીને હું શાંતિ પામું. હવે એ જ મહત્વનું કામ કરવા જેવું છે. સીતાને જોઈશ ત્યારે જ મારા જીવનમાં રસ પેદા થશે અને આનંદ ઊભરાશે.'

વિભીષણે રામને વંદન કરીને કહ્યું: 'મને પણ એ જ વિચાર આવ્યા કરતો હતો. રાવણના મૃત્યુના અને તમારા વિજયના સમાચાર સાંભળીને સીતાને આનંદ થશે. એના નીરસ જીવનમાં નવો પ્રાણ પેદા થશે. લાંબા વખતના વિયોગ પછી તમને મળવાનો અમૂલખ અવસર પ્રાપ્ત થતાં એનું મન મુક્તિનો મહારસ ચાખીને ધન્ય બનશે. મંદોદરીએ દુઃખના દિવસોમાં એને અવારનવાર આપેલું આશ્વાસન સાચું ઠરશે. એ જોઈને મંદોદરીને પોતાને પણ કેટલો બધો સંતોષ થશે? ખરેખર મંદોદરીએ એના પ્રત્યે ઊંડી લાગણી રાખીને એની ખૂબ જ સેવા કરી છે.'

'એ લાગણી તેમજ સેવા મારાથી નહિ ભૂલી શકાય.' રામ ગળગળા થઈને બોલી ઉઠ્યા: 'કદી પણ નહિ ભૂલી શકાય. તેને માટે હું મંદોદરીનો ઋણી છું.'

* * * * *

# ૬૪. અગ્નિપરીક્ષા

વિભીષણે હનુમાન સાથે અશોકવાટિકામાં જઈને સીતાને સઘળા સમાચાર કહી બતાવ્યા તેથી સીતાની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

એની આંખ ભીની થઈ ગઈ અને એ બોલી: 'ત્રિજટાએ મને સઘળાં સમાચાર કહી બતાવ્યા છે. રામ રાવણ સાથેના યુદ્ધમાં વિજયી થયા એથી મને હર્ષ થાય છે. આખરે સત્યનો જય થયો અને અસત્ય અથવા અધર્મનો ક્ષય. મહાપુરુષોનું સોનેરી સુવાક્ય સાચું ઠર્યું. રામને મળવાની આશામાં જ હું મારા પ્રાણને ટકાવી રાખીને બેસી રહી છું. રામના દર્શનનો લાભ મેળવીને મારા લોચન કૃતાર્થ થશે ને મારું જીવન ધન્ય બનશે. હવે લેશ પણ વિલંબ કર્યા વિના હું વહેલામાં વહેલી તકે એમની પાસે પહોંચી જવા માંગુ છું.'

હનુમાને કહ્યું: 'તમે રામને મળવા માટે જેટલા આતુર છો તેટલા જ આતુર રામ તમને મળવા માટે થઈ રહ્યા છે. એમના અંતરમાં જે અધીરતા છે તેનું વર્ણન મારાથી નથી થઈ શકતું.'

'તમે મારી શોધ કરવાનું કઠિન કામ ન કર્યું હોત તો આ આનંદદાયક અવસર મારા જીવનમાં કદાચ કદીપણ ન આવ્યો હોત. તમારી સેવાના બદલામાં તમને શું આપું? મારી પાસે એવું કાંઈ જ નથી જે હું તમને અર્પણ કરી શકું. એ પારિતોષક તો રામ અથવા સુગ્રીવ જ આપી શકશે.'

'મારે તમારી, રામની કે સુગ્રીવની પાસેથી કશું જ નથી જોઈતું. મેં તો માત્ર મારું કર્તવ્ય જ બજાવ્યું છે અને એ પણ રામની તથા તમારી કૃપાથી જ બજાવ્યું છે. એથી વિશેષ કશું જ નથી કર્યું. તમારે મને સાચેસાચ કશું આપવું જ હોય તો તમારી કૃપા તથા શુભાશિષ જ આપો જેથી જીવનભર તમારી અને રામની સેવા કરતો રહું. એ શુભાશિષ અને કૃપા કરતાં વિશેષ કિંમતી મને કશું જ નથી લાગતું.'

સીતા હનુમાનના એ શબ્દોથી પ્રસન્ન થઈને બોલી: 'મારી અને રામની કૃપા તથા શુભાશિષ તમારા પર સદાને માટે વરસ્યા કરશે.'

વિભીષણની સૂચનાથી સીતાને મંગલ દ્રવ્યોથી સ્નાન કરાવવામાં આવ્યું અને સરસ વસ્ત્રો પહેરાવવામાં આવ્યા.

સીતા રામ પાસે પહોંચવા તૈયાર થઈ. જાણે સરિતા સાગરમાં સમાવવા ઉત્સુક બની.

ત્રિજટાની આંખમાં આનંદ અને શોકના આંસુ આવી ગયા.

'મારી ઉપર મા જેવી મમતા રાખનારી ત્રિજટાને નહિ ભૂલી શકાય. અયોધ્યામાં પણ એ યાદ આવશે. એણે કષ્ટના કપરા દિવસોમાં મને વારંવાર હિંમત આપી છે. એની વિદાય લેતી વખતે મારી માતાની વિદાય લેતી હોઉં એવી લાગણી થઈ આવે છે.'

ત્રિજટા બોલી: 'મને પણ તારા પર મારી પુત્રી જેટલો જ પ્રેમ છે. તું અશોકવાટિકાની વિદાય લઈ રહી છે ત્યારે મારું હૃદય હર્ષ તથા શોકની સંમિશ્રિત લાગણીનો અનુભવ કરે છે. હર્ષ એટલા માટે થાય છે કે, જેમનાથી તું વિખૂટી પડેલી તે રામના પુનર્મિલનનો અવસર તારા જીવનમાં આવી પહોંચ્યો છે, અને શોક થવાનું કારણ એટલું જ છે કે, હવે રોજની જેમ તારા દૈવી દર્શનનો લાભ નહિ મળી શકે. છતાં આ અવસર

આનંદનો જ છે અને શોકનો નથી. જગત આખુંયે પરિવર્તનશીલ છે એટલે એના પરનું જીવન પણ પરિવર્તનશીલ હોય જ ને?'

સીતાને માટે વિભીષણે પાલખી મંગાવી, એ જ વખતે એને મંદોદરી યાદ આવી. એણે કહ્યું: 'મંદોદરીને મળ્યા વિના મારાથી રામની પાસે નહિ જઈ શકાય. એનો પ્રેમ અને મારે માટેની લાગણી અજબ છે. વળી અત્યારે એ દુઃખી હશે એટલે એને મળવા માટે મારું મન ઝંખી રહ્યું છે.'

વિભીષણે સૂચના મોકલવાથી થોડીવારમાં મંદોદરી આવી પહોંચી, એટલે સીતા એને ભેટી પડીને બોલી: 'મને મારા પતિ પ્રાપ્ત થયા પરંતુ તને તો તારા પતિ છોડીને ચાલ્યા ગયા. તારા દુઃખમાં હું પણ સહભાગિની છું.'

મંદોદરી મંદ, કરુણ છતાં સુધામય સ્વરે બોલી: 'જે થવાનું હતું તે થઈ ગયું. તેનો મને શોક નથી. મારી જાતને મેં સંભાળી લીધી છે. મારા પતિને મેં વારંવાર સમજાવ્યા તો પણ એમણે ન માન્યું. એમનું ભવિષ્ય આવું જ થશે એની કલ્પના મેં કરી લીધેલી. એટલે એમનું મૃત્યુ ઘણું દુઃખદ હોવા છતાં એ મૃત્યુના સમાચાર અણધાર્યા નથી મળ્યા. મારા અંતરને એટલી શાંતિ છે કે, તને તારા પ્રાણપ્યારા રામનો મેળાપ થશે અને તારું દીર્ઘકાળનું દુઃખ દૂર થશે.'

સીતાની આંખ ભરાઈ આવી. એણે કહ્યું: 'તને આ દશામાં છોડી જતાં મન નથી માનતું. તેં મારે માટે પુષ્કળ પ્રેમ બતાવ્યો છે ને બનતું બધું જ કર્યું છે. વિધાતા પણ કેવો છે કે જેણે મને દુઃખના દિવસોમાં સાથ અને સહકાર આપીને સુખી કરવાની કોશિશ કરી તેના જ દુઃખના દિવસોમાં મને તેનાથી દૂર લઈ જાય છે.'

સીતાના કહેવાથી મંદોદરી તથા ત્રિજટા એની સાથે ગઈ.

સીતાને એથી શાંતિ થઈ.

વિભીષણે મંગાવેલી પાલખી આવી પહોંચી પરંતુ સીતાએ એના પર બેસવાની અનિચ્છા બતાવી. એણે કહ્યું: 'ત્રિજટાએ આપેલી માહિતી મુજબ રામ રાવણ સાથે યુદ્ધ કરવા તૈયાર થયા ત્યારે ઈન્દ્રે એમના માટે ચાર સુંદર અશ્વવાળો અદ્દભુત રથ મોકલેલો એટલે રામ તો એ રથમાં બેઠા હશે પરંતુ લક્ષ્મણ, સુગ્રીવ અને બીજા નાનામોટા અનેક યોદ્ધાઓ કોઈપણ જાતના સાધન વિના જમીન પર હરેફરે છે. એમની વચ્ચે હું પાલખીમાં બેસીને જવા નથી માગતી. પાલખીમાં કે બીજા કોઈ વાહનમાં જવા કરતાં હું પગે ચાલીને જ જવાનું વધારે પસંદ કરીશ. એવી રીતે જવાથી મને સારું લાગશે.

વિભીષણે એની ભાવનાની કદર કરીને કોઈ પ્રકારનો દુરાગ્રહ ન કર્યો એટલે સીતા એમની સાથે પગે ચાલવા માંડી.

મંદોદરીએ પણ સીતાને સાથ આપવા પાલખીમાં બેસવાને બદલે પગે ચાલવાનું જ પસંદ કર્યું.

વિભીષણ, હનુમાન, મંદોદરી તથા બીજા પરિચારક-પરિચારિકા સાથે સીતાને પોતાની પાસે આવતી જોઈને, એના અલૌકિક લાવણ્ય પરથી એ સીતા જ હશે એવું અનુમાન કરીને, વાનર સેનાએ ગગનભેદી ગર્જના કરીને જયજયકાર કર્યો.

એ જયજયકારનો હર્ષધ્વનિ ચારેતરફ ફરી વળ્યો.

સીતાએ એનો હાથ જોડીને નમ્રતાથી ઉત્તર આપ્યો.

સીતાને પાસે આવતી જોઈને રામ, લક્ષ્મણ, સુગ્રીવ ઊભા થયાં.

સીતા, રામ તથા લક્ષ્મણને નિહાળીને આનંદી ઊઠી.

એનો અનુરાગથી અંજાયેલો આત્મા શરીરને છોડીને જાણે કે પુનર્મિલનનો ઉત્સવ કરવા રામની પાસે પહોંચી ગયો.

કેટલુ બધું સુખદ, અજબ અથવા અનેરું હતું એ પુનર્મિલન.

એમાં ન કોઈ નોંધપાત્ર, આગળ પડતી તરી આવતી બાહ્ય વિધિ હતી કે ન સ્નેહ અથવા શિષ્ટાચાર યુક્ત શબ્દોની દેખીતી આપલે.

અંતર કેવળ અંતર સાથે વાતો કરતાં’તા.

રામ અને સીતાની આંખમાંથી પવિત્ર પ્રેમનાં આંસુ ટપકવા લાગ્યાં.

રામ સીતાના સૂકાયેલા શરીર તરફ ટકટકી લગાવીને જોઈ રહ્યા.

સીતાના કરમાયેલા કાળજા પર જાણે કે સુધાની વૃષ્ટિ થઈ.

એથી એને અનેરી શાંતિ મળી.

એણે પણ રામના કૃશ શરીર તરફ જોયું, એમના મધુર મુખનું દર્શન કર્યું, અને એની દૃષ્ટિ ધરતી પર ઢળી પડી. એનાથી એ પછી ઉપર જોવાયું જ નહિ.

હૃદયમાં, રોમરોમમાં, પ્રેમની વીણા વાગવા માંડી ત્યાં સ્વાગતના શબ્દો કોણ કહે અને અભિનંદનના ભાવોને કોણ બાલી બતાવે.

બંનેના કંઠ રૂંધાઈ ગયા. ભાવો તથા શબ્દો ગળામાં જ રહી ગયા, અથવા અંતરમાં સમાઈ ગયા.

એક પ્રકારની ભાવસમાધિ થઈ ગઈ.

લાંબા વખત લગી એવી અવર્ણનીય અવસ્થામાં રહ્યા પછી સીતા રામને પગે લાગી ને બોલી: ‘આજે મને જીવન મળ્યું. અત્યાર સુધી જાણે કે નરકમાં હતી. હવે મને તમારા દેવદુર્લભ દર્શનથી સ્વર્ગસુખની પ્રાપ્તિ થઈ.’

‘મારું જીવન પણ તારા વિના ખાલી હતું. સીતા!’ રામ બોલી ઊઠ્યા: ‘એ જીવનમાં આનંદ ન હતો, રસ ન હતો, તેમજ શાંતિ પણ ન હતી. મારી કાળજાને કોરી નાખનારી કારમી વ્યથાનો હવે અંત આવ્યો. મારા શરીરમાંથી જાણે કે આત્મા જ ચાલ્યો ગયેલો તે પાછો આવ્યો.’

લક્ષ્મણે રામની અત્યંત કરુણ અવસ્થાનો સંક્ષેપમાં પરિચય કરાવ્યો ને કહ્યું:

‘રામ તમારા વિના જાણે રામ જ ન હતા. એમને લેશ પણ સુખ નહોતું લાગતું.’

‘મારી અવસ્થા તો એમના કરતાં પણ કરુણ અથવા કફોડી હતી.’ સીતા બોલી: ‘પાણીમાંથી બહાર કાઢેલી માછલીની પેઠે હું એમના વિરહમાં વ્યથિત થતી તથા તરફડતી. મારો વખત જેમતેમ કરીને વીતાવતી. એમની પાસે તમે આશ્વાસન આપનારા હતા તેમ મને જો મંદોદરી તરફથી હિંમત, વિશુદ્ધ સ્નેહ અને આશ્વાસનની પ્રાપ્તિ ન થઈ હોત તો મારું હૃદય ભાંગી જાત. તમે કે રામ મને ફરીવાર ન જોઈ શકત. હું તમને પણ ન જોઈ શકત.’

રામે મંદોદરી પ્રત્યે પ્રેમપૂર્વક નિહાળીને કહ્યું: 'મંદોદરીની મહાનતા વિશે મેં સાંભળ્યું છે. એ સાંભળીને મને પણ એના પ્રત્યે પ્રેમ અને પૂજ્યભાવ થયો છે.'

'તમે જે સાંભળ્યું છે તે તો સિંધુની આગળ બિંદુની બરાબર હશે. તમને એના અસાધારણ, વિશાળ, વિશદ વ્યક્તિત્વનો આછો પાતળો ખ્યાલ જ અપાયો હશે. એણે મારે માટે જે કાંઈ કર્યું છે તેનો પૂરેપૂરો ઈતિહાસ કોઈ વાર કહી બતાવીશ. ત્યારે તમારી તેના તરફની દૃષ્ટિમાં પણ ફેર પડશે.'

મંદોદરી સહેજ સંકોચમાં પડીને બોલી: 'મહાન આત્માઓનો એવો સ્વભાવ હોય છે કે તે બીજા સામાન્ય આત્માઓને પણ મહત્તા આપે છે. તમે બંને મહાન હોવાથી મને પણ મહાન માનો છો, પરંતુ હું તો છેક સાધારણ છું. હા, રામની કૃપા હશે તો એમની ભાવભક્તિ પ્રાપ્ત કરીને મહાન બની શકીશ ખરી. બાકી ગુણ તો મારા નહિ પણ રામના જ ગાવા જેવા છે. કારણ કે એ સૌથી મહાન છે. એ અંધકારથી આવૃત્ત આકાશમાં ચારુ ચિત્તાકર્ષક ચંદ્ર છે અને બીજા બધા તારા. એમના પ્રકાશ આગળ, ચંદ્રના તેજ આગળ તારાઓની શી વિસાત?'

'તારાઓની વિસાત કેમ નહિ? અમાસના અંધકારમાં ચંદ્રના ચમકવાની કશી શક્યતા નથી હોતી ત્યારે તારાઓ જ પોતાનું મંદ છતાં મહત્વનું તેજ ટપકાવતાં હોય છે. ચંદ્રનો પ્રકાશ ગમે તેવો ઉત્તમ હોય, અને સૂર્યનો પ્રકાશ એથીયે ઉત્તમ પરંતુ અમાસને મન એમનું મહત્વ જરા પણ નથી. એના પ્રકાશદાતા તો તારા જ છે.'

રામના એ શબ્દો સાંભળીને સૌ થોડીવાર માટે શાંત રહ્યાં.

એ પછી રામના મનોભાવોને માપીને સીતાએ કહેવા માંડ્યું: 'આપણું આ પુનર્મિલન સફળ થાય તેને માટે મેં એક વિચિત્ર સંકલ્પ કર્યો છે.'

'કયો સંકલ્પ?'

રામના પ્રશ્નનો સીધો ઉત્તર આપવાને બદલે સીતા આગળ બોલી: 'એ સંકલ્પની પૂર્તિથી તમને પણ સંતોષ થશે, મને પણ સંતોષ થશે અને સમસ્ત સંસારને લાભ થશે. સંસારની આગળ પવિત્ર અને પ્રખર પ્રેમનો એક સ્વાનુભવ સિદ્ધ આદર્શ રજૂ થશે.'

'એટલે તું શું કરવા માંગે છે?'

'હું અગ્નિપરીક્ષામાંથી પસાર થવા માંગું છું.'

મંદોદરી બોલી ઊઠી: 'તું તો રામથી છૂટી પડ્યા પછી આજ લગી અનેક આકરી અગ્નિ-પરીક્ષાઓમાંથી પસાર થઈ ચૂકી છે. એમાંથી પસાર થઈને તો રામની આગળ તારા પવિત્ર પ્રખર પ્રેમના પ્રભાવથી ઊભી રહી છે. હવે તારે બીજી વધારે અગ્નિપરીક્ષાની આવશ્યકતા ક્યાં છે?'

'મારા જીવનમાં અનેક પ્રકારની અગ્નિપરીક્ષાઓ થઈ ચૂકી છે એ સાચું છે. એ અગ્નિપરીક્ષામાંની અનેકની તું સાક્ષી છે. છતાં પણ સંસારની તથા સૂરજની સાક્ષીએ એક વધારાની અગ્નિપરીક્ષા ભલે થાય. એ મારે માટે અને બીજા બધાને માટે આશીર્વાદરૂપ થઈ પડશે.'

સીતાએ રામની આગળ પોતાના સંકલ્પનું સ્પષ્ટીકરણ કરી બતાવ્યું ત્યારે સૌના આશ્ચર્ય તથા દુઃખનો પાર ન રહ્યો.

રામની આંખ છલકાઈ ગઈ. એમણે કહ્યું: 'સીતા, તારા સિવાય આવો કઠોર સંકલ્પ બીજું કોઈ જ ન કરી શકે. એ સંકલ્પ જ તારા હૃદયની પવિત્રતાનો ને તારા મારે માટેના વિશુદ્ધ પ્રેમનો પરિચય આપે છે. મને તારા પ્રેમમાં, તારી નિષ્ઠામાં ને પવિત્રતામાં કોઈ દિવસ સ્વપ્ને પણ શંકા નથી થઈ ને આજે પણ નથી થતી. માટે તું તારો સંકલ્પ છોડી દે.'

'તમને મારી પવિત્રતા, નિષ્ઠા તથા પ્રીતિમાં કોઈ જાતની શંકા નથી થઈ ને નથી થતી એ મારું મોટામાં મોટું સૌભાગ્ય છે. એને લીધે તમારી ઋણી છું ને મારા શરીરધારણને ધન્ય માનું છું. છતાં પણ આટલો વખત તમારાથી દૂર લંકામાં રહી એટલે કાલે ઊઠીને કોઈ મારે માટે શંકા ન ઉઠાવે અથવા મારા ચારિત્ર્ય તરફ આંગળી ન કરે એટલા માટે આવી અગ્નિપરીક્ષા મને અત્યંત આવશ્યક લાગે છે. મારો નિર્ણય હું એટલા માટે જ નથી ફેરવવા માંગતી.'

'અજ્ઞાનને લીધે કોઈ બીજું તારી ચારિત્ર્યશુધ્ધિ સંબંધી શંકા કરે તો પણ હું તેવી શંકા કદાપિ નથી કરવાનો.'

'હું પણ નહિ.'

'અને હું પણ નહિ.'

લક્ષ્મણ અને મંદોદરી બંને બોલી ઊઠ્યા.

'તમારે માટે એવી શંકા કરવી એ પણ પાપ છે.' સુગ્રીવ બોલ્યો.

'અમે કોઈ જ એવી શંકા નથી કરતાં.' સમસ્ત વાનર સેના ગાજી ઊઠી: 'અમને એવો વિચાર પણ નથી આવતો.'

'તમારી રામને માટેની પ્રીતિ અને પવિત્રતા સૂર્યની પેઠે નિષ્કલંક છે. એનો હું સાક્ષી છું. અશોકવાટિકામાં મેં તમારી અવસ્થાનું અવલોકન કર્યું છે. માટે આવી કઠોર પરીક્ષામાંથી પસાર થવાનું તમારે માટે જરા પણ ઉચિત નથી. એને માટેનો તમારો સંકલ્પ સાંભળીને સૌ શોકમગ્ન બની ગયા છે.' હનુમાનથી બોલ્યા વિના ન રહી શકાયું.

'છતાં પણ મારે એ સંકલ્પને પૂરો કરવો જ પડશે.' સીતાએ જણાવ્યું: 'ત્યારે જ મને શાંતિ થશે. એ સંકલ્પ શુભ હોવાથી એનું પરિણામ શુભ જ આવશે.'

સીતા વારંવાર સમજાવવા છતાં પણ ન માની ત્યારે એના કહેવાથી લક્ષ્મણે રામની સૂચનાનુસાર લાકડાં એકઠા કરીને અગ્નિજ્વાળા પ્રકટ કરી.

સીતા રામને પ્રણામ કરીને એમાં પ્રવેશવા માટે તૈયાર થઈ ત્યારે મંદોદરી બોલી: 'અગ્નિની ભયંકર જ્વાળા તને કાંઈ જ નહિ કરી શકે. તું એમાંથી સહીસલામત રીતે બહાર આવશે. કારણ કે અગ્નિ પણ તારી રામને માટેની પ્રીતિ, નિષ્ઠા અને પવિત્રતાથી અનભિજ્ઞ નથી જ.'

'તારી શુભેચ્છા સફળ થશે, મંદોદરી!' સીતા બોલી ઊઠી: 'તું પોતે પતિવ્રતા છે, એટલે પતિવ્રતા સ્ત્રીઓના હૃદયને સારી પેઠે સમજી શકે છે.'

પછી અગ્નિને યાદ કરી, પ્રણામ કરીને એણે ખૂબ જ ગદ્દગદ સ્વરે પ્રાર્થના કરી: 'હે પરમ તેજસ્વી, સર્વના મનને જાણનાર અગ્નિદેવ! તમે અંતર્યામી છો. જો મારા હૃદયમાં રામ વિના બીજા કોઈનોય પ્રેમ ન

હોય, સંયોગ અને વિયોગમાં મેં કેવળ એમના જ ચરણકમળમાં પ્રીતિ રાખી હોય, એમનામાં જ મારું સર્વસ્વ સમાયું હોય, તેમજ જો મન, વચન, કાયાથી હું એમની જ બનીને જીવતી હોઉં, એમના વિના સ્વપ્ને પણ મેં પરપુરુષમાં મન ન લગાડ્યું હોય, અથવા મારું અત્યાર સુધીનું ચારિત્ર્ય એકદમ નિષ્કલંક રહ્યું હોય તો મારે માટે આ જ્વાળા ચંદન સમાન શીતળ થઈ જાય. અન્યથા – મારામાં રામનો સાચો સ્નેહ ના હોય તો- મારે માટે કાળરૂપ થાય, મને લોકોપવાદથી ભરેલા કલંકિત જીવનનો જરા પણ મોહ નથી.’

સીતાએ અગ્નિની પ્રચંડ જ્વાળામાં અત્યંત શાંતિ સાથે, સ્મિતપૂર્વક, ફૂલની માળામાં કે અમૃતની ધારામાં પ્રવેશ કરતી હોય એવી નિર્ભયતાથી પ્રવેશ કર્યો.

સૌ સ્તબ્ધ બનીને એ અદ્દભુત દૃશ્યને જોઈ રહ્યા.

પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે એક ચમત્કારિક ઘટના બની.

સુવર્ણસદૃશ સ્વરૂપયુક્ત, પીત રેશમી વસ્ત્રવાળા, મુકુટધારી અગ્નિદેવ જ્વાળામાંથી સીતા સાથે બહાર આવ્યા ને બોલ્યા: ‘રામ, સીતાની પરીક્ષા થઈ ચૂકી. એ અગ્નિપરીક્ષામાંથી બહાર આવી છે. એ પૂર્ણ પવિત્ર છે. તમારા સિવાય બીજા કોઈનાય ચરણમાં એને પ્રેમ નથી. તમે એનો સહર્ષ સન્માનપૂર્વક સ્વીકાર કરો. પતિવ્રતા સ્ત્રીઓમાં એ આદર્શરૂપ બનીને સમસ્ત સંસારને સદાને માટે પ્રેરણા પાશે ને પ્રકાશ પહોંચાડશે. એના અલૌકિક જ્યાતિર્મય જીવનનું સ્મરણ કરીને સંસારની સ્ત્રીઓ શક્તિ મેળવશે અને સંસારને સ્વર્ગીય કરી શકશે. તમારા બંનેનો સ્નેહ સનાતન રહે એવો મારો આશીર્વાદ છે. સીતાને માટે આ પ્રચંડ અગ્નિજ્વાળા એની અદ્દભુત પવિત્રતાની પ્રતીતિ કરાવતી ખરેખર ચંદન સમાન શીતળ બની ગઈ. એને લીધે એને એમાં પ્રવેશ કરવાથી સહેજ પણ ઈજા નથી થઈ.’

અગ્નિદેવ અદૃશ્ય થઈ ગયાં.

એ જ વખતે મહારાજા દશરથે દિવ્યલોકમાંથી આવીને રામ, લક્ષ્મણ તથા સીતાને દર્શન આપ્યું.

એમના દર્શનથી આનંદ પામીને એ ત્રણે એમને પગે લાગ્યા. એટલે એ બોલ્યા: ‘તમને સૌને જોઈને મને અનહદ આનંદ થઈ રહ્યો છે. વનમાં રહીને તમે જે અલૌકિક કર્મો કર્યા અને અત્યારે પણ રાવણ જેવા રાક્ષસનો સંહાર કર્યો એથી મને પ્રસન્નતા થઈ છે. તમે આપણા કુળને ઉજાળ્યું છે. રામ, સીતા પરમ પવિત્ર છે. એ તો સ્નેહની મૂર્તિ છે. એનું મન તમારા વિના બીજે ક્યાંય નથી લાગતું. એણે અગ્નિપરીક્ષા દ્વારા પવિત્રતાનો જે પરમ અથવા સર્વોત્તમ દૃષ્ટાંત રજૂ કર્યું છે, તે સંસારમાં અમર રહેશે અને પ્રેરક થશે. મારા તમને સૌને અંતરના આશીર્વાદ છે.’

એમણે રામ, લક્ષ્મણ અને સીતાના શિર પર હાથ મૂક્યો અને એ અદૃશ્ય થયાં.

* * * * *

## ૬૫. પુષ્પક વિમાનમાં

સીતાની આકરામાં આકરી અગ્નિપરીક્ષા કોઈ પણ પ્રકારના કષ્ટ વિના પૂરી થઈ અને સીતા એમાંથી સહીસલામત બહાર આવી એથી સૌથી અધિક આનંદ રામને તથા મંદોદરીને થયો.

એ આનંદ એમના વદન પર સ્પષ્ટ રીતે તરી આવતો'તો.

એમની આંખ એ આનંદથી આલોકિત હતી.

એ આનંદની અભિવ્યક્તિ કરતાં રામે સીતાને કહ્યું પણ ખરું:

'આજે મને એવું લાગે છે કે મારા જેવો ભાગ્યશાળી પુરુષ આ સંસારમાં બીજો કોઈ જ નથી. આ આકરી અગ્નિપરીક્ષામાંથી તું ઉત્તીર્ણ થઈ એ કાંઈ ઓછા આનંદની વાત નથી. આ આશ્ચર્યકારક, અદ્દભુત, કરુણાજનક છતાં આખરે આનંદ આપનારા પ્રસંગને હું પોતે તો નહીં જ ભૂલી શકું પરંતુ જેણે જેણે એને જોયો છે તે પણ પોતાના સમસ્ત જીવનપર્યંત નહિ ભૂલી શકે. એ એટલો બધો અલૌકિક, અસરકારક અથવા આશીર્વાદરૂપ છે.'

મંદોદરી બોલી: 'મેં તો પહેલેથી જ કહેલું કે સીતાને કાંઈ જ નથી થવાનું. એ પવિત્રતાની પ્રત્યક્ષ પ્રતિમા છે. એની સાક્ષી સર્વાન્તર્યામી અગ્નિદેવ પણ આપી ગયા. એથી અધિક આનંદકારક વસ્તુ બીજી કયી હોઈ શકે? મારું અંતર અત્યારે આનંદના અલૌકિક અર્ણવમાં અવગાહન કરી રહ્યું છે. મારા જેવું સુખી બીજું કદાચ કોઈ યે નહિ હોય. હે રઘુનંદન, તમારા વિયોગને લીધે સીતાએ વેદના તેમજ વિપત્તિ વેઠવામાં બાકી નથી રાખી. હવે એ તમને મળી છે તો તમારાથી કદાપિ છૂટી ન પડે એવું ઈચ્છું છું. સીતાનું સૌભાગ્ય અખંડ રહે અને એ તમારા શાશ્વત સહવાસનું સુખ લહે!'

સીતાની આંખ ભરાઈ આવી.

રામના લોચન પણ ભીનાં થયાં. એમણે કહ્યું: 'મંદોદરી, તું પોતે સૌભાગ્યથી રહિત થઈ છે અને એ પણ મારા તથા સીતાને લીધે, તો પણ સીતાના અખંડ સૌભાગ્યની ભાવના પ્રકટ કરે છે એ શું ઓછું આશ્ચર્યકારક છે? એ તારા હૃદયની ઉચ્ચતા કે મહાનતા બતાવે છે.'

'એવું કશું જ નથી.' મંદોદરી બોલી ઊઠી: 'બહારનું લૌકિક સૌભાગ્ય તો આવે છે ને જાય છે. કર્મ અથવા ઋણાનુબંધના આધાર પર કોઈ વાર એ લાંબો વખત ટકે છે તો કોઈ વાર ટુંકા વખત માટે. એનો હર્ષ શોક કરવાનો ન હોય. મને એનો હર્ષ શોક નથી થતો. જીવનું સૌથી મોટું સાચું સૌભાગ્ય તો તમારી કૃપામાં રહેલું છે. તમારા જેવા પરમાત્મા સદ્દશ સત્પુરુષોની કૃપાદૃષ્ટિ જેને મળી જાય છે તેનું સૌભાગ્ય સદાને માટે ઉઘડી જાય છે, એવું મારું માનવું છે. મારું એક સૌભાગ્ય ચાલ્યું ગયું તો તમારા દર્શનથી મને બીજું અસાધારણ સૌભાગ્ય આવી મળ્યું છે. વળી સીતા તો મારી બહેન બરાબર છે. એને માટે એવી ભાવના કેમ ન કરું?'

'મંદોદરી, તારી મહાનતાની ઘણી વાતો સાંભળી ચૂકેલ, પરંતુ તને નજરે જોયા પછી એ બધી વાતો ફીકી અથવા અધૂરી લાગે છે. તું ધારેલી તેના કરતાં ઘણી વધારે મહાન છે.'

'એવું કહીને મને લજવશો નહિ. મહાન તો તમે છો, સીતા છે, અને ત્રીજા લક્ષ્મણ છે. પછી વિભીષણ, સુગ્રીવ તથા તમારા સેવક હનુમાન છે. તમારી સેવા તેમજ સંનિધિમાં સુખસંપત્તિ માનનારી વાનર સેના પણ મહાન છે. બાકી હું તો એક સામાન્ય સ્ત્રી છું. મારામાં મહાનતા જેવું કશું જ નથી.'

એ જ વખતે વાનરસેના હરખથી ભરાઈને મંદોદરીનો જયજયકાર કરી ઊઠી.

એવી રીતે એણે મંદોદરીના રામ તથા સીતા પ્રત્યેના પ્રેમને અંજલિ આપી.

મરેલા તથા ઘાયલ થયેલા વાનરોને રામના કહેવાથી ઈન્દ્રે અમૃત છાંટીને સજીવન અને સાજા કર્યા. એ પછી વિભીષણે રામને થોડા દિવસ પોતાના મહેમાન બનીને શાંતિથી વિશ્રામ કરવાનું કહ્યું ત્યારે રામ એના પ્રસ્તાવનો પ્રત્યુત્તર આપતાં શાંતિથી બોલ્યા: 'વિભીષણ, તમારા સ્નેહ તથા સેવાભાવને સારી પેઠે સમજી શકું છું. તમારી પ્રાર્થનાને માન આપીને થોડા દિવસ અહીં જરૂર રહી જાત પરંતુ ભરતની કરુણ દશા મને યાદ આવે છે, અને વહેલામાં વહેલી તકે એની પાસે પહોંચવા પ્રેરિત કરે છે. ભરત મારા વિરહની વેદનામાં અને મિલનના મનોરથમાં પોતાના દિવસો જેમતેમ કરીને પસાર કરી રહ્યો હશે. એ ચાતકની પેઠે મારી રાહ જોતો હશે. ચિત્રકૂટમાં એણે છૂટા પડતી વખતે કહેલું કે વનવાસની ચૌદ વરસની અવધિ પૂરી થયા પછી તમારા દર્શનમાં જો એક દિવસનો પણ વિલંબ થશે તો હું મારું શરીર છોડી દઈશ. એટલે હવે હું વધારે વિલંબ કરવા નથી માગતો. મારું કાર્ય હવે પૂરું થઈ ગયું છે અને વનવાસનો વખત પણ પૂરો થવા આવ્યો છે. મારું મન ભરત પાસે દોડી ગયું છે. ભરતની પેઠે કૌશલ્યાદિ માતાઓ મને મળવા માટે ઉત્સુક હશે, અને અયોધ્યાની સમસ્ત પ્રજા પણ. એ ઉપરાંત એક બીજી વ્યક્તિ પણ વનવાસની પરિસમાપ્તિના દિવસને અત્યંત ઉત્સુકતાથી આંગળીના વેઢા પર ગણતી હશે. એ ઊર્મિલાની શાંતિ માટે પણ વિના વિલંબે જવું જરૂરી છે.'

લક્ષ્મણની આંખ આગળ ઊર્મિલા રમી રહેલી.

સીતા અગ્નિપરીક્ષામાંથી પાર ઉતરી તે જોઈને એને થયેલું કે ઊર્મિલા પણ આવી પરીક્ષામાંથી પાર ઉતરી શકે. એનો પ્રેમ પણ એવો અજબ પ્રખર અને પવિત્ર છે. અને અત્યારે એ એક પ્રકારની અગ્નિપરીક્ષામાંથી જ પસાર થઈ રહી છે કે બીજું કંઈ? એની અવસ્થા કેવી હશે? પોતાના પુનર્મિલનની પળો ગણતી એ કૃશકાય બનીને જીવી રહી હશે.

અયોધ્યા માટે વિદાય થવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો.

વિભીષણ, સુગ્રીવ, હનુમાન તથા અંગદ અને બીજા વાનર યોદ્ધાઓ રામ, સીતા અને લક્ષ્મણ સાથે અયોધ્યા જવા માટે તૈયાર થયા એટલે સીતાએ મંદોદરીને કહ્યું: 'તારા વિના મારાથી અયોધ્યામાં નહિ રહી શકાય. તારા વિશુદ્ધ સ્નેહનું સ્મરણ મને હંમેશા રહ્યા કરશે. લાંબા વખત લગી મને ત્યાં ગમશે જ નહિ. તે મને અણીને વખતે આપેલી હૂંફ મારાથી નહિ ભૂલી શકાય.'

સીતા ભાવવિભોર બનીને વધારે ના બોલી શકી. એટલે મંદોદરીએ કહ્યું: 'સંયોગ ને વિયોગ છાયા ને તાપની પેઠે જીવનમાં આવ્યા કરે છે. એની વચ્ચે મનને બને તેટલું સ્થિર રાખવાની આપણી ફરજ છે. મને પણ તારો સ્નેહ યાદ તો આવશે જ, પરંતુ શું થાય? જે મળે છે તેને એક દિવસ છૂટા તો પડવાનું જ છે ને?'

'છતાં પણ હૃદય દુઃખનો અનુભવ તો કરે છે જ.'

'સ્નેહી હૃદયને માટે એ સ્વાભાવિક છે.'

સીતાને દુઃખી થતી દેખીને રામ બોલ્યા: 'તો પછી મંદોદરીને આપણી સાથે લઈ લે. સૌ પાછા ફરશે ત્યારે એ પણ પાછી આવશે.'

સીતાને એ સૂચના ગમી ગઈ.

લક્ષ્મણે, વિભીષણે અને સુગ્રીવે એનું સમર્થન કર્યું.

સીતા તથા રામે મંદોદરીને પોતાની સાથે અયોધ્યા આવવા માટે સમજાવી એથી મંદોદરી તૈયાર થઈ. બોલી: 'અયોધ્યામાં આવવાથી એક મોટામાં મોટો લાભ એ થશે કે, તપસ્વીનિ દેવી ઊર્મિલાનું દર્શન થઈ શકશે. અહીં રહીને એને નહિ મળી શકાય. અયોધ્યામાં એને મળીને મને આનંદ થશે. ભરત, શત્રુઘ્ન અને કૌશલ્યા જેવી માતાઓને પણ મળી શકાશે, અને રામલક્ષ્મણ જે ભાગ્યશાળી ભૂમિ પર જન્મ્યા તથા ઉછર્યા તે દૈવી ભૂમિનું દર્શન પણ થઈ શકશે. મારા જીવનનો એ એક મોટો લ્હાવો હશે.'

થોડી વાર પછી સુંદર પુષ્પક વિમાન તૈયાર થયું.

ઈચ્છાનુસાર ગતિ કરનારા એ વિશાળ વિમાનમાં બધાં ક્રમેક્રમે ગોઠવાયા.

રામે વિદાય થતાં બીજા વાનરયોદ્ધાઓને વિભીષણ દ્વારા સન્માન્યા, ભેટો અપાવી તેમજ અંજલિ આપી. પછી પોતે વિમાનમાં દાખલ થઈને સીતાની બાજુમાં બેસી ગયાં.

વિમાન ઉડ્યું ત્યારે વિરહી વાનરોએ રામ, લક્ષ્મણ તથા સુગ્રીવનો જયજયકાર કર્યો.

વિમાન જ્યારે સાગર પરથી પસાર થયું ત્યારે એની ઉપર બંધાયેલા વિશાળ, સુંદર સેતુને નિહાળીને સીતાએ એના વિશે વિશેષ માહિતી મેળવવાની ઈચ્છા બતાવી. એણે પૂછ્યું:

'આવો અદ્દભુત વિરાટ સેતુ કેવી રીતે તૈયાર થઈ શક્યો? આનું મહત્વ ઘણું મોટું છે. આના વિના લંકામાં આવવાનું એકદમ અશક્ય છે-ખાસ કરીને વાનર સેના માટે.'

રામે સીતાની જિજ્ઞાસાનો જવાબ આપતાં જણાવ્યું: 'આટલું મોટું ને મહત્વનું કામ નાનામોટાં સૌનાં સહકારથી જ થઈ શક્યું છે. સહકાર સંપ કે સંગઠન સહિતના પ્રયત્નથી શું નથી થતું? આ અદ્દભુત કાર્યનું શ્રેય પ્રત્યેક વાનરયોદ્ધાને ઘટે છે. છતાં પણ એની પાછળનો ઈતિહાસ જાણવા જેવો છે.'

સીતાએ એ ઈતિહાસને જાણવાની ઈચ્છા પ્રદર્શિત કરી એટલે રામે કહ્યું: 'સમુદ્રની પાસે તો અમે આવી પહોંચ્યા, પરંતુ સમુદ્રને પાર કરીને સેના સાથે સામે કિનારે કેવી રીતે પહોંચવું એ પ્રશ્ન અમારી આગળ આવીને ઊભો રહ્યો અને અમને સતાવવા માંડ્યો. મને થયું કે સમુદ્રને પ્રસન્ન કરવા માટે ઉપવાસ કરું. જો મારા અનશનથી પ્રસન્ન થઈને સમુદ્ર રસ્તો કરી આપે તો કામ એકદમ સહેલું બને.'

'પછી તમે અનશન કર્યું ?'

'હા. સમુદ્રના પ્રશાંત તટ પર કુશાસન બિછાવીને એની ઉપર મેં સમુદ્રને મનાવવા માટે અનશનનો આરંભ કર્યો. લક્ષ્મણને મારી એ પધ્ધતિ ન ગમી.'

'હા. મેં એનો પહેલેથી જ વિરોધ કરેલો. મેં રામને કહ્યું કે તમારે માટે અનશનનો આધાર લેવો બરાબર નથી. તમારી પાસે ધનુષ્યબાણ છે એનો ઉપયોગ કરો એ જ બરાબર છે. એ વિના સમુદ્ર માનશે

નહિ. જડની પાસે કરેલી પ્રાર્થના તથા ભોગવેલી યાતના નકામી જાય છે ને લાચારી કે દીનતામાં ખપે છે. પણ રામે મારું માન્યું નહિ.' લક્ષ્મણે કહ્યું.

'હા. મેં એનું કહેવું ન માન્યું ને અનશન આરંભી દીધું. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ... મારા અનશનને પૂરા ત્રણ દિવસ થઈ ગયા તો પણ સમુદ્ર એવો જ અચળ રહ્યો. એણે મારે માટે કોઈયે પ્રકારની લાગણી કે સહાનુભૂતિ ન બતાવી.'

'પછી?' સીતાએ કુતૂહલ બતાવ્યું.

'પછી મને લક્ષ્મણની વાત ઉચિત લાગી. શઠની આગળ શાંતિની વાત કરવી અને એની પાસેથી શુભની આશા રાખવી તદ્દન નિરર્થક છે, એવી ખાતરી થતાં મેં આસનનો ત્યાગ કરીને સમુદ્રને શોષી લેવાના સંકલ્પથી ધનુષ્ય પર બાણ ચઢાવ્યું.'

'મને બાણ મારવા તૈયાર થયેલો જોઈને સમુદ્ર ખળભળી ઊઠ્યો, બેચેન બની ગયો, ગભરાઈ ગયો અને દંડના ડરથી મને પ્રસન્ન કરવા માટે અનેક અમૂલખ ઉપહાર લઈને મારી આગળ આવીને ઊભો રહ્યો. એણે મારી ક્ષમા માંગી એટલે મેં એને નિશ્ચિંત કર્યો. એ પછી એણે મને ઉપાય બતાવ્યો. એણે આપેલી માહિતી પરથી ખબર પડી કે વાનરસેનામાં જે મહાપરાક્રમી નલ અને નીલ છે તેમને ઋષિના વરદાનને લીધે અસાધારણ શક્તિ મળેલી છે.'

'એ શક્તિ અને એની સાથે ભેગી થયેલી વાનરોની સેવાભાવના અને ભક્તિએ સમુદ્ર પર સેતુ બાંધવાનો મહાન ચમત્કાર કર્યો. વાનરયોદ્ધાઓ નાનામોટાં પથ્થરો લાવતાં ગયા અને નલ તથા નીલ એમને સમુદ્ર પર મૂકીને સેતુની રચના કરવા લાગ્યા.'

'એ તો સાચેસાચ મહાન ચમત્કાર કહેવાય.' સીતા બોલી ઊઠી.

'એક જાતનો ચમત્કાર તો ખરો જ.' રામ બોલ્યા: 'પરંતુ મજબૂત મનોબળ અને સંઘશક્તિ આગળ કયો ચમત્કાર શક્ય નથી બનતો? નલ અને નીલને મળેલા વરદાનને લીધે પથ્થરો પાણીમાં ડૂબતાં જ ન હતાં.'

'એક બીજી વાત. સેતુની રચના પહેલા સમુદ્રના સુંદર તટ પર મેં ભગવાન શંકરની સ્થાપના કરી અને એમના આશીર્વાદ મેળવ્યા. એમના આશીર્વાદથી અમારું આગળનું કામ સરળ બની ગયું.'

સીતાએ ભગવાન શંકરના દર્શનની ઈચ્છા વ્યક્ત કરી, એટલે રામે વિમાનને નીચે ઉતારીને એ સ્થાન બતાવ્યું.

એ પછી ઋષ્યમૂક પર્વત પર વિશ્રામ કરવામાં આવ્યો.

રામે સીતાના શ્રીમુખથી અશોકવાટિકાની સઘળી હકીકત સાંભળીને પંચવટી છોડ્યા પછીનો બધો વૃત્તાંત કહી બતાવ્યો.

એમની સૂચનાથી સુગ્રીવે સીતાનું ઉપવસ્ત્ર તથા સીતાના આભૂષણો એમને સુપ્રત કર્યા.

પંપા સરોવર આવતાં સૌએ મહા તપસ્વીનિ શબરીને ભાવભીની અંજલિ આપી.

એ પછી જટાયુના સંસ્મરણોને સજીવ કરતું સ્થળ આવી પહોંચ્યું.

રામ, લક્ષ્મણ તથા સીતાનું હૃદય એ સ્થળને નિહાળીને પૂજ્યભાવથી ભરાઈ ગયું. સીતાએ મંદોદરીને જટાયુની કથા સંભળાવીને કહ્યું: ‘જટાયુએ કર્તવ્યનું પાલન કરતાં શરીર છોડ્યું છે એટલે એ અમર બન્યો છે અને અમર રહેશે.’

પંચવટીની પોતાના આશ્રમની અને હરણની જગ્યા સીતાએ મંદોદરીને તથા સુગ્રીવાદિ યોદ્ધાઓને બતાવી. ત્યાં મુકામ કરીને મુનિવરોના દર્શનનો લાભ લઈને સૌ ચિત્રકૂટ આવ્યાં. પછી ભરદ્વાજ મુનિ તથા નિષાદરાજની મુલાકાત લઈને જૂનાં સંસ્મરણો તાજા કર્યા અને આગળનો કાર્યક્રમ તૈયાર કર્યો.

પુષ્પક વિમાનમાં બેસીને કરાયેલો એ પ્રવાસ સૌને માટે અત્યંત આનંદદાયક થઈ પડ્યો.

* * * * *

## ૬૬. પુનર્મિલન

વનવાસની ચૌદ વરસની સમયમર્યાદાને માત્ર એક દિવસ બાકી રહ્યો એટલે ભરતનું અંતર આકુળવ્યાકુળ બની ગયું. એનો પ્રાણ અકથ્ય, અસહ્ય પીડાનો અનુભવ કરવા લાગ્યો. અંતરને આપ્લાવિત કરી ચૂકેલા અનુરાગનાં અશ્રુ ટપકવા લાગ્યાં. મન જાતજાતનાં ને ભાતભાતના, મંગલ અને અમંગલ વિચારો કરવા માંડ્યું-ખાસ કરીને અમંગલ. કલ્પના કાબૂ બહાર જઈ પહોંચી કે ચગડોળે ચઢી. એને લીધે અનેક પ્રકારના સારા-નરસા ભાવ પેદા થવા માંડ્યા. ભાવોનો આવેગ અસહ્ય થઈ પડ્યો.

'રામ મને ભૂલી ગયા કે શું?' એ મનોમન કહેવા લાગ્યો. 'હા. અવશ્ય ભૂલી ગયા. વનમાં એમની સાથે સીતા ને લક્ષ્મણ છે એટલે એ મને શા માટે યાદ કરે? એમના સહવાસનું સુખ છોડીને એ મારા સરખાં સામાન્ય માનવને કે અયોધ્યાને યાદ કરીને અહીં શા માટે આવે? હવે તો વનવાસની અવધિની આડે એક જ દિવસ શેષ રહ્યો છે. આજનો દિવસ તો ચાલવા પણ માંડ્યો. સૂર્ય અસ્તાચળ પર ઢળવા લાગ્યો છતાં પણ રામનું દર્શન ના થયું. અત્યાર સુધીના બધા જ દિવસો મેં રામના પુનરાગમનની પ્રતીક્ષામાં મહામહેનતે પસાર કર્યા. એમના પુનર્મિલનની આશાના આધારે મારા જીવનને ટકાવી રાખ્યું. પરંતુ હજુ એ આશા પૂરી ન થઈ.'

સૂર્ય અસ્તાચળ પર ઢળી પડ્યો એટલે એને નિહાળીને ભરત મનોમન કહેવા માંડ્યો: 'મારી આશાનો સૂર્ય પણ નિરાશ થઈને આખરે આમ જ ઢળી પડશે અને એના પર શોક તથા પીડાનો પડદો પડી જશે કે શું? રામ મને ઉપેક્ષા કરવા યોગ્ય માનતા હશે. એમના મનમાં એવું હશે કે મારે લીધે એમને વનવાસ મળ્યો. એ એવું માનવા પ્રેરાય અને મને નફરત કરે એ સ્વાભાવિક છે. છતાં પણ સર્વાન્તર્યામી પરમાત્મા એ વાતને જાણે છે કે મારા હૃદયમાં એમના પ્રત્યે અપાર પ્રેમ છે, એમના વનવાસનું દુઃખ છે, અને એમના વનવાસની પાછળ મારો જરા પણ હાથ નથી.'

વીતેલી ઘટનાઓ એની અંતર આંખ આગળ આવીને એક પછી એક ઊભી રહી. એની પ્રતિક્રિયા રૂપે એકાએક ઉદ્દગાર નીકળ્યા: 'ચિત્રકૂટથી પાછા ફરતી વખતે રામને કહેલા શબ્દોને હું વળગી રહીશ. એ સંબંધી મારા નિશ્ચયમાં લેશ પણ ફેર નહિ પડે. આવતી કાલે જો રામનું દર્શન નહિ થાય તો આવી વેદનામય અવસ્થામાં વધારે વખત સુધી જીવવા કરતાં એમના સ્નેહ સાથે મરવું વધારે સારું ને કલ્યાણકારક છે. એ સંબંધી મને સહેજ પણ શંકા નથી.'

ભરતે ઊંડો નિઃસાસો નાખ્યો.

એ જ વખતે આકાશમાં ચંદ્રનો ઉદય થયો. પવનની શીતળ, સુવાસિત, સુધામય, શાંત લહેરી બધે ફરવા માંડી. એને લીધે વાતાવરણ પુલકિત અથવા પ્રસન્ન બની ગયું.

ભરતની જમણી આંખ અને જમણી ભુજા ફરકવા લાગી.

એ જોઈને એણે મનોમન કહ્યું: 'આ મંગલની આશા આપતાં શુભ શુકન શેના થઈ રહ્યા છે? મને એવી કઈ પ્રાપ્તિ થવાની છે? કે પછી પ્રકૃતિ પણ મારો ઉપહાસ કરવા માંગે છે? મારે માટે શુકન અપશુકન બની ગયા છે. હવે મને બીજા કોઈયે પદાર્થોની ઈચ્છા નથી. રામ વિના મને સઘળું સૂનું અને અધૂરું લાગે

છે. રામના મુખચંદ્રનું દર્શન કર્યે કેટલો બધો વખત વીતી ગયો છે? મારા જીવનમાં એ ચંદ્ર કરતાં પણ ચારુ રામ આવી રીતે ઊગી નીકળશે ત્યારે જ મને શાંતિ થશે. પરંતુ મારું એવું સૌભાગ્ય ક્યાં છે?'

ભરતની આંખમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો.

એટલામાં તો હનુમાન આવી પહોંચ્યા ને ભરતને પ્રણામ કરીને બોલ્યા: 'હું રામનો દાસ હનુમાન છું. રામે મને તમારી પાસે સમાચાર આપવા મોકલ્યો છે.'

ભરતને જાણે કે નવજીવનની પ્રાપ્તિ થઈ.

'મને સમાચાર આપવા? શા સમાચાર?' હનુમાનને વંદન કરીને એણે પ્રશ્ન પૂછ્યો.

'એમના આવવાના સમાચાર. એ અયોધ્યામાં આવી રહ્યા છે અને અયોધ્યામાં પ્રવેશતાં પહેલાં આવતી કાલે અહીં તમારી પાસે આવી પહોંચશે.'

'અત્યારે એ ક્યાં છે?'

'શૃંગવેરપુરમાં. પરંતુ એમનું મન તમારી પાસે છે.'

'ખરેખર?' ભરતનો કંઠ રૂંધાઈ ગયો. એને રોમાંચ થઈ ગયા.

'હા. એ તમને પ્રતિપળ યાદ કર્યા કરે છે, અને તમારી ચિંતા કરે છે. તમને શાંતિ આપવા માટે એમણે મને અત્યારે ને અત્યારે મોકલી આપ્યો છે.'

'તમે રામને કેવી રીતે મળ્યા? અને રામ, સીતા તથા ભાઈ લક્ષ્મણ સાથે કુશળ તો છે ને?'

'કુશળ છે' એમ કહીને હનુમાને રામમિલનની, સીતાહરણની ને રાવણાદિ રાક્ષસોના નાશ જેવી સઘળી હકીકત કહી બતાવી.

એ સાંભળીને ભરતે ભાવવિભોર બનીને કહ્યું: 'મારું જીવન રામના કશા જ કામમાં ન આવ્યું. લક્ષ્મણ ઘણો જ બડભાગી કે એમની સાથે રહી શક્યો ને સેવા કરી શક્યો. મને સેવા કરવાનો અવસર મળ્યો જ નહિ. હું એમને માટે સુખનું તો નહિ, પરંતુ દુઃખનું કારણ થઈ પડ્યો.'

હનુમાન બોલ્યા: 'તમારો પ્રેમ, ભાતૃભાવ તથા ત્યાગ તો અજોડ અથવા અનુપમ છે. રામ એની પ્રશંસા કરતાં થાકતા નથી. માટે આવા વિચાર કરીને ઓછું ન લાવશો. તમે જે કર્યું છે તે તો જગતમાં બીજા કોઈથી થઈ શકે નહિ. તમારે લીધે રામના જીવનકાર્યમાં મદદ મળી છે. માટે તમે પણ એટલા જ ભાગ્યશાળી છો. દુઃખ તથા શોકના દિવસો પૂરા થયા ને સુખ તેમજ હર્ષના દિવસો પાસે આવ્યા છે. માટે તો રામ કુશળતાપૂર્વક પાછા આવ્યા છો.'

હનુમાને ભરતની વિદાય લીધી એટલે ભરતે રામના શુભાગમનના સમાચાર અયોધ્યામાં મોકલી આપ્યા. એ સાંભળીને સૌની પ્રસન્નતાનો પાર ન રહ્યો. આખી અયોધ્યા નગરી જાણે કે હિલોળે ચઢી.

હનુમાન નંદીગ્રામમાં ભરતની પાસે આવી પહોંચ્યા, તે વખતે નિષ્કામ અયોધ્યામાં ઊર્મિલાની પાસે બેઠો હતો. એણે ઊર્મિલાને ઉદ્દેશીને કહ્યું: 'ચૌદ વરસની વનવાસની સમયમર્યાદા પૂરી થયે રામ લક્ષ્મણ તથા સીતા સાથે અયોધ્યામાં પાછા ફરશે ને મને એ સૌના દર્શનનો લાભ મળશે એ અભિલાષાથી હું અહીં આવ્યો. પરંતુ હજુ એ લાભ ન મળ્યો.'

'વનવાસની સમય મર્યાદા પૂરી થવાને હવે તો એક જ દિવસ બાકી છે.' ઊર્મિલાએ કહ્યું: 'એટલે મારું મન અતિશય આતુર બની ગયું છે. આટલા બધાં વરસોના વ્હાણાં વાઈ ગયાં તે દરમિયાન મન શાંત રહ્યું, પરંતુ હવે ચૌદ વરસની આડે એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારે એ જ મન બેચેન બની ગયું છે.'

'આવતીકાલ લગીમાં લક્ષ્મણ નહિ આવે તો?'

'ન આવે એવું બને જ નહિ. મારું અંતર કહે છે કે એ જ્યાં હશે ત્યાંથી અવશ્ય આવશે. મારું અંતર એમને મળવા માટે આતુર છે તેમ એમને પણ મારું સ્મરણ હશે અને મને મળવાની ઈચ્છા તો હશે જ. છતાં પણ એ આવતીકાલ લગીમાં નહિ આવે તો મારું દિલ અતિશય દુઃખી થઈ જશે એમાં શંકા નહિ.'

એ જ વખતે એક દૂતે આવીને રામ, લક્ષ્મણ અને સીતાના સમાચાર આપ્યાં: 'હું નિષાદરાજનો સેવક છું ને શૃંગવેરપુરથી આવી રહ્યો છું. રામ લક્ષ્મણ, સીતા અને બીજા સ્નેહીજનો સાથે ત્યાં આવી ગયાં છે, અને આવતી કાલે અયોધ્યામાં આવી પહોંચશે. એમણે ભરતને અલગ અને ખાસ સંદેશો મોકલ્યો છે. અને મને તમારી તથા કૈકેયી જેવી માતાઓ પાસે મોકલ્યો છે.'

એ સંદેશો સાંભળીને ઊર્મિલાને ખૂબ જ આનંદ થયો. નિષ્કામ પણ હરખઘેલો બની ગયો.

ઊર્મિલાએ નિષાદરાજના એ સેવકને એવા સર્વોત્તમ સમાચાર સંભળાવવા બદલ ભેટ આપી.

સેવક વિદાય થયો એટલે એણે એ સમાચાર રાજપરિવારમાં બધે પહોંચાડી દીધા.

એ પછી, એ આનંદમાં અભિવૃદ્ધિ કરતો ભરતનો સંદેશો પણ આવી પહોંચ્યો.

ઊર્મિલાએ મનોમન કહ્યું: 'જગદંબાએ કૃપા કરી ત્યારે ઉપરાઉપરી શુભ સમાચાર આવી પહોંચ્યા. આતુર અંતર પર જાણે કે શાંતિનો વરસાદ વરસ્યો.'

એ રાતે ભરત, શત્રુઘ્ન ને ઊર્મિલા કોઈને ઊંઘ ન આવી.

અયોધ્યાના મોટાભાગના પ્રજાજનો પણ શાંતિથી ન ઊંઘી શક્યા.

મહર્ષિ વસિષ્ઠની સૂચના પ્રમાણે સૌએ રામ, લક્ષ્મણ ને સીતાના સત્કારની તૈયારી કરી.

બીજે દિવસે સવારે રામ નંદીગ્રામમાં ભરત પાસે આવી પહોંચ્યા. એમની સાથે માર્ગમાંથી મુનિ વિશ્વામિત્ર પણ જોડાયેલાં. રામ, ભરતને અત્યંત ભાવપૂર્વક ભેટી પડ્યા ત્યારે ભરતના શુષ્ક શરીરમાં જાણે કે પ્રાણ આવ્યો. એને પોતાનું જીવન ધન્ય લાગ્યું. સીતા તથા લક્ષ્મણ પણ એને પ્રેમથી મળ્યાં. એ વખતનું દૃશ્ય ખરેખર અદ્દભુત હતું.

રામે ભરતને સુગ્રીવ, વિભીષણ, હનુમાન, અંગદ અને મંદોદરીનો પરિચય કરાવ્યો ને કુશળ સમાચાર પૂછ્યા એટલે ભરતે જણાવ્યું: 'તમારા સૌના દૈવી દર્શનનો લાભ મળ્યો એટલે મને કુશળતાની પ્રાપ્તિ થઈ. તમારા સહવાસ વિના કોઈને પણ કુશળતા ક્યાંથી હોઈ શકે?'

લક્ષ્મણે કહ્યું: 'ચૌદ વરસની અવધિ તો ગઈ કાલે રાતે જ પૂરી થઈ એટલે રામ તને મળવા અધીરા બની ગયાં.'

'એવો એકપણ દિવસ નહિ જતો હોય કે જ્યારે એ તમને યાદ ન કરતાં હોય. એમના દિલમાં તમારે માટે જે પ્રેમ છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી.' સીતાએ કહ્યું.

ભરતને પુષ્પક વિમાનમાં બેસાડીને સૌ સરયુના તટપ્રદેશમાં ઉતરી પડ્યાં.

એ વિશાળ સુંદર શાંત પ્રદેશ પર અયોધ્યાના નરનારી એમને સત્કારવા માટે વહેલી સવારથી જ ટોળે મળેલાં.

એમના શુભાગમનના સમાચાર સાંભળીને મહર્ષિ વસિષ્ઠ આવી પહોંચ્યા, કૈકેયી, કૌશલ્યા તથા સુમિત્રા આવી, શત્રુઘ્ન આવ્યો અને ઊર્મિલા પણ આવી પહોંચી.

સ્નેહમાં ડૂબેલા એમના મન તથા તન પરસ્પર મળીને પ્રસન્ન થયા.

નિષ્કામે રામ, લક્ષ્મણ અને સીતાને પ્રણામ કરીને માળા પહેરાવી.

રામે કૈકેયીને સૌથી પ્રથમ પ્રણામ કર્યા ને ખબર અંતર પૂછીને કહ્યું: 'તમારી કૃપાથી મારો વનવાસનો વખત સુંદર સ્વપ્નની પેઠે સુખપૂર્વક પૂરો થયો અને અનેક ઋષિમુનિના સમાગમનો લાભ મેળવી તથા રાક્ષસોનો સંહાર કરી, સઘળે શાંતિ સ્થાપી, છેવટે હું સીતા અને લક્ષ્મણ સાથે પાછો ફર્યો. તમારો મારા પર મોટો ઉપકાર થયો.'

કૈકેયી, કૌશલ્યા તથા સુમિત્રાએ સૌને આશીર્વાદ આપ્યાં.

સીતા તથા મંદોદરી ઊર્મિલાને જોતાંવેંત જ ભેટી પડીને બોલી: 'તું કેટલી બધી સુકાઈ ગઈ છે?'

'તને મળીને ઘણો આનંદ થયો.'

સીતાએ એને તથા બીજી માતાઓને મંદોદરીનો પરિચય કરાવ્યો ને કહ્યું: 'એનો સાચો ને પૂરો પરિચય તો એની પૂરી કથા કહી બતાવીશ ત્યારે થશે. એની મહાનતાનો સાચો ખ્યાલ ત્યારે જ આવી શકશે.'

મંદોદરી એ સાંભળીને સંકોચમાં પડી.

ઊર્મિલાએ શાંત સુધામય સ્વરે કહ્યું: 'શરીર તો તારું ને બીજા બધાંનું પણ ક્યાં નથી સુકાયું? મારું શરીર સુકાયું છે, પરંતુ મારો આત્મા નથી સુકાયો. ચૌદ વરસનો કાળ ઘણો લાંબો તો હતો તો પણ સ્વપ્નની પેઠે વહી ગયો.'

લક્ષ્મણ અને ઊર્મિલા મળ્યાં ખરા પણ થોડોક વખત પણ વાતચીત ન કરી શક્યાં. કારણ કે બંને ભાવવિભોર હતાં.

નિષ્કામે લક્ષ્મણને કહ્યું: 'ઊર્મિલા કાલે તમને મળવાને માટે અધીર બની ગયેલી.'

'હું પણ એને મળવા અધીર હતો. પરંતુ હું ન મળ્યો હોત તો?'

'તો શું?' ઊર્મિલા મીઠા સ્વરે બોલી: 'બાકીનો વખત પણ હું શાંતિપૂર્વક વીતાવી દેત.'

'પરંતુ હું પાછો ન આવું એવું બને જ કેમ? મારું તન વનમાં, પણ મન તો અયોધ્યામાં જ હોય ને?'

શત્રુઘ્નનું હૈયું પણ બંને ભાઈઓ તેમજ સીતાને મળીને ભરાઈ આવ્યું.

પુનર્મિલનની એ પળો ખરેખર અનેરી હતી. વધારે અનેરી તો એટલા માટે કે એ કેવળ ચિરકાળથી છૂટા પડેલાં સ્નેહીજનોનું સંમિલન ન હતું: આખા અયોધ્યાની સુખશાંતિ, શ્રી, ચેતના તથા પ્રસન્નતાનું પુનર્મિલન હતું. શરીરમાં જાણે કે પ્રાણનો પ્રવેશ થયો ને આત્માને આભા મળી.

* * * * *

## ૬૭. કૃતજ્ઞતા

પુષ્પક વિમાનને ત્યાં જ રહેવા દઈને સૌ પગપાળા આગળ ધપ્યાં.

રસ્તે ઉભેલાં પ્રજાજનોને મળવા અને એમની સાથે આત્મીયતા અનુભવવાની ઈચ્છાથી રામ પાલખીમાં પણ ન બેઠા.

પ્રજાજનોએ એમને, લક્ષ્મણને, ભરતને, મહર્ષિ વસિષ્ઠ તથા વિશ્વામિત્રને અને સીતાને ફૂલમાળા પહેરાવી, એમની ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી, એમના નામની જય બોલાવી, અને એવી રીતે પોતાના અંતરનો પવિત્ર, પ્રખર તેમજ ઊંડો પ્રેમ પ્રદર્શિત કર્યો.

એ દિવસ અને એની પછીના બીજા દિવસો અનેરા આનંદમાં વીતી ગયાં.

રોજ અયોધ્યાપુરીમાં અવનવા ઉત્સવો થયા કરતાં. એ ઉત્સવોમાં પ્રજાના બધી જાતના વર્ગો ભાગ લેતાં. રામના દર્શન માટે મોટામોટા આર્ષદૃષ્ટા તપસ્વી ઋષિમુનિ પણ આવ્યા કરતાં.

આખરે એક દિવસ મહર્ષિ વસિષ્ઠ તથા વિશ્વામિત્રની સલાહ લઈને રામના રાજ્યાભિષેકનો દિવસ નક્કી કરવામાં આવ્યો.

કૈકેયીએ રામને કહ્યું: 'તમારો રાજ્યાભિષેક થયેલો જોઈશ ત્યારે જ મારા સંતપ્ત, અશાંત અંતરને શાંતિ થશે. મારું દિલ મને દિનરાત ડંખ્યા કરે છે. એ ડંખ ત્યારે જ દૂર થઈ શકશે.'

'પરંતુ મને રાજ્યાભિષેકનો લેશ પણ મોહ નથી. મારે બદલે ભરત જ રાજ્ય ચલાવે તો શું હરકત છે?'

'મારા દુઃખને ચૌદ વરસ સુધી તો જેમ તેમ કરીને સહન કર્યું છે પણ હવે વધારે વાર નહિ સહી શકું?' પાસે બેઠેલો ભરત બોલી ઉઠ્યો: 'તમને રાજ્યાભિષેકનો, રાજ્યનો કે કશાનો મોહ નથી એ જાણું છું, છતાં પણ મારી તેમજ અયોધ્યાની પ્રજાની શાંતિ માટે તમારે રાજગાદી પર બેસવું જ પડશે. નહિ તો મને જીવતો નહિ જોઈ શકો. રાજ્ય પર તમારો અધિકાર છે, ને પ્રજા તમને ચાહે છે, એટલે એ અધિકાર મારાથી કે બીજા કોઈથી ભોગવી જ ન શકાય. જે તમારું છે તે તમને સોંપીશ ત્યારે જ મને શાંતિ વળશે.'

એ પછી એક ધન્ય દિવસે રામનો રાજ્યાભિષેક પૂરો થયો. ભરતની ઈચ્છા જરા પણ ન હતી, અને એણે અવારનવાર આનાકાની કરી તે છતાં, રામની ઈચ્છાને આધીન થઈને એને યુવરાજપદ આપવામાં આવ્યું. રામને રાજ્યાસન પર વિરાજેલા જોઈને કૈકેયી તથા ભરતને સૌથી વધારે આનંદ થયો.

કૈકેયીએ આંખમાં આંસુ સાથે રામ ને સીતાને અંતઃકરણપૂર્વકના અનેક આશીર્વાદ આપ્યાં. જાણે કે એના જીવનમાં એ જ મનોરથ બાકી હોય, અને એની પૂર્તિ માટે જ એનો પ્રાણ ટકી રહ્યો હોય, તેમ એ પછી એણે પોતાના મનને વિષયો તથા બાહ્ય રસોમાંથી પાછું વાળીને પરમાત્મામાં પરોવી દીધું. એ અત્યંત સાદું, સંયમી, તપઃપૂત જીવન જીવવા માંડી. એવી રીતે એના જીવનમાં એક સુંદર પરિવર્તન શરૂ થયું.

રાજ્યાભિષેક પછી રામે સુગ્રીવ, હનુમાન, અંગદ, વિભીષણ તથા બીજા વાનરયોદ્ધાઓને કહ્યું: 'આ બધું તમારા પ્રેમનું પરિણામ છે. તમારા સ્નેહ, સહકાર અને સામર્થ્યથી હું દુસ્તર સમુદ્ર પર સેતુ કરી શક્યો,

રાવણ, કુંભકર્ણ ને ઈન્દ્રજીત જેવા મહાવીરોને જંગમાં જીતી શક્યો. તમારો ગુણ અથવા ઉપકાર કદાપિ નહિ ભૂલું-નહિ ભૂલી શકું.'

હનુમાને કહ્યું: 'અમે તો કશું કર્યું જ નથી. જે કાંઈ કર્યું છે તે પણ તમારી કૃપાથી જ કર્યું છે. અમારા વિના પણ તમે બધું કરી શકો તેમ હતાં છતાં અમને આગળ કરીને તમે અમને સેવા કરવાનો અવસર આપ્યો ને યશ પૂરો પાડ્યો એટલું જ.'

'ઉપકાર અમારો નથી પણ તમારો છે.' વિભીષણ બોલી ઉઠ્યો: 'તમારા ઉપકારના ભાર નીચે અમે દબાયેલા છીએ.'

'એટલું જ નહિ પરંતુ જન્મોજન્મ સુધી દબાયેલા રહીશું.' સુગ્રીવે કહ્યું : 'તમારી સાથે રહેવાનો, તમારી સુમધુર વાણી સાંભળવાનો, તમારી સેવા કરવાનો તથા તમારા આદેસાનુસાર ચાલવાનો લ્હાવો ખરેખર અજબ અને ધન્ય હતો. તમારી છત્રછાયામાં, તમારા ચરણોમાં, રહેવા મળ્યું છે તે બધા જ ભાગ્યશાળી છે, ધન્ય છે કે કૃતાર્થ છે.'

એમની અનિચ્છા છતાં રામે એમને જુદી જુદી ભેટો આપીને કૃતાર્થ કર્યા.

હનુમાનને તો ભૂલી જ શકાય કેવી રીતે? સીતા પણ શી રીતે ભૂલી શકે?

અશોકવાટિકામાં થયેલા એમના પ્રથમ મેળાપને યાદ કરીને એ બોલી:

'હનુમાને મને સૌથી પહેલાં મળીને રામના સમાચાર પહોંચાડ્યા ને જીવન આપ્યું. એ હકીકત મારાથી કદી પણ નહિ ભૂલી શકાય. મારી કૃતજ્ઞતાને કયા શબ્દોમાં કહી બતાવું? એમનું વિશેષ સન્માન કરવા એમને આ મોતીની માળા અર્પણ કરું છું.'

એમ કહીને સીતાએ પોતાના કંઠ પરથી મોતીની મનહર માળા કાઢી.

સભાજનો એને જોઈને આનંદ પામ્યા. પરંતુ હનુમાનના મુખ પર ઉલ્લાસ ન દેખાયો. એમણે કહ્યું: 'મોતીની માળાને લઈને શું કરું?'

'તો પછી માળા કરતાં અધિક મૂલ્યવાન વસ્તુની ઈચ્છા છે? એ આપું ?'

'હા.'

'કયી મૂલ્યવાન વસ્તુ?'

'તમારી તથા રામની શુભાશિષ અને કૃપા. એનાથી વધારે મૂલ્યવાન વસ્તુ મારે મન સમસ્ત સંસારમાં બીજી કોઈ જ નથી. ના, એકેય નહિ. તમે મારા પર પ્રસન્ન હો તો મને એ જ આપો: તમારો સાચા અંતરનો આશીર્વાદ કે તમારાં ચરણોમાં મારો એકનિષ્ઠ પ્રેમ રહે, તમારી સેવામાં જ મારું મન સુખ તથા શાંતિ લહે, અને મારા હૃદયમાં તમારી અને રામની જ મૂર્તિ રહે. સંસારના પદાર્થો ને વિષયો પરિવર્તનશીલ છે. એમને પામીને કોઈ સાચા સનાતન સુખની પ્રાપ્તિ નથી કરી શકતું. એટલે જ્ઞાની પુરુષો એમની પ્રીતિ ને મમતા કરવાની ના પાડે છે. માળાનો સ્વીકાર એટલા માટે જ નથી કરતો. મારે તમારા ને રામના વિના બીજું કાંઈયે નથી જોઈતું. મારા હૃદયને કેવી રીતે ખોલી બતાવું? પરંતુ ખાતરીપૂર્વક કહું છું કે, એમાં તમારા તથા રામ વિના બીજું કશું જ નથી ને બીજું કશુંય નહિ રહી શકે. મને એ જ ઉપહાર આપી દો.'

સીતા તથા રામે વારંવાર સમજાવી જોયા તો પણ હનુમાન ન માન્યા. એમણે મોતીની માળા ન લીધી. એમણે કહ્યું, 'મેં જે સેવા કરી છે તે મોતીની કે બીજી માળાઓ અથવા હીરા, માણેક, મોતી, જવાહર કે પદપ્રતિષ્ઠા માટે નથી કરી. મારી સેવા તો કેવળ કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઈને આત્મસંતોષ માટે જ થયેલી છે. એટલે હું કોઈયે જાતના સ્થૂલ પદાર્થની કામના નથી કરતો. કેવળ તમારા બંનેની કૃપાની જ કામના કરું છું.'

હનુમાનના દૃઢ ઉત્તમ મનોભાવને જાણી લઈને સીતાનું અંતર આનંદી ઊઠ્યું. એણે ઉદ્દગાર કાઢ્યાં: 'હનુમાન! તમારી નિસ્પૃહતા, નિષ્ઠા ને ભક્તિભાવના જોઈને મને તમારે માટે પૂજ્યભાવ પેદા થાય છે. મારો તમને આશીર્વાદ છે કે સંસારમાં જ્યાં સુધી રામનું નામ અને રામની કથા રહેશે ત્યાં સુધી તમે પણ મૃત્યુંજય બનીને અમર રહેશો, તેમજ અનેકનું કલ્યાણ કરતાં સફળ મનોરથ થઈને આશીર્વાદરૂપ અને યશસ્વી બનશો.'

'પરંતુ તમારા પ્રેમ અથવા અનુગ્રહ વિના, તમારી ભક્તિ તથા સંનિધિ વિના ગમે તેટલું યશસ્વી ને અમર જીવન હોય તો પણ તે શું કામનું? તે જીવન કેવી રીતે સંતોષ આપી શકે?'

'તમારી વાત સાચી છે.' રામે કહ્યું: 'અને એટલા માટે જ મારો આશીર્વાદ છે કે સીતા સાથે હું સદા તમારી પાસે જ રહીશ. મારી સંનિધિનો અનુભવ તમે હંમેશા કર્યા કરશો. તમારું હૃદય મારે માટેની ભક્તિથી નિરંતર ભરેલું રહેશે, ને મારી પરમ કલ્યાણકારી કૃપાનો અનુભવ તમને કાયમ માટે થયા કરશે.'

હનુમાન ગદ્દગદ્ બનીને બોલી ઊઠ્યા: 'હવે મને સાચી મિલકત મળી ગઈ, અક્ષય અથવા અમૂલખ ઉપહાર કે પુરસ્કારની પ્રાપ્તિ થઈ. હું તમારા પ્રેમનો તથા તમારી કૃપાનો જ ભૂખ્યો છું. મારી એને માટેની ભૂખ કદાપિ નહિ મટે, ને ઈચ્છું છું, પ્રાર્થું છું, કે ના મટે.'

હનુમાનના મસ્તક પર રામે પોતાના હેતાળ હાથ મૂક્યા. હનુમાનને જાણે કે મોટામાં મોટી મિલકત મળી. એમની આંખ ટપકવા માંડી.

મંદોદરી એ અદ્દભુત દૃશ્ય જોઈને ગદ્દગદ્ બની ગઈ.

સીતાએ એને જોઈને કહ્યું: 'મંદોદરીએ કરેલી મારી સેવા મારાથી જીવનભર નહિ ભૂલી શકાય. એના બદલામાં એને શું આપું એની સમજ નથી પડતી.'

મંદોદરી બોલી: 'બહેન બહેનને મદદ કરે એમાં આપવાનું શું હોય? તમારા સૌનો પ્રેમ મને મળી શક્યો છે એ જ મારી ધન્યતા માટે પર્યાપ્ત છે. મારે બીજું કશું જ નથી જોઈતું.'

'તારે નથી જોઈતું, પણ મારે જોઈએ છે. હું તારી પાસે માગું છું કે બધા પોતપોતાને ઘેર જવા માટે વિદાય થાય તો પણ તારે થોડોક વખત સુધી અહીં મારી પાસે જ રહેવું પડશે. તું મને તે માટે વચન આપ.'

'વધારે વખત રહીને એક દિવસ છૂટાં તો પડવાનું જ છે ને?'

'તો પણ...' સીતાનું હૃદય ભરાઈ આવ્યું: 'હું તો ઈચ્છું છું કે તું મારી પાસેથી જાય જ નહિ અને લંકાને બદલે હવે અયોધ્યામાં જ વાસ કરે.'

સીતા વધારે ન બોલી શકી.

મંદોદરી ગદ્ ગદ્ બનીને બોલી: 'ભલે. તારી ઈચ્છાનુસાર અહીં થોડાક દિવસ રહી જઈશ, તને સંતોષ થશે ત્યાં સુધી. બસ?'

રામના આગમન પછી અયોધ્યાનું કલેવર એકદમ બદલાઈ ગયું. પ્રજા સર્વ પ્રકારની ચિંતાથી મુક્ત બનીને પોતાનું જીવન ખૂબ જ સુખશાંતિ તથા આનંદપૂર્વક જીવવા લાગી.

રામના રાજ્યકાળ દરમિયાન વરસાદ સમય પર સારી રીતે વરસતો, ધરતી ધાન્યથી ભરપૂર કે સમૃદ્ધ રહેતી, ઋતુઓ અનુકૂળ થતી, સમસ્ત પ્રકૃતિ માનવીની સેવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરતી.

જ્યારથી રામે રાજ્યની ધુરા સંભાળી ત્યારથી પ્રજા અખંડ અને અનંત આનંદમાં અવગાહન કરવા લાગી. પ્રજા પોતપોતાના ધર્મ કે કર્તવ્યના અનુષ્ઠાનમાં તત્પર બની.

રામના રાજ્યમાં કોઈ દુઃખી ન હતું, રોગી ન હતું ને દરિદ્ર કે કંગાળ ન હતું.

કાયદા ઓછામાં ઓછા હતા, અને એમનો અમલ કરવાનો અવસર ભાગ્યે જ ઉપસ્થિત થતો, કારણ કે સૌ ધર્મ ને નીતિની મર્યાદામાં રહીને જ જીવન જીવતા.

લોકો વ્યસનોથી રહિત હતા. પરધનને પત્થર બરાબર અને પરસ્ત્રીને માતા કે બહેન બરાબર માનતા. સ્ત્રીઓ પણ પરપુરુષને પિતા અથવા ભાઈ સમાન સમજતી.

સમાજમાં ક્યાંય વ્યભિચારનું નામનિશાન નહોતું દેખાતું.

ચોરી, હિંસા, કૂડકપટ અને અસત્યનો આધાર કોઈયે ન લેતું. એમનો પરિચય કેવળ પુસ્તકોનું પારાયણ કરનારને જ થઈ શકતો.

દૂધ ને ઘી પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થતાં. એમને વેચવાની પ્રથા ક્યાંય નહોતી દેખાતી.

પ્રજા ભૌતિક રીતે તો સુખી જ હતી પરંતુ આત્મોન્નતિની દૃષ્ટિની પણ આગળ હતી.

અયોધ્યામાં અને ખાસ કરીને રામના સહવાસમાં રહેવાનો આનંદ એવો તો અજબ અનેરો હતો કે સુગ્રીવ, વિભીષણ, અંગદ કે હનુમાન અને બીજા વાનરયોદ્ધાઓ ત્યાંથી જવાનું નામ જ નહોતા લેતાં.

દિવસો તથા મહિનાઓ વીતી ગયા તો પણ એમને એવું લાગવા માંડ્યું કે અયોધ્યામાં જાણે હજુ હમણાં, આજે જ આવ્યા છીએ. પરંતુ રામની સૂચનાથી છેવટે એમણે પોતપોતાને ઘેર જવા માટે તૈયાર થવું પડ્યું. પોતાના કર્તવ્યનો વિચાર કરીને ના છૂટકે એમણે રામની તથા બીજાની વિદાય લીધી.

મંદોદરી તથા હનુમાન સિવાય બીજા બધા જ પુષ્પક વિમાનમાં બેસી ગયાં.

એ પહેલાં સૌએ રામ, સીતા, ભરત, લક્ષ્મણ તથા બીજા આપ્તજનોને પ્રણામ કર્યા.

રામે કહ્યું: 'તમારાથી છૂટા પડતાં મને ભારે દુઃખ થાય છે. છતાં પણ વિધાતાની ઈચ્છા માનીને છૂટા પડવું પડે છે. અવારનવાર અયોધ્યા આવતા રહેજો. તમારા વિના અયોધ્યા ખરેખર સૂની લાગશે.'

'અયોધ્યા તો સૂની લાગશે કે નહિ પરંતુ અમારાં જીવન તો સૂનાં બની જ જશે.' સુગ્રીવે કહ્યું.

'રાજ્યને બદલે મને તમારાં ચરણોમાં આશ્રય આપ્યો હોત તો વધારે સારું હતું.' વિભીષણ બોલ્યોઃ 'એની કીંમત મને વધારે લાગે છે. મંદોદરીને લંકામાં લઈ જવા માટે એક વાર તો કોઈને આવવું જ પડશે. તે વખતે હું પણ સાથે આવીશ, એટલે તમારા સૌના દર્શનનો સહેજે લાભ મળી રહેશે.'

'મંદોદરી એટલી વહેલી નહિ આવે.' સીતા બોલી.

'છતાં પણ આવશે તો ખરી જ ને? એના વિના લંકા ઉજ્જડ તથા સ્મશાન સમી સૂની હશે. એ તો લંકાનો પ્રાણ ને શોભા છે.'

'લંકાની જ શા માટે, આખી અવનિની.'

'છતાંયે લંકાની તો ખરી જ. લંકાને એને માટે ગૌરવ છે.'

'એની ના અમારાથી થોડી જ પાડી શકાય તેમ છે?' રામ બોલી ઊઠ્યા.

પુષ્પક વિમાન વિદાય થયું.

એ અરસામાં રામના ખાસ સંદેશને માન આપીને એમને તથા સીતા ને સૌને મળવા માટે અયોધ્યામાં આવેલા મહારાજા જનક પણ મિથિલા જવા વિદાય થયા.

જતાં જતાં એમણે સૌને આશીર્વાદ આપ્યાં.

અયોધ્યાના નિવાસ દરમિયાન ઊર્મિલા તથા મંદોદરી વચ્ચેનો સ્નેહસંબંધ ઘણો જ ગાઢ બની ગયો.

ઊર્મિલાએ મંદોદરીને કહ્યું પણ ખરું: 'મને તારા પર આટલો બધો સ્નેહ કોણ જાણે કેમ થઈ રહ્યો છે!'

'તું સ્નેહની મૂર્તિ છે એટલે સ્નેહ ન થાય તો બીજું શું થાય?'

'તું લંકાનો ત્યાગ કરીને કાયમ માટે અહીં ન રહી શકે?'

'રહી શકું. પરંતુ લંકાનો ત્યાગ કેવી રીતે કરી શકાય? ત્યાં પણ જવું તો જોઈએ જ ને?'

દિવસો પછી વિભીષણના સેવકો પુષ્પક વિમાન લઈને એને લેવા આવ્યા.

વિભીષણ ઘણીયે ઈચ્છા હોવા છતાં અસ્વસ્થ પ્રકૃતિને લીધે ન આવી શક્યો.

મંદોદરી ઊર્મિલા તથા સીતાને ભેટીને અને રામ, લક્ષ્મણ તેમજ મહર્ષિ વસિષ્ઠ ને કૌશલ્યાદિ માતાઓને પ્રણામ કરીને ચાલી નીકળી ત્યારે સીતા અને ઊર્મિલા બંને રડવા માંડી.

એ જોઈને મંદોદરીનો સંયમ પણ છૂટી ગયો. એ બોલી: 'બહેનની ખબર લેવા કોઈવાર સમય કાઢીને લંકા આવજો. તમને મળવા માટે મારું મન પ્રત્યેક પળે ઝંખ્યા કરતું હશે.'

'અમે પણ તને નહિ ભૂલી શકીએ, અવસર મળ્યે તું પણ આવતી રહેજે.'

લક્ષ્મણે કહ્યું: 'મારે વનમાં જવાનું થયું ત્યારે પણ ઊર્મિલા આટલું બધું નહોતી રડી. એને મંદોદરીને માટે કેટલો બધો અપાર પ્રેમ છે એની આના પરથી પ્રતીતિ થાય છે.'

'અને સીતા પણ એટલી જલદી ક્યાં આંસુ સારે એમ છે?' રામ બોલ્યા: 'અવસર એવો છે કે મારી આંખ ભીની થઈ ગઈ છે. પ્રેમ અથવા લાગણીની અસર એવી ઉત્કટ હોય છે.'

સીતાએ કહ્યું: 'મંદોદરીને મારાથી બીજું શું આપી શકાવાનું હતું? મારી પાસે છે જ શું? માત્ર બેચાર અશ્રુબિંદુ અને એમાં નીતરતો પવિત્ર પ્રેમ. મારી કૃતજ્ઞતા બીજી કઈ રીતે બતાવી શકું?'

મંદોદરીએ કહ્યું: 'પાછી કૃતજ્ઞતાની વાત કાઢી? મને એ સાંભળવાનું નથી ગમતું.'

'છતાં પણ હું એને જીવનભર નહિ ભૂલી શકું.'

મંદોદરી આંખને લૂછીને વિમાનમાં બેસી ગઈ.

વિમાન ઉડ્યું પરંતુ એનું મન અયોધ્યામાં જ રમતું રહ્યું.

એ એક પ્રકારની ભાવસમાધિમાં લીન બન્યું.

* * * * *

## ૬૮. સીતાના ત્યાગનો સંકલ્પ

અયોધ્યામાં પાછા આવ્યા પછી રામ અને સીતાનું જીવન સુખશાંતિ તથા સંવાદપૂર્વક ચાલવા માંડ્યું. સરિતાનો સુધામય પાવન પ્રવાહ જેવી સરળતા, શુચિતા અને પ્રસન્નતાપૂર્વક વહી જાય તેવી સરળતા, શુચિતા અને પ્રસન્નતાથી યુક્ત બનીને એમનો જીવનપ્રવાહ વહેતો રહ્યો.

પરંતુ એ અનુરાગમય, અનુકૂળ, જીવનપ્રવાહમાં એકાએક આપત્તિ અથવા પ્રતિકૂળતા ઊભી થઈ. પ્રજાજનોના એક વર્ગ તરફથી સીતાના ચારિત્ર્યની શુદ્ધિ સંબંધી શંકા થવા લાગી.

એ શંકા છેક જ નિરાધાર હતી તો પણ પ્રબળ બનતી ગઈ ને પ્રજામાં પ્રચલિત બનતી રહી.

લોકો કહેવા માંડ્યા કે સીતા રાવણને ત્યાં રહી આવી છે તો પણ રામે એનો ત્યાગ નથી કર્યો અને એને ઘરમાં રાખી છે એ શું બરાબર છે? પ્રજાના પાલક પોતે જ જો આવું અનુચિત કામ કરે તો પ્રજા પર એનો પ્રભાવ કેવી રીતે પડે? પ્રજા એમના વ્યવહાર પરથી આદર્શ જીવનની પ્રેરણા કેવી રીતે પ્રાપ્ત કરી શકે?

સીતાની અગ્નિપરીક્ષાની એમનામાંના કેટલાકને જાણ જ નહોતી અને જેમને જાણ હતી એ એની વાસ્તવિકતા તથા યથાર્થતામાં શંકા કરતા જુદી જુદી જાતની વાતો ફેલાવી રહેલા. પ્રજાનો એ વર્ગ જો કે નાનો હતો, છતાં પણ હતો એમાં શંકા નહિ. રામને પોતાના વિશ્વાસુ ગુપ્તચરો તથા બીજાં સાધનો મારફત એની માહિતી મળી ત્યારે એમનું દિલ જરાક દુઃખી થયું.

એમણે એક દિવસ પ્રસંગોપાત સીતાને કહ્યું પણ ખરું: ‘તારી અગ્નિપરીક્ષા લંકામાં થઈ એને બદલે અયોધ્યામાં થઈ હોત તો વધારે સારું હતું.’

‘કેમ? તમને એવો વિચાર કેમ આવ્યો?’

‘તને એવું નથી લાગતું કે અયોધ્યામાં તારી અગ્નિપરીક્ષા થઈ હોત તો તેને આખી પ્રજા જાણત? લંકામાં થયેલી અગ્નિપરીક્ષા તો થોડાક જ જોઈ શક્યા. બીજાને તો એમાં વિશ્વાસ જ નથી બેસતો. અગ્નિપરીક્ષાની ઘટનાને એ સાચી જ નથી માનતા, ને તારા ચારિત્ર્ય સંબંધી શંકા કરીને જુદી જુદી જાતની વાતો કર્યા કરે છે.’

રામે લોકોપવાદની હકીકત કહી સંભળાવી, એટલે સીતાએ પૂછ્યું: ‘તો પછી એનો અર્થ એવો છે કે મારે મારી પવિત્રતાને બતાવી આપવા માટે બીજીવારની અગ્નિપરીક્ષામાંથી પસાર થવું?’

‘એ તો મારાથી કેવી રીતે કહી શકાય? છતાં પણ એટલું તો ચોક્કસ છે અથવા આવશ્યક છે કે આપણે કશુંક કરવું તો જોઈએ જ. પ્રજાની રહીસહી આશંકા તથા સંશયવૃત્તિને શાંત કરવા માટે આપણે જરૂરી ભોગ આપતાં હસતાં હસતાં તૈયાર થવું જોઈએ. પછી એ ભોગ આપણી ગમે તેવી ને ગમે તેટલી કસોટી કરનારો કે ગમે તેવી આપત્તિ આપનારો કેમ ન હોય.’

‘તમારા ભાવ અને વિચાર સાથે હું સંમત છું. ફક્ત મારે શું કરવાનું છે તે મને કહી દો, એટલે તમારા આદેશનો અમલ કરીશ.’

‘એમ કરતાં દુઃખ ભોગવવું પડશે તો?’

'તો પણ શું? મારા જીવનમાં મેં દુઃખ ભોગવવામાં બાકી નથી રાખ્યું. દુઃખથી હું ટેવાઈ ગઈ છું. હજુ પણ થોડું કે વધારે દુઃખ ભોગવવાનું અનિવાર્ય હશે તો તેને પણ તમારો કે વિધાતાનો પ્રસાદ માનીને શાંતિપૂર્વક ભોગવી લઈશ. હું તમારી છું એટલે તમારો યશ વધારવા અને તમારા મહિમાને અકબંધ રાખવા બનતું બધું જ કરી છૂટીશ. તમારા કરતાં ને તમારી ઈચ્છાના અમલ કરતાં વધારે પ્રિય કે કીમતી મારે મન કશું જ નથી.'

રામે થોડીવાર વિચારીને કહ્યું: 'પ્રજાના પાલક, નાયક કે નેતાનું જીવન લોકોપવાદથી રહિત અને વિશુદ્ધ અથવા નિષ્કલંક જોઈએ. તો જ એ પ્રજાને માટે પ્રેરક બની શકે. મારું એ દૃષ્ટિબિંદુ તો તું સહેલાઈથી સમજી શકીશ.'

'હા. સમજી શકું છું.'

'અને એ પણ સમજી શકીશ કે એણે લોકોપવાદથી રહિત થવા માટે ને પ્રજાની આગળ સર્વોત્તમ આદર્શની સ્થાપના માટે પોતાનાથી બનતું બધું જ કરી છૂટવું જોઈએ, તો જ એ પ્રજાના પરિપૂર્ણ પ્રેમ અને વિશ્વાસનું સંપાદન કરી શકે.'

'એ પણ સમજી શકું છું.'

'એવા આદર્શની પ્રતિષ્ઠા માટે કોઈવાર પોતાના પ્રિય પદાર્થનું, સ્વજન કે જીવનનું બલિદાન પણ દેવું પડે તો તે દેવા માટે તૈયાર રહેવું જોઈએ. એવે વખતે પોતાના અંગત લાભાલાભ કે ગમા-અણગમાનો વિચાર કરીને પ્રજાહિતના કર્તવ્યના અનુષ્ઠાનમાં પ્રમાદ ન કરવો જોઈએ.'

'બરાબર છે.'

'એટલા માટે જ કહ્યું છે કે રાજ્ય ચલાવવાની જવાબદારી કાંઈ નાનીસૂની નથી. રાજ્યશાસન એક કાંટાળો તાજ છે. એને બહુ સંભાળીને પહેરવો પડે છે. જે પોતાની જ સુખશાંતિ તથા સગવડનો વિચાર કરીને, એ જ મહત્વની માનીને, પ્રજાની પરવા કર્યા વિના બેસી રહે છે એ આદર્શ રાજા થઈ શકતો નથી.'

'તમારી એ વાત સાચી છે. એની સાથે હું સંમત થાઉં છું.' સીતાએ જણાવ્યું.

રામે કહ્યું: 'તું તદ્દન પવિત્ર ને નિષ્કલંક છે. અગ્નિપરીક્ષા દ્વારા તારી મારા પ્રત્યેની પ્રીતિ ને પવિત્રતા પુરવાર પણ થઈ ચૂકી છે, છતાં પણ પ્રજાના એક વર્ગમાં એને માટે આશંકા ઊભી થઈ છે.'

'આશંકા?'

'હા.' રામે ગુપ્તચરો દ્વારા પ્રાપ્ત થયેલા ને બીજી રીતે સાંભળેલા સઘળા સમાચાર કહી બતાવ્યા.

એ સાંભળીને સીતાના વદન પર વિવાદ છવાઈ ગયો. એની છાતી ધડકવા લાગી.

પોતાની જાતને સંભાળી લઈને એ બોલી: 'મારું જીવન કેટલું બધું નિર્મળ રહ્યું છે તે તમે જાણો છો. રાવણને ત્યાં મારી ઈચ્છાની ઉપરવટ થઈને રહેવું પડ્યું તો પણ હું એકદમ નિષ્કલંક રહી શકી છું. છતાં પણ મારા સંબંધી એવી આશંકા કરાતી હોય તો તેને કાયમ માટે દૂર કરવા તમે કહો તે કરવા તૈયાર છું.'

'મેં વિચાર્યું છે કે લોકપવાદને શાંત કરવા આપણે થોડા વખતને માટે છૂટાં પડીએ ને સૌને આપણી કામરહિતતા તથા સાચી પ્રીતિ બતાવી આપીએ. લોકો તો મને પણ કામી કહે છે. એ કહે છે, રામ કામાંધ છે એટલે જ એમણે રાવણને ત્યાં રહી આવેલી સીતાને ઘરમાં રાખી. અલબત્ત, એવું કહેનારા લોકો પ્રમાણમાં

ઓછા છે, તો પણ એમની ઉપેક્ષા ન કરી શકાય. આદર્શ રાજ્યમાં પ્રજાના અલ્પ મતની પણ અવગણના ન કરાવી જોઈએ. અલ્પસંખ્યક પ્રજાને પણ સંતુષ્ટ રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. તારાથી છૂટા પડતાં મને દુઃખ તો થશે જ અને અત્યંત અસહ્ય દુઃખ થશે. તને પણ મારા વિયોગનું દુઃખ થશે. એ દુઃખનો અનુભવ થોડા વખત પહેલાં જ આપણે કરી ચુક્યા છીએ. છતાં પણ એને આપણે સ્મિત સાથે સત્કારવું પડશે. બીજો કોઈ માર્ગ જ મને નથી દેખાતો.'

રામે સીતાને પોતાની યોજના કહી બતાવી એટલે સીતાની વેદના વધી ગઈ. એ બોલીઃ 'તમારા વિયોગની વ્યથા મને તો સાલશે જ પરંતુ સાથે સાથે એ વ્યથા તમારે માટે પણ મરણતોલ થઈ પડશે. તે છતાં પણ તમે મારો ત્યાગ કરવા અને એવી રીતે લોકોમાં એક અદ્દભુત આદર્શની સ્થાપના કરવા તૈયાર થયા છો તો હું તમારી વચ્ચે નહિ આવું. હું તમારી આજ્ઞાનું પાલન કરીશ. મને ખાતરી છે કે, આખરે સત્યનો જ વિજય થશે. આપણે આ નવી અગ્નિપરીક્ષામાંથી પણ સહીસલામત રીતે પાર ઊતરીશું, અને એક ધન્ય દિવસે પાછાં મળીશું પણ ખરાં. લંકામાં પેલી અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ ત્યારે શી ખબર હતી કે હજુ બીજી એક અગ્નિપરીક્ષા મારી રાહ જોતી ઊભી છે! આ અગ્નિપરીક્ષા તો વધારે આકરી છે. આવી ખબર હોત તો હું એનો વિચાર જ ન કરત.'

રામે ગળગળા થઈને કહ્યુંઃ 'મને પણ એનું દુઃખ છે, પરંતુ એ દુઃખને હસતાં હસતાં પી જવું પડશે. એના સિવાય છૂટકો જ નથી. તું મને સૌથી વિશેષ પ્રિય છે છતાં તારે માટે જ આવો નિર્ણય લેવો પડે છે એ ભારે દુઃખદ છે. આ લોકોપવાદ એવો છે કે, જે સાધારણ અગ્નિપરીક્ષાથી નહિ મટે. એને માટે આવી આકરી અગ્નિપરીક્ષામાંથી તારે ને મારે બંનેએ પસાર થવું પડશે.'

'તમે મારા ત્યાગને સહી શકશો?'

રામની આંખમાં આંસુ આવી ગયાં.

'સહી શકીશ એવું તો કેવી રીતે કહું? પરંતુ સહેવાની કોશિશ જરૂર કરીશ. એવી કોશિશ કરવી પડશે, કેમ કે એ ત્યાગ અનિવાર્ય છે. બીજાના હિતને માટે કરવાનો છે.'

સીતા બોલીઃ 'મારાથી પણ તમારો વિરહ નહિ સહી શકાય એ તમે જાણો જ છો. છતાં તમારી ઈચ્છાની વિરુદ્ધ જઈને કશું પણ નહિ કરું.'

રામ અને સીતા લાંબા વખત લગી વાતો કરતાં રહ્યાં.

બંનેના પ્રાણમાં એકમેકને માટે જે પ્રેમ હતો તેને જાણે કે કાળ નહોતો સહન કરી શકતો.

રામે સીતાને કહ્યું પણ ખરુંઃ 'કાળને આપણા પવિત્ર ને પ્રબળ પ્રેમની ઈર્ષા આવતી લાગે છે!'

'કેમ? એવું કેમ બોલ્યા?'

'તું ન સમજી શકી? આપણા ઉત્કટ, ગાઢ, સ્નેહ સંબંધને જોઈ ન શકનારા કાળે પંચવટીમાંથી એક વાર આપણને છૂટાં પાડી દીધેલાં, અને એ જ કાળ આપણને ફરીવાર છૂટાં પાડવાની તૈયારી કરી રહ્યો છે!'

'એમાં કાળને કે બીજા કોઈને દોષ નથી દેતી. દોષ મારા કર્મનો છે અને આ વખતે તો આપણે લોકોપવાદને લક્ષમાં લઈને સમજીને જ છૂટાં પડવાની તૈયારી કરી રહ્યાં છીએ. એ માટેનો દોષ બીજાને દેવો નિરર્થક છે.'

રામ કશું ન બોલ્યા.

બીજે દિવસે લક્ષ્મણને બોલાવીને એમણે પોતાની પરિસ્થિતિ સમજાવીને પોતાનો સંકલ્પ કહી બતાવ્યો. લક્ષ્મણને રામનો સંકલ્પ જરા પણ ન ગમ્યો. પોતાના અણગમાની અભિવ્યક્તિ કરતાં એ બોલી ઊઠ્યો: 'તમારા વિચાર સાથે મારાથી સંમત નથી થઈ શકાતું.'

'કારણ?'

'એનું કારણ સ્પષ્ટ છે. સીતા હજુ હમણાં જ આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ ચૂકી છે. આપણે એના સાક્ષી છીએ. એવી નિર્દોષ સન્નારીને મૂઠીભર મૂર્ખ અથવા અજ્ઞ લોકોના પ્રલાપથી પ્રેરાઈને આવો કઠોર દંડ દેવાનો ન હોય. બીજાના પ્રલાપને એવી રીતે મહત્વના માનીએ તો તો શાંતિપૂર્વક જીવી જ ન શકાય. સીતાને આવી રીતે હાથે કરીને અન્યાય ન કરવો જોઈએ.'

'એને અન્યાય નથી કરતો.' રામ બોલ્યા: 'એના મારી પ્રત્યેના પ્રેમની કદર કરું છું.'

'આવી કદર?'

'એ કદર તો મારું હૃદય જ જાણે છે. લોકોમાં એક ઉત્તમ આદર્શની પ્રતિષ્ઠા માટે અને અમારા ચારિત્ર્યને નિષ્કલંક રીતે રજૂ કરવા માટે ત્યાગ આવશ્યક છે.'

'તમને એ આવશ્યક લાગતો હો તો ભલે, મને તો નથી લાગતો. મને તો લાગે છે કે તમે સીતાને હાથે કરીને દુઃખી કરી રહ્યા છો.'

'સીતા દુઃખી થશે તો હું શું સુખી થઈશ? એનાં સુખદુઃખ ને મારાં સુખદુઃખ જુદાં છે?'

'તમે પણ સીતાના ત્યાગનો સંકલ્પ કરીને સામે ચાલીને દુઃખને વહોરી રહ્યા છો. સમાજમાં સત્પુરુષોના થોડા ઘણા ટીકાખોરો તો હંમેશા રહેવાના જ. એમની ટીકા તથા નિંદાને હસી કાઢવાને બદલે નોંધપાત્ર માનવાથી ને તેથી દોરવાઈ જવાથી દુઃખ પેદા થવાનું. એવી વૃત્તિ વિઘાતક છે. સીતાની પવિત્રતાની તમને તો ખાતરી થયેલી જ છે.'

'પરંતુ મારે એ ખાતરી પ્રજાના પ્રત્યેક વર્ગને કરાવવી છે, જેથી કોઈ ટીકા કે નિંદા કરનાર રહે જ નહિ. રાજા તરીકે એટલું કરી છૂટવાનો મારો ધર્મ છે.'

'તો પછી લંકાના જેવી બીજી જાહેર અગ્નિપરીક્ષા કરાવી લો.'

રામે જણાવ્યું: 'હવે તો એવી નહિ પણ બીજી જાતની જ અગ્નિપરીક્ષા શરૂ થશે. એમાંથી મારે ને સીતા - બંનેને પસાર થવાનું રહેશે.'

'મારું મન તો એ માટે નથી માનતું.'

'પરંતુ મારું ને સીતાનું મન માની ગયું છે. એ એને માટે તૈયાર છે. મેં એના અભિપ્રાયને જાણી લીધો છે.'

'સીતા તમારી વિરુદ્ધ જવા નથી ટેવાયેલી, એટલે એણે તમારી વાતને વિરોધ નહિ કર્યો હોય. છતાં પણ એ તમારાથી છૂટી પડવા માટે પ્રસન્નતાપૂર્વક તો તૈયાર નહિ જ થઈ હોય. એનું હૃદય ત્યાગના વિચારમાત્રથી જ રડી ઊઠ્યું હશે. કોઈપણ સ્ત્રીનું હૃદય રડે જ અને પુરુષનું પણ રડે જ. તમારું હૃદય પણ સીતાના ત્યાગના વિચારથી નહિ રડ્યું હોય એવું થોડું જ છે?'

‘રડેલું. મારું હૃદય રડેલું.’ રામે કહ્યું: ‘અને હજુ પણ રડે છે. ભવિષ્યમાં પણ કદાચ રડતું રહેશે, પરંતુ કર્તવ્યના પુનિત પંથનો પ્રવાસ એવો જ કપરો, અઘરો અથવા અટપટો હોય છે. એમાં હંમેશાને માટે હસવાનું નથી હોતું. કોઈવાર રડવાનું પણ હોય છે. કોઈવાર ઉલ્લાસ તો કોઈવાર શોકનો સામનો કરવાનો અવસર પણ આવતો હોય છે. તો પણ કર્તવ્યના અનુષ્ઠાનમાંથી ચલિત થવાનું નથી હોતું.’

‘તમે માનેલું કર્તવ્ય સાચા અર્થમાં કર્તવ્ય થોડું છે? એ તો તમારા દૃષ્ટિબિંદુ પ્રમાણેનું કર્તવ્ય છે.’ લક્ષ્મણે દલીલ કરી.

‘એવું કેમ કહેવાય?’ રામે સામી દલીલ કરી: ‘પ્રજા પ્રત્યેનું એ કર્તવ્ય પ્રજાના નાયક થવાની સાથે મને સહજ રીતે જ પ્રાપ્ત થયેલું છે. એ કાંઈ મારી મેળે માની લીધેલું કે મારી જાત પર લાદેલું નથી.’

‘મને તો એવું જ લાગે છે.’

‘ના એ બરાબર નથી. તું વિશાળ દૃષ્ટિથી, થોડીક નિઃસ્વાર્થ રીતે જો તો એવું નહિ લાગે.’

‘અત્યારના સંજોગો જોતાં તો મને એવું જ લાગશે.’

‘છતાં પણ તારે મને મારા કર્તવ્યના અનુષ્ઠાનમાં મદદ કરવાની છે.’

‘એટલે? મારે કેવી મદદ કરવાની છે?’

‘સીતાને લઈને તારે રથમાં બેસીને વનમાં જવાનું છે અને તમસા નદીના તટ પર આવેલા મહર્ષિ વાલ્મિકીના આશ્રમના સમીપવર્તી પ્રદેશમાં અરણ્યમાં મૂકી આવવાની છે.’

લક્ષ્મણ વિચારમાં ડૂબીને કરુણ સ્વરે બોલ્યો: ‘એવું કઠોર કામ મારાથી કેવી રીતે કરી શકાશે?’

રામે કહ્યું: ‘ એ કામ કઠોર છે છતાં સાથેસાથે કલ્યાણકારક છે. હું એનો ત્યાગ કરવાનું મહાકઠોર કર્મ કરી રહ્યો છું. એની સરખામણીમાં તારું કામ ઓછું કઠોર છે. ખાસ હકીકત તો એ છે કે સીતા થોડા વખત પછી માતા થવાની છે. એને સારી પેઠે સંભાળીને લઈ જજે.’

લક્ષ્મણે થોડીવાર સુધી શાંત રહીને કહ્યું: ‘મારું મન માનતું તો નથી, છતાં પણ મેં તમારી એકે આજ્ઞાને અત્યાર સુધી નથી ઉથાપી એટલે આ આજ્ઞાને પણ નહિ ઉથાપું. તો પણ મારી પ્રાર્થના છે કે, તમે આ વિષય પર ફરીવાર વિચાર કરો. તમે ને સીતાએ જે વિચાર્યું છે તેમાં ફેરફાર કરો એવી આશા રાખું છું. તમે ઊર્મિલાનો, ભરત તથા શત્રુઘ્નનો, કૌશલ્યાદિ માતાઓનો ને નગરનાં બીજાં નરનારીઓનો વિચાર તો કરી જુઓ! સીતાના વનવાસના સમાચારની અસર એમની ઉપર કેટલી બધી કરુણ થશે? એ સમાચાર સાંભળીને કેવી રીતે સાંખી શકશે?’

‘એમની ચિંતા ન કર. એમને હું સમજાવી શકીશ.’

‘છતાં પણ તમે ફરીવાર વિચારીને સીતાના ત્યાગના સંકલ્પને પડતો મૂકો એવો આગ્રહ તો હું કરીશ જ. એટલો હક તો મને છે જ.’

રામ વધારે ન બોલ્યા, એટલે લક્ષ્મણ પણ મૂક રહ્યો.

* * * * *

## ૬૯. સીતાનો ત્યાગ

સીતાના ત્યાગની વાત સાંભળીને ઊર્મિલાને ભારે દુઃખ થયું.

એના મગજ પર એક અણધારી ચિંતા આવી પડી.

લક્ષ્મણને ઉદ્દેશીને કહેવા માંડી: ‘સીતાના ત્યાગના સમાચાર અત્યંત અમંગલ અને વેદનાજનક છે. એ સાંભળી મને કાંઈનું કાંઈ થઈ જાય છે. સીતાના ત્યાગથી અયોધ્યાના માથે મોટી આફત આવી પડશે. લાંબા વખતના વિયોગ પછી સીતાને હજુ તો હમણાં જ રામનો મેળાપ થયો છે, ત્યાં તો એ એનો ત્યાગ કરવા તૈયાર થયાં! એથી વધારે કરુણતા બીજી કઈ હોઈ શકે? સીતા તો એમના આદેશાનુસાર ચાલવાની તૈયારી બતાવે એ સમજી શકાય તેમ છે. પરંતુ એવો આદેશ આપતાં પહેલાં, એમણે વિચાર તો કરવો જોઈએ ને? એવો આકરો આદેશ...’

ઊર્મિલા વધારે ન બોલી શકી. એનું હૈયું ભરાઈ આવ્યું.

લક્ષ્મણે કહ્યું: ‘રામ જે સંકલ્પ કરે છે તેને પૂરો કર્યા વિના છોડતાં નથી. એવો એમનો સ્વભાવ છે. એટલે મને લાગે છે કે એ સીતાનો ત્યાગ કરશે જ. એમને એમના સંકલ્પમાંથી કોઈ જ ચળાવી નહિ શકે.’

ઊર્મિલાએ સીતાની પાસે પહોંચીને કહ્યું: ‘તારે માથે આ શી મુસીબત આવી પડી? વિધાતાનું તેં કાંઈ બગાડ્યું છે કે તારા જીવનમાં વારંવાર આવા વિઘ્નો આવ્યા કરે છે?’

‘રામના આદેશને મંગલ માનીને એ પ્રમાણે ચાલ્યા સિવાય છૂટકો નથી.’ સીતા બોલી : ‘રામનું સુખ એ મારું સુખ, રામની શાંતિ એ મારી શાંતિ અને રામનો યશ એ મારો યશ માન્યો છે. એની પૂર્તિ માટે જે કરવું પડે તે બધું જ કરી છૂટવાની મારી ફરજ છે.’

‘તો પછી મને પણ તારી સાથે લઈ જા. તું વનમાં તથા દુઃખમાં રહે અને હું મહેલમાં તથા સુખમાં રહું એ મને ન ગમે.’

‘છતાં પણ રામની આજ્ઞા મારે એકલીએ વનમાં જવું એવી છે. એટલે તારે જેમતેમ કરીને ગમાડવું પડશે.’

ઊર્મિલાએ રામને પણ સમજાવવાનો પ્રયાસ કરી જોયો પણ રામ ન માન્યા.

એ એમના નિર્ણયમાં દૃઢ રહ્યાં.

ઊર્મિલાએ લાચાર બનીને પૂછયું: ‘માતા કૈકેયીએ વનવાસની આજ્ઞા તો તમને જ આપેલી, તો પણ તમારી સાથે લક્ષ્મણ તથા સીતા બંને વનમાં આવવા તૈયાર થયેલા, તેવી રીતે હું પણ સીતાની સાથે વનમાં જાઉં તો શું ખોટું છે?’

‘સીતા તથા લક્ષ્મણને તો મારી સાથે આવવા લાગતાવળગતા સૌની સંમતિ મળેલી, પરંતુ હું તને સંમતિ નહિ આપી શકું અને લક્ષ્મણ પણ નહિ આપી શકે. તને એવી સંમતિ આપીને મારે લક્ષ્મણને અન્યાય નથી કરવો. લક્ષ્મણ તને વનમાં મોકલવા તૈયાર થાય તો પણ મારી ઈચ્છા સીતાને એકલી જ મોકલવાની છે.’

કૌશલ્યાદિ માતાઓ તથા ભરતના વિરોધની અસર પણ રામ પર જોઈએ તેવી ન થઈ. રામનો સંકલ્પ અચળ રહ્યો, અને લક્ષ્મણને ન છૂટકે સીતાના ત્યાગના કઠોર કાર્યમાં નિમિત્ત બનવા માટે તૈયાર થવું પડ્યું.

અયોધ્યાપુરીના પ્રજાજનોમાં રામે કરવા ધારેલા સીતાત્યાગના સમાચારથી શોકની લહરી ફરી વળી. સીતાના સંકટને પોતાનું સંકટ સમજીને મોટા ભાગના પ્રજાજનો વિલાપ કરવા માંડ્યાં. કેટલાક રામની મહાનતાની, નિર્મમતાની તથા એમના ત્યાગભાવની પ્રસંશા કરવા લાગ્યા.

એમણે પરસ્પર કહેવા માંડ્યું: ‘રામનો સંકલ્પ તો જુઓ. એ સંકલ્પ સીતાને માટે તો દુઃખદાયક છે જ પરંતુ એમના પોતાને માટે કેટલો બધો ક્લેશકારક છે?’

‘સીતાના વિયોગની વેદના વેઠવા માટે એ સામેથી ચાલીને તૈયાર થયા છે એ કાંઈ ઓછું અગત્યનું છે?’

‘એ એમનું અદ્દભુત મનોબળ બતાવી આપે છે.’

‘પ્રજાના નાના વર્ગને માટે એ કેટલું બધું ધ્યાન રાખે છે એની એના પરથી ખાતરી થાય છે.’

રામે રથ તૈયાર કરવાનો સંકેત કર્યો એટલે, રથને તૈયાર કરવામાં આવ્યો.

રામને તથા બીજા પ્રિયજનોને પ્રણામ કરીને સીતા રથ પર ચઢવા તૈયાર થઈ એટલે રામે કહ્યું: ‘વનમાં વનદેવતા તારું બધી રીતે રક્ષણ કરશે એટલે તને કોઈ જાતનું કષ્ટ નહિ પડે. આપણો આ ત્યાગ લોકાપવાદને શાંત કરવામાં મદદ કરશે. પ્રજાનો પ્રત્યેક વર્ગ કોઈ પણ પ્રકારના અપવાદ વિના આપણા પુનર્મિલનની માગણી કરશે ત્યારે એક વિપળનાય વિલંબ વિના તને પાછી બોલાવી લઈશ.’

ઊર્મિલાએ કહ્યું: ‘હજુ તમારો નિર્ણય બદલો તો સારું.’

‘હજુ એટલું બધું મોડું નથી થયું.’ લક્ષ્મણે સૂચવ્યું.

પરંતુ રામે લક્ષ્મણને રથ ચલાવવાની સૂચના કરી એટલે એ નિરૂપાય બન્યો.

રથ ચાલી નીકળ્યો.

ઊર્મિલાએ એ પહેલાં સીતાને એકવાર ફરીથી મળી લીધું.

અશ્રુ છલેલી આંખને લીધે કોઈ કશું બોલી ન શક્યું.

સીતાએ દૂર દૂરથી દૃષ્ટિ ગોચર થતી અયોધ્યાપૂરીને પ્રેમપૂર્વકના છેલ્લા પ્રણામ કરી લીધા. એ વખતે એનું અંતર અત્યંત આર્ત બની ગયું અને આક્રંદ કરી ઊઠયું.

લક્ષ્મણે એ જોઈને કહ્યું: ‘તમે જો રામને સંમતિ ન આપી હોત તો આ પરિસ્થિતિને ટાળી શકાત. હજુ તમારી ઈચ્છા હોય તો રથને પાછો લઈ જવા તૈયાર છું. તમારો સાથ હોય તો રામને સમજાવવાની મારામાં પૂરતી શક્તિ છે.’

‘હવે તો રામની ઈચ્છાનો અમલ જ કરવા દો.’ સીતાએ કહ્યું: ‘હવે તો રથને તમસાના તટપ્રદેશ પર જ લઈ લો. રામની ઈચ્છા, આકાંક્ષા અથવા યોજનાનો જ વિજય હો!’

તમસા નદીના તટપ્રદેશમાં રથને ઊભો રાખીને લક્ષ્મણે સીતાને આવશ્યક, જીવનોપયોગી સામગ્રી સાથે નીચે ઉતરવામાં મદદ કરી અને કહ્યું: ‘મેં મારું કામ પૂરું કર્યું. આ ભીષણ એકાંત અરણ્યમાં તમને

એકલા મૂકીને જતાં મારું હૃદય રડી પડે છે ને કાળજુ કંપી ઊઠે છે. મારી હિંમત નથી ચાલતી. મને લાગે છે કે હું કોઈ સારું કામ નથી કરી રહ્યો. મારા અંતરમાં એક પ્રકારનો ઊંડો અસંતોષ છે ને મારું દિલ ડંખી રહ્યું છે. તો પણ હું લાચાર છું. મારે કેવળ રામની આજ્ઞાનો અમલ જ કરવાનો હતો, અને એનો અમલ કર્યા સિવાય મેં બીજું કશું જ નથી કર્યું. કર્તવ્યનું આટલું અનુષ્ઠાન પણ મને ખૂંચે છે. પરંતુ એમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો જ નથી દેખાતો. તમારા જીવનને અસહાય અથવા કરુણ દશામાં મૂકવા માટે મારો જરા પણ દોષ નથી.'

'દોષ બીજા કોઈનોય નથી, લક્ષ્મણ!' સીતા કરુણ સ્વરે બોલી ઊઠી: 'દોષ હોય તો તે કેવળ મારા કર્મોના અનુબંધનો છે. એ અનુબંધ જ મને રામના સહવાસનું સુખ આપે છે અને પછી આકસ્મિક રીતે એ સહવાસથી વંચિત કરે છે. મારા પ્રેમમાં હજુ કશીક ખામી હશે. બાકી તો મારા દુઃખને માટે બીજા કોઈનેય દોષ નથી દેતી.'

'તમારા પ્રેમમાં તો કશીયે ખામી નથી દેખાતી.'

'એ તો તમને લાગે છે ને? વિધાતાને એવું નહિ લાગતું હોય. નહિ તો એ આવી પરિસ્થિતિ પેદા કરે જ નહિ.'

લક્ષ્મણને શું બોલવું એની સમજ ના પડી. એ શાંત રહ્યો. પરંતુ પછી તરત બોલ્યો: 'તમસા નદીના તટપ્રદેશ પર મહર્ષિ વાલ્મિકીનો આશ્રમ છે, અરણ્યમાં સરિતાના પ્રશાંત તટ પર બીજા એકાંતવાસી ઋષિમુનિઓના આશ્રમો પણ હશે જ. એકાંતવાસી ઋષિવરો દુન્વયી લોકો કરતાં સ્વભાવિક રીતે જ વધારે દયાળુ તથા પ્રેમાળ હોય છે. એમાંના કોઈ તમને આશ્રય આપશે જ.'

'મને એની ચિંતા નથી.'

'તો પણ મને તો ચિંતા થાય જ.'

'શા માટે? મારા કર્મોની મૂડી મારી સાથે છે. તે મારી સંભાળ રાખ્યા કરશે. બીજા બધાં મારો ત્યાગ કરશે પણ તે તો ત્યાગ નહિ જ કરે. અરણ્યમાં રહેવા માટે હું ટેવાયેલી છું એટલે હરકત નથી.'

'મન માનતું તો નથી, છતાં પણ તમારી રજા હોય તો રામના આદેશાનુસાર હવે હું અયોધ્યા પાછો જાઉં.' લક્ષ્મણે આંખના અશ્રુ લૂછીને ભારે હિંમત કરીને કહી દીધું.

'તમે વિશેષ વિલંબ વિના શાંતિપૂર્વક જઈ શકો છો.'

'મારી શાંતિ તો તમને આ એકાંત, ઘોર, હિંસક પશુઓથી ભરેલા અરણ્યમાં મૂકીને જાઉં છું એટલે અહીં જ રહી જવાની. મારું અંતર તો તમને ફરી નહિ મળું ત્યાં સુધી અશાંતિની જ્વાળામાં જલતું જ રહેવાનું. વિધાતાએ અયોધ્યામાં સહીસલામત પાછા લાવીને ઊર્મિલા તથા બીજા સ્વજનોનો મેળાપ કરાવીને જે સુખ આપેલું તે તમારા વનવાસની ઘટના ઊભી કરીને લઈ લીધું. હવે તો એ જ્યારે પાછું મળે ત્યારે ખરું.'

લક્ષ્મણે રથને તૈયાર કરીને સીતાને પ્રણામ કર્યા.

સીતાએ એને આશિષ આપીને કહ્યું: 'મારું તો જે થવાનું હશે તે થશે, ને બધું સારું જ થશે, પરંતુ રામની સારી પેઠે સંભાળ રાખશો. એમને કોઈ જાતની તકલીફ ન પડે, અશાંતિ ન લાગે અને એમનું દુઃખ હળવું થાય તે ખાસ જોજો.'

'એ કરતાં તો તમારો ત્યાગ કરી બેઠા છે પરંતુ એમ કરીને એમણે દુઃખને જ વહોરી લીધું છે. એમને સુખી કરવા માટે મારાથી બનતો બધો જ પ્રયત્ન કરી છૂટીશ, પણ તમારા વિના એમને સંપૂર્ણ ને સાચા સુખનો અનુભવ નહિ થઈ શકે. એમના હૃદયને અને તમારા પ્રત્યેના પ્રેમને જાણું છું એટલે મને એની ખાતરી છે.'

'છતાં પણ એમની અશાંતિને ઓછી કરવાનો પ્રયાસ તો કરજો જ.'

'ભલે. એ સિવાય કાંઈ કહેવાનું છે?'

'ઊર્મિલાને ખાસ આશ્વાસન આપજો. એ મારા વિયોગની વ્યથા નહિ જીરવી શકે. એ સમજુ છે એટલે વખતના વીતવા સાથે એની વ્યથા ઓછી થશે. માતા કૈકેયી, કૌશલ્યા તથા સુમિત્રા અને ભરતને પણ શાંતિ આપજો. શ્રુતકીર્તિ તથા માંડવીને પણ સમજાવજો. અને આ સમાચાર કોઈ રીતે મંદોદરીને ન પહોંચે તેનું ખાસ ધ્યાન રાખજે, નહિ તો મારે માટેની લાગણીને લીધે એ દારુણ દુઃખ તેમજ શોકમાં ડૂબી જશે ને અયોધ્યા તથા અહીં પણ દોડી આવશે. એ મારા ત્યાગના સમાચાર સાંભળીને બેસી નહિ રહે.'

'રામને કોઈ સંદેશો કહેવો છે?'

સીતાએ કહ્યું: 'હૃદય જ્યાં હૃદય સાથે વાતો કરતું હોય, ને બહારનાં બધાં જ બંધનોને તોડીને એક થયું હોય, ત્યાં શો સંદેશ? કોણ કોને સંદેશો મોકલે? છતાં પણ લૌકિક રીતે સંદેશો કહેવો હોય તો કહેજો કે એમની ઈચ્છાના અમલમાં મારું સુખ સમાયેલું છે અને એ સુખનો અનુભવ હું કરી રહી છું. બાકી સંપૂર્ણ સુખ તો એમના સહવાસમાં જ સાંપડી શકશે. એ સહવાસ જ્યારે મળે ત્યારે ખરો. ત્યાં સુધી એમનું સ્મરણ કરીને મારું જીવન પૂરું કરીશ. રામને કહેજો કે એ મારી ચિંતા ન કરે. ચિંતા કરે તો એમને સમજાવીને શાંત રાખજો.'

એટલુ કહેતાં તો સીતાનું હૃદય ભરાઈ આવ્યું.

થોડાક વખત પછી એ સ્વસ્થ બનતાં આગળ બોલી: 'એમને કહેજો કે મારું શરીર જ્યાં સુધી રહેશે ત્યાં સુધી હું એમને જ યાદ કર્યા કરીશ, એમનું ધ્યાન ધરીશ, અને એમના ચરણોમાં મારી નિષ્ઠા અથવા શ્રદ્ધાભક્તિ કાયમ રાખીશ અને એમને મળતાં પહેલાં કદાચ શરીર છૂટશે તો તે પછી પણ, જન્માંતરમાં એમની જ અર્ધાંગિની બનવાની કામના કરીશ, એમનાથી કોઈ કારણે છૂટી ન પડવાની કામના કરીશ. વળી કહેજો કે હું એકલી છું તો પણ મને ઊંડે ઊંડે એટલો સંતોષ છે કે એમના યશને અક્ષય રાખવા માટે જ મેં એમના વિયોગની વેદનાને વધાવી લીધી છે. મારું આ સમર્પણ સહેતુક છે અથવા અસાધારણ આદર્શની પ્રતિષ્ઠાની ભાવનાથી પ્રેરાયેલું છે, એટલા માટે મને તેનું દુઃખ નથી.'

લક્ષ્મણના રથના ઘોડા ધીમી ગતિએ ચાલવા માંડ્યાં. સીતાને અરણ્યમાં એકલી છોડીને આગળ વધવાનું એમને પણ જાણે કે ન ગમ્યું. એ અવારનવાર પાછું ફરીને જોવા લાગ્યા. મૂંગા પ્રાણીઓને પણ પવિત્ર પ્રેમની એવી અસર થવા માંડી તો પછી લક્ષ્મણનું અંતર એની અસરથી અલિપ્ત કેવી રીતે રહી શકે? એની આંખમાંથી અશ્રુપાત થવા લાગ્યો.

એ અયોધ્યાની દિશામાં આગળ વધતો ગયો તેમ તેમ એને અનેક પ્રકારના સારા નરસા વિચાર આવવા માંડ્યા. રામનું આ કાર્ય ઉચિત છે કે અનુચિત એનું મંથન એના મનમાં ચાલુ થયું.

એને એ કાર્ય અનુચિત જ લાગવા માંડ્યું.

એની સાથે સાથે એ સીતાના પવિત્ર પ્રેમભાવની પ્રશસ્તિ કરતો રહ્યો. એના અનુરાગમય અંતરમાંથી નીકળેલા ઉદ્દગારોને વારંવાર યાદ કરીને એણે અનેરી લાગણીનો અનુભવ કર્યો.

એનું હૃદય કહેવા લાગ્યું: 'રામ મહાન છે, ખરેખર મહાન છે, અસામાન્ય છે, પરંતુ સીતા પણ કાંઈ ઓછી મહાન કે અસામાન્ય નથી, એમનાથી પણ વધારે મહાન અથવા અસામાન્ય છે.'

* * * * *

# ૭૦. નિષાદનો પ્રસંગ

લક્ષ્મણના વિદાય થયા પછી સીતા એકાંત અરણ્યમાં એકલી પડી. એને અયોધ્યાના ને બીજા વિચારો આવવા લાગ્યા. પરંતુ એ ઘોર અરણ્યમાં એને માટે લાંબા વખત લગી એકલા રહેવાનું નહોતું લખાયેલું.

સૂર્યાસ્તનો સમય થતાં જ એને કોઈનો પગરવ સંભળાયો. એ સાંભળીને એનું મન હર્ષ અને આશંકાના મિશ્રિત ભાવથી ભરાઈ ગયું. વનમાં રહેતા રાક્ષસોનો એને પૂરતો અનુભવ હતો.

પગરવ તદ્દન પાસે આવીને અટકી ગયો એટલે એણે સાશંક દૃષ્ટિથી પાછળ જોયું તો એના આશ્ચર્યનો પાર ન રહ્યો. કોઈ વૃદ્ધ, પ્રાતઃસ્મરણીય મુનિવરને પોતાના શિષ્યો સાથે એણે પોતાની પાસે ઊભેલા જોયા. એમની શાંત પ્રસન્ન મુખાકૃતિ અને સુંદર જટા તથા દાઢીએ એમને માટે આદરભાવ પેદા કર્યો.

પરંતુ સીતાને યાદ આવ્યું કે, રાવણ પણ પંચવટીમાં પોતાની પાસે તપસ્વીના જ વેશમાં આવેલો ને? એનું કાળજું કંપી ઊઠ્યું.

એ જ વખતે એ મુનિવરે પ્રશ્ન કર્યો: ‘દેવી તું કોણ છે અને અરણ્યમાં આવી રીતે એકલી શા માટે બેઠી છે? તારા રૂપરંગ પરથી તો તું કોઈક રાજકન્યા લાગે છે!’

સીતા લાગણીવશ બનીને કાંઈ ન બોલી ને રડવા લાગી એટલે મુનિએ કહ્યું: ‘પુત્રી, તું બહુ ચિંતાતુર ને દુઃખી લાગે છે. પરંતુ હવે તારે દુઃખી થવાનું કોઈ કારણ નથી. હું તારો પિતાતુલ્ય છું. મારું નામ મહર્ષિ વાલ્મિકી છે. અહીં બાજુમાં જ મારો આશ્રમ છે. તું કોઈ પણ જાતના સંકોચ વિના મારી સાથે ચાલ. ત્યાં તારી સર્વપ્રકારે સેવા થશે ને તને શાંતિ મળશે.’

સીતા રામના શબ્દોનું સ્મરણ કરીને મહર્ષિ વાલ્મિકીના દર્શનથી પોતાને કૃતાર્થ માનીને, એમને વંદન કરીને ઊભી રહી.

મહર્ષિની જિજ્ઞાસાના જવાબમાં એણે જણાવ્યું: ‘હું રામની પત્ની જનકપુત્રી સીતા છું.’

‘જનકપુત્રી સીતા?’

‘હા. સંજોગોવશાત્ રામે મારો ત્યાગ કરવાથી મારે વનમાં આવવું પડ્યું છે.’

‘તું તો રામ અને લક્ષ્મણ સાથે ચૌદ વરસનો વનવાસ વેઠીને અયોધ્યામાં આવી હતી ને!’

‘સાચું છે. પરંતુ તમારા જેવા મહાપુરુષના દર્શનનો યોગ બાકી હશે એટલે ભાગ્ય મને વળી પાછું વનમાં લઈ આવ્યું છે.’

‘રામનું હૃદય તને ફરી વાર એકલી વનમાં મોકલવા માટે તૈયાર થઈ શક્યું? જેને માટે આટલો બધો પ્રેમ તેનો જ ત્યાગ? મહાપુરુષોના અંતરને કોણ જાણી શકે છે? એ કુસુમથી કોમળ અને કુલીશ કરતાં પણ કઠોર થઈ શકે છે. પરંતુ પુત્રી, રામે તારો ત્યાગ કર્યો તો તારો કોઈ અપરાધ થયેલો?’

સીતાની અવસ્થા અતિશય કરુણ બની જવાથી એ કાંઈ બોલી ન શકી.

એની આંખમાંથી અશ્રુધારા ચાલવા માંડી.

એ જોઈને મહર્ષિનું હ્રદય પણ કરુણ બની ગયું ને રડી ઊઠયું. એ સ્નેહછલેલા, સહાનુભૂતિભર્યા, સુધામય સ્વરે બોલ્યા: 'સીતા, તું શોક ન કર. દુઃખી પણ ન બન. અમારા જેવા વનવાસી ઋષિઓનું જીવન બીજાના હિત માટે જ હોય છે. પરમાત્માએ તને મારી પાસે મોકલી આપી, અને એ પણ આવા કરુણ સંજોગોમાં, એ મારું મોટામાં મોટું સદ્દભાગ્ય છે. મને તારી સંભાળ રાખવાનો ને સેવા કરવાનો ઉત્તમ, અણધાર્યો, અવસર આવી મળ્યો એ કાંઈ ઓછા આનંદની વાત નથી જ. મારા આશ્રમના દ્વાર તારે માટે ઉઘાડાં છે. તારા પુણ્યપ્રવેશથી આશ્રમની ભૂમિ વધારે પવિત્ર બનશે. અત્યારે તારું મન દુઃખી છે એટલે તું વધારે કાંઈ ન બોલી શકે એ સમજી શકાય તેમ છે. તારા ત્યાગનું કારણ કહી બતાવવા તને આગ્રહ નહિ કરું. એ કારણ તો પછી નિરાંતે જાણી શકાશે. હાલ તો મારા સમીપમાં આવેલા, શિષ્યોથી ભરેલા, એકાંત સુંદર આશ્રમમાં ચાલ અને તારા સંતપ્ત અંતરને કાંઈક શાંત કર.'

પોતાના આજ્ઞાંકિત શિષ્યમંડળની મદદથી મહર્ષિ વાલ્મિકી સીતાને આશ્રમમાં લઈ ગયા.

સુંદર, શાંત, લીલીછમ પર્વતમાળાની તળેટીમાં તમસા નદીથી થોડેક દૂર વસેલા આશ્રમને નિહાળીને સીતાનું મન થોડુંક શાંત થયું ને પ્રસન્ન બન્યું.

સીતાને માટે એક અલગ પર્ણકુટીમાં વ્યવસ્થા કરીને મહર્ષિ વાલ્મિકી બોલ્યા: 'તમસાના તટ પર મારા રોજના નિયમ પ્રમાણે સંધ્યાવંદન કરવા જતો'તો ત્યાં જ તારો મેળાપ થયો. હજુ અંધારું થવાને થોડી વાર છે એટલે નિત્યકર્મ કરીને હમણાં જ આવી પહોંચું છું.'

નવા વાતાવરણમાં સીતાના મનમાં ભાતભાતના ભાવો પેદા થયા.

ક્યાં ભોગ, વૈભવ અને સમૃદ્ધિથી છલકાતો અયોધ્યાનો રમણીય રાજપ્રાસાદ અને ક્યાં આ મહર્ષિ વાલ્મિકીનો એકાંત આશ્રમ? બંનેના વાતાવરણમાં કેટલો બધો ફેર છે? અને બંનેની વચ્ચે અંતર પણ કેટલું છે? વિધાતાની ઈચ્છા ખરેખર અદ્દભુત, અકળ અને અજબ છે. એણે ઘડીના છઠ્ઠા ભાગમાં પોતાને ક્યાંની ક્યાં મૂકી દીધી? એને માટે કેવું વિચિત્ર નિમિત્ત ઊભું કર્યું?

માણસ સાચું જોતાં ખરેખર પરવશ છે, લાચાર છે. એને વિધાતા કહો કે કોઈ બીજું નામ આપો, એ એને પોતાની ઈચ્છા, યોજના કે ગણતરી પ્રમાણે ચલાવ્યે જાય છે. એ એની બાજી બગાડે છે ને બગડેલી કે બગડવા બેઠેલી બાજીને સુધારે છે પણ ખરો. ઘડીમાં હસાવે છે તો ઘડીમાં રડાવે છે. સંયોગ ને વિયોગ, લાભ ને હાનિ, પતન ને ઉત્થાન, જય તથા પરાજય, હર્ષ ને શોક તથા જન્મ ને મરણના ઝૂલા પર એ એને ઝૂલાવ્યા કરે છે.

એ વિધાતાએ અશોકવાટિકામાંથી મારો ઉદ્ધાર કરીને મને હ્રદયાભિરામ રામનો મેળાપ કરાવ્યો, ને એનો આનંદનો પૂરેપૂરો લૂંટી શકું તે પહેલાં જ રામથી છૂટી પાડીને અહીં મૂકી દીધી. હવે કોણ જાણે એ અમારો મેળાપ ફરી ક્યારે કરાવે છે!

જીવનનું નાટક કેટલું બધું કરુણ છે અને એનો અભિનય કેટલો બધો આકરો, અઘરો અને વેદનાભર્યો છે? એમાં સુખ, શાંતિ, ઉલ્લાસ, સફળતા, સ્વજનોના સંયોગ તથા સમૃદ્ધિની ક્ષણો ઓછી હોય છે ને દુઃખ, અશાંતિ, શોક, નિષ્ફળતા, વિયોગ અને દીનતાની પળો વધારે. છતાં પણ જીવન મીઠું ને જીવવા લાયક લાગે છે. એ એક સૌથી મોટું આશ્ચર્ય નથી શું?

એનો મોટા ભાગનો સમય સંઘર્ષમાં પસાર થાય છે, આક્રંદ અથવા આંસુ અને વ્યથામાં વીતે છે, ને આરામના અવસર તો એમાં બહુ લાંબે વખતે તથા ધન્ય ઘડીએ આવે છે, તો પણ માનવના મનમાં એની મમતા ચાલુ જ રહે છે ને વધતી જાય છે એ નવાઈ નથી?

મારો કોઈક પુણ્યોદય આગળ આવ્યો એટલે આવા એકાંત અરણ્યમાં પણ મને મહર્ષિ વાલ્મિકીનો મેળાપ થયો. નહિ તો મારી દશા કેવી કરુણ હોત?

સીતા એવા વિચારોમાં મશગૂલ બનીને બેઠી હતી એટલામાં મહર્ષિ વાલ્મિકી આવી પહોંચ્યા.

સીતાનો એમણે કંદમૂળ ને ફળાદિથી ઉચિત સત્કાર કર્યો ને પછી શાંતિપૂર્વક કહ્યું: 'તારા ત્યાગનું કારણ મને પરમાત્માની કૃપાથી જણાઈ ગયું છે. ધ્યાનમાં મને એની ખબર પડી. રામે જે હેતુથી તારો ત્યાગ કર્યો છે તે ઘણો લોકોપકારક અને ઉત્તમ છે. એમના વિના આવો ત્યાગ બીજા કોઈનાથી પણ ન કરી શકાય એમની લોકોત્તરતાની એથી પ્રતીતિ થાય છે, ને તારી અનુમતિથી આ ત્યાગ થયો હોવાથી, તારી મહાનતા પણ દેખાઈ આવે છે. છતાં પણ આ આખીયે ઘટના કરુણ તો છે જ. મારા દિલને એ દ્રવીભૂત કરી દે છે.'

થોડીવાર પછી એ બોલ્યા: 'હરકત નહિ. આશ્રમ તારો પોતાનો છે એમ માનીને અહીં આનંદથી રહેજે. અહીં રાજ્યસુખ જેવું સુખ તો નથી, છતાં પણ સાદાઈ, સંયમ ને કુદરતી સુંદરતાવાળું વાતાવરણ હોવાથી તને સારું લાગશે ને ગમશે.'

સીતાના દિવસો આશ્રમના શાંત વાતાવરણમાં જેમ તેમ કરીને વીતવા લાગ્યા. રામના શાંતિદાયક સુખદ સહવાસ વિના એને ગમતું તો ન હતું તો પણ મનને મારીને જીવ્યા સિવાય છૂટકો ન હતો.

મહર્ષિના શિષ્યો અને એમની સરળ સ્વભાવની શિષ્યાઓ એને પ્રસન્ન રાખવાનો પ્રયાસ કરતી રહેતી. એમણે એને મહર્ષિના જીવનની કેટલીક વાતો કહી બતાવી. એ સાંભળીને એને મહર્ષિને માટે પ્રેમ અને પૂજ્યભાવ પેદા થયો.

સીતાના સંપર્કની વાલ્મિકીના જીવનમાં એક નવા અધ્યાયનો ઉમેરો થયો.

એમના અંતરમાં કરુણા છવાઈ ગઈ.

એક દિવસ સાંજે એ પોતાના શિષ્યો સાથે તમસાના તટ પર સાયંસંધ્યા કરવા નીકળ્યા.

એ વખતનું વાતાવરણ ઘણું સુંદર, શાંત અને હૃદયંગમ હતું.

મહર્ષિએ શિષ્યોને ઉદ્દેશીને કહ્યું: 'આવા વાતાવરણમાં વેરભાવને ભૂલીને બધા જીવો પ્રેમથી વિચરણ કરે છે, મૃગ તથા સિંહ સાથે રમે છે, સાપ તથા નોળિયા ભેગા થઈને ક્રીડા કરે છે, અને આખીયે પ્રકૃતિ શાંતિ તથા સ્નેહનો સંદેશો પૂરો પાડે છે. આવું વાતાવરણ કોના અંતરને અસર ન પહોંચાડે?'

પરંતુ એટલામાં તો એમની સામે જ એક કરુણ બનાવ બન્યો. એ જોઈને એમનું અંતર વ્યથિત થઈ ગયું. એમને થયું કે વાતાવરણની અસર સૌના પર થઈ પરંતુ માનવ પર ન થઈ. માનવ એ વાતાવરણથી અલિપ્ત રહ્યો ને પશુથી પણ બદતર બન્યો. જે સર્વનો રક્ષક હતો તે ભક્ષક બની બેઠો.

થોડેક દૂર એમની દૃષ્ટિ પડી તો તમસા નદીના સુંદર તટ પર સારસ પક્ષીનું એક જોડું વિહાર કરી રહેલું. પોતાની આજુબાજુની દુનિયાને ભૂલી એ સારસ પક્ષીઓ કામના આવેગથી અભિભૂત થઈને

ભાવસમાધિમાં મગ્ન હતા. અથવા કહો કે સ્નેહના સામ્રાજ્યનું સુખ માણી રહેલા. પરંતુ એમની એ સમાધિ તદ્દન આકસ્મિક રીતે જ તૂટી ગઈ અને એમના સ્નેહ સામ્રાજ્યનો અંત આવ્યો.

સુસવાટા કરતું એક બાણ એક સારસ પક્ષીના શરીરમાં વાગી જવાથી એ કરુણ ચિત્કાર કરીને ધરતી પર ઢળી પડ્યું. એને મરેલું જોઈને બીજું પક્ષી પણ જીવંત ન રહી શક્યું. એના ચિરવિયોગની વેદનામાં એણે પોતાનું શરીર છોડી દીધું.

જે કુદરત થોડા જ વખત પહેલાં સુંદર, શાંત અને સુખદ લાગતી'તી તે ભયંકર ભાસવા માંડી.

મહર્ષિ વાલ્મિકીનું હૃદય એ કરુણ, અતિકરુણ દૃશ્યને દેખીને રડવા લાગ્યું.

એમના રોમરોમમાં કરુણાની રાગરાગિણી શરૂ થઈ.

એમણે બાણની દિશામાં જોયું તો એક પારધિ ઊભો હતો. એના હાથમાં ધનુષ્ય હતું.

એ મરેલા સારસ પક્ષીની પાસે આવવા માંડ્યો એટલે એને નિહાળીને વાલ્મિકીની વેદના વધી ગઈ.

પેલું જીવલેણ બાણ એણે જ મારેલું.

વાલ્મિકીના અંતરમાં એને જોઈને ભારે મંથન થયું.

એ મંથનના પરિણામે એમના મુખમાંથી એકાએક ઉદ્દગાર નીકળી પડ્યાઃ

मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यतक्रौंचमिथुनोदकं अवधीः काममोहिततम् ॥

'હે હિંસક નિષાદ! તને અનંત કાળ સુધી ઉત્તમ ગતિ કે શાંતિ ના મળો. કારણ કે કામવાસનાથી મોહિત થયેલા ક્રૌંચ પક્ષીના જોડામાંથી એકનો તે વધ કર્યો છે.'

અનુષ્ટુપ છંદમાં અવતાર પામેલી એ કરુણ કવિતા-પંક્તિ મહર્ષિના મુખમાંથી એકાએક નીકળી પડી. એ સંસારના આદિકવિ થયા. એમનો અભિશાપ સાંભળીને નિષાદ ધ્રુજવા લાગ્યો.

મહર્ષિને પગે પડીને એ ભારે કરુણ સ્વરે બોલ્યોઃ 'પ્રભુ, તમે મને બહુ મોટો શાપ આપી દીધો.'

'તારા અપરાધના પ્રમાણમાં એ શાપ છેક જ સાધારણ છે.' વાલ્મિકીએ જણાવ્યું.

'મારો અપરાધ? મેં તમારો એવો એકે અપરાધ નથી કર્યો જેને માટે તમારે મને શાપ આપવો પડે!'

'આ સારસ પક્ષીને તેં નથી માર્યું? સમસ્ત સંસારની સાથે હું આત્મીયતાનો અનુભવ કરું છું. એટલે એ અપરાધ એક રીતે મારો જ છે.'

'પરંતુ પક્ષી તો મારો આહાર છે. એને મારવાથી કોઈ જાતનો અપરાધ નથી થતો.'

'બિલકુલ નહિ. તું વિવેકને ભૂલી ગયો છે, માટે દંડને પાત્ર છે. કામમોહિત પક્ષીનો વધ કરવો એ અપરાધ જ છે. ઘોર અપરાધ.'

'એનો નિર્ણય તમે કેવી રીતે કરી શકો? અને એ પણ આટલો જલદી? મારા કર્મનો કે બીજા કોઈનાય કર્મનો ન્યાય કરવાનો તથા તેને માટે પુરસ્કાર આપવાનું કે દંડ દેવાનું કામ તમારું નથી, પરમાત્માનું છે. તમારે તો નિર્વેર તથા તટસ્થ બની સર્વે પ્રાણીઓ પર પ્રેમભાવ રાખીને પરમાત્માની આરાધનામાં જીવન પસાર કરવાનું છે. શાપ કે વરદાન દેવાની પ્રવૃત્તિમાં નથી પડવાનું.'

'નિષાદ, તું વધારે પડતું અને વગર વિચાર્યે બોલે છે.'

'બિલકુલ નહિ. હું જે બોલું છું તે ઠીક જ બોલી રહ્યો છું. જો મારી વાતમાં વિશ્વાસ ન હોય તો જુઓ પેલા સારસ પક્ષીને. તમે એમને મારા હાથે મરાયેલાં માનો છો. પરંતુ એ મરેલા છે કે નહિ તેની ખાતરી કરી લો.'

વાલ્મિકીને નવાઈ લાગી. એમણે કહ્યું: 'એ તો મરેલાં જ છે અને તેં માર્યા છે. એમાં ફરીવાર જોવા જેવું છે જ શું?'

'છતાં જુઓ તો ખરા.' નિષાદ પોતાની વાતને વળગી રહ્યો: 'મેં એમને નથી માર્યા.'

વાલ્મિકીએ કુતૂહલવશ જોયું તો બંને સારસ પક્ષી જવતાં હતા અને તમસાના તટ પર પહેલાંની જેમ બેઠાં હતા. એ જોઈને વાલ્મિકીએ ઉદ્દગાર કાઢ્યો: 'આ શું? આ તો જીવતા છે!'

'હું એ જ કહેતો હતો. કાળે એમને મારેલા અને કાળે એમને ઉગારી લીધાં. કાળના સ્વામી પરમાત્માની આ લીલા છે. જીવન અને મરણના પ્રદાતા એ જ છે. માનવ તો કેવળ નિમિત્તરૂપ છે.'

'તું કોઈ સાધારણ નિષાદ નથી લાગતો.'

'હું ભગવાન શંકર છું.'

'શંકર?'

'હા. ભગવાન શંકર.'

નિષાદના શરીરમાંથી પ્રકાશના કિરણો ફૂટી નીકળ્યા. એનું આંખુય શરીર ફરી ગયું.

એને બદલે, એની જ આકૃતિમાંથી ભગવાન શંકર પ્રકટ થયાં.

વાલ્મિકીએ એમના ચરણમાં પ્રણિપાત કર્યા એટલે એ બોલ્યા: 'વાલ્મિકી મેં નિષાદનું રૂપ લઈને તમારા જીવનમાં કવિતાને પ્રકટ કરવાનું કામ કરી દીધું. એ કામ અવનીને માટે આશીર્વાદરૂપ થઈ પડશે. રામે સેતુનું નિર્માણ કરતાં પહેલાં સમુદ્રતટ પર મારી સ્થાપના કરેલી. એને લીધે મેં એમનું આગળનું કામ સરળ કરેલું, અને એમનું કામ કરવા માટે તમને આજે મારું દર્શન આપ્યું. તમે હવે રામના જીવનની કવિતા કરો. એ મહાકવિતાની રચનામાં તમે સફળ થશો અને મહાકવિ-સંસારના આદિકવિ કહેવાશો. એ કવિતા માનવજાતિ માટે ખૂબ જ મંગલમય થઈ પડશે અને અમર બનશે. સીતાના ભાવિ પુત્રોને એ કંઠસ્થ કરાવજો. એ કવિતા રામ અને સીતાના જીવનને ફરીથી એક કરનાર સેતુરૂપ થઈ પડશે અને સૌનું કલ્યાણ કરશે. મારો આશીર્વાદ છે.'

વાલ્મિકીએ એ આશીર્વાદને માથે ચડાવ્યો. કેટલો બધો અનેરો, ઉત્તમ અને લોકોપયોગી આશીર્વાદ? એની સૌથી મોટી વિશેષતા એ હતી કે, એ રામની સેવા માટે હતો. અને રામની સેવાથી વધારે શ્રેયસ્કર બીજું શું હોઈ શકે? કશું જ નહિ. એમની સેવામાં સીતાની અને સમસ્ત સંસારની સેવા સમાયેલી હતી.

એમણે ભગવાન શંકરને પ્રણામ કર્યા. એમના પ્રત્યે પોતાની કૃતજ્ઞતા બતાવી અને ભગવાન શંકર અદૃશ્ય થયાં.

* * * * *

## ૭૧. મહાકાવ્યની રચના

નિષાદના પ્રસંગે મહર્ષિ વાલ્મિકીના જીવનમાં ભારે ક્રાંતિ કરી દીધી.

ભગવાન શંકરના દૈવી દર્શનથી એમનાં અંતરચક્ષુ ઊઘડી ગયાં. એમને ઊંડી શાંતિ મળી. એમના જીવનમાં મહત્વની ક્રાંતિ કરનારો એ બીજો પ્રસંગ હતો. પહેલો પ્રસંગ દેવર્ષિ નારદના મેળાપનો હતો.

એ આખાય પ્રસંગનું એમણે સ્મરણ થયું.

નિષાદનું ઘોર કુકર્મ જોઈને પોતાનું હૃદય ખળભળી ઊઠ્યું ને પોતે એને શાપ આપ્યો, પરંતુ પોતે એ વખતે નિષાદ કરતાં ક્યાં ઉતરતા હતાં? એમ કહો કે કુકર્મ કરવામાં એમના કરતાં પણ આગળ હતાં.

પોતે પણ એવી રીતે જ ધનુષ્યબાણ ધારણ કરતા ને હથિયાર રાખતાં.

એકાંત અરણ્યમાં મળતાં મુસાફરોને આંતરતા, લૂંટી લેતાં, ને જરૂર જણાતાં મારી પણ નાખતાં. એ એમનો રોજનો વ્યાપાર થઈ પડેલો. એ અભ્યાસ એમને સદી ગયેલો એટલે સાલતો પણ નહિ. પરંતુ અંધારા ઘરમાં જેમ પ્રકાશનું કિરણ ફૂટે તેમ એમના ઉદ્ધારનો વખત પાસે આવ્યો એટલે એમને દેવર્ષિ નારદનો મેળાપ થયો.

ભગવન્નામસ્મરણની સુધાનો સ્વાદ લેતાં નારદજી એકાંત અરણ્યની કેડી પરથી પસાર થઈ રહેલાં, ત્યારે વાલ્મિકી એમનો રસ્તો રોકીને ઊભા રહ્યા.

દેવર્ષિ નારદે કહ્યું: ‘અરે, તું કોણ છે? અને મારા રસ્તાને કેમ રોકી રહ્યો છે?’

‘મારું નામ રત્નાકર છે. મારું કામ આ પ્રદેશમાંથી પસાર થતાં પ્રવાસીઓને લૂંટવાનું છે.’

‘લૂંટવાનું?’

‘હા. લૂંટવાનું અને જરૂર પડે તો ખતમ કરી નાખવાનું.’

‘ત્યારે તો તું શુદ્ર લાગે છે. એથી જ આવું દુષ્ટ કર્મ કરી રહ્યો છે.’

‘ના, હું શૂદ્ર નથી, પરંતુ બ્રાહ્મણ છું. મારો જન્મ ઉત્તમ બ્રાહ્મણકુળમાં થયેલો છે.’

‘બ્રાહ્મણકુળમાં જન્મીને આવું કુકર્મ કરી રહ્યો છે? બ્રાહ્મણ તો તપ કરે, શાસ્ત્રાધ્યયન કરે, વેદ ભણાવે તથા ભણે, ને સેવા કરે. એ કાંઈ આવું કુકર્મ ન કરે.’

‘મારું કર્મ ઉત્તમ છે.’ રત્નાકરે કહ્યું.

‘બિલકુલ નહિ.’ નારદજી બોલ્યા: ‘આ કર્મ તો અધમ છે.’

‘અધમ કે ઉત્તમની ચર્ચામાં નહિ પડું. એવી ચર્ચા કરવાનો મારી પાસે વખત પણ ક્યાં છે? હું તો આ કર્મ કરીને મારા કુટુંબનું ભરણપોષણ સારી રીતે કરી રહ્યો છું. એટલે મારે માટે આ કર્મ ઉત્તમ જ છે.’

‘ભરણપોષણ તો કાગડા, કૂતરાં, તથા બિલાડાં પણ કરે છે. એ મુદ્દો કાંઈ બહુ મહત્વનો નથી. મહત્વનો મુદ્દો તો એ છે કે તું મનુષ્ય છે ને બ્રાહ્મણ છે, એટલે તારે પ્રત્યેક કર્મ સારાસારનો વિચાર કરીને જોઈ વિચારીને કરવો જોઈએ. તું કુટુંબના ભરણપોષણને માટે લોકોને રંજાડવાનું, લૂંટવાનું અને મારવાનું કામ કરે છે, પણ એ કુકર્મનું ફળ તારે ભોગવવું પડશે. જે કરે છે તે પામે છે એ નિયમ છે. એ નિયમમાંથી તું છૂટી નહિ શકે. તારા કુટુંબી તારા કર્મફળમાં ભાગ પડાવવા નહિ આવે.’

રત્નાકરે હસીને કહ્યું: 'તારે મારા મનમાં ભ્રાંતિ પેદા કરીને છટકી જવું લાગે છે. એટલે જ આવો ઉપદેશ આપી રહ્યો લાગે છે.'

'ના, મારે છટકી નથી જવું. તું મને ભલે લૂંટી લેજે. મારી પાસે વીણા, કપડાં અને કરતાલ વિના બીજું છે જ શું? હું તો તારા કલ્યાણની વાત કહી રહ્યો છું. તને શંકા લાગતી હોય તો ઘેર જઈને તારા કુટુંબીજનોને પૂછી આવ કે એ તારા કર્મફળમાં ભાગ પડાવશે કે નહિ.'

'એમ કરીને મને ઘેર મોકલીને તારે નાસી જવું લાગે છે. તું ભારે ચતુર લાગે છે, પણ મારી આગળ એ ચતુરાઈ નહિ ચાલે. હું તારા કરતાં પણ વધારે ચતુર છું. એની તને કદાચ ખબર નહિ હોય.'

નારદે કહ્યું: 'મારે નાસી નથી જવું. તું આવીશ ત્યાં સુધી અહીં ઊભો રહીશ. મારા વચનમાં વિશ્વાસ રાખ.'

'એવો ખોટો, પાયા વિનાનો, વિશ્વાસ કેવી રીતે રાખી શકું?'

'તો પછી...'

'તો પછી બીજું શું? તારી વીણા ને કરતાલ અત્યારે જ લઈ લઉં છું. એટલે તું નાસી જાય તો પણ હરકત નહિ. અને આ વૃક્ષના થડ સાથે બાંધી દઉં છું જેથી તું નાસી ન શકે.'

'ભલે એમ કર.'

રત્નાકરે નારદજીને વૃક્ષના થડ સાથે દોરડાંની મદદથી બાંધી દીધાં, અને એમની પાસેથી વીણા અને કરતાલ લઈને એ ઘર તરફ ચાલી નીકળ્યો.

ઘેર આવીને એણે પોતાની પત્નીને તથા બાળકોને બધી હકીકત કહી બતાવી.

સૌએ કહ્યું: 'તમારા કર્મનું ફળ તમે જાણો ને તમારે ભોગવવાનું. એને માટે એક તમે જ જવાબદાર છો. અમે એમાં ભાગ શા માટે પડાવીએ? અમે તો તમે જે લૂંટી લાવો તે ભોગવીએ ખરાં.'

'પણ મને નરક મળે તો? તો તમે મારી સાથે ન આવો?'

'ના. તમને નરક મળે તો નરકમાં તમારે એકલાએ જ જવાનું. અમે શા માટે આવીએ?'

'મારા દુઃખમાં ભાગ પડાવવા.'

'અમે તો તમારા સુખમાં ભાગ પડાવીએ, દુઃખમાં નહિ.'

રત્નાકરની આંખ ઊઘડી ગઈ. એની ભ્રમણા ભાંગી ગઈ અને મોહબુદ્ધિ દૂર થઈ.

ઉતાવળી ચાલે દેવર્ષિ નારદ પાસે આવીને એણે એમને બંધનમુક્ત કરીને કહ્યું: 'મને માફ કરજો. મેં તમારી વાત ન માનીને મોટી ભૂલ કરી.'

'પણ શું થયું તે તો કહે.'

રત્નાકરે બધી હકીકત કહી બતાવી. કહેતાં કહેતાં એની આંખમાં આંસુ આવી ગયાં. એને પોતાના કુકર્મને માટે પશ્ચાતાપ થઈ આવ્યો. એણે પૂજ્યભાવપૂર્વક પૂછ્યું: 'મારો ઉદ્ધાર કરવા જ આજે તમે આવી પહોંચ્યાં. તમે કોણ છો?'

'મારું નામ દેવર્ષિ નારદ છે.'

'નારદ?'

'હા. નારદ.'

રત્નાકર એમના ચરણમાં પડ્યો.

'મેં આજ સુધી અનેક કુકર્મો કર્યાં છે. તમારા જેવા મહાન સંતપુરુષની સાથે દુર્વ્યવહાર કરીને એ કુકર્મમાં વધારો કર્યો છે. મારા જીવનનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે અથવા એ કુકર્મમાંથી મુક્તિ કેવી રીતે મળે?'

'રત્નાકર, તને તારા કુકર્મને માટે પશ્ચાતાપ થયો એટલે મુક્તિ મેળવવાનું કામ સહેલું છે. પરમાત્માના નામની શક્તિ ઘણી મોટી છે. એના રટણમાં લીન બની જા, એટલે તારા બધાં જ કુકર્મો ધોવાઈ જશે ને તારા પર પરમાત્માની કૃપા થતાં તું ઋષિપદનો અધિકારી બનશે. એક મહાન અને ઉજ્જવળ ભાવિ તારી પ્રતીક્ષા કરતું ઊભું છે. માટે નિરાશ ન થા. હું તને જે મંત્ર આપું છું તેનો જપ પરમાત્માનો સાક્ષાત્કાર થતાં સુધી કરતો રહેજે. તું જરૂર સફળ થઈશ ને શાંતિ મેળવીશ. મારો આશીર્વાદ છે.'

દેવર્ષિ નારદે એને રામમંત્રનો ઉપદેશ આપીને વિદાય લીધી.

એ મંત્રનું રટણ કરતો રત્નાકર એ જ સ્થળે બેસી ગયો.

વરસો વહી ગયા અને એના શરીરની આજુબાજુ કીડીઓએ ઘર કર્યાં, ત્યારે એક દિવસ એક ધન્ય ઘડીએ એને પરમાત્માનો સાક્ષાત્કાર થયો,

પરમાત્માની દૈવી વાણીએ એને જાગ્રત કરીને કહ્યું: 'જાગો ને મારું દેવદુર્લભ દર્શન કરો. તમારી તપશ્ચર્યા સફળ થઈ. તમે રત્નાકર ને બદલે આજથી મહર્ષિ વાલ્મિકી કહેવાશો.'

રત્નાકરે આંખ ઉઘાડી. એ પ્રસંગને કેટલા બધાં વરસો વીતી ગયાં તો પણ એ જાણે કે આજે જ બન્યો હોય અને બની રહ્યો હોય એવો તાજો લાગવા માંડ્યો.

આશ્રમમાં પાછા આવીને બીજે જ દિવસે એમણે રામની અદ્દભુત જીવનકથાને કવિતામાં આલેખવાનો આરંભ કર્યો. સીતા તથા બીજા આશ્રમવાસીઓને માટે એ મહાકાવ્યનું શ્રવણ અતિશય આનંદદાયક અને પ્રેરક થઈ પડ્યું. સીતાને માટે તો એ કેવળ મહાકાવ્ય ન હતું, પોતાના જીવનનું પ્રતિબિંબ હતું. એનું શ્રવણ કરીને એ અનેરી લાગણીનો અનુભવ કરતી અને હર્ષ તથા શોકનાં આંસુ સારતી.

રામનો વિયોગ પોતાની મેળે જ વધાવેલો હોવા છતાં એને સાલ્યા કરતો. કોઈ કોઈવાર તો એને સહન કરવાનું કપરું લાગતું. એવે વખતે મહર્ષિ વાલ્મિકીની સંગતિ અને શિખામણ ઘણી ઉપયોગી થઈ પડતી ને રાહત આપતી.

એ મૃદુ સ્વરે એને સાંત્વન આપતાં કહેતાં: 'પુત્રી, ચંદન ઘસાઈને બીજાને સુવાસ પૂરી પાડે છે તેમ બીજાનું કલ્યાણ કરવા માટે કેટલીકવાર આપણે પોતે ઘસાવું કે વેઠવું પડે છે. નદીઓ આરામ નથી કરતી, વૃક્ષો તપે છે, ને વરસાદી વાદળ ધરતીનો મોહ છોડીને દૂર દૂર ચાલ્યાં જાય છે. આપણાં જીવનનું પણ એવું જ છે.'

સીતાની દશા એવી કરુણ હતી તો રામના અંતરમાં પણ આનંદ ક્યાં હતો?

ઉપર ઉપરથી એ શાંત લાગતાં, પ્રસન્ન રહેવાનો પ્રયાસ કરતા, રાજકાજમાં મન લગાડતા, પણ એમના અંતરમાં ફરી વળેલી વિષાદની છાયા દૂર નહોતી થતી. એમની વેદના કોઈ કોઈવાર તો પરાકાષ્ઠાએ

પહોંચી જતી. એમની કાયા ફર્યા કરતી, પરંતુ એમાં આત્મા ન લાગતો. જીવનમાં એમને કશુંક મહત્વનું ખૂટતું લાગતું. તો પણ એ શાંતિ જાળવતા.

એક દિવસ તો એમણે લક્ષ્મણ અને ઊર્મિલાને કહ્યું પણ ખરું: 'સીતાની સાચી કિંમત હવે જ સમજાય છે. એના વિના રાજપ્રાસાદ વેરાન, નીરસ, શુષ્ક સ્મશાન જેવો લાગે છે.'

લક્ષ્મણે કહ્યું: 'મેં તો તમને સીતાનો ત્યાગ કરવાની જ ના કહેલી. છતાં તમે મારું ન માન્યું. મારું મન તો રથને ચલાવતી વખતે પાછું પડતું'તું પણ તમારી આજ્ઞા આગળ હું લાચાર હતો.'

ઊર્મિલા બોલી: 'તમારું કાળજું આવું કરુણ છે અને તમને સીતા વિના સૂનું સૂનું લાગે છે તો સીતાની દશા તમારા વિના કેટલી બધી કરુણ હશે? એનું જીવન એને કેટલું સૂનું લાગતું હશે? મહર્ષિ વાલ્મિકીએ એને આશ્રય આપ્યો હશે તો પણ એ આનંદમાં તો નહિ જ હોય. તમારા વિના એને આનંદ હોય જ નહિ. કહેતાં હો તો એને પાછી લઈ આવીએ.'

'ના, હમણાં નહિ.' રામે કહ્યું: 'હજુ એ સમય નથી આવ્યો.'

'તો પછી હાથે કરીને દુઃખી થવાનું જ શેષ રહ્યું છે. બીજું શું?' લક્ષ્મણ બોલી ઊઠ્યો: 'હજુ પણ એ સમય નથી આવ્યો તો ક્યારે આવશે? સીતા તમારા વિરહની વેદનામાં શાંત થશે ત્યારે?'

'લક્ષ્મણ, તું એવું ન બોલ.'

'તો પછી બીજું શું બોલું? પુરુષે સ્ત્રીના હૃદયનો પણ ખ્યાલ કરવો જોઈએ.'

રામ કશું બોલ્યા નહિ એટલે ઊર્મિલાએ કહ્યું: 'સીતાને વનમાં જરા પણ નહિ ગમતું હોય છતાં તમારા આદેશનો અમલ કરવા એ રહેતી હશે એ સાચું કહું છું. એણે જન્મીને તથા તમને વરીને તમારા સંયોગ કરતાં તમારો વિયોગ જ વધારે વેઠ્યો. મને એનો વિચાર કરીને દુઃખ થાય છે. છતાં એ ખૂબ સમજુ ને હિંમતવાળી છે એટલે પોતાની પીડાને શાંતિપૂર્વક સહી રહી હશે.'

રામે અશ્વમેધ યજ્ઞ કર્યો.

એ વખતે સીતાની જરૂર પડી તો એમણે સીતાની સોનાની મૂર્તિ બનાવીને પોતાની બાજુમાં બેસાડી.

લક્ષ્મણે એ જોઈને કહ્યું: 'એના કરતાં સીતાને જ બોલાવી લોને!'

'સીતાને નહિ બોલાવી શકું.' રામે કહ્યું: 'પરંતુ એના પ્રત્યે મને જે અપાર પ્રેમ છે તેને પ્રકટ કર્યા વિના પણ મારાથી નહિ રહી શકાય. આ મૂર્તિ એટલા માટે જ તૈયાર કરાવી છે.'

* * * * *

## ૭૨. અયોધ્યા તરફ

રામના અશ્વમેઘ યજ્ઞ પહેલાં, વરસો પહેલાં, મહર્ષિ વાલ્મિકીના આશ્રમમાં એક અગત્યનો બનાવ બની ગયો. સીતાએ લવ અને કુશને જન્મ આપ્યો. કાળક્રમે એ બંને બાળકો મોટા થયાં. રૂપ તથા ગુણની મૂર્તિ જેવાં એ બાળકો રામની સુધારા વધારા સાથેની સુંદર આવૃત્તિ જેવા હતાં. એમને નિહાળીને સીતાના મનમાં રામના સુખદ સંસ્મરણો તાજાં થતાં અને એને શાંતિ મળતી.

મહર્ષિ વાલ્મિકીએ કોઈક અદૃષ્ટ પ્રેરણાથી પ્રેરાઈને એમને રામના જીવન પરનું રચેલું પોતાનું મહાકાવ્ય કંઠસ્થ કરાવ્યું. સીતા તથા રામનું પુનર્મિલન કરાવવાના અકસીર ઉપાયનો વિચાર કરીને, દસેક વરસના એ બંને કિશોરોને એમણે અયોધ્યાની શેરીઓ ને સડકો પર જઈને એ મહાકાવ્યને સુંદર સંગીતના સ્વર સાથે ગાવાનો આદેશ આપ્યો. એમના આદેશાનુસાર લવ અને કુશ વિદાય થયા. સીતા તથા મહર્ષિ વાલ્મિકીએ એમને શુભાશિષ આપ્યાં.

લવ તથા કુશનું અસાધારણ સૌન્દર્ય જોઈને તથા સુધામય સંગીત સાંભળીને અયોધ્યાવાસીઓ મુગ્ધ બની ગયા. રામના જીવનના શ્રવણ મંગલ ઈતિહાસને અક્ષરદેહમાં આલેખાયેલો જોઈને એમની પ્રસન્નતાનો પાર ન રહ્યો. દર્શનાર્થી કે જિજ્ઞાસુઓનાં ટોળેટોળાં લવ તથા કુશની પાછળ પાછળ ફરવા લાગ્યાં. એવી રીતે કેટલાક દિવસો વીતી ગયા એટલે એ સમાચાર મંત્રીઓ દ્વારા રામને પહોંચ્યા.

મંત્રીઓએ ઉત્સાહપૂર્વક કહ્યું: 'એક જ રૂપરંગના એ બંને કિશોરો કોઈ દેવકુમારો જેવા દેખાય છે. એમની સુંદરતા અનોખી છે.'

'અને એમનો કંઠ પણ એટલે બધો મીઠો અને મોહક કે વાત નહિ. એમાંથી છૂટતા સંગીત સ્વરો સૌના હૈયાને હરી લે છે. એ તમારી જીવનકથાને અત્યંત સુંદર રીતે ગાઈ બતાવે છે એ જોઈને સંદેહ જાગે છે કે આ તે કોઈ સિદ્ધ અમર મુનિવરો છે કે શું?'

રામે એ સાંભળીને એમને જોવાની ને સાંભળવાની ઈચ્છા બતાવી.

એમની ઈચ્છાનું સત્વર પાલન કરવામાં આવ્યું.

રાજ્યસભામાં દૂરથી દાખલ થતા લવ અને કુશને નિહાળીને રામનું હૃદય ઉછળી પડ્યું. એમનો આત્મા એમના પ્રત્યે આકર્ષાવા લાગ્યો. એમને માટે એમના અંતરમાં એક પ્રકારના અવર્ણનીય ઉત્કટ અનુરાગનો ઉદ્દભવ થયો. એમને થયું કે આ બંને કિશોરો કોના હશે? જેના હશે તે પિતા ખરેખર બડભાગી હશે. પરમ સુખી હશે. મારું સુખ તો સીતાની સાથે વનમાં ગયું છે. પરંતુ મને આ બાળકો માટે આવો અભૂતપૂર્વ અનેરો ભાવ કેમ થઈ રહ્યો છે? એમને જોતાવેંત જ ભેટી પડવાનું મન કેમ થઈ આવે છે?

રામે પોતાના મનને મજબૂત રાખ્યું, હૃદયને રોકી રાખ્યું, ને કિશોરોનો સુંદર શબ્દોમાં સત્કાર કરીને પૂછયું: 'જે કવિતાથી તમે સૌનાં મનને મુગ્ધ કર્યા છે તે કવિતા આ સભામાં ગાઈ સંભળાવશો?'

'જરૂર ગાઈ સંભળાવીશું.' લવ અને કુશે કહ્યું: 'અમારા ગુરુએ અમને એ સૌ કોઈને ગાઈ સંભળાવવાનો આદેશ આપ્યો છે.'

'તમારા ગુરુ કોણ છે?'

'મહર્ષિ વાલ્મિકી. અમે એમના આશ્રમમાં રહીએ છીએ. આ કવિતા એમની રચેલી છે. એમના અનુગ્રહથી જ અમે એને કંઠસ્થ કરી છે. એમણે જ અમને સંગીતસ્વર સાથે એનું શિક્ષણ આપ્યું છે.'

'મહર્ષિ વાલ્મિકીએ?'

'હા.'

'એમણે મારા જીવનને કેવી રીતે જાણ્યું?'

'એમણે પરમાત્માનો અનુગ્રહ મેળવ્યો હોવાથી એમને માટે કશું પણ અશક્ય નથી એવી અમારી શ્રદ્ધા છે.'

રામની આગળ સીતાની શાંત છતાં કરુણ મૂર્તિ હાજર થઈ. એને પણ મહર્ષિના આશ્રમ પાસે જ છોડી દેવાયેલી. આ કિશોરો કદાચ એના તો નહિ હોય?

એટલામાં લવ અને કુશે ગીત આરંભ્યું. રામ અને સભાસદો એની સ્વરસુધામાં ડૂબી ગયાં.

ગીત સાંભળીને સૌ કૃતાર્થ થયા.

ગીતનો થોડોક ભાગ ગવાયો અને કિશોરો જવા માટે તૈયાર થયા એટલે રામે કહ્યું: 'તમે તમારા ગુરુ મહર્ષિ વાલ્મિકીને લઈને વહેલી તકે અહીં આવી પહોંચો ને મારા અતિથિ બનો. હું તમારી કવિતાને પૂરેપૂરી સાંભળવા માગું છું. બીજા પણ એને સાંભળશે.'

રામે મહર્ષિ વાલ્મિકીને આમંત્રણરૂપે પત્ર લખી આપ્યો. એ લઈને લવ અને કુશ ચાલી નીકળ્યા.

વાલ્મિકીએ લવકુશની સફળતાના સમાચાર સાંભળ્યાં ત્યારે એમની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

એ બંનેને એ ભેટી પડ્યા. એમને આશા બંધાઈ. એ આશાને પૂરી કરવા એમણે લવ તથા કુશ અને બીજા બે શિષ્યો સાથે અયોધ્યા આવવા માટે પ્રયાણ કર્યું.

અયોધ્યામાં એમણે પ્રવેશ કર્યો ત્યારે રામે એમનો પ્રેમપૂર્વક સત્કાર કર્યો.

મહર્ષિ વસિષ્ઠ, લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્ન પણ એમને પ્રેમથી મળ્યા.

રામે એમને રાજપ્રાસાદમાં રહેવાની વ્યવસ્થા કરેલી તો પણ, સીતાની દયનીય દશાનો ખ્યાલ રાખીને એમણે અતિથિશાળામાં જ ઉતારો કર્યો.

બીજા દિવસથી રાજ્યસભામાં નિયમિત રીતે મહર્ષિ વાલ્મિકીએ રચેલા રામાયણ મહાકાવ્યનું સંગીતમય ગાન થવા લાગ્યું. લવ અને કુશના કંઠમાંથી છૂટતા સંગીત સ્વરોને સાંભળીને આખી રાજ્યસભા સ્તબ્ધ થઈ ગઈ. કૈકેયી, કૌશલ્યા, સુમિત્રા, ઊર્મિલા, તો એ સાભળવા રોજ બેસતાં જ પણ અયોધ્યાના પ્રજાજનો પણ મોટી સંખ્યામાં એકઠા થતા. મહાકાવ્યનું સંગીતમય શ્રવણ સૌને માટે ખૂબ જ સુખકારક થઈ પડ્યું. એના રસાસ્વાદથી સૌ ધન્ય થયા.

'કેટલું સરસ મહાકાવ્ય?' સૌ કોઈ કહેવા લાગ્યા : 'મહર્ષિ વાલ્મિકી વિના આવું અદ્દભુત મહાકાવ્ય બીજું કોઈ રચી ન શકે, અને લવ તથા કુશ વિના આટલી મધુમય રીતે કોઈ ગાઈ પણ ન શકે.'

આખરે એ સંગીતમય મહાકાવ્યની પરિસમાપ્તિ થઈ ત્યારે રામ પોતાની પ્રસન્નતાને પ્રકટ કરતાં બોલી ઊઠ્યા: 'ધન્ય છે આ સંગીતમય મહાકાવ્યના રચયિતાને અને ધન્ય છે એના ગાયકને! મારું અંતર એનું શ્રવણ કરીને આનંદથી ઊભરાઈ ઊઠ્યું છે. સાથે સાથે સીતાનાં સંસ્મરણોથી કરુણ પણ બની ગયું છે.

મહર્ષિ, તમે અને આ કિશોરોએ મને જે ઉત્તમ રસ પૂરો પાડ્યો છે તેનો બદલો મારાથી કેમે કરીને નથી વાળી શકાય તેમ. છતાં પણ તેના બદલામાં કશુંક આપવાનો મારો ધર્મ છે. તો તમે કહો કે હું તમને કઈ વસ્તુ, કયું પારિતોષિક અર્પણ કરું?'

'તમે ખરેખર આપી શકશો?' મહર્ષિ વાલ્મિકી થોડી વાર વિચારીને પછી બોલ્યા.

'જરૂર. મારી પાસે એવી એકે વસ્તુ નથી જે મારી પ્રસન્નતાના બદલામાં તમને ન આપી શકું.'

'તમને શાંતિ મળી છે તથા તમે પ્રસન્ન થયા છો એ જ પારિતોષિક શું મારે માટે પૂરતું નથી? અમે અરણ્યવાસીઓ બનતા સુધી જરૂર વગરની કોઈ દુન્યવી વસ્તુઓ નથી માગતા. અમારું જીવન તદ્દન સાદું, સંયમી અને અપરિગ્રહી હોવાથી અમારી આવશ્યકતા પણ ઓછી હોય છે. અમે પરાધીન નહિ પરંતુ સ્વાધીન જીવનમાં માનીએ છીએ.'

'તો પણ મારી પાસે કાંઈક માગો ને મને તમારી સેવા કરવાનો અવસર આપો એવું ઈચ્છું છું.'

'હું માંગીશ તે તમે આપી શકશો ખરાં ?'

'એમાં શંકાનું કારણ જ નથી. મારી સત્યપ્રિયતાને સૌ કોઈ જાણે છે.'

'તો પછી હું એક એવી વસ્તુ માગું છું જેમાં ફક્ત અમારું જ નહિ પરંતુ તમારું, અયોધ્યાનાં પ્રજાજનોનું ને સીતાનું સૌનું શ્રેય સમાયેલું છે. લક્ષ્મણે તમારી આજ્ઞાનુસાર સીતાને તમસાના તટ પર છોડીને વિદાય લીધી ત્યારથી એને આશ્રમમાં આશ્રય મળ્યો છે. એના હૃદયમાં તમારે માટે જે પવિત્ર ને પ્રખર પ્રેમ છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. એણે આશ્રમમાં આ બંને પુત્રોને જન્મ આપ્યો છે. આ બંને પુત્રો લવ અને કુશ તમારા છે. તમને સારી પેઠે ખબર છે કે સીતા વનમાં આવી ત્યારે માતા થવાની હતી. મારી પ્રાર્થના છે કે હવે તમે એનો સ્નેહપૂર્વક સ્વીકાર કરો. તમે બંને એકમેકના વિરહની ઘણી લાંબી ને ભારે વ્યથા સહન કરી છે. હવે એનો સુખદ અંત લાવો. મારે બીજું કશું જ નથી માંગવું. હવે એવું કરો કે જેથી સીતાને તમારી પ્રાપ્તિ થાય ને લવકુશને પોતાના પિતા મળે.'

વાલ્મિકીના શબ્દો સાંભળીને સમસ્ત સભા સ્તબ્ધ બની ગઈ. રામ પણ ગંભીર બની ગયા.

વાલ્મિકીએ કહ્યું: 'તમે જે હેતુને માટે સીતાનો ત્યાગ કર્યો છે તે જાણું છું. તે હેતુની હવે સિદ્ધિ થઈ છે, માટે તમારે સીતાનો સ્વીકાર કરવો જોઈએ. તમારા કહેવાથી જ મેં આ વસ્તુ માગી છે તો મને અર્પણ કરો. સીતાએ તમને સર્વસમર્પણ કર્યું છે. તમારા આદેશને આધીન બનીને એ અરણ્યમાં વાસ કરે છે. હવે એનો અંગીકાર કરીને એ સમર્પણને સફળ કરો. મારે એથી વધારે બીજું કશું જ નથી કહેવાનું.'

મહર્ષિ વસિષ્ઠ વાલ્મિકી સાથે સંમત થયા.

લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, માતાઓ અને ઊર્મિલાએ પણ એમનું સમર્થન કર્યું. એટલે રામ બોલ્યા: 'તમારી લાગણી સમજી શકું છું. મારામાં પણ સીતાને માટે એવી જ ઉત્કટ લાગણી રહેલી છે. મારા વચનને અનુસરીને કરાયેલી તમારી પ્રાર્થનાનો સ્વીકાર કરું છું. પરંતુ સીતાએ આ સભામાં સૌની વચ્ચે મારા તથા એના લોકોપવાદના કલંકને દૂર કરવા પોતાની પવિત્રતા કે નિષ્ઠા બતાવી આપવી પડશે. પ્રજાજનોમાં કોઈ એને માટે કલંકિત કથા વહેતી કરે એ મારાથી નહિ સહી શકાય.'

'ભલે. તમારી ઈચ્છા હશે તેમ જ થશે. સીતાની પવિત્રતા કે નિષ્ઠાને હું સાબિત કરી આપીશ.'

'તો પછી એને લઈ આવો. હું તમારે તથા એને માટે રથની વ્યવસ્થા કરી દઉં છું.'

વાલ્મિકીએ આશ્રમમાં આવીને સીતાને સઘળી કથા કહી સંભળાવી.

એ સાંભળીને  સીતા તથા બીજા આશ્રમવાસીઓ આનંદ પામ્યા.

ફક્ત એક આશ્રમવાસી શિષ્ય પર એની પ્રતિક્રિયા બહુ સારી ન પડી. એનું નામ ભૃગુ હતું.

સીતા સૌથી પહેલાં આશ્રમમાં આવી ત્યારે જ એણે વાલ્મિકીના એક બીજા શિષ્ય કદ્રુને કહેલું: 'જોયું ને? મહર્ષિ સીતા પર મોહાઈને એને આશ્રમમાં લઈ આવ્યા! એનું રૂપ એવું છે કે એનાથી કોઈ પણ મોહાયા વિના ન રહી શકે.'

કદ્રુએ કહ્યું: 'એ તો દયાથી પ્રેરાઈને એને આશ્રય આપવા માટે પોતાની પુત્રી બરાબર માનીને લાવ્યા છે.'

'એ તો કહેવાનું. એમના મનમાં શું છે તેની તને શી ખબર પડે?'

'આપણા ગુરુદેવ છે એટલે એમના સંબંધી આપણે એટલું તો જાણીએ ને કે એ કેટલા બધા પરોપકારી  ને પવિત્ર છે?'

કદ્રુ કાંઈ ન બોલ્યો.

એ પછી લવકુશનો જન્મ થયો ત્યારે પણ એણે પોતાની મલિન મનોવૃત્તિનું પ્રદર્શન કરતાં કહ્યું: 'મુનિની વિષયલાલસા કેવી રીતે બહાર પડી તે જોયું ને?'

કદ્રુએ એ વખતે પણ એનો વિરોધ કર્યો ને કહ્યું: 'મહર્ષિ તથા સીતાને માટે એવી અનુચિત વાત કરવી અથવા એવી કલ્પના સેવવી બરાબર નથી. મહર્ષિ તો આપણા ને સૌના પિતા બરાબર છે.'

વાલ્મિકી સીતાને લઈને રામની પાસે જવા તૈયાર થયા ત્યારે પણ એણે ટીકાટીપ્પણી કરતાં કહ્યું: 'મને તો લાગે  છે કે મુનિ પોતાના ને સીતાના સંબંધ પર પડદો પાડવા જ આ પ્રવૃત્તિ  કરી રહ્યા છે.'

'તારી વૃત્તિ હલકી છે એટલે તને એવું લાગે એ સ્વાભાવિક છે. એ લાગણી કેટલી બધી શરમજનક છે તેનો પણ તને ખ્યાલ નથી. મને ખેદ થાય છે, કે મહર્ષિના સાનિધ્યમાં જંગલી જનાવર સુધર્યાં ને હિંસા ભૂલી ગયાં પણ તું ન સુધર્યો. મહાપુરુષોની અકારણ ટીકા કરનારા અને એમના પર અકારણ દ્વેષ રાખનારા જીવો પણ જગતમાં હોય છે એ લોકોક્તિ સાચી લાગે છે.'

કદ્રુ વાલ્મિકીના ભૃગુ જેવા શિષ્યો સાથે અયોધ્યા જવા તૈયાર થયો. એણે ભૃગુના કાનમાં કહ્યું: 'મુનિ પોતાના અભિનયની કેવી રીતે પૂર્ણાહુતિ કરે છે તે તો જોઈ લઉં. આવું દૃશ્ય ફરી ક્યારે જોવા મળવાનું છે?'

* * * * *

## ૭૩. સમર્પણ

મહર્ષિ વાલ્મિકી પોતાના શિષ્યો સાથે સીતાને લઈને થોડા દિવસો બાદ અયોધ્યામાં આવી પહોંચ્યા ત્યારે આખી અયોધ્યાપુરી એમના દર્શન માટે ઉમટી પડી.

અયોધ્યાનાં આબાલવૃદ્ધ પ્રજાજનોનાં અંતરમાં આનંદની અનેરી લહરી ફરી વળી.

મંદોદરી પણ એ જ વખતે સીતા તથા રામ અને બીજાં સ્નેહીજનોને મળવાની ઈચ્છાથી પ્રેરાઈને વિભીષણ તથા હનુમાનાદિ સાથે આવી પહોંચી.

સીતાના વનવાસની વાત સાંભળીને એને ભારે વ્યથા થઈ. એણે ઊર્મિલાને ઉદ્દેશીને કહ્યું: 'અયોધ્યામાં આવતાવેંત મને અત્યંત અમંગલ સમાચારની પ્રાપ્તિ થઈ. વિધિની વિચિત્રતા છે કે, સીતાને જેમને માટે સૌથી વિશેષ સ્નેહ છે તે રામનો જ વિયોગ વેઠવો પડે છે. એના વિયોગનો વખત હવે પૂરો થઈ જાય તો સારું.'

ઊર્મિલા બોલી: 'હવે એ વિષમ વખત પૂરો થવાની તૈયારી છે. અત્યારે એ અયોધ્યામાં આવી પહોંચી છે. અયોધ્યાનાં પ્રજાજનોએ એનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું છે.'

મધ્યાહ્ન પછી રાજ્યસભાની બેઠકમાં મહર્ષિ વાલ્મિકી સીતા તથા લવકુશ સાથે પ્રવેશ્યા ત્યારે સભાજનોની સાથે એમનું સ્નેહપૂર્વક સ્વાગત કર્યું.

સીતાને મળવા માટે માતાઓ, સ્વજનો, ને વિભીષણાદિ આંગતુકો આવી પહોંચ્યાં.

મહર્ષિ વાલ્મિકી સભામાં શાંત થતાં બોલ્યા: 'તમારી સૂચનાનુસાર સીતા તમારા પુત્રો સાથે આવી પહોંચી છે. તમે એનો સહર્ષ સ્વીકાર કરો. મન, વચન, કર્મથી એ એના સમસ્ત જીવનમાં તમારી જ રહી છે. એણે એક તમારી જ આરાધના કરી છે ને નિષ્ઠા રાખી છે. એ મારી પુત્રીતુલ્ય હોવાથી એની વૃત્તિને હું બરાબર જાણું છું ને તમે પણ જાણો છો જ. જે લોકોપવાદથી પ્રેરાઈને તમે તેનો ત્યાગ કરેલો તે લોકોપવાદ હવે મટી ગયો છે. આટલાં વરસોની વિયોગ વેદના પછી પણ એ તમારી જ રહી છે ને તમારી જ થઈને બહાર આવી છે.'

એ પછી સભાજનો તરફ જોઈને એમણે કહેવા માંડ્યું: 'સભાજનોમાંથી કોઈને સીતાના ચારિત્ર્ય વિશે શંકા હોય તો બોલી બતાવે.'

એ સાંભળીને સમસ્ત સભા જાણે કે એકી અવાજે બોલી ઊઠી: 'માતા સીતા નિર્મળ છે. અમને એમના ચારિત્ર્ય સંબંધી સહેજ પણ શંકા નથી થતી.'

'પ્રજાના બધા વર્ગના પ્રતિનિધિઓ અહીં ઉપસ્થિત છે. એ સીતા માતાને નિર્દોષ માને છે.' બીજો અવાજ આવ્યો.

રામ એ સાંભળીને મૂક રહ્યા.

એમનું મૌન જોઈને સીતાના મનનો સંકલ્પ દૃઢ બન્યો.

એ કૌશલ્યાદિ માતાઓને પગે લાગી, ઊર્મિલા, મંદોદરી અને બીજી બહેનોને મળી.

પછી ગુરુજનોને પ્રણામ કરીને પાછી ફરી, અને મહર્ષિ વાલ્મિકીના આશીર્વાદ લઈ, લવકુશને માથે હેતાળ, શુભાશિષસૂચક હાથ મૂકી, રામને વંદન કરીને બોલી: 'હે ધરતીમાતા, તમે મને જન્મ આપ્યો છે. તમારા ખોળામાં જ હું ખેલી છું. જો મન, વચન, કર્મથી, મારા સમસ્ત જીવનમાં, જાગૃતિ કે નિદ્રામાં મેં રામ સિવાય બીજા કોઈયે પુરુષમાં મારું મન ન જોડ્યું હોય, એક માત્ર રામને જ પરમ આરાધ્ય ને પ્રિયતમ માન્યા હોય, એમના જ ચરણમાં પ્રેમ રાખ્યો હોય, મારા અંતરમાં આજની ઘડી સુધી અહર્નિશ જો એ જ રહ્યા હોય, ને મારું મન નિર્મળ તથા જીવન નિષ્કલંક રહ્યું હોય, જો રામ વિના મારી કોઈ ગતિ ન હોય, તો મને ભલે રામ ન અપનાવે, પરંતુ તમે તો વિના વિલંબ અપનાવી લો. રામ પ્રત્યેના પ્રેમને પ્રદર્શિત કરવાનું અને એમની સેવા કરવાનું મારું જીવનકાર્ય પૂરું થાય છે. હવે મને વધારે જીવવાની ઈચ્છા નથી રહી. તો હે માતા, મને માર્ગ આપો અને અપનાવી લો.'

સભાજનો એ સાંભળીને મંત્રમુગ્ધ બની ગયા.

એ જ વખતે સીતાની સામેની ધરતી ફાટી અને એમાંથી દિવ્યતા, સુંદરતા અને સુમધુરતાની સાકાર મૂર્તિ જેવી દેવી નીકળી.

સૌ એને દેખીને આશ્ચર્યમાં ડૂબી ગયા.

જોતજોતામાં તો દેવીએ સીતાને ભેટીને કહ્યું: 'પુત્રી, તે ઘણું સંકટ સહન કર્યું. તારી કસોટી પૂરી થઈ. હવે મારી પાસે આવીને શાંતિ મેળવ. તારી પ્રાર્થનાને લક્ષમાં લઈને હું તને લેવા માટે જ આવી પહોંચી છું.'

અને રામને ઉદ્દેશીને એણે કહ્યું: 'રામ, સીતા પ્રેમ અને પવિત્રતાની પરીક્ષામાંથી પસાર થઈ. એનું સમર્પણ પૂરું થયું. હવે એને લઈ જાઉં છું. એ પોતાની પાછળ પોતાના પુત્રો લવકુશને મુકતી જાય છે. એ પુત્રો તમારા છે. એમની સારી પેઠે સંભાળ રાખજો. '

રામ કશું બોલે તે પહેલાં તો દેવીએ સીતાને પોતાના ખોળામાં બેસાડી.

રત્નજડિત સુવર્ણસિંહાસન પર બેઠેલી દેવી સૌને પ્રણામ કરતી સીતા સાથે પૃથ્વીના એ જ પ્રદેશમાં સમાઈ ગઈ.

ધરતી પાછી પહેલાં જેવી બની ગઈ.

સભાજનોના, સ્વજનોના તથા રામના શોકનો પાર ન રહ્યો.

સૌથી અધિક આઘાત રામને, ઊર્મિલાને, મંદોદરીને, વાલ્મિકીને તથા લવકુશને લાગ્યો.

કૌશલ્યાદિ માતાઓ પણ એ અદૃષ્ટપૂર્વ ઘટનાને લીધે વિલાપ કરવા લાગી.

સિંહાસનસ્થ રામ સિંહાસન પરથી ઊઠીને એ ધરતી પાસે આવી પહોંચ્યા ને કહેવા લાગ્યા: 'સીતા, તું ક્યાં ચાલી ગઈ? મેં તારો ત્યાગ શા માટે કર્યો? તું ધરતીમાં શા માટે સમાઈ ગઈ? ગમે તેમ કર, પણ હવે બહાર નીકળ. તને હવે એક ક્ષણને માટે પણ દૂર નહિ થવા દઉં.'

વળી બોલ્યા: 'અરેરે, મને ક્યાં કલ્પના હતી કે પરિણામ આવું વિચિત્ર આવશે? આવી ખબર હોત તો તને હું વનમાં મોકલત જ નહિ. તારા જવાથી મારું જીવન ઉજ્જડ બની ગયું.'

વાલ્મિકીએ રામને સાંત્વન આપતાં કહ્યું: 'સીતાના જવાથી હું પણ મારી પુત્રીને ખોઈ બેઠો છું. મારું દુઃખ તમારા દુઃખના જેવું જ અસહ્ય છે. પરંતુ એ દુઃખને સહન કર્યા સિવાય બીજો રસ્તો નથી. સીતાએ

તમારી ઈચ્છા પ્રમાણે પોતાની પવિત્રતા તથા નિષ્ઠાની ખાતરી કરાવી આપી છે. એનું સમર્પણ ખૂબ જ કમનસીબ અને શોકજનક છે તો પણ પ્રજાને માટે-સમસ્ત સંસારની પ્રજાને માટે પ્રેરણાદાયક થઈ પડશે. સીતાએ આપણને ત્યાગ, સંયમ, સ્નેહ તેમજ સમર્પણનો મહામંત્ર પૂરો પાડ્યો છે. તમારા જીવનમાં જે અણધારી આકરી અગ્નિપરીક્ષા આવી છે. એમાંથી તમે પાર ઉતરશો એવી અમને શ્રદ્ધા છે.'

મંદોદરીએ કહ્યું: 'મને આટલે દૂરથી ઈશ્વરે આ જ જોવા બોલાવી ? સીતાનો અંત આટલો જલદી અને આવી કરુણ રીતે આવશે તેની મને કલ્પના સરખી ન હતી.'

ઊર્મિલા આંસુ સારતાં બોલી: 'સીતા વિનાના જીવનની કલ્પના પણ મારાથી નથી કરી શકાતી. એમ લાગે છે કે જીવનનો સારોય રસ જાણે કે સુકાઈ ગયો.'

વિભીષણ, હનુમાન, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન ને વસિષ્ઠ પણ શોક કરવા લાગ્યાં.

પરિસ્થિતિ એટલી બધી કરુણ હતી કે કોઈ કોઈને શાંત રાખે કે સમજાવે એવી શક્યતા જ ન રહી.

મહર્ષિ વાલ્મિકી અને વસિષ્ઠને માથે સૌને આશ્વાસન આપવાની જવાબદારી આવી પહોંચી.

એ બંને મહાપુરુષો વિના કોઈનામાં એ કામ કરવાની પૂરતી શક્તિ પણ ન હતી.

મહર્ષિ વાલ્મિકી મોડેથી ઉતારા પર આવ્યા ત્યારે કદ્રુ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને એમના પગમાં પડ્યો.

એની આંખમાં પશ્ચાતાપના અનંત આંસુ ઉમટી પડ્યાં.

વાલ્મિકીએ એને આશીર્વાદ આપ્યો.

ભૃગુએ એને એકલો જોઈને જણાવ્યું : 'આજે તને પ્રકાશ મળ્યો, નવજીવન જડ્યું તથા તારું સમર્પણ સંપૂર્ણ થયું, એ જોઈને સૌથી વધારે આનંદ મને થયો.'

'સાચું છે.' કદ્રુએ કહ્યું: 'આજે હું આપણા ગુરુદેવની મહાનતા સમજી શક્યો અને એમનો સાચો શિષ્ય પણ આજે જ બની શક્યો.'

* * * * *

# ૭૪. વિદાય

સીતાના અદૃશ્ય થયા પછી રામનો વખત વિષાદમાં વીતવા લાગ્યો.

એ દિવસોમાં એકવાર રાજભવનના દ્વાર પાસે ઊભેલા લક્ષ્મણ પાસે આવીને એક તપસ્વીએ રામને મળવાની ઈચ્છા બતાવી.

લક્ષ્મણ એમને રામ પાસે લઈ ગયો, એટલે એ બોલ્યોઃ 'હું મહર્ષિ અતિબલનો દૂત છું. મારું નામ મહાબલ છે. મારે તમારી સાથે જે ગૂઢ વાત કરવી છે તે કરતી વખતે કોઈ ઉપસ્થિત ન રહે અથવા અંદર પણ નહિ આવે એવી વ્યવસ્થા કરો.'

રામે લક્ષ્મણને દ્વાર આગળ ઊભા રહેવાની અને કોઈ અંદર ન આવે તેનું ધ્યાન રાખવાની સૂચના આપી અને કહ્યુંઃ 'જે અંદર આવશે તેને દેહાંત દંડની સજા કરવામાં આવશે.'

લક્ષ્મણ બહાર ગયો એટલે મહાબલે કહ્યુંઃ 'રઘુનંદન, પૃથ્વી પરનો તમારો સમય હવે પૂરો થયો છે. મને એની સ્મૃતિ કરાવવા માટે મોકલવામાં આવ્યો છે.'

રામે જણાવ્યુંઃ 'મને એનું સ્મરણ છે. હું હવે થોડા જ વખતમાં પરમધામમાં પ્રવેશ કરીશ.'

એટલામાં તો લક્ષ્મણે અંદર આવીને જણાવ્યુંઃ 'બહાર મહર્ષિ દુર્વાસા આવ્યા છે ને તમને મળવા માંગે છે. મારી ઈચ્છા અંદર આવવાની ન હતી, પરંતુ દુર્વાસા રોષે ભરાયા એટલે એમના શાપથી તમારું અમંગલ ન કરવા દેવાની ભાવનાથી પ્રેરાઈને હું અહીં આવી પહોંચ્યો છું.'

રામે દુર્વાસાની ઈચ્છાનુસાર એમને ભોજન કરાવ્યું.

પરંતુ લક્ષ્મણનું શું કરવું તે સંબંધી મુનિ વસિષ્ઠની સલાહ લીધી તો એમણે કહ્યુંઃ 'લક્ષ્મણનો ત્યાગ કરો તો તે સજા દેહાંતદંડની સજા જેવી જ થઈ પડશે.'

લક્ષ્મણનો ત્યાગ રામને નાછૂટકે પોતાના વચનપાલન ખાતર કરવો પડ્યો.

લક્ષ્મણે રામથી અલગ થઈને જીવવા કરતાં પોતાના જીવનને શાંત કરવાના સંકલ્પ સાથે સરયુના શાંત તટ પર પદ્માસન વાળ્યું.

એ જોતજોતામાં સશરીર અદૃશ્ય થયો.

ઊર્મિલાએ પણ લક્ષ્મણની પાછળ સર્વસમર્પણ કરવાનો સંકલ્પ કર્યો. એણે રામને કહ્યુંઃ 'લક્ષ્મણના પુનર્મિલનની આશામાં વનવાસ વખતના વરસો મેં શાંતિપૂર્વક પસાર કરેલાં, પણ હવે તો લક્ષ્મણ ફરીવાર અયોધ્યામાં નહિ આવે એટલે મારે એમની પાછળ જવું જોઈએ.'

એ પણ સરયુ તટ પર આસન વાળીને એવી રીતે જ અંતર્ધ્યાન થઈ.

અને એ પછી જ્યારે રામે પોતાની જીવનલીલાને સંકેલી લેતાં એ જ રીતે સશરીર વિદાય લીધી ત્યારે લવ તથા કુશની સાથે લાખો અયોધ્યાવાસીઓની આંખ ટપકવા માંડી.

રામ અંતરીક્ષમાં દેખાતાં બંધ થયા ત્યાં સુધી એમના સુંદર શરીર પર પુષ્પવૃષ્ટિ કરતાં સૌએ એમનો જયજયકાર કર્યો.

ભરત પણ ભાવવિભોર બનીને એ જ પ્રમાણે પ્રયાણ કરવાનું વિચારવા લાગ્યો.

રામના આદેશાનુસાર એણે થોડો વખત રાહ જોવાની હતી.
‘રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ’ ના પડછંદા બધે ફરી વળ્યાં.
આખી અયોધ્યા આભા વગરની, આનંદરહિત બની રહી.
સૃષ્ટિ સૂની, સાર વિનાની થઈ ગઈ.

* * * * *

**સમાપ્ત**

* * * * *

**About the Author**



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગદર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*